. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
: (૫૦) + ૧૪ ● અંક : ૧ ● જાન્યુઆરી, ૨૦૦૩ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2002

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## નમો લોએ સવ્વસાહૂણં

અનાદિસિદ્ધ શાશ્વત નવકારમંત્રમાં પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવ્યા છે. એ પંચ પરમેષ્ઠિ તે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. 'નમો લોએ સવ્વસાહૂણં' એમ પાંચમું પદ બોલીને આપણે પાંચમા પરમેષ્ઠિ સાધુ ભગવંતોને નમસ્કાર કરીએ છીએ.

નવકારમંત્રના નવ પદમાં આ પાંચમું પદ છે એટલે તે બરાબર વચ્ચે આવે છે, અર્થાત્ એ કેન્દ્રસ્થાને છે. એની એક બાજુ ચાર પદ છે અને બીજી બાજુ પણ ચાર પદ છે. વળી નવપદની આરાધનમાં પણ તે કેન્દ્રસ્થાને છે. એ પદ પછી દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપને નમસ્કાર કરાય છે.

સાધુ-પદ કેન્દ્રસ્થાને છે એનો અર્થ એ થયો કે એ સૌથી મહત્ત્વનું પદ છે, કારણકે સાધુ થયા વિના ઉપાધ્યાય થવાય નહિ, આચાર્ય થવાય નહિ, અરિહંત પણ થવાય નહિ અને સિદ્ધ પરમાત્મા પણ થઈ શકાય નહિ. આ પાંચમું પદ જ પંચમ ગતિ અપાવનારું છે. જૈન ધર્મનો સાર, ચૌદ પૂર્વનો સાર નવકારમંત્ર છે અને નવકાર મંત્રમાં કેન્દ્રસ્થાને સાધુપદ, સાધુત્વ છે. એક દિશામાં સંસાર છે અને એનાથી વિપરીત બીજી દિશામાં મોક્ષમાર્ગ છે. એ તરફ જવું હોય તો પ્રથમ પગલું સાધુત્વથી મંડાય છે. આનંદઘનજીએ કહ્યું છે :

સયલ સંસારી ઈન્દ્રિયરામી, મુનિગણ આતમરામી રે.

આ પાંચમો નમસ્કાર સાધુ ભગવંતોને કરતાં આપણે બોલીએ છીએ : નમો લોએ સવ્વસાહૂણં. પરંતુ આ પાંચમા પદમાં આગળનાં ચારે પદ કરતાં બે શબ્દ વધારે છે-'લોએ' અને 'સવ્વ.' 'લોએ' એટલે કે સમસ્ત લોકમાં રહેલા. 'સવ્વ' એટલે સર્વ. તો શું પહેલાં ચાર પદોમાં 'લોએ' અને 'સવ્વ' એ બે શબ્દોની જરૂર નથી? વસ્તુતઃ એમાં એ બે શબ્દો અધ્યાહાર છે. જો પ્રથમ અથવા બીજા, ત્રીજા કે કોઈ એક પદમાં 'લોએ' અને 'સવ્વ' એ બે શબ્દો મૂકવામાં આવે તો બાકીનાં બધાં જ પદોમાં એ મૂકવાની અનિવાર્યતા ઊભી થાય, અન્યથા ગેરસમજ થાય. પરંતુ જો છેલ્લા પદમાં એ શબ્દો મૂકવામાં આવે તો પહેલાં ચાર પદોમાં એ છે જ એમ સમજી શકાય છે.

'લોએ' એટલે લોકમાં. લોક એટલે પંચાસ્તિકાયરૂપ ચૌદ રાજલોક અને 'લોક' એટલે ચૌદ રાજલોકના ઉર્ધ્વ, તિર્યગ્ અને અધો એવા ત્રણ લોકમાંથી તિર્યગ્ લોક. અઢી દ્વીપ પ્રમાણ મધ્યવર્તી ભાગ તે મનુષ્યલોક. સાધુ આ મનુષ્યલોકમાં છે. માટે અહીં 'લોએ' એટલે મનુષ્યલોક.

'સવ્વ' એટલે સર્વ. સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે કે ચાર પ્રકારના સર્વ છે : (૧) નામ સર્વ, (૨) સ્થાપના સર્વ, (૩) દેશ સર્વ અને (૪) નિરવશેષ સર્વ. અહીં નિરવશેષ સર્વનો અર્થ લેવાનો છે. ત્રણે લોકમાં, ત્રણ કાળમાં જે જે સાધુ મહાત્માઓ થયા છે, હાલ વિચરે છે અને ભવિષ્યમાં થશે તે સર્વને, જ્યાં જ્યાં સાધુત્વ છે તે સર્વને વંદન હો.

સાધુ શબ્દની વ્યાખ્યા નીચે પ્રમાણે જુદી જુદી રીતે આપવામાં આવે છે :

(૧) साधयति निष्पादयति धर्मादिकार्यमिति साधुः। — જે ધર્માદિ કાર્યને નિષ્પાદન કરે એટલે કે સાધે તે સાધુ.

(૨) साधयति ज्ञानादि शक्तिभिर्मोक्षमिति साधुः। — જ્ઞાનાદિ શક્તિ વડે જે મોક્ષને સાધે તે સાધુ.

(૩) सम्यग्दर्शनज्ञानचारित्रैर्मोक्षं साधयतीति साधुः। — જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વડે મોક્ષને સાધે તે સાધુ.

(૪) स्वपरहितं मोक्षानुष्ठानं वा साधयतीति साधुः। — જે સ્વ-પર હિતને અથવા મોક્ષના અનુષ્ઠાનને સાધે તે સાધુ.

(૫) णिव्वाण साहणेण साधवः। — જે નિર્વાણની સાધના કરે તે સાધુ.

(૬) शान्तिं साधयन्तीति साधवः। — જે શાન્તિની સાધના કરે તે સાધુ.

(૭) साधयति पोषयति विशिष्टक्रियाभिरपवर्गमिति साधुः। — જે વિશિષ્ટ ક્રિયા વડે અપવર્ગ અર્થાત્ મોક્ષનું પોષણ કરે તે સાધુ.

(૮) अभिलषितमर्थं साधयतीति साधुः। — જે અભિલષિત (ઈચ્છિત) અર્થને સાધે તે સાધુ.

(૯) समतां वा सर्वभूतेषु व्यायन्तीति साधवः। — સર્વ પ્રાણીઓ પ્રત્યે જે સમતાનું ચિંતન કરે, સમતાનો ભાવ ધારણ કરે તે સાધુ.

(૧૦) सामायिकादिगत विशुद्ध क्रियाऽभिव्यङ्ग्यसकलसत्त्वहिताशयामृतलक्षण स्वपरिणामः एवं साधु धर्मः।

સામાયિક વગેરેમાં રહેલી વિશુદ્ધ ક્રિયાઓ દ્વારા પ્રગટ થતું, સકલ પ્રાણીઓના હિતના આશયરૂપ અમૃત લક્ષણ સ્વપરિણામ એ સાધુધર્મ છે.

(૧૧) साहायकं वा संयमकारिणं धारयन्तीति साधवः।—જે સંયમમાં સહાયક બને તે સાધુ.

આ બધી વ્યાખ્યાઓ પરથી જોઈ શકાશે કે તેમાં સાધુની સાધના અને તે પણ જ્ઞાનાદિ રત્નત્રયી વડે નિર્વાણ (મોક્ષ) માટેની સાધના ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. સાધુની અન્ય એક મહત્ત્વની લાક્ષણિકતા તે જીવોને મોક્ષમાર્ગમાં સહાય કરવાની છે. એટલે 'સહાય કરે તે સાધુ' એવી વ્યાખ્યા પણ અહીં આપવામાં આવી છે.

'આવશ્યકનિયુક્તિ'માં કહ્યું છે :

निव्वाणसाहए जोगे जम्हा साहन्ति साहुणो ।
समा य सव्वभूएसु तम्हा ते भावसाहूणो ॥

[નિર્વાણસાધક યોગો (સંયમક્રિયાઓ) વડે જેઓ મોક્ષનું સાધન કરે છે અને સર્વ જીવો પ્રત્યે સમભાવ ધારણ કરે છે તેઓ એથી 'ભાવસાધુ' કહેવાય છે.]

સાધુસંસ્થા ભારતવર્ષમાં અનાદિ કાળથી છે. એટલે સાધુ માટે વખતોવખત જુદા જુદા પર્યાયવાચી શબ્દો પ્રયોજાય એ સ્વાભાવિક છે. જો કે તે પ્રત્યેક શબ્દમાં એની સૂક્ષ્મ અર્થચ્છાયા રહેલી છે, તો પણ તે સહજતાથી એકબીજાના પર્યાય તરીકે પ્રયોજાય છે. સાધુ માટે આવા કેટલાક શબ્દો છે : મુનિ, શ્રમણ, અણગાર, નિર્ગ્રંથ, સંન્યાસી, ભિક્ષુ, (ભિખ્ખુ), યોગી, ઋષિ, દીક્ષિત, મહાત્મા, માહણ, અવધૂત, મહાવ્રતી, સંત, મહારાજ, નિરારંભ, અચેલક, જ્ઞાની, તત્ત્વજ્ઞાની, ક્ષમાશ્રમણ, મુક્તાત્મા, સંયમા, મહાનુભાગ, તારક, અકિંચન, વાચંયમી વગેરે. આવા એકસોથી અધિક શબ્દ 'સાધુ' માટે પ્રયોજાયેલા જોવા મળે છે.

નવકારમંત્રમાં પંચપરમેષ્ઠિના કુલ ૧૦૮ ગુણ છે. તેમાં અરિહંતના બાર, સિદ્ધના આઠ, આચાર્યના છત્રીસ, ઉપાધ્યાયના પચ્ચીસ અને સાધુના સત્તાવીસ-એમ બધા મળીને ૧૦૮ ગુણ થાય છે.

સાધુ ભગવંતના ૨૭ ગુણ નીચે પ્રમાણે ગણાવવામાં આવે છે :

| | |
|---|---|
| (૧) પાંચ મહાવ્રતને પાળનાર | ૫ |
| (૨) રાત્રિભોજનનો ત્યાગ | ૧ |
| (૩) છકાય જીવની રક્ષા | ૬ |
| (૪) પાંચ ઈન્દ્રિય ઉપર સંયમ | ૫ |
| (૫) ત્રણ ગુપ્તિનું પાલન | ૩ |
| (૬) લોભ નિગ્રહ-લોભ ન રાખે | ૧ |
| (૭) ક્ષમા ધારણ કરે | ૧ |
| (૮) મનનિગ્રહ-ચિત્ત નિર્મળ રાખે | ૧ |
| (૯) પડિલેહણ કરે | ૧ |
| (૧૦) સંયમમાં રહે | ૧ |
| (૧૧) પરીષહ સહન કરે | ૧ |
| (૧૨) ઉપસર્ગ સહન કરે | ૧ |
| | ૨૭ ગુણ |

આ સત્તાવીસ ગુણ જુદી જુદી રીતે ગણાવવામાં આવે છે અને એ રીતે સત્તાવીસ સત્તાવીસી પણ બનાવવામાં આવી છે.

જૈન ધર્મે સાધુઓનો આદર્શ ઘણો જ ઊંચો રાખ્યો છે. દુનિયાના વિવિધ ધર્મોમાં ગૃહજીવન છોડી, સાધુનો વેશ ધારણ કરી ત્યાગમય જીવન જીવનારા ઘણા છે, પરંતુ જે રીતે જૈન સાધુઓ પોતાનું દીક્ષિત જીવન જીવે છે એની તોલે દુનિયામાં કોઈ ન આવે. અંતરમાં સાચી દૃઢ શ્રદ્ધા અને મોક્ષાભિલાષા ન હોય તો આવા કષ્ટભર્યા સાધુજીવનનો સ્વીકાર ન થઈ શકે. એટલે જ કહેવાયું છે કે જે સહન કરે તે સાધુ.

જીવ ઘરસંસાર છોડી દીક્ષિત થાય છે એ જીવનનું એક મોટું પ્રસ્થાન છે. 'દીક્ષા' શબ્દની લૌકિક વ્યુત્પત્તિ કેટલાક આવી રીતે બતાવે છે : 'દી' એટલે 'દીનતા' અને 'ક્ષા' નો 'ક્ષ' એટલે 'ક્ષય'. દીનતાનો ક્ષય કરાવે એનું નામ દીક્ષા. દીક્ષા લીધા પછી જ્યારે સ્વાધીનતાનું સુખ અનુભવવા મળે છે ત્યારે દીનતાનો જીવનમાંથી આપોઆપ ક્ષય થઈ જાય છે. સાધુની સાધુતાની જે મસ્તી છે તેમાં દીનતા, લાચારી, પરાધીનતા ટકી શકે નહિ.

ગૃહસ્થ વ્યક્તિ જ્યારે મુનિપણાની દીક્ષા લે છે ત્યારે તેની પાસે 'કરેમિ ભંતે' સૂત્ર ઉચ્ચારાવાય છે. એમાં તે 'સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' બોલી સર્વ સાવદ્ય યોગનાં પચ્ચક્ખાણ લે છે. સાવદ્ય યોગ એટલે દોષયુક્ત, પાપયુક્ત પ્રવૃત્તિ. મુનિપણાની દીક્ષામાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પંચ મહાવ્રત ધારણ કરવામાં આવે છે. સંયમ અને જીવદયાના પ્રતીકરૂપ રજોહરણ (કે મોરપીંછી) એમને આપવામાં આવે છે. આ મહાવ્રતોનો ભંગ થાય એવી જે કોઈ પ્રવૃત્તિ તે સાવદ્ય યોગ. ગૃહસ્થ જીવનમાં કેટલીક પ્રવૃત્તિ અનિવાર્ય બને છે. માણસ ઘરમાં રહે છે અને એને પોતાનું ગુજરાન ચલાવવાનું હોય છે. સાધુને હવે પોતાનું ઘર હોતું નથી. તેઓ અણગાર બન્યા છે. સાધુનું જીવન એવી રીતે ઘડવામાં આવ્યું છે કે એ નાણાં વગર પોતાનું જીવન ચલાવી શકે છે. એમને રસોઈ કરવાની નથી હોતી. તેઓ ગોચરી વહોરી લાવીને પોતાના ઉપાશ્રયમાં આવીને વાપરે છે. તેઓ ઉઘાડા પગે ચાલીને બધે જાય છે. તેઓ બે જોડી વસ્ત્ર રાખે છે જે ગૃહસ્થોએ વહોરાવેલાં હોય છે. સાધુનાં વસ્ત્ર-પાત્ર પરિમિત હોય છે. દિગંબર મુનિઓ તો વસ્ત્ર-પાત્ર પણ રાખતા નથી. તેઓ હાથમાં લઈને જ આહાર કરી લે છે. સાધુ વાહનનો ઉપયોગ કરતા નથી. તેમને કોઈ મોજશોખ હોતા નથી. એટલે સાધુ ભગવંતને જીવનના અંત સુધી પોતાના નિર્વાહ માટે પાસે એક રૂપિયો પણ રાખવાની જરૂર રહેતી નથી. તેઓ કંચન અને કામિનીના ત્યાગી હોય છે. સાધુને સૂવા માટે ગાદલાં-ઓશિકાં હોતાં નથી. પાથરવા ઓઢવા માટે એક કામળી અને હાથ એ જ ઓશીકું. દિગંબર મુનિઓ તો પહેરવા કે પાથરવા માટે એક વસ્ત્ર પણ રાખતા નથી. આમ સાધુ ભગવંતોને અર્થોપાર્જનની, અર્થસંરક્ષણની કે અર્થવૃદ્ધિની કોઈ પ્રવૃત્તિ હોતી નથી. એટલે એ નિમિત્તે થતા સાવદ્ય યોગોથી તેઓ મુક્ત રહે છે.

આત્મજ્ઞાન માટે સાધુપણું કહ્યું છે. આનંદઘનજીએ કહ્યું છે :

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તે દ્રવ્યલિંગી રે.

માત્ર વેષ ધારણ કરવાથી સાધુપણું નથી આવી જતું. સાધુત્વનો ભાવ પણ જોઈએ. દ્રવ્યલિંગી અને ભાવલિંગીના ચાર ભેદ થાય છે. દ્રવ્યલિંગી હોય, પણ ભાવલિંગી ન હોય, (૨) ભાવલિંગી હોય પણ દ્રવ્યલિંગી ન હોય, (૩) દ્રવ્યલિંગી હોય અને ભાવલિંગી પણ હોય અને (૪) દ્રવ્યલિંગી ન હોય અને ભાવલિંગી પણ ન હોય. આ ચારમાં શ્રેષ્ઠતમ તે જ કે જે દ્રવ્યલિંગી હોય અને ભાવલિંગી પણ હોય. દ્રવ્યલિંગ નિરર્થક નથી. ભાવલિંગી થવા માટે પણ તે અત્યંત ઉપકારક છે. કેટલાક પહેલાં માત્ર દ્રવ્યલિંગી હોય, પણ પછી એથી જ એમને ભાવલિંગી થવાના ભાવ જાગ્યા હોય છે.

શ્રાવક દીક્ષા લે છે તે દિવસથી એનું બાહ્ય અર્થાત્ સ્થૂલ અને અભ્યંતર અર્થાત્ સૂક્ષ્મ રૂપાંતર-transformation થાય છે. સાધુનાં નામ, વેશ, ભાષા, વ્યવહાર ઈત્યાદિ બદલાઈ જાય છે, કારણકે ગૃહસ્થ જીવનના સંસ્કારોનું હવે વિસર્જન કરવાનું હોય છે. નામ બદલાતાં જૂના નામ સાથેનાં વળગણો છૂટવા માંડે છે. સાધુને માથે મુંડન હોય છે. હવે ચહેરો જોવા-શણગારવાની વાત નહિ. જૈન સાધુ દીક્ષા લીધા પછી કોઈ દિવસ અરીસામાં પોતાનું મોઢું જોતા નથી કે વાળ ઓળતા નથી કે હજામત કરાવતા નથી. સમયે સમયે લોચ કરે છે. સાધુને હવે રસોડે, ભાણે બેસીને જમવાનું હોતું નથી. ગોચરી વહોરી લાવવાની રહે છે. અથવા ઊભા ઊભા બે હાથમાં આહાર લેવાનો હોય છે. સાધુની ભાષા બદલાઈ જાય છે. તેઓ હવે કોઈ ગૃહસ્થને 'આવો, પધારો' કે 'આવજો' કહેતા નથી. માત્ર 'ધર્મલાભ' કહે છે. સાધુના ભોજન માટે શબ્દ છે ગોચરી અથવા ભિક્ષાચરી. 'ખાવું' નહિ પણ 'વાપરવું', 'પથારી' નહિ પણ 'સંથારો', 'વાસણ' નહિ પણ 'પાતરાં'. સાધુને હવે કોઈના

સગાઈ, લગ્ન કે સાદડીમાં જવાનું હોતું નથી. સાજેમાંદે ખબર કાઢવા જવાનું કે સ્મશાનમાં આભડવા જવાનું નથી હોતું.

સાધુ ભગવંત ભવિષ્યકાળ માટે નિશ્ચિતપણે કોઈ વાણી ઉચ્ચારી ન શકે, કારણકે તેમ જો ન થાય તો મૃષાવાદનો દોષ લાગે. એટલે સામાન્ય રીતે તેઓ 'વર્તમાન જોગ' એમ કહે, એટલે કે તે સમયે જેવો યોગ હશે તે પ્રમાણે થશે. એટલા માટે કહ્યું છે :

आउसस्स न वीसासो कज्जम्मि बहूणि अंतरायाणि ।

तम्हा हवई साहूणं वट्टमाणजोगेण ववहारो ॥

[આયુષ્યનો વિશ્વાસ નથી, કાર્યોમાં બહુ અંતરાયો આવે છે. એટલે 'વર્તમાન જોગ' પ્રમાણે સાધુનો વ્યવહાર હોય છે.]

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સાધુઓએ ભવિષ્યકાળ માટે ક્યારેય નિશ્ચયાત્મક વાણી ન ઉચ્ચારવી જોઈએ. ઉદાહરણ તરીકે ક્યાંક બીજે દિવસે જવાનું હોય અને કોઈ પૂછે કે 'મહારાજજી ! કાલે સવારે નવ વાગે પધારશોને ?' તો સાધુ મહારાજ એમ ન કહે કે 'હા, અમે બરાબર નવના ટકોરે પહોંચી જઈશું.' જવાનું નિશ્ચિત જ હોય તો પણ સાધુ મહારાજ કહે કે 'વર્તમાન જોગ'. એટલે તે વખતે જેવો યોગ હશે તે પ્રમાણે થશે. આમ કહેવાનું કારણ એ છે કે સાધુ મહારાજનું વચન અસત્ય ન ઠરવું જોઈએ. કોઈક કારણસર તબિયત બગડી, વરસાદ પડ્યો, રમખાણ થયું તો સાધુથી ત્યાં પહોંચી ન શકાય અને ન પહોંચે તો પોતાનું વચન મિથ્યા ઠરે એટલે કે સત્ય બોલવાના પોતાના વ્રતને દૂષણ લાગે, મૃષાવાદનું પાપ લાગે.

શ્રી હરિભદ્રસૂરિએ 'સંબોધ પ્રકરણ'માં સાધુ ભગવંત કેવા હોવા જોઇએ તે માટે કહ્યું છે :

गीयत्था संविग्गा निस्सल्ला चत्तगारवासंगा ।

जिणमय उज्जोयकय सम्मत्त पभावगा मुणिणो ॥

મુનિઓ ગીતાર્થ, સંવિગ્ન, નિ:શલ્ય, ગારવાનો ત્યાગ કરનારા, અસંગ થયેલા, જિનમત-જિનધર્મનો ઉદ્યોત કરનારા અને સમ્યક્ત્વના પ્રભાવક હોવા જોઈએ.

જૈન સાધુઓના આહાર-વિહાર માટે, વસ્ત્ર-પાત્ર માટે ઘણા બધા નિયમો આચારાંગસૂત્ર, દસવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર વગેરેમાં બતાવવામાં આવ્યા છે. જૈન સાધુઓનું જીવન નિર્દોષ, પાપરહિત હોય છે. તેઓના જીવનમાં માયાચાર હોતો નથી. પંચ મહાવ્રતો તેઓ ચુસ્ત રીતે નવ કોટિએ પાળે છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'પંચપરમેષ્ઠિ ગીતા'માં સાધુ ભગવંતનું સ્વરૂપ દર્શાવતાં લખ્યું છે :

ક્લેશનાશિની દેશના, દેત ગણે ન પ્રયાસ;

અસંદીન જિમ દ્વીપ તથા ભવિજન આશ્વાસ.

તરણતારણ કરુણાપર જંગમ તીરથ સાર,

ધન ધન સાધુ સુહંકર ગુણમહિમા ભંડાર.

જીવોના ક્લેશનો નાશ કરે એવી દેશના આપવામાં હંમેશાં સાધુ ભગવંતો તત્પર હોય છે. એ માટે જે કંઈ શ્રમ પડે તેની તેઓ ચિંતા કરતા નથી. તેઓ ભવ્ય આત્માઓને આશ્વાસન લેવા માટે સ્થિર દ્વીપ જેવા હોય છે. તેઓ સ્વયં તરે છે અને બીજાને તારનારા હોય છે. તેઓ કરુણાવાળા હોય છે. તેઓ ઉત્તમ જંગમ તીર્થ જેવા હોય છે. તેઓ ગુણના ભંડાર સમાન હોય છે. એવા સુખ કરાવનારા સાધુઓ વારંવાર ધન્યવાદને પાત્ર છે.

સાધુ ભગવંતોનાં લક્ષણો દર્શાવતાં નવકારના એક બાલાવબોધમાં કહ્યું છે : 'જે સાધુ ૪૨ દોષ વિશુદ્ધ આહાર લીએ, સમસ્ત ઈન્દ્રિય દમે, સંસારે ન રમે, બાવીસ પરીષહ સહે, નવ કલ્પે વિહરતા રહે, જે સાધુ સંસાર થકી ઉપરાંઠા ચાલે, ભવ્ય જીવને મુક્તિસુખ હેલા માત્રમાં આપે, જે મુનીશ્વર તણા સત્તાવીસ ગુણ ધરે, એવા શાન્ત, દાન્ત, કાન્ત, વૈરાગ્યના સમુદ્ર, સાહસિક શિરોમણિ, ગુણવંતમાંહી અગ્રેસર, સજ્જન, સદા પ્રસન્ન, જીવલોકના બંધવ, કુગતિરૂપી સમુદ્રના શોષણહાર, કેવળધરા, ઋજુમતિ, વિપુલમતિ આદિ ૨૮ લબ્ધિના ધારનાર, મોહ, માયા, લોભ, સ્નેહના પ્રતિબંધ ખંડિયા.,...'

બીજા એક બાલાવબોધમાં કહ્યું છે :

'સર્વ લોકમાંહિ જે છે સાધુ તે સાધુ...સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ ચારિત્ર એ રત્નત્રય સાધઈ, પાંચ મહાવ્રત ધરઈ, છઠ્ઠું રાત્રિભોજન વરજઈ, સાત ભય ટાલઈ, આઠ મદ વરજઈ, નવકલ્પી વિહાર કરઈ, દસ ભેદ સંયમધર્મ આદરઈ, બારે ભેદે તપ તપઈ, સત્તરહ આશ્રવદ્વાર રુંધઈ, અઢારસ સહસ સીલાંગરથ ધરઈ, બાવીસ પરીષહ સહઈ, તેત્રીસ આશાતના ટાલઈ, બઈતાલીસ દોષવિશુદ્ધ મધુકરી વૃતિઈ આહાર લ્યેઈ, પંચ દોષરહિત મંડલી ભુંજઈ, જે સમ-શત્રુ-મિત્ર સમ-લેઠ્ઠુ-કંચણ, પંચસમિયા, તિગુત્તા, અમમા, અકિંચણા, અમચ્છરા, જીઈંદિયા, જીયકસાયા, નિમ્મલ બંભચેરવાસા, સજઝાય-ઝાણ-જુગ્ગા, દુક્કર તવચરણરયા, અરસાહારા, વિરસાહારા, અંતાહારા, પંતાહારા, અરસજીવી, વિરસજીવી, અંતજીવી, પંતજીવી, તુચ્છાહારા, સુહાહારા, સુક્કા, ભુક્કા, નિમ્મંસા, નિસ્સોણિયા, કિસિઅંગા, નિરાગસરણા, કુખ્ખિસંબલા, ખજ્ઞાતકુલે ભિક્ષા વત્તિણો મુણિણો હવંતિ. ઈસ્યા છે સર્વજ્ઞપુત્ર સાધુ સંસારભય થકી ઉભગા, દયાતણા પ્રતિપાલક, ભગવતી અહિંસા સર્વ ભૂતને ક્ષેમકરી, મહાપુરુષસેવી, કાયર-કાતર જીવ પરિહરી, તેહના પ્રતિપાલક, અનાથ જીવના નાથ, અપીહર જીવના પીહર, અશરણ જીવના શરણ, સર્વજ્ઞપુત્ર, નિ:કિંચણ, નિરહંકારી, નિ:પરિગ્રહી, નિરારંભી, શાંત, દાંત, રત્નત્રય સાધક, અઢાઈ દ્વીપ માંહે જીકે છે સાધુ તે સવિ સાધુ પ્રત્યે માહરો નમસ્કાર, પંચાંગ પ્રણામ, ત્રિકાલ વંદના સદા સર્વદા થાઓ.'

આવા સાધુપદનો મહિમા ગાતાં કહેવાયું છે કે-

न च राजभयं न च चोरभयं इहलोकसुखं परलोकहितं ।

नरदेवनतं वरकीर्तिकरं श्रमणत्वमिदं रमणीयतरम् ॥

સાધુ ભગવંતોને એમની પારદર્શક આચારશુદ્ધિને કારણે રાજ્યનો કે ચોરનો ભય હોતો નથી. તેઓ આ લોકમાં આધ્યાત્મિક સુખ ભોગવે છે અને પરલોકનું હિત સાધી લે છે. તેઓને મનુષ્યો અને દેવો વંદન કરે છે અને તેમની કીર્તિ ચારે બાજુ પ્રસરે છે. માટે શ્રમણપણું અત્યંત રમણીય છે. વળી કહ્યું છે :

साधूनां दर्शन पुण्यं, तीर्थभूता हि साधवः ।

तीर्थं : फलति कालेन, सद्यः साधुसमागमः ॥

જંગમ તીર્થરૂપ સાધુ ભગવંતનાં દર્શનથી પુણ્યોપાર્જન થાય છે. સ્થાવર તીર્થ કરતાં પણ સાચા જંગમ તીર્થનો મહિમા મોટો છે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ આઠને સાધુને માટે અષ્ટ પ્રવચન માતા ગણવામાં આવે છે. દસ પ્રકારના યતિ ધર્મને સાધુના દસ પિતા રૂપે દર્શાવવામાં આવે છે. ગૃહસ્થની સંભાળ રાખનાર એક માતા અને એક પિતા હોય છે. સાધુની સંભાળ રાખનાર આઠ માતા અને દસ પિતા હોય છે. સંઘને પણ સાધુનાં માતાપિતા-અમ્માપિયા તરીકે ઓળખાવવામાં આવે છે.

સાધુ ભગવંત ચાલે તો ઈર્યાસમિતિપૂર્વક, બોલે તો ભાષાસમિતિપૂર્વક, ગોચરી-આહાર લેવા જાય તો એષણાસમિતિપૂર્વક, ચીજવસ્તુઓ લે-

મૂકે તો તે આદાનભંડનિક્ષેપણા સમિતિપૂર્વક અને શૌચાદિક્રિયા કરે તો તે પરિષ્ઠાપનિકા સમિતિપૂર્વક. તેઓની પ્રત્યેક ક્રિયા જયણાપૂર્વકની હોય છે.

સાધુ ભગવંતો વસ્ત્ર ધારણ કરે તે પોતાના શરીરને ઢાંકવા માટે અને નહિ કે દેહને શણગારવા માટે. કડક ઈસ્ત્રીવાળાં કપડાં સાધુને ન શોભે. એવું વસ્ત્ર આવ્યું હોય તો પણ આમળી નાખી, કરચલીઓવાળું વસ્ત્ર ધારણ કરે. જીર્ણ કંથા એ સાધુની શોભા છે. સાધુ સીવેલાં વસ્ત્ર ન પહેરે. સાધુઓ પોતાનાં વસ્ત્ર પોતે જ ધુએ, ઓછામાં ઓછા પાણીથી. ગૃહસ્થ પાસે વસ્ત્રો ન ધોવડાવે. પોતે પણ રોજેરોજ વસ્ત્ર ન ધુએ. દિગંબર મુનિઓ તો જીવનપર્યંત વસ્ત્ર ધારણ ન કરે.

જૈન સાધુઓ અપરિગ્રહી હોવાથી છત્રી, બુટ, ચંપલ, છરી, કાતર ઇત્યાદિ કશું જ વાપરતા નથી. તેઓ વાહનનો ઉપયોગ કરતા નથી. ચાતુર્માસ સિવાય એક સ્થળે તેઓ રહેતા નથી. એના નિયમો હોય છે. ઉઘાડા પગે પાદવિહાર એ જૈન સાધુનું એક અત્યંત મહત્ત્વનું લક્ષણ છે. ઝડપી વાહનોના વર્તમાન યુગમાં પણ સાધુઓના પાદવિહારમાં સૂક્ષ્મ રહસ્ય રહેલું છે. સાધુ એથી સ્વાધીન છે. જે વખતે વિચાર થાય તે વખતે તે વિહારનો પોતાનો કાર્યક્રમ તરત ગોઠવી શકે છે. વિહારથી આરોગ્ય સારું રહે છે અને વિશાળ જનસંપર્કમાં રહેવા છતાં કોઈ સ્થળ, સંઘ કે વ્યક્તિ પ્રત્યે રાગદ્વેષ થતાં નથી. સંયમ માટે, બ્રાહ્મચર્યના પાલન માટે પણ જંઘાશ્રમપૂર્વક થતો વિહાર બહુ ઉપયોગી છે. પાદવિહારને લીધે જ, શરીર પર ઊંચકી શકાય એટલી જ વસ્તુઓ રાખવાની હોવાથી, પરિગ્રહ પણ પરિમિત બની જાય છે. દિગંબર મુનિઓને તો અનિવાર્ય એવાં પીંછી અને કમંડલુ સિવાય કશો પરિગ્રહ હોતો નથી. એટલે જ દિગંબર મુનિઓ તત્ક્ષણ વિહાર કરી શકે છે.

નવ વાડ સહિત બ્રહ્મચર્યનું પાલન એ જૈન સાધુની એક મહાન સિદ્ધિ, ઉપલબ્ધિ છે. એના પાલન માટે દૃઢ નિયમો બતાવ્યા છે. જૈન સાધુએ રાત્રે પગ વાળીને પડખે જ સૂવું જોઇએ. જૈન સાધુઓનો આટલો કડક સંયમ હોવાથી દિગંબર નગ્ન સાધુઓ પાસે જતાં સ્ત્રીઓ સંકોચ પામતી નથી. જૈન શાસનની આ અપૂર્વ સિદ્ધિ છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ કહ્યું છે;

જ્ઞાનવંત જ્ઞાનીશું મળતાં, તન મન વચને સાચા,
દ્રવ્ય ભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા.
મૂલ ઉત્તર ગુણ સંગ્રહ કરતા, તજતા ભિક્ષા દોષો;
પગ પગ વ્રતદૂષણ પરિહરતા, કરતા સંયમ પોષો.

જૈન સાધુનું જીવન આચારપ્રધાન છે. જ્ઞાન-ધ્યાનની આરાધના સાથે સાધુ ભગવંતોએ પોતાના શીલની રક્ષા માટે બહુ સૂક્ષ્મ નિયમોનું પાલન કરવાનું હોય છે. આવા નિયમોનો જો સરવાળો કરવામાં આવે તો તે ઘણો મોટો થાય. શીલના ભેદો ૩૬, ૧૮૦, ૧૮૦૦ છે અને એથી આગળ જતાં અઢાર હજાર ભેદ આ પ્રમાણે બતાવવામાં આવે છે:

૩ યોગ x ૩ કરણ x ૪ સંજ્ઞા x ૫ ઇન્દ્રિયો x ૧૦ પૃથ્વીકાયાદિ જીવોની અવિરાધના x ૧૦ યતિ ધર્મ = ૧૮૦૦૦ શીલના ભેદ થાય છે. આ જ રીતે એમાં બીજા કેટલાક ભેદો ઉમેરીને શીલના ૮૪ લાખ ભેદ બતાવવામાં આવ્યા છે.

શ્રાવક દીક્ષા લેતાંની સાથે છઠ્ઠા ગુણસ્થાનકે આવે છે. એટલે જ ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે:

મોહ પ્રતે હણતા નિત આગમ, ભણતા સદગુરુ પાસે,
દૂષમ કાલે પણ ગુણવંતા, વરતે શુભ અભ્યાસે.
છઠ્ઠું ગુણઠાણું ભવઅડવી ઉલ્લંઘણ જેણે લહિઉં,
તસ સોભાગ સકલ મુખ એકે, કેમ કરી જાએ કહિઉ.
ગુણઠાણાની પરિણતિ જેહની, ન છીપે ભવ જંજાલે;
રહે શેલડી ઢાંકી રાખી, કેતો કાલ પરાલે?

શ્રી ભદ્રબાહુસ્વામીએ દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં લખ્યું છે:

उरग-गिरि-जलण-सागर-नहयल-तरुगणसमो य जो होइ ।
समर-मिग-धरणि-जलरुह-रवि-पवणसमो जओ समणो ॥

શ્રી ભદ્રબાહુસ્વામીએ આ એક જ ગાથામાં સાધુ ભગવંત માટે અગિયાર ઉપમા આપી દીધી છે. સાધુ ભગવંત સર્પ (ઉરગ), પર્વત, અગ્નિ, સાગર, આકાશ (નભતલ), વૃક્ષ, ભ્રમર, મૃગ, ધરણી, કમળ, સૂર્ય અને પવન જેવા હોવા જોઈએ.

સાધુ ભગવંત સર્પ જેવા હોવા જોઇએ એનો અર્થ એ કે સર્પ બીજાના કરેલા ઘર (દર)માં રહે છે, આહારનો સ્વાદ લેતો નથી તથા દરમાં દાખલ થતી વખતે ગતિ તદ્દન સીધી રાખે છે. એવી રીતે સાધુ ભગવંત બીજાએ બનાવેલા સ્થાનમાં રહેનારા, આહારમાં આસક્તિ ન ધરાવનારા અને સંયમ માર્ગમાં સીધી ગતિ કરનારા હોય છે. સાધુ ભગવંત પર્વત જેવા અડોલ, અગ્નિ જેવા તેજસ્વી, સમુદ્ર જેવા ગંભીર અને મર્યાદાવાળા, આકાશ જેવા નિરાલંબ, કમળ જેવા નિર્લેપ, સૂર્ય જેવા પ્રકાશમાન, પવન જેવા નિર્બંધ હોવા જોઇએ. સાધુ ભગવંત માટે આવી ૮૪ પ્રકારની ઉપમાઓ શાસ્ત્રગ્રંથોમાં આપવામાં આવી છે.

જૈન ધર્મમાં ચારનું શરણું લેવાનું કહ્યું છે. એ ચાર તે અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળીપ્રણીત ધર્મ. આ ચારમાં સાધુને પણ સ્થાન આપવામાં આવ્યું છે એ પરથી સાધુપદનો મહિમા સમજાશે. સિદ્ધ પરમાત્માએ આઠ કર્મનો ક્ષય કર્યો છે એટલે એ તો સર્વોચ્ચ આદર્શ છે. અરિહંત ભગવાને ચાર ઘાતી કર્મનો ક્ષય કર્યો હોય છે. દેહધારી જીવોમાં તેઓ પણ સર્વોચ્ચ સ્થાને છે. અરિહંત અને સિદ્ધ પરમાત્મા પછી સાધુનું શરણું લેવામાં આવે છે. અરિહંત અને સિદ્ધમાં કોઈ ન્યૂનતા નથી હોતી, પણ સાધુમાં ન્યૂનતા હોઈ શકે છે. આમ છતાં સાધુ પદને એટલું મહત્ત્વ આપવાનું એક કારણ એ છે કે સિદ્ધ પરમાત્મા પરોક્ષ છે અને અરિહંત ભગવાનનો પ્રત્યક્ષ લાભ બધાંને ન મળી શકે. પરંતુ અરિહંત ભગવાનના વિરહકાળમાં પણ સાધુ ભગવંતનો યોગ સર્વસુલભ હોય છે. સાધુ પદમાં અહીં આચાર્ય અને ઉપાધ્યાયનું પદ સંનિહિત છે. આ શ્રમણવર્ગ અનેક જીવોને સંસારના ભયથી બચાવી મોક્ષમાર્ગ બતાવે છે, મોક્ષમાર્ગ પર આરૂઢ કરાવે છે અને અનેક જીવોને મોક્ષમાર્ગમાં આગળ વધવામાં સહાયરૂપ થાય છે. એટલા માટે સાધુ ભગવંતનું શરણ અત્યંત મહત્ત્વનું છે.

'ચઉસરણપયન્ના'માં સાધુ ભગવંતના શરણ માટે નીચે પ્રમાણે પ્રાર્થના કરવામાં આવી છે:

'જીવલોકના બંધુ, કુગતિરૂપી મહાસમુદ્રને ઓળંગી જનાર, મહાન ભાગ્યશાળી, રત્નત્રયીથી મોક્ષસુખને સાધનારા સાધુ ભગવંતોનું મને શરણ હોજો. કેવળજ્ઞાની, પરમાવધિજ્ઞાની, વિપુલમતિજ્ઞાની, શ્રુતધર એવા જે કોઈ આચાર્યો, ઉપાધ્યયો કે સાધુઓ તે સર્વ સાધુઓ છે, તેઓનું મને શરણ હોજો. ચઉદપૂર્વી, દસપૂર્વી, નવપૂર્વી, બાર અંગના ધારક, અગિયાર અંગના ધારક, જિનકલ્પી વગેરે સર્વ સાધુ ભગવંતોનું મને શરણ હોજો. વિવિધ પ્રકારની લબ્ધિવાળા અને વૈરવિરોધથી રહિત, ઈચ્છાથી રહિત, પ્રશાંતમુખશોભાવાળા, ગુણોથી ભરેલા, ગુણોનું બહુમાન કરનારા, મોહરહિત, ભવ્યજનોના મનને પ્રિય, આત્મામાં રમતા, વિષયકષાયથી રહિત, ઘર-બાર સ્ત્રી વગેરેથી રહિત, હર્ષ-વિષાદ વિનાના, હિંસા વગેરે દોષોથી વિમુક્ત, કરુણાવંત, વિશાળ બુદ્ધિવાળા, મોક્ષમાર્ગમાં

આગળ વધનારા, સુકૃત અને પુણ્યથી ભરેલા, કામવિડંબણા વિનાના, ક્લેશ વગેરેથી રહિત અને સાધુપણામાં સુસ્થિર એવા સાધુ ભગવંતોનું મને શરણ હોજો.'

'પંચસૂત્ર'માં ચાર શરણામાં સાધુ ભગવંતના શરણ માટેની પંક્તિઓ કેટલી બધી અર્થગંભીર છે તે જુઓ. એમાં કહ્યું છે : તહા પસંતગંભીરાસયા, સાવજ્જજોગવિરયા, પંચવિહાયારજાણગા, પરોવયારનિરયા, પઉમાઈનિદંસણા, ઝાણજ્ઝયણસંગયા, વિસુજ્ઝમાણભાવા સાહૂ સરણં. [તથા (૧) પ્રશાન્ત ગંભીર ચિત્તવાળા, (૨) સાવદ્યયોગથી વિરામ પામેલા, (૩) પાંચ પ્રકારના આચારના જાણકાર, (૪) પરોપકાર કરવામાં લીન, (૫) પદ્મ વગેરેની ઉપમાવાળા, (૬) ધ્યાન અને અધ્યયનથી સંગત તથા (૭) વિશુદ્ધ થતા ભાવવાળા સાધુ ભગવંતોનું મને શરણ હોજો.]

આવા સાધુ ભગવંતનો મહિમા કેટલો બધો છે એ નીચેની થોડીક ઘટનાઓ ઉપરથી સમજાશે.

(૧) સાધુતાના બાહ્યવેશનાં દર્શન માત્રથી ઉદયન મંત્રીને સમાધિ પ્રાપ્ત થઈ હતી, (૨) સાધુનો બાહ્ય વેશ ધારણ કરવા માત્રથી સંપ્રતિ રાજાને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું હતું , (૩) સાધુઓનો ઈર્યાસમિતિપૂર્વકનો પાદવિહાર જોઈને તામલી તાપસને સમ્યગ્દર્શન થયું હતું, (૪) સાધુને ગોચરી વહોરતાં જોઈને ઈલાચીકુમારને કેવળજ્ઞાન થયું હતું, (૫) મુનિસુવ્રત સ્વામીના શાસનકાળ દરમિયાન ધ્યાનસ્થ ગુણસાગર મુનિને જોઈ રાજકુમાર વજ્રબાહુને દીક્ષા લેવાના ભાવ જાગ્યા અને એમની એ વાતથી પ્રભાવિત થઈને એક સાથે ત્રીસેક જણે દીક્ષા લીધી હતી, (૬) શ્રીકૃષ્ણે અઢાર હજાર સાધુઓને પ્રત્યેકને વિધિપૂર્વક વંદન કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું હતું.

જૈન ધર્મની દીક્ષા અત્યંત કઠિન છે. વળી તે ગમે તેને આપવાથી શાસનની અવહેલના થવાનો ભય રહે છે. એટલે યોગ્ય પાત્રને જ દીક્ષા આપવાની શાસ્ત્રકારોએ ભલમામણ કરી છે. શ્રી હરિભદ્રસૂરિજીએ 'ધર્મબિંદુ'માં પ્રવજ્યાર્હ એટલે કે દીક્ષા લેવાને યોગ્ય વ્યક્તિનાં લક્ષણો આ પ્રમાણે આપ્યાં છે :

(૧) આર્ય દેશમાં ઉત્પન્ન થયેલ હોય (આમાં અપવાદ હોઈ શકે) (૨) વિશિષ્ટ જાતિ અને કુળવાળો હોય, (૩) જેનો કર્મમળ લગભગ ક્ષીણ થયો હોય, (૪) નિર્મળ બુદ્ધિવાળો હોય, (૫) મનુષ્ય જન્મની દુર્લભતા, જન્મમરણનાં નિમિત્તો, સંપદાની ચંચળતા, વિષયોની દારુણતા, સંયોગ-વિયોગ, આયુષ્યની ક્ષણભંગુરતા, કર્મના વિપાકો ઇત્યાદિનો વિચાર કરતાં સંસારની નિર્ગુણતા (અસારતા) જાણવાવાળો હોય, (૬) અને એથી વૈરાગ્યવાન હોય, (૭) અલ્પ કષાયવાળો, (૮) અલ્પ નોકષાય (હાસ્યાદિ)વાળો, (૯) કૃતજ્ઞ, (૧૦) વિનયવંત, (૧૧) બહુમાન ધરાવતો હોય, (૧૨) વિશ્વાસઘાત ન કરનારો, (૧૩) શરીરે ખોડખાંપણવાળો ન હોય, (૧૪) શ્રદ્ધાવંત, (૧૫) ધર્મમાં સ્થિર, (૧૬) અને પોતે પોતાની મેળે સદ્ગુરુ પાસે દીક્ષા લેવા આવેલો હોય.

જેમ દુનિયામાં વિવિધ વ્યવસાયોમાં અયોગ્ય વ્યક્તિઓ હોય છે, અને વિવિધ ધર્મોમાં અયોગ્ય સાધુ–સંન્યાસીઓ હોય છે તેમ જૈન ધર્મમાં પણ રહેવાના. વ્યાવહારિક ઉપાધિ અને કૌટુંબિક જવાબદારીથી મુક્ત એવા સાધુજીવન તરફ કોઈક પ્રમાદી માણસો ખેંચાય છે અને ગમે તેમ કરીને દીક્ષા લઈ લે છે. આવા ઘૂસી જનાર માણસોને જોઇને જ પેલી લોકોક્તિ પ્રચલિત થઈ હશે કે-

શિરમુંડનમેં તીન ગુણ, મિટ જાએ શિર કી ખાજ;<br>
ખાને કો લડુ મિલે, ઓર લોક કહે 'મહારાજ.'

સાચા ભાવથી દીક્ષા લીધા પછી પણ કેટલાક શિથિલાચારી, સ્વચ્છંદી, પતિત થઈ જાય છે. આવા અયોગ્ય સાધુના મુખ્ય પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે : (૧) પાર્શ્વસ્થ, (૨) અવસન્ન, (૩) કુશીલ, (૪) સંસક્ત અને (૫) યથાછંદ. આવા કુપાત્ર સાધુઓની લાક્ષણિકતાઓ શાસ્ત્રગ્રંથોમાં બતાવવામાં આવી છે. તેમને 'અવંદનીય' ગણવામાં આવ્યા છે અને તેમને સમુદાયમાંથી બહાર મૂકવાની ભલામણ કરવામાં આવી છે કે જેથી બીજા સાધુઓને બગાડે નહિ અને શાસનને વગોવે નહિ.

જૈન ધર્મમાં સાધુ-સાધ્વીની દીક્ષા માટે જે કેટલીક વ્યક્તિઓને અયોગ્ય ગણવામાં આવી છે તે આ પ્રમાણે છે : (૧) બાળક (આઠ વર્ષથી ઓછી ઉંમરનો), (૨) વૃદ્ધ, (૩) નપુંસક, (૪) ક્લીબ, (૫) જડ, તોતડો, બેડોળ કાયાવાળો, આળસુ, (૬) વ્યાધિગ્રસ્ત, (૭) ચોર, (૮) રાજાપકારી (રાજાનો દ્રોહ કરનાર, ગુનેગાર), (૯) ઉન્મત્ત (ગાંડો), (૧૦) અદર્શન (આંધળો), (૧૧) દાસ (દાસીથી ઉત્પન્ન થયેલ, દાસીપુત્ર), (૧૨) દુષ્ટ, (૧૩) મૂઢ, (૧૪) ઋણાર્ત (દેવાદાર), (૧૫) જુંગતિ, (શરીર, જાતિ, કર્મ વગેરેથી ભ્રષ્ટ કે દૂષિત), (૧૬) અવબદ્ધ (સંયમ સિવાય અન્ય કોઈ ખોટા આશયથી દીક્ષા લેવાની ઈચ્છા રાખનાર), (૧૭) ભૃતક (કોઈએ ભાડે લીધેલો, કોઈ સાથે કરારથી બંધાયેલો), (૧૮) નિષ્ફેટિક (માતા-પિતા કે વડીલોની રજા વગર કાચી ઉંમરે દીક્ષા લેવા આવેલો.)

સાધુની દીક્ષા માટે અયોગ્ય બતાવેલી આવી વ્યક્તિઓની જેમ જ એવી સ્ત્રીઓ સાધ્વી તરીકે દીક્ષા લેવાને અયોગ્ય ઠરે છે. તદુપરાંત ગર્ભવતી કે સ્તનપાન કરાવતી સ્ત્રીને પણ દીક્ષા આપી શકાતી નથી.

જૈન સાધુઓ દંત ધાવન કે સ્નાન કરતા નથી તો તેમનું મોઢું અને શરીર ગંધાય નહિ ? આવો પ્રશ્ન કેટલાયને થાય છે. એનો ઉત્તર એ છે કે જેઓને સાધુ ભગવંતો પાસે વારંવાર જવાનો અનુભવ હશે તેઓ આ વાતની સાક્ષી પૂરશે કે જૈન સાધુઓ સવારના બ્રશ-દંતધાવન કરતા ન હોવા છતાં અને સ્નાન કરતા ન હોવા છતાં તેમનું શરીર ગંધાતું નથી. તેનું મુખ્ય કારણ તેઓનો સંયમ છે. જેઓ નિષ્ઠાપૂર્વક, શ્રદ્ધાપૂર્વક બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે, ઉર્ધ્વરેતા બને છે એમના શરીરમાં ઓજસરૂપે વિશુદ્ધ પરમાણુઓ એવા પ્રસરી રહે છે કે તે ગંધાતા અશુદ્ધ પરમાણુઓને બહાર કાઢી નાખે છે. આથી જૈન સાધુ-સાધ્વીઓનું શરીર ક્યારેય ગંધાતું નથી. જૈન સાધુઓ પોતાના આહાર, વસ્ત્રાદિ માટે ઓછામાં ઓછી વસ્તુઓ વાપરે છે એટલે કે પ્રકૃતિમાં ઓછામાં ઓછો હસ્તક્ષેપ કરે છે. એ દૃષ્ટિએ જૈન સાધુઓ પર્યાવરણના મહાન રક્ષક છે. જૈન સાધુ જેવા પર્યાવરણવાદી અન્ય કોઈ જોવા નહિ મળે.

જૈન સાધુઓને ગૃહસ્થો જેની કોઈ જવાબદારી કે વ્યાવસાયિક, વ્યાવહારિક પ્રવૃત્તિ ન હોવાથી સમય ઘણો મળે. પરંતુ એથી તેઓને નવરા બેસી રહેવાનું નથી. તેઓએ પોતાની આવશ્યક ક્રિયાઓ કરવાની હોય છે અને જ્ઞાન-ધ્યાન, તપ-જપ નિયમિત કરવાનાં રહે છે. સ્વાધ્યાય અને ધ્યાન એ સાધુ જીવનનો પ્રાણ છે. એટલે જ એક જ ઉપાશ્રયમાં ઘણાં બધા સાધુઓ હોવા છતાં કોઈ ઘોંઘાટ હોતો નથી. પોતાના સ્થાનમાં પણ તેઓ વગર કારણે ઊઠબેસ કરતા નથી કે જરૂર વગર બોલતા નથી. સાધુઓને એકબીજાની સાથે આદર અને મૈત્રીપૂર્ણ વ્યવહાર હોય છે. પોતાને ફલાણાની સાથે ફાવતું નથી એવી ફરિયાદ સામાન્ય રીતે સાધુ કોઈ દિવસ કરે નહિ. શ્રી સિદ્ધિસેન દિવાકરે એવા સાધુને ઉદ્દેશીને માર્મિક રીતે કહ્યું છે કે 'ભાઈ, અહીં પાંચસાત સાધુઓ સાથે તને નથી ફાવતું, તો સિદ્ધિશિલા ઉપર અનંત સિદ્ધોની સાથે તને કેવી રીતે ફાવશે?'

જેઓ જૈન ધાર્મિક પરંપરા અને તત્ત્વધારાથી અનભિજ્ઞ-અજાણ છે

એવા કેટલાક લોકો ફરિયાદ કરતાં બોલે છે કે જૈન સાધુ-સાધ્વીઓ મફતનું ખાઈને પડ્યા રહે છે, એનાં કરતાં લોકસેવા કરતાં હોય તો શું ખોટું છે? ખ્રિસ્તી પાદરીઓ, સાધ્વીઓ સેવાનું કેટલું બધું કામ કરે છે ! પરંતુ આવો વિચાર કેવળ અજ્ઞાનમૂલક છે. વસ્તુતઃ જૈન સાધુ-સાધ્વીઓ સંઘ સમક્ષ પ્રતિજ્ઞાપૂર્વક દીક્ષા લે છે તે આત્મકલ્યાણ માટે, મોક્ષની સાધના માટે લે છે, સમાજસેવા માટે નહિ. તેઓ મફતનું ખાય છે કે સમાજ ઉપર બોજારૂપ છે એવું કશું નથી. એમની પાસેથી જે સમાજને મળે છે તેનું પૂરેપૂરું મૂલ્ય સમાજ ચૂકવી શકે એમ નથી. જે વ્યક્તિ જે ધ્યેયથી પ્રવૃત્તિ કરતી હોય તેની પાસેથી બીજી વસ્તુની અપેક્ષા રાખવી તે અયોગ્ય છે. સમાજસેવા અને આધ્યાત્મિક સાધના એ બંને ભિન્ન વસ્તુ છે. સાધના કરતાં કરતાં અનાયાસે, પ્રકારાન્તરે કે સૂક્ષ્મ રીતે સમાજસેવા થઈ જાય તે જુદી વસ્તુ છે. પરંતુ દીન, હીન, દુઃખી, રોગી લોકોને અન્નવસ્ત્ર-ઔષધાદિ આપવા નીકળી પડવું, દર્દીઓની સારવાર કરવી ઈત્યાદિ પ્રકારનું સેવાકાર્ય ઈષ્ટ અને ઉત્તમ હોવા છતાં સાધુ-સાધ્વી પાસેથી એની અપેક્ષા રાખી ન શકાય. એટલા માટે તેઓએ દીક્ષા લીધી નથી હોતી. આ વાત કેટલાકને તરત ન સમજાય એવી છે. પરંતુ થોડાક સાધુઓના ગાઢ સંપર્કમાં આવવાથી એ સમજાય એવી છે. ઊંડુ ચિંતન માગી લે એવી આ બાબત છે.

શ્રી ભદ્રબાહુસ્વામીજીએ સાધુ ભગવંતને નમસ્કાર કરવાનો મહિમા સમજાવતાં કહ્યું છે :

साहूणं नमुक्कारो जीवं मोएइ भवसहस्साओ ।
भावेण कीरमाणो होइ पुणो बोहिलाभाओ ॥
साहूण नमुक्कारो धन्नाणं भवक्खयं कुणंताणं ।
हिअयं अणुम्मुयंतो विसोत्तिआवारओ होइ ॥
साहूणं नमुक्कारो एस खलु वन्निओ महत्थोत्ति ।
जो मरणंमि उवग्गे अभिक्खणं कीरइ बहुसो ॥
साहूण नमुक्कारो सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥

[સાધુ ભગવંતને ભાવથી કરાયેલો નમસ્કાર જીવને હજારો ભવથી મુક્ત કરાવે છે અને બોધિલાભ માટે થાય છે. સાધુ ભગવંતને કરાયેલો નમસ્કાર ધન્ય જીવોના ભવનો ક્ષય કરે છે તથા હૃદયમાં રહેલો તે વિસ્રોતસિકાનું હરણ કરે છે. સાધુ ભગવંતને કરાયેલો નમસ્કાર મહાન અર્થવાળો છે એવું શાસ્ત્રોમાં વર્ણવાયું છે. અને મરણ વખતે તે બહુ વાર કરાય છે. સાધુ ભગવંતને કરાયેલો નમસ્કાર સર્વ પાપનો પ્રનાશ કરનાર છે અને સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે.]

જ્ઞાનવિમલસૂરિએ 'નવકાર ભાસ'માં કહ્યું છે,

અરિહંત ભક્તિ સદા ઉપદેશે, વાયગસૂરિના સહાઈ રે
મુનિ વિણ સર્વ ક્રિયા નવિ સૂઝે, તીર્થ સકલ સુખદાઈ રે
પંચમ પદ એણી પેરે ધ્યાવતાં પંચમગતિને સાધો રે;
સુખકર શાસનના એ નાયક જ્ઞાનવિમલ ગુણ વાધો રે.

શાસ્ત્રકાર કહે છે :

विनय सुहनियत्ताणं विसुद्ध चारितनियमजुत्ताणं ।
तच्चगुणसाहगाणं सदा य किच्चुजुयाण नरो ॥

[સાધુઓ વિષયસુખથી નિવર્તેલા હોય છે. વિશુદ્ધ ચારિત્રના નિયમોથી યુક્ત હોય છે. (મૂલ ગુણ અને ઉત્તર ગુણને ધારણ કરવાવાળા હોય છે.) તથા તથ્ય (સત્ય) ગુણોને સાધનારા હોય છે તથા સદા (મુક્તિમાર્ગમાં) સહાય કરવાના કર્તવ્યમાં ઉદ્યમી હોય છે. તેવા સાધુઓને નમસ્કાર થાઓ !]

असहाये सहायत्तं करंति मे संजमं करिन्तस्स ।
एएण कारणेणं नमामिऽहं सव्व साहूणं ॥

[સાધુઓ અસહાય એવા મને સંયમના પાલનમાં સહાય કરનારા છે એ કારણથી હું સર્વ સાધુઓને નમસ્કાર કરું છું.]

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ પંચપરમેષ્ઠિ ગીતામાં સાધુપદના વર્ણનને અંતે ભાવના વ્યક્ત કરી છે :

નમસ્કાર અણગારને, વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તેહ કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત;
આર્તધ્યાન તસ નવિ હુવે, નવિ હુવે દુર્ગતિ વાસ,
ભવખય કરતાં રે સમરતાં, લહિએ સુકૃત અભ્યાસ.

વળી ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ કહ્યું છે :

ધન્ય તે મુનિવરા રે, જે ચાલે સમભાવે;
ભવસાગર લીલાએ ઊતરે, સંયમ કિરિયા નાવે.
ભોગપંક તજી ઉપર બેઠા, પંકજ પરે જે ન્યારા;
સિંહ પરે નિજ વિક્રમ શૂરા, ત્રિભુવન જન આધારા.

નવપદની આરાધનામાં સાધુપદની આરાધના પાંચમા દિવસે આવે છે. એ આરાધનામાં 'ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં' પદની ૨૦ માળા ઉપરાંત સાધુ ભગવંતના ૨૭ ગુણ પ્રમાણે ૨૭ સાથિયા, ૨૭ ખમાસમણા, ૨૭ પ્રદક્ષિણા, ૨૭ લોગસ્સનો કાઉસગ્ગ ઈત્યાદિ કરવામાં આવે છે. સાધુપદનો વર્ણ શ્યામ હોવાથી જેઓ એક ધાન્યનું આયંબિલ કરતા હોય તેઓ અડદનું આયંબિલ કરે છે. આ આરાધના વિધિપૂર્વક કરતી વખતે નીચેનો દૂહો બોલાય છે :

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે, નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે.

છઠ્ઠી સદીના મહાન આચાર્ય ભગવંત શ્રી ઉદ્દ્યોતનસૂરિએ 'કુવલયમાળા' નામના પોતાના પ્રાકૃત ભાષામાં લખાયેલા ગ્રંથમાં એક સ્થળે 'સાધુ ધર્મપરિભાવના' વર્ણવી છે. ગૃહસ્થ જીવનમાં સાચી ધર્મસાધના કરનાર વ્યક્તિ પોતાની પરિભાવના વ્યક્ત કરતાં ત્યાં જે કહે છે તેમાંથી થોડીક પંક્તિઓનો અનુવાદ અહીં ટાંક્યો છે :

'હું ક્યારે સાધુપણું પામીશ? ક્યારે રાત્રિએ ધ્યાનમાં હોઈશ? ક્યારે ચરણકરણાનુયોગનો સ્વાધ્યાય કરીશ? ક્યારે ઉપશાન્ત મનવાળો થઈને કર્મરૂપી મહાપર્વત ભેદવા માટે વજ્રસમાન એવું પ્રતિક્રમણ કરીશ? ક્યારે ધર્મધ્યાનમાં લાગી જઈશ ? ક્યારે મહાન તપશ્ચર્યાઓ કરીશ ? ક્યારે સમભાવવાળો થઈશ ? ક્યારે અંતિમ આરાધના કરી દેહ છોડીશ ?'

હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં શ્રાવકનાં માર્ગાનુસારી ગુણલક્ષણો બતાવ્યાં છે. એમાં શ્રાવક માટે એક શબ્દ પ્રયોજ્યો છે-यतिधर्मानुरक्तानाम् । એટલે સાચો શ્રાવક એવો હોવો જોઈએ કે જે યતિધર્મનો અનુરાગી હોય. સાધુને જોતાં જ શ્રાવકને હર્ષ થવો જોઈએ. એને મનમાં સાચી શ્રદ્ધા હોવી જોઈએ કે અંતે લેવા જેવું તે આ સાધુપણું છે, ભલે વર્તમાન સંજોગોમાં પોતે ન લઈ શકે. સાધુને વંદન કરતી વખતે પણ મનમાં એવો ભાવ થવો જોઈએ કે 'આવું સાધુપણું મને પોતાને ક્યારે મળશે?'

કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રે 'અપૂર્વ અવસર'માં સાધુ થવા માટેની પોતાની ઉત્કટ લાગણી કેટલી હૃદયસ્પર્શી રીતે વ્યક્ત કરી છે :

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો.
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો.

☐ રમણલાલ ચી. શાહ

# સ્ત્રી-પુરુષ અસમાનતા : એક નાગચૂડ

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

સ્ત્રી-પુરુષમાં જ અસમાનતા હોય છે એવું નથી, પણ સ્ત્રી-સ્ત્રીમાં ને પુરુષ-પુરુષમાં પણ અનેક પ્રકારની અસમાનતાઓ, વ્યક્ત કે ગર્ભિત સ્વરૂપે હોય છે. સમાનતા તો એક આદર્શ છે. આપણી, અર્ધનારીનટેશ્વરની ભવ્ય-સુંદર કાવ્યાત્મક કલ્પનામાં સ્ત્રી-પુરુષની સમાનતાનો એક આદર્શ મૂર્ત થયેલો છે. એટલે જ કવિ કુલગુરુ કાલિદાસે ગાયું:

जगत: पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ।

માનવજાતનાં બે અંગ : સ્ત્રી અને પુરુષ-એ જુદાં જુદાં દેખાય છે છતાં તે એક જ છે...અથવા એમ કહી શકાય કે પુરુષ વિના સ્ત્રી સંપૂર્ણ નથી, તેમજ સ્ત્રી વિના પુરુષ પણ સંપૂર્ણ નથી. માનવજાતિ એક છે માટે એકાંગીપણું ઉપલક દૃષ્ટિએ જણાય છે, છતાં એમના વિશિષ્ટ ગુણધર્મોને લીધે, સ્ત્રી અને પુરુષ બંનેય આખી માનવજાતિનો વિકાસ સાધે છે એ ભૂલવું ન જોઇએ.

જગતના કલ્યાણને માટે શારીરિક ભેદ આવશ્યક છે. માનવજાત, અમરતાને વાંછે છે. ઇશ્વર પોતાની લીલાને અખંડ રાખવા માગે છે. આ લીલાને અખંડ રાખવા માટે અને માનવજાતને અમર રાખવા માટે સ્ત્રી અને પુરુષનાં અંગોની રચના અને તેમના પ્રાકૃતિક ગુણભેદ પણ અનિવાર્ય છે. મનુષ્ય પોતે કાળ અને સ્થળના બંધનને અધીન છે એટલે તેનો નાશ ચોક્કસ છે. ફક્ત સ્ત્રી દ્વારા એ અમર રહે છે. પ્રકૃતિ નિત્યનવીન ને અમર છે, તેમ નારીત્વ એ પણ અમર ને નિત્યનવીન છે. નારી એ વિશ્વની પ્રગતિને, ઈશ્વરની લીલામયી સૃષ્ટિને, માનવજાતની સંતતિને અમર રાખનાર અમરવેલ છે.

શારીરિક રચનામાં ભેદ મુખ્યત્વે પ્રત્યક્ષ ને સ્પષ્ટ છે. સ્ત્રીઓના શરીરની રચનામાં, શારીરિક બંધારણ ગ્રંથિઓનું (Glandular) હોય છે અને પુરુષનું શારીરિક બંધારણ સ્નાયુનું (Muscular) હોય છે. આથી બંધારણના મુખ્ય ધર્મોમાં તાત્ત્વિક ભેદ છે. ગ્રંથિઓ દ્રવે છે, તે રસાળ છે. લાગણી પ્રધાનતા, સુકુમારતા અને હૃદયવાત્સલ્યાદિ સુકોમળ ભાવો સ્ત્રી-શરીરના બંધારણની વિશિષ્ટતા છે જ્યારે કાઠિન્ય, યુયુત્સા, બળ-પૌરુષ, પુરુષોચિત ભાવવાળું બંધારણ એ પુરુષના શારીરિક બંધારણની વિશિષ્ટતા છે. આ પ્રમાણે, ગુણધર્મો ભિન્ન હોવા છતાં એ બંનેનાં સુભગ આકર્ષણ અને મિલનથી નૂતન, કલ્યાણમયી અને સર્વદા વિકાસને માર્ગે ધપતી સૃષ્ટિનો જન્મ થાય છે. ગ્રંથિઓની રચનાને લીધે શારીરિક ભેદ તથા આકૃતિ, રૂપ, રંગ વગેરેમાં પણ ફેર હોય છે. ચામડીની સુકુમારતા, અંગ સૌષ્ઠવ, સૌન્દર્ય એ સર્વમાં કોમળતા, સ્નિગ્ધતા અને સુષમા સ્પષ્ટ જણાય છે. એવી જ રીતે પુરુષોચિત્ત વીર્યની તેજસ્વી છટા, શારીરિક સ્નાયુઓના બંધારણવાળો ગૌરવ ને છત્રયુક્ત માંસલ દેહ, સામાન્ય રીતે, સ્ત્રી કરતાં, પુરુષમાં વિશેષ રૂપે જણાય છે.

માનસશાસ્ત્રે, શારીરિક ભેદના જેવો ભેદ સ્ત્રી-પુરુષમાં પાડ્યો નથી. જે ખાસ પ્રેરણાઓ મુખ્ય છે તે બંનેયમાં સરખી છે. સ્વરક્ષણની, આકર્ષણની વગેરે પ્રેરણાઓ બંનેયમાં સરખી છે. ચિત્તતંત્રમાં કોઈ જાતના વિશિષ્ટ કે વિશેષ ફેરફાર નથી. સુખ-દુ:ખ, આકર્ષણ, પ્રેમ, નિરાશા-એ બધાં બંનેને સરખાં થાય છે, તો પણ બંનેયમાં શારીરિક બંધારણની ભિન્નતાને કારણે થોડોક ફરક છે તે લક્ષમાં લેવા જેવો ખરો. નારીમાં, માતૃત્વનો અંશ હોવાને લીધે તેનામાં સ્નેહ, દયા, વાત્સલ્ય, પ્રેમ, આત્મત્યાગ, ધૃતિ અને લાગણીનાં પૂર ખૂબ જોરથી વહે છે. એ વાત્સલ્યનિર્ઝરિણી, પતિતપાવની, માનવકુલની મહાગંગા છે. એ જગતને પાવન કરનારી, અનેક પાપોનો વિનાશ કરનારી જ નહિ, પણ તેને પુનિત કરનારી દેવગંગા છે. નારી નારાયણી છે. માનસિક દૃષ્ટિએ, આદર્શ સ્થિતિમાં, તેની આ વિશેષતા છે.

બૌદ્ધિક દૃષ્ટિએ જોતાં તે કલ્પના વિહારી નથી પણ વ્યવહારુ ગૃહિણી છે. 'એ જ્ઞાન મને ગમતું નથી ઋષિરાયજી રે, લાવો, બાળક માગે અન્ન લાગું પાયજી રે' એમ, સુદામાની પત્ની પ્રેમાનંદ કૃત 'સુદામા-ચરિત્રમાં બોલે છે તે સામાન્ય રીતે સમસ્ત નારી જગતનું પ્રતિનિધિત્વ રજૂ કરતો અવાજ છે. પુરુષની તુલનાએ એ કંઈક સંરક્ષક (Conservative) છે. નવી પ્રજાનો ઉછેર ને વ્યવસ્થા એના હાથમાં હોવાથી એને આમ વ્યવહારુ ને સંરક્ષક બનવું પડે છે, છતાં એ જ નારી, સમય આવ્યે ક્રાન્તિની પ્રેરણા આપનારી પ્રેરણામૂર્તિ પણ છે. સ્ત્રીઓનું બળ હૃદયભાવ અને પ્રેમવિધાનમાં અખંડ સામ્રાજ્ય ભોગવે છે. માનવકુલની અમરવેલી, ભાવિ પ્રજાની વિધાત્રી, સંસ્કારની સુભગ મધુર સરિતા, સભર વાત્સલ્યભરી મંગલમૂર્તિ અન્નપૂર્ણા-એ વિશ્વની નારી છે.

સાંખ્યમત પ્રમાણે પુરુષ ને પ્રકૃતિ વિના આ સંસાર અસંભવિત છે. વિશ્વની યોજનામાં 'મેટર' અને 'એનર્જી'નું જે સ્થાન છે તે જ સ્થાન સંસારમાં, સ્ત્રી અને પુરુષનું છે. સંસારરથના એ બે સમાનધર્મી પૈડાં છે, પણ આજે દેશ અને દુનિયામાં જગન્નાથના રથનાં એ બે પૈડાં સમાન છે ખરાં ?

હું પટેલ છું એટલે પાટીદાર સમાજની વાત કરતા પહેલાં હું બે દૃષ્ટાંતો આપીશ, જેથી તુલના કરતાં સુગમ પડશે. 'સરસ્વતીચંદ્ર'ના કર્તા પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામ ત્રિપાઠી નાગર જ્ઞાતિમાં જન્મેલા. આમેય નાગર જ્ઞાતિ ગુજરાતમાં શિક્ષણ-સંસ્કાર-ક્ષેત્રે આગળ પડતી. ન્હાની વયમાં ગોવર્ધનરામનો વિવાહ થયેલો ને થોડાક જ સમયમાં કન્યાનું અવસાન થયેલું. આમેય ગોવર્ધનરામ પરણવા માગતા નહોતા, પણ એમનાં માતુશ્રી એમને કુંવારા રાખવા માગતાં નહોતાં. આ સંકટમાંથી છટકવા ગોવર્ધનરામે, નાગર જ્ઞાતિની તે સમયની લગ્નયોગ્ય કન્યાઓનો અંદાજ કાઢી, તે સમયે તો લગભગ અશક્ય એવી એક શરત માતા સમક્ષ મૂકી કે જો મને અગિયાર વર્ષની કોઈ કન્યા મળે તો હું પરણું. તે કાળે, નવ-દશ વર્ષથી મોટી કોઈ કન્યા જ ન મળે, એટલે ગોવર્ધનરામે માન્યું કે ફાવ્યા ! પણ તાકડે, અગિયાર વર્ષની એક કન્યાનો થયેલ સંબંધ તૂટી ગયો ને ગોવર્ધનરામ એ કન્યા સાથે સંધાયા-મંડાયા.

મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર જેવું અતિશય પ્રતિષ્ઠિત કુટુંબ. રવીન્દ્રનાથ બાવીસ વર્ષના થયા. યોગ્ય કન્યાની શોધ શરૂ થઈ. સામાન્ય રીતે ઠાકુર કુટુંબમાં સૌંદર્યવંતી કન્યાઓ આવતી-પ્રતિષ્ઠિત 'પિસલી' બ્રાહ્મણ સમાજમાંથી, જે સમાજ અતિ સીમિત હતો. પૂરી તપાસને અંતે અને અતિ પ્રયત્ન બાદ શ્રી વેણુમાધવરાય ચૌધરીની ગામડા ગામની ભવતારિણી નામે દીકરી મળી-પૂરી દશ સાલની ! 'પતિ-પત્ની વચ્ચે ખાસ્સો એક તપનો-એટલે કે બાર સાલનો તફાવત.

શ્રી ગોવર્ધનરામ અને શ્રી રવીન્દ્રનાથ ઠાકુરનાં આ બે દૃષ્ટાંતો આપવા પાછળનો મારો આશય એ છે કે વયમાં, શિક્ષણમાં, સંસ્કારમાં, લગ્નમાં સ્ત્રી-પુરુષની વચ્ચે કેવી અસાધારણ, અસમાનતા પ્રવર્તતી હતી. લગ્ન જેવા જીવનના ચક્રવર્તી પ્રશ્નમાં કન્યા કે વરને કોઈ જ સ્વતંત્રતા નહોતી. જવાહરલાલ નહેરુ પણ કમલા નહેરુને, અગાઉથી મળ્યા વિના, ગોઠવેલ લગ્નથી ગંઠાયા હતા. કોઈ મિત્રને ઘરેથી કમલાને દૂરથી બતાવેલી, એટલું જ માત્ર !

૧૯૩૮માં હું અમદાવાદની ગુજરાત કૉલેજમાં ભણતો હતો ત્યારે ઈન્ટર આર્ટસમાં સંસ્કૃતમાં અમારા પ્રોફેસર આપ્ટે, શિક્ષિત પતિ અને અભણ પત્નીના કજોડાની કથા આ રીતે કરતા. 'The Hat goes upward and the Veil Comes downward.' આપણા નવલરામે, 'ભાઇનું ચિત્ત તો ભૂગોળમાં ભમે ને બાઇનું તો ચૂલા માંહ્ય.'-એ રીતે આ અસમાનતાની વાત ગાઈ છે. કુટુંબનો પાયો છે લગ્ન અને લગ્નની સફળતાનો મુખ્ય આધાર છે શક્ય એટલી પતિ-પત્ની વચ્ચેની સંવાદિતા અને સમાનતા. સમાનતાની ગેરહાજરી અને અસમાનતાના અસ્તિત્વને કારણે સ્ત્રીનું જીવન વિષમ ને વિષમય બની જાય છે.

સ્નેહમુદ્રામાં શ્રીયુત ગોવર્ધનરામે આવી વિષમ સ્થિતિને આ રીતે ગાઈ છે :

'નરજાત સુખી હશે અહીં કદી મ્હાલતી સ્વચ્છંદથી
પણ નારીને રોયા વિના નહીં કર્મમાં બીજું કંઈ.'

'સરસ્વતીચંદ્ર'માં પણ નાયકને મુખે ગોવર્ધનરામ કહે છે:

'મુજ દેશ વિષે રસ-માળી વિના
ફળ-પુષ્પ ધરે નહીં નારી-લતા.'

આમ શા માટે થાય છે ? મને લાગે છે કે સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા આના મૂળમાં છે. પિતૃપ્રધાન અને માતૃપ્રધાન સમાજ રચના અનુસાર છોકરા-છોકરીનાં જન્મ, ઉછેર, સંગોપન, શિક્ષણ પરત્વે ભેદભાવ રહેવાનાં. વંશ-સાતત્ય, મિલ્કત-વારસો, શ્રાદ્ધ-તર્પણ-પિંડદાન વગેરેની પાછળ પ્રેરણાબળ રૂપે અપત્યવાસના-પુત્ર ઘેલછા રહેલી છે ! 'પુ' નામના નરકમાંથી તારે તે પુત્ર-એવી અભિનવ-યાસ્ક પ્રેરિત ધર્મશ્રદ્ધાએ ઓછો ઉત્પાત સર્જ્યો નથી, એક બાજુ નારી તું નારાયણી' અને બીજી બાજુ 'નારી નરકની ખાણ', એક બાજુ 'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्तेस्तत्र देवता: । અને બીજુ બાજુ न स्त्री स्वातंत्र्यमर्हति । એક બાજુ 'જે હસ્ત ઝૂલવે પારણું તે જગતનું શાસન કરે ને બીજુ બાજું 'ઢોર, ગમાર ઔર નારી, એ સબ તાડન કે અધિકારી', એક બાજુ, 'સૌ ગુરુ બરોબર એક માતા' ને બીજી બાજુ 'ભણેલી સ્ત્રી વંઠી જાય'- આ બધી વિરોધાભાસી ઉક્તિઓમાં છે કોઈ મેળ ?

પરાપૂર્વથી નારી જાતિ પ્રત્યે, પૂર્વગ્રહયુક્ત અને ઓરમાયુ વર્તન સમાજે દાખવ્યું છે. કુંવારી હોય ત્યાં સુધી 'સાપનો ભારો', પરણીને જાય એટલે 'પારકી જણી', રોગમાં પતિ મરી જાય તો સ્ત્રી ગણાય 'કાળમુખી', સંતાન ન થાય તો 'વાંઝણી' કે 'છપ્પરપગી', વિધવા થાય તો 'અપશુકનિયાળ', વિવેકથી અલ્પભાષી હોય તો 'મીંઢી', બોલકી-વાચાળ હોય તો 'બાવાની લંગોટી જેવી જીભાળ', પ્રેમ પામે તો 'સ્નેહચોર' થોડીક છૂટ લે તો 'વંઠેલ', ગધેડા સામું પણ જુએ તો 'ચંચળ', નીચું જોઇને ચાલે તો કરડાકીમાં 'સતી સીતા', આકાશ સામું જોઇને ચાલે તો 'અભિમાની'. સ્ત્રી જીવે છે એ જ એક આશ્ચર્ય છે.

આજથી લગભગ અઢી હજાર વર્ષો પૂર્વે 'અભિજ્ઞાન શાકુન્તલ'માં કવિ કુલગુરુ કાલિદાસે લખ્યું છે:-

अर्थो हि कन्या परकीय एव ।

'છે દીકરી તો ધન પારકું જ'...એટલે એ 'પારકી થાપણ' (ન્યાસ) ધણીને આપવી જ રહી, પછી ભલે એ ધણી ગમે તેવું ને ગમે તેટલું ધણીપણું આચરે અને એ વાતમાં રખેને વધારો થઈ જાય એ બ્હીકે દીકરીનાં માતા-પિતા અને સમાજના લોકો પણ કહેવાના...'દીકરીને ક્યાં નોકરી કરવા જવાનું છે ? એને ભણીને શું કામ છે ? એના હાથ પીળા કર્યા એટલે ગંગા ન્હાયાં ?-આ કેવળ જડતાની નિશાની છે. કાલિદાસના ઉપર્યુક્ત નાટકમાં, બીજા બે શ્લોકમાં આવી પંક્તિઓ છે : તાત કશ્યપ શકુંતલાને વળાવતાં કહે છે:

'ભર્તાથી અપમાન પામી પણ ના
સ્હામી થજે રોષથી.'

માતૃપ્રધાન-સમાજ-વ્યવસ્થામાં જો પતિને પત્નીગૃહે વળાવવાનો હોય તો-

'ભાર્યાથી અપમાન પામી પણ ના
સ્હામો થજે રોષથી.'

આવી કંઈક ઠાવકી-વ્યવહારુ શિક્ષા-દીક્ષા અપાય.

બીજો શ્લોક છે :-

'સ્વામી છતે રહેતી પિયરમાં જજે, સતી છતાં લોક બીજું જ શંકતા;
તેથી સમીપે પતિની સગાં ચહે, સ્ત્રીને, ભલે હો પ્રિયવચન એહને.'

લોકવ્યવહાર, આવો નઠોર ને કઠોર છે સ્ત્રીજાતિ પ્રત્યે પરાપૂર્વથી.

તો આજે શી પરિસ્થિતિ છે ? આજે પણ અનેક સીતાઓની અગ્નિ પરીક્ષા અને અગ્નિસ્નાન ચાલુ જ છે. અનેક દ્રૌપદીઓ આજેય તે હોડમાં મૂકાય છે. નગણ્ય રકમમાં સ્ત્રીઓ વેચાય છે. વાસનાતૃપ્તિ અને સંતતિ પેદા કરવાના જીવતા જાગતા મશીન જેટલી એમની કિંમત ! હજારો દેવદાસીઓ અને લાખો વેશ્યાઓને કર્યું નારીગૌરવ છે ? કાલિદાસનો યક્ષ તો 'મેઘદૂત'માં મેઘને કહે છે : 'ત્યાં તુ અમારું નિવાસ-સ્થાન જોઇશ ? દામ્પત્યમાં અસ્મદીયમ્ હોય પણ આજે તો કુપિત પતિ પત્નીને સંભળાવી દેશે : 'નીકળ મારા ઘરની બહાર.' દક્ષિણ આફ્રિકામાં ધણીપણું કરતા શ્રી મોહનદાસ કરમચંદ ગાંધીએ પણ કસ્તુરબાને આવું જ સંભળાવેલું. નિમિત્ત ગમે તે હોય, પણ ધણીપણાની પ્રકૃતિ તો સર્વત્ર એક સરખી જ !

ધોરણ ૧૦-૧૨માં, કૉલેજોમાં કે યુનિવર્સિટીઓમાં ભણતી વિદ્યાર્થિનીઓનાં પરીક્ષાનાં પરિણામો પર ઊડતી નજર નાખતાં પ્રથમ નજરે જ જણાશે કે વધુમાં વધુ પુરસ્કારો, પારિતોષિકો, સુવર્ણચંદ્રકો પ્રાપ્ત કરનાર બહેનો હોય છે. સમજશક્તિ, ગ્રહણશક્તિ, વિચારશક્તિ, વિવેકશક્તિ, આંતરસૂઝ અને બુદ્ધિમત્તાના આંકમાં એ ભાઇઓથી રજમાત્ર ઊણી નથી. સવાઈ નહીં તો સમકક્ષ તો છે જ...અને માનવીય ગુણ સંપત્તિમાં-ઋજુતા, ભાવુકતા, સહનશક્તિ, ત્યાગ, તપ, તિતિક્ષા-સમર્પણ, દયા-માયા-આ બધામાં તો એ પુરુષથી પ્રમાણમાં કંઈક વિશેષ પણ છે; છતાંયે પુરુષનિર્મિત, સમાજનિર્મિત અને પરંપરાનિર્મિત જડ-હઠીલા-કઠોર-નઠોર પૂર્વગ્રહોને કારણે સહન કરવાનું એમને લલાટે લખાયું છે ! સ્તનમાં દૂધ ને આંખોમાં પાણી, નારીની એ કરુણ કહાની!' 'પિતૃ દેવોભવ' કરતાં 'માતૃ દેવોભવ' પ્રથમ બોલાય છે. રાધા-કૃષ્ણ, સીતા-રામમાં રાધા-સીતા પ્રથમ બોલાય છે છતાં આદર્શ-સૂત્રનાં પોપટિયાં બણગાં ફૂંકવામાં આપણને કોઈ આંબી શકે તેમ નથી ! આવી પ્રજાનો 'ભવતિ વિનિપાત: શતમુખ:'

પશ્ચિમના દેશોમાં જન્મેલી, કેળવણી પામેલી મારા મિત્રની એક ફર્સ્ટ કલાસ ગ્રેજ્યુએટ દીકરીને મેં સહજ પૂછ્યું: 'નીરુ ! છોકરી તરીકે જન્મવાનું તને કંઇક દુ:ખ છે ખરું ? ત્યારે સ્હેજ મલકીને મને કહે: 'રજ માત્ર નહીં અંકલ !' પણ છોકરાઓ જ્યારે લગ્ન કરવાની ના પાડે છે ત્યારે ખૂબ લાગી આવે છે...અને આમેય, અંકલ ! હું દેશમાં પરણવા માગતી નથી, પરદેશમાં જ પરણવા માગું છું...એટલા માટે કે ત્યાં હું વિધવા કે ત્યકતા થાઉં તો પણ ગૌરવપૂર્વક સ્વતંત્ર જીવન જીવી શકું ! જ્યારે એવી સ્થિતિમાં દેશમાં મારું જીવન Hell નરક બની જાય. આખરે એ એક અમેરિકન યુવકને પરણી.

વર્ષો પૂર્વે ચરોતરના એક મોટા ગામમાં કરુણ કિસ્સો બનેલો. એક પટેલ દમ્પતીને બે બાળકો. ત્રણ સાલની એક બેબી ને છ માસનો એક બાબો. એ દમ્પતીને ત્યાં એક મિત્ર દમ્પતી અતિથિ તરીકે આવેલ. રસોઇની ધમાલ ચાલતી હતી. મિત્ર દમ્પતી અન્ય પ્રવૃત્તિમાં રત હશે ને ઘોડિયાએ ભેંકડો તાણ્યો. સહજભાવે પત્નીએ પતિને કહ્યું: 'તમો કાં શાક સમારો કાં બાબાને હીંચકો નાખો.' ઝઘડો થયો અને પતિનું બોઇલર ફાટ્યું: 'મને શાક સમારનારી અઠવાડિયામાં મળી જશે'. સત્યવાદી હરિશ્ચંદ્રે બીજી પરણીને વચન પાળ્યું.

બધી જ સ્ત્રીઓ સારી છે, બધા જ પુરુષો નઠારા છે એવું નથી પણ પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓની સ્થિતિ સર્વથા દયનીય છે. વર્ષો પૂર્વે, અમદાવાદની ગુજરાત કૉલેજમાં વિદ્યાબહેન અને શારદાબહેન-એ બે નાગરબહેનો જ ભણતી હતી. આજે ? સ્ત્રી શિક્ષણ વધ્યું છે તો એમના પ્રશ્નો પણ વધ્યા છે. કેટલાક પ્રશ્નો તો યક્ષ-પ્રશ્નો બની બેઠા છે. શિક્ષણના વ્યાપ સાથે દહેજ અને છૂટાછેડા આ બે પ્રશ્નો જટીલ બનતા જાય છે...અને જો અતંદ્રજાગ્રતિ દાખવવામાં નહીં આવે તો હજીય વધુ જટીલ બનશે.

ગુજરાતની કેટલીક કોમોમાં આ બે પ્રશ્નો સમાજના શિરદર્દ સમાન છે. તેમાંય ચરોતરના પાટીદારોમાં એનું દૂષણ પ્રમાણમાં ઝાઝું છે. ચરોતરની ખમીરવંતી અને અતિ સાંહસિક પ્રગતિશીલ પાટીદાર-જ્ઞાતિનું દહેજ-દૂષણ

એ એક ભયંકર કેન્સર છે. છૂટાછેડા ને અગ્નિસ્નાન એની 'બાય-પ્રોડક્ટ' છે. સ્ત્રી-પુરુષની અસમાનતા એ કઠોર વાસ્તવિકતા છે. સ્ત્રી-પુરુષ સમાનતા એ એક ગુલાબી-પુષ્પિત આદર્શ છે. ભૌતિક મૂલ્યોને બદલે માનવીય મૂલ્યોનું મહત્ત્વ, વિશેષ સમજાશે ત્યારે આ ખાઈ કંઈકે ય પૂરાશે.

'સરસ્વતીચંદ્ર'ના ચોથા ભાગમાં, મનીષી ને પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામ, સ્ત્રીઓની આદર્શ સ્થિતિનો ખ્યાલ આપતાં લખે છે: 'સ્ત્રીઓ મંડિત થાય, રસજ્ઞ થાય, શરીરે બલવંતી, રોગહીન ને સુંદર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુંબના બંધનમાંથી તેઓ મુક્ત થાય ને એ મુક્તતાથી ને સ્વતંત્રતાથી, કુટુમ્બની મૂર્ખ ઇચ્છાઓ અને કલેશમાંથી છૂટી એ કુટુંબનું ખરું કલ્યાણ કરવા શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુંબના બાળકવર્ગને પોષણ અને શક્તિ આપે. વૃદ્ધ વર્ગની કલ્યાણ-વાસનાઓ તૃપ્ત કરે.'

સંસારના આ 'યુટોપિયા'ને મૂર્તિમંત કરવામાં પુરુષોની કોઈ જવાબદારી ખરી કે નહીં ? કે પછી બધો જ ગરબો સ્ત્રીઓએ જ ગાવાનો ? સખા-સખી શબ્દની સાર્થકતા શી ?

# માળી અને વાલી વચ્ચેની સમાનતા

## ☐ પૂ. શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરિજી મહારાજ

નાનકડા એકાદ બગીચાનું રક્ષણ અને પાલનપોષણ કરતો માળી ક્યાં અને કોઈ વિશાળ દેશનું રક્ષણ અને પાલનપોષણ કરતો રાજા એટલે વાલી ક્યાં ? આ બે વચ્ચે કોઈ વાતે સમાનતા હોય, એવી કલ્પના તો સ્વપ્નેય આવવી સુલભ નથી. છતાં એક સુભાષિત બંનેને માળી-વાલીને એક તાંતણે બાંધીને એવું એક સત્ય પ્રકાશિત કરતાં કહે છે કે, માળીની જેમ જે વાલી-રાજા પોતાનાં કર્તવ્યો અદા કરવામાં નિપુણ હોય, એ ચિર એટલે લાંબો કાળ સુધી જીવંત રહી શકે છે.

આપણને એકદમ આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે, એવું આ સત્ય છે, આમ છતાં એ સુભાષિતના સહારે સહારે આપણે માળી-વાલી વચ્ચેની સમાનતા વિચારતા જઇશું, તો આશ્ચર્યનું સ્થાન અહોભાવ ગ્રહણ કરી લેશે અને સુભાષિતની કલ્પનાના આપણે ઓવારણાં લેવા માંડીશું.

આપણે સૌ પ્રથમ માળીની કાર્યનિપુણતાનો વિચાર કરીએ. માળીએ એક બગીચાનું પાલન-પોષણ અને સંવર્ધન કરવું હોય, તો શું શું કરવું જરૂરી બની જાય છે, એ આપણે સૌ પ્રથમ વિગતવાર વિચારી લઇએ. કેમકે માળી જેવું જ કાર્ય રાજાએ પણ કરવાનું હોય છે.

માળીની કાર્યનિપુણતા સૌ પ્રથમ જોઇએ: ઊગતા ઊગતા ઉખડી ગયેલા છોડને પુન: રોપવાનું કાર્ય માળીએ કરવાનું હોય છે. જેનામાં વિકાસશીલ બનવાની યોગ્યતા હોવા છતાં જે પડી ગયા હોય, એને ફરીથી રોપવામાં ન આવે, તો થોડા જ સમયમાં બગીચો ઉજ્જડ બની જાય. એથી ટેકો આપવાથી જે ટકી શકે એવા હોય, એવા છોડને માળી ફરીથી રોપતો હોય છે.

આ પછીનું માળીનું કાર્ય હોય છે: ખીલેલાં ફળ-ફૂલોને ચૂંટીને એને સર્વોપકારક બનાવવાનું! જે ફળ-ફૂલ પાકી ગયા હોય, એને ચૂંટવામાં ન આવે, તો એ ફળ-ફૂલ ત્યાં જ એમ ને એમ વિલય પામી જાય. એથી જગત એનો લાભ લઈ શકે, એ માટે એને ચૂંટી લઇને જગત વચ્ચે મૂકવાનું કાર્ય પણ માળી અદા કરતો હોય છે.

જે કોઈ છોડ નાના હોય, એની વૃદ્ધિ માટેની પ્રક્રિયા પણ માળીનું કર્તવ્ય ગણાય. આવી પ્રક્રિયા દ્વારા એ છોડ વધુ ઝડપથી પ્રગતિ સાધી શકે. કેટલાંક છોડ એ રીતે વધી ગયા હોય છે કે, એની અનપેક્ષિત વૃદ્ધિ બીજાને વિકાસશીલ બનવામાં બાધક બનતી હોય, એથી ખોટી રીતે ઊંચાઈ પામનારા છોડને નીચા કરવાનું કર્તવ્ય પણ માળીએ જ અદા કરવાનું હોય છે. આ જ રીતે બીજાની ઊંચાઇની હડફેટમાં આવીને કેટલાક છોડ ઘવાઈ જતા હોય છે, એને પાછા બેઠા કરવાનું કામ પણ માળીએ જ અદા કરવાનું હોય છે. જો એને બેઠા કરવામાં ન આવે, તો પોતાની મેળે બેઠા થતા એમને ઘણો સમય જાય અને બગીચાનો વિકાસ પણ અટકી જાય.

કેટલાક છોડ અરસપરસ એટલા ભેગા થઈ ગયા હોય છે કે, એમાંથી અથડામણ સર્જાય, એ છોડ એકબીજા સાથે એવી રીતે અથડાયા-ભટકાયા કરે કે, જેથી એમનો વિકાસ રૂંધાઈ જાય. આવા છોડને છૂટા પાડવાનું કર્તવ્ય પણ માળીએ જ બજાવવાનું હોય છે. આ બધા કર્તવ્યો તો માળીએ વનસ્પતિ-સૃષ્ટિ પર વાત્સલ્ય રાખીને અદા કરવાનાં હોય છે. પણ આટલાં કર્તવ્યો અદા કરવાથી જ માળીનું કાર્ય પતી જતું નથી. આ કર્તવ્યો ઉપરાંત બીજું પણ એક મહત્ત્વનું કર્તવ્ય અદા કરવા માળીએ કઠોર બનવું પડતું હોય છે. ઘણા બધા છોડોને ઉછેરતા ઉછેરતા કોક છોડ કઠોર બનીને એ રીતે ઊગી નીકળ્યા હોય છે કે, એ કાંટા બનીને બીજાને ભોંકાયા જ કરે. આવા છોડ માળીથી જ મોટા થયા હોવા છતાં માળીએ જ એને ઉખેડી દઇને કાંટાની જેમ ફેંકી દેવાના હોય છે. કરુણાળુ દૃષ્ટિ ધરાવતા માળીને આ કર્તવ્ય અદા કરતાં જરા કઠોર બનવું પડતું હોય છે, પણ એ જો બગીચાનો સાચો હિતચિંતક હોય, તો એણે કઠોર બનીને કાંટા જેવા છોડને કાંટાની જેમ ફેંકી દેવા જ પડે. તદુપરાંત મ્લાન બની ગયેલા છોડને સિંચવાનું કર્તવ્ય માળીએ કરુણાળુ બનીને અદા કરવાનું હોય છે.

આટ-આટલાં કર્તવ્યો માળી જો બરાબર અદા કરી શકે, તો જ પોતાના બગીચાનું હેમક્ષેમ એ કરી શકે. આ માટે એણે સ્વકાર્યમાં નિપુણતા કેળવવી પડે, પ્રમાદ પણ એણે પરિહરવો જ પડે અને દિનરાતની જાગૃતિ પણ એણે રાખવી જ પડે. બરાબર આ જ રીતે રાજાએ પણ પ્રજાના પાલન-પોષણ અને સંવર્ધન માટે પોતાનાં કર્તવ્યો અદા કરવાનાં છે. આવા કર્તવ્યો અદા કરનાર રાજા જ લાંબો કાળ સુધી રાજ્ય કરી શકે. મૃત્યુ બાદ પણ ચિરંજીવ બનવું હોય, તો રાજાએ આ બધાં કર્તવ્યો અદા કરવાં જ જોઇએ.

માળીનાં કર્તવ્યો વિગતવાર આપણે જોયાં એટલે રાજાનાં કર્તવ્યો પર વધુ વિચારણા આવશ્યક નથી. માળીએ જે કર્તવ્યો છોડ સમક્ષ અદા કરવાનાં છે, એ જ કર્તવ્યો રાજાએ પ્રજાને અનુલક્ષીને અદા કરવાનાં છે. 'છોડ'ની જગાએ 'પ્રજા' અને માળીના સ્થાને 'રાજા'ને ગોઠવી દેવાથી, રાજકર્તવ્યોનો ખરો અને પૂરો ખ્યાલ આવી જશે. માળીએ માળી બની જાણવું હોય, ને રાજાએ રાજા બની જાણવું હોય, તો કેટલા બધા પ્રમાણમાં કર્તવ્યનિષ્ઠ બનવું પડે, એનો ખ્યાલ આપતું, સંપૂર્ણ સુભાષિત નીચે મુજબ છે:

उत्खातान् प्रतिरोपयन् कुसुमितान् चिन्वन् शिशून् वर्धयन्
उत्तुंगान्नमयन् नतान् समुदयन् विश्लेषयन् संहतान् ।
क्षुद्रान् कंटकिनो बहिर्निरसयन् म्लानान् पुन: सेचयन्
मालाकार इव प्रयत्ननिपुण: राजा चिरं जीवति ॥

❖❖❖

# શ્રી દેવચન્દ્રજી રચિત શ્રી અજિતનાથ પ્રભુનું સ્તવન

□ સુમનભાઈ એમ. શાહ

કર્તાપણાના પ્રયોગ અનુસાર કોઇપણ કાર્યની સિદ્ધિ કે પરિણામ તેનાં યથાયોગ્ય કારણો અને સામગ્રીથી થઈ શકે છે. એટલે કર્તા કેવા પ્રકારનાં કારણો સેવે છે તેને અનુરૂપ પરિણામ યોગ્ય નિમિત્ત મળતાં થાય છે. કર્તા જો મુક્તિમાર્ગનાં સત્‌સાધનો સેવે, યથાતથ્ય નિમિત્તનું શુદ્ધ અવલંબન લે તો આત્મકલ્યાણ સાધી શકે છે. પ્રસ્તુત શ્રી અજિતનાથના સ્તવનમાં શ્રી દેવચંદ્રજી મહારાજે આત્માની ઉપાદાન શક્તિ અને દેવાધિદેવ અરિહંત પરમાત્માના પુષ્ટ નિમિત્તનો સહયોગ લઈ સાધક મનુષ્યગતિના અવતરણને કેવી રીતે સાર્થક કરી શકે તેની વ્યવસ્થાનું ભક્તિમય શૈલીમાં વર્ણન કર્યું છે.

રાગદ્વેષ અને અજ્ઞાનવશ સાંસારિક જીવ ભ્રાંતિમય કારણો સેવી અનાદિકાળથી ચારગતિમાં પરિભ્રમણ કર્યા કરે છે. આમાંના કોઈક જીવને પુણ્યોદયે પ્રત્યક્ષ સદ્‌ગુરુ મારફત શ્રી અરિહંત પરમાત્માનું યથાતથ્ય ઓળખાણ થાય છે ત્યારે તેને સમજણ પ્રગટે છે કે નિશ્ચયદૃષ્ટિએ તેનું પોતાનું પણ શુદ્ધ સ્વરૂપ પરમાત્મા જેવું છે, પરંતુ હાલમાં તે અપ્રગટ, સત્તામાં કે આવરણ યુક્ત છે. આવા જિજ્ઞાસુ સાધકને પોતાના સત્તાગત આત્મ-સ્વરૂપને પ્રગટ કરવાની રુચિ અને અભિલાષા ઉત્પન્ન થાય છે. આત્માર્થી સાધક અરિહંત પરમાત્માનું શુદ્ધ અવલંબન લઈ ભક્તિ, પ્રીતિ, ઉપાસના, ગુણકરણ, આજ્ઞાપાલનાદિ કારણો સદ્‌ગુરુની નિશ્રામાં સેવે છે. આવા મુમુક્ષુને કારણ-કાર્યના ત્રિકાલિક સિદ્ધાંત અનુસાર જ્ઞાનદર્શનાદિક આત્મિકગુણોનો ક્રમશ: આવિર્ભાવ પરિણમે છે, એવું શ્રી દેવચંદ્રજી મહારાજ પ્રસ્તુત સ્તવન મારફત જણાવે છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ.

'જ્ઞાનાદિક ગુણસંપદા રે, તુજ અનંત અપાર !
તે સાંભળતાં ઊપની રે, રુચિ તેણે પાર ઉતાર રે;
અજિતજિન ! તારજો રે, તારજો દીનદયાળ. ...અજિત જિન...૧

શ્રી અજિતનાથ પરમાત્માનું અનંત અને અક્ષય જ્ઞાનદર્શનાદિ આત્મિક સંપદાનું દરઅસલ સ્વરૂપ જ્યારે સાધકને જાણવા મળે છે, ત્યારે સાધક ભાવોલ્લાસ પ્રાર્થનારૂપે વ્યક્ત કરે છે કે : 'હે પ્રભુ ! આપની અનંત અને અપાર જ્ઞાનદર્શનાદિ ગુણોરૂપ સંપત્તિનું વર્ણન મને પ્રત્યક્ષ સદ્‌ગુરુ મારફત સાંભળવામાં આવ્યું છે. વળી નિશ્ચયદૃષ્ટિએ મારું પણ શુદ્ધ સ્વરૂપ આપના જેવું જ છે. હે પ્રભુ ! મને હવે આત્માની જ્ઞાનાદિક ગુણસંપત્તિને પ્રગટ કરવાની રુચિ અને અભિલાષા ઉત્પન્ન થઈ છે. હે પ્રભુ ! આપ તરણતારણ અને કૃપાવંત હોવાથી મને પણ આ સંસારરૂપ સાગરમાંથી હેમખેમ ઉગારી આત્મિક સંપદાનો આસ્વાદ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય એવી મારી હૃદયપૂર્વકની પ્રાર્થના સફળ થાઓ !

'જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ;
મળતાં કારજ નીપજે રે, કર્તા તણો પ્રયોગ.' ...અજિતજિન...૨
'કાર્યસિદ્ધિ કર્તા વસુ રે, લહી કારણ સંજોગ;
નિજપદ કારક પ્રભુ મળ્યા રે, હોય નિમિત્તહ ભોગ.' ...અજિતજિન...૩

ઉપરની બન્ને ગાથાઓમાં કારણ-કાર્યના ત્રૈકાલિક સિદ્ધાંતનું સંક્ષિપ્ત સ્વરૂપ સ્તવનકાર ખુલ્લું કરે છે.

મનુષ્યગતિમાં રહેલ સાંસારિક જીવ કર્તાપણાના પ્રયોગો મારફત અનેક પ્રકારનાં કારણો સેવતો હોય છે. આના પરિણામે યોગ્ય અવસર આવ્યે, સંજોગોની અનુકૂળતા થતાં, યથાયોગ્ય સામગ્રી મળતાં કાર્યની નિષ્પત્તિ કે પરિણામ કુદરતી નિયમ અનુસાર થયા કરે છે. કેવાં પ્રકારનાં કારણો સાંસારિક જીવે આંતરબાહ્ય દશામાં સેવવાં તે માટે અમુક અપેક્ષાએ તે સ્વતંત્ર છે, અને તેના ભોક્તા પણ અવશ્ય થવું પડે છે.જો પરિણામને લક્ષમાં રાખી યથાયોગ્ય કારણો સેવાય તો કાર્યની સિદ્ધિ કર્તાને આધીન છે એવું અપેક્ષાએ કહી શકાય.

શ્રી અજિતનાથ પ્રભુએ પ્રચંડ પુરુષાર્થ કરીને નિજસ્વરૂપ અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવાનાં કારણો પૂર્વભવોમાં સેવેલાં હોવાથી તેઓને પરિણામમાં તીર્થંકરપદ પ્રાપ્ત થયું છે. તેઓ અસંખ્ય સાંસારિક જીવોના આત્મકલ્યાણમાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત છે. તેઓ પોતે તર્યા છે અને અન્ય જીવોને તારવાને શક્તિમાન હોવાથી તરણતારણ છે. શ્રી અરિહંત પરમાત્માનું શરણું, તેઓ પ્રત્યેની અનન્યતા, તેઓનું ગુણકરણ ઇત્યાદિ સાધકને પોતાના સત્તાગત આત્મસ્વરૂપને પ્રગટ કરવાનું અથવા નિજપદની પૂર્ણતા કરાવી આપનાર પુષ્ટ નિમિત્તકારણ છે. આત્માર્થી સાધક સદ્‌ગુરુની નિશ્રામાં મુક્તિમાર્ગનાં યથાયોગ્ય કારણો અને અરિહંત પરમાત્માનું શુદ્ધ અવલંબન સેવી, સ્વસ્વરૂપનું ઉપાદાનકારણ જાગૃત કરી, નિજાનંદનો આસ્વાદ કરવાનો અધિકારી થાય છે.

'અજ કુલ ગત કેસરી લહે રે, નિજપદ સિંહ નિહાળ !
તિમ પ્રભુ ભક્તે ભવિ લહે રે, આતમશક્તિ સંભાળ.'...અજિતજિન...૪

બાળપણથી ઘેટાં-બકરાંના ટોળામાં રહી ઉછરેલું સિંહનું બચ્ચું જ્યારે ગર્જના કરતો સિંહ નિહાળે છે, ત્યારે તેને પોતાની સિંહજાતિનું ભાન થાય છે. આવા બચ્ચાને દૃઢતા પ્રગટે છે કે તેનું પણ દરઅસલ સ્વરૂપ સિંહ જેવું જ છે, નહિ કે ઘેટાં-બકરાં જેવું. આવી જ રીતે જ્યારે સાંસારિક જીવોના ટોળામાં રહેલ કોઈક ભવ્ય જીવને પ્રત્યક્ષ સદ્‌ગુરુ મારફત પોતાની આત્મસત્તાની યથાતથ્ય ઓળખાણ થાય છે, ત્યારે તેને નિજસ્વરૂપ પ્રગટ કરવાની રુચિ અને અભિલાષા જાગૃત થાય છે. આવો સાધક સદ્‌ગુરુની નિશ્રામાં શ્રી અજિતનાથ પ્રભુ જેવાનું શરણું લે છે કારણ કે તેઓનું સંપૂર્ણ પરમાત્મ સ્વરૂપ પ્રગટપણે વર્તે છે. મુમુક્ષુજન શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ, ઉપાસના, ગુણકરણ, આજ્ઞાપાલન, અનન્યતા ઇત્યાદિનો આધાર લઈ પુરુષાર્થધર્મ આચરે છે, જેથી તેને ક્રમશ: આત્મિક ગુણોનો પ્રત્યક્ષ અનુભવ થવા માંડે છે.

'કારણપદ કર્તાપણે રે, કરી આરોપ અભેદ;
નિજપદ અર્થી પ્રભુ થકી રે, કરે અનેક ઉમેદ.'...શ્રી અજિતજિન..૫

આત્માર્થી ભવ્યજીવ હવે અરિહંત પરમાત્માને પોતાના હૃદયમંદિરમાં અંતરપ્રતિષ્ઠા કરી અભેદ ભાવે આરોપ કરે છે કે 'હે પ્રભુ ! આપ જ મારા પ્રગટ શુદ્ધાત્મા છો અને આપનું જ શરણું મને અખંડપણે વર્તે.' પોતાનું આત્મકલ્યાણ કેમ થાય તેનો જ પુરુષાર્થ સાધકને વર્તે છે. શ્રી અરિહંત પરમાત્મા પાસેથી જ્ઞાનાદિ આત્મિકગુણોની પ્રાપ્તિની ઉમેદ અને અભિલાષા સાધક ધરાવે છે. ટૂંકમાં પરમાત્મામાં જેવા આત્મિકગુણો પ્રગટપણે વર્તે છે એવાં જ ગુણોનો પોતાનામાં આવિર્ભાવ થાય એ હેતુથી સાધક તેઓનું ગુણકરણ, ઉપાસના, આજ્ઞાપાલન ઇત્યાદિ નિજસ્વભાવની પ્રાપ્તિનાં કારણો સેવે છે.

'એહવા પરમાતમ પ્રભુ રે, પરમાનંદ સ્વરૂપ !
સ્યાદ્‌વાદ સત્તા રસી રે, અમલ અખંડ અનુપ.'...અજિતજિન...૬

શ્રી અજિતનાથ પ્રભુને પ્રગટપણે કેવા ગુણો વર્તે છે તેનું સંક્ષિપ્ત વર્ણન પ્રસ્તુત ગાથામાં થયેલ છે.

**અમલ** : રાગદ્વેષ અને અજ્ઞાનાદિ સર્વ દોષોરૂપ કર્મમળથી રહિત પ્રભુ હોવાથી તેઓ **અમલ** છે.

**અખંડ** : અનંત જ્ઞાનદર્શનાદિ સર્વે આત્મિકગુણો ક્ષાયિકભાવે પ્રભુમાં પ્રગટપણે વર્તતા હોવાથી તેઓ અખંડ છે.

**અનુપ** : વીતરાગ પરમાત્માના શુદ્ધ સ્વરૂપની સરખામણી અન્ય કોઇની સાથે કરી શકાતી ન હોવાથી તેઓ અનુપમ, અજોડ કે અદ્વિતીય છે.

**સ્યાદ્‌વાદ સત્તા** : શ્રી અરિહંત પ્રભુ પોતાની શુદ્ધ સ્યાદ્‌વાદમયી આત્મસત્તાના જ રસિક છે અને તેમાં જ તેઓ સદૈવ રમમાણ કરે છે.

**પરમાનંદ** : શ્રી અરિહંત પરમાત્માને આત્મિક ગુણોનો પરમાનંદ કે સહજાનંદ વર્તે છે.

પ્રભુના શુદ્ધ આત્મિકગુણોની ઓળખાણ મુમુક્ષુને જ્યારે થાય છે ત્યારે તે પણ પોતાની આત્મસત્તાનો રસિયો બનવા તત્પર થાય છે.

'આરોપિત સુખ ભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ;
સમર્યું અભિલાષીપણું રે, કર્તા સાધન સાધ્ય.'...અજિતજિન...૭

જ્યારે ભવ્ય જીવને પરમાત્મપદ પ્રગટ કરવાની રુચિ ઉત્પન્ન થાય છે અને વિષય-કષાયાદિમાં સુખ છે એવું ભ્રાંતિમય આરોપણ છેદાય છે ત્યારે તેનાથી નીચે મુજબના ઉદ્‌ગારો નીકળે છે :

'હે પ્રભુ ! આપના સમ્યગ્‌દર્શનથી મારો ઇન્દ્રિયજન્ય કે પૌદ્‌ગલિક સુખનો ભ્રમ ટળી ગયો છે. વળી હે પ્રભુ ! મને બાધા-પીડા વગરના સનાતન સુખની સમજણ પ્રગટતાં હું તેનો અભિલાષી થયો છું. હે પ્રભુ ! મુક્તિમાર્ગનાં સત્‌સાધનો વડે હું નિજસ્વભાવની પ્રાપ્તિનાં કારણો સેવવા કૃતનિશ્ચય થયો છું. હે પ્રભુ ! મને આપની કૃપાથી નિજસ્વરૂપની પ્રાપ્તિનો જ પુરુષાર્થ વર્તે એવી મારી હૃદયપૂર્વકની પ્રાર્થના સફળ થાઓ !'

ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોકતાભાવ;
કારણતા કારજ દશા રે, સકલ ગ્રહ્યું નિજભાવ.'...અજિતજિન...૮

અનાદિકાળથી જે જીવ પરદ્રવ્ય ગ્રહણ કરતો રહ્યો હતો, જે પરપદાર્થમાં પોતાપણું માની બેઠો હતો અને જે પૌદ્‌ગલિક પદાર્થોનો ઉપભોગ કરી રહ્યો હતો એવા જીવને શ્રી અજિતનાથ પ્રભુનું ગુરુગમે યથાર્થ ઓળખાણ થતાં તેનો આત્માર્થ જાગૃત થાય છે. આવા સાધકને પોતાના સત્તાગત આત્મસ્વરૂપને પ્રગટ કરવાની તીવ્ર અભિલાષા ઉત્પન્ન થાય છે. છેવટે આવો ભવ્યજીવ આત્મિકગુણોનો ગ્રાહક થાય છે, તેનું જ સ્વામિપણું, તેમાં જ ઓતપ્રોતતા, તેનું જ કર્તૃત્વ, તેનું જ ભોક્તૃત્વ, ઇત્યાદિથી નિસ્વભાવનો કર્તા થાય છે. ટૂંકમાં મુમુક્ષુ ક્રમશઃ શુદ્ધ આત્મસ્વરૂપનો કર્તા-ભોકતા બની રહે છે.

'શ્રદ્ધા ભાસન રમણતા રે, દાનાદિક પરિણામ;
સકળ થયા સત્તારસી રે, જિનવર દરિશણ પામ.'...અજિતજિન...૯

ઉપર મુજબનું શ્રી જિનેશ્વર પ્રભુનું સમ્યગ્‌દર્શન ભવ્યજીવને થતાં તેનામાં પરમાત્મા પ્રત્યે અપાર શ્રદ્ધા અને ભક્તિ ઊગતાં તે પ્રભુના ગુણકરણમાં નિમગ્ન થાય છે. પોતાના સત્તાગત શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણોમાં પરસ્પર સાહચર્યભાવે પ્રવર્તના કરતાં આવા સાધકને આત્મિકગુણોનો પ્રત્યક્ષ અનુભવ થવા માંડે છે. ટૂંકમાં સાધક આત્માના ક્ષાયિક અને અક્ષય સ્વભાવનો રસિયો થાય છે અને અવસર આવે મુક્તિધામનો અધિકારી થાય છે.

'તેણે નિર્યામક માહણો રે, વૈદ્ય ગોપ આધાર;
દેવચંદ્ર સુખ સાગરુ રે, ભાવ ધરમ દાતાર....અજિતજિન...૧૦

હે અજિતનાથ પ્રભુ ! આપ જ મારા સાર્થવાહ અને સુકાની છો. આપ જ અહિંસાધર્મના પ્રવર્તક છો. આપ જ મારો ભવરોગ મટાડનાર સુજાણ વૈદ્ય છો. આપ જ મુક્તિમાર્ગના મારા ધર્મનાયક છો. ભવરણમાં અટવાયેલા ભવ્યજીવોના આપ જ આધાર છો. આપ જ ક્ષાયિક સુખ અને સહજાનંદના મહાસાગર છો. આપ જ ભાવધર્મના દાતાર છો. હે પ્રભુ ! આપને હૃદયપૂર્વકના મારા કોટિ-કોટિ પ્રણામ. ❖❖❖

# સ્વ. કમળાબેન સુતરિયા

આપણા સંઘના આજીવન સભ્ય અને સંઘની પ્રવૃત્તિઓ માટે પ્રેમાદર ધરાવનાર, આપણાં વડીલ શ્રી કમળાબહેન સુતરિયાનું થોડા સમય પહેલાં અમદાવાદ ખાતે અવસાન થતાં સંઘને એક સહૃદય હિતચિંતકની ખોટ પડી છે. તેઓ અમદાવાદનાં વતની હતાં, પરંતુ પત્ર દ્વારા સંઘ સાથે અવારનવાર સંપર્કમાં રહેતાં હતાં. સંઘના 'પ્રબુદ્ધ જીવન' માટે સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિકની વ્યવસ્થા એમણે જ કરી આપી હતી.

સ્વ. કમળાબહેન છેલ્લા કેટલાંક વર્ષોથી બીમાર રહેતાં હતાં. પાકટ વયે એમણે શાન્તિપૂર્વક દેહ છોડ્યો.

એક જમાનામાં કમળાબહેનનું નામ બહુ જાણીતું હતું. તેઓ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે વર્ષો સુધી સંકળાયેલાં રહ્યાં હતાં. એમણે સ્વ. ધીરજલાલ ધનજીભાઈ અને બીજા મિત્રો સાથે આપણા યુવક સંઘની જેમ અમદાવાદમાં જૈન યુવક સંઘની સ્થાપના કરી હતી અને પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન પણ સાડા ત્રણ દાયકાથી કરતા રહ્યાં હતાં.

સ્વ. કમળાબહેને ૧૯૩૮ થી ૧૯૪૪ સુધીમાં અમદાવાદમાં ગુજરાત કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. એમના જમાનામાં કન્યાઓ કૉલેજમાં ભણવા જતી નહિ. એમના પિતાશ્રીની ઇચ્છા પણ નહિ, પણ ગાંધીજીની દરમિયાનગીરીથી કમળાબહેનને કૉલેજમાં અભ્યાસ કરવાની તક મળી હતી. એમના સહાધ્યાયીઓમાં ધીરજલાલ ધનજીભાઈ, મણિલાલ ગાંધી, કાન્તિભાઈ મહેતા, ડૉ. રણજિત પટેલ (અનામી) વગેરે હતા. સ્વ. કમળાબહેને ન્યૂ એજ્યુકેશન હાયસ્કૂલમાં શિક્ષિકા અને એસ.એલ.યુ. મહિલા કૉલેજમાં પ્રાધ્યાપિકા તરીકે ઘણાં વર્ષ કાર્ય કર્યું હતું અને સાથે સાથે વિવિધ શૈક્ષણિક, સામાજિક, સાહિત્યિક સંસ્થાઓમાં પદાધિકારીઓ તરીકે તેઓ સક્રિય કાર્ય કરતા રહ્યાં હતાં, જેમાં ગુજરાત સાહિત્ય સભા, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, ગુજરાત કૉ.ઑ.હાઉસિંગ ફેડરેશન, બહેરા-મૂંગા શાળા, ગુજરાત રિસર્ચ સોસાયટી, મહિલા કૉલેજ વગેરે મુખ્ય છે. ગુજરાતી સાહિત્યના અને પત્રકારત્વના ક્ષેત્રે એમનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે.

સ્વ. કમળાબહેન સુતરિયાના સ્વર્ગવાસથી આપણને એક વડીલ સન્નારીની ખોટ પડી છે. એમના પુણ્યાત્મા માટે શાન્તિ પ્રાર્થીએ છીએ !

☐ તંત્રી

# સ્વ. સુબોધભાઈ એમ. શાહ

સંઘના આજીવન સભ્ય, ચાર દાયકાથી કાર્યવાહક સમિતિના સભ્ય, ભૂતપૂર્વ મંત્રી અને કર્મઠ કાર્યકર્તા શ્રી સુબોધભાઈ એમ. શાહનું અમદાવાદ ખાતે ૭૮ વર્ષની વયે અવસાન થતાં સંઘે પોતાનો એક આધારસ્તંભ ગુમાવ્યો છે.

સ્વ. સુબોધભાઈ અમદાવાદના વતની હતા, પણ યુવાન વયે એમનાં પત્ની શ્રી નિરુબહેન (હાલ સંઘનાં મંત્રી) સાથે મુંબઈ વ્યવસાય અર્થે આવીને વસ્યા હતા અને પછી તો તેઓ મુંબઈના જ થઈને રહ્યા હતા. સ્વ. પરમાનંદ કાપડિયાના વખતમાં તેઓ સંઘમાં જોડાયા હતા અને એમનામાં રહેલી શક્તિઓને પારખીને સ્વ. પરમાનંદભાઈએ એમને અને નિરુબહેનને સંઘની સમિતિમાં લીધાં હતાં અને ત્યાર પછી થોડા વખતમાં જ સુબોધભાઈની મંત્રી તરીકે વરણી થઈ હતી. સંઘના ભૂતપૂર્વ મંત્રી સ્વ. ચીમનલાલ જે. શાહ સાથે મંત્રી તરીકે સુબોધભાઈએ ઘણાં વર્ષ કાર્ય કર્યું હતું અને સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લીધો હતો. 'પ્રબુદ્ધ જીવન'ના ત્યારે તંત્રી સ્વ. પરમાનંદભાઈએ સુબોધભાઈને 'પ્રબુધ જીવન'ના સંપાદન-પ્રૂફવાંચન ઈત્યાદિની જવાબદારી પણ સોંપી હતી. ત્યારે સ્વ. પરમાનંદભાઈની સાથે સ્વ. ચીમનલાલ જે. શાહ અને સ્વ. સુબોધભાઈ પર્યુષણ વ્યાખ્યાનમાળાના સંચાલનની જવાબદારી પણ વહન કરતા હતા.

સ્વ. સુબોધભાઈ વિચારશીલ પ્રકૃતિના હતા. નવું નવું વાંચવું અને નવું નવું સાંભળવું એમને ગમતું. એથી જ કૃષ્ણમૂર્તિ, ઓશો રજનીશ, નિર્મળાદેવી શ્રીવાસ્તવ, મા યોગશક્તિ, ગોએન્કાજી વગેરેનાં પ્રવચનો-શિબિરોમાં તેઓ જતા અને મિત્રવર્તુળમાં પ્રગટ ચિંતન વ્યક્ત કરતા. તેમનો જીવ એક ભોળા જિજ્ઞાસુનો હતો. બધેથી તેમને સારું સારું ગ્રહણ કરવાનું ગમતું. એમને કુટુંબમાં માતા-પિતા તરફથી ઊંડા ધાર્મિક સંસ્કાર મળ્યા હતા. યુવાન વયે એમણે ચોસઠ પ્રહરી પૌષધ પણ કર્યા હતા. પ્રતિક્રમણનાં સૂત્રો એમને કંઠસ્થ હતાં અને બૃહદ્ શાંતિ, ભક્તામર ઈત્યાદિનો પાઠ તેઓ નિયમિત કરતા.

સ્વ. સુબોધભાઈને સામાજિક અને સાંસ્કારિક પ્રવૃત્તિઓમાં પણ એટલો જ રસ હતો. તેઓ વ્યાખ્યાનો, સંગીતની મહેફિલો, પ્રવાસ ઈત્યાદિનું આયોજન કરવા ઉપરાંત ગરીબ વિદ્યાર્થીઓ, ગરીબ દર્દીઓ વગેરેને સહાય કરવાની યોજનાઓમાં પણ સક્રિય રસ લેતા અને પોતાના તરફથી દાનમાં યથાશક્તિ રકમ લખાવતા. આ ઉપરાંત રાજકારણ અને રાજકીય વિચારધારામાં પણ તેઓ ઊંડો રસ ધરાવતા હતા. એટલે જ સ્વ. ચીમનલાલ ચકુભાઈ જ્યારે સંઘના પ્રમુખ હતા ત્યારે અને ત્યારપછી પણ રાજકીય-આર્થિક વિષયો ઉપર સંઘની વસંત વ્યાખ્યાનમાળા નામની જે પ્રવૃત્તિ ચાલતી તેનું સંચાલન તેઓ સ્વ. અમરભાઈ જરીવાલા સાથે કરતા રહ્યા હતા.

સંઘે જ્યારે ધરમપુરના આદિવાસી વિસ્તારોનું સેવાકાર્ય ઉપાડ્યું ત્યારે અન્ય કાર્યકર્તાઓ સાથે સ્વ. સુબોધભાઈએ પણ ઊંડો રસ લીધો હતો અને તેઓ હોદ્દેદારો સાથે ધરમપુરની મુલાકાતે આવતા હતા.

નવા મિત્રો કરવાનો, મિત્રમંડળીમાં વાતો કરવાનો, પોતાને ઘરે મિત્રો વગેરે બોલાવવાનો સ્વ. સુબોધભાઈને ભારે ઉત્સાહ રહેતો. તેઓ મંડળીના માણસ હતા, તો પણ ધ્યાન, ચિંતન-મનન માટે તેમને એકાંત પણ એટલું જ પ્રિય હતું.

છેલ્લાં કેટલાંક વર્ષથી તબિયતને કારણે સ્વ. સુબોધભાઈ પ્રવાસમાં જોડાઈ શકતા નહોતા, તો પણ પ્રવાસના આયોજનમાં તેઓ રસ લેતા અને નિરુબહેનને બધે મોકલતા. સુબોધભાઈ પછી નિરુબહેન સંઘના મંત્રી થતાં સંઘ સાથેનું એમનું સક્રિય તાદાત્મ્ય હંમેશાં તાજું રહ્યું હતું. આ દંપતીનું યુવક સંઘમાં યોગદાન ઘણું મોટું રહ્યું છે.

સ્વ. ચીમનલાલ જે. શાહના અવસાન પછી સુબોધભાઈએ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન મંચ સંચાલનની જવાબદારી ઉત્સાહપૂર્વક સ્વીકારી લીધી હતી અને એનો એમને પૂરો સંતોષ હતો. સ્વ. સુબોધભાઈ અને નિરુબહેનનું દામ્પત્ય જીવન એટલું બધું પ્રવૃત્તિમય હતું કે જૈન યુવક સંઘ ઉપરાંત અન્ય કેટલીક સંસ્થાઓમાં પણ તેમણે હોદ્દેદાર કે સમિતિના સભ્યપદે રહીને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા રહ્યા હતા. એથી એમનું જીવન ભર્યુંભર્યું રહ્યું હતું.

છેલ્લાં કેટલાક મહિનાથી સુબોધભાઈની તબિયત વધુ નરમગરમ રહેતી હતી. પોતાના ભાઈ ડૉક્ટર કિરીટભાઈની સલાહથી એમણે અમદાવાદમાં જઈને સારવાર લીધી હતી. ત્યાં તબિયત સારી થતાં મુંબઈ આવ્યા હતા. પરંતુ થોડા વખત પહેલાં અમદાવાદ જવાનું કારણ ઊભું થયું અને જાણે અમદાવાદની ધરતી જ એમને બોલાવતી હોય એમ, અમદાવાદમાં જ વ્યવસાયાર્થે જઈને રહેલા પુત્ર ઉપેનભાઈને ત્યાં રહીને, એમણે પછી હોસ્પિટલમાં સાધ્વીજીઓના મુખે માંગલિક સાંભળીને, પચ્ચખ્ખાણપૂર્વક શાન્તિથી દેહ છોડ્યો હતો.

સ્વ. સુબોધભાઈના અવસાનથી સંઘને એક ઉદારદિલ, વિચારશીલ, હિતચિંતક, સંનિષ્ઠ કાર્યકરની ખોટ પડી છે અને અંગત રીતે મેં મારા એક વડીલ, ઉષ્માભર્યા લાગણીસભર મિત્રને ગુમાવ્યા છે.

સ્વ. સુબોધભાઈના પુણ્યાત્માને શાંતિ હો! ☐ તંત્રી


## સંઘનાં પ્રકાશનો

સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :

| | | | કિંમત રૂા. |
|---|---|---|---|
| (૧) | પાસપોર્ટની પાંખે | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૨) | પાસપોર્ટની પાંખે -ઉત્તરાલેખન | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૩) | ગુર્જર ફાગુસાહિત્ય | રમણલાલ ચી. શાહ | ૧૦૦-૦૦ |
| (૪) | આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | ૧૦૦-૦૦ |
| (૫) | ઝૂરતો ઉલ્લાસ | શૈલ પાલનપુરી (શૈલેશ કોઠારી) | ૮૦-૦૦ |
| (૬) | જૈન ધર્મનાં સ્વાધ્યાય -સુમન | ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયાનો લેખ સંગ્રહ | ૧૦૦-૦૦ |


Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૪ ● અંક : ૨ ● ફેબ્રુઆરી, ૨૦૦૩ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## બાવનગજા

મધ્ય પ્રદેશમાં બડવાની શહેર પાસે આવેલા દિગંબર જૈન તીર્થ બાવનગજાની યાત્રા કરવાનો એક સરસ અવસર થોડા સમય પહેલાં અમને સાંપડ્યો હતો. આ તીર્થની અમારી આ પહેલીવારની જ યાત્રા હતી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આ વખતે નેત્રયજ્ઞનું આયોજન ચિખોદરાની આંખની હૉસ્પિટલ દ્વારા વડોદરા જિલ્લાના સંખેડા ગામ પાસે હાઈવે પર આવેલી મંગલભારતી નામની સંસ્થામાં કરવામાં આવ્યું હતું. એટલે હૉસ્પિટલના સૂત્રધાર ડૉ. રમણીકલાલ દોશી (દોશીકાકા)ને મેં વિનંતી કરી હતી કે નેત્રયજ્ઞ પછી તમારી સાથે ત્યાંથી અલિરાજપુર પાસેના લક્ષ્મણી તીર્થની અને કુકસી-બડવાની પાસે આવેલા બાવનગજા તીર્થની યાત્રા કરવાની ભાવના છે અને એ માટે એમણે સંમતિ દર્શાવી હતી. સંજોગવશાત્ ડૉ. દોશીકાકા આ તીર્થયાત્રા માટે અમારી સાથે ન આવી શક્યા, પરંતુ એમણે અમારી યાત્રા માટે વાહનની સગવડ કરી આપી હતી. તીર્થયાત્રામાં અમારી સાથે સંઘના પદાધિકારીઓ જોડાયા હતા. અમે કુલ પાંચ સભ્યોએ આ તીર્થયાત્રા માટે, નેત્રયજ્ઞનું કાર્ય પૂરું થતાં, પ્રસ્થાન કર્યું હતું.

વડોદરાથી ઇંદોર-ખંડવા સુધીનો રસ્તો ડભોઈ, બોડેલી, છોટા ઉદેપુર થઇને અલિરાજપુર જાય છે. ગુજરાતની હદમાં રસ્તો સારો છે, પણ મધ્ય પ્રદેશની સરહદ ઓળંગ્યા પછી ત્યાંનો રસ્તો ખરાબ, ખરબચડો છે. એટલે ત્યાં વાર વધારે લાગે એમ હતી. એટલે અમે એ પ્રમાણે સમયની ગણતરી પહેલેથી કરી જ લીધી હતી. મંગલભારતીથી બાવનગજા સુધીનું અંતર આશરે બસો કિલોમિટર જેટલું છે.

મંગલભારતીથી નીકળીને અમે અલિરાજપુર પાસે લક્ષ્મણી તીર્થમાં દર્શન-ચૈત્યવંદન કરીને સાંજે સાડા સાત વાગે બડવાની પહોંચ્યા. ત્યારે અંધારું થઈ ગયું હતું. બાવનગજા બડવાની શહેરથી આશરે આઠ કિલોમિટર દૂર છે, પરંતુ એટલો રસ્તો ડુંગરોમાંથી પસાર થાય છે. ચડઊતર રસ્તો છે એટલે સમય વધારે લાગે છે. રાત્રે આઠ વાગે અમે બાવનગજા પહોંચી ગયા.

અમે સિદ્ધક્ષેત્ર બાવનગજા પહોંચીને ત્યાં કાર્યાલયમાં તપાસ કરી તો જાણવા મળ્યું કે ધર્મશાળા સારી છે, પણ અમારી જરૂરિયાત સંતોષે એવી નહોતી. એમ છતાં તેમાં રહેવાનું અમે વિચારતાં હતાં, ત્યાં એક ઉપરી કર્મચારીએ કહ્યું, 'સાહુજીનું ગેસ્ટ હાઉસ થોડે છેટે છે, પણ તમારી પાસે ગાડી છે. તમને જો વાંધો ન હોય તો ત્યાં જઈ શકો છો.' અમે ગેસ્ટ હાઉસમાં પહોંચ્યા. તીર્થ સ્થળોમાં હોય છે એના કરતાં ઘણી વધારે સગવડ ત્યાં હતી. એટલે અમે ત્યાં જ ઉતારો રાખ્યો.

બીજે દિવસે સવારે અમે ડુંગર પર ચઢાણ ચાલુ કર્યું. ડુંગરના ઊંચામાં ઊંચા શિખર સુધી આશરે સાતસો પગથિયાં છે. પરંતુ બાવનગજા ઋષભદેવ ભગવાનની પ્રતિમા સુધી તો આસરે સો પગથિયાં છે.

અમે પ્રથમ ઋષભદેવ ભગવાનનાં દર્શન કર્યાં. ભગવાનની ઉત્તુંગ પ્રશાન્ત ખડ્ગાસનમાં ઊભેલી ભવ્ય નગ્નપ્રતિમા જોઈ અમે પ્રભાવિત થઈ ગયા. ત્યાં દર્શન-ચૈત્યવંદન તથા ભકતામર સ્તોત્રનો અમે પાઠ કર્યો.

ભગવાન ઋષભદેવની આ મૂર્તિ ૮૪ ફૂટ ઊંચી છે, પરંતુ લોકોમાં પહેલેથી 'બાવનગજા' નામ પડી ગયું છે. આવું નામ કેમ પડ્યું હશે એ વિશે અટકળો થાય છે. જૂના વખતમાં ગજ એટલે હાથ જેટલું માપ ગણાતું. લોકોએ અંદાજ લગાવ્યો હશે કે મૂર્તિ બાવન ગજ જેટલી ઊંચી હશે. માટે 'બાવનગજા' નામ આ તીર્થનું પડી ગયું હશે. વસ્તુત: મૂર્તિ ૮૪ ફૂટ ઊંચી છે. ફૂટનું માપ અંગ્રેજો આવ્યા પછીનું વર્તમાન કાળનું છે. એમ છતાં મેળ બેસાડવામાં આવે છે કે ભગવાનનું આયુષ્ય ચોર્યાસી લાખ પૂર્વનું હતું, એટલે મૂર્તિ ૮૪ ફૂટની છે.

બાવનગજાનો પર્વત ચૂલગિરિ તરીકે ઓળખાય છે. સાતપુડાના ડુંગરોની આ બાજુની હારમાળામાં આ પર્વત ઊંચો છે. તે એવા નક્કર ગ્રેનાઈટ પથ્થરનો બનેલો છે કે જેમાં કોતરકામ થઈ શકે, મૂર્તિ કંડારાઈ શકે.

આ પ્રતિમા કેટલી પ્રાચીન છે એનો અંદાજ લાગતો નથી, પણ વિ. સં. ૧૨૩૩માં એનો જીર્ણોદ્ધાર થયાનો ઉલ્લેખ મળે છે. એ પરથી આ તેરમી સદીથી વધુ પ્રાચીન પ્રતિમા છે.

ખુલ્લામાં રહેલી આ પ્રતિમાના પથ્થર ઉપર હવામાનની અસર થવાથી ઘસારો લાગતો રહ્યો છે. એટલે જ એના વખતોવખત જીર્ણોદ્ધારની આવશ્યકતા રહી છે. દિગંબરાચાર્ય શ્રી વિદ્યાનંદજી મહારાજની પ્રેરણાથી ઇ. સ. ૧૯૮૮માં આ પ્રતિમાનો જીર્ણોદ્ધાર થયો હતો. પ્રતિમા વધુ ટકે એ માટે નિષ્ણાતો દ્વારા એના ઉપર લેપ વગેરેનું કાર્ય થયું હતું. એથી પ્રતિમાની ભવ્યતા અને દર્શનીયતામાં વૃદ્ધિ થઈ છે. પ્રતિમાની આસપાસ પથ્થરના ગોખલા જેવી વિશાળ અને મજબૂત રચના કરવામાં આવી છે કે જેથી હવામાન તથા પક્ષીઓ પ્રતિમાને બગાડે નહિ.

આ જીર્ણોદ્ધાર પછી ઇ.સ. ૧૯૯૧ના જાન્યુઆરીમાં અહીં પંચકલ્યાણ

પ્રતિષ્ઠાવિધિ થઈ હતી. તે સમયે અનેક મહાનુભાવો પધાર્યા હતા અને સમગ્ર ઉત્સવ દરમિયાન આશરે દસ લાખ યાત્રિકોએ અહીં આવીને દર્શન-પૂજનનો લાભ લીધો હતો.

બાવનગજાની ઋષભદેવ ભગવાનની ખડ્ગાસનમાં કાઉસગ્ગ મુદ્રામાં કરવામાં આવેલી આ પ્રતિમા દક્ષિણના ગોમ્મટેશ્વર બાહુબલિજીની પ્રતિમા કરતાં ઊંચી છે. એ રીતે જિનેશ્વર ભગવાનની આ ઊંચામાં ઊંચી પ્રતિમા છે. પર્વતમાંથી કંડારેલી પ્રતિમાઓમાં આ સર્વોન્નત પ્રતિમા મનાય છે. અલબત્ત ગોમ્મટેશ્વર બાહુબલિજીની પ્રતિમા, ઉપર મસ્તકથી નીચે ઘૂંટણ સુધી, ચારે બાજુથી કંડારેલી છે, પરંતુ ઋષભદેવની આ પ્રતિમા ચારે બાજુથી કંડારેલી નથી. ફક્ત આગળના ભાગમાં જ કંડારેલી છે. પ્રતિમાજીનું મસ્તક પણ સંપૂર્ણ કંડારેલું નથી. પાછળથી આખી પ્રતિમા પર્વત સાથે જોડાયેલી છે એટલે કે પર્વત સાથે એકરૂપ છે.

ભગવાન ઋષભદેવની આ પ્રતિમા કેટલી વિશાળ છે તેનો ખ્યાલ એની થોડી વિગતો પરથી આવશે, જેમ કે એમનું મસ્તક ૨૬ ફૂટ લાંબુ અને સાડા સત્તર ફૂટ પહોળું છે. એમની આંખો ત્રણ ફૂટ જેટલી લાંબી છે. એમના કાન સાડા નવ ફૂટ લાંબા છે. નાક ચાર ફૂટનું છે. એમના હાથ ૪૬ ફૂટ લાંબા છે. એમના પગ (કમરથી) ૪૭ ફૂટ લાંબા છે. એમના પગનો પંજો પાંચ ફૂટનો છે. આ બધા આંકડા પરથી મૂર્તિની ઊંચાઈ અને ભવ્યતાનો ખ્યાલ આવી શકે છે.

આ પ્રતિમા ભગવાન ઋષભદેવની જ છે એની ખાતરી એમના પગ પાસે બંને બાજુ પર્વતના પથ્થરમાં યક્ષ-યક્ષિણી કોતરેલાં છે તે ઉપરથી થાય છે. યક્ષ ગૌમુખ અને યક્ષિણી ચક્રેશ્વરી દેવી એ બંનેની આકૃતિ સુરેખ કોતરાયેલી છે.

માળવાનો આ પ્રદેશ સૈકાઓ પૂર્વે અત્યંત સમૃદ્ધ હતો. લોકો ખાધેપીધે બહુ સુખી હતા. 'ડગ ડગ રોટી, પગ પગ નીર' એવી કહેવત આ પ્રદેશ માટે ત્યારે પ્રચલિત હતી. માળવાના આ પ્રદેશમાં બાવનગજા ઉપરાંત માંડવગઢ, અવંતી, ધાર, કુક્ષી, મક્ષી, સિદ્ધવરકૂટ, ગોમ્મટગિરિ બનેડિયા વગેરે તીર્થો આવેલાં છે.

નર્મદા નદીના કિનારે આવેલી બડવાની નગરી પૌરાણિક કાળની નગરી મનાય છે. જૈન માન્યતા પ્રમાણે વીસમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીના સમયનું આ સિદ્ધક્ષેત્ર છે, એટલે કે રામ-રાવણના યુગની આ નગરી છે. જૈન માન્યતા અને જૈન રામાયણ પ્રમાણે રાવણના ભાઈ કુંભકર્ણ અને રાવણના પુત્ર ઈન્દ્રજિત આ ભૂમિમાં અનેક મુનિઓ સાથે સાધના કરીને, મોક્ષગામી થયા હતા. એટલે આ પર્વત ઈન્દ્રજિતગિરિ તરીકે પણ ઓળખાય છે. રાવણની રાણી મંદોદરીએ ૪૮ હજાર વિદ્યાધરીઓ સાથે આ ક્ષેત્રમાં દીક્ષા લીધી હતી. એટલે આ પ્રદેશની પહાડીઓમાં એક પહાડી તે 'મંદોદરી પહાડી' તરીકે જાણીતી છે અને ત્યાંનું જીર્ણ મંદિર 'મંદોદરી મંદિર' તરીકે ઓળખાય છે.

પૂજ્ય શ્રી કુંદકુંદાચાર્યે 'નિર્વાણકાંડ'માં બડવાની તીર્થનો નિર્દેશ નીચે પ્રમાણે કર્યો છે :

बडवाणी वरणयरे दक्खिणभायम्मि चूलगिरिसिहरे ।
इंदजिय कुंभकरणे णिव्वाण गया णमो तेसिं ॥

આ ગાથાનો હિંદી અનુવાદ નીચે પ્રમાણે થયેલો છે :

બડવાની વરનયર સુચંગ, દક્ષિણ દિશિ ગિરિચૂલ ઉત્તંગ,
ઈન્દ્રજિત અરુ કુંભ જુ કર્ણ, તે વંદો ભવસાયર તર્ણ.

આ ચૂલગિરિ ઉપર નાનાં મોટાં કુલ અગિયાર મંદિર છે. એમાં મુનિ ઈન્દ્રજિતનું મંદિર અને મુનિ કુંભકર્ણનું મંદિર પણ છે. પર્વતની ટોચ ઉપર આવેલ મંદિર મોટું છે અને તેમાં ઘણી પ્રતિમાઓ છે. ત્યાં દર્શન-ચૈત્યવંદન કરી અમે ધન્યતા અનુભવી.

પર્વતની ટોચ ઉપરનું દૃશ્ય અત્યંત રમણીય છે. ત્યાંથી ચારે બાજુનો ડુંગરાળ પ્રદેશ દૂર દૂર સુધી દેખાય છે. દૂર નર્મદા નદીનાં નીર પણ દેખાય છે. પર્વતો ઉપર વૃક્ષો બહુ ઓછાં છે. અલ્પ વૃષ્ટિને કારણે પણ હરિયાળી ઓછી જણાય છે.

આ મંદિરોનાં દર્શન કરી અમે નીચે ઉતર્યા. તળેટીમાં પણ નાનાંમોટાં ૧૯ મંદિર છે અને એક માનસ્તંભ છે. વળી આ ક્ષેત્રમાં આચાર્ય શ્રી ચન્દ્રસાગરજી મહારાજ તથા મુનિશ્રી શીતલસાગરજી મહારાજનાં સમાધિ-સ્થળ પર ચરણપાદુકા છે.

આ બધાંનાં દર્શન કરી, ભોજન લઈ, આ તીર્થમાં પધારેલા દિગંબર મુનિ મહારાજ શ્રી કંચનસાગરજીની ઉપદેશવાણી સાંભળીને અમે આ પવિત્ર તીર્થભૂમિની વિદાય લીધી.

બાવનગજાથી અલિરાજપુર, બોડેલી થઈને અમે શિખોદરા પહોંચી ગયા.

આ તીર્થભૂમિની યાત્રાની, બાવનગજા ઋષભદેવ ભગવાનનાં સાક્ષાત્ દર્શનની ઘણાં વર્ષોની અમારી આકાંક્ષા પૂર્ણ થઈ.

□ **રમણલાલ ચી. શાહ**

## સ્વ. નેમચંદભાઈ ગાલા

સંઘના આજીવન સભ્ય અને સંઘની કાર્યવાહક સમિતિના સભ્યપદે વર્ષોથી સ્થાન ધરાવનાર, શ્રી નેમચંદભાઈ મેઘજીભાઈ ગાલાનું થોડા સમય પહેલાં અવસાન થતાં સંઘે એક સંનિષ્ઠ કાર્યકર ગુમાવ્યા છે.

સ્વ. નેમચંદભાઈ સંઘની બધી પ્રવૃત્તિઓમાં નિયમિત હાજરી આપતા રહ્યા હતા. તેઓ સ્વસ્થ હતા, છતાં કેટલાક સમયથી કાને બહુ ઓછું સંભળાતું હતું એટલે વાતરસિક બોલકણા સ્વભાવના સ્વ. નેમચંદભાઈ સ્વાભાવિક રીતે જ ઓછું બોલતા થઈ ગયા હતા. શારીરિક રીતે તેઓ થોડા કૃશકાય થયા હતા, છતાં એમને બીજી કોઈ તકલીફ નહોતી. ૭૩ વર્ષની વયે ઊંઘમાં જ એમણે દેહ શાન્તિથી છોડ્યો હતો.

સ્વ. નેમચંદભાઈના પિતા સ્વ. મેઘજીભાઈ ગાલા સંઘના સક્રિય સભ્ય હતા અને પોતાના વ્યવસાયની સાથે સાથે સંઘની પ્રવૃત્તિઓમાં પણ સારો ભાગ લેતા. એમને વાંચનનો ભારે શોખ હતો અને સાહિત્ય ઉપરાંત તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો વાંચતા અને વસાવતા. એમનો વારસો નેમચંદભાઈને મળેલો. તેઓ વ્યવસાયે વકીલ હતા, પરંતુ એમનો જીવ સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો હતો. એમણે 'ચંપો મહોર્યો ચારે કોર', 'કોઈના મનમાં ચોર વસે છે', જેવા નવલકથા અને વાર્તાના ગ્રંથો લખ્યા છે, તો વળી 'મહાત્મા ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્ર', 'જન્મ-પુનર્જન્મ', 'અપ્રમાદ', 'જૈન ધર્મ અને મનોદૈહિક રોગો' જેવાં કેટલાંક તત્ત્વજ્ઞાનમાં પુસ્તકો પણ લખ્યાં છે. એમનામાં લેખક તરીકેની આગવી સૂઝ અને શક્તિ હતી. કચ્છી સમાજના 'પગદંડી' સામાયિકના તેઓ કેટલોક સમય સંપાદક-તંત્રી હતા.

સ્વ. નેમચંદભાઈ અને એમના પરિવાર સાથે મારે ગાઢ મૈત્રી હતી. એમનાં પત્ની સ્વ. શાન્તાબહેન વર્ષો પહેલાં ઝેવિયર્સ કૉલેજમાં મારાં વિદ્યાર્થિની હતાં. ચિ. ધવલ અને ચિ. શિલ્પાની પ્રગતિમાં અમે બધાં રસ લેતાં. સ્વ. નેમચંદભાઈ મારી સાથે જૈન ઇતિહાસ સંમેલન અને જૈન સાહિત્ય સમારોહમાં નિયમિતપણે જોડાતા. કેટલાક પ્રવાસમાં અમે સહપ્રવાસી હતા. પ્રવાસમાં એમના અનુભવોની અવનવી વાતો સાંભળવા-જાણવા મળતી.

એમના સ્વર્ગવાસથી સંઘે એક સંનિષ્ઠ કાર્યકર ગુમાવ્યા છે અને મને એક અંગત મિત્રની મોટી ખોટ પડી છે.

સદ્ગતના આત્માની શાન્તિ માટે પ્રાર્થીએ છીએ.

□ **તંત્રી**

# કવિ દીપવિજયજીકૃત 'સમુદ્રબંધ ચિત્રકાવ્ય'

□ પૂ. શ્રી વિજયશીલચંદ્રસૂરિજી

'માતા ત્રિશલા ઝૂલાવે પુત્ર પારણે' એ સુપ્રસિદ્ધ રચનાને કારણે જૈન સંઘમાં અત્યંત લોકપ્રિય બની ગયેલા કવિવર પંડિત શ્રી દીપવિજયજી મહારાજ ઓગણીસમા શતકમાં થયેલા વિખ્યાત જૈન સાધુ-કવિ છે. તેઓ ગુજરાતના વડોદરાના વતની હતા. (જૈન ગૂ. ક. ૬/૧૯૫). વડોદરાના ગાયકવાડ રાજાએ તેમને 'કવિરાજ' એવું તથા ઉદયપુરના રાણાએ 'કવિબહાદુર' એવું બિરુદ આપ્યું હતું.

આ કવિરાજની અનેક રચનાઓ ઉપલબ્ધ છે. કેટલીક પ્રસિદ્ધ પણ છે, અને થોડીક હજી અપ્રકાશિત છે. આ લેખમાં તેમની આવી જ એક અપ્રસિદ્ધ રચનાનો પરિચય આપવામાં આવે છે.

જોધપુરના રાઠોડ વંશીય રાજવી માનસિંહ રાઠોડની પ્રશસ્તિરૂપે એક ચિત્રકાવ્યની રચના તેમણે કરી છે. આ રચનાની કવિરાજે સ્વહસ્તે આલેખેલી સચિત્ર પ્રત (ઓળિયું : Scroll) વડોદરાની શ્રી આત્મારામજી જૈન લાયબ્રેરીમાં વિદ્યમાન છે, તેમાં કવિએ આ રચનાને 'સમુદ્રબંધ આશીર્વચન' એવા નામે ઓળખાવેલ છે. 'ગુજરાતી સાહિત્ય કોશ–મધ્યકાલ (પૃ. ૧૭૫)'માં આ રચનાનો 'સમુદ્રબંધ સચિત્ર આશીર્વાદ કાવ્ય પ્રબંધ' એવા નામે નિર્દેશ મળે છે.

આમ તો આ એક અખંડ ઓળિયું જ છે, પણ આપણી-ભાવકોની સવલત ખાતર અહીં તેના પાંચ વિભાગ પાડીને વર્ણવવામાં આવેલ છે. તે વિભાગોનું વર્ણન આ પ્રમાણે છે :

પ્રથમ વિભાગમાં લાંબું ગદ્યપદ્યાત્મક લખાણ છે. તેમાં પ્રારંભે પ્રસ્તાવનારૂપે આઠ તખતનાં નામ અને તેમાં આઠમા તખત મરુધર-જોધપુરના નરેશ, અનેક વિશેષણો તથા ઉપમાઓ ધરાવતા મહારાજ માનસિંહજીને પુત્રની, રાજ્યની, લાભની, ક્ષેમ-જય અને ધનની પ્રાપ્તિ થાય તેમ જ તેના શત્રુઓનું મર્દન તથા પ્રતાપની વૃદ્ધિ થાય તે અર્થે 'સમુદ્રબંધ આશીર્વચન' લખવાનો સંકલ્પ આલેખવામાં આવ્યો છે. તે પછી છપ્પય છંદમાં બે કાવ્યો આપ્યાં છે જેમાં સમુદ્રબંધનું માહાત્મ્ય કવિએ વર્ણવ્યું છે. કવિએ કહ્યું છે કે 'સમુદ્રબંધ રૂપે અપાતી આશિષ એ સર્વશ્રેષ્ઠ આશીર્વાદ તથા વધાઈ ગણાય; તેના પ્રતાપે સમુદ્ર પર્યંત પૃથ્વીનું એક છત્રી રાજ્ય સાંપડે.' તે કાવ્યોના અંતે, સમુદ્રબંધ કાવ્યના ૧૨૯૬ અક્ષર, તે મહાબંધમાં અંતર્ગત ચૌદ રત્નોના નાના બંધ કાવ્યોની ગૂંથણી છે તેના ૩૫૫ અક્ષર, એમ કુલ ૧૬૫૧ અક્ષરો હોવાનું કવિ નિર્દેશે છે; જેવા કે ધનુષબંધ, ચોકીબંધ, કપાટબંધ, હળબંધ, હારબંધ, માલાબંધ, નિસરણીબંધ વગેરે. બંધ એટલે કે તે તે પદાર્થની આકૃતિમાં રચાયેલ કાવ્યો–ચિત્રકાવ્યો એ મહાબંધમાં સમાવવામાં આવ્યા હોવાનું કવિ સૂચવે છે.

આગળ વધતાં કવિ કહે છે કે આ નાના નાના બંધો તો દરેક રાજાને આશિષરૂપે ચઢાવાય. પણ જે 'સમુદ્રબંધ' નામે મોટો બંધ છે તેનો આશીર્વાદ તો કાં તો ચક્રવર્તી રાજાને અને કાં છત્રપતિ રાજાને જ ચઢાવી શકાય. આ (માનસિંહ) રાજા છત્રપતિ રાજા હોવાથી તેમને આ સમુદ્રબંધ-આશીર્વાદ આપું છું. આ પછી કવિ અષ્ટક અર્થાત્ આઠ કાવ્યો કે કવિત્ત દ્વારા માનસિંહ રાજાને આશીર્વાદ આપવાની સાથે સાથે તેના ઇષ્ટ દેવોનાં નામ-વર્ણનપૂર્વક તેઓ પણ તેની રક્ષા કરે તેવું વર્ણન કરે છે. તે ક્રમશઃ જોઇએ:

૧. શ્રી જાલંધરનાથ રક્ષા-આશીર્વચન : છપ્પય છંદમાં કવિએ જાલંધરનાથ એટલે કે શંકર ભગવાનનું સ્વરૂપ વર્ણવ્યું છે અને તે રાજાની રક્ષા કરે, સંકટ હરે તેવો આશીર્વાદ વ્યક્ત કર્યો છે. આ કવિતામાં શંકરનું જાલંધરનાથ તરીકે થયેલ વર્ણન તેમજ આ રચનાના પ્રારંભે કવિએ લખેલ 'શ્રી જાલંધર નાથો જયતિ' એવો પ્રારંભ જોતાં આ રાજવીના ઇષ્ટદેવ શંકર હોવા જોઇએ અને તેનો સંબંધ નાથ સંપ્રદાય સાથે હોવો જોઇએ એમ અનુમાન થાય છે. કવિતાની અંતિમ પંક્તિમાં 'લાડૂનાથ' એવું નામ આવે છે, તે કાં તો શંકરપુત્ર ગણપતિનું સૂચક હોય અને કાં તો તે નામે કોઈ યોગીનો સંકેત પણ હોય.

૨. બીજો છપ્પય પણ ઉપરની માફક જ જાલંધરનાથ-શિવજીનું વર્ણન આપે છે.

૩. ત્રીજા છપ્પય છંદમાં 'મહામંદિર શ્રી કૃષ્ણદેવ-રક્ષા' રૂપ આશીર્વચન છે. આમાં મોર મુગટધારી શ્રીકૃષ્ણનું સ્વરૂપ સરસ વર્ણવાયું છે. જૈન કવિ શિવજી અને કૃષ્ણનું આવું સરસ વર્ણન કરે તે વાત પણ ઉદાર મનોવલણ સહિત અનેક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગણાય તેવી લાગે છે.

૪. ચોથા છપ્પયમાં 'નવ ગ્રહરક્ષા-આશીર્વચન' છે. તેમાં નવે ગ્રહો રાજાનું મંગલ કરો તેવી ભાવના વ્યક્ત થઈ છે.

૫. પાંચમા છપ્પયમાં સકલદેવ રક્ષા-આશિષ આપેલ છે. તેમાં શંભુસૂતથી લઇને જગદંબા સુધીના અનેક દેવ-દેવીઓની રક્ષા વર્ણવાઈ છે.

૬. છઠ્ઠા છપ્પયમાં કવિરાજ દીપવિજયના સુવચનની રક્ષારૂપી આશીર્વાદ વ્યક્ત કરવામાં આવ્યો છે.

આમાં સમુદ્રબંધ માહાત્મ્યનાં બે કવિત્ત અને રક્ષાનાં છ કવિત્ત એમ મળીને કુલ ૮ કવિત્ત થયાં છે, અને તેને કવિએ 'આશીર્વચન-અષ્ટક' તરીકે ઓળખાવેલ છે.

ત્યારબાદ ત્રણ કવિત્ત, સંભવતઃ મનહર છંદમાં છે તે, દ્વારા કવિએ માનસિંહની યશકીર્તિનું વર્ણન કર્યું છે. તેની સાથે જ વિભાગ ૧ પૂરો થાય છે.

વિભાગ ૨ માં રાજાના ત્રણ સેવકોનાં રાજસ્થાની-જોધપુરી શૈલીનાં સુંદર ચિત્રો છે, અને તેની નીચે એક નાના ચોકઠામાં માનસિંહ રાજાના ખડ્ગનું વર્ણન કરતું કવિત્ત છે. તેની નીચે, પાંચમા વિભાગમાં જ એક ખૂણામાં મ્યાનયુક્ત તલવારનું મજાનું ચિત્ર જોવા મળે છે.

વિભાગ ૩માં પણ રાજાના ત્રણ છત્રધર વગેરે સેવકોનાં ત્રણ અલગ અલગ ચિત્રો છે, અને તેની નીચે એક નાના ચોકઠામાં રાજાને મેઘની ઉપમા અર્પતું કવિત્ત છે.

વિભાગ ૪માં સમુદ્રબંધના ચિત્રકાવ્યમાં ૩૬ પંક્તિઓમાં ડાબેથી જમણે વાંચીએ તો એક પંક્તિમાં એક એમ કુલ ૩૬ દોહરા (મોટા કોઠામાં) વંચાય છે. આ દોહરામાં સ્વયં એક રચના બની છે. તેમાં રાજાની કીર્તિનું વર્ણન કવિએ કર્યું છે.

અને પાંચમા વિભાગનું સ્વરૂપ દર્શાવતાં કવિ પોતે જ લખે છે કે જેમ શ્રીકૃષ્ણે સમુદ્રમંથન કરીને ૧૪ રત્નો કાઢ્યાં તે રીતે મેં પણ આ સમુદ્રબંધ-ચિત્ર કાવ્યના મંથન થકી ૧૪ નાનાં બંધકાવ્યો રૂપી રત્નો

નીપજાવ્યાં છે. તે ૧૪ રત્નો આ પ્રમાણે છે: ૮ રાજનીતિનાં રત્ન, ૪ આશીર્વચન રૂપી રત્ન, ૧ બિરૂદ-ઉપમાનું રત્ન, ૧ કવિની પ્રાર્થનાનું રત્ન-એ રીતે ૧૪ રત્નો છે. આ બધાં રત્નોની વિગતે સમજૂતી આપતાં કવિ કથે છે:

૧. રાજનીતિ ૧ : સ્ત્રીનો વિશ્વાસ ન કરવો; તે વિષે यां चिन्तयामि सततं એ નીતિશતકના શ્લોક દ્વારા એકસરો હારબંધ: રત્ન ૧.

૨. રાજાએ ભજન પણ કરવું ઘટે, તે સૂચવતો રામરક્ષા સ્તોત્રનો શ્લોક चरितं रघुनाथस्य એ વડે બીજો બે સરો હારબંધ: રત્ન ૨.

૩. રાજા દુષ્ટને દંડે, શિષ્ટને રક્ષે, એ નીતિ વિષે સુભાષિત दधि चन्दनतंबोलं. એ વડે બીજો બે સરો હારબંધ: રત્ન ૩.

૪. રાજાએ વ્યાકરણાદિ ભણવું જોઇએ તે અંગે સારસ્વત વ્યાકરણનો પ્રથમ શ્લોક प्रणम्य परमात्मानं. એ વડે વજ્રબંધ: રત્ન ૪.

૫. રાજાએ હરિરસ ચાખવો જોઇએ એ વિષે બિહારી કવિનો દોહરો मेरी भवबाधा हरो. એ વડે ધનુષબંધ: રત્ન ૫.

૬. રાજાને ગૂઢ સમસ્યા આવડવી જોઇએ તે અંગે दधिसुतके. એ વડે ધનુષબંધ: રત્ન ૬.

૭. રાજાએ દયાપૂર્વક વેદવાણી સાંભળવી, એ વિષે દોહરો धाना-बांनी चोमुखी. એ વડે પહાડ બંધ: રત્ન ૭.

૮. રાજા દ્રોહીથી દૂર રહે, દીવાન રાખે, એ નીતિ વિષે ગાથા नासइ जूएण धणं. એ વડે પહાડ બંધ : રત્ન ૮. આમ ૮ રાજનીતિનાં ૮ રત્ન થાય.

૯. भूपति मानि मर्दन. એ ખંડ કલીબંધ : રત્ન ૯;

૧૦. अविचल तप तेज. એ ખંડ કલીબંધ : રત્ન ૧૦;

૧૧. श्री मानराज गंगा. એ શ્રીપુષ્કરણીબંધ: રત્ન ૧૧;

૧૨. पट प्रधान मानसंग. એ લહેરબંધ: રત્ન ૧૨;

૧૩. मानराज समशेर. એ પુષ્કરણીબંધ: રત્ન ૧૩;

૧૪. मानराज कुंभ घट. એ છડીબંધ: રત્ન ૧૪.

આ ૧૪ બંધ એક સમુદ્રબંધ થકી પ્રગટે છે, તેમાં કવિની અદ્ભુત રચના-નિપુણતા વ્યક્ત થાય છે.

આના પછી મોતીદામ નામના છંદમાં કવિ ૭ ગાથાઓ દ્વારા નૃપ-વર્ણન કરે છે. તે પછી એક કવિત્ત છે, તે પણ રાજાના વર્ણનનું જ છે. છેક છેલ્લે તોટક છંદમાં સંસ્કૃત ભાષામાં અર્ધ સમસ્યારૂપ કાવ્ય વડે દિનકર, દામોદર, ત્રિપુરા, સુરપતિ, સોમેશ્વર અને નગરાજા આ બધાં દેવો રાજાની રક્ષા કરો તેવી આશિષ આપીને કવિ કાવ્યની સમાપ્તિ કરે છે.

પ્રાંતે આપેલી પુષ્પિકામાં કવિ પોતાનો પરિચય આ પ્રમાણે નોંધે છે: 'તપાગચ્છમાં વિજયાનંદસૂરિ (આણંસૂર) ગચ્છમાં, ગાયકવાડ રાજાએ આપેલ 'કવિરાજ' બિરુદ ધરાવનાર જતી પં. દીપવિજય કવિરાજે રાઠોડ રાજા માનસિંહની કીર્તિના ગાન સ્વરૂપ સમુદ્રબંધ-આશીર્વચન રચેલ છે.' સં. ૧૮૭૭ના વિજયાદશમી દિને કવિરાજ દીપવિજયે સ્વહસ્તે આ લખેલ છે. સમગ્રપણે આ રચનાનું અવલોકન કરતાં કવિનું કાવ્યકૌશલ્ય, ચિત્રકાવ્ય જેવા કઠિન કાવ્ય પ્રકારની રચના તથા એકમાં અનેક ચિત્ર કાવ્યો સમાવવાની નિપુણતા, વ્રજ ભાષા તથા છંદો પરનું પ્રભુત્વ તથા ચિત્રકલા-ચિત્રાલેખનની ક્ષમતા-એમ અનેક બાબતો વિષે પ્રકાશ પડે છે. એક સંભાવના ખરી કે ચિત્રો કવિએ કોઈ નિપુણ ચિત્રકાર પાસે પણ દોરાવ્યાં હોય. પરંતુ કવિ સ્વયં ચિત્રકલાકુશલ હતા. કેમ કે કવિએ જાતે ચિત્રાંકિત કરેલ વસુધારા દેવીનું રંગીન ચિત્ર મળી આવ્યું છે (જુઓ અનુસંધાન-પત્રિકા, ક. ૨૦, જુલાઈ-૨૦૦૨).

પ્રસંગોપાત્ત એક મુદ્દો કહેવો ઠીક લાગે છે. જૈન મુનિ થઈને કવિ રાજાનાં, શસ્ત્રોનાં તથા તે અનુષંગે તેના દેવાદિકનાં ગુણગાન ગાય એમાં ઔચિત્ય ખરું ? કદાચ આ સવાલ ખુદ કવિના ચિત્તમાં પણ ઊગ્યો હોવો જોઇએ. તેનો સંકેત પોતે રચેલ એક ઐતિહાસિક રચના 'સોહમકુલ પટ્ટાવલી'ની પ્રશસ્તિમાં સ્વયં કવિએ જ નીચેના શબ્દોમાં આપ્યો છે:

'કવેસર બિરદ ધરાવી જગમેં, બહુ નૃપ સસ્ત્ર વખાંણ્યા
ભુજ બલ ફોજ સંગ્રામ વખાંણ્યા, આતમદોષ ન જાંણ્યા રે'
(જૈન ગૂ. ક. ૬-૧૮૮).

આ વાતને બાજુએ રાખીને વિચારીએ તો, કવિનું કવિકર્મ મધ્યકાળના ઉત્તમ કવિઓની હરોળમાં કવિને નિઃશંક સ્થાન અપાવે તેવું છે.

# જૈન પત્ર-સાહિત્ય

**□ ડૉ. કવિન શાહ**

સાહિત્ય ગદ્ય અને પદ્ય એમ બે વિભાગમાં વહેંચાયેલું છે. ગદ્યના વિવિધ પ્રકારોમાં અનોખી શૈલીમાં લખાયેલું પત્ર-સાહિત્ય વિવિધતાની સાથે ગદ્ય શૈલીની વિશેષતા દર્શાવે છે. સાહિત્યકારો, વિદ્વાનો, રાજકીય નેતાઓ, સંતો-મહાત્માઓ અને મહાપુરુષોએ પોતાના ક્ષેત્રને લગતા લખેલા પત્રો પ્રાપ્ત થાય છે. સ્નેહીઓ, મિત્રો, ભક્તો, શિષ્યો તથા પરિવારના સભ્યોને ઉદ્દેશીને વિવિધ પ્રકારના પત્રો લખાયા છે. તેવી જ રીતે જૈન સાધુ ભગવંતોએ પોતાના શિષ્યો અને ભક્તોને ઉદ્દેશીને પ્રસંગોપાત પત્રો લખ્યા છે. આ પત્રો વ્યવહાર જીવનના પ્રસંગોની સાથે જે તે ક્ષેત્રના વિચારોને વ્યક્ત કરે છે. તેના દ્વારા પત્રલેખકની વિદ્વતા, જ્ઞાનોપાસના, વાત્સલ્યભાવ, અન્યના કલ્યાણની શુભ ભાવનાના ઉદાત્ત વિચારો મૂર્તિમંત રૂપે પ્રગટ થયેલા હોય છે.

પત્રલેખનનો વિચાર કરીએ તો નવલકથા, ટૂંકી વાર્તા કે કાવ્યના અંતર્ગત પત્રનો પ્રયોગ થયેલો જોવા મળે છે. લોકસાહિત્યનાં લોકગીતોમાં પત્રનો સંદર્ભ પ્રાપ્ત થાય છે.

'લાવો લાવો દાંત કલમ કે આણલદેને કાગળ લખીએ.' મહાકવિ પ્રેમાનંદનાં આખ્યાનોથી આરંભીને ગોવર્ધનરામ, મુનશી, દર્શક, રઘુવીર ચૌધરી વગેરેની નવલકથાઓમાં પત્રનો ઉલ્લેખ મળે છે. હીરાબહેન પાઠકની 'પરલોકે પત્ર' એ દીર્ઘ કાવ્ય કૃતિ પત્ર સ્વરૂપની છે. તદુપરાંત સ્વતંત્ર રીતે પત્રો લખનારની યાદીમાં કવિ કલાપી, કાન્ત, બ. ક. ઠાકોર, મેઘાણી, કાકાસાહેબ કાલેલકર વગેરેનો સમાવેશ થાય છે. આ રીતે ગુજરાતી ભાષાના સાહિત્યમાં પત્રોનો જે સંદર્ભ પ્રાપ્ત થાય છે તે ઉપરથી ગુજરાતી પત્ર-સાહિત્યનું સ્વતંત્ર અસ્તિત્વ જાણી શકાય છે.

મધ્યકાલીન જૈન સાહિત્યમાં પત્રલેખન માટે 'લેખ' શબ્દનો પ્રયોગ થતો હતો. આ લેખ સ્વતંત્ર રચના ઉપરાંત રાસ કે ફાગુ જેવા દીર્ઘકાવ્ય પ્રકારના અંતર્ગત પણ જોવા મળે છે. જૈન સાહિત્યમાં કાવ્યોમાં પણ પત્ર-શૈલીનો પ્રયોગ થયો છે.

મુનિ કમલવિજયે ૧૯૮૨માં લખેલ પત્ર 'સીમંધર સ્વામીને પત્ર રૂપે વિનંતી' એ ઢાળબદ્ધ રચના છે. સંવત ૧૮૫૩માં કવિ હર્ષવિજયે 'સીમંધર સ્વામીને વિનતી' પત્રની રચના કરી છે. અધ્યાત્મયોગી દેવચંદ્રજીએ ગદ્યમાં ત્રણ પત્રો લખીને વ્યવહાર અને નિશ્ચય નયની અપેક્ષાએ સાચા સુખના વિચારો દર્શાવ્યા છે. વળી તેમાં આત્મસ્વરૂપ વિશે પણ ઉલ્લેખ થયો છે.

કવિ હર્ષવિજયની નીચેની પંક્તિઓ દ્વારા પત્ર વિશેની વિગત વધુ સ્પષ્ટ થશે.

'સ્વસ્તિશ્રી મહાવિદેહ ક્ષેત્રમાં, જીહાં રાજે તીર્થંકર વીશ પતે ને નમું નીશ, કાગળ લખું કોડથી.'

અંતમાં જણાવ્યું છે કે-

ઓછું અધિકું ને વિપરીત જે લખ્યું

માફ કરજો, જરૂર જિન રાજ. લાગું છું તુમ પાય.

મધ્યકાલીન જૈન સાહિત્યમાં લેખ ઉપરાંત 'પત્ર-કાગળ' શબ્દપ્રયોગો પણ થયા છે. પત્રસાહિત્યની અપ્રગટ કૃતિઓ આ પ્રમાણે છે : જયવંતસૂરિ કૃત શ્રૃંગાર મંજરી અંતર્ગત 'અજિતસેન શીલવતી લેખ', વિજયસેનસૂરિના શિષ્ય જયવિજયકૃત 'વિજયસેન સૂરિ લેખ', 'કવિ દીપવિજયકૃત 'ચન્દ્રગુણાવલી લેખ', કવિ રૂપવિજયકૃત 'નેમ રાજુલ લેખ'; સજન પંડિતકૃત 'સ્થૂલિભદ્ર કોશા કાગળ', અજ્ઞાત કવિ કૃત 'જીવચેતના કાગળ' વગેરે. આ કૃતિઓની હસ્તપ્રત મળે છે તે ઉપરથી મધ્યકાલીન પત્ર વિશે વિગતવાર માહિતી અધ્યયન દ્વારા ઉપલબ્ધ થઈ શકે છે.

મધ્યકાલીન વિગતોની સાથે અર્વાચીન જૈન સાહિત્યમાં ગદ્યશૈલીમાં વિવિધ પ્રકારના પત્રો લખાય છે અને જૈન પત્ર-સાહિત્ય સ્વતંત્ર રીતે પોતાની અસ્મિતા પ્રગટ કરે છે. કેટલાક પત્ર-લેખકોનો સંક્ષિપ્ત પરિચય જૈન પત્ર-સાહિત્યની વિશાલ સૃષ્ટિનો ખ્યાલ આપવા માટે સમર્થ બને છે. યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરિએ 'પત્ર સદુપદેશ'ની ત્રણ ભાગમાં રચના કરી છે. શીર્ષક ઉપરથી જ સાંપ્રદાયિક ઉપદેશનો અર્થ સમજાય છે. આ પત્રો પૂ. અજિતસાગરજી મ.સા. અને અન્ય ભક્તોને ઉદ્દેશીને લખાયા છે. શ્રુતજ્ઞાનનો અભ્યાસ, નીતિમત્તા, મૃત્યુનું રહસ્ય, સંયમ-જીવનની સાધના જેવા વિષયોને તે સ્પર્શે છે. એમની વિવેચનાત્મક શૈલીને કારણે પત્રો લઘુ અને દીર્ઘ લેખ સમાન બન્યા છે. આ પત્રોમાં કાવ્યનો પણ આશ્રય લીધો હોવાથી એમની કવિ પ્રતિભાનો પરિચય મળે છે. 'તીર્થયાત્રાનું વિમાન' એક દીર્ઘ પત્ર છે કે જે ઉત્તમ લેખની કક્ષાનું સ્થાન ધરાવે છે. પૂ. શ્રીએ તીર્થયાત્રા અને જીવનવ્યવહારની શુદ્ધિ વિશેની વાસ્તવિક પરિસ્થિતિના નિરૂપણ દ્વારા સાચો માર્ગ દર્શાવ્યો છે. એમની વેધક અને કટાક્ષયુક્ત શૈલીમાં વ્યક્ત થયેલા વિચારો આમજનતા પર પ્રભાવોત્પાદક બન્યા છે. પૂ.શ્રીએ આ પત્રો દ્વારા જૈન સમાજને જાગૃત કરવા માટેનો પડકાર ફેંક્યો છે જેને ઝીલીને જૈન સમાજ સાચા જૈનત્વને દીપાવી શકે.

પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજય ગણિવર્યે ૧૦ પુસ્તકો પત્ર-સાહિત્યનાં પ્રગટ કર્યાં છે તેમાં ૪૩૦ જેટલા વિવિધ વિષયના પત્રો શિષ્યો અને શ્રાવકોને ઉદ્દેશીને લખાયા છે. એમના પત્રો મુદ્દાસર અને માહિતી પ્રધાન છે. પૂ.શ્રીએ પત્ર સ્વરૂપને વફાદાર રહીને નમૂનેદાર પત્રોની ભેટ આપી છે. તેમાં આત્માના દિવ્ય સ્વરૂપને પ્રગટ કરવા માટેના વિચારોની સાથે નમસ્કાર મહામંત્ર, વૈરાગ્ય, સમતા, સમકિત, જ્ઞાનોપાસના જેવા વિષયોનો સમાવેશ થાય છે. ટૂંકમાં એમના પત્રો સાધુ અને શ્રાવક વર્ગને જીવન ઘડતર માટે પાથેય સમાન છે.

'સાગરનું ઝવેરાત'ના પત્રોમાં પૂ. સાગરાનંદસૂરિશ્વરજીના ગુરૂ ઝવેરસાગરજી ઉપર આત્મારામજી, શાંતિવિજય, દાનસૂરિ, કમલવિજય વગેરેએ લખેલા પત્રોનો સંચય છે તે ઉપરથી પૂ. ઝવેરસાગરજીના વ્યક્તિત્વનો પરિચય થાય છે.

અમેરિકાના શિકાગો શહેરમાં વિશ્વ ધર્મ પરિષદ યોજાઈ હતી તેમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે પૂ. આત્મારામજીને ઉપસ્થિત રહી ભાગ લેવા આમંત્રણ મળ્યું હતું તે અંગેના પત્રોથી આત્મારામજીની સંયમજીવનની નિષ્ઠાની સાથે જૈન પ્રતિનિધિને મોકલવા માટેની એમની યોજના દ્વારા જૈન ધર્મની વિદેશમાં સ્વતંત્ર અસ્મિતા ઊભી થઈ હતી. આ પત્રોથી પૂ.શ્રીની પ્રતિભાનો લાક્ષણિક પરિચય એ.એફ.રૂડોલ્ફ હોર્નલના પત્રોથી જાણી શકાય છે.

યુગવીર આચાર્ય ભાગ-૩માં આચાર્ય શ્રી વલ્લભસૂરિના પત્રોનો સંચય થયો છે. એમના પત્રો હિન્દી અને ગુજરાતી ભાષામાં છે. પૂ.શ્રી દ્વારા વહીવટી નિષ્ઠા, દૂરગામી દીર્ઘદૃષ્ટિ, સામાજિક જાગૃતિ, સંઘની ઉન્નતિ, શિક્ષણનો પ્રચાર જેવા વિષયોના પત્રો લખાયેલા છે. તીક્ષ્ણ બાણ સમાન અસરકારક આ પત્રો શૂરાતન જગાડીને કર્તવ્યનિષ્ઠા કેળવાય તેમાં પ્રેરણા આપે છે. પત્રો દ્વારા એમનાં ઉત્સાહ, પુરુષાર્થ અને જનસેવાની ઉત્કટ ભાવના પ્રગટ થયેલાં નિહાળી શકાય છે.

પ. પૂ. પં. શ્રી અભયસાગરજી મ.સા.એ સંયમની આરાધના સાથે નમસ્કાર મહામંત્રની વિશદ અને વિશિષ્ટ કોટિની સાધના કરી હતી. તેના પરિપાક રૂપે 'નમસ્કાર મહામંત્ર તત્ત્વચંદ્રિકા' નામનું પત્રોનું પુસ્તક પ્રગટ થયું છે. તેમાં નમસ્કાર મહામંત્ર વિશેના વૈવિધ્યપૂર્ણ વિચારોની સાથે મહામંત્રની સાધનાનો માર્ગ દર્શાવ્યો છે.

પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિના પત્રો 'ગુરુદેવના પત્રો' નામથી પ્રગટ થયા છે. જૈન સંઘની એકતા અને અખંડિતતા જળવાય, આત્માનું કલ્યાણ થાય તેવા ઉદાત્ત વિચારોથી એમના પત્રો ભક્તોને માટે અનેરું આકર્ષણ છે. ગુરુવાણી સહજ રીતે વ્યક્ત થયેલી આ પત્રોમાં નિહાળી શકાય છે. પૂ.શ્રીનું વાત્સલ્ય અપૂર્વ હતું તેનો પણ લાક્ષણિક પરિચય થાય છે.

આચાર્ય શ્રી રત્નસુંદરવિજયજીકૃત 'પ્રેમસભર પત્રમાળા' જૈનત્વના સંસ્કારના વિચારો આધુનિક શૈલીમાં દર્શાવે છે. આ પત્રોની કાવ્યમય શૈલી ભાવવાહી છે. તેમાંથી વ્યવહાર અને ધર્મ વિશેના ઉદાત્ત વિચારો મળે છે.

આચાર્ય શ્રી રાજયશસૂરિએ 'પત્ર પાથેય'માં જૈન ધર્મનાં લોકોત્તર પર્વોની આરાધના કરવા માટે પત્રો લખ્યા છે અને આકર્ષક શીર્ષક યોજનાથી પત્રો વાંચવાની જિજ્ઞાસા જાગૃત થાય છે. ટૂંકમાં આ પત્રો પર્વોની આરાધનાથી માનવ જન્મ સફળ કરવાનો પરોક્ષ રીતે ઉપદેશ આપે છે.

બંધુ ત્રિપુટીમાંના મુનિ કીર્તિચન્દ્રવિજયજીએ 'પર્યુષણ પત્રમાળા'ના પત્રોમાં પર્વાધિરાજની આરાધનાનો શુભ સંદેશ પાઠવ્યો છે.

જૈન પત્ર-સાહિત્યમાં નવી ભાત પાડતી એક રચના આચાર્ય શ્રી યશોદેવસૂરિ (મુનિ યશોવિજયજી) કૃત 'યશોધર્મ પત્ર પરિમલ' છે. આ પત્રો દ્વારા સાહિત્ય, કલા, સ્થાપત્ય અને શ્રુતજ્ઞાનરસિક પૂ. યશોવિજયજીનાં વ્યક્તિત્વનો પરિચય મળે છે. આ પત્રો પૂ.શ્રીનું જીવન ચરિત્ર લખવા માટે ઐતિહાસિક દસ્તાવેજી માહિતી પૂરી પાડે છે.

મુનિ જંબુવિજયજીએ ૮૦ વર્ષની ઉંમરે વિહાર કરીને બદરીકેદાર, હરિદ્વાર અને હિમાલય વિસ્તારનો પ્રવાસ કરી પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિને

વિહાર દરમ્યાન વિવિધ સ્થળોથી પત્રો લખ્યા હતા તે 'હિમાલયની પદયાત્રા' નામથી પ્રગટ થયેલ છે. આ પત્રોમાં સાંસ્કૃતિક માહિતી, પ્રકૃતિ-નિરૂપણ, સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક વિગતોનો સમાવેશ થાય છે. જૈન પત્ર-સાહિત્યમાં તદ્દન નવા વિષય ઉપરના પત્રો આ સ્વરૂપના વિકાસમાં અદ્ભુત સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

મહાન સાધક અને અધ્યાત્મમૂર્તિ સમા પૂ. અમરેન્દ્રવિજયના પત્રો પૂ.શ્રીની સાધનાની અનુભૂતિને આધારે આધ્યાત્મિક વિકાસના વિચારો સાધકને ઉપયોગી નીવડે તેવી રીતે પ્રગટ થયા છે.

મુનિ રત્નસેનવિજયજીએ હિન્દી ભાષામાં 'જીવન કી મંગલ યાત્રા' નામના પુસ્તકમાં માનવ જન્મ સાર્થક કરવા માટેના પત્રો લખ્યા છે. આ ઉપદેશાત્મક પત્રોમાં દુર્ગુણોનો ત્યાગ અને સદ્ગુણોનો વિકાસ થાય તેવા અનન્ય પ્રેરક વિચારો વ્યક્ત થયા છે.

વીસમી સદીના મહાન ફિલસૂફ અને અધ્યાત્મયોગી શ્રીમદ્ રાજચંદ્રના ૯૫૫ જેટલા પત્રોમાં એમની સાધનાનો માર્ગ અને આત્મકલ્યાણકારી વિચારો પ્રસંગોપાત વ્યક્ત થયા છે. અનુભવસિદ્ધ અને અંતરની શુભ ભાવનાથી ભક્તોને પત્રો દ્વારા જીવનશુદ્ધિ અને આત્મસાક્ષાત્કાર માટે પ્રેરક વચનામૃતો પ્રાપ્ત થાય છે.

કાનજી સ્વામીના મતના અનુયાયી નિહાલચંદ સોગાનીની આધ્યાત્મિક પત્રમાળામાં આત્માનુભૂતિની અનેરી મસ્તીની અભિવ્યક્તિ થઈ છે.

મૈસુરના હમ્પી આશ્રમના સ્થાપક અને શ્રીમદ્ રાજચંદ્રના અનુયાયી પૂ. શ્રી સહજાનંદઘનના પત્રોમાં માનવતાવાદી વિચારોની સાથે જીવનલક્ષી વિચારો અને આત્મતત્ત્વની વિચારણાને લગતી માહિતી જોવા મળે છે.

સ્થાનકવાસી સંપ્રદાયના નાનચંદજી સ્વામીએ સામાજિક જાગૃતિ, શિક્ષણ, માનવતા, આધ્યાત્મિક વિકાસ જેવા વિષયના પત્રો લખ્યા છે. એમના વિચારો અત્યંત અસરકારક અને હૃદયંગમ છે. આ પત્રો ઉપરથી એમની માનવ કલ્યાણની ઉદાત્ત ભાવના પ્રગટ થાય છે. એ સાથે એમની પ્રતિભાશાળી સંત પ્રકૃતિનો પરિચય થાય છે.

અક્રમ વિજ્ઞાનના સ્થાપક દાદા ભગવાનની વિચારધારાને અનુસરીને 'પત્રનિશ્ચય'માં શ્રી ચંદ્રકાંત પટેલના પત્રો પ્રાપ્ત થાય છે.

જૈન સાહિત્યના પત્રલેખકોનો આ મિતાક્ષરી પરિચય પત્ર-સ્વરૂપના વિકાસની સાથે સમૃદ્ધિ દર્શાવે છે. વળી તેમાં ભારતીય સંસ્કૃતિના સર્વ જનહિતાય એવા માનવતાવાદી અને આધ્યાત્મિક વિચારોનો સંચય થયો છે.

જૈન પત્ર-સાહિત્યના પત્રો શિષ્યો અને શ્રાવકોને ઉદ્દેશીને લખાયા છે તેની સાથે પૂ. સાધ્વીજી મ.સા.ને ઉદ્દેશીને લખાયેલા કેટલાક પત્રો પ્રાપ્ત થાય છે. સુવિશાળ સ્વ. ગચ્છાધિપતિ આ. વિજયરામચન્દ્રસૂરિશ્વરના સમુદાયનાં વડીલ સાધ્વીજીશ્રી જયાશ્રીજી અને આર્યયશાશ્રીજીના પત્રો પ્રગટ થયા છે. તેમાં સમાધિ અને વૈરાગ્યની સાથે કર્મવાદના વિચારો વ્યક્ત થયા છે. આ. વિક્રમસૂરિએ વડીલ સાધ્વીજીશ્રી વિમલાશ્રીજીને ઉદ્દેશીને સંયમમાં સ્થિરતા તથા કર્મજન્ય સુખદુઃખમાં સમતા રાખવાની હિતશિક્ષા આપવા પત્રો લખ્યા છે.

શ્રાવકવર્ગમાંથી ગત શતકના કવિ મનસુખલાલે આત્મબોધ પત્રિકા લખીને આત્માને મોક્ષની સાધનામાં ઉપયોગી એવા જૈન દર્શનના વિચારો દર્શાવ્યા છે. તેમાં દાર્શનિક વિચારોવાળા પારિભાષિક શબ્દોનું પ્રમાણ વિશેષ છે. પંડિત શ્રી અમૃતલાલ કાળીદાસ દોશીએ પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયગણિવર્યને પત્રો લખ્યા હતા તે અને અન્ય મૌલિક ચિંતન-મનનને આધારે પત્રો લખ્યા છે તે એમના પુત્ર ચંદ્રકાંતભાઇએ 'અધ્યાત્મ પત્ર સાર' નામથી પ્રગટ કર્યા છે.

આપણા જૈન પત્રસાહિત્યમાં વ્યક્ત થયેલા વિચારોના આધાર તરીકે આગમ શાસ્ત્ર અને પૂર્વાચાર્યોના ગ્રંથોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શિષ્ય અને ભક્ત શ્રાવકોને ઉદ્દેશીને લખાયેલા પત્રો એમના સર્વાંગી વિકાસ અને કલ્યાણની ભાવનાથી લખાયા છે. શિષ્યની સંયમ યાત્રા સફળ થાય તે માટે હિતશિક્ષા નામથી પણ સ્વતંત્ર પત્રો લખાયા છે. શ્રાવકો નીતિપરાયણ જીવન જીવે અને ધર્મ આરાધના કરે તેવા હેતુથી માર્ગદર્શનરૂપે પત્રો લખાયા છે.

મોટા ભાગના પત્રો પત્ર-સ્વરૂપને અનુરૂપ છે. આ. બુદ્ધિસાગરસૂરિના પત્રો વધુ વિસ્તારવાળા છે. પત્રના આરંભમાં તારીખ, મહિનો, વાર, તિથિ, વર્ષ વગેરેનો ઉલ્લેખ થયેલો છે. શિષ્ય તેમજ ભક્તોને ઉચિત સંબોધન કરવામાં આવ્યું છે.

ગુરુ શિષ્યના સંબંધથી લખાયેલા પત્રોમાં શિષ્યના આધ્યાત્મિક વિકાસની સાથે વાત્સલ્યભાવ સહજરૂપે જોવા મળે છે. ગુરુકૃપા અને આશીર્વાદ -રૂપે પણ પત્રમાં વિચારો વ્યક્ત થયા છે. પત્રો તો અંગત એટલે કે કોઈ એક વ્યક્તિને ઉદ્દેશીને લખાયેલા છે પણ આ પત્રો સૌ કોઇને માટે ઉપયોગી છે.

સંયમ જીવન વિશેના પત્રો સૌ કોઈ સાધુ-ભગવંતનોને માટે માર્ગસૂચક છે એટલે આ પત્રો અંગત હોવા છતાં પુસ્તકરૂપે પ્રગટ થતાં સર્વને માટે કલ્યાણકારી બને છે. તેવી જ રીતે શ્રાવકોને લખાયેલા પત્રો સમસ્ત શ્રાવક વર્ગને સ્પર્શે છે. પત્રો માહિતીપ્રધાન હોવાની સાથે ગુરુની સાધનાના અનુભવની વાણી પણ વચનામૃત સમાન બની છે.

આ. બુદ્ધિસાગરસૂરિ, શ્રીમદ્ રાજચંદ્ર, નાનચંદજી સ્વામી, સહજાનંદઘન, પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય વગેરેના પત્રોમાં ઉચ્ચ કોટિની આધ્યાત્મિકતા સ્થાન પામી છે. જ્યારે પૂ. પં. શ્રી અભયસાગરજીના પત્રોમાં નમસ્કાર મહામંત્રના રહસ્યનું ઉદ્ઘાટન થયેલું હોવાથી મહામંત્ર વિશેની વૈવિધ્યપૂર્ણ વિગતો જાણવા મળે છે. પત્રોમાં પત્રલેખકના નામનો અંતમાં ઉલ્લેખ થયો છે. પત્રો સહજભાવથી લખાયેલા છે. તેની શૈલી સરળ અને સુગ્રાહ્ય છે. અભિવ્યક્તિમાં કોઈ આડંબર નથી. પણ પ્રસંગોચિત યોગ્ય લાગ્યું તે પ્રમાણે પત્ર લેખકોએ કલ્યાણની ભાવનાથી લખ્યું છે.

જૈન પત્ર-સાહિત્યનો સઘન અભ્યાસ કરવામાં આવે તો જણાશે કે તેનાથી સાંસ્કૃતિક મૂલ્યોનું રક્ષણ થયેલું છે અને તેના દ્વારા માનવીય ગુણોના વિકાસનું ઉત્તમોત્તમ કાર્ય થયું છે.

ભૌતિકવાદના સમસ્યામૂલક જીવનમાં માનવ જન્મ અકાળે નિષ્ફળ જાય તે પહેલાં આવા પ્રેરણાદાયી પત્રોનું જો અધ્યયન થાય તો તે જીવનને ઉર્ધ્વગામી બનાવવા માટે રાજમાર્ગ બતાવે છે.

## નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરીના આર્થિક સૌજન્યથી સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે ચિખોદરાની આંખની હૉસ્પિટલના સહયોગથી રવિવાર, તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૩ના રોજ સંખેડા પાસે મંગલભારતી નામની સંસ્થામાં નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના કેટલાક પદાધિકારીઓ તથા સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

☐ મંત્રીઓ

# પાઠશાળાના શિક્ષકો માટેની યોગ્યતા

□ મુનિશ્રી હિતવિજયજી

દુનિયાના કોઈ પણ ક્ષેત્રમાં નોકરી મેળવવા માટે તે તે કાર્યને અનુરૂપ થોડીઘણી પણ લાયકાત મેળવવાની જરૂર પડે છે. માણસને નોકરીમાં રાખનાર વેપારીઓ વગેરે પણ સદાચાર, પ્રામાણિકતા, નિયમિતતા, ચોકસાઈ વગેરે ગુણો તથા માણસ પાસે જે કામ કરાવવાનું હોય તે કાર્યને અનુરૂપ થોડીઘણી પણ લાયકાત જેનામાં હોય એવા જ માણસને નોકરીમાં રાખે છે. આંધળુકિયા કરીને આવડત વગરનાને કે લાયકાત વગરનાને તેઓ નોકરીમાં રાખતા નથી.

દુનિયામાં સર્વત્ર નોકરી મેળવવા માટે જો લાયકાતની જરૂર પડતી હોય તો પાઠશાળામાં બાળકોને ધાર્મિક ક્રિયાનાં સૂત્રો વગેરે કંઠસ્થ કરાવવા માટે શિક્ષક-શિક્ષિકા તરીકેની ફરજ બજાવવા માટે પણ નીચે મુજબની લાયકાતો હોવી જરૂરી છે :

૧. સદાચાર, શિસ્ત, સંઘવાત્સલ્ય, દેવગુરુ પ્રત્યે શ્રદ્ધા-બહુમાનભર્યો ભક્તિભાવ, શ્રાવક ધર્મના આચારોનું યથાશક્તિ પાલન, નિયમિતતા અને નિર્વ્યસનીપણું આ બધા ગુણો આવશ્યક છે.

૨. તદુપરાંત ખૂબ ખૂબ મહત્ત્વની લાયકાત તે ઉચ્ચારશુદ્ધિની છે. ઉચ્ચારશુદ્ધિ માટે સ્વરોનું અને વ્યંજનોનું યથાર્થ જ્ઞાન હોવું અત્યંત આવશ્યક છે.

'ઘ-ધ' અને 'દ્' જેવા અક્ષરોનું જ્ઞાન,

'ઘ-ઘ-દ્વ-દ્ર-દ્ધ-દ્ધ-ક્ષ-જ્ઞ-સ-સ્ત્ર-હ્મ' વગેરે જોડાક્ષરોનું જ્ઞાન અને એમાં જોડાયેલા અક્ષરોનું તથા એના સુવિશુદ્ધ ઉચ્ચારોનું જ્ઞાન,

'દ્-દ્ર' જેવા અક્ષર-જોડાક્ષરના ભેદનું અને એના શુદ્ધ ઉચ્ચારનું જ્ઞાન,

'ગૃહ-ગ્રહ' જેવા શબ્દોમાં 'ઋ' સ્વર અને 'ર' વ્યંજનના ભેદનું અને 'ઋ'ના સ્થાને 'ર'નો ઉચ્ચાર કરવાથી શબ્દોના અર્થમાં થતા ફેરફારનું જ્ઞાન; દા.ત., ગૃહ=ઘર; ગ્રહ=ચંદ્ર, સૂર્ય વગેરે.

જોડાક્ષરમાં રેફનું સ્થાન અને રેફના શુદ્ધ ઉચ્ચારનું જ્ઞાન,

'ઙ-ઞ-ણ-મ' આ પાંચ અનુનાસિક વ્યંજનોનું અને એના શુદ્ધ ઉચ્ચારનું જ્ઞાન; દા. ત., 'સંઘ, પંચ, કંઠ, સંત, સંપ' આવા શબ્દોમાંના અનુસ્વારના (મીંડા)ના સ્થાને 'સઙ્ઘ, પઞ્ચ, કણ્ઠ, સન્ત, સમ્પ' આ પ્રમાણે તે તે અનુનાસિક વ્યંજનોના શુદ્ધ ઉચ્ચારનું જ્ઞાન,

'હંસ, હિંસા, પ્રશંસા, સિંહ' જેવા શબ્દોમાંના અનુસ્વાર (મીંડા)ના શુદ્ધ ઉચ્ચારનું જ્ઞાન,

તથા 'વિસર્ગ'ના શુદ્ધ ઉચ્ચારનું અને અવગ્રહ (ઽ) ચિહ્નનું યથાર્થ જ્ઞાન હોવું ખૂબ જરૂરી છે.

વળી સૂત્રોમાં આવતા જોડાક્ષરોવાળા કઠણ શબ્દોનો, અલ્પ ક્ષયોપશમવાળાં બાળકોને પણ સહેલાઇથી શુદ્ધ ઉચ્ચારો શીખવવાની કળાનું જ્ઞાન પણ હોવું જોઇએ.

ઉપર મુજબનું બધું જ્ઞાન જેને હોય તેના જ ઉચ્ચારો શુદ્ધ હોય. જેના પોતાના ઉચ્ચારો શુદ્ધ હોય તે જ શિક્ષક-શિક્ષિકા, ભણનારાં બાળકોને શુદ્ધ ઉચ્ચારોપૂર્વક સૂત્રપાઠ આપી શકે, પરંતુ જે શિક્ષક-શિક્ષિકાના પોતાના ઉચ્ચારો અશુદ્ધ હોય તે શિક્ષક-શિક્ષિકા બાળકોને પણ અશુદ્ધ સૂત્રપાઠ આપે તો એથી બાળકો શુદ્ધ ઉચ્ચારપૂર્વક સૂત્રપાઠ શીખી શકે નહિ અને ઉચ્ચારની અશુદ્ધિઓ પરંપરામાં વહેતી જ રહે.

કેટલાંક ગામોની પાઠશાળામાં માત્ર બે પ્રતિક્રમણ જ ભણેલાં શિક્ષક-શિક્ષિકા હોય છે, વળી એમને શુદ્ધ ઉચ્ચાર આદિનું કોઈ વિશેષ જ્ઞાન પણ હોતું નથી. તેઓ ભણનારને શું આપી શકે ?

ક્યાંક તો કોઈક નિશાળના શિક્ષકને પાઠશાળાના શિક્ષક તરીકે ગોઠવી દેવામાં આવ્યા હોય છે. એમણે સૂત્રો કંઠસ્થ કરેલાં હોતાં નથી. તેઓ તો માત્ર પુસ્તકમાં જોઇને ગાથા આપવા-લેવાનું કામ કરતા હોય છે. આવા શિક્ષક પાસેથી પણ વિશેષ શી અપેક્ષા રાખી શકાય ?

દુનિયાના શિક્ષણ-ક્ષેત્રમાં શિક્ષકો માટેની ટ્રેનિંગ કૉલેજમાં શિક્ષણ અંગેની તાલીમ લઇને, શિક્ષક તરીકેની લાયકાત મેળવ્યા પછી જ શાળામાં શિક્ષક તરીકેની નોકરી મેળવી શકાય છે, કારણ કે શિક્ષક-શિક્ષિકાનું સ્થાન ઘણી જવાબદારીવાળું હોય છે.

દુનિયાના શિક્ષણ કરતાં ધાર્મિક શિક્ષણનું મહત્ત્વ વિશેષ હોવાથી ધાર્મિક પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકાની શિક્ષણ અંગેની જવાબદારી તો દુનિયાદારીના શિક્ષણ કરતાંય વિશેષ હોય છે. એટલે શ્રી સંઘે પાઠશાળાઓનાં શિક્ષક-શિક્ષિકાઓ તૈયાર કરવા માટે સુવિશુદ્ધ ઉચ્ચારોપૂર્વક ધાર્મિક સૂત્રોના શિક્ષણની તાલીમ આપવા માટેનાં કેન્દ્રોની સ્થાપના અમુક અમુક મોટા શહેરોમાં કરવી જોઇએ. ધાર્મિક શિક્ષક-શિક્ષિકા તરીકેની ફરજ બજાવવા ઇચ્છનારા પુણ્યાત્માઓને સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર આદિની સુંદર તાલીમ આશરે એક મહિના જેટલા સમયમાં અપાયા પછી એમની પરીક્ષા લેવાય અને એ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાંઓને તાલીમ કેન્દ્રનું પ્રમાણપત્ર અપાય. આવું પ્રમાણપત્ર જેમણે મેળવ્યું હોય એમની જ ધાર્મિક પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકા તરીકે નિમણૂંક કરવામાં આવે તો જ તેઓ બાળકોને ધાર્મિક-સૂત્રો શુદ્ધ ઉચ્ચારપૂર્વક સારી રીતે શીખવી શકે અને ધાર્મિક શિક્ષણનું (પાઠશાળા)નું સારું પરિણામ લાવી શકે.

પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકા તરીકેનું પોતાનું કર્તવ્ય સાચી રીતે બજાવી શકાય, પોતાની ફરજ સારી રીતે અદા કરી શકાય તેમજ પોતાને અને ભણનારાં બાળકોને અશુદ્ધ ઉચ્ચારો કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો બંધ ન થાય અને અશુદ્ધિઓ પરંપરામાં વહેતી ન રહે તે માટે પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકા તરીકેની ફરજ બજાવવાની પવિત્ર ભાવનાવાળા પુણ્યાત્માઓએ શ્રી સંઘે સ્થાપેલા તાલીમ કેન્દ્રમાં વિશુદ્ધ ઉચ્ચાર આદિની સુંદર તાલીમ લઈને શિક્ષક-શિક્ષિકા તરીકેની લાયકાત અવશ્ય મેળવવી જોઇએ.

વિશેષમાં શક્ય હોય ત્યાં છોકરા-છોકરીઓની પાઠશાળાઓ અલગ હોવી જોઇએ તથા ભણાવનાર શિક્ષક-શિક્ષિકાની વ્યવસ્થા પણ અસદ્વર્તન ન થાય એવી, જિનશાસનની શોભા વધે એવી હોવી જોઇએ. શ્રાવકોનાં પંદર પચ્ચીસ કુટુંબવાળાં ગામોમાં પણ ભણાવનારના ચારિત્રનો આદર્શ ઊંચો રાખવો જોઇએ.

સ્ત્રી શિક્ષિકાઓના ધાર્મિક સૂત્રોના ઉચ્ચારો ઘણા અશુદ્ધ હોય છે, એટલું જ નહિ, એમનામાં શુદ્ધ ઉચ્ચારો પ્રત્યેની કાળજીનો પણ અભાવ હોય છે.

અશુદ્ધ ઉચ્ચારોપૂર્વક સૂત્રપાઠ આપવા-લેવાથી ભણનાર-ભણાવનાર બંનેને જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, જ્યારે શુદ્ધ ઉચ્ચારોપૂર્વક સૂત્રપાઠ આપવા-લેવાથી ઉભયપક્ષે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે, માટે જ ઉચ્ચારશુદ્ધિનું મહત્ત્વ ઘણું ઘણું છે.

નમોઽસ્તુ, સ્નાતસ્યા, નાની શાંતિ, મોટી શાંતિ, અજિત-શાંતિ તથા ભક્તામર, કલ્યાણમંદિર વગેરે સૂત્રો આદિમાં ઉચ્ચારશુદ્ધિની કાળજી ઘણી વધારે હોવી જરૂરી છે.

સૂત્રો જો શુદ્ધ ઉચ્ચારપૂર્વક બોલાતાં હોય તો બોલનાર-સાંભળનાર ઉભયપક્ષે આનંદનો અનુભવ થાય અને એકાગ્રતાથી સૂત્રો સાંભળવાનું મન પણ સૌને થાય.

શ્રી સંઘના અગ્રણીઓએ પણ પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકાઓમાં સદાચાર, નિયમિતતા, પ્રામાણિકતા, દેવગુરુ પ્રત્યે ભક્તિ-બહુમાન, ક્રિયારુચિ આદિ સદ્‌ગુણોની સાથે ઉચ્ચારશુદ્ધિની લાયકાત પણ અવશ્યમેવ હોવી જોઇએ અને એના માટે આગ્રહ પણ રાખવો જોઇએ.

દિન પ્રતિદિન વધતી જતી મોંઘવારીને નજર સમક્ષ રાખીને પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકાઓના પગારનું ધોરણ પણ એમનો નિભાવ સુખપૂર્વક થઈ શકે એવું હોવું જોઇએ. પાઠશાળાના શિક્ષક-શિક્ષિકાનો પ્રભાવ એવો હોવો જોઇએ કે વિદ્યાર્થીઓને ટી.વી. વગેરેનું આકર્ષણ પણ ઓછું રહે.

સંઘ નાનો હોય અને એથી મોટો પગાર આપી શકે તેમ ન હોય ત્યાં મોટા સંઘો એમને સહાયક બને તો ઓછા પગારે લાયકાત વગરનાને શિક્ષક-શિક્ષિકા તરીકે ગોઠવી દેવાનું બને નહિ. મોટા સંઘોમાં જ્યાં પગાર-ધોરણ સારા હોય છે ત્યાં પણ કેટલાક શિક્ષકોમાં જોઇએ તેવી ઉચ્ચારશુદ્ધિ હોતી નથી.

શ્રી સંઘના અગ્રણીઓએ આ વિષયમાં ખૂબ ખૂબ કાળજીવાળા બનીને પોતાની જવાબદારી સારી રીતે અદા કરવી જોઇએ. શ્રાવકોમાં મોટા ભાગે ઉચ્ચારશુદ્ધિનું જ્ઞાન હોતું નથી, એટલા માટે પાઠશાળાના શિક્ષક-શિક્ષિકા તરીકે જેમને પસંદ કરવામાં આવે તેમને સંસ્કૃત-પ્રાકૃતના સારા અભ્યાસી એવા વિદ્વાન સાધુ મહારાજ પાસે લઈ જઇને એમની ઉચ્ચારશુદ્ધિની પરીક્ષા કરાવવી જોઇએ અને ત્યાર પછી જ શિક્ષક-શિક્ષિકા તરીકે એમની નિમણૂંક કરવી જોઇએ.


## સંઘનાં પ્રકાશનો

સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :

| | | | કિંમત રૂા. |
|---|---|---|---|
| (૧) | પાસપોર્ટની પાંખે | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૨) | પાસપોર્ટની પાંખે -ઉત્તરાલેખન | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૩) | ગુર્જર ફાગુસાહિત્ય | રમણલાલ ચી. શાહ | ૧૦૦-૦૦ |
| (૪) | આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | ૧૦૦-૦૦ |
| (૫) | ઝૂરતો ઉલ્લાસ | શૈલ પાલનપુરી (શૈલેશ કોઠારી) | ૮૦-૦૦ |
| (૬) | જૈન ધર્મનાં સ્વાધ્યાય -સુમન | ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયાનો લેખ સંગ્રહ | ૧૦૦-૦૦ |


## કાર્યવાહક સમિતિ ૨૦૦૨-૨૦૦૩-૨૦૦૪

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા ગુરુવાર તા. ૧૬-૧-૨૦૦૩ના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી, જેમાં સને ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષ માટે હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો તથા નિમંત્રિત સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

### હોદ્દેદારો

પ્રમુખ : શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
ઉપપ્રમુખ : શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ
મંત્રીઓ : શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ
સહમંત્રી : શ્રીમતી વર્ષાબહેન રાજુભાઈ શાહ
કોષાધ્યક્ષ : શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
સભ્યો : ડૉ. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ
પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી
શ્રી નટુભાઈ પટેલ
કુ. વસુબહેન ભણશાલી
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
કુ. મીનાબહેન શાહ
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ
શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા
શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા
શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા
શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
કો ઓપ્ટ સભ્યો : શ્રી શૈલેશભાઈ હિંમતલાલ કોઠારી
શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ
કુ. યશોમતીબહેન શાહ
શ્રીમતી કલાવતી શાંતિલાલ મહેતા
શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
નિમંત્રિત સભ્યો : શ્રી ભવરભાઈ વાલચંદ મહેતા
શ્રીમતી રેણુકાબહેન રાજેન્દ્રભાઈ જવેરી
શ્રી નીતિનભાઈ કાંતિલાલ સોનાવાલા
શ્રી રશ્મિભાઈ ભગવાનદાસ શાહ
શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ
શ્રી સુશીલાબહેન રમણીકલાલ શાહ
શ્રી હરિભાઈ ગુલાબચંદ શાહ
શ્રી બસંતલાલ નરસિંગપુરા
શ્રી દેવચંદ શામજી ગાલા
શ્રી ચંદ્રકાન્ત પરીખ
શ્રી રમણીકલાલ આર. સલોત
શ્રી જેવતલાલ સુખલાલ શાહ
ડૉ. શ્રી રાજુભાઈ એન. શાહ
શ્રીમતી ચંદ્રાબહેન પીયૂષભાઈ કોઠારી
શ્રી સુરેશભાઈ ખીમચંદ શાહ
શ્રી નીતિનભાઈ ચીમનલાલ શાહ
શ્રીમતી રમાબહેન નરેન્દ્રભાઈ કાપડિયા
શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ
શ્રીમતી અલકાબહેન કિરણભાઈ શાહ
શ્રીમતી હર્ષાબહેન ભરતભાઈ ડગલી
શ્રીમતી ભારતીબહેન દિલીપભાઈ શાહ
શ્રી કિશોરભાઈ મનસુખલાલ શાહ
શ્રી મહેન્દ્રભાઈ શામજી ગોસર
શ્રી શાન્તિભાઈ કરમશી ગોસર

# શ્રી સોમસુંદરસૂરિકૃત 'ઉપદેશમાલા બાલાવબોધ'-અંતર્ગત દૃષ્ટાંતકથાઓ : એક વિશ્લેષણ

□ ડૉ. કાન્તિભાઈ બી. શાહ

'ઉપદેશમાલા' એ મૂળ પ્રાકૃત ભાષામાં રચાયેલો ગ્રંથ છે. આ ગ્રંથના મૂળકર્તા શ્રી ધર્મદાસગણિ છે. પોતાના પુત્ર રણસિંહને આ ગ્રંથ ઉપયોગી બનશે એ અવધિજ્ઞાને જાણીને એમણે આ ગ્રંથની રચના કરી હતી.

આ ધર્મદાસગણિના જીવનકાળ અંગે કેટલાંક મતમતાંતરો છે. કેટલાક એમને મહાવીર પ્રભુના હાથે દીક્ષિત થયેલા માને છે, જ્યારે ઇતિહાસવિદો એમને મહાવીરના સમકાલીન નહીં પરંતુ મહાવીર નિર્વાણ (વીર સંવત ૫૨૦) પછી થયાનું માને છે. ત્રીજો એક મત એવો પણ છે કે મહાવીરદીક્ષિત ધર્મદાસગણિ અને આ ઉપદેશમાલાકાર ધર્મદાસગણિ અલગ અલગ છે.

મૂળ 'ઉપદેશમાલા' ગ્રંથ એ ઉપદેશપ્રધાન, વૈરાગ્યપ્રેરક અને ધર્માભિમુખ કરનારો ગ્રંથ છે. ભલે એનું નિમિત્ત કર્તાપુત્ર રણસિંહને પ્રતિબોધિત કરવાનું હોય પણ સમગ્ર જૈન સમુદાયને પ્રભાવિત કરનારો આ ગ્રંથ છે.

અનુયોગના ચાર પ્રકારો ૧. ચરણકરણાનુયોગ, ૨. દ્રવ્યાનુયોગ, ૩. ગણિતાનુયોગ અને ૪. ધર્મકથાનુયોગ-એ દૃષ્ટિએ વિચારતાં 'ઉપદેશમાલા'ને ચરણકરણાનુયોગનો ગ્રંથ ગણાવો પડે. કેમકે એમાં સાધુજીવનના મૂળ આચાર, સંયમના પાંચ મહાવ્રતો આદિ મૂળગુણ અને સંયમના પાંચ સમિતિ આદિ ઉત્તરગુણ એને વિશે વાત કરવામાં આવી છે. એ રીતે આખોયે ગ્રંથ મુખ્યત્વે 'સાધુજીવનની આચાર-સંહિતા' જેવો બન્યો છે.

સાધુ મહાત્માના જીવનમાં મન-વચન-કાયાથી શું હેય, શું ઉપાદેય હોય એની વાત અહીં મુખ્યત્વે કહેવાઈ છે. આ નિમિત્તે સાચા સાધુ અને શિથિલાચારી સાધુઓ વચ્ચેના ભેદ, પાસત્થા, ઓસન્ના અને સંવેગી સાધુઓ, ગુરુ-શિષ્યના સંબંધો, વિનીત શિષ્યના સદ્‌ગુણો અને દુર્વિનીત શિષ્યના દોષો, ગુરુના વચનમાં શિષ્યે રાખવાની શ્રદ્ધા, ગુરુ પ્રત્યેનો વિનય, ગુરુઆજ્ઞાપાલનમાં શિષ્યની તત્પરતા, સાધુજીવનમાં તપ-વ્રત-સંયમ-નિયમની દૃઢતા, સાધુના આહારવિહાર, ચરિત્રપાલન માટે દસ બોલની જયણા-એમ સાધુઆચારની અનેક ઝીણી વિગતોને આ ગ્રંથની ૫૪૪ ગાથાઓમાં આવરી લેવાઈ છે.

જેમ સાધુના આચારવિચારની, તેમ શ્રાવક-ધર્મની વાત પણ અહીં કહેવાઈ છે. શ્રાવકે ત્યજવાનાં અભક્ષ્યો, આજીવિકા કે વ્યવસાયમાં જાળવવાની શુદ્ધિ, શ્રાવકે કરવાનો સત્સંગ, પરિગ્રહત્યાગ વગેરેની વાતો અહીં રજૂ થઈ છે. એ સિવાય હળુકર્મી જીવ અને ભારેકર્મી જીવ, વસ્તુનું અનિત્યપણું, મોક્ષ-સુખની શ્રેષ્ઠતા, કર્મોનું સ્વરૂપ, રાગદ્વેષથી સર્જાતા અનર્થો, વિવેકી ને નિર્વિવેકી જીવોનો તફાવત, સ્વાર્થી સગાંઓ દ્વારા જ આચરાતું અહિત, મોક્ષમાર્ગની વિરાધનાનાં નિમિત્તો, દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકી લોકના સ્વરૂપો, મનુષ્યભવની દુર્લભતા જેવા અનેકવિધ વિષયોને અનુલક્ષીને અહીં ધર્મોપદેશ કરવામાં આવ્યો છે.

આ તો થઈ મૂળ ગ્રંથ 'ઉપદેશમાલા'ના વિષય અંગેની વાત. આ ગ્રંથની સિદ્ધિ એ છે કે આ ગ્રંથ ઉપર અનેક ટીકાગ્રંથો રચાયા છે. સંસ્કૃત-પ્રાકૃતમાં ટીકા, વિવરણ, અવસૂરિ, વૃત્તિ, કથાઓ ઉપરાંત ગુજરાતીમાં રચાયેલા બાલાવબોધોની ઘણી મોટી સંખ્યા જ આ ગ્રંથની પ્રભાવકતાનો મોટો પુરાવો છે.

'ઉપદેશમાલા' પરનો સૌથી મહત્ત્વનો ટીકાગ્રંથ 'હેયોપાદેય ટીકા' સં. ૯૭૪માં આચાર્ય સિદ્ધર્ષિગણિ પાસેથી મળે છે. આ ટીકાગ્રંથમાં એમણે મૂળ પાઠોને વ્યવસ્થિત કરી આપવા સાથે ગાથાઓમાં જે દૃષ્ટાંતોનો નિર્દેશ છે એ કથાઓને સંક્ષેપમાં સંસ્કૃત ભાષામાં રજૂ કરી આપી પાછળના ટીકાકારો ઘણું ખરું આ 'હેયોપાદેય ટીકા'ને અનુસર્યા છે.

'ઉપદેશમાલા' ગ્રંથ ઉપર જેમ સંસ્કૃત-પ્રાકૃત ટીકાગ્રંથો રચાયા છે એ રીતે આ જ ગ્રંથ ઉપર જૂની ગુજરાતીમાં બાલાવબોધો પણ રચાયા છે. એમાં સૌથી જૂનો બાલાવબોધ શ્રી સોમસુંદરસૂરિએ સં. ૧૪૮૫માં રચેલો 'ઉપદેશમાલા બાલાવબોધ' છે. એ પછી સં. ૧૫૪૩માં કોરંટગચ્છના શ્રી નન્નસૂરિએ 'ઉપદેશમાલા બાલાવબોધ' રચ્યો છે. આ ઉપરાંત 'જૈ.ગૂ.ક.'માં કેટલાક અજ્ઞાત કર્તાઓના ઉપદેશમાલા બાલાવબોધો નોંધાયેલા મળે છે.

આ 'બાલાવબોધ' શું છે ? શ્રી અનંતરાય રાવળ આ સ્વરૂપની લાક્ષણિકતા સંક્ષેપમાં આ પ્રમાણે જણાવે છે:

'બાલાવબોધ એટલે સમજશક્તિ અને જ્ઞાનભંડોળ પરત્વે બાલદશાના ગણાય એવા લોકોના અવબોધ અર્થે સંસ્કૃત-પ્રાકૃત કૃતિઓના સાદી ભાષામાં કરેલા સીધા અનુવાદ અથવા તેમના પર લખેલાં ભાષ્યાત્મક વ્યાખ્યાન. એવાં વ્યાખ્યાનમાં કેટલીકવાર દૃષ્ટાંતકથાઓથી મૂળનો અર્થાવબોધ કરાવવામાં આવતો.'

શ્રી સોમસુંદરસૂરિ કૃત 'ઉપદેશમાલા બાલાવબોધ' અદ્યાપિ પર્યંત અપ્રકાશિત ગ્રંથ હતો. તાજેતરમાં આ ગ્રંથનું મારે સંશોધન-સંપાદન કરવાનું થતાં અને એ નિમિત્તે કેટલાક અન્ય બાલાવબોધો જોવાના થતાં, આ બાલાવબોધો મુખ્યત્વે ત્રણ સ્તરના જણાયા છે.

કેટલાક બાલાવબોધ મૂળ ગ્રંથમાં આવતી ગાથાઓના કેવળ અનુવાદ જ હોય છે. હા, એ થોડોક રસળતો અનુવાદ હોય એમ બને. દા. ત. શ્રી નન્નસૂરિનો 'ઉપદેશમાલા બાલાવબોધ' આ પ્રથમ પ્રકારમાં આવે. કેટલાક બાલાવબોધો મૂળ સૂત્ર/ગાથાના અનુવાદરૂપ પણ હોય, ઉપરાંત વિવરણ રૂપે પણ હોય. શ્રી સોમસુંદરસૂરિનો 'ઉપદેશમાલા બાલાવબોધ' આ બીજા પ્રકારમાં આવે. એમાં બાલાવબોધકાર પ્રત્યેક મૂળ ગાથાનો ક્રમશઃ આંશિક નિર્દેશ કરતા જઈ, બહુધા એના શબ્દપર્યાયો-શબ્દાર્થો આપતા જઈ, ગાથાના કથ્ય વિષયને તત્કાલીન ગુજરાતી ભાષામાં રસળતા અનુવાદના સ્વરૂપે મૂકી આપે છે. પણ એ કેવળ અનુવાદ રહેતો નથી. વાચકને વિષયનો વિશદપણે અવબોધ થાય તે માટે બાલાવબોધકાર ખપ જોગો વિસ્તાર કરીને વિષયને સમજાવે છે. બાલાવબોધનો ત્રીજો પ્રકાર એ મૂળ રચનાના અતિ વિસ્તૃત વિવરણના પ્રકારનો છે. શ્રીમદ્ દેવચંદ્રજીએ પોતે જ રચેલી 'ચોવીશી' ઉપર જે સ્વોપજ્ઞ બાલાવબોધ આપ્યો છે તે આ પ્રકારનો છે. પ્રત્યેક સ્તવનની એક એક કડી પરના વિવરણમાં અનેક સંદર્ભગ્રંથોનો આધાર લઈ, એમાંનાં સંસ્કૃત-પ્રાકૃત અવતરણો ટાંકતા જઈ, દ્રવ્યાનુયોગની તેઓ જે ચર્ચા કરે છે તેને કારણે પ્રત્યેક સ્તવન પરનો એમનો બાલાવબોધ પાંડિત્યપૂર્ણ ભાષ્યાત્મક વ્યાખ્યાન બની જાય છે.

શ્રી સોમસુંદરસૂરિનો 'ઉપદેશમાલા બાલાવબોધ' નીચેનાં કારણોને લઇને મધ્યકાલીન ગુજરાતી ગદ્યસાહિત્યમાં અતિ મહત્ત્વનો ગ્રંથ બન્યો છે. (૧) 'ઉપદેશમાલા' પરનો એ સૌથી જૂનામાં જૂનો (સં. ૧૪૮૫માં રચાયેલો) બાલાવબોધ છે. (૨) 'ઉપદેશમાલા'ની મૂળ પ્રાકૃત ગાથાઓમાં જે દૃષ્ટાંતોનો કેવળ નિર્દેશ જ કરવામાં આવ્યો છે તે દૃષ્ટાંતોનું વસ્તુ લઇને આ કવિએ અહીં પોતાની રીતે, બાલાવબોધને છેડે, નાના-મોટા કદમાં જરૂર પ્રમાણે વિસ્તારીને દૃષ્ટાંતકથાઓ રજૂ કરી છે. એ રીતે બાલાવબોધકારનું એટલું સર્જકકર્મ પણ ત્યાં જોઈ શકાય છે. એક ઉદાહરણ લઈએ. 'ઉપદેશમાલા'ની મૂળ પ્રાકૃત ગાથા ૧૪૧મી આ પ્રમાણે છે.

अणुराएण जइस्स वि, सियायपत्तं पिया धरावेइ ।
तह वि य खंदकुमारो, न बंधुपासेहिं पडिबद्धो ॥ 141 ॥

(પિતા અનુરાગથી મુનિને સફેદ છત્ર ધરાવે છે, તો પણ સ્કંદકુમાર સ્વજનના સ્નેહપાસથી બંધાયા નહીં.)

અહીં સ્કંદકુમારની સ્વજનરાગની અલિપ્તતાના દૃષ્ટાંતનો માત્ર નિર્દેશ જ છે. પણ બાલાવબોધકાર બાલાવબોધને અંતે સ્કંદકુમારની સંક્ષિપ્ત કથા રજૂ કરે છે. (૩) આ દૃષ્ટાંતકથાઓમાં તત્કાલીન ગુજરાતી ભાષાનું બોલચાલનું સાહજિક સ્વરૂપ જળવાયું છે, કેમકે આ પદ્યકથા નથી, પણ ગદ્યકથાઓ છે. સામાન્ય તત્કાલીન બોલચાલની લઢણો, એ સમયે પ્રયોજાતા રૂઢિપ્રયોગો, ભાષાઅંતર્ગત શબ્દભંડોળ અને તે સમયની એની આગવી અર્થચ્છાયાઓનો પરિચય અહીં મળી રહે છે.

આ દૃષ્ટાંતકથાઓ જે આ બાલાવબોધનો સૌથી વિશેષ આસ્વાદ્ય અંશ છે એનું કેટલુંક વિશ્લેષણ કરવાનું આ લેખનું પ્રયોજન છે.

આપણાં આગમ-શાસ્ત્રોમાં અનુયોગના ચાર પ્રકારો પૈકી ધર્મકથાનુયોગ પણ એટલો જ મહત્ત્વનો પ્રકાર રહ્યો છે. છઠ્ઠું આગમ 'જ્ઞાતાધર્મકથાંગ' તો ધર્મકથાનુયોગની મુખ્યતાવાળું છે જ, પણ અન્ય આગમોમાંયે ઓછેવત્તે અંશે આ ધર્મકથાનુયોગ તો આવે જ છે. 'ઉપાસકદશા' (૭મું અંગ)માં મહાવીર પ્રભુના દસ શ્રાવકો (આનંદ, કામદેવ, ચુલણીપિતા આદિ)ની કથાઓ છે. 'અનુત્તરોપપાતિકદશા' (૯મું અંગ)માં અનુત્તર દેવલોક પ્રાપ્ત કરનારાઓની કથાઓ છે, ઉત્તરાધ્યયનસૂત્રમાં અનાથી મુનિ, સ્થૂલભદ્ર, નેમ-રાજુલ, રથનેમિ, કેશી ગણધર, પ્રદેશી રાજાની કથાઓ છે તો 'ભગવતી સૂત્ર-વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ' (૫મું અંગ) તો વળી ચારેય અનુયોગોને સમાવી લેતો આગમ-ગ્રંથ છે. આમ બૌદ્ધ આદિ અન્ય પરંપરાની જેમ જૈન પરંપરામાં પણ કથા દ્વારા ધર્મબોધની પ્રણાલિકા આજદિન સુધી સાધુ ભગવંતોનાં વ્યાખ્યાનો આદિમાં સચવાયેલી જોઈ શકાશે.

'ઉપદેશમાલા બાલાવબોધ'માં નાની-મોટી ૬૮ દૃષ્ટાંતકથાઓ ગાથાના બાલાવબોધને છેડે અલગ કથા રૂપે રજૂ થઈ છે. જ્યારે, ૧૫ જેટલી કથાઓ અલગ કથારૂપે અપાઈ નથી, પણ બાલાવબોધમાં જ સંક્ષિપ્ત દૃષ્ટાંત રૂપે સાંકળી લેવાઈ છે. એમ અહીં કુલ ૮૩ કથાઓ પ્રાપ્ત થાય છે.

**પાત્રાનુસાર કથાઓનું વર્ગીકરણ :**

**(૧) સાધુ મહાત્માઓની કથાઓ**

આખો ગ્રંથ જ મુખ્યત્વે સાધુ મહાત્માઓના આચાર-વિચાર અંગેનો હોઈ અહીં મોટા ભાગની દૃષ્ટાંતકથાઓ સાધુ મહાત્માઓનાં ચરિત્રોને લગતી અને ગુરુ-શિષ્ય સંબંધોને વિષય કરતી છે.

બાહુબલિ, જંબૂસ્વામી, ચિલાતીપુત્ર, ઢંઢણકુમાર, પ્રસન્નચંદ્ર રાજર્ષિ, સ્કંદકુમાર અને એમના ૫૦૦ શિષ્યો, હરિકેશબલ ઋષિ, વયરસ્વામી, નંદિષેણ, ગજસુકુમાલ, સ્થૂલિભદ્ર અને સિંહગુફાવાસી મુનિ, અવંતી સુકુમાલ, પીઢ-મહાપીઢ, મેતાર્યમુનિ, દત્તમુનિ, સુનક્ષત્ર મહાત્મા, કેશી ગણધર, કાલિકાચાર્ય, વારત્તક મહાત્મા, સાગરચંદ્ર, દઢ પ્રહારી મુનિ, સહસ્સમલ મહાત્મા, આર્ય મહાગિરિ, મેઘકુમાર (નવદીક્ષિત), ચંડરુદ્રગુરુ અને એમના સુશિષ્ય, અંગારમર્દક, મંગુ આચાર્ય, સેલગસૂરિ, પુંડરીક-કંડરીક, સંગમસૂરિ, અર્ણિકાપુત્ર વગેરે.

**(૨) મહાસતીઓ અને અન્ય નારીપાત્રોની કથાઓ**

મૃગાવતી, સુકુમાલિકા, ચંદનબાળા, મરુદેવીમાતા, સૂર્યકાંતા (પ્રદેશી રાજાની રાણી), ચુલણી માતા (બ્રહ્મદત્તની માતા), ચેલ્લણા, પુષ્કચૂલા રાણી.

**(૩) ચક્રવર્તીઓ, રાજાઓ, મંત્રીઓની કથાઓ**

સંવહન રાજાના ગર્ભસ્થ અંગવીર પુત્ર, ભરતેશ્વર ચક્રવર્તી, સનતકુમાર ચક્રવર્તી, બ્રહ્મદત્ત ચક્રવર્તી, ઉદાયી રાજા, ચંડપ્રદ્યોત રાજા, ચંદ્રાવતંસક રાજા, પ્રદેશી રાજા, શ્રેણિક રાજા અને પુત્ર કોણિક, પર્વતક રાજા, ચાણક્ય મંત્રી, પરશુરામ અને સુભૂમિ, દશાર્ણેય કૃષ્ણ મહારાજા, વસુદેવ રાજા, બલદેવ, શશિ અને સુરપ્રભ, અભયકુમાર.

**(૪) શ્રેષ્ઠીઓની કથાઓ**

તામલિ શ્રેષ્ઠી, શાલિભદ્ર, ધન્ના, કામદેવ, શ્રાવક, પૂરણ શ્રેષ્ઠી.

**(૫) તીર્થંકર, ગણધરની કથાઓ**

મહાવીર પ્રભુનો મરીચિભવ, ઋષભદેવ, ગૌતમ સ્વામી

**(૬) વિદ્યાધર, દેવ, પ્રત્યેકબુદ્ધની કથાઓ**

સત્યકિ વિદ્યાધર, દર્દુરાંકદેવ, કરકંડુ

**(૭) કેટલાંક અન્ય પાત્રોની કથાઓ**

ભીલ (જાસાસાસાની કથા-અંતર્ગત), રથકાર, દ્રમક ભિખારી, શિવભક્ત પુલિંદ, માતંગ, નાપિત અને ત્રિદંડી, ધૂર્ત બ્રાહ્મણ, જમાલિ, ગોસાલો, રાજા અને ચાર પ્રકારના ખેડૂતો, કાલસૂરિયો ખાટકી, કાલસૂરિયો ખાટકીપુત્ર સુલસ.

**(૮) પશુ-પંખીઓની કથાઓ**

મૃગલો, ગિરિશુક અને પુષ્પશુક એ બે પોપટબંધુ, માસાહસ પક્ષી, દુર્દુર (દર્દુરાંકદેવ અંતર્ગત), હાથી અને સસલું (મેઘકુમારનો પૂર્વભવ-વૃત્તાંત)

**કથાપ્રયોજનની દૃષ્ટિએ નોંધપાત્ર કથાગુચ્છો :**

**(૧) નિકટનાં સગાં જ સગાંનો અનર્થ કરે-એ પ્રયોજન વાળી કથાઓ**

આમ તો આ બાલાવબોધની એકેએક દૃષ્ટાંત કથા કોઈ ને કોઈ પ્રયોજનથી કહેવાઈ છે પણ એનાંથી બેએક પ્રયોજનોવાળી કથાઓ મોટી સંખ્યામાં અહીં જોવા મળે છે. એમાંથી નિકટનાં સગાં જ સગાંનો કેવો અનર્થ કરે છે એ દર્શાવતી કથાઓનું તો ૧૪૫ થી ૧૫૧ સુધીના ગાથાક્રમાંકોમાં આખું કથાગુચ્છ જ પ્રાપ્ત થાય છે. જેમાં માતા-પિતા-ભાઈ-પત્ની-પુત્ર-મિત્ર-અન્ય સગાં આ સંસારમાં કેવાં મનનાં દુઃખો કરી શકે છે એની કથાઓ આપીને એ સ્વજનો પ્રત્યે પણ સ્નેહ-રાગ ન કરવા કર્તા પ્રતિબોધ કરે છે.

૧. માતા પુત્રને અનર્થ કરે (ગા. ૧૪૫)
(ચુલણી માતા અને બ્રહ્મદત્ત પુત્રની કથા)

૨. પિતા પુત્રને અનર્થ કરે (ગા. ૧૪૬)
(કનકકેતુ પિતા અને કનકધ્વજ પુત્રની કથા)

૩. ભાઈ ભાઈને અનર્થ કરે (ગા. ૧૪૭)
(ભરત ચક્રવર્તી અને બાહુબલિની કથા)

૪. પત્ની પતિને અનર્થ કરે (ગા. ૧૪૮)
(પ્રદેશી રાજા અને સૂર્યકાંતા પત્નીની કથા)
૫. પુત્ર પિતાને અનર્થ કરે (ગા. ૧૪૯)
(શ્રેણિક રાજા અને પુત્ર કોણિકની કથા)
૬. મિત્ર મિત્રને અનર્થ કરે (ગા. ૧૫૦)
(ચાણક્ય અને પર્વતક રાજાની કથા)
૭. સગાં સગાંને અનર્થ કરે (ગા. ૧૫૧)
(પરશુરામ અને સૂભૂમિની કથા)

(૨) પૂર્વભવનાં કર્મોનો વિપાક અને એનાં સારાં-માઠાં ફળ દર્શાવતી કથાઓ

૧. ભીલની કથા અને તે અંતર્ગત વસંતપુરના અનંગસેન સોનીની કથા (ગા. ૩૩)
(પાછલા ભવનાં અને આ ભવનાં કેટલાંયે પાપ એવાં હોય જે બોલી પણ ન શકાય.)
૨. નંદિષેણ સાધુની કથા (ગા. ૫૩-૫૪)
(પૂર્વભવમાં કરેલા વૈયાવૃત્યાદિ તપના ફળ વિશે)
૩. મેઘકુમારની કથા (ગા. ૧૫૪)
(મહાવીર પ્રભુએ નવદીક્ષિત મેઘકુમારના વિચલિત મનને પૂર્વભવનો વૃત્તાંત કહીને સ્થિર કર્યું.)
૪. મેતાર્યમુનિની કથા (ગા. ૩૩૩)
(પૂર્વભવમાં જાતિકુલના ગર્વને કારણે પુરોહિતપુત્રનો જીવ નીચ કુળમાં મેઇણિને પેટે જન્મ પામે છે.
૫. હરિકેશબલની કથા (ગા. ૩૩૩)
(પૂર્વજન્મમાં સોમદેવ પુરોહિત પોતાના બ્રાહ્મણકુળના મદને કારણે નીચ ગોત્રમાં હરિકેશબલ રૂપે જન્મે છે.)
૬. મહાવીરના મરીચિ ભવની કથા (ગા. ૧૦૬)
(સૂત્રથી સ્પષ્ટ અને અર્થથી પ્રગટ એવો સાચો ધર્મ ન કહેનાર આવતા ભવમાં ધર્મની પ્રાપ્તિ હણે છે, જેમકે મહાવીર પ્રભુએ આદિનાથના બારામાં, એમના મરીચિ ભવમાં ધર્મ વિશે આડુંઅવળું વચન બોલતાં (ઇહયંપિ ઇત્થંપિ) જન્મ-જરા-મૃત્યુનો મોટો સાગર નિર્માણ થયો.)

વિવિધ કથનરીતિનું પ્રતિનિધિત્વ કરતી કેટલીક દૃષ્ટાંતકથાઓ:

(૧) રૂપકકથા સ્વરૂપે આવતી રાજા અને ચાર પ્રકારના ખેડૂતોની કથા (ગા. ૪૯૫ થી ૪૯૯)
(૨) સમસ્યા અને એના ઉકેલ સ્વરૂપે આવતી દર્દુરાંક દેવની કથા (ગા. ૪૩૯-૪૪૦)
(૩) નાટ્યાત્મક ચોટયુક્ત અને હૃદયસ્પર્શી કથા
૧. કાલસૂરિયા ખાટકીના પુત્ર સુલસની કથા (ગા. ૪૪૫)
૨. શ્રેણિક રાજા અને પુત્ર કોણિકની કથા (ગા. ૧૪૯)
(૪) અન્યોક્તિ સ્વરૂપે આવતી કથા
૧. માસાહસ પક્ષીની કથા (ગા. ૪૭૨)
૨. ગિરિશુક અને પુષ્પશુક એ બે પોપટબંધુની કથા (ગા. ૨૨૭)
(૫) જે દૃષ્ટાંતનું આલંબન ન લેવું જોઇએ એવી મરુદેવી માતાની કથા (ગા. ૧૭૯)

આ રીતે શ્રી સોમસુંદરસૂરિના આ બાલાવબોધ-ગ્રંથમાં ધર્મદાસગણિએ મૂળ ગાથાઓમાં કહેલો ધર્મોપદેશ તો છે જ, પણ અહીં એને અનુષંગે બાલાવબોધને છેડે નિરૂપાયેલી નાની-મોટી દૃષ્ટાંતકથાઓને લઈને બાલદશાના વાચકોના અવબોધ માટે આ ગ્રંથ આસ્વાદક પણ બન્યો છે. દૃષ્ટાંત કથાઓનાં વિષય, પ્રયોજન, પાત્રસૃષ્ટિ, કથનરીતિની, દૃષ્ટિએ, એના ભાષાકીય અને સાહિત્ય-સ્વરૂપને ધ્યાનમાં રાખીને એનું વિશ્લેષણ અભ્યાસનો એક રસપ્રદ મુદ્દો બની શકે એમ છે.

# યશોધીરકૃત પંચાખ્યાન બાલાવબોધ

☐ ડૉ. રણજિત પટેલ (अनामी)

મહારાજા સયાજીરાવ વિશ્વ-વિદ્યાલય, વડોદરાના ગુજરાતી વિભાગના 'પ્રાચીન ગુર્જર ગ્રંથમાળા'ના નવમા ગ્રંથરૂપે આ પ્રકાશન થયું છે...અને એના સંપાદકો ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ છે. આ સંપાદન માટે તેમણે નીચેની પાંચ હસ્તપ્રતોનો ઉપયોગ કર્યો છે.

(૧) મુનિશ્રી જિનવિજયજીના સંગ્રહની હસ્તપ્રત, (૨) ઈન્ડિયા ઑફિસ લાયબ્રેરી, લંડનની હસ્તપ્રત નં. ડ. ૩૪૦૦૦ની ફોટો નકલ, (૩) ભાણ્ડારકર ઓરિયેન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, પૂનાની હસ્તપ્રત નં. 289 of A 1882-83. (૪) શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરી (વડોદરા યુનિવર્સિટી લાયબ્રેરી)ની સચિત્ર હસ્તપ્રત અને (૫) ભાણ્ડારકર ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, પૂનાની હસ્તપ્રત નં. 424 of 1879-80. આ પાંચ હસ્તપ્રતો ઉપરાંત, ડૉ. સાંડેસરાને ૧૯૫૦માં એક સંશોધન-પ્રવાસ દરમિયાન ઉત્તર ગુજરાતના ચાણસ્માના જૈન ગ્રંથ ભંડારમાં આ બાલાવબોધની એક હસ્તપ્રત જોવામાં આવી હતી પણ સંપાદન-કાર્ય ટાણે એ ઉપલબ્ધ થઈ શકી નહીં અને સંપાદકને સાતમી એક હસ્તપ્રત, મ.સ.યુનિવર્સિટી, વડોદરાના ગુજરાતી વિભાગમાંથી, આશરે સત્તરમા શતકની-(પૃ. ૨-૧૩૨-પ્રથમ પત્ર નથી) પ્રાપ્ત થઈ પણ એ અરસામાં તો આ સંપાદનનું કાર્ય પતી ગયું હતું એટલે એ બંને હસ્તપ્રતોનો ઉપયોગ થઈ શક્યો નથી...મતલબ કે સંપાદકે પરિશ્રમપૂર્વક શક્ય હોય તે બધી જ હસ્તપ્રતો મેળવવા અને તેનો યોગ્ય વિનિયોગ કરવા બધો જ પ્રયત્ન કર્યો છે.

યશોધીરના અંગત જીવન અંગે કશું જ જાણવા મળતું નથી. એ મારુ-ગુર્જર પ્રદેશના વતની હતા, પણ ક્યાંના ? એ ચોક્કસ જાણવા મળ્યું નથી. કોઈ 'પુષ્પિકા'માં પણ આ વાતનો કશો જ ઉલ્લેખ નથી.

ઈ. સ. ૧૧૯૯માં, જૈન સાધુ પૂર્ણભદ્ર, 'પંચતંત્ર'નો પંચાખ્યાન તરીકે ઉલ્લેખ કરે છે અને એ પછી તો, જૈન સાહિત્યની પરંપરામાં 'પંચતંત્ર' કરતાં 'પંચાખ્યાન' નામ જ વિશેષ પ્રચારમાં રહ્યું છે. પૂર્ણભદ્ર, 'પંચતંત્ર'ની પ્રાચીન મૌલિક પરંપરાને અનુસર્યા છે તો યશોધીરે મોટે ભાગે પૂર્ણભદ્રના પંચતંત્રની પરંપરાને અનુસરી આ બાલાવબોધની રચના કરી છે. પૂર્ણભદ્રની વિસ્તૃત વાચનાનો આ બાલાવબોધ છે. યશોધીરનો આ બાલાવબોધ, મૂળ સંસ્કૃત કૃતિનો શબ્દશ: અનુવાદ નથી, અલબત્ત, ભાવાનુવાદ જરૂર છે. મૂળનો દોર ચૂક્યા વિના કરેલો આ સુબોધ સંક્ષેપ છે.

'પ્રતિપરિચય અને સંપાદનપદ્ધતિ'માં સંપાદક કહે છે તે પ્રમાણે મુનિશ્રી જિનવિજયજીવાળી હસ્તપ્રતનું (ભારતીય વિદ્યાભવન સંગ્રહવાળી) ભાષાસ્વરૂપ જૂનું છે. એનો લેખનકાળ સંવત ૧૬૦૩ પહેલાંનો હોવો જોઇએ...એ રીતે, આ સર્વ પ્રાપ્ત પ્રતોમાં જૂની હોવા ઉપરાંત પાંચેય

તંત્રોનો બાલાવબોધ આ હસ્તપ્રતમાં અખંડ કલ્પ હોવાથી તેને મુખ્ય પ્રત તરીકે સ્વીકારી તેના પરથી બાલાવબોધનો પાઠ તૈયાર કરવામાં આવ્યો છે.

'પહેલું તંત્ર-મિત્રભેદ'ની ૨૯ વાર્તાઓ લગભગ ૧૮૪ પૃષ્ઠોમાં અવબોધ સહિત કહેવાઈ છે તો એનાં પાઠાન્તરો પણ, કથાઓના મુકાબલે નાના ટાઈપમાં હોવા છતાં લગભગ ૧૮૪ પૃષ્ઠોમાં નોંધાયાં છે. એ પાઠાન્તરો ઉપર નજર નાખતાં સંપાદકોના પરિશ્રમની અને ચોકસાઈની સહેજે પ્રતીતિ થાય છે.

આ ગ્રંથની એક વિશેષતા, પ્રાપ્ત પ્રતોના પ્રથમ અને અંતિમ પત્રોના આમેજ કરેલા આઠ ફોટા અને યશોધીરકૃત 'પંચાખ્યાન'ની સચિત્ર-પ્રતમાંથી તેરેક ચિત્રો પસંદ કરી છાપ્યાં છે તે છે. આ 'પંચાખ્યાન'ના પ્રથમ તંત્રમાં કુલ ૪૭ ચિત્રો છે. તેમાંથી કેટલાંક (૧૩ માંથી) ત્રિરંગી અને કેટલાંક એકરંગી શાહીથી છાપ્યાં છે...અને આ તેરેય ચિત્રોનો એ વિષયના તદ્વિદ્ ડૉ. ઉમાકાન્ત શાહે વિગતે પરિચય કરાવ્યો છે. એ 'ચિત્ર-પરિચય' લેખ આ ગ્રંથની ઉપયોગિતામાં અધિક ઉમેરો કરે છે. 'પંચાખ્યાન'ની આ સચિત્ર પ્રતિને અંતે એના લેખનકાળનો ઉલ્લેખ નથી પણ ડૉ. ઉમાકાન્ત શાહે, આ ચિત્રશૈલી પરથી અનુમાન કર્યું છે કે તે, ઈ. સ.ના સોળમા સૈકાની શરૂઆતનો હોઈ શકે. આ ચિત્રકલાનો વિશેષ પરિચય આપતાં ડૉ. શાહ કહે છે: 'આ ગ્રન્થ ચિત્રકલાને ગુજરાતી ચિત્રકલા કહો કે પશ્ચિમભારતીય ચિત્રકલા કહો કે જૈન ચિત્રકલા કહો...એ બહુ મહત્ત્વનું નથી. પણ જૂની ભાષા અંગે જેમ શ્રી ઉમાશંકર જોષીએ સૂચન કર્યું હતું તેમ આ ચિત્રકલાને પણ વધુ સ્પષ્ટ રીતે ઓળખાવવી હોય તો આપણે એને 'મારુ-ગુર્જર-ગ્રન્થ ચિત્રકલા' કહી શકીએ. એ કલા, બંગાલ, બિહારના અને મોટા ભાગના નેપાલી ગ્રંથોના ચિત્રોની પાલશૈલીના નામે ઓળખાતી કલાથી જુદી પડે છે.' સંભવત: આ ચિત્રો ગુજરાતમાં જ ચિતરાયેલાં છે અને તે વિ. સં. ૧૬૨૫ કરતાં વિ. સં. ૧૬૦૦ની વધારે નજીક હોય એમ જણાય છે.

પાંચેય તંત્રોનું 'પંચાખ્યાન' તો અતીવ પ્રલંબ છે ને એનું સમૃદ્ધ ગદ્ય અને રસળતો ગદ્યાનુવાદ જૂની ગુજરાતીના ભૂષણરૂપ છે, પણ જો સંપાદકોએ એનો શબ્દકોષ આપ્યો હોત તો, સોળમા-સત્તરમા શતકના ભાષા-વિષયક અધ્યયનમાં અતિ ઉપયોગી થાત.

વિશ્વસાહિત્યના ગ્રન્થમણિઓમાં, વાર્તાઓના આકરગ્રંથ તરીકે અને માનવ ડહાપણના વ્યાવહારિક અદ્વિતીય ગ્રંથ તરીકે 'પંચતંત્ર'ની પ્રતિષ્ઠા થવાને કારણે, જગતની લગભગ ૬૦ ભાષાઓમાં લગભગ બસોથી ય વધારે એનાં ભાષાન્તરો, ભાવાનુવાદ ને રૂપાન્તરો થયાં છે ને વિશ્વના ધાર્મિક ગ્રંથોને બાદ કરતાં, 'પંચતંત્ર'ની લોકપ્રિયતા કોઈપણ ગ્રંથ કરતાં અધિક છે. યશોધીરનો આ 'પંચાખ્યાન બાલાવબોધ', જૂની ગુજરાતીમાં જાણવામાં આવેલ ગદ્યાનુવાદ કે પદ્યાનુવાદમાં સૌથી જૂની ઉપલબ્ધ ગદ્યકૃતિ છે પણ આ ઉપરાંત જૂની ગુજરાતીમાં સત્તરમા શતકથી તે ઓગણીસમા શતક સુધીમાં લખાયેલી 'પંચતંત્ર'-વિષયક અનેક કૃતિઓ ઉપલબ્ધ છે જેનો અછડતો ઉલ્લેખ વિદ્વાન સંપાદકે આ સંપાદનમાં તો કર્યો જ છે પણ તે વિષે અભ્યાસપૂર્ણ લેખ એમના (ડૉ. સાંડેસરાના) 'પંચતંત્ર'ના ગુજરાતી અનુવાદના 'ઉપોદઘાત'માં જોવા મળે છે.

યશોધીરકૃત પંચાખ્યાન બાલાવબોધની ૨૯ વાર્તાઓમાં ન્હાનામાં ન્હાની વાર્તા ૨૮ નંબરની છે જેનું શીર્ષક છે: 'રાજા અને સૂડાના બે પુત્ર.' મોટી વાર્તાઓમાં વચ્ચે વચ્ચે ઘણા સંસ્કૃત શ્લોકોનો સમુચિત વિનિયોગ થયો છે પણ ૨૮ નંબરની આ વાર્તામાં બાલાવબોધકારને અભિપ્રેત કેન્દ્રિત વિચારને ઉજાગર કરનાર શ્લોકને જ ટાંક્યો છે. વાર્તાની કથનશૈલી અને તત્કાલીન ગદ્યના નમૂના રૂપે એ નાનકડી કથા અહીં આપી છે.

[૨૮. રાજા અને સૂડાના બે પુત્ર]

એક વનમાંહિ શૂડી આહાર ચણવા ગૈ જેતલેં તેતલેં તેનહા બે પુત્ર શૂડા પારધીયે ધરયા; તે માહિ એક ઉડી ગ્યું, બીજું તીણે પારધીયેં પાંજરામાહિ ઘાલી ભણાવવો માડ્યો. જે શુડુ ઉડી ગ્યું તે ભમતો ભમતો રિષીશ્વરનિઇ આશ્રમિ ગયુ. પચ્છઈ તે શૂડો રિષીસ્વરે સાહી પોસિઉ. એહવો કેતલોએક કાલ જાતાં થકાં કોઈક રાજા પારધિ કરતાં ઘોડાના વશિથી જિહા પારધી રહઈ છઈ તે વનમાહિ આવ્યો. પચ્છઈ તીણઈ પાંજરામાહિથી સૂડુ દીઠઉ; જૂઈ તો રાજા આવ્યું. પચ્છઈ સૂડો કોલાહલ કરી પારધીને સાદ (કરી) કહતો હૌઉ, અહો પારધી, રાજા ઘોડઈ બૈઠો. આવ્યો છઈ. તેન્હેં મારી ઘોડુ લ્યું. પચ્છઈ રાજા સૂડાનું એહવૂં વચન સાંભલી ઘોડો દુડી નાઠો. ઘણે એક ગ્યુ દેખઈ તો એક રિષિનું આશ્રમ દીઠું. તિહાંઈ શૂડો બોલ્યું. અહો રિષીશ્વરો રાજા આવ્યો છઈ. એન્હિ વિશ્રામ દ્યો, અર્ઘપાદ્ય કરો, ભોજન ઉદક રુડી પરિ દ્યુ. એહૂં રાજા સાંભળી આશ્ચર્ય પામ્યું. વચન બોલ્યું. હું એ વનમાહિ આવ્યા પૂઠિ સૂડુ એકનું સરષુ દીઠઉ. તે કહિ રાજાનિ મારિ મારિ, બાધિ બાધિ. પચ્છઇનું એહવું રુડું વચન બોલે છઈ. પચ્છઈ સૂડુ રાજાનું વચન સાંભળીને એ શ્લોક ભણતું હૌઉ, 'માતાડપ્યેકા' એ વિ શ્લોક.

તે ભણી કહું છું તું સંઘાતિ સંગતિ શ્રેષ્ઠ નહીં એ કથા તે મૂર્ખાઈ પ્રયોજન નથી તે ભણી,

પણ્ડિતોડપિ વરં શત્રુર્મા મૂર્ખો હિતકારક: ।

સ્વવધાર્થે હતશ્ચૌરા વાનરેણ હતો નૃપ: ।। ૪૩૦ ।।

જે શિત્રુ પંડિત હોઈ તુ વારુ, મૂર્ષ મિત્ર હિત કરઈ તુ વારુ નહી જિમ આપણા વધનઈ ઠામિ ચોર મારર્યુ, વાનરઈ રાજા મારયુ.

પશ્ચિમ ભારતીય 'પંચતંત્ર'નો યશોધીર કૃત પંચાખ્યાનનો જૂની ગુજરાતી ગદ્યમાં કરેલો આ ભાવાનુવાદ છે.

पंचाख्यानशास्त्रस्य भाषेयं क्रियते शुभा ।

यशोधीरेण विदुषा सर्वशास्त्रप्रकाशिका ॥

હસ્તપ્રતોના મંગલાચરણમાં તેનું નામ 'યશોધીર' છે. યશોધીરના એક ચિત્રની સમજૂતીમાં તેને 'પંચાખ્યાન વાર્તિકકાર યશોધર પંડિત' કહ્યો છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા કલ્પના કરે છે કે પૂર્ણભદ્રના 'પંચાખ્યાન' જેવી જૈન રચના સાથે નિકટનો પરિચય ધરાવનાર તે કોઈ બ્રાહ્મણ વિદ્વાન હશે. અનેક બ્રાહ્મણ વિદ્વાનો જૈન સાધુઓને સંસ્કૃતાદિનું અધ્યયન કરાવતા એ પરંપરા આજ સુધી ચાલુ છે. એવી અધ્યાપન પ્રવૃત્તિ અંગે, વિદ્યાર્થીઓના ઉપયોગ માટે, બીજા અનેક બાલાવબોધોની જેમ, આ બાલાવબોધની પણ રચના થઈ હોય એમ બને.

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai 400 027. And Published at 385, S.V.P. Road, Mumbai 400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૪ ● અંક : ૩ ● માર્ચ, ૨૦૦૩ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## આનંદઘનજીની ઉદાત્ત તત્ત્વદૃષ્ટિ

પોતાની થોડી પણ ઉત્કૃષ્ટ કાવ્યકૃતિઓ દ્વારા સમગ્ર ભારતની પ્રજામાં છવાઈ ગયેલા સંત કવિઓમાં વિક્રમના અઢારમા શતકના કવિ અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજનું નામ પણ મોખરે છે. 'બેર બેર નહિ આવે અવસર', 'અબ હમ અમર ભયે ન મરેંગે', 'ક્યા સોવે ઊઠ જાગ બાઉરે', 'આશા ઓરન કી ક્યા કીજે ?', 'રામ કહો રહેમાન કહો', 'યા પુદ્ગલ કા ક્યા વિસવાસા', 'સાધો, સમતા રંગ રમીજે', 'અવધૂ ક્યા માગું ગુનહીના', 'અવધૂ નામ હમારા રાખે', 'અબ ચલો સંગ હમારે કાયા' વગેરે એમનાં પદો ઠેર ઠેર સતત ગુંજતાં રહ્યાં છે. એમની ચોવીસીમાંનાં 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે', 'પંથડો નિહાળું રે બીજા જિન તણો રે', 'અભિનંદન જિન દરિશન તરસીએ', 'ધાર તલવારની સોહલી, દોહલી', 'કુંથુજિન, મનડું કિમ હિન બાઝે' વગેરે સ્તવનો મંદિરોમાં ગવાતાં રહ્યાં છે.

અવધૂત [અવ=સારી રીતે, નિશ્ચિતપણે, ધૂત=ધોઈ નાખ્યાં છે, હલાવી નાખ્યાં છે, ખંખેરી નાખ્યાં છે (વર્ણાશ્રમનાં અને વ્યવહાર જગતનાં બંધનો) જેમણે] એવા શ્રી આનંદઘનજીએ ચોવીસીનાં સ્તવનો અને એકસોથી અધિક પદો લખ્યાં છે. પરંતુ એમણે જે કૃતિઓની રચના કરી છે તે એવી સઘન, માર્મિક અને અનુભવની એરણે બરાબર કસાયેલી છે કે આટલી ઓછી રચનાઓથી પણ તેમણે ભારતીય સાહિત્ય પરંપરામાં અનોખું સ્થળ પ્રાપ્ત કરી લીધું છે.

આનંદઘનજીએ ગદ્યસાહિત્યની રચના કરી હોય એમ લાગતું નથી, કારણ કે એમની એવી કોઈ કૃતિ પ્રાપ્ત થતી નથી. એમણે જે પદ્યસાહિત્યની રચના કરી છે તેમાં મુખ્ય બે વિભાગ છે : (૧) સ્તવનો અને (૨) પદો. એમની ચોવીસીનાં છેલ્લાં બે સ્તવનોના કર્તૃત્વ વિશે મતાન્તર છે. એમનાં પદો ૧૦૮ જેટલાં મનાય છે, જેમાંનાં કેટલાંકનું કર્તૃત્વ સંદિગ્ધ છે.

વિવિધ રાગરાગિણીમાં લખાયેલાં આત્મજ્ઞાનની મસ્તીથી સભર, આનંદઘનજીની ચોવીસીનાં સ્તવનો પ્રેરક અને માર્ગદર્શક છે. એમાં વિષયવસ્તુનો ક્રમિક વિકાસ જોઈ શકાય છે. એમણે જૈન દર્શનના કેટલાક સિદ્ધાન્તોને થોડા શબ્દોમાં માર્મિક રીતે વણી લીધા છે. એમાં પ્રયોજાયેલા પારિભાષિક શબ્દો અને ઉક્તિલાઘવને કારણે એમનાં કેટલાંક સ્તવનો અર્થની દૃષ્ટિએ કઠિન અથવા દુર્બોધ બન્યાં છે. શાસ્ત્રના જાણકાર કોઈ સમજાવે તો અર્થ વધુ સ્પષ્ટ થાય. આથી જ એમની હયાતીમાં અને ત્યાર પછી ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ, શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ અને શ્રી જ્ઞાનસારજીએ આનંદઘનજીનાં સ્તવનો ઉપર ટબા લખ્યા છે. શ્રી જ્ઞાનસારજીએ તો એમનાં સ્તવનો ઉપર ચાલીસ વર્ષ સુધી મનન કર્યું અને પછી જીવનના અંતે ટબો લખ્યો હતો.

શ્રી આનંદઘનજીએ દીક્ષા કોઈક ગચ્છમાં લીધી હશે. પણ પછી તેઓ ગચ્છની પરંપરામાં રહ્યા હોય એમ લાગતું નથી. સ્તવનોની સામગ્રી પરથી જણાય છે કે તેઓ શ્વેતામ્બર મૂર્તિપૂજક સમુદાયના હતા, પરંતુ એટલી મર્યાદા પણ એમને સ્વીકાર્ય નહોતી. તેઓ બધાંના થઇને રહ્યા હતા. એમણે પોતાની કોઈ કૃતિમાં પોતાના ગુરુમહારાજનો કેગુરુપરંપરાનો ઉલ્લેખ કર્યો નથી. એમની કાવ્યકૃતિઓ લઘુ પ્રકારની છે. એમાં રચનાસ્થળ કે રચનાસંવતનો ઉલ્લેખ નથી. એટલે તેમનો જન્મ ક્યાં થયો હતો, ક્યારે થયો હતો, દીક્ષા ક્યારે અને ક્યાં લીધી હતી, એમણે ચાતુર્માસ ક્યાં ક્યાં કર્યા હતા, એમનું આયુષ્ય કેટલું હતું ઇત્યાદિ વિશે કશી આધારભૂત માહિતી પ્રાપ્ત થતી નથી. કેટલીક અટકળો થાય છે. એમના વિશે કેટલીક દંતકથાઓ પણ પ્રચલિત છે. ભવિષ્યમાં એ વિશે વધુ સંશોધનને અવકાશ છે.

આંતરબાહ્ય પ્રમાણો પરથી એટલું જરૂર તારવી શકાય છે કે તેઓ વિક્રમના અઢારમા શતકના પૂર્વાર્ધમાં વિદ્યમાન હતા. તેઓ અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનું રાજસ્થાનમાં મિલન થયું હતું. આનંદઘનજીથી પ્રભાવિત થયેલાં શ્રી યશોવિજયજીએ એ વિશે આઠ પદ રાજસ્થાની ભાષામાં લખ્યાં છે, જેમાંનાં એકમાં એમણે કહ્યું છે :

*આનંદઘનકે સંગ સુજસ હિ મિલે જબ,*
*તબ આનંદ સમ ભયો સુજસ,*
*પારસ સંગ લોહા જો ફરસત,*
*કંચન હોત કી તાકે કસ.*

શ્રી યશોવિજયજીએ આનંદઘનજી માટે પોતાનો જે અહોભાવ દર્શાવ્યો છે, એ પરથી જણાય છે કે આનંદઘનજી એમનાથી વયમાં મોટા અને આત્મસાધનામાં આગળ વધેલા હતા. શ્રી યશોવિજયજી વિ. સં. ૧૭૪૩માં ડભોઇમાં કાળધર્મ પામ્યા હતા, એટલે આનંદઘનજી અઢારમા શતકના પૂર્વાર્ધમાં વિદ્યમાન હતા એ સુનિશ્ચિત છે.

શ્રી આનંદઘનજીએ જે કૃતિઓની રચના કરી છે તે એટલી ગહનગંભીર છે કે એનું રહસ્ય, એનો પરમાર્થ પામવાનું સામાન્ય માણસ માટે સરળ નથી. એટલે જ શ્રી જ્ઞાનસારજીએ કહ્યું છે :

બાળક બાંહ્ય પસારીને, કરે ઉદધિ વિસ્તાર,
આશય આનંદઘનતણો, અતિ ગંભીર ઉદાર.

નાનું બાળક બે હાથ પહોળા કરીને 'દરિયો આટલો બધો મોટો હોય' એમ કહે એથી સમુદ્રનું માપ ન નીકળે, તેમ પોતાનાં કાવ્યોમાં

શ્રી આનંદઘનજીને જે અભિપ્રેત છે તે એટલું ગંભીર અને ઉદાર, મોટું છે કે તેનો તાગ પામવાનું પૃથક્જન માટે ઘણું કઠિન છે.

શ્રી આનંદઘનજીની પ્રત્યેક રચના પર સ્વતંત્ર વિવેચન થયું છે અને એમના સમગ્ર સાહિત્ય પર શોધપ્રબંધો લખાયા છે. એટલે અહીં એમની સમગ્ર કવિતાની છણાવટ ન કરતાં માત્ર એમની ઉદાર, ઉદાત્ત તત્ત્વદૃષ્ટિ વિશે થોડી વિચારણા કરીશું.

શ્રી આનંદઘનજીએ જે પદો લખ્યાં છે તેમાં ગુરુકૃપા, સાધુસંગતિ, આત્મજ્ઞાન, સુધારસનો અનુભવ, સમતાની આરાધના, મમતાનો ત્યાગ ઈત્યાદિ ઉપર બહુ ભાર મૂક્યો છે. એમાં એમની વિશાળ ઉદાર, ઉચ્ચ તત્ત્વદૃષ્ટિ જોવા મળે છે. એમણે ગાયું છે :

રામ કહો, રહેમાન કહો,
કોઉ કહાન કહો, મહાદેવ રી;
પારસનાથ કહો કોઉ બ્રહ્મા,
સકલ બ્રહ્મ સ્વયમેવ રી.

પરમતત્ત્વને કોઈ રામ કહે, કોઈ રહેમાન કહે, કોઈ કૃષ્ણ (વિષ્ણુ) કહે, કોઈ મહાદેવ કહે, કોઈ પાર્શ્વનાથ કહે કે કોઈ બ્રહ્મા કહે, પરંતુ પોતાનામાં રહેલું ચેતન તત્ત્વ એ પોતે જ પરમતત્ત્વ છે, પરમાત્મા છે.

રામ, રહેમાન ઇત્યાદિનો અર્થ ઘટાવતાં તેઓ એ જ પદમાં કહે છે :

નિજ પદ રમે, રામ સો કહિયે,
રહિમ કરે રહિમાન રી;
કરષે કરમ કહાન સો કહિયે,
મહાદેવ નિરવાણ રી.
પરસે રૂપ પારસ સો કહિયે,
બ્રહ્મ ચીને સો બ્રહ્મ રી,
ઇહ વિધ સાધો આપ આનંદઘન,
ચેતનમય નિ:કર્મ રી.

આમ આનંદનજીએ પોતાની મૌલિક દૃષ્ટિથી રામ, રહેમાન ઇત્યાદિનો અહીં સુભગ સમન્વય કર્યો છે.

જગતમાં વિવિધ ધર્મો અને સંપ્રદાયો છે. એ બધા વચ્ચે ક્યારેક વિવાદ, સંઘર્ષ, વૈમનસ્ય થાય છે અને ક્યારેક યુદ્ધ અને સંહાર સુધીની સ્થિતિ પ્રવર્તે છે, પરંતુ જ્ઞાની મહાત્માઓ પાસે ઉદાર દૃષ્ટિથી એ સર્વને વિશિષ્ટ અર્થમાં ઘટાવીને આત્મસાત્ કરવાની અનોખી રીત હોય છે. એથી સંવાદ અને શાન્તિ સર્જાય છે. શ્રી આનંદઘનજી પણ એવી મહાન વિભૂતિ હતા. એમણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની વાત તો કરી, પણ સાથે સાથે રહેમાન (રહિમાન)ની પણ વાત કરી એ એમની મૌલિકતા છે.

આનંદઘનજીના સમયમાં ભારતના ઘણા ભાગમાં રાજ્યસત્તા મુસલમાનોની હતી. ઇસ્લામ ધર્મનો પ્રચાર બહુ વધી ગયો હતો. આર્યાવર્તમાં બહારથી આવેલા મુસલમાનોના વંશજ અને ધર્માંતરિત થયેલા નવા મુસલમાનો-એમ એમની સંખ્યા ઉત્તરોત્તર વધતી ગઈ હતી. આનંદઘનજી જો બુંદેલખંડના વતની હોય તો એમના પ્રદેશમાં મુસમલાનોની ત્યારે બહુમતી હતી. આમ છતાં સમ્રાટ અકબરના શાસનને લીધે પ્રજામાં શાંતિ હતી. કોમી રમખાણો નહોતાં. ધાર્મિક વૈમનસ્ય કે અસહિષ્ણુતા નહોતાં, પરંતુ એકબીજાના ધર્મને સમજવાની પ્રામાણિક કોશિષ હતી, સચ્ચાઈભરલી ભાવના હતી.

મુસલમાનોએ રામાયણનો ફારસીમાં અનુવાદ કર્યો હતો અને વૈષ્ણવ ભક્તિકવિતા લખી હતી. હિન્દુઓ ફારસી શીખતા અને કુરાન વાંચતાં. આથી જ આનંદઘનજીએ ગાયું 'રામ કહો, રહેમાન કહો.' જૈન કવિઓમાં ઈસ્લામ ધર્મને પણ આવરી લેતી સમન્વયની ભાવના પહેલી વાર આપણને શ્રી આનંદઘનજીમાં જોવા મળે છે. અત્યાર સુધી ષડ્દર્શનની વાત હતી, જેમાં બૌદ્ધદર્શન અને ચાર્વાકદર્શનનો પણ સમાવેશ કરવામાં આવતો હતો. ઉદારતાથી, વ્યાપક આત્મભાવનાથી આનંદઘનજીએ પોતાના કાળના સર્વ ધર્મોમાં રહેલા સારતત્ત્વને સમકિતના રસથી રસાન્વિત કરીને, યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ઘટાવીને, આત્મસાત કરી બતાવ્યું છે. હાલ તેઓ જો વિદ્યમાન હોત તો યહૂદી ધર્મ, ખ્રિસ્તી ધર્મ, શીખ ધર્મ વગેરેને પણ પોતાનાં કરી બતાવ્યાં હોત. વસ્તુત: આનંદઘનજીની તત્ત્વદૃષ્ટિ એટલી ઉચ્ચ, ઉદાર અને ઉદાત્ત ભૂમિકાની હતી.

શ્રી આનંદઘનજી મહારાજે એકવીસમા નમિનાથ ભગવાનના સ્તવનમાં ભારતીય દાર્શનિક પરંપરાનાં ષડ્દર્શનોને જિનેશ્વર ભગવાનના અંગ તરીકે ઓળખાવ્યાં છે. એમણે ગાયું છે :

ષડ્ દર્શન જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડ્ દરશન આરાધે રે.

છએ દર્શનો જિનેશ્વર ભગવાનનાં જુદાં જુદાં અંગો છે. જે તે પ્રમાણે છએ દર્શનની સ્થાપના કરે છે અને નમિનાથ ભગવાનના ચરણ સેવે છે તે છએ દર્શનની આરાધના કરે છે.

આનંદઘનજીએ સાંખ્ય, યોગ, મીમાંસા, બૌદ્ધ, લોકાયતિક (ચાર્વાક) અને જૈન એમ છએ દર્શનોને અહીં યુક્તિપૂર્વક ઘટાવ્યાં છે. આનંદઘનજીની વિશેષતા એ છે કે આ છ દર્શનમાં ચાર્વાક જેવા આત્મા અને પુનર્જન્મમાં ન માનનાર નાસ્તિક, ભૌતિકવાદી દર્શનને પણ સ્વીકારી લીધું છે. આ સમન્વયની ભાવના સમજવા જેવી છે.

એવી જ રીતે એમણે શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે :

શિવશંકર જગદીશ્વર, ચિદાનંદ ભગવાન, લલના.
જિન, અરિહા, તીર્થંકરું, જ્યોતિસ્વરૂપ અસમાન, લલના.
અલખ નિરંજન વચ્છલું, સકલ જંતુ વિશરામ, લલના

x x x

વિધિવિરંચિ વિશ્વંભરુ, હૃષીકેશ જગનાથ, લલના.
અઘહર, અઘમોચન, ધણી, મુક્તિ પરમપદ સાથ, લલના.
એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર, લલના.
જે જાણે તેહને કરે. આનંદઘન અવતાર, લલના.

આત્માનુભવની ઊંચી દશામાં, અનુભવગમ્ય દશામાં જીવ સર્વ દર્શનોને પોતાનાં કરી શકે છે. એને કોઈ દર્શન સાથે વૈમનસ્ય કે પરાયાપણું નથી.

અનેકાન્તદર્શન જગતના સર્વ ધર્મોને, જગતના સર્વ નયોને યોગ્ય રીતે ઘટાવીને તેનો સમન્વય કરે છે. વિસંવાદ નહિ પણ સંવાદ એનું જીવાતુભૂત લક્ષણ છે. જેઓની અનેકાન્ત દૃષ્ટિ સમુચિત રીતે ખૂલી ગઈ છે તેઓની પાસે જગતના કોઈપણ ધર્મના તત્ત્વને ઘટાવીને, રૂપાંતરિત કરીને આત્મસાત્ કરવાની કલા સહજ હોય છે. એમને સમગ્ર વિશ્વ એક અખંડ પિંડ રૂપ ભાસે છે કે જેમાં ક્યાંય પરસ્પર વિરોધ કે વિસંવાદ નથી.

ભગવતિસૂત્રમાં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને મિથ્યાશ્રુત પણ સમ્યક્પણે પરિણમે છે અને મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યક્શ્રુત પણ મિથ્યાપણે પરિણમે છે.

ભગવાન મહાવીર પોતે ક્ષત્રિય હતા અને એમના બ્રાહ્મણ ગણધરો વેદ-વેદાન્તમાં પારંગત હતા. વળી જૈન ધર્મની આરાધના કરવાની સર્વ કોઈને છૂટ હતી. વર્ણાશ્રમ કે જાતિવાદને જૈન ધર્મમાં આરંભથી જ સ્થાન નહોતું. એટલે જ જૈન સાધુ ભગવંતોની પાટપરંપરામાં કેટલાયે આચાર્યો થઈ ગયા કે જેઓ બ્રાહ્મણ કુળમાંથી આવ્યા હતા.

'ભક્તામરસ્તોત્ર'માં શ્રી માનતુંગાચાર્યે ગાયું છે :

बुद्धस्त्वमेव विबुधार्चित बुद्धिबोधात्,
त्वं शंकरोऽसि भुवनत्रय शंकरत्वात् ।
धातासि धीर शिवमार्गविधेर्विधानात्,
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि ॥

અહીં શ્રી માનતુંગાચાર્યે ભગવાન ઋષભદેવને બુદ્ધ, શંકર, બ્રહ્મા અને પુરુષોત્તમ તરીકે ઓળખાવ્યા છે અને કયા અર્થમાં તેમને તે રીતે ઓળખાવી શકાય તે જણાવ્યું છે. અહીં સર્વ દર્શનો માટેની સમન્વય દૃષ્ટિની પ્રતીતિ થાય છે. બુદ્ધ વગેરે નામ પ્રમાણે યથાર્થ ગુણવાળા તરીકે ઋષભદેવ ભગવાનને બતાવવાથી, એ પરંપરામાં રહેલી ક્ષતિઓનો સ્વાભાવિક રીતે પરિહાર થઈ જાય છે.

આ શ્લોકમાં તો પ્રમુખ ધર્મોની વાત થઈ, પરંતુ એની આગળના શ્લોકમાં ભારતમાં તત્કાલીન પ્રચલિત વિવિધ ધર્મધારાઓનો કે વાદોનો સમન્વય કરી લેતાં શ્રી માનતુંગાચાર્યે જે કહ્યું છે તેમાં શુદ્ધાત્માના સ્વરૂપને વિવિધ રીતે ઘટાવી શકાય છે.

त्वामव्ययं विभुमचिंत्यमसंख्यमाद्यं,
ब्रह्माणमीश्वरमनंतमनंगकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं,
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्त: ॥

(હે પ્રભુ ! તમે આદિ, અવ્યય, અચિંત્ય, અસંખ્ય, વિભુ, બ્રહ્મ, ઈશ્વર, અનંત, અનંગકેતુ, યોગીશ્વર, વિદિતયોગ, અનેક, એક, જ્ઞાનસ્વરૂપ, અમલ, સંત છો.)

શ્રી હરિભદ્રસૂરિ જન્મે બ્રાહ્મણ હતા અને વેદવેદાન્તના પ્રકાંડ પંડિત હતા. યાકિની મહત્તરાના સંપર્કમાં આવ્યા પછી એમણે જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. આથી એમનામાં સમન્વયની ઉચ્ચ ભાવના અને તટસ્થ તત્ત્વદષ્ટિ વિકસી હતી. એટલે જ એમણે લખ્યું છે કે-

पक्षपातो न मे वीरे, न द्वेष: कपिलादिषु ।
युक्तिमत् वचनं यस्य तस्य कार्यः परिग्रह: ॥

એટલે જ શ્રી હરિભદ્રસૂરિએ 'મહાદેવાષ્ટક' લખ્યું છે અને એમાં શંકર મહાદેવનું સ્વરૂપ કેવું હોવું જોઇએ તે બતાવ્યું છે. સિદ્ધરાજ જયસિંહ સાથે સોમનાથના શિવલિંગનાં દર્શન કરી, સ્તુતિ કરનાર શ્રી હેમચંદ્રાચાર્યે 'મહાદેવસ્તોત્ર'માં લખ્યું છે :

भवबीजांकुर जनना रागाद्या: क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥

[ભવરૂપી બીજના અંકુરને જન્મ આપનારા રાગ વગેરે જેમના ક્ષય પામ્યા છે તે બ્રહ્મા હો, વિષ્ણુ હો, શિવ હો કે જિન હો, તેને હું નમસ્કાર કરું છું.]

શ્રી માનતુંગાચાર્ય, શ્રી હરિભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય વગેરે મહાત્માઓની ઉચ્ચ, સમુદાર, ગરિમાયુક્ત પરંપરાને શ્રી આનંદઘનજી અનુસર્યા છે.

જે જ્ઞાની મહાત્માઓ પ્રત્યેક જીવમાં રહેલા શુદ્ધ આત્મસ્વરૂપને નિહાળે છે તેમને માટે પછી જીવનાં બાહ્ય કલેવર કે ધર્મનાં લેબલ આડે આવતાં નથી. તેઓ માત્ર મનુષ્ય જ નહિ, પણ તિર્યંચાદિ અન્ય ગતિના જીવોને પણ એ જ 'સર્વ જીવ છે સિદ્ધ સમ'ની દૃષ્ટિથી જ જુએ છે. પૂર્વબદ્ધ કર્મના ઉદયના પરિણામે અન્ય ધર્મમાં જન્મેલા કે ઘોર પાપકૃત્યો કરનાર જીવો પ્રત્યે પણ તેઓ દ્વેષ, રોષ કે ઘૃણાના ભાવથી ન જોતાં એમની ભવસ્થિતિનો વિચાર કરીને કરુણાના ભાવ ચિંતવે છે.

જો શ્રી આનંદઘનજી કહે કે 'મારે મન રામ અને રહેમાન સરખા છે' તો એમાં તેમની ઉદાર તત્ત્વદષ્ટિનું દર્શન થાય છે, પરંતુ કોઈ સામાન્ય માણસ જો એમ કહે કે 'મારે મન રામ અને રહેમાન વચ્ચે કંઈ ફરક નથી' તો એમાં એની અજ્ઞાનયુક્ત મિથ્યાદૃષ્ટિ કદાચ હોઈ શકે. યોગ્ય અધિકારની પ્રાપ્તિ વિના જો માણસ બંનેને સરખા ગણવા જશે તો સમય જતાં તે ભ્રમિત થઈ જશે, અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ તે બની જશે. અને કદાચ કોમી વિખવાદનું નિમિત્ત બની જશે.

કોઈ સામાન્ય હિંદુ કે સામાન્ય મુસલમાન એમ નહિ કહે કે રામ અને રહેમાનમાં કંઈ ફરક નથી. તે પોતાના ઈષ્ટદેવને જ મુખ્ય અને શ્રેષ્ઠ માનશે. કેટલાક તો બીજાના ઈષ્ટદેવનાં દર્શન કરવામાં કે એમનું નામ લેવામાં પણ પાપ સમજે છે. દુનિયામાં લોકોનો મોટો વર્ગ આવી ચુસ્ત, સંકુચિત પરંપરાવાળો જ રહેવાનો.

કોઈ એમ કહે કે 'દુનિયામાં બધા ધર્મો સરખા છે', તો પ્રથમ દૃષ્ટિએ આવું વિધાન બહુ ઉદાર, ઉમદા અને સ્વીકારી લેવા જેવું ગણાય. જગતમાં વિવિધ ધર્મો વચ્ચે સુસંવાદિતા, સુલેહ, સંપ, શાન્તિ, ભાઈચારા માટે આવી ભાવનાની આવશ્યકતા જણાય. આવી સામાન્ય વાત થતી હોય ત્યાં વ્યવહાર દૃષ્ટિએ એ સ્વીકારાય અને સંકલેશ, સંઘર્ષ કે વૈમનસ્ય ન થાય એ માટે એ ઈષ્ટ પણ ગણાય છે. પરંતુ જ્યાં થોડાક સમજુ, પ્રામાણિક, ખુલ્લા મનના વિચારકો બેઠા હોય અને વસ્તુસ્થિતિનો સ્વીકાર કરવામાં ક્ષોભ ન અનુભવાતો હોય તો ત્યાં કહી શકાય કે દુનિયામાં વિવિધ ધર્મોને વિવિધ દૃષ્ટિથી સ્થાન હોવા છતાં બધા ધર્મોને એકસરખા ન ગણી શકાય.

જે ધર્મો જન્મજન્માંતરમાં માનતા ન હોય અને ઐહિક જીવનને વધુમાં વધુ સુખસગવડભર્યું બનાવવું જોઈએ અને એ રીતે જીવન ભોગપ્રધાન હોવું જોઈએ એવી માન્યતા ધરાવતા હોય તે ધર્મો અને જન્મજન્માંતરમાં માનવાવાળા તથા ત્યાગવૈરાગ્ય પર ભાર મૂકનાર ધર્મો એ બંને પ્રકારના ધર્મોને એકસરખા કેવી રીતે ગણી શકાય ? આત્માના અસ્તિત્વમાં માનનાર ધર્મો અને આત્માનાં અસ્તિત્વમાં જ ન માનનારા ધર્મોને પણ એકસરખા કેમ માની શકાય ? પોતાના ધર્મના પ્રચાર માટે બીજાને મારી નાખવામાં પાપ નથી, બલકે મારનારને સ્વર્ગ મળે છે એમ માનનાર ધર્મ અને ધર્મના પ્રચારાર્થે કે અન્ય કોઈ પણ નિમિત્તે બીજાને મારી નાખનાર ભારે પાપ કરે છે એમ માનનાર ધર્મ-એ બંનેને સરખા કેમ કહી શકાય ?

એટલે જગતના બધા ધર્મો સરખા છે એમ કહેવું તે સૈદ્ધાન્તિક દૃષ્ટિએ યોગ્ય નથી. પોતાનાથી અન્ય એવો ધર્મ પાળનારા લોકો પ્રત્યે સમભાવ રાખવો એ એક વાત છે અને બધા ધર્મોને સરખા માનવાનું યોગ્ય નથી એ બીજી વાત છે. વૈચારિક ભૂમિકાની દૃષ્ટિએ આ ભેદરેખા આપણા મનમાં સ્પષ્ટ હોવી જરૂરી છે.

જ્ઞાની મહાત્માઓ બ્રહ્મા કે વિષ્ણુ, રામ કે રહેમાનને એક ગણીને નમસ્કાર કરતા હોય એથી બધા જ એમ કરવા લાગે તો ઘણો અનર્થ થઈ જાય. ભગવાન બધે એક છે એમ કહીને અન્ય ધર્મમાં ચાલ્યા ગયેલા કેટલાય બાળજીવો પછી ભ્રમિત થઈ ગયા છે, ક્યારેક પ્રગાઢ મિથ્યાત્વમાં સરકી પડ્યા છે. જ્યાં સુધી પોતાનામાં શુદ્ધ આત્મદષ્ટિનો સરખો ઉઘાડ ન થયો હોય ત્યાં સુધી જીવે સાચવવા જેવું છે. આમાં ઉતાવળ કરવાનું કોઈ પ્રયોજન નથી.

અનેકાન્તવાદની ચર્ચા કરવી તે એક વાત છે અને જીવનને સાચા અર્થમાં અનેકાન્તમય બનાવવું તે બીજી વાત છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના તે શક્ય નથી.

**□ રમણલાલ ચી. શાહ**

(સુરત મુકામે પ. પૂ. શ્રી શીલચંદ્રસૂરિની નિશ્રામાં આનંદઘનજી વિશે યોજાયેલ સંગોષ્ઠિમાં રજૂ કરેલું વક્તવ્ય)

# સેવા મંડળ મેઘરજ-કસાણામાં નિધિ-અર્પણનો કાર્યક્રમ

☐ મથુરાદાસ ટાંક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન માનવસેવા-લોકસેવાનું કામ કરતી કોઈ એક સંસ્થાને આર્થિક સહાય કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે. સંઘના પેટ્રન, આજીવન સભ્યો અને દાતાઓને આ પ્રોજેક્ટમાં આર્થિક સહયોગ આપવા માટે અપીલ કરવામાં આવે છે. આ રીતે પર્યુષણ વ્યાખ્યાનમાળાના આઠ દિવસમાં દાનનો પ્રવાહ સતત આવતો રહે છે અને દરેક પ્રોજેક્ટ માટે માતબર રકમ જમા થાય છે.

આપણી પ્રણાલિકા મુજબ સંઘના હોદ્દેદારો અને કાર્યવાહક સમિતિના સભ્યોએ સેવા મંડળ, મેઘરજ-કસાણા નામની સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ, સંસ્થાના સંચાલકોને મળી સંપૂર્ણ માહિતી મેળવી હતી. સંસ્થાના મુખ્ય સૂત્રધાર, ભૂદાન કાર્યકર્તા અને શાન્તિસૈનિક ડૉ. વલ્લભભાઈ દોશીએ સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ માટે ભેખ લીધો છે. એથી શિક્ષણ, નઈ બૂનિયાદી તાલીમ, લોકસેવાનાં કામો વગેરે પ્રવૃત્તિઓમાં સંસ્થાએ ખૂબ વિકાસ કર્યો છે.

સંઘના નિયમ મુજબ એકઠું થયેલું ભંડોળ આપણે તે સંસ્થાને તેમના સંકુલમાં જઈ અર્પણ કરીએ છીએ. તે મુજબ રવિવાર તા. ૫-૧-૨૦૦૩ના રોજ સેવા મંડળ મેઘરજ-કસાણા મુકામે નિધિ-અર્પણ વિધિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો, દાતાઓ અને શુભેચ્છકો સહિત કુલ ૪૦ જેટલા ભાઈ-બહેનો શનિવાર તા. ૪-૧-૨૦૦૩ના મુંબઈથી ગુજરાત મેલમાં અમદાવાદ જવા રવાના થયાં હતા. રવિવાર તા. ૫-૧-૨૦૦૩ના રોજ સવારે અમદાવાદ પહોંચ્યા. સંસ્થા તરફથી બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. અમદાવાદથી કસાણા પાંચ-છ કલાકનો પ્રવાસ હોવાથી, અમદાવાદથી ૮૦ કિ.મી.ના રસ્તે આગલોડ તીર્થમાં ઉતારો રાખ્યો હતો. ત્યાં સ્નાનાદિ ક્રિયા, દેરાસરમાં પૂજા વગેરે પતાવી કસાણા જવા માટે રવાના થયા હતા. આગલોડથી કસાણાનું અંતર વધારે હોવાથી કસાણા પહોંચતાં જ ચારેક કલાક લાગ્યા હતા.

કસાણા મુકામે સેવા મંડળ મેઘરજ, કસાણાના સંચાલકો, કાર્યકરો, કર્મચારીગણ અને આજુબાજુના નાનાં નાનાં ગામડામાંથી આવેલાં ભાઈબહેનો સ્વાગત કરવા ખડે પગે ઊભા હતાં. સંસ્થાના કેમ્પમાં વાજતે ગાજતે બાળાઓએ અમારું તિલક કરી, ગુલાબનું ફૂલ આપી, સૂતરની હાથે કાંતેલી આંટીઓ પહેરાવી સ્વાગત કર્યું.

અર્પણવિધિ કાર્યક્રમમાં ગુજરાત લોક સમિતિ-અમદાવાદના અધ્યક્ષ શ્રી ચુનીભાઈ વૈદ્ય, પૂજ્ય મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ, સદ્‌વિચાર પરિવાર, મોડાસાના સંચાલક શ્રી જગમોહનભાઈ દોશી, સર્વોદય આશ્રમ-માઢીના સંચાલક શ્રી રામુભાઈ પટેલ તેમજ સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટના સંચાલક શ્રી સુરેશભાઈ સોની અને સંસ્થા તરફથી આમંત્રિત કરેલા મહાનુભાવો હાજર હતાં. સંસ્થાના શ્રી ઈશ્વરભાઈ પટેલે પોતાની બોલવાની આગવી છટાથી બધાંનો પરિચય આપ્યો હતો.

સેવા મંડળ મેઘરજ, કસાણાના મુખ્ય સૂત્રધાર ડૉ. વલ્લભભાઈ દોશીએ બધાંનું સ્વાગત કર્યું હતું અને સંસ્થાની પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો. શ્રી રમણલાલ ભોકલવાએ શુભેચ્છકોના સંદેશાઓ વાંચી સંભળાવ્યાં.

પૂજ્ય શ્રી મુનિશ્રી ભાનુવિજયજી મહારાજના વરદ્ હસ્તે સંસ્થાના સંચાલક ડૉ. વલ્લભભાઈ દોશીને સંઘના હોદ્દેદારોએ રૂા. ૧૬ લાખ (રૂપિયા સોલ લાખ પૂરા)નો ચેક અર્પણ કર્યો હતો. પૂજ્ય મુનિશ્રી ભાનુવિજયજી મહારાજે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે 'જેમ ધન મેળવવું સહેલું નથી તેમ ધન દાનમાં આપવું પણ સહેલું નથી. સારા કામમાં ધન વાપરવા માટે દિલની ઉદારતા અને હિંમત જોઇએ.'

ત્યાર પછી સંસ્થા તરફથી રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ-ચિખોદરાના આંખના સર્જન ડૉ. રમણીકલાલ દોશી (દોશી કાકા)નું સૂતરની આંટી પહેરાવી સંસ્થા તરફથી સન્માન કરવામાં આવ્યું. ત્યારપછી સંસ્થાના કાર્યકરો તરફથી સંઘના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ, પ્રા. તારાબહેન ર. શાહ, હાલના પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, ઉપપ્રમુખ શ્રી ચંદ્રાકાંતભાઈ શાહ, મંત્રીઓ શ્રી નિરૂબહેન શાહ, ડૉ. ધનવંતભાઈ શાહ અને કોષાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્રભાઈ જવેરીનું સન્માન કરવામાં આવ્યું હતું.

સન્માન વિધિ પછી સંઘના મંત્રી શ્રી નિરૂબહેન શાહે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે શહેરમાં દાનનો પ્રવાહ ગામડા તરફ વહે એવા પ્રયત્નો અમે કરીએ છીએ. હકીકતમાં તો આ તો તમારું છે અને તમોને અર્પણ કરીએ છીએ. સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહે દેશમાં પ્રવર્તતી વર્તમાન પરિસ્થિતિ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રા. તારાબહેન શાહ તથા ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંત શાહે પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યા હતા. છેલ્લે ડૉ. રમણભાઈ શાહે જણાવ્યું હતું કે આવા માનવતાના-લોકપયોગી કામો માટે માત્ર સરકાર ઉપર ન નભતાં, સ્વૈચ્છિક સંસ્થાઓએ પરસ્પર સહકાર આપવો જોઇએ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એવી એક સંસ્થા છે કે જે આર્થિક સહયોગ આપી, જુદી જુદી સેવાભાવી સંસ્થાની પ્રવૃત્તિઓને વેગ માટે મુંબઇના સંપન્ન લોકો પાસેથી દાન મેળવીને ગામડા તરફ વાળવાનો પ્રયત્ન કરે છે.

સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ-રાજેન્દ્રનગરના સંચાલક શ્રી સુરેશભાઈ સોનીએ પોતાના વક્તવ્યમાં 'ગુણાનુવાદ' અને 'મિચ્છામિ દુક્કડમ્' ઉપર સરસ છણાવટ કરી હતી.

સંકુલમાં રાતના ૮-૩૦ થી ૧૧-૩૦ સુધી સંસ્થાનાં બાળકો દ્વારા ગરબા, નૃત્ય, એકાંકી નાટક, એકપાત્રી અભિનય અને ઇતર મનોરંજન સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આજુબાજુનાં ગામોના સેંકડો લોકોએ તેનો લાભ લીધો હતો.

અમારો રાતનો મુકામ અહીં સંસ્થાના સંકુલમાં હતો. બીજા દિવસે સોમવાર તા. ૬-૧-૨૦૦૩ના રોજ સવારે અમે શામળાજીમાં શ્રી પ્રેમુભાઈ સંચાલિત 'આનંદીબેન કન્યા વિદ્યાલય'ની મુલાકાત લીધી હતી. શ્રી પ્રેમુભાઈ અને તેમના ધર્મપત્નીએ વરસો પહેલા પોતાની સંપત્તિનું દાન કરી આ કન્યા વિદ્યાલયના નિર્માણમાં તે રકમ વાપરી હતી. વિદ્યાલયના હૉલમાં શ્રી પ્રેમુભાઇએ બધાંનું ભાવભીનું સ્વાગત કર્યું. સંઘના ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈના તેઓ ખાસ મિત્ર છે. શ્રી પ્રેમુભાઇએ પોતાના ભાષણમાં કન્યા વિદ્યાલયની વિસ્તૃત માહિતી રજૂ કરી હતી. આ પ્રસંગે શ્રી ચંદ્રકાંતભાઈ, રમણભાઈ, નીરૂબહેન, રસિકભાઈ, પ્રો. તારાબહેન વગેરેએ પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યા હતા. સંઘ તરફથી કન્યા વિદ્યાલયને રૂા. ૨૫,૦૦૦/- ના આર્થિક સહયોગની જાહેરાત કરવામાં આવી હતી.

શામળાજીથી અમે બધાં શ્રી મહુડી તીર્થ સ્થળે પહોંચ્યાં હતાં. ત્યાંના ટ્રસ્ટી શ્રી પ્રેમચંદભાઇએ અમારા સૌના માટે ચા-પાણી-જમવાની વ્યવસ્થા કરી હતી. મહુડીથી અમદાવાદ થઈ અમે મુંબઈ પાછા ફર્યા હતા. બે દિવસનો આ કાર્યક્રમ અમારાં બધાં માટે યાદગાર બની ગયો હતો.

# स्तेभ्यो नरेभ्यो नमः ।

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

હું નાનો હતો ત્યારે મને નમસ્કાર કરવા યોગ્ય મારાં માતા-પિતા લાગતાં હતાં. નિશાળે ગયો એટલે સંસ્કારદાતા ગુરુજનો નમસ્કાર યોગ્ય લાગ્યા. ધર્મકથા સાંભળતાં સંતો નમસ્કારને પાત્ર લાગ્યા. સમાજના કેટલાક વડીલો પ્રત્યે પણ માનવૃત્તિ થઈ. મારા જીવતરના ઘડવૈયાઓ માટે તો અહોભાવ ને માનવૃત્તિ થાય જ. જીવનનો ચોક્કસ આદર્શ નક્કી કરવાની કપરી ક્ષણે कस्मै देवाय हविषा विधेम: ની દ્વિધાવૃત્તિ થઈ પણ વ્યક્તિને અતિક્રમી સમષ્ટિના નમસ્કારને યોગ્ય કોણ ? 'એવી વિભૂતિને અમારાં વંદન' એવું કોઇપણ શંકા કે દ્વિધા વિના હૃદય ક્યારે ગાઈ શકે ? આનો વિચાર કરતાં, મને મારા અતિ પ્રિય રાજવી કવિ ભર્તૃહરિનો, 'નીતિશતક'નો એક લાઘવયુક્ત પણ અતિઘન શ્લોક યાદ આવ્યો:-

'વાંછા સજ્જનસંગમે, પરગુણે પ્રીતિર્ગુરો નમ્રતા,
વિદ્યાયાં વ્યસનં, સ્વયોષિતિરતિર્લોકાપવાદાદ્ભયમ્ ।
ભક્તિઃ શૂલિનિ, શક્તિરાત્મદમને, સંસર્ગમુક્તિઃ ખલે-
ષ્વેતે યેષુ વસંતિ નિર્મલગુણાસ્તેભ્યો નરેભ્યોનમઃ ।।

કવિ અર્થઘન રીતે કહે છે કે જેનામાં આવા નિર્મલ ગુણો વસતા હોય તેને મારા અંતરના નમસ્કાર હો. એ 'નિર્મલ ગુણો' કયા ? તો પ્રથમ કહે છે: 'વાંછા સજ્જન-સંગમે.' આ જીવન જીવવા માટે છે, એ વિધાતાનું વરદાન છે. એને ગમે તેમ વેડફી નંખાય નહીં. સમગ્ર સૃષ્ટિમાં એક માનવને જ કારણકાર્યબુદ્ધિ ને વિવેકશક્તિનું વરદાન મળ્યું છે.એ વિમલવિવેકના વરદાન દ્વારા તેણે ઠેઠ મુક્તિ સુધીનો વિચાર પણ ઊભો કર્યો છે ને કેવળ માનવના જ એ અધિકારને વ્યવહારમાં મૂર્ત કરવા માટે કેટલાંક સબળ, સાર્થક સાધનો પણ સૂચવ્યાં છે...તેમાંનું મુખ્ય છે 'સજ્જનનો સમાગમ'. સજ્જનો-સંતો સદાય હિતકારી હોય છે, તેઓ પારસમણિ સમાન હોય છે. અજ્ઞેયવાદી એવા, અંગ્રેજી સાથે એમ.એ. થયેલા નરેન્દ્રને સ્વામી રામકૃષ્ણ પરમહંસનો સત્સંગ સ્વામી વિવેકાનંદ બનાવી દે છે. પણ મૂળ વાત તો ઇચ્છાશક્તિની છે. વાંછા-ઇચ્છા-વાસના-પ્રબળ તાલાવેલીની છે. નરેન્દ્રમાં સંત-સમાગમની તાલાવેલી હતી એટલે એમને એ ફળી. 'વાંછા સજ્જન સંગમે'ની સાથે હું સાત્ત્વિક સંબલ એટલે કે પૌષ્ટિક પાથેય પૂરું પાડતા સદ્ગ્રંથોનો પણ સમાવેશ કરું છું. કવિને અભિપ્રેત સંતો હોય પણ જેમ 'ચંદનમ્ ન વને વને' તેમ સંતો જ્યાં ત્યાં ન સાંપડે. એટલે સહજલભ્ય નહીં પણ વાંછના-લભ્ય સજ્જનોની વાત કરી.

નમસ્કાર-યોગ્ય વ્યક્તિ-વિભૂતિનું દ્વિતીય લક્ષણ છે: 'પરગુણે પ્રીતિ'. સામાન્યતાઓથી સભર આ સંસારમાં જો કોઈ પણ 'એવરેજ' માણસની મોટામાં મોટી મર્યાદા હોય તો તે છે આત્મપ્રેમ-આત્મશ્લાઘા ને પરનિંદા. પરગુણ પરખવો, સ્વીકારવો ને તેનું અભિવાદન કરવું-એ માટે તો પ્રીતિનો સદ્ગુણ જોઇએ; જે વિરલ છે. છાતી પર હાથ રાખી આપણે આપણું જ પૃથક્કરણ કરીએ. આપણે કેટલાના સદ્ગુણોને પરખીને આવકારીએ છીએ ? પ્રીતિ કરવાની વાત તો પછી. વસિષ્ઠ ને વિશ્વામિત્રનો પુરાતન સંઘર્ષ આપણે જાણીએ છીએ. વિશ્વામિત્ર રાજર્ષિ હતા. એમને વસિષ્ઠની જેમ બ્રહ્મર્ષિ થવું હતું, પણ રાજર્ષિની મર્યાદાઓને અતિક્રમી જાય નહીં ને બ્રહ્મર્ષિનાં વ્યાવર્તક લક્ષણોની સાધના-આરાધના કરે નહીં ત્યાં સુધી એ પદપ્રાપ્તિ અશક્ય. ઇર્ષ્યાના અગ્નિથી ધખી રહેલા વિશ્વામિત્રે વસિષ્ઠનું કાસળ કાઢી નાખવાનો સંકલ્પ કર્યો ને એક ચાંદની રાતે છૂપાઇને વસિષ્ઠની પ્રતીક્ષા કરતા હતા ત્યાં વસિષ્ઠને અરુંધતીએ કહ્યું: 'આર્યપુત્ર ! જુઓ તો ખરા ! આ ચાંદની કેવી ઓપી રહી છે ? વસિષ્ઠે પત્નીને કાવ્યાત્મક જવાબ આપ્યો: 'આ ચાંદની તો વિશ્વામિત્રના તપ જેવી શીતળ-સૌમ્ય-રોચક છે.' ઘાતકરૂપે આવેલા વિશ્વામિત્રે વસિષ્ઠની આ 'પરગુણે પ્રીતિ'ની અમરવાણી સાંભળી ને પરસુ દૂર કરી ફેંકી દઈ વસિષ્ઠના ચરણોમાં ઢળી પડ્યા. વસિષ્ઠ ઉવાચ: 'ઊઠો બ્રહ્મર્ષિ' ને ગુણસંપદાના આ સ્વીકારે સનાતન સંઘર્ષનો અંત આવ્યો. પરગુણ-પ્રીતિનું આવું છે માહાત્મ્ય.

નમસ્કાર કરવા યોગ્ય વ્યક્તિનું ત્રીજું ગુણ-લક્ષણ છે: 'ગુરો નમ્રતા.' 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે એનો નાશ કરનાર...એ અર્થમાં 'ગુરુ' ન સમજીએ ને વય-વિદ્યા-અનુભવમાં 'ગુરુ' કહેતાં ભારે, વિશેષ, અધિક-એવો વાચ્યાર્થ લઇએ તો પણ 'નમ્રતા'ના સદ્ગુણનું અવમૂલ્યન થતું નથી. નમ્રતાની નમ્રતા અસલી હોય ને કૃતક પણ હોય. નમ્રતા વિના તો નમન પણ થઈ શકે નહીં ! શિરને નીચું કરવું એ જેવી તેવી વાત નથી ! જ્યારે આ તો મનને નીચું કરવાની, નમ્ર કરવાની, મીણ સમાન બનાવવાની ને શક્ય હોય તો મિટાવવાની પણ વાત છે.' 'ચિત્તા, ચોર, કમાન'ની નમ્રતાની વાત જવા દઇએ પણ મન-મર્કટનું સમાધાન કર્યા સિવાય નમ્રતાનો ગુણ આવવો અશક્ય નહીં તો વિકટ તો ખરો. 'ગુરોનમ્રતા' એ શિક્ષિત સંસ્કારી જનની આગવી વિશેષતા છે. વ્યક્તિના અસલી વિત્તને જાણ્યા-સમજ્યા વિના પણ કેવળ શ્રદ્ધા ને પૂજ્યભાવથી પણ નમ્રતા દાખવી શકાય. દાસભાવથી હનુમાન નમ્રતા દર્શાવે ને સ્વામીભાવથી ભગવાન રામ નમ્રતા દર્શાવે-એ દાસ-સ્વામી ભાવને ક્ષણિક ભૂલી જઇએ તો પણ સદ્ગુણ પેટે 'નમ્રતા'ની વિભાવનામાં ખાસ ફેર પડતો નથી.

નમસ્કાર કરવા યોગ્ય વ્યક્તિનું ચોથું ગુણ-લક્ષણ છે:-'વિદ્યાયાં વ્યસનં.' વ્યસનને બદલે લગાવ, એકાગ્રતા, અભિમુખતા તત્પરતા, તન્મયતા જેવા બીજા કેટલાક શબ્દો કવિ વાપરી શક્યા હોત પણ જે શબ્દને આપણે સારી વસ્તુ માટે નહીં, પણ ખરાબ ટેવો માટે સામાન્ય રીતે વાપરીએ છીએ એ 'વ્યસન' શબ્દનો પ્રયોગ કરીને કવિએ અર્થને વિશેષ બળ બક્ષ્યું છે. એક ટેવ એના ઊંડા સંસ્કાર મૂકી જાય તેને આપણે 'વ્યસન' કહીએ છીએ...ચા-કોફી-દારૂનું વ્યસન સામાન્ય છે પણ વિદ્યાને વ્યસનની કોટિએ પહોંચાડવું એ તો મોટી સાધના ને સિદ્ધિ છે. આપણે 'વિદ્યા-વ્યાસંગી' શબ્દ પ્રયોગ કરીએ છીએ પણ એને 'વિદ્યાનું વ્યસન' છે, એમાં જે સચોટતા, ઊંડાણ, સાતત્ય ને અસલીપણું છે તે 'વિદ્યા-વ્યાસંગી'ની તુલનાઓ વિશેષ છે. મા શારદાના વિશિષ્ટ અનુગ્રહ વિના 'વિદ્યાયાં વ્યસન'ના અધિકારી થવાય નહીં. ધીમાન પુરુષોનું આ તો 'ટૉનિક' છે. ગીતામાં 'સ્વાધ્યાય'ને વાણીનું તપ કહેલ છે. વ્યસન તપ બનવું જોઇએ.

સાત દાયકા પૂર્વે, અમારા ગામમાં, ચૌદેક સાલનો ભરથરીનો એક છોકરો ગાતો હતો: 'ભેખડે ભરાયો રાજા ભરથરી'...ગાવાનું હતું: 'ભેખ રે ઉતારો રાજા ! ભરથરી.' પિંગલાની આ ઉક્તિઓ છે પણ

રાણી પિંગલાની બેવફાઇએ રાજા ભરથરીને સંસારની એવી ભેખડે ભરાવી દીધો કે રાજવી કવિને ગાવું પડ્યું:-

'ધિક્ તાં ચ તં ચ મદનં ચ ઇમાંચ માં ચ.'

સંસારના આવા કપરા અનુભવોમાંથી ગુજરેલો કવિ માનવ સભ્યતા ને સંસ્કૃતિની ચરમ પરમ સીમા જેવી વાણી 'स्वयोषितिरति' ન ઉચ્ચારે તો જ નવાઈ ? एकोषिति रत्तिः એ કેળવવા લાયક ગુણ છે, આયોચિતં સદ્‌ગુણ છે. એક પત્ની, એક વચન, એક બાણ-શ્રી રામચંદ્રની જેમ. પિતાની ત્રણ પત્નીઓની વાતે સર્જાયેલી 'ટ્રેજેડી' રામ બરાબર સમજેલા એટલે એક પત્નીની વાત પાકી કરી અને અનેક સ્ત્રીઓ સાથેના ભોગ વિલાસના અતિરેકમાં રઘુવંશનો છેલ્લો રાજા અગ્નિ વર્ણક્ષય અને એવી અનેક અસાધ્ય બીમારીઓમાં ગયો ! આ ત્રણેય વાતો 'સ્વયોષિતિ રતિ'માં માનવજાતિએ યાદ રાખવા જેવી છે. આ જમાનાની તાસીર અનેક અગ્નિવર્ણોની યાદ અપાવે તેવી છે. એટલે પૂ. ગાંધીબાપુની લગ્નજીવનમાં પણ બ્રહ્મચર્યની વાતને હસી કાઢવા જેવી નથી. વેદમાં પત્નીસૂક્ત છે, તેમાં પવન તૃણને ડોલાવે તેવો પતિપત્નીનો સુભગ ને સુકોમળ સંબંધ કલ્પ્યો છે. ઉન્મૂલન નહીં, સ્હેજ ડોલન. 'સ્વયોષિતિરતિ'માં પણ કવિને આવો ભાવ અભિપ્રેત હોય !

મહાત્માઓને, સંતોને, પ્રતિષ્ઠિત સજ્જનોને લોકાપવાદનો ભય હોવો જોઈએ. આજે એટલાં બધાં કૌભાંડો આપણે સવારના પહોરમાં વર્તમાન પત્રોમાં વાંચીએ છીએ, ખૂબ પ્રતિષ્ઠિત વ્યક્તિઓના કૌભાંડો વાંચીએ છીએ, છતાંયે એ લોકોને લોકોપવાદનો રજ માત્ર ભય નથી. એમના પેટનું પાણી પણ હાલતું નથી ને નફ્ફટ થઇને નીતિ ને સદાચાર પર ભાષણો ઠોકે છે...ને એવાઓને શ્રોતાઓ પણ મળી રહે છે ! વસ્તુત: પ્રજાની સ્મૃતિ ટૂંકી હોય છે ને થોડોક સમય પસાર થતાં એવાઓ પાછા નેતા બની જતા હોય છે ! રામ સો ટકા જાણતા હતા કે સીતા પવિત્ર છે, અરે ! પવિત્ર અગ્નિને પણ પવિત્ર કરી શકે તેવાં સીતા માતા પવિત્ર હતાં, પણ એક ધોબીના અર્થહીન બોલે-લોકોપવાદે-પત્નીનો ત્યાગ કર્યો...પ્રજાને કાજે. રાજવી કવિ ભર્તૃહરિએ પણ નમસ્કારયોગ્ય વ્યક્તિઓનાં લક્ષણોમાં લોકોપવાદના ભયનો પણ સમાવેશ કર્યો છે.

કાલિદાસ અને ભર્તૃહરિ-સંસ્કૃત સાહિત્યના આ બે દિગ્ગજો-શિવભક્ત હતા એટલે 'અભિજ્ઞાન શાકુન્તલ'ની સમાપ્તિ ટાણે કાલિદાસ ભગવાન શિવને યાચે છે :

> ममापि च क्षपयतु नीललोहित:
> पुनर्भव परिगत शक्तिरात्मभू:
> સુનીલરક્ત પ્રસૂત શક્તિ શંભુ જે
> સ્વયંભૂ તે મુજ ફરી જન્મ ટાળજો.

જ્યારે ભર્તૃહરિ આ શ્લોકમાં 'ભક્તિ: શૂ લિનિ' કરવાની ભલામણ કરે છે. શિવ સદા શિવ છે, મહાદેવ છે, આશુતોષ છે, ભક્તોની, અલ્પ ભક્તિથી પણ સહજ રીઝી જતા હોય છે, અને આમેય આ શ્રદ્ધા ને નિષ્ઠાનો પ્રશ્ન છે. એટલે શિવ સિવાય પણ ગમે તે દેવની ભક્તિ કરવાની વાત કરે છે. ભક્તિ મુખ્ય છે, દેવ ગૌણ છે.

ભક્તિની શક્તિને કવિ યોગ્ય રીતે પિછાને છે. એટલે જે શક્તિથી ભક્તિ શક્ય બને તેની ઉપાસના કરવાની ભલામણ કરે છે. તો એ વિશિષ્ટ શક્તિ કઈ ? એ શક્તિ છે આત્મદમનની. બુદ્ધ, મહાવીર, દધિચી, શ્રીમદ્ રાજચન્દ્ર ને ગાંધીજીના વારસદારોને આ આત્મદમનની શક્તિની સમજણ આપવાની ન હોય. આપણા ઋષિમુનિઓ એ બાબતમાં વિશ્વના ગુરુપદને શોભાવે તેવા છે. નેપોલિયન ને એલેકઝાન્ડરનાં રણભૂમિનાં યુદ્ધો કરતાં આ સાધકોનાં મનોભૂમિ પર ખેલાતાં યુદ્ધો વધુ ભીષણ-રૌદ્ર ને ભવ્ય હોય છે. પેલાં યુદ્ધો તો ક્ષણિક હોય છે, જ્યારે આ સનાતન. `Beatiful of the flesh is the raising of the Soul.' આ એનો મુદ્રાલેખ છે. આત્મદમનની આકરી શિસ્ત આત્મસાત કર્યા સિવાય રાજવી કવિ ભર્તૃહરિ સંન્યસ્તને શી રીતે શોભાવી શક્યા હોત?

શ્લોકની શરૂઆતમાં કવિ સજ્જનોની સંગત કરવાની મનીષા સેવવાની વાત કરે છે, જ્યારે શ્લોકના અંતમાં કહે છે : 'સંસર્ગમુક્તિ ખલે'- દુષ્ટજનોથી મુક્તિ માગે છે. સજ્જનોની સંગતિ ને દુર્જનો, ખલ લોકોના સંસર્ગથી મુક્તિ-એમનાથી નવ ગજ દૂર નહીં પણ સંપૂર્ણ, સદૈવ દૂર રહેવાની વાત કરે છે. કારણ કે, ખલ લોકો સાત્ત્વિકતાને ખરડે છે, દૂષિત કરે છે ને સાધકને ભ્રષ્ટ કરે છે; એટલે કાજળની કોટડીમાં પ્રવેશ કરતાં ડાઘ લાગે તો સાબુથી ધોઇ નાખવો એના કરતાં કાજળની કોટડી-એટલે કે ખલ લોકોનો સંસર્ગ-એ જ ટાળવો ઉન્નત નીતિ છે. શ્લોકના અંતમાં કવિ કહે છે કે જેમનામાં આવા નિર્મલ સદ્‌ગુણો હોય તેવા સજ્જનો નમસ્કારને યોગ્ય છે. મારા, અમારા પણ એમને નમસ્કાર હો, નમસ્કાર છે.

સુજનની પ્રશંસા કરતા આ શાર્દૂલવિક્રીડિત છંદમાં-શ્લોકમાં-કવિએ સંસારી અનુભવને કેન્દ્રમાં રાખી, ભારતીય સંસ્કૃતિનાં આર્યસૂત્રો નિરૂપ્યાં છે.


## પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ અન્વયે)
(ફોર્મ નં. ૪, જુઓ રૂલ નં. ૮)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. પ્રસિદ્ધિનું સ્થળ | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી.પી.રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : | દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| ૪. પ્રકાશકનું નામ | : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| સરનામું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. |
| ૫. તંત્રીનું નામ | : | ડૉ. રમણલાલ ચી. શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| સરનામું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી.પી.રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામું | : | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ રસધારા કો. ઓ. હા.સોસાયટી, ૩૫૮, સરદાર વી.પી.રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૩-૨૦૦૩ રમણલાલ ચી. શાહ

# શ્રી દેવચંદ્રજી રચિત મુનિસુવ્રત જિન સ્તવન

☐ સુમનભાઈ એમ. શાહ

કોઇપણ કાર્યની સિદ્ધિ કે નિષ્પત્તિ કર્તાને આધીન છે, જેમાં ઉપાદાન અને નિમિત્ત કારણોનો સહયોગ કે સદ્ભાવ આવશ્યક છે. ઉપાદાન કારણ તો દરેક જીવમાં સત્તાગત અવશ્ય હોય છે, પરંતુ તેને મુક્તિમાર્ગમાં કાર્યાન્વિત કરવામાં યથાયોગ્ય નિમિત્ત કારણનો સહયોગ અનિવાર્ય છે. એટલે યથાતથ્ય નિમિત્ત મળતાં, જો સાધક તેનો ગુરુગમે વિધિવત્ સદ્ઉપયોગ કરે તો કાર્યસિદ્ધ કે પરિણામ નિપજાવી શકે. અર્થાત્ નિમિત્તનો ઉપયોગ કરવો કે નહીં તે કર્તા કે સાધક ઉપર નિર્ભર છે, એટલે કાર્ય કર્તાને આધીન છે.

પ્રસ્તુત સ્તવનમાં શ્રી દેવચંદ્રજી મહારાજે ષટ્કારકતાને મોક્ષાર્થે સાધક કેવી રીતે કાર્યાભિમુખ કરી શકે તથા પુષ્ટ-નિમિત્તના અવલંબનનો સદ્ઉપયોગ યોજી કાર્યસિદ્ધિ પ્રાપ્ત કરે તેનું સ્વરૂપ પ્રકાશિત કર્યું છે. પ્રસ્તુત સ્તવન આત્માર્થ સાધવા માટે પરમ પુરુષાર્થ પ્રેરક છે, જેનો ભાવાર્થ ગાથાવાર જોઇએ.

ઓલગડી ઓલગડી તો કીજે,<br>
શ્રી મુનિસુવ્રત સ્વામીની રે, જેહથી નિજ પદ સિદ્ધિ,<br>
કેવલ જ્ઞાનાદિક ગુણ ઉલ્લસે રે, લહીએ સહજ સમૃદ્ધિ...ઓલગડી-૧

જે સાધકને પોતાનું સહજ અને શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરવાની અભિલાષા જાગૃત થઈ છે, તેને શ્રી મુનિસુવ્રત સ્વામી જેવા સર્વજ્ઞદેવનું શરણું, સેવના, આજ્ઞાધીનપણું, ભક્તિ, અવલંબન, વંદનાદિ ઉપાસના સદ્ગુરુની નિશ્રામાં હોવી ઘટે છે. આના પરિણામરૂપે સાધકના સત્તાગત જ્ઞાનદર્શનાદિ ગુણો ઉપરનું કર્મરજરૂપ આવરણ દૂર થાય અને સમ્યક્જ્ઞાનાદિ ગુણો પ્રગટ થાય. આવો સાધક વહેલો-મોડો પોતાની અક્ષય, અનંત અને શુદ્ધ આત્મિક સંપદા પામવાનો અધિકારી નીવડે.

ઉપાદાન, ઉપાદાન નિજ પરિણતિ વસ્તુની રે,<br>
પણ કારણ નિમિત્ત આધીન;<br>
પુષ્ટ-અપુષ્ટ-દુવિધ તે ઉપદિશ્યો રે,<br>
ગ્રાહક વિધિ આધીન...ઓલગડી-૨

પ્રસ્તુત ગાથામાં સ્તવનકાર કાર્યસિદ્ધિ માટેનાં મુખ્ય કારણોનું સ્વરૂપ પ્રકાશિત કરે છે.

પ્રત્યેક જીવદ્રવ્યમાં ઉપાદાન શક્તિ તો સત્તામાં અવશ્ય હોય છે, કારણ કે તે આત્માનો મૂળ ધર્મ છે. પરંતુ ઉપાદાન શક્તિને કાર્યાભિમુખ કરવા માટે નિમિત્ત કારણનો સહયોગ કે સદ્ભાવ આવશ્યક છે. એટલે જે સાધકને ગુરુગમે કાર્ય સિદ્ધિનું લક્ષ થયું છે અને જેને ઉપાદાન જાગૃત કરવાની રુચિ ઉત્પન્ન થઈ છે, તે જો નિમિત્તનો વિધિપૂર્વક સદ્ઉપયોગ કરે તો નિમિત્ત કાર્યકારી થાય. આમ અપેક્ષાએ કહી શકાય કે કાર્યની સિદ્ધિ કર્તાના સ્વાધીનપણામાં છે. નિમિત્ત કારણના બે વિભાગ પાડવામાં આવ્યા છે, પુષ્ટ અને અપુષ્ટ, જેનું સ્વરૂપ હવે પછીની ગાથાઓમાં પ્રકાશિત થાય છે.

સાધ્ય સાધ્યધર્મ જે માંહે હોવે રે, તે નિમિત્ત અતિપુષ્ટ;<br>
પુષ્પ માંહે તિલવાસક વાસના રે, તે નવિ પ્રધ્વંસક દુષ્ટ...ઓલગડી-૩

પ્રસ્તુત ગાથામાં સ્તવનકાર પુષ્ટ-નિમિત્તનું સ્વરૂપ સમજાવે છે. જે નિમિત્તમાં સાધ્ય ધર્મ કે કાર્યસિદ્ધિનું હોવાપણું છે, અથવા જે નિમિત્તમાં દ્રવ્યનું ઉપાદાન જાગૃત કરવાની અંતર્ગત ક્ષમતા છે, તેને પુષ્ટ નિમિત્ત માનવું. જ્ઞાનીપુરુષનું કથન છે કે 'માર્ગને પામેલો માર્ગ પમાડશે.' જે નિમિત્તમાં સિદ્ધિ પ્રત્યક્ષ પ્રમાણરૂપ હોય, તે અન્ય રુચિવંત સાધકોને યથાર્થ મુક્તિમાર્ગ નિપજાવી શકે. પરંતુ આ માટે સાધકે નિમિત્તનો વિધિવત્ સદ્ઉપયોગ સદ્ગુરુની નિશ્રામાં કરવો ઘટે.

પુષ્ટ નિમિત્તનો વ્યાવહારિક દાખલો આપતાં સ્તવનકાર જણાવે છે કે, સુગંધિત તેલ કે અત્તર બનાવવા પુષ્પનો ઉપયોગ થાય છે કારણ કે પુષ્પમાં સુગંધ કે સૌરભ અંતર્ગત વિદ્યમાન હોય છે. પરંતુ પુષ્પમાં તેલની વાસના દૂર કરવાની શક્તિ નથી. અર્થાત્ તેલને વધુ સુગંધિત બનાવવા પુષ્પ એક પુષ્ટ-નિમિત્ત છે.

આવી રીતે શ્રી અરિહંત પરમાત્માને આત્મિક જ્ઞાનાદિ સર્વ ગુણ પ્રત્યક્ષપણે વર્તતા હોવાથી તેઓ ભવ્યજીવોને સુબોધ આપી મુક્તિમાર્ગનું પુષ્ટ-નિમિત્ત થાય છે. એટલે જે સાધકને કાર્યસિદ્ધિનું લક્ષ ગુરુગમે થયું છે, તે અરિહંત પ્રભુનું શરણું લઈ સત્સાધનો સેવે તો મુક્તિમાર્ગનો અધિકારી થાય.

દંડ દંડ નિમિત્ત અપુષ્ટ ઘડા તણો રે, નવિ ઘટતા તસુમાંય;<br>
સાધક, સાધક પ્રધ્વંસકતા અછે રે, તિણે નહિ નિયત પ્રવાહ...ઓલગડી-૪

પ્રસ્તુત ગાથામાં સ્તવનકાર અપુષ્ટ-નિમિત્તનું સ્વરૂપ સમજાવે છે.

જે નિમિત્ત કારણમાં ઉપાદાન જાગૃત કરવાની ક્ષમતા નથી, અથવા જે નિમિત્તમાં સાધ્યધર્મનું હોવાપણું નથી તેને અપુષ્ટ-નિમિત્ત માનવું. જેમ કે કોઈ લૌકિક કહેવાતા ધર્મગુરુમાં રાગદ્વેષ, અજ્ઞાન, વિષય-કષાયાદિ હોય તે અન્ય સાધકોના દુષણો દૂર કરવામાં નિમિત્ત ન બની શકે, કારણ કે આવા ધર્મગુરુમાં યથાયોગ્ય ગુરુતા નથી.

અપુષ્ટ નિમિત્તનો વ્યાવહારિક દાખલો આપતાં સ્તવનકાર જણાવે છે કે ચક્રને ચલાવવા માટે કુંભાર દંડ કે લાકડીનો ઉપયોગ કરી માટીનાં વાસણો ઉપજાવી શકે છે. પરંતુ આવું નિમિત્ત અપુષ્ટ છે કારણ કે દંડમાં ઘટધર્મનું સ્વરૂપ અંતર્ગત નથી તથા દંડથી ઘટાદિ વાસણોનો નાશ કરવો હોય તો પણ થઈ શકે છે. એટલે કર્તાની મરજી મુજબ ઘટ બનાવવો કે ધ્વંસ કરવો તે દંડના ઉપયોગ ઉપર આધાર રાખે છે. ટૂંકમાં અપુષ્ટ નિમિત્તનો ચોક્કસ પ્રકારનો પ્રવાહ નથી.

ષટ્કારક, ષટ્કારક તે કારણ કાર્યનું રે, જે કારણ સ્વાધીન;<br>
તે કર્તા, તે કર્તા સહુ કારક તે વસુ રે, કર્મ તે કારણ પીન...ઓલગડી-૫<br>
કાર્ય, કાર્ય સંકલ્પે કારક દશા રે, છતી સત્તા સદ્ભાવ;<br>
અથવા તુલ્ય ધર્મને જોયવે રે, સાધ્ય આરોપણ દાવ... ઓલગડી-૬

છ સત્દ્રવ્યોમાં સ્વતંત્ર કર્તૃત્વ અને ભોક્તૃત્વ સ્વભાવ માત્ર આત્મદ્રવ્યમાં છે. બાકીનાં પાંચ દ્રવ્યો પરિણામી હોવા છતાંય, તે પરિણામના અકર્તા અને અભોક્તા છે. કર્તા, કાર્ય, કારણ, સંપ્રદાન, અપાદાન અને આધાર એવા છ કારકો છે. કોઇપણ કાર્યની સિદ્ધિમાં આ છ કારકો કાર્યાન્વિત થતા હોય છે. સ્તવનકાર ઉપરની ગાથાઓમાં કર્તા અને કાર્ય કારકોનું સામાન્ય સ્વરૂપ સમજાવે છે.

કર્તા (કારક) :

કાર્યની નિષ્પત્તિ નિપજાવવામાં જે સ્વતંત્ર કારણ છે અને જેને આધીન બીજા પાંચ કારકો છે, તેને કર્તા કહેવામાં આવે છે. અથવા કાર્યસિદ્ધિ થવા અર્થે કર્તા સ્વાધીનપણે નિર્ણય લઈ અન્ય કારકોને કાર્યાભિમુખ કરે છે.

કાર્ય (કારક) :

જે કરવાથી પરિણામ નિપજે છે તેને કાર્ય કહેવામાં આવે છે. હવે

કાર્ય કરવું કે નહિ તે કર્તાને આધીન છે. જે જે કારણોથી કાર્યને પુષ્ટિ મળે છે અથવા જે કરવાથી થાય છે, તેને અપેક્ષાએ કાર્ય કારકમાં ગણાવી શકાય. આ સઘળું કાર્ય ત્યારે જ થાય, જ્યારે તે સત્તામાં વિદ્યમાન હોય. દા. ત. માટીમાં ઘટત્વ થવાનો સદ્ભાવ છે, માટે કુંભાર જો નિર્ણય લઈ કાર્યનો આરંભ કરે તો માટીમાંથી ઘટાદિ નિપજાવી શકે.

પ્રથમ તો કર્તાએ કાર્ય કરવાનો નિર્ણય લેવાનો હોય છે. ત્યાર બાદ સંકલ્પથી માંડી તેની પૂર્ણાહૂતિ સુધી અન્ય કારકોને કાર્યાન્વિત કરી પરિણામ નિપજાવવાનું છે. મુક્તિમાર્ગમાં સાધકને શ્રી જિનેશ્વર પ્રભુનું દર્શન તથા યથાતથ્ય ઓળખાણ ગુરુગમે થાય છે. સાધકને સમજણ પ્રગટે છે કે અરિહંત પરમાત્મા જેવું જ સ્વરૂપ પોતાની સત્તામાં છે, પરંતુ તે બહુધા અપ્રગટ દશામાં છે. 'હે પ્રભુ ! આપનું જેવું શુદ્ધ આત્મસ્વરૂપ છે, તેવું જ મારું સ્વરૂપ છે અને આપ જ મારા પ્રગટ શુદ્ધાત્મા છો.' આવું આરોપણ કરી સાધક શ્રી જિનેશ્વર પ્રભુનાં દર્શન, વંદન, ઉપાસનાદિ વિધિપૂર્વક આરાધે છે. આવી પ્રવૃત્તિને અપેક્ષાએ કાર્યનું કારણ કહી શકાય, કારણ કે તે સાધ્ય ધર્મ પામવા માટે થાય છે.

અતિશય અતિશય કારણ કરણ તે રે, નિમિત્ત અને ઉપાદાન;
સંપ્રદાન સંપ્રદાન કારણ પદ ભવનથી રે, કારણ વ્યય અપાદાન... ઓલગડી-૭

ભવન ભવન વ્યય વિણ કારણ નવિ હોવે રે, જિન દૃષદે ન ઘટત્વ;
શુદ્ધાધાર શુદ્ધાધાર સ્વગુણનો દ્રવ્ય છે રે, સત્તાધાર સુતત્ત્વ...ઓલગડી-૮

ઉપરની ગાથાઓમાં સ્તવનકાર, કારણ, સંપ્રદાન, અપાદાન અને આધાર એવા ચાર કારકોનું સ્વરૂપ પ્રકાશિત કરે છે.

**કારણ (કારક) :**

કોઈપણ કાર્યની નિષ્પત્તિમાં પાંચ સમવાયી કારણોનો વધતો-ઓછો સહયોગ અવશ્ય હોય છે. આ સમવાયી કારણોનો સમાવેશ ઉપાદાન અને નિમિત્ત કારણોમાં આપોઆપ થાય છે અને તે કાર્ય ઉપજાવવાનાં પ્રધાન કારણો છે.

ઉપાદાન એ પ્રત્યેક જીવની આત્મસત્તા છે અને જે સાંસારિક જીવમાં બહુધા કર્મરજથી આવરણ યુક્ત હોય છે. આમ છતાંય ઉપાદાન શક્તિ કાયમી હોવાથી તેનો ક્ષય થતો નથી. આ ઉપાદાન શક્તિને જાગૃત કરવા યથાયોગ્ય નિમિત્તની આવશ્યકતા અનિવાર્ય છે. સાધકદશામાં શ્રી અરિહંત પ્રભુની અનેક પ્રકારની ઉપાસનાથી સાધક સર્વોત્તમ નિમિત્તનું શુદ્ધ અવલંબન લઈ આત્મકલ્યાણ સાધે છે. જેવા સ્વરૂપે આલંબન લેવાય, તેવા સ્વરૂપે બંધ-નિર્જરારૂપ કાર્ય પરિણામ નિપજે છે.

**સંપ્રદાન અને અપાદાન કારકો :**

ઉપાદાન કારકમાં રહેલ ગુણ-પર્યાયોની ઉત્પત્તિ (ઉત્તર પર્યાય) અને પૂર્વ-પર્યાયોના વ્યયને અનુક્રમે સંપ્રદાન અને અપાદાન કારકો કહેવામાં આવે છે. ગુણોના નવા પર્યાયો ત્યારે જ ઉત્પન્ન થાય જ્યારે જૂના પર્યાયોનો ક્ષય થાય.

મુક્તિમાર્ગને પામેલા સાધકમાં મિથ્યાત્વ, અજ્ઞાનાદિ પર્યાયોનો વ્યય (અપાદાન) થાય છે અને સમ્યક્ જ્ઞાનદર્શનાદિ ગુણોના પર્યાયો ઉત્પન્ન (સંપ્રદાન) થાય છે. આવી ઉત્પાદ્ અને વ્યયરૂપ પ્રક્રિયા આત્માર્થીને સાધકદશામાં ઉત્તરોત્તર ચાલ્યા કરે છે. આવો સાધક આત્મિક શુદ્ધતારૂપ ગુણસ્થાનકોનું આરોહણ કરી આત્મકલ્યાણ સાધે છે. છેવટે સાધકની અયોગી અવસ્થાનો વ્યય (અપાદાન) થતાં તેને સિદ્ધતારૂપ કાર્યની ઉત્પત્તિ (સંપ્રદાન) થાય છે.

**આધાર (કારક) :**

પ્રત્યેક સત્દ્રવ્ય સ્વતંત્ર, નિત્ય અને અનેક ધર્માત્મક છે. સત્દ્રવ્યો અને તેના ગુણોમાં સદૈવ અભેદતા કે અભિન્નતા વર્તે છે. દ્રવ્યો એકમેકને મળે છે, વિખૂટાં પડે છે, અવકાશ આપે છે, પરંતુ પોતપોતાના સ્વજાતીય ગુણો છોડતાં નથી, અને બીજાં દ્રવ્યોના વિજાતીય ગુણો ધારણ કરતાં નથી. ઉપરાંત દ્રવ્ય અને તેના ગુણોમાં સહભાવીપણું હોય છે, એટલે ગુણો વિખૂટા પડતા નથી તથા દ્રવ્યનો ગુણ તે જ દ્રવ્યના બીજા ગુણમાં પરિવર્તન પામતો નથી એવો અગુરુલઘુત્વ સ્વભાવ છે. આમ છતાંય ગુણોનું પરિણમન ક્રમભાવી છે.

આમ ગુણી અને તેના ગુણોમાં અભેદતા વર્તતી હોવાથી, ગુણોનો આધાર આત્મદ્રવ્ય છે અથવા આત્મદ્રવ્યનો આધાર તેના ગુણોમાં છે. ટૂંકમાં આત્મિકગુણો એ જીવદ્રવ્યની કાયમી સત્તા છે, પરંતુ બહિરાત્મ દશામાં રહેલ જીવના વિભાવોથી ગુણો બહુધા કર્મરજરૂપ આવરણથી ઢંકાઈ જાય છે. સાધકદશામાં આત્મિકગુણોનું પરિણમન ક્ષાયોપક્ષમિક ભાવે હોય છે, જ્યારે પરમાત્મદશામાં ગુણો ક્ષાયિક અને પારિણામિક ભાવે પ્રવર્તે છે. ટૂંકમાં જ્ઞાનાદિ સ્વગુણોનો આધાર આત્મદ્રવ્ય છે.

આતમ આતમ કર્તા કાર્ય સિદ્ધતા રે, તસુ સાધન જિનરાજ;
પ્રભુ દીઠે કારજ રુચિ ઉપજે, પ્રગટે આત્મ સમ્રાજ... ઓલગડી-૯

મુક્તિમાર્ગના અભિલાષી સાધકને જ્યારે શ્રી જિનેશ્વર પ્રભુનું નિશ્ચય-વ્યવહારથી દર્શન થાય છે, ત્યારે તેને રુચિ અને અહોભાવ ઉત્પન્ન થાય છે. સાધકને એક બાજુ શ્રી જિનેશ્વર પ્રત્યે ભક્તિ અને તાદાત્મ્ય થાય છે અને બીજી બાજુ પોતાના દર અસલ સ્વરૂપનું સામ્રાજ્ય નિરાવરણ થઈ ખુલ્લું થાય છે. ટૂંકમાં શ્રી અરિહંત પ્રભુનું શુદ્ધ નિમિત્તાવલંબન કાર્યાભિમુખ થતાં આત્માર્થી મુક્તિમાર્ગનો અધિકારી નીવડે છે.

વંદન વંદન નમન સેવન વલી પૂજના રે, સ્મરણ સ્તવન વલી ધ્યાન;
દેવચંદ દેવચંદ કીજે જગદીશનું રે, પ્રગટે પૂર્ણ નિધાન...એલગડી-૧૦

મોક્ષમાર્ગની રુચિ, પેદા થવા માટે જગતના નાથ શ્રી અરિહંત પ્રભુની વિધિવત્ દ્રવ્ય-ભાવ પૂજા, વંદન, સેવન, સ્મરણ, સ્તવન, સ્તુતિ, ધ્યાનાદિ ઉપાસના સદ્ગુરુની નિશ્રામાં સાધકને હોવી ઘટે છે. આના પરિણામ સ્વરૂપે સાધક અનંત, અક્ષય અને અવિચળ સહજસુખ અને પરમાનંદનો કાયમી ભોકતા થાય છે, કારણ કે તેની પરિપૂર્ણ આત્મિક સંપદા પ્રગટ થાય છે. આવો સાધક દેવોમાં ચંદ્રથી પણ અધિક ઉજ્જવળ ગુણો પ્રગટ કરી સિદ્ધગતિમાં સ્થાયી નિવાસ કરે છે.

❖❖❖

**'પ્રબુદ્ધ જીવન'ને ભેટ**

લંડનનિવાસી શ્રીમતી સવિતાબહેન શાન્તિભાઈ શાહ તરફથી 'પ્રબુદ્ધ જીવન' માટે રૂપિયા ૧૮૭૫૦/-ની માતબર રકમની ભેટ મળી છે એનો સહર્ષ સ્વીકાર કરીએ છીએ. આવું ઉદાર સૌજન્ય દાખવવા બદલ એમનો આભાર માનીએ છીએ.

□ તંત્રી

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૪ ● અંક : ૪ ● એપ્રિલ, ૨૦૦૩ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुहेसिया ।

— ભગવાન મહાવીર

## [જે જાણે કે 'હું મરીશ નહિ' તે જ સુખશીલતા ઈચ્છી શકે]

આ દુનિયામાં કોણ એવો છે કે જે એમ કહી શકે કે 'હું ક્યારેય મરવાનો નથી ?'

આપણી નજર સમક્ષ કેટલીયે વાર એવી ઘટના બને છે કે માણસ જીવતો-જાગતો, હરતો-ફરતો, બોલતો-ચાલતો હોય અને મૃત્યુ પામતાં તત્ક્ષણ એનો દેહ નિશ્ચેટ બની જાય છે. પછી તે હાલીચાલી શકતો નથી, અરે એક આંગળી પણ તે ઊંચી કરી શકતો નથી. એના નિષ્પ્રાણ દેહને વધુ વખત રાખી શકાતો નથી. એની અંત્યેષ્ટિ ક્રિયા કરવી જ પડે છે. શબનો નિકાલ કર્યા વગર છૂટકો નથી.

કાળચક્ર સતત ફરતું રહે છે અને યમરાજા પોતાની લીલા સર્વત્ર પ્રસરાવતા રહે છે. રોજ છાપામાં મરણનોંધ વાંચીએ છીએ. કોઈ ગ્રામનગર એવું નથી કે જે એમ કહે કે અમારે ત્યાં ક્યારેય કોઈ મર્યું નથી. કોઈક કુટુંબમાં પચાસ-સાઠ વર્ષ સુધી કોઈનું અવસાન ન થયું હોય એમ બને, પણ કોઈ ક્યારેય મૃત્યુ પામ્યું નથી એમ તો ન જ કહી શકે. એટલા માટે તો ભગવાન બુદ્ધે કિસા ગૌતમીને કહ્યું હતું કે 'જે કુટુંબમાં ક્યારેય કોઈ મૃત્યુ ન પામ્યું હોય એવા ઘરેથી રાઈના દાણા લઈ આવે તો એ વડે તારા મૃત્યુ પામેલા દીકરાને જીવતો કરી આપું.' ભોળી કિસા ગૌતમી ઘેર ઘેર એ માટે ફરી હતી અને નિરાશ થઈ ભગવાન બુદ્ધ પાસે આવી ત્યારે ભગવાને સમજાવ્યું હતું કે 'મૃત્યુ તો દરેકનું આવે જ છે.'

આ સંસારમાં કોઈ અમરપટો લખાવીને આવ્યું નથી. જે જન્મ્યું તે જાય એ વાત દીવા જેવી સ્પષ્ટ છે. જૈન ધર્મ પ્રમાણે સર્વોચ્ચ દેવગતિ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોનું તેત્રીસ સાગરોપમનું આયુષ્ય હોય છે અને કોઈ વાતે દુ:ખ હોતું નથી, તો પણ તેમનું આયુષ્ય પૂર્ણ થાય છે. મોડો કે વહેલો, સર્વ સંસારી જીવોના આયુષ્યનો અંત આવે જ છે. આપણા પોતાના જ જીવનકાળ દરમિયાન કેટકેટલા પરિચિત જનોને વિદાય લેતા આપણે જોઇએ છીએ ! આપણે કેટલાયની સ્મશાનયાત્રામાં જઈ આવ્યા છીએ ! દુનિયામાં કોઈ ગ્રામનગર એવું નથી કે જ્યાં સ્મશાન-કબ્રસ્તાન ન હોય અને કોઈ સ્મશાન એવું નથી કે જે રજા ઉપર કે હડતાલ પર ઊતર્યું હોય. એટલે જ ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્રના 'ઈષુકારીય' નામના અધ્યયનમાં કહ્યું છે કે કોઈ એવું નથી કે જે એમ કહી શકે કે 'હું ક્યારેય મરીશ નહિ.'

ઉત્તરાધ્યયન સૂત્રના આ 'ઈષુકારીય' નામના ચૌદમા અધ્યયનમાં સંયમના પંથને વરેલા છ પુણ્યશાળી જીવોની કથાને વણી લેવામાં આવી છે.

પ્રાચીન કાળમાં ઇષુકાર નામનો રાજા હતો. એના નામ પરથી એની નગરીનું નામ પડ્યું હતું ઇષુકારનગર.

છ જીવો દેવગતિમાં પોતાનું આયુષ્ય પૂર્ણ કરી મનુષ્યગતિમાં અવતર્યા હતા. પૂર્વના ઋણાનુબંધ અનુસાર તેઓ છએ ઇષુકારનગરમાં જન્મ્યા હતા. એમાંથી ચાર બ્રાહ્મણકુળમાં અને બે ક્ષત્રિયકુળમાં રાજારાણી તરીકે જન્મ્યા હતા.

બ્રાહ્મણકુળમાં જન્મેલા એક તે પુરોહિત હતા. બીજો જીવ તે એમની પત્ની યશા હતી. બીજા બે જીવો તે એમના બે દીકરાઓ હતા. મોટા થતાં આ બંને કુમારોને એક વખત એક યોગી મહાત્માનાં દર્શન થયાં. દર્શન થતાં જ બંનેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના પૂર્વ ભવનું જ્ઞાન થતાં જ બંને કુમારોને જન્મ, જરા અને મૃત્યુવાળા સંસારથી વિરક્ત થઈને દીક્ષા લેવાના ભાવ થયા. એથી ઘરે આવીને તેઓએ પિતાજી આગળ પોતાની ઈચ્છા દર્શાવી. પિતા પુરોહિતે કહ્યું કે 'તમે બંને પહેલાં વેદાભ્યાસ કરો, બ્રાહ્મણોને જમાડો, ગૃહસ્થાશ્રમમાં દાખલ થાવ, ભોગ ભોગવો અને પછી દીક્ષા લેજો.'

પરંતુ પિતાની આ વાત પુત્રોએ સ્વીકારી નહિ. પોતે શા માટે સ્વીકારતા નથી તે પણ સમજાવ્યું. પિતાએ વિવિધ દલીલો સાથે પુત્રોને દીક્ષા ન લેવા માટે કહ્યું, પરંતુ પુત્રો તે પ્રત્યેક વાતનો બરાબર પ્રત્યુત્તર વાળતા હતા.

પુત્રોએ કહ્યું છે: પિતાજી, આ લોક મૃત્યુથી પીડાઈ રહ્યો છે, વૃદ્ધાવસ્થાથી ઘેરાયેલો છે તથા રાત્રિદિવસરૂપી ચક્ર આયુષ્યને ક્ષીણ કરી રહ્યું છે. વળી :

जा जा वच्चइ रयणी, ण सा पडिणियत्तइ ।
अहम्मं कुणमाणस्स अफला जंति राइजो ॥

[જે જે રાત્રિઓ વીતે છે તે પાછી નથી આવતી. જે માણસ અધર્મ કરે છે તેની રાત્રિઓ નિષ્ફળ થાય છે.]

जा जा वच्चइ रयणी, ण सा पडिणियत्तइ ।
धम्मं च कुणमाणस्स सफला जंति राइओ ॥

[જે જે રાત્રિઓ વીતે છે તે પાછી નથી આવતી. પરંતુ જે માણસ ધર્મ કરે છે તેની રાત્રિઓ સફળ થાય છે.]

પિતાએ પુત્રોને કહ્યું, 'તમારી વાત સાચી છે, પરંતુ પહેલાં આપણે બધાં ગૃહસ્થાશ્રમનું પાલન કરી લઈએ, પછી વ્રતો અંગીકાર કરીશું અને પછી છેવટે દીક્ષા લઈ ભિક્ષાથી સંયમજીવનનો નિર્વાહ કરીશું.'

ત્યારે પુત્રોએ પિતાને સમજાવ્યું કે મૃત્યુ ક્યારે આવવાનું છે તેની કોને ખબર છે ? પુત્રોએ કહ્યું:

जस्सत्थि मच्चुणा सक्खं, जस्स वऽत्थि पलायणं ।
जो जाणे ण मरिस्सामि, सो हु कंखे सुहेसिया ॥

[અર્થાત્ જેની મૃત્યુ સાથે મિત્રતા હોય, જે મૃત્યુથી છૂટીને ભાગી શકતો હોય, પલાયન થઈ શકતો હોય અને જે એમ જાણે કે પોતે ક્યારેય મરવાનો નથી તે ભલે સુખશીલતાની ઈચ્છા રાખે.]

પુત્રોના સમજાવ્યાથી માતા-પિતાએ તેઓને દીક્ષા લેવા સંમતિ આપી. એટલું જ નહિ પુત્રોની પ્રેરણાથી તેઓ પણ દીક્ષા લેવા તૈયાર થયા. આમ, કુટુંબના ચારે સભ્યોએ ગૃહત્યાગ કરી સંયમના માર્ગે વિચરણ કર્યું.

પ્રાચીન કાળમાં એવી પ્રથા હતી કે જે ધનસંપત્તિનો કોઈ સીધો વારસદાર ન હોય તે ધનસંપત્તિ રાજ્યને મળે. પુરોહિતના સમગ્ર પરિવારે દીક્ષા લીધી એટલે એમની ધનસંપત્તિના કોઈ સીધા વારસદાર રહ્યા નહિ. ત્યારે રાજાની ઈચ્છા એ સંપત્તિ મેળવી લેવાની થઈ. તે સમયે રાણીએ એમને અટકાવ્યા અને સંસારની અસારતા સમજાવી. છેવટે રાજા અને રાણી પણ દીક્ષા લેવા તૈયાર થયા.

આમ, પૂર્વ ભવના છએ જીવોએ એક બીજાને પ્રતિબોધ પમાડી, દીક્ષા લઈ સંયમમાર્ગનો સ્વીકાર કરી, ઉગ્ર તપશ્ચર્યા કરી, ઘાતી કર્મો ખપાવી કેવળજ્ઞાન પામીને નિર્વાણ પામ્યા એટલે કે મોક્ષગતિ પ્રાપ્ત કરી.

આ અધ્યયનમાં મૃત્યુની અનિવાર્યતા સમજાવવામાં આવી છે. ગમે તેવો સમર્થ, લાગવગ કે પીઠબળવાળો બળવાન માણસ, મોટું સૈન્ય ધરાવનાર, અનેકને મૃત્યુના મુખમાં ધકેલી દેનાર માણસ પણ પોતાના મૃત્યુ આગળ લાચાર થઈ જાય છે. એનું કશું જ ચાલતું નથી. એ એને અટકાવી કે પાછું ઠેલી શકતો નથી. બળવાન અને સમર્થ પીઠબળવાળા અભિમન્યુ માટે કહેવાયું છે :

मातुलो यस्य गोविंदः पिता यस्य धनंजयः ।
अभिमन्यु रणे शेते, कालोऽयं दुरतिक्रमः ॥

કૃષ્ણ જેના મામા હતા અને અર્જુન જેના પિતા હતા એવો અભિમન્યુ પણ રણભૂમિમાં સૂઈ ગયો (મૃત્યુ પામ્યો), કારણ કે કાળ દુરતિક્રમ છે. અર્થાત્ મૃત્યુ અનિવાર્ય છે.

ચોત્રીસ અતિશય ધરાવનાર તીર્થંકર પરમાત્મા પણ પોતાનું આયુષ્ય એક ક્ષણ પણ લંબાવી શકતા નથી. તો પછી ઈન્દ્રો, ચક્રવર્તીઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો, ગણધરો, સમર્થ આચાર્યો, રાજાઓ, મંત્રીઓ વગેરેની તો વાત જ શી કરવી ? કહ્યું છે:

રાજા, રાણા, છત્રપતિ, હાથિયનકે અસવાર,
સબકો જાના એક દિન, અપની અપની બાર.

'વૈરાગ્યશતક'માં કહ્યું છે :

सर्वभक्षी कृतान्तोऽयं सत्यं लोके निगद्यते ।
रामदेवादयो धीराः सर्वे क्वाप्यन्यथा गताः ॥

[આ યમરાજા સર્વનું ભક્ષણ કરનારા છે એવું લોકોમાં જે કહેવાય છે તે સત્ય છે. જો એમ ન હોય તો રામદેવ (ભગવાન રામચંદ્ર) વગેરે બધા ધીરપુરુષો ક્યાં ગયા ?]

હિન્દુ ધર્મમાં કહ્યું છે કે કેવા કેવા પરમ પુરુષો પણ આ ધરતી પરથી ચાલ્યા ગયા છે !

मांधाता भरतः शीवो दशरथो लक्ष्मीधरो रावणः
कर्णः कंसरिपुर्बलो भृगुपतिर्भीमः परेऽप्युन्नताः ।
मृत्यु जेतुमलं न यं नृपतयः कस्तं परो जेष्यते,
भग्नौ यो न महातरुर्द्विपवरैस्तं किं शशो भंक्ष्यति ॥

[માંધાતા, ભરત, શીવ, દશરથ, લક્ષ્મીધર, રાવણ, કર્ણ, કૃષ્ણ, બલભદ્ર, ભૃગુપતિ (પરશુરામ), ભીમ અને બીજા ઉત્તમ નૃપતિઓ મૃત્યુને જીતી ન શક્યા, તેને બીજા કોણ જીતી શકશે ? જે મોટું વૃક્ષ શ્રેષ્ઠ હાથીઓથી ન ભાંગ્યું તેને સસલું શું ભાંગી શકશે ?]

મૃત્યુથી છટકવા માટે માણસ ગુફામાં કે ભોંયરામાં પેસી જાય, સમુદ્રને તળિયે બેસી જાય કે વિમાનમાં આકાશમાં ઊડી જાય, જાડામાં જાડું બખ્તર પહેરી લે તો પણ મૃત્યુ જીવને છટકવા દેતું નથી. મૃત્યુને કોઈ છેતરી શકતું નથી કે હાથતાળી દઈને ભાગી શકતું નથી. એક કાલ્પનિક દૃષ્ટાન્ત આપવામાં આવે છે કે એક શિલ્પી એટલો બધો હોંશિયાર હતો કે ગમે તે વ્યક્તિની એવી આબેહૂબ શિલ્પાકૃતિ તૈયાર કરી શકતો કે જે જોઇને માણસ ભુલાવામાં પડી જાય કે આ સાચો અસલી માણસ છે કે નકલી છે. એક વખત એણે અરીસામાં પોતાનું મુખ જોઇને પોતાની જ મુખાકૃતિનું એવું સરસ શિલ્પ બનાવ્યું કે મળવા આવેલા ભ્રમમાં પડી ગયા. એથી શિલ્પીને તુક્કો સૂઝ્યો કે 'હવે તો હું યમરાજાને પણ છેતરી શકું.' એણે પોતાની દસબાર મુખાકૃતિઓ બનાવી અને ઘરમાં જુદી જુદી જગ્યાએ એવી રીતે ગોઠવી દીધી કે જેથી માત્ર મોઢું જ દેખાય. પછી જ્યારે યમદેવતા આવ્યા ત્યારે પોતે પણ એક ટેબલની પાછળ માત્ર મોઢું દેખાય એ રીતે ગોઠવાઈ ગયો. યમદેવતા વિચારમાં પડી ગયા કે આમાં સાચો શિલ્પી કોણ ? એકને બદલે બીજાને તો લઈ જઈ શકાય નહિ. છેવટે યમદેવતાએ યુક્તિ કરી. એમણે પહેલાં શિલ્પીના ભારોભાર વખાણ કરતા કહ્યું કે જિંદગીમાં આવું આબેહૂબ ક્યારેય જોયું નથી. યમદેવતાના મુખે પ્રશંસા સાંભળી શિલ્પી મનમાં રાજી થયો. પોતાની કલા માટે, યમદેવતાને પણ પોતે છેતરી શકે છે એ માટે ગર્વ થયો. ત્યાં યમદેવતાએ કહ્યું, 'શિલ્પીએ આટલી બધી સરસ કારીગરી કરી છે, પરંતુ માત્ર એક નાની ભૂલ રહી ગઈ છે.' એ સાંભળી શિલ્પીથી રહેવાયું નહિ. પોતાની કલામાં કોઈ ખામી કાઢી શકે ? તરત એ બોલ્યો, 'કઈ ભૂલ છે ?' યમદેવતાએ કહ્યું, 'બસ તું આ બોલ્યો એ જ તારી ભૂલ. તું પકડાઈ ગયો. તું આખી દુનિયાને છેતરી શકે, પરંતુ મને-યમદેવતાને છેતરી ન શકે. જગતના ઇતિહાસમાં આજ દિવસ સુધી એવી કોઈ ઘટના બની નથી અને બનશે પણ નહિ.'

આમ યમરાજાના પંજામાંથી કોઈ છટકી શકતું નથી. કોઈના પ્રાણ જલદી ન નીકળતા હોય તો એમ લાગે અને લોકો બોલે પણ ખરા કે એ યમદેવતાને હંફાવે છે. પરંતુ વસ્તુતઃ યમદેવતા તેને હંફાવતા હોય છે.

મૃત્યુ જેમ અનિવાર્ય છે તેમ અનિશ્ચિત પણ છે. અકસ્માતોમાં મૃત્યુ થાય છે કે માણસ આત્મઘાત કરે છે તેમાં મૃત્યુ વહેલું આવેલું દેખાય છે એ તો સાચું, પરંતુ બધાંનું મૃત્યુ વયાનુસાર થાય છે એવું પણ નથી. કોઈ બાલ્યકાળમાં, કોઈક યૌવનમાં તો કોઈક વૃદ્ધાવસ્થામાં મૃત્યુ પામે છે. 'વિષ્ણુપુરાણ'માં કહ્યું છે :

जातमात्रश्च म्रियते बालभावेऽथ यौवने ।
मध्यमं वा वयः प्राप्य वार्धके वा ध्रुवा मृतिः ॥

[કોઈ જન્મ પામીને તરત મૃત્યુ પામે છે, કોઈ બાળપણમાં અને કોઈ યૌવનમાં મૃત્યુ પામે છે, કોઈ મધ્યમ વય પામીને અથવા કોઈ વૃદ્ધાવસ્થામાં મૃત્યુ પામે છે. પરંતુ મૃત્યુ દરેકનું નિશ્ચિત છે.]

જીવની પોતાના દેહ સાથે એવી એકત્વબુદ્ધિ થઈ જાય છે અને એનો એવી રીતે જીવનવ્યવહાર ચાલે છે કે જાણે મૃત્યુ ક્યારેય આવવાનું નથી. પરંતુ મૃત્યુ સામેથી દેખાય, પોતે હવે થોડા દિવસના જ મહેમાન છે એમ સ્પષ્ટ ભાસે ત્યારે ભલભલા માણસો ધ્રૂજી જાય છે. એટલે જ સાત પ્રકારના જે ભય બતાવવામાં આવ્યા છે તેમાં મોટામાં મોટો ભય મૃત્યુનો છે. કહ્યું છે : मरणसमं नत्थि भयं । એટલે જ મનુષ્યો, પશુપક્ષીઓ વગેરે બધા જ જીવો જીવ બચાવવા ભાગે છે.

મૃત્યુ સુનિશ્ચિતપણે આવવાનું જ છે અને એક દિવસ પોતે આ દુનિયામાં નહિ હોય એમ જાણવા છતાં એકંદરે માણસને પોતાના મૃત્યુની વાત સતાવતી નથી. જાણે કે પોતાનું ક્યારેય મૃત્યુ થવાનું નથી એમ સમજીને તે પોતાનો બધો વ્યવહાર કરતો રહે છે. સામાન્ય માણસને જીવનના આરંભનાં વર્ષોમાં પોતાના મૃત્યુનો ડર બહુ રહેતો નથી. જિંદગી સુખચેનથી જીવવાનાં સ્વપ્નાં તે સેવે છે. માણસ અનેકને મરતા, યમાલયમાં દાખલ થતાં-नित्यं यान्ति यमालये-જુએ છે છતાં પોતાનો વારો આવવાનો નથી એમ વર્તે છે, એ દુનિયાનું મોટામાં મોટું આશ્ચર્ય છે એમ 'યક્ષપ્રશ્નોત્તર'માં બતાવ્યું છે.

મૃત્યુ આવે ત્યારે એક ક્ષણ માત્રમાં પોતાનાં ઘરબાર, ચીજવસ્તુઓ, સંબંધીઓ, સ્વજનો બધાંની સાથે સંબંધ પૂરો થઈ જાય છે. જિંદગીભર સંઘરેલી, જીવની જેમ સાચવેલી પોતાની અત્યંત પ્રિય ચીજ વસ્તુઓ પોતાની રહેતી નથી.

માણસે માલમિલકત, રિદ્ધિસિદ્ધિ, સગાંસંબંધીઓ, યશકીર્તિ, માનસન્માન, લબ્ધિઓ ઈત્યાદિ સર્વ અહીં જ મૂકીને જવાનું છે. માણસ જન્મથી જ બધી વાતે અત્યંત સુખી હોય તો પણ બધું સુખ મૂકીને એણે ચાલી નીકળવું પડે છે. મૃત્યુ કોઇની પણ વાટ જોવામાં માનતું નથી. મૃત્યુ ગરીબ-તવંગર, નાના-મોટા, સુખી-દુ:ખી એવો કોઈ ભેદ રાખતું નથી.

મૃત્યુથી ભૌતિક સુખનો જ અંત આવે છે એવું નથી, દુ:ખો, કષ્ટો વગેરેનો પણ અંત આવે છે. ક્યારેક તો મૃત્યુ દુ:ખમાંથી છૂટકારારૂપ નીવડે છે. લોકો બોલે છે, 'બિચારા છૂટ્યા, સારું થયું. બહુ રિબાતા હતા.' જીવને જો મૃત્યુનું સ્વરૂપ સમજાય તો કષ્ટ કે ઘોર દુ:ખોમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાન થતાં નથી, સમતા રહે છે અને પાપના ભારે અનુબંધો પડતા નથી. મૃત્યુના વિચારો થતાં સુખમાં પણ માણસ છકી જતો નથી. તે સમભાવ રાખે છે અને પોતાના પુણ્યોદયનો સાર્થક ઉપયોગ કરી લે છે. તેની સુખ પ્રત્યેની આસક્તિ છૂટી જાય છે.

મૃત્યુને શાપરૂપ ગણવું કે આશીર્વાદરૂપ ? વ્યવહારદૃષ્ટિએ, સંસારપ્રિય જીવોને મૃત્યુ શાપરૂપ લાગે છે. નિશ્ચયદૃષ્ટિએ, તત્ત્વદૃષ્ટિ ધરાવનારા અધ્યાત્મસાધકોને મૃત્યુ આશીર્વાદરૂપ લાગે છે.

મૃત્યુ બધાંનો અંત આણે છે, પરંતુ મૃત્યુનું પોતાનું મૃત્યુ ક્યારેય નથી. મૃત્યુ શાશ્વત છે, એટલું જ નહિ, જોવાની દૃષ્ટિ હોય તો મૃત્યુ મંગળકારી છે. મૃત્યુ છે તો અનેક જીવોની પારમાર્થિક દૃષ્ટિ ખૂલે છે. એટલે જ જ્ઞાની મહાત્માઓને મૃત્યુનો ડર હોતો નથી. 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં કહેવાયું છે :

न संतसंति मरणंते शीलवंता बहुस्सुया ।

[શીલવંત અને બહુશ્રુત મહાત્માઓ મૃત્યુના સમયે ભયભીત થતા નથી.]

મૃત્યુનું સ્વરૂપ સમજાતાં જીવનને એવી રીતે સુધારી લેવું જોઈએ કે જેથી મૃત્યુની પરંપરા આપણે માટે અલ્પકાળની બની જાય અને મોક્ષગતિનું શાશ્વત સુખ ઓછા ભવોમાં પામી શકાય. એટલે જ જ્ઞાની મહાત્માઓ એવા મૃત્યુને ઈચ્છે છે કે જે પછી બીજું મૃત્યુ હોતું નથી. મોક્ષ થતાં એમને માટે મૃત્યુનો પણ અંત આવી જાય છે.

જો મૃત્યુ નિશ્ચિત જ છે અને મોડુંવહેલું ગમે ત્યારે આવવાનું છે એટલું સમજાય તો માણસે પોતે જે કર્તવ્ય, ધર્મકાર્ય ઈત્યાદિ કરવાનું છે તે વેળાસર કરી લેવું જોઇએ. કેટલાક લોકોની ટેવ જ એવી હોય છે કે 'પછીથી કરીશું, શી ઉતાવળ છે ?'–પરંતુ આવા લોકો જ ઊંઘતા ઝડપાઈ જાય છે.

'ઉદ્ભટસાગર'માં કહેવાયું છે કે :

करिष्यामि करिष्यामि करिष्यामीति चिन्तया ।
मरिष्यामि मरिष्यामि मरिष्यामीति विस्मृतम् ॥

[હું ભવિષ્યમાં કરીશ, કરીશ, કરીશ' એવા વિચારમાં અને વિચારમાં 'હું મરી જઈશ, મરી જઈશ, મરી જઈશ'–એ વાત માણસ ભૂલી જાય છે.]

અલ્પ વયમાં મૃત્યુ પામનારાઓ પણ પોતાના જીવનને સુધારી ગયા હોય, તે જ ભવે મોક્ષ પામ્યા હોય એવાં પ્રાચીન દૃષ્ટાન્તો પણ છે. એવું અકાળ મૃત્યુ ન હોય અને સામાન્ય સરેરાશ જીવન મળે તો પણ સમ્યગ્દર્શનાદિ માટે તો પૂરતું છે એમાં સંશય નથી. એટલા માટે જ માણસે જાગૃતિપૂર્વક, સમજણપૂર્વક પોતાના જીવનનું આયોજન એવી રીતે કરવું જોઇએ કે જેથી પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં વસવસો કરવાનો વખત આવે નહિ.

મહાભારતના 'શાન્તિપર્વ'માં કહ્યું છે :

श्वः कार्यमद्य कुर्वीत पूर्वाह्ने चापराह्निकम् ।
न हि प्रतीक्षते मृत्युः कृतमस्य न वा कृतम् ॥

[આવતી કાલે કરવાનું કાર્ય આજે કરી લેવું જોઇએ અને બપોર પછી કરવા ધારેલું કાર્ય સવારના કરી લેવું જોઇએ, કારણ કે એનું (જીવનું) કાર્ય થયું છે કે નથી થયું એની પ્રતીક્ષા મૃત્યુ કરતું નથી.]

મૃત્યુની વિચારણાએ માણસને નિરાશાવાદી ન બનાવી દેવો જોઈએ. પરંતુ કરવા જેવાં બધાં ઉત્તમ કાર્યો વેળાસર કરી લેવાની પ્રેરણારૂપ એ વિચારણા હોવી જોઈએ જેથી ગમે તે ક્ષણે મૃત્યુ આવે, પોતે તો તૈયાર જ છે એમ ઉલ્લાસપૂર્વક એને લાગવું જોઈએ. વાચક ઉમાસ્વાતિ મહારાજે એટલે જ કહ્યું છે :

सञ्चिततपोधनानां नित्यं व्रतनियमसंयमरतानाम् ।
उत्सवभूतं मन्ये मरणमनपराधवृत्तीनाम् ॥

[જેમણે તપરૂપી ધન એકત્ર કર્યું છે, જેઓ નિરંતર વ્રત, નિયમ અને સંયમમાં ઓતપ્રોત હોય, જેઓની વૃત્તિ એટલે કે આજીવિકા નિરપરાધ એટલે કે નિર્દોષ હોય છે એવા મહાત્માઓનું મરણ ઉત્સવરૂપ છે એમ હું માનું છું.]

હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં કહ્યું છે કે મૃત્યુ આપણી બાજુમાં આવીને કાયમનું બેઠેલું છે. એ તકની રાહ જોઈ રહ્યું છે. માટે સમયસર ધર્મસંચય કરી લેવો જોઇએ. नित्यं संनिहितो मृत्यु, कर्तव्यो धर्मसंचयः ।

સ્ટેશન આવતાં પહેલાં જેમ આપણે બેગબિસ્તરા સાથે તૈયાર રહીએ છીએ એવી રીતે મૃત્યુરૂપી સ્ટેશન આવતાં પહેલાં આપણે સજ્જ રહેવું જોઇએ.

☐ રમણલાલ ચી. શાહ

# સર્વાર્થસિદ્ધ વિમાન

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

જૈનોના ૪૫ આગમોમાં નવમું આગમ તે 'અણુત્તરોવવાઈય-દસાઓ' (અનુત્તરોપપાતિકદસાંગ) છે. તેમાં એક શ્રુતસ્કંધ, દશ અધ્યયન, ત્રણ વર્ગ, દશ ઉદ્દેશા, દશ સમુદ્દેશા છે. અણુત્તરો એટલે અનુત્તર, જેનાથી ચડિયાતા બીજા કોઈ દેવ નથી. ઉવવાઈય=ઉપપાતિક. દેવોના જન્મને ઉપપાત જન્મ કહેવાય છે, કારણ કે તેઓ મનુષ્યની જેમ માતાની કુખે જન્મતા નથી. ૧૬ વર્ષના સુંદર યુવાનની જેમ દેવશય્યામાં જન્મે છે તે ઉપપાત. જન્મ જેના અનુત્તર વિમાનમાં થાય છે તે પાંચ વિમાન-વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ છે. દેવલોકના અગ્રે-ટોચે આ પાંચે રહેલાં છે. તેમાં પણ સર્વાર્થસિદ્ધ વિમાન તો મુક્તિશિલાથી બાર યોજન જ દૂર છે. તેમાં ઉત્પન્ન થયેલાં જીવો નિયમા એક અવતારી હોય છે. એક અવતાર કરી અવશ્ય તેઓ મોક્ષે સિધાવે છે. તેવા એકાવતારી મહાપુણ્યશાળી જીવોનો એમાં અધિકાર હોવાથી તેને અનુત્તરોપપાતિક દશાંગ સૂત્ર કહે છે.

ચાર પ્રકારના દેવ જાતિમાં વૈમાનિક દેવનિકાય સર્વથી મોટી નિકાય-જાતિ છે, જે સારી, ઉત્તમ કક્ષાની છે. તેઓની જાતિ ચૌદ રાજલોકની સમસ્ત જીવસૃષ્ટિમાં ઊંચામાં ઊંચી તથા સારામાં સારી ઉત્કૃષ્ટ સુખાદિની જાતિ ગણાય છે.

જ્યાં નાના મોટાની મર્યાદા છે તેને કલ્પ કહેવાય છે. અન્ય રીતે વિચારતાં જ્યાં ઇન્દ્રાદિ દશ પ્રકારની દેવવ્યવસ્થાની કલ્પના કરવામાં આવી છે તેને પણ કલ્પ કહેવાય છે. આ 'કલ્પ'માં જે ઉત્પન્ન થાય તેને કલ્પોપન્ન કહે છે. તે કલ્પ ૧૨ (બાર) છે, જેના ૨૪ પ્રકારો છે. જ્યાં નાના મોટાનો વ્યવહાર નથી, જ્યાં ઈન્દ્ર સામાનિક આદિ દશ પ્રકારની કોઈ વ્યવસ્થા કે મર્યાદા નથી, તેને કલ્પથી અતીત એટલે કલ્પાતીત દેવલોક કહે છે. આવા કલ્પાતીત દેવ ચૌદ પ્રકારના છે. ૯ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર. કલ્પોપન્નના ૧૨ વૈમાનિક દેવલોકમાં બીજા ૧૨ પ્રકારના દેવો રહે છે જેમાં ૯ લોકાન્તિક દેવો તથા ૩ કિલ્બિષકો છે. ૧૨ દેવલોકમાં જે પાંચમો બ્રહ્મલોક છે તે દિશામાં લોકના અંત ભાગ સુધી રહેનારા દેવો લોકાન્તિક દેવો કહેવાય છે.

બ્રહ્મલોક નામના પાંચમાં દેવલોકને અંતે ચાર દિશામાં ચાર અને ચાર વિદિશામાં ચાર અને મધ્યમાં ૧ એમ ૯ વિમાનો છે. તેમાં જન્મનારા, રહેનારા, લોકાન્તિક દેવો કહેવાય છે. લોકનો અર્થ સંસાર પણ થાય. લોકનો એટલે કે સંસારનો અંત કરનાર, નાશ કરનારા હોવાથી લોકાન્તિક દેવતાઓ કહેવાય છે.

જ્યારે જ્યારે તીર્થંકરો માટે દીક્ષા લેવાનો સમય આવે છે ત્યારે ત્યારે આ દેવો એક વર્ષ પૂર્વે આવી ભગવંતની આગળ જય જય નંદા, જય જય ભદ્રા સ્તુતિ કરી વિનંતી કરી કહે છે 'ભયવં તિત્થિં પવત્તેહ' (હે ભગવંત, આપ હવે તીર્થ પ્રવર્તાવો.)

આ દેવો ખૂબ લઘુકર્મી હોય છે. તેઓ વિષયવાસના વગરના, અવિષયી હોવાથી રતિક્રિયાથી રહિત રહેવાથી તેઓને દેવર્ષિ પણ કહે છે. એક મતાનુસાર લોકાન્તિક દેવો સાતથી ૮ ભવમાં મોક્ષે જાય છે.

ચૌદ રાજલોકના ચિત્રમાં લોકપુરુષની ગ્રીવા (ડોક)ના ભાગ ઉપર ગળામાં પહેરેલા હારના આભૂષણની જેમ શોભા છે તથા લોકપુરુષની ગ્રીવાના ભાગના સ્થાને જેમનું નિવાસ સ્થાન છે તેમને ગ્રૈવેયક દેવ કહે છે. જેના નવ પ્રકારો થકી નવ ગ્રૈવેયક દેવો ગણાય છે.

વૈમાનિક શબ્દ પારિભાષિક છે. અત્યારના આકાશમાં ઊડતા વિમાનો નહીં પરંતુ ઉપરના ઉર્ધ્વલોકમાં ૭ રાજલોકમાં દેવોના રહેવાના સ્થાન-ભૂમિને વિમાન કહે છે. વિમાને ભવા: વૈમાનિકા: વિમાનમાં જે જન્મે તેને વૈમાનિક દેવ કહે છે.

જે આરાધક જીવો અહીંથી અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયા છે તેનું વર્ણન છે. ઉપપાત એટલે જન્મ. જેમનો જન્મ અનુત્તર વિમાનોમાં થયો છે તે અનુત્તરોપપાતિ. ૧૦ ઉત્તમ આત્માનું વર્ણન કર્યું હોવાથી અને તેમાં ૧૦ ઉત્તમ આત્માઓ હોવાથી તેને 'શ્રી અનુત્તરોપપાતિક-દશાંગ સૂત્ર નામાભિધાન નિષ્પન્ન થાય છે.

ભગવાન મહાવીરસ્વામીના પરમ ઉપાસક મહારાજા શ્રેણિકના પુત્રો જાલિ, મયાલિ, ઉપજાલિ, પુરુષસેન, વારિસેન, દીર્ઘદન્ત, ભષ્ટદન્ત, વેહલ્લ, વેહાસ અને અભયકુમાર. શ્રેણિકના આ સુપુત્રો ચારિત્ર સ્વીકારી ઉત્કૃષ્ટ આરાધનાદિ કરી વિજયાદિ પાંચ અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયા છે. તેઓ બધા એકાવતારી છે. તેમનું ૩૩ સાગરોપમનું આયુષ્ય છે. શ્રેણિકની પટ્ટરાણીના તેર બીજા પુત્રો પણ દીક્ષા લઈ, ચારિત્રપાળી વિજયાદિમાં ઉત્પન્ન થયા છે. તેમના નામ આ પ્રમાણે છે:-દીર્ઘસેન, મહાસેન, ભષ્ટદન્ત, ગૂઢદંત, શુદ્ધદંત, હલ્લ, દ્રમ, દ્રુમસેન, મહાદ્રુમસેન, સિંહ, સિંહસેન. અને પુણ્યસેન. તેઓ પણ એકાવતારી છે. અહીંથી ચ્યવી મહાવિદેહમાં જન્મી સુવિશુદ્ધ દીર્ઘ ચારિત્ર પાળી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તેઓ મોક્ષે જશે.

આવી રીતે આ આગમના ત્રીજા અધ્યયનમાં જે ૧૦ અધ્યયનો કહ્યાં છે તેમાં પણ આ હકીકતની નોંધ લીધી છે કે કાકંદીનગરીવાસી ભદ્રાસાર્થવાહીને ૧૦ પુત્રો હતો. જેમના નામો આ પ્રમાણે છે:-ધન્ય, સુનક્ષત્ર, ઋષિદાસ, પેલ્લક, રામપુત્ર, ચંદ્ર, પુષ્ટ, પેઢાલપુત્ર, પોટ્ટિલ્લ અને વેહલ્લ. આ ૧૦ પુત્રે ચારિત્ર અંગીકાર કરી ઉત્તમ તપ કરીને દેહ છોડ્યો હતો. તેઓમાં ધન્ના અણગાર તો એક મહાન તપસ્વી રત્ન તરીકે ભગવાન મહાવીરસ્વામીના ૧૪૦૦૦ સાધુઓમાં શ્રેષ્ઠરૂપે ભાત પાડી આગળ આવ્યા. મહારાજ શ્રેણિકે ભગવાનને એકવાર પૂછ્યું કે 'હે ભગવંત! તમારા ચૌદ હજાર સાધુઓમાં ઉત્કૃષ્ટ અણગાર કોણ છે?' ભગવાને કહ્યું કે 'હે શ્રેણિક, આજીવન છઠ્ઠના પારણે આયંબિલ કરનાર ધન્ના અણગાર ઉત્કૃષ્ટ તપસ્વી છે' ત્યારે શ્રેણિકે તેમને વંદન કર્યું. આ ઉત્કૃષ્ટ અણગાર કાળધર્મ પામી પાંચમા અનુત્તર સર્વાર્થસિદ્ધમાં ઉત્પન્ન થયા. ૩૩ સાગરોપમનું આયુષ્ય પામી ત્યાંથી મહાવિદેહમાં જન્મી, ચારિત્ર લઈ, કેવળી થઈ મોક્ષે જશે. તેવી રીતે બીજા નવ પણ ચારિત્રાદિ લઈ પાંચ અનુત્તરમાં ઉત્પન્ન થયા. તેઓ પણ ત્યાંથી મહાવિદેહમાં ચારિત્ર લઈ કેવળજ્ઞાન પામી મોક્ષે જશે.

આવા અનુત્તર વિમાનો છે. કલ્પાતીત દેવલોક છે, જ્યાં ઉત્કૃષ્ટ કક્ષાના દેવોનો નિવાસ છે. તેઓ એકાવતારી જ હોય છે. આ દેવો વિનયશીલ છે. અભ્યુદયમાં વિઘ્નરૂપ કારણોને જીતી લીધા હોવાથી તેઓ ક્રમ પ્રમાણે વિજય, વૈજયન્તાદિ નામોને ધારણ કરે છે. વિમાનના પણ આ જ નામો છે. વિઘ્નોથી પરાજિત થતા ન હોવાથી અપરાજિત છે. જેઓના સર્વ અભ્યુદયના પ્રયોજનો સંસિદ્ધિને વરી ચૂક્યા છે. સર્વ

અર્થોને સિદ્ધ કરી લીધાં છે તેથી તેઓ સર્વાર્થસિદ્ધ દેવો કહેવાય છે.

કષાય અને વિષયોની પરિણતિ તે સંસાર. જેમાં જીવો ૮૪ લાખ યોનિમાં અનંતાનંત પુદ્‌ગલ-પરાવર્તકાળથી ભ્રમે છે, ભટકે છે, માર ખાય છે. સંસારનો એક છેડો તે નિગોદ અને તેની બરોબર સામે બીજે છેડે મોક્ષ છે, જે મોહનીયાદિ કર્મોના ક્ષયથી નિષ્પન્ન થયો છે. એટલે તેથી મોહનો ક્ષય એટલે મોક્ષ.

મઝા જોવા જેવી એ છે કે વૈમાનિક દેવલોકમાં સૌધર્મ તથા ઇશાન બેમાં જ દેવીઓ ઉત્પન્ન થાય છે. તેથી આગળ ઉત્પન્ન થતી નથી. દેવીઓની ગતિ ફક્ત આઠમા દેવલોક સુધીની છે; અથવા ત્યાંસુધી જ જઈ શકે છે. પ્રથમ બે દેવલોકના દેવો મનુષ્યની જેમ કામ-વિષયોની સેવના કરે છે. પછીના નહીં. ૩-૪ સ્વર્ગના દેવો સ્પર્શ-સેવી છે, પાંચમા છઠ્ઠા દેવલોકના દેવો માત્ર રૂપ-સેવી છે; દેવીનું રૂપ જોઈ સંતોષ પામે છે. ૭-૮ના દેવો શબ્દ-સેવી છે. પછી દેવી જતી નથી. એટલે પછીના ચાર એટલે ૮ થી ૧૨ સુધી મન: સેવી છે. ત્યાર પછી ૯ ગ્રૈવેયક, પાંચ અનુત્તર દેવલોકમાં તેઓ મનથી પણ વિષયોપભોગનો વિચાર કરતા નથી. 'કાયપ્રવીચારા આ ઐશાનાત.' પ્રવીચાર એટલે મૈથુન. જે ફક્ત બીજા ઇશાન દેવ સુધીના જ દેવોને હોય છે. પછીના તો 'શેષા સ્પર્શ-રૂપ-શબ્દ-મન પ્રવીચારા દ્રયોર્દ્વયો:' ઉપરના દેવોને મૈથુનનો વિચાર પણ આવતો નથી તેથી 'વિષયા: વિનિવર્તન્તે' તેથી તેઓ અપ્રવીચારી છે. ઉપર ઉપરના દેવોને આ પ્રમાણે વિષય-કષાયરૂપી સંસાર હોતો નથી.

વળી 'ન દેવા:' દેવતાઓ નપુંસક નથી હોતા. માત્ર પુરુષ-સ્ત્રી બે વેદવાળા હોય છે. જેમ જેમ નીચલી ગતિ તેમ તેમ વિષય-વાસના વધુ. વળી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્કાદિ દેવોમાં દેવીઓ પણ હોય છે; પ્રવીચાર પણ છે. પ્રવીચાર કેવો સુંદર નવી ભાત પાડે તેવો શબ્દપ્રયોગ! આથી કર્મબંધની પ્રવૃત્તિ દેવલોકમાં હોવાથી પાપ પણ બંધાય જે ભોગવવા બે ગતિમાં જવું પડે છે. વળી, દેવોમાં સમકિત દેવોની સંખ્યા ઘણી ન્યૂન છે, જ્યારે મિથ્યાત્વી દેવો અસંખ્ય છે.

દેવલોકમાં ઉપપાત-જન્મ કેવી રીતે થાય છે 'વૈક્રિયમૌપપાતિક'. વૈક્રિય શરીરધારી દેવોના જન્મને ઉપપાત કહેવાય છે. તેઓ માતાની કુક્ષીમાં જન્મતા નથી. પુષ્પો પાથરેલી સુંદર શય્યામાં જન્મ ધારણ કરે છે. તે ઉત્પત્તિ સ્થાનો છે. પુષ્પશય્યામાં ૧૬ વર્ષના યુવાન રાજકુમાર જેવા ઉત્પન્ન થાય છે, જ્યાં સર્વ પ્રકારની સુખ-સાહ્યબી, વૈભવાદિ મળે છે. સુકૃત પુણ્ય પ્રતાપે તે પામે છે. જ્યારે અન્ય વિષય-કષાયાદિ સેવી દેવો પાપના ભાગીદાર હોઈ 'ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ.'

વૈમાનિક દેવલોકમાં ૧૨ કલ્પોપન્ન તથા ઉપરના ૧૪ કલ્પાતીત દેવોમાં જેમ જેમ ઉપર-ઉપર જઇએ તેમ તેમ આયુષ્ય, પ્રભાવ, સુખનું પ્રમાણ, શરીર, વસ્ત્ર, આભૂષણાદિ, શોભા, લેશ્યા, પરિણામોની શુભાશુભ તરતમતા, ઈન્દ્રિય સુખ-ભોગો, અવધિજ્ઞાનનું પ્રમાણ વધતું ચઢતું જણાય છે.

ઉપર આપણે જે શ્રેણિક રાજાના દશ પુત્રોની વાત કરી તેમાં પ્રથમ સાતની મા ધારિણી, વિહલ્લ અને વિહાસની ચેલ્લણા અને અભયની મા નંદા હતી.

બીજા વર્ગના ૧૩ અધ્યયન છે જેમાં દીર્ઘસેનાદિ-પુણ્યસેન આ તેરેય કુમારોના પિતા શ્રેણિકરાજા અને માતા ધારિણી તથા તેમનો દીક્ષા પર્યાય ૧૬ વર્ષનો હતો.

ત્રીજા વર્ગના ૧૦ અધ્યયનમાં કાકંદીના ધન્નાકુમારાદિ ૧૦ સાર્થવહ (વેપારી)ના પુત્રો છે. તેઓની માતા ભદ્રા હતા. વળી શ્રેણિકના ૨૩ પુત્રો હતા. પ્રથમ નવને ભદ્રા માતાએ દીક્ષા અપાવેલ જ્યારે ૧૦મા વિહલ્લકુમારને પિતાએ દીક્ષા અપાવેલ. ધન્નાકુમારે દીક્ષા પછી એવો અભિગ્રહ ધારેલો કે જાવજીવ છઠ્ઠના પારણે છઠ્ઠ કરવો અને પારણામાં લુખાસુખા આહારવાળું આયંબિલ તપ કરવું. તપ કરતાં તેમણે કાયાને એવી સૂકવી નાંખી કે ચાલતાં હાડકાં ખડખડ અવાજ કરવા લાગ્યા. તેથી તેમના તપને ભગવાન મહાવીરે શ્રેષ્ઠ કહ્યું. પ્રભુની આજ્ઞા લઈ વિપુલગિરિ ઉપર એક માસનો સંથારો કરી તેઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ધન્નાકુમારની જેમ નવે કુમારોનો અધિકાર ધન્ના અણગાર જેમ જાણવો. આ બધાંના અધિકાર પણ મોટી સાધુ વંદણામાં આપેલ છે.

ધન્નાની પ્રશંસા ભરપર્ષદામાં ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કરી છે:-

સાધુ ચૌદ હજારમાં ઉત્કૃષ્ટો અણગાર
વીર જિણંદ વખાણિયો ધન્ય ધન્નો અણગાર.

પાંચ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા જીવો એકાવતારી હોય છે એટલે કે એક અવતાર ધારણ કરી સુકૃતવશાત્ મોક્ષે અવશ્ય જનારા જ છે. ૩૩ સાગરોપમ સુધી તેઓનો મોક્ષ દૂર ઠેલાયો છતાં પણ આ દરમ્યાન તેમનું જીવન પુણ્ય સંચય કરનારું તથા પાપનો પડછાયો પણ ન પડે તેવું નિર્મળ હોય છે. તેઓ સતત ધર્મારાધનામાં મસ્ત હોય છે. તેવી રીતે ૧૪ પૂર્વધારીઓ પાસે લબ્ધિ હોય છે કે ૧૪ પૂર્વોનું પરિશીલન પ્રતિદિન કરી શકે છે. પરંતુ જો તેઓ પ્રમાદવશ તેમ ન કરી શકે તો નિગોદ સુધી પણ ફરી ભટકવું પડે !

તેથી જ તો શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામીએ આ શ્લોકમાં ફરમાવ્યું છે કે:

સંસાર સાગરાઓ ઉબ્બુડો મા પુણો નિબ્બુડિજ્જા ।
ચરણ કરણ વિપ્પહિણો બુડ્ડઇ સુબહું પિ જણં તો ।।

તેથી ઉન્નતિ પછી અવનતિની ગર્તામાં પડવા અંગે જાણવું જોઇએ કે ૧૪ પૂર્વધરો કે નવ ગ્રૈવેયકમાં જનારો જીવ જો મિથ્યાત્વથી કલુષિત હોય તો તે પ્રથમ ગુણસ્થાનકે પણ ગબડી પડે. ચૌદ પૂર્વના જાણકારને એક અક્ષર વિષે પણ મિથ્યાત્વ હોય તો ઉન્નતિના શિખરેથી અવનતિની ગર્તામાં ગબડે. તેથી ભગવાન મહાવીર સ્વામીએ સમવસરણમાં કહ્યું છે કે 'પડિવાઈ અનંતા.'

કર્મવશાત્ સંસારમાં ભટકી રહેલો આત્મા દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચાર ગતિમાં ભમે છે. દેવોને સુખ ઘણું પણ ચારિત્ર હોતું નથી. બે ઘડીનું સામાયિક પણ ન કરી શકે. સર્વવિરતિ ચારિત્ર તો નહીં જ. નારકીની જેમ અવધિજ્ઞાન જન્મથી હોય પણ ચારિત્રના અભાવે કેવળી ન થઈ શકે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવને પણ ચારિત્રના અભાવે ૩૩ સાગરોપમ સુધી એકાવતારી રહેવું પડે. પછી જ એક ભવ બાદ મોક્ષ. નારકીના જીવ અત્યંત દુ:ખી હોવાથી ચારિત્રપરિણામી નથી થતા. તિર્યંચોને ભૂખ, તરસ, ઠંડી, ગરમી વગેરે સહન કરવાનું હોવાથી ચારિત્ર સો ગાઉ દૂર હોય. સંજ્ઞિ પંચેન્દ્રિયોને નિમિત્તવશાત્ જાતિ સ્મરણજ્ઞાન થાય, તેમ અવધિજ્ઞાન પણ થઈ શકે, છતાં ચારિત્ર નથી પામતા. છેવટે મનુષ્યને ચારિત્ર હોવાથી કેવળજ્ઞાન સુધીની મંજિલ તે પાર પાડી શકે છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે:

ચત્તારિ પરમંગાણિ દુલ્લહાણીહ જંતૂણો ।
માણુસત્તં સુઈ સદ્ધા સંજમમ્મિ વીરિયમ્ ।।

સંસારમાં મનુષ્યત્વ, શ્રુતિ (શાસ્ત્રશ્રવણ), શ્રદ્ધા અને સંયમ વિષે સુપુરુષાર્થ અત્યંત આવશ્યક સાધન સામગ્રી છે. પાંચ અનુત્તરવાસી દેવો સમકિતી હોવાથી જ અહીં સુધી આ શ્રેષ્ઠ સાધનાથી ઉર્ધ્વલોકે આવ્યા.

દુનિયાના કયા ભાગમાંથી ઉપર જઈ શકાય ? દેવલોક તો ચૌદ રાજલોકમાં છે. ચૌદ રાજલોક કેડે હાથ રાખી ઊભેલા માણસ જેવો છે. પહેલા રાજલોકના પરિમિત ક્ષેત્રમાં વલયાકારે એક દ્વીપ પછી સમુદ્ર, ફરી દ્વીપ-સમુદ્ર એમ અસંખ્ય દ્વીપ સમુદ્રો છે. દ્વીપથી બમણો સમુદ્ર પછી તેથી બમણો દ્વીપ એમ બમણા-બમણા અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. અંતિમ સમુદ્ર સ્વયંભૂરમણ છે. એક એકથી બમણા છે. પરંતુ પ્રથમના દ્વીપ-સમુદ્રોમાં જ મનુષ્યોની વસતિ, ક્ષેત્ર છે. તેની બહાર તિર્યંચ ગતિના પશુ-પક્ષીઓ જ રહે છે. જળચરની બહુલતા છે. આ અઢી દ્વીપ-સમુદ્રોનું પરિમિત ક્ષેત્ર મનુષ્ય લોક છે જ્યાંથી સિદ્ધશિલા સુધી જઈ શકાય. આ ક્ષેત્રની પહોળાઈ ૪૫ લાખ યોજનની છે. સિદ્ધશિલા પણ તેટલી છે. કેમકે આ ક્ષેત્રમાંથી જ મનુષ્ય સિદ્ધ થઈ શકે છે. અઢી દ્વીપમાં ૧૦૧ ભૂમિઓ આમ છે:

૧૫ કર્મ ભૂમિ, ૩૦ અકર્મ ભૂમિ અને ૫૬ અંતર્દ્વીપ.

અત્રે પણ ૧૫ કર્મ ભૂમિમાંથી જ સિદ્ધ થઈ શકાય.

તે માટે સર્વવિરતિ ચારિત્રથી યથાખ્યાત ચારિત્ર સુધી પહોંચવું પડે. તે વિના મોક્ષ સો ગાઉ દૂરનો દૂર રહે. તે ક્યારે લઈ શકાય ? જ્યારે આત્મા સંસારની અસારતા સમજી વિરાગી બને, ભવભ્રમણથી અત્યંત ખેદ પામેલો હોય, વિનયાદિ ગુણોયુક્ત હોય તેને યોગ્ય ગણવો. તે ધારણ કરનારને સાધુ, અણગાર, ભિક્ષુ, યતિ, સંયત્તિ, પ્રવ્રજિત, નિર્ગ્રંથ, શાંત, દાંત, મુનિ, તપસ્વી, ઋષિ, યોગી, શ્રમણ વગેરે નામોથી ઓળખવામાં આવે છે. સર્વવિરતિ ચારિત્ર અંગીકાર કરતાં પ્રશ્નશુદ્ધિ, કાલશુદ્ધિ, ક્ષેત્રશુદ્ધિ, દિશાશુદ્ધિ અને વંદનાદિ પાંચ પ્રકારની શુદ્ધિ જાળવવાની હોય છે. ત્યારબાદ પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિ ભોજન ત્યાગ કરવો આવશ્યક છે.

ગુણસ્થાનક પર ક્રમિક ચઢતા જ રહેવું જોઇએ. અહીં ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઈ ૧૦ મેથી ૧૨મે, ૧૩મે, ૧૪ મે ગુણસ્થાનક સુધીનો પંથ કાપે ત્યારે મોક્ષનું દ્વાર ખૂલે. પાંચ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ૩૩ સાગરોપમ સુધી સમકિતને નિર્મળ સુદ્રઢ કરી મોક્ષ મહેલમાં પ્રવેશ થાય ત્યાં સુધી ક્રિયાકલાપ-સાધના વગેરે કર્યા જ કરે. તેથી ગુણસ્થાન ક્રમ સમજી જે સાધકો ઉત્તરોત્તર ઊંચા ગુણઠાણે ચઢતા જ રહે તેઓ અનંત., અવ્યાબાધ સુખના ધામરૂપ મોક્ષમહેલમાં બિરાજી શકશે.

કયા ક્ષેત્રમાંથી જઈ શકાય ? ૧૪ રાજલોકમાં જે ૧ રાજલોક પહોળી નળિકા છે કે જેમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રો છે તેમાંથી જ મોક્ષે જઈ શકાય. અન્યત્રથી નહીં જ.

અહીંથી કયા કાળે જઈ શકાય ? મહાવિદેહ ક્ષેત્રમાં કાળનો બાધ નથી. હંમેશા મોક્ષના દ્વાર ખુલ્લાં જ છે; જ્યારે બીજા બે ક્ષેત્રમાં માત્ર અવસર્પિણી અને ઉત્સર્પિણીના ત્રીજા-ચોથા આરામાં જ જઈ શકાય. ૨૦ કોડાકોડ સાગરોમાંથી આટલા થોડા સમયમાં જ જઈ શકાય !

કહ્યું છે કે 'ભાવે ભાવના ભાવતાં ભાવે કેવળજ્ઞાન' છેવટે આ ઉચ્ચ કક્ષાની ભાવના દિલમાં સતત દિલમાં રમતી જ હોવી જોઇએ. તેથી આત્મારૂપી દ્રવ્ય, મોક્ષગામી ક્ષેત્રોમાંથી, યોગ્ય કાળે જ, શુભ ભાવનાથી મોક્ષનો અતિથિ (ન તિથિ તે અતિથિ) બને કેમકે તે માટે કોઈ સુનિશ્ચિત તિથિ ન હોઈ શકે.

અન્ય પ્રસંગ જરા જોઇએ, વિચારીએ. ઋષભદેવ ભગવાનને ભરત ચક્રવર્તીએ સમવસરણમાં પૂછ્યું કે અત્યારે અહીં કોઈ ભાવી તીર્થંકર થનારનો જીવ છે ? પ્રત્યુત્તરમાં ભગવાને કહ્યું કે આ તારો પૌત્ર તે થશે. ત્યારે નયસાર જે સાધુ થઈ ત્રિદંડી થયેલા છે તેને વંદન કરી કહ્યું કે 'હું આ તારા નવીન વેશને વંદન નથી કરતો પણ ભાવી તીર્થંકર થનારો તારો આત્મા છે તેથી હું તને વંદન કરું છું. તેવી રીતે ભલે આપણે બધાં અત્યારે ભરત ક્ષેત્રના પાંચમા આરામાં હોઇએ પરંતુ અહીંથી કેટલાંક મહાવિદેહમાં જશે કે જ્યાં સતત ચોથો આરો જ પ્રવર્તે છે, અને જ્યાં ૨૦ વિદ્યમાન તીર્થંકરોનું અસ્તિત્વ છે. તેમ કોઈ જીવ પરંપરાએ અહીં સુધી આવે તે માટે રાઈ તથા દેવસિય પ્રતિક્રમણની એક ગાથા વિચારીએ:-

સિદ્ધાણં બુદ્ધાણં, પારગયાણં પરંપરગયાણં ।
લોઅગ્ગમુવગ્ગયાણં નમો સવ્વ સિદ્ધાણં ।।

અહીં વિચરી રહેલા કેટલાંક ભદ્ર પરિણામી જીવો પરંપરગયાણં હોઈ ભવિષ્યમાં લોકાગ્રે પહોંચી પારગયાણં સુધી સફર સફળ કરશે. તેમને ભાવથી વંદન કરીએ.

❖❖❖

## નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે, ચિખોદરાની આંખની હૉસ્પિટલના સહયોગથી રવિવાર, તા.૨૩મી માર્ચ ૨૦૦૩ના રોજ શિવરાજપુર (જિ. પંચમહાલ) મુકામે સ્વ. સુભદ્રાબહેન ગુલાબચંદ ઝવેરીના સ્મરણાર્થે, એમનાં પુત્રી શ્રી ગુણવંતીબહેન ગુલાબચંદ ઝવેરીના આર્થિક સહયોગથી નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો.

## સંઘનાં પ્રકાશનો

સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :

| | | | કિંમત રૂા. |
|---|---|---|---|
| (૧) | પાસપોર્ટની પાંખે | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૨) | પાસપોર્ટની પાંખે -ઉત્તરાલેખન | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૩) | ગુર્જર ફાગુસાહિત્ય | રમણલાલ ચી. શાહ | ૧૦૦-૦૦ |
| (૪) | આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | ૧૦૦-૦૦ |
| (૫) | ઝૂરતો ઉલ્લાસ | શૈલ પાલનપુરી (શૈલેશ કોઠારી) | ૮૦-૦૦ |
| (૬) | જૈન ધર્મનાં સ્વાધ્યાય -સુમન | ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયાનો લેખ સંગ્રહ | ૧૦૦-૦૦ |

# નવપદ

❑ ગિરીશભાઈ તારાચંદ મહેતા

નવકારનાં નવપદ છે અને સિદ્ધચક્ર યંત્રનાં નવપદ છે. આસો અને ચૈત્રની શાશ્વતી અઠ્ઠાઈ એટલે કે આયંબિલની ઓળીના નવ દિવસમાં આયંબિલ તપ સહિતની નવપદની આરાધના અથવા તો કહો કે આત્મસ્વરૂપ શક્તિના પ્રાગટ્યની આરાધના થાય છે. પરમાત્મપૂજા પણ નવાંગી હોય છે. નવનો આંક પણ અખંડ અને અભંગ છે. નવપદ આરાધના અભંગ, અખંડ, અક્ષય પદે પહોંચાડનાર છે. નવપદ આરાધના એ સ્વરૂપ સાધનાનું હાર્દ છે. ઘણાબધા જ્ઞાની મહાપુરુષોએ સ્વરૂપ સાધનાના એ હાર્દનું રહસ્યોદ્‌ઘાટન પોતપોતાની આગવી શક્તિ અને શૈલીથી કરેલ છે. અહીં નવપદ વિષયક ચિંતન રજૂ કરીએ છીએ.

નવપદના નવ પદનું સાધ્ય, સાધક, સાધના અથવા ગુણધણી, ગુણી, ગુણ અથવા દેવ, ગુરુ, ધર્મ એવું ત્રિપદ વિભાગીકરણ થાય છે.

એ નવપદમાંનું પ્રથમ પદ એટલે નમો અરિહંતાણ-'ણમો અરિહંતાણં'. એ સાધ્યપદ. ગુણધણીપદ એટલે સ્વરૂપગુણ સ્વામીપદ કે દેવપદ છે. દેવપદ એટલે જે દેવોને માટે પણ આરાધ્યદેવ છે એવાં દેવાધિદેવ જિનેશ્વર ભગવાન એવો અર્થ ગ્રહણ કરવો. એ મૂળ છે. તેમ સાધકને સાધનાનું ફળ પણ છે. અરિહંત શબ્દથી તીર્થસ્થાપક તીર્થંકર જિનેશ્વર ભગવંત અને સામાન્ય કેવળી ભગવંત ઉભય અર્થ ફલિત થાય છે. જ્યારે 'ણમો અરિહંતાણં' પદથી સમોવસરણ સ્થિત, અષ્ટ પ્રાતિહાર્યોથી શોભિત, મોહક, આકર્ષક, ચોત્રીસ અતિશયોથી પ્રભાવક, પાંત્રીસ ગુણ અલંકૃત વાણીથી તીર્થસ્થાપક તીર્થંકર ભગવંત, ધર્મ પ્રકાશક, મોક્ષમાર્ગ પ્રરૂપક, મોક્ષપ્રદાયક, જાગતિક પ્રાકૃતિકબળ નિયામક, જગતગુરુ જગદીશ દેવાધિદેવ એવું અર્થઘટન કરવાનું છે. એ અર્હમ્ ઐશ્વર્યથી ઐશ્વર્યમાન એવાં અર્હતાનંદી, બ્રહ્માનંદી છે. એ જિનોના પણ ઈશ્વર એવાં જિનેશ્વર ભગવંતના સ્વમુખેથી માલકોસ રાગમાં વહેતી જિનવાણીની સરવાણીનો પરિપાક તે ત્રણ સાધકપદ કે ગુણીજનપદ અથવા ગુરુપદ અને ચાર સાધનાપદ કે ગુણપદ અથવા ધર્મ.

ગુરુપદ એટલે 'ણમો આયરિયાણં', 'ણમો ઉવજ્ઝાયાણં' અને 'ણમો લોએ સવ્વ સાહૂણં' શબ્દોચ્ચારથી જેમને વંદન કરવામાં આવે છે તે. સાધના અથવા ગુણપદ એટલે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ રૂપ રત્નત્રયીની આરાધનાપૂર્વકનો પંચાચાર પાલનારૂપ ધર્મ.

દ્વિતીયપદ 'ણમોસિદ્ધાણં' પદ એટલે સિદ્ધશિલાએ લોકાગ્રે સ્થિત સિદ્ધાનંદી, પરમાનંદી સિદ્ધ ભગવંતો. એ ત્રણ ગુણીજન એવા સાધક દ્વારા, ચાર ગુણરૂપ ધર્મ પાલનાથી, એકમેવ એવાં ઉપકારી ગુણધણી અરિહંત ભગવંતના અનુગ્રહથી સર્વ ગુણીજનોના સર્વ ગુણોનો પરમ વિશુદ્ધ આત્મધર્મ એટલે કે સ્વરૂપ ગુણોમાં પરિણમનરૂપ પરમાનંદી બનાવનાર ચરમ અને પરમ એવું અંતિમ ફળ છે. સ્વયં અરિહંત જિનેશ્વર ભગવંત પણ સહજયોગરૂપ અઘાતિકર્મ સમાપ્ત થયેથી નિર્વાણ પામતાં સિદ્ધપદે બિરાજમાન થાય છે. આ પદની પ્રાપ્તિ એ 'શ્રી' સ્વરૂપ મોક્ષલક્ષ્મી-અર્થાત્ આનંદઘન એવાં આત્મધનની પ્રાપ્તિરૂપ 'શ્રીફળ' છે. આ દ્વિતીયપદ પણ સાધ્યપદ, સ્વરૂપ સ્વામિત્વપદ એવું દેવપદ છે.

આમ અરિહંત એ મૂળ છે અને સિદ્ધ પદ એ ફળ છે જે સાધનાની સિદ્ધિ છે.

અરિહંત ભગવંત એ કલ્યાણ કરનાર કલ્યાણક છે. સિદ્ધ ભગવંત સ્વરૂપ છે. જે કોઈ સાધક કલ્યાણક અને સ્વરૂપથી અભેદ થાય છે તે સાધકનું કલ્યાણ થાય છે અને સ્વરૂપને પામે છે.

નવપદની તત્ત્વત્રયીમાં રહેલ દેવ અરિહંત અને સિદ્ધ પરમાત્મા છે જે સાધ્ય છે. ગુરુ એ સાધક છે અને ધર્મ એ સાધન તત્ત્વ છે.

'દેવ' દર્શન દે. આત્માના પરમાત્મસ્વરૂપની ઓળખ (પ્રતીતિ) કરાવે.

'ગુરુ' દેવ અને ધર્મની ઓળખાણ કરાવવા રૂપ સમ્યગ્જ્ઞાન દેવા સહિત પોતે દેવ તત્ત્વમાં ગતિ કરે.

'ધર્મ' સદ્‌વર્તન કરાવે અને આત્મધર્મ એવાં સ્વરૂપધર્મમાં લઈ જાય.

આમ નવપદમાં અરિહંત ભગવંતો આજ્ઞાના-આદેશક છે. સિદ્ધ ભગવંતો આજ્ઞાનું ફળ છે. આચાર્ય ભગવંતો આજ્ઞાને આચરણમાં મૂકનાર છે અને અન્યના પ્રેરક છે. ઉપાધ્યાય ભગવંતો આજ્ઞાના પઠક અને પાઠક છે. સાધુ ભગવંતો આજ્ઞાના પાલક છે. આ રીતે આજ્ઞા દ્વારા અરિહંતસ્વરૂપ જ અનુસ્યૂત છે.

જૈન દર્શન પ્રરૂપિત આત્મસાધનામાં તીર્થ અને તત્ત્વનો પહેલેથી જ સુમેળ છે. અરિહંત જિનેશ્વર ભગવંત સ્વયં તીર્થ છે અને પુષ્ટ નિમિત્ત એટલે કે આલંબન છે. આત્મા એ તત્ત્વ છે અને પુષ્ટ ઉપાદાન છે. ઉપાદાનધર્મ નિમિત્ત કારણ વિના પ્રગટે નહિ. નવકાર અને નવપદાદિમાં પ્રધાનતા તીર્થંકર પરમાત્મ ભગવંતના ધ્યાનને જ અપાયેલી છે. પ્રથમ ઉપકારીના ઉપકારના સ્મરણ વડે જીવની ભવ્યતા વિકસે છે. દેવચંદ્રજી મહારાજ પણ પદ્મપ્રભજિન સ્તવનમાં કહે છે...

બીજે વૃક્ષ અનંતતા રે લાલ, પસરે ભૂજલ યોગ રે ।। વાલેસર ।।
તિમ મૂજ આતમ સંપદા રે લાલ, પ્રગટે પ્રભુ સંયોગ રે ।। વાલેસર।।

**દર્શનપદ :**

નવપદજીના નવપદમાંના ધર્મ તત્ત્વના ચાર પદમાં પ્રથમ દર્શન પદને મૂક્યુ છે. 'ણમો દંસણસ્સ.' દર્શન એટલે શ્રદ્ધા. અર્થાત્ ભરોસો કે વિશ્વાસ યા ખાત્રી. અહીં પ્રશ્ન એ ઉદ્‌ભવે કે શ્રદ્ધા શું ? શ્રદ્ધા શેની ? અને શ્રદ્ધા શા માટે ?

સૃષ્ટિના જીવ માત્રને પોતાના હોવાપણારૂપ અસ્તિત્વનું ભાન છે. પોતાના અસ્તિત્વની શ્રદ્ધા છે કે...'હું છું !'

અસ્તિત્વનું આ હું-પણું ભૂંસાઈ જવું જોઇએ અને સાધનામાર્ગે 'હું છું !' એ અહંના સ્થાને 'હું કાંઈ જ નથી !' 'ભગવાન જ સર્વસ્વ છે !' એ નિરહંકારી ભાવ આવવો એ પ્રાથમિક આવશ્યકતા છે.

**'સ્વયંના અસ્તિત્વની સામે ભગવાનની સર્વસ્વતાનો સ્વીકાર' એનું જ નામ ભગવાનની શ્રદ્ધા.**

દર્શન એ મૂળ છે, એટલે કે આધાર છે. નીચેના ચાર સાધનાપદમાં દર્શનપદને પ્રથમ સ્થાન આપ્યું તેમ ઉપરના પંચ પરમેષ્ઠિના પાંચ પદમાં પ્રારંભ અરિહંત ભગવાનથી કર્યો. એ અરિહંત ભગવાનમાં શ્રદ્ધા થવી જોઇએ. તો જ એમના જેવાં અરિહંત ભગવાન અંતે થવાય. આમ દર્શનપદ એ આરંભ છે અને અરિહંતપદ એ અંત છે, જે સાધનાની સાધક દ્વારા મેળવાયેલી સિદ્ધિ છે.

**જ્ઞાનપદ :**

દર્શન પછીનું દ્વિતીયપદ તે જ્ઞાનપદ. શબ્દ એટલે કે વચન દ્વારા જીવ જાણે કે આવા આવા ભગવાન છે, આવું આવું ભગવાનનું સ્વરૂપ

છે. જે જે સાધક આત્માઓ વીતરાગ સર્વજ્ઞ થઈ, અરિહંત કે તીર્થસ્થાપક અરિહંત જિનેશ્વર ભગવંત બની, નિર્વાણ પામી સિદ્ધશિલાએ સિદ્ધપદે સિદ્ધસ્વરૂપે સ્થિર થયાં છે, એવાં એ ભગવંતોનું જેવું શુદ્ધવિશુદ્ધ, પરમ અને ચરમ સ્વરૂપ છે, તે આત્યંતિક શુદ્ધાવસ્થા છે. એ જ મારા આત્માનું વર્તમાને સત્તાગત (પ્રચ્છન્ન-અપ્રગટ) સ્વરૂપ છે. પરંતુ એ પ્રચ્છન્નપણે રહેલ શુદ્ધ વિશુદ્ધ એવું આત્મસ્વરૂપ પર (જડ) સંયોગે વિરૂપ પામેલ છે અને અશુદ્ધ એવું વિકૃત થઈ ગયેલ છે. પરમ સ્થિર, પૂર્ણ, અવિનાશી એવું એ આત્મસ્વરૂપ અસ્થિર, અપૂર્ણ, વિનાશી અને પર્યાયયુક્ત બનેલ છે. આવી આ વિરૂપ વિભાવદશા જ આત્માના સર્વ દુ:ખનું કારણ કહેતાં મૂળ છે. એ વિરૂપતાને સ્વરૂપતામાં પલટાવીને મારે મારા સ્વ-રૂપ એટલે કે સ્વરૂપને પ્રગટ કરી સ્વરૂપસ્થ થવાનું છે. આવું સ્વરૂપ જેમણે પ્રગટ કર્યું છે તે ભગવાન છે. એમાં પણ જે અરિહંત ભગવંત તીર્થસ્થાપક તીર્થંકર, વીતરાગ, સર્વજ્ઞ, નિર્વિકલ્પક કેવળજ્ઞાની ભગવંત છે તે ધર્મ પ્રકાશક, મોક્ષમાર્ગ પ્રરૂપક, મોક્ષ પ્રદાયક જગતગુરુ જગદીશ છે. એ જ સાચા સત્યમાર્ગદર્શક સ્વરૂપદાતા છે. એવા એ ભગવાનમાંની શ્રદ્ધાથી એઓશ્રીના દ્વારા બતાવાયેલા, મોક્ષમાર્ગને જાણી સમજીને, મળેલી એ સમજણથી સમજપૂર્વક એટલે જ્ઞાન દ્વારા, એ અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, શરણદયાણં, બોહિદયાણં પરમ ઉપકારી ભગવાન પ્રતિના અહો! અહો! ના ભાવ એટલે કે અહોભાવપૂર્વક કરાતી સ્તુતિ, સ્તવના, ભજના, ગુણગાન એ જ સમ્યગ્જ્ઞાન.

દેવચંદ્રજી ગુરુ ભગવંતે વીરપ્રભુની સ્તવના કરતાં ગયું છે કે...

સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,
દરિસણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય, ઉલ્લાસથી, કર્મ ઝીપી વસે મુક્તિધામે...
તાર હો તાર પ્રભુ.

સમ્યગ્દૃષ્ટિ, સાપેક્ષદૃષ્ટિ, અનેકાન્તદૃષ્ટિ, સ્યાદ્વાદદૃષ્ટિ એ પ્રકારે દૃષ્ટિનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. દૃષ્ટિ એ જ એવંભૂત નય છે, કેમકે જે સમયે જેવો દૃષ્ટિપાત થાય છે, તે જ સમયે તેવો કર્મબંધ થાય છે. એમ થવાનું કારણ એ છે કે દૃષ્ટિ જ સ્વયં ભાવસ્વરૂપ છે. દૃષ્ટિ એ જ જીવની ચેતના અર્થાત્ જીવનો ઉપયોગ છે. હેતુ, લક્ષ અને ઉપયોગ શુદ્ધિ ઉપર જ કર્મબંધનું અવલંબન છે. કર્મ વિષયક વિચારણામાં અંતે એમ કહેવાય છે કે 'ઉપયોગ બંધ હેતવ:'

બુદ્ધિથી ભણ્યા વગર અને જ્ઞાનમાં સાચી સમજણ આવ્યા વગર મોક્ષ થાય નહિ. શ્રુત ભણ્યા વગર મોક્ષ નથી. અથવા ભક્તિ, ધ્યાનાદિની સાધનાએ કરીને શુદ્ધિ થયેથી શ્રુતજ્ઞાન પ્રગટ્યા વિના મોક્ષ નથી. શ્રુતજ્ઞાનના ચૌદ ભાંગા (પ્રકાર)માં પ્રધાનતા દૃષ્ટિના ભાંગાની છે. દૃષ્ટિ શુદ્ધ એટલે કે સમ્યગ્દૃષ્ટિ હોય તો આગમિકશ્રુત હોય કે અનાગમિકશ્રુત હોય એ સમ્યગ્રૂપે પરિણમતું હોય છે. પરંતુ જો દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ હોય તો આગમિકશ્રુત પણ મિથ્યારૂપે પરિણમતું હોય છે. એટલે જ તો કહ્યું છે કે...'દૃષ્ટિ એવી સૃષ્ટિ'.

અવગુણી એવા દુર્યોધનને કોઈ ગુણી શોધ્યું જડ્યું નહિ. જ્યારે ગુણી યુધિષ્ઠિરને કોઈ અવગુણી જડ્યું નહિ. શ્રીકૃષ્ણને કૂતરાની ગંધાતી લાશમાં પણ સારરૂપ સુંદર શ્વેત દંતપંક્તિ દેખાઈ. મહાત્મ્ય દૃષ્ટિનું છે. માટે જ જૈન દર્શને સમ્યગ્દર્શનના મહામૂલા અદકેરા મૂલ્ય આંક્યા છે. દૃષ્ટિ સુધરે તો દર્શન સુધરે. દૃષ્ટિ સમ્યગ્ તો દર્શન સમ્યગ્.

શ્રુત દ્વારા અર્થાત્ શબ્દ દ્વારા મેળવવાનું શું છે ? પરમાત્મભગવંત અને એ પરમાત્માના પરમાત્મ સ્વરૂપની સમજણ શ્રુત દ્વારા મેળવવાની હોય છે. સહુ ભવ્ય જીવો સિદ્ધસમ સિદ્ધ-સ્વરૂપી હોવા છતાં સિદ્ધ-સ્વરૂપની સમજણના અભાવે તો ભવભ્રમણ કરી રહ્યાં છે અને ભૂલા પડી ભવાટવીમાં ભટકી રહ્યાં છે. સ્વરૂપચિંતક સ્વ. પનાલાલભાઈએ કહ્યું છે:

સર્વ જીવ છે સિદ્ધસમ, પણ સ્વરૂપ ભૂલી ભમ્યા કરે;
સ્વરૂપ ભજના કરો નિરંતર, વહાલા શ્રી વીતરાગ વદે.

અહીં ભૂતલ ઉપર તીર્થંકર અરિહંત પરમાત્મા છે અને ત્યાં મોક્ષ થયેથી સિદ્ધશિલાએ લોકાગ્રશિખરે સ્થિત સિદ્ધપરમાત્મા છે. અહીં સમવસરણ સ્થિત કે મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠિત અરિહંત પરમાત્મા છે જેની ભક્તિના ફલ સ્વરૂપ, સ્વરૂપસ્થ સિદ્ધ પરમાત્મા છે.

મિથ્યાત્વ મોહનીયની અંદર પણ શું છે ? અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન કષાયની વિદ્યમાનતા એ દેહમાં મિથ્યાત્વ છે. સંજ્વલન કષાયની વિદ્યમાનતા એ ઉપયોગમાં એટલે કે મનમાં મિથ્યાત્વ છે. જ્યારે અનંતાનુબંધી કષાયની વિદ્યમાનતા એ બુદ્ધિમાં અહંકારનું અને હૃદયમાં કપટતાનું મિથ્યાત્વ છે. આનું જ નામ દેહાત્મ બુદ્ધિ છે અને તે જ મિથ્યાત્વ છે. દેહ જ આત્મા છે એવો દેહ માટે તાદાત્મ્યભાવ છે.

મોહનીયકર્મની પ્રકૃતિના જે ૨૮ ભેદ છે, એમાં દર્શનમોહનીયના ત્રણ ભેદ જે મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય છે. એ ત્રણને છોડીને બાકીના જે ચારિત્ર મોહનીય કર્મના કષાયલક્ષી ૨૫ ભેદ છે, તેની જ ગાંઠ દર્શનમોહનીયકર્મ છે. એ ગાંઠ જ્યાં સુધી છૂટે નહિ અને નિર્ગ્રંથ બનાય નહિ ત્યાં સુધી ચારિત્રના ગમે તેટલાં પલ્લાં હોય પણ એ ધાર્યું કાર્ય કરે નહિ અને કેવળજ્ઞાન સુધી પહોંચાડે નહિ.

દર્શનમોહનીયમાં 'હું દેહ છું' નો 'હું કાર' અને 'મને કહેનારો એ બીજો કોણ ?'નો અહંકારનો જે ભાવ છે, તે ઉભય અહંભાવ છે. એ જે દેહભાવ છે તે જ દેહાત્મબુદ્ધિની વિદ્યમાનતા સૂચવે છે. આવી આ દેહાત્મબુદ્ધિ પલટાય અને સ્વ દેહના સ્થાને ભગવાનનો દેહ એટલે કે ભગવાનની પ્રતિમા પૂજ્ય બને, તેમ જ બુદ્ધિમાં ભગવાનના સ્વરૂપની સમજથી ભગવાનમાં પ્રેમ અને ભગવાનની શ્રદ્ધા આવે, હૃદયમાં ભગવાનને સ્થાન અપાય તો એના બળે ચારિત્ર મોહનીય કર્મ સરળતાથી સડસડાટ હણાય.

**ચારિત્રપદ:**

ભગવાને સ્વરૂપની સમજ આપી એટલે વર્તના સ્વરૂપની અને ઈચ્છા મોક્ષની થઈ. જે સત્ય (સમ્યગ્) દર્શન થયું, તેના પરિણામસ્વરૂપ બુદ્ધિમાં સાચી સમજણ આવવાથી બુદ્ધિ શ્રદ્ધાસંપન્ન બની કાર્યાન્વિત થવા લાગી. અર્થાત્ સત્યાચરણ થવા માંડ્યું તે જ સમ્યગ્ ચારિત્ર.

સ્વરૂપદૃષ્ટિદાતા, સ્વરૂપપ્રાપ્તિ માર્ગદાતા, તરણ તારણહાર તીર્થંકર ભગવંતની અષ્ટપ્રકારી પૂજા, સ્નાત્રપૂજાદિથી કલ્યાણક ઉજવણી, એના નામસ્મરણરૂપ જાપ, 'સવ્વન્નૂણં સવ્વદરિસીણં, સિવમયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ-સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં' એવું શક્રસ્તવિત જે તીર્થંકર જિનેશ્વર ભગવંતનું સ્વરૂપ છે, તેનું ધ્યાન તથા તેમના ઉપદેશને આજ્ઞારૂપ અવધારી તે મુજબની આચરણા તે જ સમ્યગ્ ચારિત્ર છે.

આમ દર્શન, જ્ઞાન, ચારિત્રની રત્નત્રયીમાં દર્શન એટલે યથાર્થ દર્શન અથવા સમ્યગ્દૃષ્ટિ. જ્ઞાન એટલે સમ્યગ્ સમજ અથવા યથાર્થ

ભાસન. ચારિત્ર એટલે યથાર્થ વર્તના અથવા સમ્યગ્ રમણતા અથવા ટૂંકમાં કહીએ તો દર્શને દેખે, જ્ઞાને જાણે અને ચારિત્રે રમે.

તપપદ:

ભગવાન સિવાય બીજે ગતિ નહિ અને મોક્ષ સિવાય બીજી કોઈ ઈચ્છા નહિ એવી સાધકની નિષ્કામ અવસ્થા તે જ તપ. તપ એ તલપ કે ઈચ્છા છે. એવી એ ઈચ્છા જે દૈહિક છે તેના નિરોધને શાસ્ત્રમાં સાધકાવસ્થાના તપરૂપ લેખાવેલ છે. આગળ ઉપર સાધનાની પરાકાષ્ટામાં કોઈ ઈચ્છા જ રહેતી નથી એવી જે અવસ્થા તે નિરીહિતા છે, જે પૂર્ણકામ અવસ્થા છે. એ સ્વમાં પૂર્ણ તૃપ્ત એવી સંતૃપ્તતા છે. વૃત્તિ (ઈચ્છા)નું અસ્તિત્વ વર્તતું હોય ત્યાં સુધી તપ પૂર્ણ નથી. વૃત્તિ ધ્યેયમાં લય પામે ત્યારે તપ થયો કહેવાય.

સ્વરૂપાકાર વૃત્તિ એ નિશ્ચયથી ચારિત્ર છે અને વૃત્તિનો લય એ તપ છે.

વીર્ય :

ઉપરોક્ત ચારેય પદથી નિર્દિષ્ટ ગુણ કે આચાર, જે દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચારમાં આવતી આલ્હાદકતા, ચિત્ત પ્રસન્નતા, તીક્ષ્ણતા, વર્ધમાનતા એ જ ચારેય પદ અંતર્ગત વીર્ય છે, જેને વીર્યોલ્લાસ કહેવાય છે. એ જ વીર્યાચાર છે. મીઠા (નમક) વિનાનું ફરસાણ (નમકીન) નહિ હોય અને સાકર વિનાની મીઠાઈ નહિ હોય. તેમ વીર્ય વિના દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપની આરાધના નહિ હોય.

આમ 'જ્ઞાન શ્રદ્ધાયુક્ત ચારિત્ર મોક્ષની ઈચ્છાયુક્ત બને તો કેવળજ્ઞાન પ્રગટે.'

'જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ' એ સાધનાસૂત્રનું પૂરક સૂત્ર છે :

'શ્રદ્ધા ઈચ્છાભ્યામ્ મોક્ષ'

જો ક્રિયા જ્ઞાન એટલે કે સમજણપૂર્વક કરવાની છે તો એ જ્ઞાન શ્રદ્ધા પૂર્વકનું અને મોક્ષની પ્રબળ ઈચ્છા સહિતનું હોવું અત્યંત આવશ્યક છે- આપણે ત્યાં મંત્ર છે. ॥ 'ॐ अर्हम् णमो सिद्धाणं' ॥ એમાં અર્હમ્ છે, તે અરિહંત ભગવંતની શ્રદ્ધા છે અને સિદ્ધાણં છે, તે મોક્ષની ઈચ્છા છે. અથવા તો અર્હમ્ એ સમવસરણ અર્થાત્ કેવળજ્ઞાન સૂચક છે જ્યારે સિદ્ધાણં એ સિદ્ધમ્ અર્થાત્ મોક્ષસૂચક છે. પ્રભુ પદકમલ અર્થાત્ ચરણપાદુકામાં એક પદ (ચરણ) જ્ઞાન કહેતાં કેવળજ્ઞાન સૂચક છે તો બીજું ચરણ આનંદ સૂચક છે. પ્રભુ પ્રતિમામાં એક ચક્ષુ કેવળજ્ઞાનનો નિર્દેશ કરે છે તો બીજો ચક્ષુ આનંદનો નિર્દેશ કરે છે. એ જ પ્રમાણે પ્રતિષ્ઠિત પ્રભુ પ્રતિમાનું સ્થિરત્વ એ સિદ્ધત્વ સૂચક છે.

'ભગવાન સિવાય કોઈ નહિ અને કાંઈ નહિ !' ભગવાનમાં નિષ્પાદ થતી એ રતિ એટલે પ્રિયતા કહો કે આનંદ, એ સાધકને અર્હદાનંદમાં લઈ જાય છે અને અંતે એની અભેદતા સિદ્ધાનંદમાં પરિણમતી હોય છે. 'અર્હદાનંદ એટલે અરિહંતને જોઇને આનંદ અને સિદ્ધાનંદ એટલે એમનામાં રહેલ સ્વરૂપને એટલે કે કેવળજ્ઞાનને જોઇને આનંદ !'

દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ નવપદના ચાર ગુણોને જીવ એના વ્યવહારમાં કેળવે એટલે નવપદમાંના ત્રણ સાધકપદમાંના સાધુપદના સાધુપણાને પામે. એનું કારણ એ છે કે નવપદમાંના એ જે ચાર ગુણપદ છે, તે જીવના સ્વયંના ગુણ છે.

શ્રદ્ધા જીવની પોતાની છે. ઉપયોગ એટલે કે જ્ઞાન અને દર્શન એ પણ જીવના પોતાના છે. તેમ દેહની જે વર્તના છે અને જે ઈચ્છા છે તે પણ જીવની પોતાની છે. અંતે અનંતશક્તિરૂપ અનંત ચતુષ્ક સાથેની અભેદતા, એ પણ જીવનું પોતાનું જ શિવરૂપ પરિણમન છે. એ ચાર જીવના પોતાના ગુણ છે અર્થાત્ જીવના જીવત્વનાં લક્ષણ છે.

જીવ શ્રદ્ધાથી જીવે છે અને ભગવાન પરમ શ્રદ્ધેય છે. જીવને જ્ઞાન મેળવવું છે અને ભગવાન સ્વયં જ્ઞાન (સ્વરૂપસમજણ એટલે આત્મજ્ઞાન) આપનારા છે. જીવને ચારિત્ર (સંયમ) સ્વીકારવું છે અને ભગવાન સ્વયં કેવળજ્ઞાનીની વર્તનામાં સહજયોગે વિચરે છે. જીવને તપધર્મનું સેવન કરવું છે અને ભગવાનને સ્વયંનો અર્હદાનંદ જે પૂર્ણકામ છે કે વીતરાગતા છે તે જ તપરૂપ છે. જીવે આચારપાલનામાં શક્તિ ફોરવવાની છે. એ શક્તિ તો જ ફોરવાય કે જ્યારે પરમાત્મા ભગવંતનો અનુગ્રહ થાય. પરમાત્માની કૃપા-કરુણા વિના સાધના શક્ય નથી. પરમાત્મા સ્વયં સર્વ-શક્તિમાન છે.

આપણે ઘણાંખરાં ગતાનુગત રીતે નવપદની આરાધના કરીએ છીએ અને સિદ્ધચક્રયંત્રની પૂજા કરીએ છીએ, પણ જાણતા સમજતા નથી કે એ સિદ્ધચક્રયંત્રમાંના ચાર ગુણો દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ જીવને જીવ તરીકે ઓળખાવનાર જીવનાં લક્ષણ હોવાથી જીવની નિગોદથી લઈ સિદ્ધાવસ્થા સુધીની પ્રત્યેક અવસ્થામાં ઘટવા જોઈએ.

શ્રદ્ધાથી તો આપણે જીવીએ છીએ.

શ્રદ્ધા અસત્ એટલે કે ખોટી હોય. સંસાર (જગત) અસાર છે કેમકે અસત્ વિનાશી છે. સંસારના ઋણો અસાર છે અને સ્વયંનો દેહ પણ વિનાશી છે તેથી અસાર છે. સંસારની આવી અસારતાની વચ્ચે સારભૂત માત્ર એક સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન છે.

અરિહંત ભગવાનમાં શ્રદ્ધા એ સાધકની સાધનાનું પ્રથમ સોપાન છે.

જ્ઞાન ભણવાથી જ્ઞાન આવે એના કરતાં અજ્ઞાનનો નાશ થયેથી જ્ઞાન પ્રગટે એની કિંમત આધ્યાત્મક્ષેત્રે બહુમૂલ્ય છે. જ્ઞાનાવરણીયકર્મના ક્ષયે જ્ઞાન ઉપરના અજ્ઞાનના આવરણો હઠી જતાં જ્ઞાન પ્રકાશમાં આવે કે જ્ઞાન પ્રગટે છે, જેને વેદાંતમાં અવિદ્યાનો નાશ કહેલ છે.

'अविद्यातिमिरध्वंसे दशा विद्याज्जनस्पृशा ।
पश्यन्ति परमात्मान-मात्मन्येव हि योगिनः ॥'

-જ્ઞાનસાર-મહામહોપાધ્યાયજી

જ્ઞાન બુદ્ધિથી ઝીલાય (સમજાય). જ્ઞાન ભલે બુદ્ધિ ગ્રહણ કરે પણ સાચી સમજણ તો મન અને હૃદય આપે. એ પણ મૂળમાં સાચી શ્રદ્ધા હોય તો સાચી સમજણ આવે. માટે તો કહ્યું કે...'દર્શન સમ્યગ્ તો જ જ્ઞાન સમ્યગ્' અન્યથા તર્ક વિતર્ક કરી બુદ્ધિશાળી બની જ્ઞાનનો ઠેકો લઈ જગતના ચોકમાં પંડિતાઈ કરે. જ્ઞાન એ તો પરમાત્માની સમજણ છે. આર્ય સંસ્કૃતિમાં વિદ્યા વિષયક સૂત્ર વિદ્યાર્થીઓને આરંભમાં જ ભણાવવામાં આવતું કે 'सा विद्या या विमुक्तये' એ જ વિદ્યાને વિદ્યા કહેવાય જે બંધનમાંથી એટલે કે દુ:ખથી મુક્તિ અપાવે.

મન, બુદ્ધિ, ઈચ્છા, વિચાર ભગવાનના ચરણે અર્પણ કરી દેવાં એ જ જ્ઞાન'

તીર્થંકર પરમાત્મ ભગવંત સિવાય બીજે કશે જ વર્તના નહિ એ જ ચારિત્ર

એ વર્તના સાચી થઈ છે, એમ ક્યારે કહેવાય ? એ વર્તના સાચી ત્યારે જ કહેવાય કે જ્યારે ભગવાન સિવાયનું જગત શૂન્ય ભાસે અર્થાત્ શુષ્ક (નીરસ) લાગે.

ચારિત્ર અંગીકાર કરનારને દ્રવ્ય ચારિત્ર હોય તો પણ, જગતમાં જગતનો કોઈ વ્યવહાર નથી. એમ ભગવાનમાં શ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન

થયા પછી ભગવાનમાં જ ગતિ અને ભગવાનમાં જ વર્તના. એ સિવાય બીજે કશે, બીજા કશામાં રસ પડે નહિ તે જ ચારિત્રધર સાધકનું ચારિત્ર. ભગવાન સિવાયનું બધું શૂન્ય અને નિરર્થક લાગે. દ્રવ્ય ચારિત્ર લેનાર ચારિત્રધારીની વર્તના પણ જો ભગવાનમાં થાય તો એ ચારિત્રધર સાધુધર્મની સમાચારીની જે કેટલીક મર્યાદાઓ છે, એનાથી ઉપર ઊઠી આનંદઘન બને અને મોક્ષ તરફની ગતિમાં પ્રચંડ વેગ આવે.

દર્શન, જ્ઞાન, ચારિત્ર એ રત્નત્રયીની વિચારણાની સાથે સાથે તપ જે ચારિત્ર અંતર્ગત છે અને નવપદમાં જેની સ્વતંત્ર આરાધના બતાડેલ છે, તથા જે નિર્જરાનું કારણ છે એના વિશે વિચારીએ.

તપ એટલે શું ? જીવને કલ્પતરુ મળ્યા પછી કે ચિંતામણિ રત્ન હાથ લાગી ગયા પછી જીવને સંસારમાં જોઇએ શું ? કાંઈ જ નહિ ! કેમકે સર્વ કાંઈ મળી ગયું છે. એમ સંસારમાં ભગવાન જેવા ભગવાન, વીતરાગ, સર્વજ્ઞ, નિર્વિકલ્પ તીર્થંકર ભગવંત મળી ગયા પછી હવે 'મારે કાંઈ જોઈએ નહિ !' એવાં નિષ્કામભાવનો આવિષ્કાર થવો તે જ 'તપ' છે.

આ ભગવાન તો 'કેવળજ્ઞાન' અને 'આનંદવેદન' એટલે કે 'વિચાર તૃપ્તિ' અને 'વેદના તૃપ્તિ' ઉભયને આપનારા સાક્ષાત કલ્પદ્રુમ ચિંતામણિ રત્ન છે. 'કલ્પતરુસમ ભગવાનનો ભેટો થવાથી ઈચ્છાશમન અને નિષ્કામભાવ અવતરણ એ જ તપ'. 'કામનાના શમન અને નિષ્કામભાવના પાદુર્ભાવ સહ પરમાત્મશક્તિ સ્વરૂપ એવાં પરમાત્મ ભગવંત સાક્ષાત કે સાક્ષાત્કાર રૂપે મળી જતાં અહંકારનું શમન તે જ શક્તિ કહેતાં વીર્ય.' કહ્યું છે ને કે...ક્ષમા વીરસ્ય ભૂષણ.

જીવની ચેતના સ્વમાં શ્રમ, શ્રદ્ધા, બુદ્ધિ અને ઈચ્છા સ્વરૂપ છે. જીવ સંસારમાં શ્રદ્ધાથી જીવે છે. તે જ પ્રમાણે બુદ્ધિથી હિતાહિત, લાભાલાભના વિચારપૂર્વક કાંઈક માંગ એટલે કે ઈચ્છા હૈયે રાખીને ઈચ્છાપૂર્તિ માટે પ્રવૃત્ત થાય છે. આ જ સહુ જીવોનો જીવનવ્યવહાર છે. આ શ્રમ, શ્રદ્ધા, બુદ્ધિ અને ઈચ્છાનો અભિગમ જે અસત, અસાર, વિનાશી સંસાર તરફનો છે, તે અભિગમ સત્, અવિનાશી, પરમાત્મ ભગવંત તરફ પલટાઈ જાય તો અસત્ તરફની દોટ, સત્પ્રાપ્તિની દોટ બની જાય. અસાર સંસારમાં સારભૂત તત્ત્વ મોક્ષ તત્ત્વ જ લાગે, વિનાશી અવિનાશી બનવા ઉદ્યમી થાય, જેના ફલસ્વરૂપ કેવળજ્ઞાન પ્રગટે અને સુખદુ:ખનું સ્થાન સચ્ચિદાનંદ સ્વરૂપવેદન લે.

જો શ્રદ્ધા પરમાત્મા એટલે કે મોક્ષની હોય, બુદ્ધિમાં સમજણ ભગવાનની હોય અને વિવેક ભગવાનનો હોય, વર્તના ભગવાનની હોય, ભાવદશા યા ધ્યાનદશામાં જાપ કાઉસગ્ગ હોય કે પછી વ્યુત્થાન (જાગૃત) દશામાં ભગવાનના ગુણગાન, સ્તુતિ, સ્તવના કે કલ્યાણકમાં સ્નાત્રપૂજા, અષ્ટપ્રકારી પૂજા વર્તનામાં હોય, શક્તિ (વીર્ય) આઠ રૂચક પ્રદેશોથી ઉદ્‌ભવિત થઈ ભગવાનના ચરણમાં શરણ લઈ દાસત્વ ભાવે બેઠી હોય તો પછી શ્રદ્ધા સમ્યગ્દર્શન બને, બુદ્ધિ સમ્યગ્જ્ઞાન બને, શ્રમ સમ્યગ્ચારિત્ર બને અને ઈચ્છા એ કેવળ મોક્ષની ઈચ્છા બની જતાં સમ્યગ્‌તપ રૂપે પરિણમે.

સિદ્ધચક્રયંત્ર અને નવપદ નિર્દેશિત આ ચાર સાધનાપદ એ જ તો ધર્મ છે. એ રત્નત્રયીની આરાધના અને પંચ મહાવ્રતની પ્રતિજ્ઞાપૂર્વકનો પંચાચારની પાલનારૂપ, ષટ્કાયરક્ષક ગુપ્તિથી ગુપ્ત અને સમિતિથી સંયમિત સ્વરૂપધર્મ એવો સર્વવિરતિથી સંપૂર્ણ ધર્મ છે જ્યારે દેશવિરતિથી તે આંશિક છે માટે તેને ધર્માધર્મ કહેલ છે.

દર્શનથી દર્શનાચાર, જ્ઞાનથી જ્ઞાનાચાર, ચારિત્રથી ચારિત્રાચાર, તપથી તપાચાર અને એ ચારની વર્ધમાનતાનો વીર્યોલ્લાસ એ વીર્યાચારની પાલનારૂપ પંચાચારપાલના ધર્મ છે. પંચાચારપાલના ધર્મમાં જ રત્નત્રયી એટલે કે દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધના અંતર્ગત છે. દર્શન કહેતાં દેવ, જ્ઞાન કહેતાં ગુરુ, અને ચારિત્ર કહેતાં ધર્મ એ દેવ ગુરુ ધર્મની તત્વત્રયી, રત્નત્રયીની આરાધનાથી સંલગ્ન પંચાચારપાલનારૂપ ધર્મારાધના છે.

દર્શનાચારનો પ્રારંભ દેવ અને ગુરુ ભગવંતના દર્શન, વંદન, પૂજનથી થાય છે. એની પરાકાષ્ટા સર્વ જીવમાં યાવત્ સમગ્ર સચરાચર સૃષ્ટિને પરમાત્મસ્વરૂપ દૃષ્ટિએ જોવા, જાણવા અને વર્તવામાં છે. એવાં એ દર્શનાચારની પૂર્ણાહુતિ ત્યારે થાય છે જ્યારે ફળસ્વરૂપ કેવળદર્શનનું પ્રાગટ્ય થાય છે. આ દર્શનાચારની પ્રતિજ્ઞા છે કે...

'હું કાંઈ નથી. મારું કોઈ અસ્તિત્વ નથી. મારા વીતરાગ, સર્વજ્ઞ, નિર્વિકલ્પ, દેવાધિદેવ અરિહંત, જિનેશ્વર ભગવંત અને નિર્ગ્રંથ જ્ઞાનદાતા ગુરુ, એ મારા સર્વસ્વ છે !'

દર્શનાચારનો સંકલ્પ છે કે...

'જિનેશ્વર ભગવંત સ્થાપિત ચતુર્વિધ સંઘમાં ભળી દેવ ગુરુની ભક્તિ કરવા પૂર્વક જિનાગમનું અધ્યયન, પ્રચાર પ્રસાર કરવા સહિત, સાધર્મિક વાત્સલ્ય કરતા કરતા અનુકંપાધર્મ ક્ષેત્રે દીનદુ:ખીની સેવા પરોપકાર, જીવોની રક્ષા પાલના જયણાથી જીવદયા ધર્મ પાલના કરીશ.'

જ્ઞાનાચારની શરૂઆત નમસ્કાર મહામંત્રના અધ્યયનથી થાય છે. એની પરાકાષ્ટા દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિથી શ્રુતકેવલિ બનવાથી છે. આવા આ જ્ઞાનાચારની પૂર્ણાહુતિ ત્યારે થાય છે જ્યારે ફળ સ્વરૂપ કેવળજ્ઞાન પ્રગટે છે.

જ્ઞાનાચારની પ્રતિજ્ઞા છે કે...

'હું સિદ્ધ સ્વરૂપ છું !' 'હું બ્રહ્મ સ્વરૂપ છું !'-'अहं ब्रह्मास्मि !'

સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપી !'

જ્ઞાનાચારનો સંકલ્પ છે કે...હું દ્વાદશાંગી પ્રમાણ જ્ઞાન સંપાદન કરી શ્રુતકેવલી થઈશ.

ચારિત્રાચારનો આરંભ સામાયિકવ્રતથી થાય છે અને પરાકાષ્ટા જિનકલ્પવ્રતના સ્વીકારમાં છે. આ ચારિત્રાચારની સમાપ્તિ ત્યારે થાય છે જ્યારે ફળસ્વરૂપ અદેહી એવી પરમ સ્થિરાવસ્થા સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થાય છે.

ચારિત્રની પ્રતિજ્ઞા છે કે...

'હું દેહ નથી !'

ચારિત્રાચારનો સંકલ્પ છે કે...'આરંભ સમારંભ પરિગ્રહનો સર્વથા ત્યાગ કરીશ !'

તપાચારની શરૂઆત નવકારશીના તપથી છે અને એની પરાકાષ્ટામાં અનશનતપ છે. તપાચારની સમાપ્તિ ત્યારે થાય છે જ્યારે ફળસ્વરૂપ અણાહારીપદ એટલે કે નીરિહીતા કે પૂર્ણકામ એવી પરિતૃપ્તતાની પ્રાપ્તિ થાય છે.

તપાચારની પ્રતિજ્ઞા છે કે...

જો હું દેહ નથી તો દેહના અને ઈન્દ્રિયોના સુખ એ સાચા સુખ જ નથી !

તપાચારનો સંકલ્પ છે કે...

'મારે કાંઈ જોઈએ જ નહિ !' એવો નિષ્કામભાવ.

વીર્યાચારનો પ્રારંભ દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચારમાં જોડાવાથી છે. એની પરાકાષ્ટામાં અભેદદષ્ટિ (સમદષ્ટિ કે બ્રહ્મદષ્ટિ), શ્રુતકેવલીપદ, જિન કલ્પાવસ્થા અને અનશનથી છે. આ વીર્યાચારની પૂર્ણાહુતિ ત્યારે થાય છે જ્યારે ફળસ્વરૂપ અનંત ચતુષ્ક એવાં અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્યની પ્રાપ્તિ થાય છે.

વીર્યાચારની પ્રતિજ્ઞા છે કે...'હું આત્મા અનંતશક્તિ એટલે કે અનંતવીર્યનો સ્વામી છું !'

વીર્યાચારનો સંકલ્પ છે કે...

'અનંતશક્તિ સ્વરૂપ એવો હું મારી સર્વશક્તિથી સત્ત્વશાળી થઈ મોક્ષમાર્ગે મોક્ષ પામું નહિ ત્યાં સુધી ગતિશીલ રહીશ.

ભગવાન ગમવા રૂપી પ્રેમ એ દર્શન છે, જે વિશેષભાવ છે.

ભગવાન પ્રત્યે પ્રીતિ એ જ્ઞાન છે, જે વિશેષભાવ છે.

ભગવાનની ભક્તિ એ ચારિત્ર છે, જે વર્તના અને સમર્પિતતા છે.

વસ્તુ ગમવી એ વસ્તુનો પ્રેમ છે. વસ્તુ જે ગમી છે એને માલિકીની બનાવવી અને એનાથી અભેદ થવું તે પ્રીતિ છે. અંતે વસ્તુ જે ગમી છે, એવી માલિકીની પોતીકી બનાવેલ વસ્તુનો ઉપયોગ કરી તે વસ્તુમય થઈ તૃપ્ત થવું એ જ ભક્તિ છે. ભક્તિનું સ્વરૂપ જ આવું છે. જ્ઞાનીઓએ ગાયું છે...

'જિનપદ નિજપદ એક થાયે...'

❖ ❖ ❖

'જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ...'

❖ ❖ ❖

ધ્યાતા, ધ્યેય, ધ્યાન પદ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ક્ષીરનીર પરે તુમસું મીલશું, વાચક યશ કહે હેજે હળશું...

-સાહિબા વાસુપૂજ્યજિણંદા.

વીતરાગતા એ જ ચારિત્ર છે, કે જે વૈરાગ્યનો પરિપાક છે અને સર્વથા મોહક્ષયનું કારણ છે. એના ફળસ્વરૂપ પ્રગટ કેવળદર્શન એ વીતરાગ દર્શન છે, પ્રગટ કેવળજ્ઞાન એ વીતરાગ જ્ઞાન છે, એનું સાતત્ય કે નિરંતરતા અથવા તો તેલધારાવતતા છે એ ચારિત્ર છે. એ પૂર્ણ સ્વરૂપ છે. આવી આ વીતરાગતામાં પ્રેમ, કારુણ્ય, આનંદની અભેદતારૂપ તૃપ્તિ છે તે તપરૂપ છે અને સર્વની અનંતતા છે એ જ અનંતવીર્યશક્તિનો આવિર્ભાવ છે.

વીતરાગતાએ કરીને મોહનીયકર્મક્ષયથી ઈન્દ્રિયદર્શનની પેલે પારનું દિવ્યદર્શન એવું કેવળજ્ઞાન પ્રગટે છે. વીતરાગતાએ કરીને મોહનીયકર્મક્ષયથી વિચાર વિકલ્પજ્ઞાન ખતમ થયેથી નિર્વિકલ્પ કેવળજ્ઞાન પ્રગટે છે. વીતરાગતાએ કરીને મોહનીય કર્મક્ષયથી અંતરાયયુક્ત સુખદુ:ખ વેદન ખતમ થયેથી પૂર્ણ સ્વરૂપાનંદ વેદના પ્રગટે છે.

આવી આ સ્વરૂપ-જનનની અને વિરૂપ-વિનાશિની વીતરાગતાના લક્ષણરૂપ છ ગુણરૂપ વર્તના એટલે કે ચારિત્ર છે. (૧) ક્ષમા (૨) સમતા (૩) સહનશીલતા (૪) પ્રેમ (૫) ઉદારતા અને (૬) કરુણા. આમાંના પ્રથમ ત્રણ ક્ષમા, સમતા અને સહનશીલતા એ સ્વ મન અને સ્વ દેહપર્યાય સાપેક્ષ છે, જે સાધકે સ્વ પક્ષે કેળવવાનાં છે. પછીનાં ત્રણ પ્રેમ, ઉદારતા, કરુણા, એ અન્ય પ્રતિનો વ્યવહાર છે, જે પરદેહપર્યાય સાપેક્ષ છે, જે સાધકે પરસાપેક્ષ કેળવવાનાં છે.

રાગને પ્રેમમાં પરિવર્તિત કરી પ્રેમસ્વરૂપે પ્રવર્તવાનું છે. દ્વેષને કરુણા રૂપે પરિવર્તિત કરી કારુણ્યભાવે પ્રવર્તવાનું છે અને ઔદારિક શરીર મળ્યું છે તો ઔદાર્ય કેળવવાનું છે એટલે કે ઉદાર બનવાનું છે. વ્યાપક થવાનું છે અને સર્વને સમાવી લેવાના છે. સંકુચિતતા એ મોહનું સ્વરૂપ છે. એ જ મોહ વ્યાપક બને છે ત્યારે તે પ્રેમરૂપે પ્રવર્તે છે.

મોહમાં માંગ છે જ્યારે પ્રેમમાં ત્યાગ છે અને અર્પણતા છે. ઉપરોક્ત એ છ ગુણ વડે સમકિત પામવા ચાર પ્રકારનો જીવન વ્યવહાર કેળવવો જોઇએ જે સમકિતના ચાર પાયા છે. (૧) પુદ્ગલના ભોગનો ત્યાગ અને વૈરાગ્ય. (૨) પરમાત્મ વ્યક્તિ પ્રતિ પ્રીતિ, ભક્તિ અને અર્પણતા. (૩) જેની સાથે જાતિ એકયતા અને સ્વરૂપ એકયતા છે એવાં જીવ માત્ર પ્રતિ દયા, દાન, સેવા, અહિંસા, ક્ષમાપૂર્વકનું પરોપકારી જીવન. (૪) સ્વરૂપ પદનું લક્ષ્ય.

બ્રહ્મભાવમાં અવરોધક મોહભાવ (મોહનીય કર્મ) છે; જેને વીતરાગતા જ મૂળમાંથી નાશ કરી પૂર્ણપ્રેમ સ્વરૂપે પ્રગટાવી શકે છે. વૈરાગ્યની પરાકાષ્ટા વીતરાગતા છે. વિચારની પરાકાષ્ટા કેવળજ્ઞાન છે. સુખની પરાકાષ્ટા આનંદ છે.

મોક્ષસુખદાયી પ્રભુપદકમલ જ્ઞાન અને આનંદ નિર્દેશક છે. એમ પ્રભુપ્રતિમા ચક્ષુ પણ જ્ઞાન અને આનંદસૂચક છે.

જ્ઞાન (કેવળજ્ઞાન એ વિચાર તૃપ્તિ)+આનંદ (વેદનતૃપ્તિ)ની એકાકારતા એ એવંભૂતનય છે.

'અર્હમ્'નું મિલન દર્શનાચાર છે. 'ઍ'નું મિલન જ્ઞાનાચાર છે. 'અર્હમ' અને 'ઍ'ના મિલનથી સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિમાં વેગ આવે છે. મતિની શ્રુતિથી મુક્તિમાં ગતિ એ ચારિત્રાચાર છે અને મુક્તિની સતત તલપ એ તપાચાર છે. અંતે નિવાર્ણ થયેથી સિદ્ધાવસ્થામાં સિદ્ધપદે સ્થિરતા એ સ્વરૂપતૃપ્તિ છે.

દર્શનાચાર અને જ્ઞાનાચાર ઉપયોગપ્રધાન છે અને ફરજિયાત છે. જ્યારે ચારિત્રાચાર અને તપાચાર યોગપ્રધાન છે અને યથાશક્તિ છે.

ઉદાર સજ્જન વેવાઈ તો કહેશે કે કંકુ અને કન્યા આપશો તો ચાલશે, પણ એમ નહિ કહેશે કે પ્રેમ અને સમર્પણ ઓછાં હશે તો ચાલશે. પ્રેમ સમર્પણ ઓછા હોય તો નહિ ચાલે. એ તો પૂરેપૂરા પરિપૂર્ણ જોઇએ. હા ! કરિયાવર કે જાનૈયાની સરભરા ઓછીવત્તી હોય તો તે ચલાવી લેવાય.

ચારિત્ર તપ ઓછાવત્તા ચાલી જાય પણ દર્શનજ્ઞાન એટલે કે પ્રીતિભક્તિ તો પૂરેપૂરાં જોઇએ. એમાં ખામી નહિ ચાલે.

જેમ અવગાહના-દાયિત્વ એ આકાશનો ગુણ છે; ગતિ-દાયિત્વ એ ધર્માસ્તિકાયનો ગુણ છે, સ્થિતિ-દાયિત્વ એ અધર્માસ્તિકાયનો ગુણ છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ગ્રહણત્વ એ પુદ્ગલાસ્તિકાયનો ગુણ છે, રસ, રુધિર, મેદ, માંસ, અસ્થિ, મજ્જા અને વીર્ય એ સાત શરીરની ધાતુ છે, એમ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચ આત્માની ધાતુ છે અને જીવાસ્તિકાયના એ ગુણ છે. આજ સંદર્ભમાં યોગીરાજ આનંદઘનજી મહારાજાશ્રીએ ગાયું છે કે...

કોઈ પતિરંજન અતિઘણો તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુમિલાપ,

- ઋષભજિનેશ્વર.

જે ગુણ હોય એ દ્રવ્યનો સહભાવી હોય, દ્રવ્યની સાથે જ હોય, દ્રવ્યના લક્ષણરૂપે એટલે કે દ્રવ્યની ઓળખરૂપ હોય. પછી તે ગુણ શુદ્ધ

હોય, શુદ્ધાશુદ્ધ હોય કે અશુદ્ધ હોય.

દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય એ પાંચ આત્માના ગુણ છે એટલે કે આત્માની પોતાની શક્તિ છે. આપણી જે આંખો છે એ દર્શન છે, જેને ચક્ષુદર્શન કહીએ છીએ. આંખ સિવાયની ઈન્દ્રિયોથી થતું દર્શન એ અચક્ષુદર્શન છે. આપણી બુદ્ધિ છે તે આપણું જ્ઞાન એટલે કે મતિજ્ઞાન છે. દર્શન અને જ્ઞાનથી યુક્ત થતું વર્તન એ ચારિત્ર છે. આપણી દૃષ્ટિ અને આપણી સમજણ પ્રમાણેની થતી કાયચેષ્ટા એ આપણી વર્તણૂંક કે ચારિત્ર છે. આપણી જે તલપ કે તૃષ્ણા અર્થાત્ માંગ કે ઈચ્છાની પૂર્તિ માટે કરાતું કષ્ટ એ તપ છે.

આપણી નાભિ છે ત્યાં આઠ રૂચક પ્રદેશો રહેલાં છે. એ આપણી શક્તિ છે. એ વિશેષ શક્તિ અપૂર્ણ આત્મામાં પણ છે. નવતત્ત્વ પ્રકરણમાં જણાવ્યા મુજબ આ આઠ રૂચક પ્રદેશો અચળ હોવાથી કર્મગ્રહણ કરતા નથી. આઠ કર્મોનું જોર આત્મચેતનાને ઢાંકવાનું છે તો આઠ રૂચક પ્રદેશોનું જોર આત્મચેતનાનો ઉઘાડ કરવાનું છે.

જીવ માતાની કુક્ષીમાંથી બહાર નીકળે છે ત્યારે જઠર અને ભોગની વેદનાને સાથે લઈને જ બહાર જન્મે છે. એમાં દર્શનાદિ પાંચ આત્મશક્તિઓ કેવી રીતે ગર્ભિત રહેલી છે એની પણ વિચારણા કરીએ.

જીવ નીચે જઠરમાં વેદના લઈને અને ઉપર મસ્તિષ્કમાં બુદ્ધિ લઈને જન્મ લે છે. બુદ્ધિનો વિકાસ થાય છે તે જ્ઞાન છે. પ્રાપ્ત ચક્ષુથી થતું દર્શન ચક્ષુદર્શન છે. સ્વરૂપ પ્રગટ થયેથી, જેમ પૂર્ણાત્મા એવાં પરમાત્માને કેવળદર્શનથી પદાર્થનું પૂર્ણ દર્શન થાય છે, તેમ અપૂર્ણ આત્માને એની આંખ વડે કરીને અપૂર્ણ, અસ્પષ્ટ, સીમિત દર્શન થાય છે.

ઉપરમાં જ્યાં બુદ્ધિ રહેલ છે એ મગજમાં જ્ઞાનતંતુ તંત્ર છે. ચેતના મુખ્યતાએ જ્ઞાનતંતુના માધ્યમે વ્યક્ત થાય છે. માતાના ગર્ભમાં જ આઠ રૂચક પ્રદેશના કારણે નખથી શિખ સુધીની જીવની ચેતના વિકસે છે.

બાળક જન્મે છે ત્યારે ઈન્દ્રિયો તો સાથે લઈને જ જન્મે છે. સામે 'મા' છે, એ તો બાળકને એની આંખોથી દેખાય છે. પણ 'મા' શબ્દચેતનાની સમજણ હજુ એને નથી હોતી. જઠરમાં રહેલ ભૂખની વેદના બાળકને રડાવે છે. ભૂખ લાગે એટલે બાળક રુએ છે અને પેટ ભરાય છે એટલે ખિલખિલાટ કરે છે. આહારથી જેમ જેમ દેહ અને ઈન્દ્રિયો ક્રમબદ્ધ વિકસે છે, તેમ તેમ શક્તિ અને જ્ઞાનતંતુ પણ ક્રમબદ્ધ વિકસે છે.

અહીં પ્રશ્ન એ ઉદ્ભવે કે જ્ઞાનતંતુને જ્ઞાનતંતુ જ કેમ કહેવાય છે ? કાર્મણ વર્ગણા જે આઠ કર્મરૂપે પરિણમેલ છે, તે તેજસ કાર્મણ શરીરથી સંલગ્ન છે. એની સાથે જીવની સૂક્ષ્મ સંવેદનાનું જોડાણ જે તંતુ વડે થયેલ છે, તે તંતુથી વેદનાની જાણ અને અનુભૂતિ થતી હોય છે. માટે જ તેને જ્ઞાનતંતુ કહેલ છે. ટૂંકમાં તેજસ કાર્મણ શરીર સાથે જોડાયેલ સંવેદનાના તંતુ તે જ્ઞાનતંતુ.

જીવ જે યોનિમાં જાય છે ત્યાં સ્થૂલ દેહના વિકાસની સાથોસાથ જ્ઞાનતંતુઓનો પણ વિકાસ થાય છે. બહારમાં શાતા, અશાતા એટલે કે અનુકૂળતા, પ્રતિકૂળતાના વેદનરૂપે અને અંદરમાં રતિ, અરતિ રૂપે કર્મનો ઉદય થાય છે, જેની સ્થૂલ દેહ ઉપર અસર થાય છે. ઉપર મસ્તિષ્કમાં રહેલ બુદ્ધિમાં માન-સન્માન કે અપમાન રૂપે અને ઈન્દ્રિયોને ભોગ વેદના રૂપે એની અસર વર્તે છે.

આંખ દ્વારા કે ઈન્દ્રિયો દ્વારા દર્શન છે અને બુદ્ધિ એ જ્ઞાન છે. દર્શન અને જ્ઞાનની અભેદતાએ કરીને દેહ દ્વારા થતી વર્તના તે ચારિત્ર કે વર્તણૂંક છે. અંતે ભોગથી થતી તૃપ્તિ તપ રૂપ છે.

આ દર્શનાદિ ચારમાં વીર્ય ક્યાં આવ્યું? આઠ રૂચક પ્રદેશે રહેલી ચેતનાશક્તિ દર્શનાદિ ચારેયમાં અભેદ બની જે કાર્ય કરે છે તે આઠ રૂચક પ્રદેશની કાર્યશીલતા જ વીર્યશક્તિ છે. વીર્યશક્તિ આઠ રૂચક પ્રદેશની ચેતનાશક્તિથી અભેદ છે.

પ્રશ્ન એ પણ ઉદ્ભવે કે જ્યારે જીવને એનેસ્થેશ્યા આપવામાં આવે છે ત્યારે જ્ઞાનતંતુઓનું શું થાય છે ? એનેસ્થેશ્યા ઈન્દ્રિયો ઉપર આપવામાં આવે છે. જેમ નિદ્રામાં ઈન્દ્રિયો સુષુપ્ત થઈ જતાં નિદ્રિત અવસ્થામાં અસરવિહીનતા આવે છે, તેમ અહીં એનેસ્થેશ્યા આપવા દ્વારા વૈજ્ઞાનિક રીતે જ્ઞાનતંતુની અસર ખતમ કરવામાં આવતી હોય છે.

બુદ્ધિ સ્વયં જ્ઞાન છે. મદ્યપાન કરવામાં આવે તો બુદ્ધિ ખતમ થઈ જાય છે. આત્મપ્રદેશોનું અસ્તિત્વ હોવા છતાં આવા મદ્યપ્રયોગથી કે ઔષધીય પ્રયોગથી જ્ઞાનતંતુને અસરવિહીન કરી દેતાં આત્મપ્રદેશે સંવેદના જાગતી નથી. કારણ કે નિદ્રાની જેમ અહીં જ્ઞાનતંતુની ચેતના આવરાઈ જાય છે. આ જ તો આત્મપ્રદેશ અને સૂક્ષ્મ તેજસ કાર્મણ શરીરની જે એકરૂપતા છે, તે જ જીવનો ઔદયિકભાવ છે.

તેજસ શરીરમાં પ્રધાનતા આંખ અને બુદ્ધિ એટલે કે દર્શન અને જ્ઞાનની છે. જ્યારે કાર્મણ શરીરમાં શાતા અશાતા સ્થૂલ દેહની વેદના અર્થાત્ દેહવર્તના છે.

આંખ વડે દર્શન છે, બુદ્ધિ એ જ્ઞાન છે તો જઠરમાં ભોગતૃપ્તિ એ વેદના છે. એમાંય જઠર એ વિકાસ વેદના આધાર છે અને ભોગ એ તૃપ્તિ વેદના આધાર છે. જઠર આધાર છે અને ભોગ લક્ષ્ય છે. જ્યારે બુદ્ધિ એ અહંકાર (મદ-માન સન્માન) વેદના આધાર છે.

જીવ કઈ ગતિ કરે છે ? પહેલાં તો જીવ પેટ માટે રડે છે. ઉદરતૃપ્તિ થાય, ખાધેપીધે સુખી થાય એટલે જીવ દેહ અને ઈન્દ્રિયોની આવશ્યકતા માટે રડે છે. આવશ્યકતા પોષાય છે તો આગળ વધુ અને વધુ સુખ સગવડતા માટે રડે છે. બધી જ સુખ સગવડતા સચવાઈ રહે એવી સ્થિતિએ પહોંચી જતાં, તે સમાજમાં આગળ આવવા ગતિ પકડે છે. સમાજમાં માન, મોભો, પદ, પ્રતિષ્ઠા મળે છે એટલે 'હું પણ કાંઈક છું' એવો અહંકાર પેદા થાય છે. એનો એ અહંકાર, એ જ્યાં જાય ત્યાં પોષાય છે તો પોતાની જાતને સર્વોપરિ મહાન સમજી લે છે. પરિણામે પછી એમાંથી ઈર્ષાના ભાવ જાગે છે. અહંકાર હોય છે ત્યાં સુધી ઝઘડા, ટંટાફિસાદ થતાં નથી. પરંતુ અહંકારની સાથે સાથે જ્યાં ઈર્ષા પેદા થાય છે કે પછી ઝઘડા ચાલુ થાય છે.

સન્માનની, મદની, ગર્વની, અહંકારની ઈર્ષા આકાશ સમી અસીમ હોય છે. પછી પાપી પેટનો સવાલ નથી પણ પાપમાં ડૂબાડનારી અને પછાડનારી પ્રતિષ્ઠાના પડકારનો પ્રશ્ન છે. પ્રતિષ્ઠાનો રાગ પોતાના સિવાયનાને પછાડવાના દ્વેષરૂપે પરિણમે છે.

'માન ક્રોધ કરાવે છે અને ઈર્ષા અગ્નિમાં બાળે છે, જે કરુણાનો ભોગ લે છે.'

રાગ અને કરુણામાં તેમ ક્ષમા અને કરુણામાં સૂક્ષ્મ ભેદ છે. રાગમાં સ્વયંના સન્માન મેળવવા પૂરતી જ સીમિત વાત છે. જે કાંઈ કરવું તે બધું પોતા માટે જ કરવું અને એ માટે જરૂર પડે બીજાનું ઝૂંટવી લેવા સુધી પણ હેઠા ઊતરવું. જ્યારે કરુણામાં તો પુણ્યથી મળેલું, ભગવાન પ્રત્યેના

કૃતજ્ઞભાવથી, અહોભાવથી મળેલું એ ભગવાન થકી જ મળ્યું છે એમ સ્વીકારી એ સર્વ પ્રાપ્ત ભગવાનના ચરણે ધરી દેવાનો ભાવ હોય છે અથવા તો દીન દુ:ખી, અભાવવાળા જગતના જીવોને આપી છૂટવું. માન સન્માનના અધિકારી ભગવાનને ગણાવવા કે જે ભગવાને સમજણ, સદ્‌બુદ્ધિ આપી, સત્કાર્ય કરાવડાવી સન્માનનીય પદે પહોંચાડ્યો. અર્થાત્ સત્કાર્યનું માધ્યમ (નિમિત્ત) બનાવ્યો. પુણ્યથી મળેલ સંપત્તિ, સામગ્રી, શક્તિ આદિ કરુણાથી જગતના જીવોના હિતમાં બહુજનહિતાય પ્રયોજવાં. ઐશ્વર્ય રૂપિયાનું હોય કે શક્તિ યા સદ્‌ગુણોનું હોય, એ ઈશ્વરથી મળેલું ઐશ્વર્ય ઈશ્વરના ચરણે ધરી દેવું. આમ રાગમાં માંગ છે જ્યારે કરુણામાં ત્યાગ છે. એ જ પ્રમાણે ક્ષમાભાવમાં અહંની છાંટ છે જ્યારે કરુણાભાવમાં બ્રહ્મભાવની ઝલક છે. તીર્થંકર ભગવંતના સાક્ષાતયોગનો સમવસરણનો કાળ તો તીર્થંકર ભગવંતની ઉપસ્થિતિ દરમિયાનનો સાદિ સાન્ત કાળ છે. જ્યારે મંદિર મૂર્તિ અને દીન દુ:ખી દોષિતનો કાળ તો અનાદિ અનંત છે.

ઊંચા સ્થાને હોવાનો અહંકાર હોય છે અને પછી બીજાં નીચા સ્થાને રહેલ ઊંચા ઊઠી બરોબરીયા કે ઉપરી ન બની જાય તેની ઈર્ષ્યા અને ખટપટો હોય છે.

રાગ ક્યાં હોય છે ? દ્વેષ ક્યાં હોય છે ? જ્યાં વેદના છે કે ભોગ છે ત્યાં રાગ છે જે માયા અને લોભ છે. જ્યાં માન-સન્માન અને અહંકાર છે ત્યાં દ્વેષ છે, જે માન અને ક્રોધ છે. આમ તો રાગ અને દ્વેષ મનનાં પરિણામ છે. પરંતુ રાગ અને દ્વેષના ઉદ્‌ગમ-સ્થાનની અપેક્ષાએ કહી શકાય કે રાગ નીચે છે અને દ્વેષ ઉપર છે.

બુદ્ધિ માન અને ક્રોધ કરે છે જ્યારે વેદના માયા અને લોભ કરે છે. વેદનાની ગતિ તો ભોગ (કામ-વાસના)ની તૃપ્તિ થતાં અલ્પ સમયમાં શમી જાય છે, જ્યારે અહંકારની ગતિ શમાવી શમતી નથી.

'કોઈને અર્પણ થવું નહિ અને કોઈને કાંઈ અર્પણ કરવું નહિ' એ રાગદ્વેષ છે. મળતાં માન સન્માનને ભગવાનને અર્પણ કરવાં એ કૃતજ્ઞતા છે અને પુણ્યથી મળેલું જગતના દીન દુ:ખી દોષિતને આપી દેવું એ કરુણા છે. આવી કરુણા કોનામાં હોય ? આવી કરુણા ભાવી તીર્થંકરના જીવોમાં હોય છે જે પરાકાષ્ટાની હોય છે.

તીર્થંકર ભગવાન તો સમવસરણમાં હોય ત્યારે આપણી સમક્ષ સાક્ષાત હોય, જ્યારે આપણાથી અર્પણ કરવા જવાય અને અર્પિત થવાય. પણ ભગવાન ન હોય ત્યારે શું ? કોને અર્પણ કરવું ? અને કોને અર્પિત થવું? ભગવાન ન હોય ત્યારે ભગવાનના મંદિર, મૂર્તિ અને ભગવાનના વચનને અર્પણ થવાય.

પુણ્યથી મળેલું મંદિર મૂર્તિમાં અર્પણ કરવું એટલે ભગવાનમાં સમર્પિતતા, જે કૃતજ્ઞતાભાવ છે. જ્યારે દીન દુ:ખી દોષીત જીવોને આપવું એ જગતના જીવો પ્રત્યેનો કરુણાભાવ એટલે કે બ્રહ્મભાવ છે.

જગતના જીવોને અન્ન આપી જઠરતૃપ્તિ કરી અણાહારીપદ આપનારા ભગવાનનો ભેટો કરાવી દઈ અણાહારી બનાવવાથી તો જગતના જીવોની કરુણા એવી થાય કે આંતરડી પણ ઠરે અને અંતર પણ ઠરે. એ દ્રવ્યદયા અને ભાવદયા ઉભય છે. વેદના પણ તૃપ્ત થાય કેમકે અણાહારી પદ મળે અને બુદ્ધિ પણ બુદ્ધ સ્વરૂપ ધારણ કરી તૃપ્ત થાય.

રાગ અને ભોગની ઈચ્છા જો મોક્ષની ઈચ્છા બને અને માન-સન્માનને તીર્થંકર ભગવંતની શ્રદ્ધામાં પલોટીએ તો રાગદ્વેષની વિષમતામાંથી સ્વરૂપમાં લઈ જનારી સમતામાં ગતિ થશે.

ભોગનું સ્થાન પૂર્ણાનંદની ઈચ્છા લેશે. ભોગથી વેદનાની ક્ષણિક તૃપ્તિ છે, જ્યારે બ્રહ્માનંદ (સ્વરૂપાનંદ) એ ક્ષાયિક સ્થાયી તૃપ્તિ છે. એ શિખરે પહોંચતા અપૂર્ણ પ્રકાશ, પૂર્ણ પ્રકાશે પ્રકાશિત થશે એટલે કે અપૂર્ણ અસ્પષ્ટ દર્શન કેવળદર્શનમાં અને અપૂર્ણજ્ઞાન (અલ્પમતિ) કેવળજ્ઞાનમાં પરિણમશે.

જગતના જીવો અપૂર્ણ હોવા છતાં, પૂર્ણના ભાવથી જીવે છે કારણ કે મૂળમાં જીવની જે શક્તિ છે એ પૂર્ણનો જ એક અંશ છે. એની સાબિતી એ છે કે જીવ માત્ર જે ઈચ્છે છે તે પૂરેપુરું પૂર્ણ, અવિનાશી અને આનંદદાયી (મનપસંદ) ઈચ્છે છે જે એનું પોતાનું સ્વરૂપ છે. આમ જીવની માંગ છે એ જ જીવનું સ્વરૂપ છે.

ઈચ્છા મોક્ષની થાય એટલે દેહ, ઈન્દ્રિયોમાં જ્યાં વર્તના છે ત્યાં ભગવાનની મૂર્તિ એટલે કે જિનબિંબ આવે. પરિણામ સ્વરૂપ દેહ વર્તનાનું સ્થાન જિનપ્રતિમા લેશે. સ્વદેહનું સ્થાન ભગવાનનો દેહ એટલે કે જિનમૂર્તિ લેશે.

બુદ્ધિ શ્રદ્ધા બનશે તો શ્રદ્ધાસંપન્ન આંખનો વિષય ભગવાન બનશે એટલે આંખનો પ્રકાશ દર્શન બનશે. ભોગની ઈચ્છાનું સ્થાન મોક્ષની પ્રબળ ઈચ્છા લેતાં તે તપ બની રહેશે અને એ દર્શનાદિ ચારમાં કાર્યાન્વિત બનનારી આઠ રૂચક પ્રદેશની શક્તિ વીર્ય બની રહેશે.

ઉપર મદ (અહંકાર) છે અને નીચેમાં મધ (ભોગ) છે. જીવ ઉપર અહંકારમાં એકાકાર બને કે નીચેમાં ભોગમાં એકાકાર બને છે ત્યારે આજુબાજુનું ભાન ભૂલી જાય છે. એ પરિસ્થિતિમાં આસપાસમાં એને કોઈની પણ સાથે લેવાદેવા હોતી નથી. રાજા રાવણે, હિટલરે, બોનાપાર્ટ નેપોલિયને અહંકારથી એકાકાર થઈ અહંકારને પોષવામાં કંઈકના માથા વધેરી નાંખ્યાં. એ જ પ્રમાણે શાસ્ત્રમાં જેની વાત આવે છે કે એ સત્યકી વિદ્યાધરે પોતાની બહુરૂપી વિદ્યાના જોરે ભોગની એકાકારતામાં ભાન ભૂલી હાહાકાર વર્તાવ્યો હતો. આવાં અહંકારીઓનો અંત પણ તેઓ જ્યારે અહંકારમાં કે ભોગવેદનાની તૃપ્તિમાં ભાનભૂલાં થયાં હોય ત્યારે જ થઈ શકતો હોય છે.

જીવ જેવી રીતે મદાંધ કે મોહાંધ બની મદ યા મોહમાં એકાકાર બની ભાનભૂલો થઈ જાય છે, એ જ રીતે સાધનાક્ષેત્રે સાધક એના સાધ્ય સ્વરૂપ ભગવાનમાં એકાકાર બની જાય છે ત્યારે શ્રપકશ્રેણિ માંડી શ્રેણિના અંતે સાધ્યસ્વરૂપથી તદરૂપ બની જાય છે. આ શ્રપકશ્રેણિની એકાકારતા એટલે કે તન્મયતાને બહારની કોઈ વિદ્યા કે કોઈ પરિબળ વિક્ષેપ પહોંચાડી શકતું નથી.

આવી ક્ષપકશ્રેણિ કેમ કરીને મંડાય ? ભગવાન ઘરે પધારે, ભગવાનની મૂર્તિ ઘરમાં બિરાજમાન થાય એટલે ભોગેચ્છા ભગવદ્ પ્રીતિ બને ! હૃદય મંદિર બની હૃદયમાં ભગવાનની સ્થાપના થાય ! ફલસ્વરૂપ આંખ ભગવાનને જોશે અર્થાત્ દર્શન થશે, બુદ્ધિ (જ્ઞાન) પ્રભુના ચરણના શ્રદ્ધાસુમન બનશે, દેહનો શણગાર સ્વદેહ સહિત ભગવાનનો શણગાર બનશે, ભોગેચ્છા ભગવદ્‌પ્રીતિરૂપ બની હૃદયમાં ભગવાનના મિલનની અને ભગવાનના વિરહની વેદના જગાવશે

(ક્રમશ:)

સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

❖❖❖

# અનર્થદંડવિરમણ

□ ડૉ. ગુલાબ દેઢિયા

જૈન ધર્મ સૂક્ષ્મતાનો ધર્મ છે. જૈન ધર્મમાં પાપપ્રવૃત્તિ રોકવા માટે બધી બાજુથી ઊંડી, વિસ્તૃત અને સર્વાંગી વિચારણા કરવામાં આવી છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોનું સાધુ-સાધ્વી ભગવંતો જેટલી ચુસ્ત રીતે પાલન કરી શકે તેટલી ચુસ્ત રીતે શ્રાવક પાલન ન કરી શકે ; માટે શ્રાવકના એ પાંચ વ્રતોને 'અણુવ્રત' કહેવાયાં છે. એ પાંચ અણુવ્રતોનું સારી રીતે પાલન કરવા અને એમાં સારી રીતે સ્થિર થવા ગૃહસ્થ માટે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત છે. જે અણુવ્રતોના પાલનમાં સહાયક થાય છે.

એ ત્રણ ગુણવ્રતમાં પહેલું દિક્ પરિમાણ વ્રત છે. વેપાર, વ્યવહાર વગેરે માટે પ્રવાસ કરવાનો હોય તો જુદી જુદી દિશામાં કેટલી હદ સુધી આવાગમન કરવું તેની મર્યાદા બાંધવા માટે આ વ્રત છે. દિશાઓના અંતરની મર્યાદા આવતાં પાપ પ્રવૃત્તિને પણ એક સીમા આવે છે.

બીજું ગુણવ્રત છે ભોગોપભોગ પરિમાણ વ્રત. ધન, ધાન્ય, ઘર, જમીન, ખેતર, પશુ, નોકર, ચીજવસ્તુ વગેરે ભોગ-ઉપભોગની વસ્તુઓના ઉપયોગનું પ્રમાણ નક્કી કરવાનું આ વ્રત છે. મર્યાદિત ભોગ-ઉપભોગથી જીવરક્ષામાં ગતિ કરી શકાય છે. અહિંસાનું ધ્યાન રહે છે. પરિગ્રહમાં થોડું પરિમાણ થાય છે. વિચાર, વાણી અને વર્તનના અમર્યાદ બેફામપણાને રોકવાથી, નાથવાથી, એક મર્યાદા બાંધવાથી ખૂબ લાભ થાય છે.

ત્રીજું ગુણવ્રત અનર્થદંડ વિરમણ છે. કારણ વગર આરંભ-સમારંભ કરવો, કર્મબંધનમાં પડવું, કારણ વગર અન્યને કે પોતાના આત્માને દંડ કરવો તે અનર્થદંડ છે. હિંસાનાં સ્થૂલ કે સૂક્ષ્મ કાર્યો જે આવશ્યક નથી, જેના વગર ચાલી શકે એમ છે, તે જાણતાં કે અજાણતાં ન કરીએ તો પાપકર્મોથી બચી શકીએ છીએ. આત્માને ખોટી રીતે દંડાતો રોકવાનો છે.

ત્રણ ગુણવ્રતો નૈતિક શુદ્ધિ પ્રાપ્ત કરવામાં સહાયક છે. સાંસારિક વિષયોમાં મનની સમતુલા જાળવવાની પ્રાથમિક સંયમભાવનાની આ યોજના છે.

આપણા રોજબરોજના જીવનમાં અનર્થદંડના પ્રસંગો ડગલે ને પગલે આવે છે. પરીક્ષકે ઉત્તર પત્રિકા બરોબર ન તપાસી તેથી કોઈ વિદ્યાર્થી નાપાસ થયો. જેમાં એનો કોઈ વાંક નહોતો, છતાં દંડાયો.

રાજમાર્ગ પરથી કોઈ રાજનેતાની સવારી પસાર થવાની હોય ત્યારે રસ્તા પરના આવાગમનને લાંબા સમય સુધી રોકી દેવામાં આવે છે. આમ કરવાથી અનેક રાહદારીઓને ભીડ અને વિલંબનો દંડ ભોગવવો પડે છે. તે જ પ્રમાણે આપણને કોઈ મળવા બોલાવે અને પોતે એ સમયે ઉપસ્થિત જ ન રહે અને આપણો સમય બગડે, આવવા જવાનો ખોટો ફેરો પડે, જે માટે આપણો કોઈ વાંક ન હોય. આ બધા વ્યવહારના અનર્થદંડ છે.

શાસ્ત્રની દૃષ્ટિએ આપણે પાંચ ભેદે અનર્થદંડ દઇએ છીએ, પાપોપદેશ, હિંસાદાન, પ્રમાદચર્યા, દુઃશ્રુતિ અને અપધ્યાન.

બીજાને પાપની પ્રવૃત્તિ કરવાની સલાહ આપવી તે પાપોપદેશ છે.

'બંગલો તો બેનમૂન બંધાવ્યો છે. કમ્પાઉન્ડમાં એક સ્વીમિંગ પુલ બંધાવી દો તો મજા આવી જશે !'

'આ ઝાડ વચ્ચે આવે છે, કપાવી નાખો.' 'પાણી ઘણું આવે છે. છૂટથી નાહી લો.'

'આ જગા મોકાની છે. એક હૉટેલ શરૂ કરી દો, ઘણું કમાશો.'

આવી આવી અનેક સલાહો, વણમાગી આપ્યા જ કરીએ છીએ. મનુષ્ય સ્વભાવે 'મોટા ભા' બનવાની ટેવવાળો છે. સલાહ દેવી બધાને ગમે છે. પરંતુ એ સલાહનું પરિણામ શું આવશે તે વિચારતા નથી. મોં ખોલતાં પહેલાં વિચારવાની જરૂર છે. મારા બોલવાથી હિંસાનો ઉપદેશ તો નહિ અપાઈ જાય ને ? મારા વચનો પાપનું કારણ તો નહિ બને ને? આ વિવેક જાળવીએ તો અનર્થદંડમાંથી બચી શકીએ. સલાહ આપવાની વૃત્તિ પાછળ આપણો અહંકાર કામ કરે છે. શિખામણ દેતી વખતે અહંકાર પોષાય છે. હું ભણતલ છું, વધુ સમજુ છું. અનુભવી છું. મને સલાહ દેવાનો અધિકાર છે. સલાહ દેનારને થાય છે, કોઈ મને માનની, અહોભાવની નજરે જુએ છે. હિતની સલાહ આપવી જોઇએ પણ જ્યાં કોઈ પ્રયોજન નથી, કોઇએ પૂછ્યું નથી, સલાહ આપવાથી કંઈ મળવાનું પણ નથી, છતાં બોલવું એ દોઢ ડહાપણ છે. પોતાના જીવને કારણ વગર પાપમાં પાડવો, દંડ દેવો તે આ પ્રવૃત્તિ છે. જીભને વશમાં રાખવાનું સહેલું નથી. 'રસના જયં સર્વ જીતમ્' સ્વાદ અને બોલબોલ બન્ને પ્રવૃત્તિઓને વશમાં રાખવાની જરૂર છે. બીજાના કામમાં આપણે બિનજરૂરી માથું ન મારવું જોઇએ.

જીવ-અજીવ, હિંસા-અહિંસાની વ્યાપક સમજ ન હોવાથી, ટેવવશ બોલી દઇએ છીએ. મન સ્થિર નથી. બધી બહારની દોડ, બહારની પ્રવૃત્તિઓ માટે ફાવે તેમ બોલવા પ્રેરે છે. 'એને છોડતા નહિ, બરોબર મારજો.' 'પેસ્ટ કંટ્રોલ કરાવી લો.' આમ બોલવામાં પાપોપદેશ છે. પશુ પંખીઓને ઇજા પહોંચે, દુઃખ થાય, એવી પાપ પ્રવૃત્તિઓનો કે વ્યવસાયનો ઉપદેશ ન આપવો જોઇએ. કોઇ પણ જીવને મારવાનો, બોજ નાખવાનો, ઇજા કરવાની સલાહ ન આપવી જોઇએ.

અનર્થદંડનો બીજો ભેદ 'હિંસાદાન' છે. જેનાથી હિંસા થવાનો સંભવ હોય એવી વસ્તુઓ બીજાને વાપરવા કે ભેટ ન આપવી જોઇએ.

છરી, ચપ્પુ, બંદૂક, મિક્સર, ગ્રાઈન્ડર, ઝેર, અગ્નિ, ચાબૂક બીજાને આપવાથી વિના કારણ હિંસાના ભાગીદાર થવાય છે.

અહિંસાની સૂક્ષ્મતા માટે અહીં પરિણામલક્ષિતાનું સૂચન છે. આવનાર પરિણામનું લક્ષ્ય રાખવાનું છે. ભલે પોતે ફટાકડા ન ફોડીએ પણ બીજાને આપવા એ હિંસાદાન છે. સંસારીજનને હિંસાદાનના પ્રસંગો આવે જ છે. વ્યવહાર તરીકે તેમ કરવું પણ પડે છે. તેમ છતાં જ્યાં મોટી હિંસાનો સંભવ હોય, બચી શકાતું હોય, હિંસાદાન વગર ચાલી શકતું હોય ત્યાં વિવેક કરવાની જરૂર છે.

હિંસાના સાધનો જોડીને ન રાખવાં, હિંસાના સાધનો પાધરાં ન રાખવાં એ પણ અનર્થદંડથી બચવાના ઉપાયમાં આવે છે.

પ્રમાદચર્યા એ ત્રીજો દોષ છે. પ્રમાદ કે આળસ મોટો દોષ છે. પ્રમાદ ઘણી વાર હિંસાનું કારણ બને છે. પ્રમાદ એટલે આત્મવિસ્મરણ. પ્રમાદચર્યા એટલે કારણ વગર ચીજવસ્તુઓનો નાશ કરવો. રસ્તે ચાલતાં જતાં ઝાડનાં પાંદડાં તોડવાં એ પ્રમાદચર્યા છે. કારણ વગર પાણી

ઊડાડવું, આળસને લીધે લાઈટ પંખા ચાલુ રાખવાં, વપરાશ ન હોય તો પણ ચૂલો સળગતો રાખવો, નળમાંથી પાણી વહી જવા દેવું, આ પ્રવૃત્તિઓ પ્રમાદચર્યાની છે. નિરુદ્દેશ પ્રવૃત્તિઓ કરવામાં કારણ વગર, લાભ વગર, અનર્થ રીતે પાપ બંધાય છે. બિનજરૂરી મુસાફરી કરવી, જળક્રીડા કરવી, જુગાર રમવું, કામસૂત્રોનું વાચન કરવું, રંગરાગ ભરેલા નૃત્ય-નાટક જોવાં, ફૂલો તોડવાં, ફૂલો સજાવવાં, કૂકડાનું યુદ્ધ જોવું, ઘોડાની રેસ જોવી આવી અનેક વ્યર્થ પ્રવૃત્તિઓ પ્રમાદચર્યામાં વર્ણવી છે. આપણે કરેલી અમસ્તી પ્રવૃત્તિ, મોજમજાની પ્રવૃત્તિ, શોખની પ્રવૃત્તિ હિંસાનું કારણ ન બને તે જોવાનો અહીં હેતુ છે.

અનર્થદંડનો ચોથો ભેદ 'દુ:શ્રુતિ' છે. હિંસા, અંધશ્રદ્ધા કે વિલાસ સાથે સંકળાયેલી, ખોટી માન્યતા ઉત્પન્ન કરે કે પોતાની સાચી શ્રદ્ધામાં શંકા ઊભી કરે એવી વાતો સાંભળવી એ દુ:શ્રુતિ છે. અભ્યાસ, ધર્મગ્રંથો વગેરે સાથે સંબંધ ધરાવતા વિષયોમાં ખોટી શ્રદ્ધા, ક્રોધ, ધિક્કાર અને વાસના પેદા કરે એવી વાતો સાંભળવી કે સાચી માનવી-મનાવવી તે દુ:શ્રુતિ છે.

'અપધ્યાન' અનર્થદંડનો પાંચમો ભેદ છે. બીજાના અહિતનો વિચાર કરી હિંસાના મનોભાવ રાખવા તે અપધ્યાન છે, ખોટું ધ્યાન છે.

જેની સામે આપણને વાંધો છે, જે આપણો વિરોધી, હરીફ કે ચડિયાતો છે તે આપણને ગમતો નથી. તેને માટે આપણા મનમાં હિંસાના ભાવ આવે છે. 'એ પડે તો સારું, એનું નખોદ જજો. એ મરવો જોઇએ. એની ફજેતી થવી જોઇએ. એને સજા થાય તો સારું.' મન આવા અસંખ્ય અશુભ વિચારોથી હિંસા કર્યે જ જાય છે. મનનું આકાશ ડહોળાઈ જાય છે. સુખ અને દુ:ખ શબ્દોમાં સામાન્ય અક્ષર 'ખ' છે. ખનો અર્થ આકાશ થાય છે. સારું આકાશ તે સુખ, ડહોળાયેલું આકાશ તે દુ:ખ.

બીજા લોકો કે એમનાં સગાંવહાલાં મૃત્યુ પામે, દુ:ખ પામે, એમના પર આપત્તિ આવે એવા અનિષ્ટ વિચાર કરવા તે અનર્થદંડ છે. બીજા તરફના ધિક્કાર કે તિરસ્કારથી આવું થાય છે. ફિલ્મોમાં આવતાં હિંસાના દૃશ્યો જોઈ રોમાંચ અનુભવીએ છીએ. ખલનાયક હારે, મરે એવું ઈચ્છીએ છીએ.

આપણી બોલચાલની ભાષામાં હિંસાની પ્રબળતા છૂપી છૂપાતી નથી. 'ક્યાં મરી ગયો હતો ?' 'ચૂપ મર', 'ફાટી મર', 'જાય જન્હમમાં'. 'પડે ખાડામાં'. આ હિંસાની ભાષા છે. અપધ્યાન છે.

પરસ્ત્રી કે પરપુરુષ માટે વાસના ભરેલા વિચાર રાખવા, બીજાનું ધન પડાવી લેવાના વિચાર કરવા, બીજાના અહિતના, નિંદાના વિચારોની પરંપરા મનમાં ચાલુ રાખવી તે અપધ્યાન છે.

અશુભ ધ્યાનની પરંપરા અટકવી જોઇએ. શાસ્ત્રમાં તાંદુલ મત્સ્યનું ઉદાહરમ અપધ્યાન માટે આપવામાં આવે છે.

અનર્થદંડના પાંચ અતિચાર કહ્યા છે. 'કંદર્પ' એટલે પોતાને કે અન્યને વાસના પ્રેરે, મોહ પમાડે એવી અસભ્ય ભાષા બોલવી, તિરસ્કારભર્યું હસવું, ઘૃણા ભરેલી, તોછડી વાણીનો પ્રયોગ કરવો એ અનર્થદંડ છે. અવળીવાણી અનેક અનર્થ સર્જે છે.

'કૌટકુચ્ય' અતિચારમાં બીભત્સ વિચાર, વાણી, ક્રોધથી પ્રેરાયેલ દુષ્કૃત્યો ન કરવાં. કુચેષ્ટા ન કરવી.

મૌખર્ય એટલે વધુ પડતું બોલવું, ઉદ્ધતાઈ, મિથ્યાભિમાન, નિરર્થક વાતો એવો અર્થ છે. અતિશયોક્તિ મોટો દોષ છે. આવી પ્રલાપી વાણી દોષનું કારણ બને છે. બકવાસ ન કરવો જોઇએ.

અસમીક્ષ્ય અધિકરણ એટલે અવિચારી કાર્ય કરવું એ અનર્થદંડનું મૂળ છે. વિચાર સર્વ કાર્યોનો રાજા છે. વિચારપૂર્વક વર્તીએ તો જ પાપપ્રવૃત્તિથી બચી શકાય છે.

ઉપભોગ-પરિભોગ-અનર્થકય એટલે ભોગ ઉપભોગના પદાર્થોનો ખોટો, વધારે પડતો સંગ્રહ કરવો તે અનર્થદંડ તરફ લઈ જાય છે. જરૂરથી વધુ વસ્તુઓ બીજાને આપવાનું મન થાય છે અને એ પાપમાં ભાગીદારી કરાવે છે.

અનર્થદંડથી બચવા શ્રાવકની ભાષામાં સમયોચિતતા, શાતા, મિતભાષિતા, શાસ્ત્ર સાક્ષીયુક્તતા, સરળતા, વિવેક વગેરે ગુણોનો સમાવેશ હોવો જોઇએ.

અનર્થ દંડ ખરેખર તો હીન લેશ્યાવાળા મનના તરંગ છે. સમજ્યા વિચાર્યા વગર પાપના પ્રદેશમાં પહોંચી જવાય છે. મળતું કંઈ નથી પણ દંડ થાય છે. અસાવધાની, અજ્ઞાનતા, કષાય અને પ્રમાદ આ દંડ લાવે છે.

આપણી દૈનિક પ્રવૃત્તિઓમાં એવી થોડી વધુ બાબતો જોઇએ જે અનર્થદંડનું કારણ બને છે, જેનાથી બચી શકાય એમ છે. દા. ત. પ્લાસ્ટિકનો મર્યાદિત ઉપયોગ. પ્લાસ્ટિકની થેલીમાં એંઠું મૂકી રાખવાથી જીવોત્પત્તિ થાય છે. એ થેલી ખાનાર ગાય કે માછલી માટે પીડા કે મૃત્યુ આવે છે. કપડાં સૂકવતી વખતે સતત ઝાટકતાં રહેવાથી વાયુકાય જીવોની હિંસા થાય છે. દિવસ-રાત પારકા દોષ જોવા કે નિંદા કરવાથી બચવા જેવું છે. પારકાં રૂપલાવણ્ય જોઇને ભોગની ઈચ્છા રાખીએ, મનમાં ઝૂરણા રાખીએ એ અનર્થદંડ છે.

એકનો જય કે બીજાનો પરાજય ન ઈચ્છવો જોઇએ. ભૂમિ ખોદવાનો ઉપદેશ પાપોપદેશ છે. સ્થાવરકાય જીવોની હિંસા થતી હોય એવી ચીજોના વેપારનો ઉપદેશ ન દેવો. બધાંને અથાણાં બનાવવાની સલાહ દેતાં ફરવું હિતકારક નથી. તેલ-ઘીના વાસણ ખુલ્લાં ન રાખવાં, પ્રમાદ હિંસાનું કારણ બને છે. ગરમ પાણી જમીન પર ન ઢોળાય. કોઈને ભય ન પમાડવો, ખોટા આક્ષેપ ન કરવા, સંતાપકારી વાણી ન ઉચ્ચારવી, ફળનાં બીજ ન કચડવાં, હૉટેલોની પ્રશંસા ન કરવી. હૉટેલો મોટી હિંસાનું સ્થાન છે. કોઈને મરતું જોઈ, પીડાતું જોઈ સુખ માનીએ તે પાપનું કારણ છે. અસુધાર્ય બની ગયેલ વાત કે વસ્તુ માટે, અશક્ય ભાવિ વાત કે વસ્તુ માટે શોક કરવો એ પણ અનર્થદંડ છે. આ વાતો પ્રતિક્રમણના અતિચારોમાં આવે છે. એ વિશે ચિંતન મનન કરવાની જરૂર છે.

પ્રયોજનથી કરેલાં કાર્યોમાં હિંસાની મર્યાદા હોય છે. અપ્રયોજનથી મર્યાદા જળવાતી નથી.

અનર્થદંડવિરમણ સરળ દેખાતું ગહન ગુણવ્રત છે. તપ, ત્યાગ કે દાનની શક્તિ બધાની ન હોય પણ જેમાં આપવાનું કંઈ નથી, ગુમાવવાનું કંઈ નથી, મેળવવાનું પણ કંઈ નથી છતાં જે ખોટી રીતે પોતાના આત્માને અસાવધાનીથી દંડીએ છીએ, તેનાથી બચવાનું શક્ય છે. આપણે આ ગુણવ્રતનાં ગુણ હૃદયે ધરીશું તો શુદ્રતોમાં લાભ થશે, પાપ પ્રવૃત્તિથી બચી શકીશું.

❖❖❖

# જિન તેરે ચરણ કી...

□ ડૉ. કવિન શાહ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં રચાયેલી કૃતિઓમાં જૈન દર્શન શાસ્ત્રના સિદ્ધાંતોનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નિરૂપણ થયું છે. એમની ગુજરાતી કૃતિઓમાં કેટલાંક પદો અને સ્તવનો વિશેષ પ્રચલિત છે. કાવ્યને અંતે 'જશ કહે'થી શરૂ થતી પંક્તિ પૂજ્યશ્રીનો કવિ તરીકેનો ઉલ્લેખ દર્શાવે છે. પદ એ લઘુ કાવ્ય કૃતિ છે એટલે તેમાં વિસ્તારને સ્થાન નથી. ગાગરમાં સાગર ભરવાની કવિત્વ શક્તિનો નમૂનો એમની એક પદરચના છે. પદ નાનું છે પણ તેમાં રહેલા વિચારો કવિત્વશક્તિની સાથે ઉચ્ચ વિચાર સામગ્રીને સ્પર્શે છે. ભક્તિ સંગીતની રમઝટ જમાવવા માટેનું એક અતિ લોકપ્રસિદ્ધ પદ 'જિન તેરે ચરણકી શરણ ગ્રહુ' છે. આ પદનો વિચાર કરીએ તો પદના આરંભમાં જ ભક્તની સમર્પણની ભાવના વ્યક્ત થયેલી છે. ૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતા આત્માને મનુષ્ય જન્મમાં જ પ્રભુનું શરણ સ્વીકારવાની અણમોલ ક્ષણ મળે છે. ચાર શરણમાં પ્રથમ અરિહંતનું શરણ છે. અરિહંતનું શરણ આત્માની શુદ્ધિ માટે છે. ભક્ત અરિહંતનું શરણ સ્વીકારે છે. અહીં બાકીના શરણનો ઉલ્લેખ નથી, પણ સૂક્ષ્મ રીતે વિચારતાં સિદ્ધ, સાધુ અને ધર્મના શરણનું પણ સ્મરણ થાય છે. અરિહંતનું શરણ સ્વીકારનારનો અવશ્ય ઉદ્ધાર થાય. એક નાનકડી પંક્તિમાં ચાર શરણનો ગૂઢાર્થ રહેલો છે. અરિહંતના શરણ પછી ભક્ત પોતાના હૃદયકમળમાં પ્રભુને સ્થાન આપીને તન્મય થઈ ધ્યાન ધરે છે. પછીના શબ્દો છે 'શિર તુજ આણ વહું.' પછી ભક્ત ભગવાનની આજ્ઞા શિરોધાર્ય કરે છે. જૈન દર્શનમાં 'आणाए धम्मो' સૂત્ર ખૂબ જ મહત્ત્વનું ગણાયું છે. જિનાજ્ઞાનું પાલન એ મોટો ધર્મ છે. જિનાજ્ઞાના પાલનપૂર્વકનો ધર્મ અવશ્ય આત્માની ઉન્નતિમાં સહાયક બને છે. ભગવાનનું શરણ સ્વીકારનાર ભક્ત આજ્ઞાપાલક ન હોય તો કેવી રીતે તરી શકે ? એટલે અહીં જૈનદર્શનનો મહત્ત્વનો સિદ્ધાંત આજ્ઞાપાલનનો સૂચિત થયો છે. ગમે તેટલી આરાધના કે ધર્મનું પાલન થાય પણ જિનાજ્ઞા વગર બધું નિષ્ફળ છે. વિશ્વમાં ઘણાં દેવ-દેવીઓ છે પણ સાચા દેવ કોણ તે વિશેનો સંદર્ભ આપતાં કવિ જણાવે છે કે-

'તુજ સમ ખોળ્યો દેવ ખલકમેં, પેખ્યો નહીં કબહું.'

અન્ય દેવો રાગી-ભોગી છે વીતરાગી જેવો બીજો કોઈ દેવ આ જગતમાં શોધવા જઇએ તો જડતો નથી. બીજા દેવો મોક્ષ અપાવી શકે તેમ નથી. માત્ર વીતરાગ મોક્ષ માર્ગ અપાવવા માટે નિમિત્તરૂપ છે. એટલે વીતરાગ સિવાય અન્ય કોઈ દેવોની ઉપાસના ઈષ્ટ નથી. વીતરાગ એ જ મારા દેવાધિદેવ છે; આ વાત અતૂટ શ્રદ્ધાથી સ્વીકારવી જોઇએ અને તો જ સમકિત આવે અને સ્થિર થાય. સમકિત મુક્તિનું બીજ છે એટલે આ બીજનું રોપણ કરવા માટે 'વીતરાગ'ની સ્વીકૃતિ અનિવાર્ય છે. આ નાનકડી પંક્તિમાં સમકિતની ભાવના સ્થાન પામી છે. સમકિતધારી આત્મા તો વીતરાગને જ પૂજે અને ભક્તિ કરે.

દેવી દેવલાં અન્યને શું ભજો છો
પડ્યા પાસમાં ભૂતડાંને ભજો છો.'

ભૂતની માફક ભટકતા-રખડતા અન્ય દેવોને શા માટે ભજો છો! વીતરાગ જેવો બીજો કોઈ દેવ વંદનીય-પૂજનીય નથી. વીતરાગ જ આત્માનો ઉદ્ધારક-તારક છે એવી ભાવના અહીં સાકાર થઈ છે. સમકિત જેવા ગૂઢાર્થ યુક્ત વિષયને આ નાનકડી પંક્તિમાં ગૂંથી લેવાની કવિની દીર્ઘ દૃષ્ટિનો પરિચય કરાવે છે.

તેરે ગુણ કી જપું જપમાળા...ભક્તો પ્રભુના ગુણોનું સ્તવન-ગુણગાન-મહિમા ગાય છે તેનું સૂચન થાય છે. આ પ્રમાણે સ્તુતિ ભક્તિથી અહર્નિશ પાપ બળીને ભસ્મ થઈ જાય છે. પ્રભુ નામ અને ગુણોનું સ્મરણ એના જેવો બીજો કોઈ ઉત્તમ આત્મલક્ષી સ્વાધ્યાય નથી. અન્ય દર્શનોમાં પણ નામસ્મરણનો મહિમા રહેલો છે.

નામસ્મરણ એ પણ ભક્તિનો એક પ્રકાર છે. ભક્તિ સહજ સાધ્ય છે. ભક્તિ માર્ગની વિચારધારાને અહીં સ્થાન પ્રાપ્ત થયું છે. આજ્ઞાપાલન, વિતરાગ પ્રત્યેની શ્રદ્ધામાં ભક્તિ તો ખરી પણ તેમાં જ્ઞાન વિશેષ મહત્ત્વનું બને છે. જ્યારે નામસ્મરણમાં તો ભક્ત ભક્તિમાં રસલીન બનીને પરમાત્મા સાથે અનુસંધાન કરે છે. આ સમયે જીવ-શિવ સિવાય અન્ય બાહ્ય જગત અને તેનો વ્યવહાર અદશ્ય થઈ જાય છે. એવું અદ્‌ભુત નામસ્મરણ મુક્તિમાર્ગ પ્રતિ ઝડપથી ગતિ કરાવે છે. પાપ નાશ કરવાનો સીધો સાદો સર્વ સુલભ ઉપાય નામસ્મરણ-ગુણમહિમા ગાવાનો છે તેનો સંદર્ભ આ પંક્તિમાં રહેલો છે. ભક્તિ દ્વારા પ્રભુને સમર્પિત થયા પછી ભક્તને માટે બીજો કોઈ ધન્યતમ પ્રસંગ નથી. નરસિંહ, મીરાબાઈ, તુકારામ, તુલસીદાસ, એકનાથ જેવા નામસ્મરણથી જીવન ધન્ય બનાવીને પ્રેરણા આપનાર સંતોનું જીવતું જાગતું દૃષ્ટાંત સૌ કોઈને આલંબનરૂપ છે.

કવિ જણાવે છે કે 'મેરે મન કી તુમ સબ જાણો, ક્યા મુખ બહોત કહું' દ્વારા ભગવાનના કેવળજ્ઞાનનો સંદર્ભ મળે છે. કેવળજ્ઞાન થાય એટલે જગતના જડ અને ચેતન પદાર્થોનું જ્ઞાન થાય છે. ભક્ત કહે છે કે હું કેવો છું ? અને મારા મનમાં કેવા અધ્યવસાય ચાલી રહ્યા છે તે તમે તમારા જ્ઞાનથી જાણો છો. હું પાપી, અધમ, દુરાચારી તમારા શરણે આવ્યો છું. આ બધું તમે જાણો છો એટલે હવે મારે મારા મુખે કશું કહેવાનું રહેતું નથી. હવે તમે જ્ઞાની છો તો મારી વાત સમજીને મને તારો, ઉદ્ધાર કરો. સુખે સાંભરે સોની, દુઃખે સાંભરે રામની જેમ આવા દુઃખમાં આપની પાસે આવ્યો છું. અહીં ગર્ભિત રીતે ભક્તના અંતરમાં રહેલી તારણની ભાવના વ્યક્ત થઈ છે. અંતે કવિના શબ્દો છે :

કહે જસ વિજય કરો ત્યું સાહિબ,'
જ્યું ભવ દુઃખ ન લહે.

કવિ ભગવાનને પ્રાર્થના કરીને કહે છે કે હે ભગવંત તમે એવું કંઈક કરો કે જેથી જન્મમરણના ચક્રમાંથી મુક્ત થઈ જાઉં. અંતિમ પંક્તિનો ભાવ જાણીને ભવચક્રમાંથી મુક્ત થવાનો માર્ગ અરિહંતનું શરણ, જિનાજ્ઞા પાલન, વીતરાગની જ ઉપાસના, વીતરાગનું નામસ્મરણ, કરેલાં દુષ્કૃત્યોની કબૂલાત જેવી આત્માની સ્થિતિમાં રહીએ તો ભવભ્રમણ દૂર થાય. પદ સ્વરૂપની આ લઘુ કાવ્યકૃતિમાં જૈન દર્શનના સિદ્ધાંતો દ્વારા ભક્તિરસની અપૂર્વ જમાવટ થઈ છે.

❖❖❖

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
વર્ષ : (૫૦) + ૧૪ ● અંક : ૫ ● મે, ૨૦૦૩ ●
Licence to post without prepayment No. 271
● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પ.પૂ.સ્વ.શ્રી મિત્રાનંદસૂરિજી મહારાજ

વર્તમાન સમયના જૈન શાસનના એક મહાન આરાધક, સમતાસાધક, શાસ્ત્રજ્ઞ, અખંડ બાલબ્રહ્મચારી, સંઘસ્થવિર, ગીતાર્થ આચાર્ય ભગવંત પૂજ્યપાદ શ્રી વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ વિ. સં. ૨૦૫૯ના ચૈત્ર સુદ ૬ ને મંગળવાર તા. ૮મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ અમદાવાદમાં રાત્રે સાડા આઠ વાગે પંચોતેર વર્ષની વયે સમાધિપૂર્વક કાળધર્મ પામતાં જૈન શાસનને એક સિદ્ધાન્તરક્ષક મહાત્માની ખોટ પડી છે.

પ. પૂ. શ્રી મિત્રાનંદસૂરિજીની તબિયત છેલ્લાં ૧૩ વર્ષથી બરાબર રહેતી નહોતી. તેમ છતાં તેઓએ એકંદરે શાસનસેવાનું ઘણું મોટું કાર્ય કર્યું છે કારણ કે એમને ૬૧ વર્ષનો સુદીર્ઘ દીક્ષાપર્યાય સાંપડ્યો હતો. તેઓ વ્યાખ્યાન, વાચના, શંકાસમાધાન ઇત્યાદિમાં અત્યંત કુશળ હતા, સારા લેખક હતા અને યોગ્ય જીવને પ્રતિબોધ પમાડીને સન્માર્ગે વાળવામાં નિપુણ હતા. તેમને સિદ્ધાન્ત–મહોદધિ પ. પૂ. શ્રી પ્રેમસૂરીશ્વરજી, ગચ્છાધિપતિ પ. પૂ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી, પ. પૂ. શ્રી ભુવનસૂરીશ્વરજી અને પ. પૂ. પંન્યાસ શ્રી પદ્મવિજયજી મહારાજની નિશ્રામાં ચારિત્રઘડતરનો અનેરો લાભ મળ્યો હતો જેથી એમણે પોતાની સંયમયાત્રાને ઉજ્જવળ બનાવી હતી.

પ. પૂ. મહારાજશ્રી મિત્રાનંદસૂરીશ્વરજીનું દર્શન મને અચાનક જ થયું હતું. કેટલાંક વર્ષ પહેલાં એક સાધુ મહાત્માને એમના બે શિષ્યો ડોળીમાં લઈ જઈ રહ્યા હતા. મુંબઇમાં વાલકેશ્વરમાં ઉપર બાબુ અમીચંદના દેરાસરે દર્શન કરી તેઓ નીચે શ્રીપાલનગર બાજુ જઈ રહ્યા હતા. ડોળીમાં બેઠેલા મહાત્માના વિશ્રામ માટે અમારા ઘર પાસે ડોળી થોડીવાર ઊભી રાખવામાં આવી હતી. પૂછતાં જાણવા મળ્યું કે ડોળીમાં છે તે પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી મિત્રાનંદસૂરિજી મહારાજ છે. એમની ડોળી ઉપાડનાર તે એમના બે શિષ્યો છે, જેમાંના એક મુખ્ય તે શ્રી ભવ્યદર્શનવિજયજી મહારાજ છે. શ્રીપાલ નગરમાં એમનું ચાતુર્માસ છે. ભાડૂતી ડોળીવાળાને બદલે શિષ્યોને પોતાના ગુરુભગવંતની ડોળી ઊંચકતા જોઇને તેમની ગુરુભક્તિ માટે મને બહુમાન થયું હતું.

ત્યારે જાણવા મળ્યું કે ડોળીમાં બેઠેલા બીમાર મહાત્મા શ્રી મિત્રાનંદસૂરિજીને ડોકના મણકાની પાછળ ગાંઠ થઈ છે એટલે એમના જ્ઞાનતંતુઓ મંદ થઈ ગયા છે. મસ્તક બરાબર કામ કરે છે, પરંતુ બાકીનું શરીર અપંગ જેવું થઈ ગયું છે. તેઓ જાતે ઊઠીબેસી શકતા નથી. તેમને ઊંચકીને બેસાડવા પડે છે. પરંતુ તેમનું મગજ બરાબર ચાલે છે. મનથી તેઓ અત્યંત સ્વસ્થ છે. એમને બધું યાદ બરાબર રહે છે. હજારો ગાથાઓ તેમને કંઠસ્થ છે. શાસ્ત્રોનો એવો ઊંડો અભ્યાસ એમણે કરી લીધો છે કે કોઈ પણ ગ્રંથના વિષયો-સૂત્રો વગેરે વિશે પૂછો તો તરત બરાબર સંદર્ભ સાથે સમજાવે છે.

ત્યાર પછી હું અને મારાં પત્ની અમે બંને શ્રીપાલનગરના ઉપાશ્રયે એમને વંદન કરવા ગયાં. ત્યારે અડધા કલાકની વાતચીતમાં એમના અપાર વાત્સલ્યનો અમને અનોખો અનુભવ થયો તથા એમના અગાધ જ્ઞાનની પણ પ્રતીતિ થઈ. ત્યારે શ્રીપાલનગરમાં ચાતુર્માસ દરમિયાન તેઓ વ્યાખ્યાન ઉપરાંત 'તત્ત્વાર્થસૂત્ર' વિશે વાચના પણ આપતા હતા.

મહારાજશ્રીનો જન્મ વિ. સં. ૧૯૮૪માં પ્રથમ શ્રાવણ મહિનામાં સુદ ૧ના રોજ મહારાષ્ટ્રમાં મસૂર નામના ગામમાં થયો હતો. વ્યવસાય અર્થે એમના વડવાઓ ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં જઇને વસ્યા હતા. એવાં કુટુંબોમાં બાળકોને ગુજરાતી અને મરાઠી બંને ભાષા સરસ લખતાં-બોલતાં આવડતી હોય છે. મહારાજશ્રીનું પણ એ રીતે ગુજરાતી અને મરાઠી ઉપર સારું પ્રભુત્વ હતું. દીક્ષા લીધા પછી એમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષા પર પ્રભુત્વ મેળવી લીધું હતું.

મહારાજશ્રીનું સંસારી નામ મનુભાઈ હતું. એમનાં પિતાનું નામ છોટુભાઈ અને માતાનું નામ સોનુબહેન હતું. મહારાજશ્રીએ હાઇસ્કૂલ સુધીનો અભ્યાસ કર્યો હતો, પરંતુ મેટ્રિક થતાં પહેલાં એમનું મન ધર્મ તરફ વળ્યું હતું. એ દિવસોમાં પ. પૂ. ગચ્છાધિપતિ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ અને અન્ય મહાત્માઓ મહારાષ્ટ્રમાં વિચરતા હતા ત્યારે એમનાં વ્યાખ્યાનો સાંભળીને અને એમનાં સંપર્કમાં આવીને કિશોર મનુભાઇને દીક્ષા લેવાના કોડ જાગ્યા હતા. આથી એમને પંદર વર્ષની વયે વિ. સં. ૧૯૯૯માં મહા સુદ ૬ના રોજ અમદાવાદમાં જ્ઞાનમંદિરમાં સિદ્ધાન્ત મહોદધિ, કર્મસિદ્ધાન્તના નિષ્ણાત, ચારિત્રચૂડામણિ પ. પૂ. શ્રી પ્રેમસૂરિદાદાના હસ્તે દીક્ષા આપવામાં આવી હતી. એમનું નામ મુનિ શ્રી મિત્રાનંદજી રાખવામાં આવ્યું હતું અને એમને પ. પૂ. પંન્યાસ શ્રી પદ્મવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

મહારાજશ્રીનું કુટુંબ જ ધર્મના રંગે રંગાયું હતું. ત્યાર પછી એમનાં માતુશ્રીએ, બહેને, ફોઇએ, કાકીએ એમ ઘણાએ એમના પરિવારમાંથી દીક્ષા લીધી હતી.

દીક્ષા પછી મહારાજશ્રીએ શાસ્ત્રાભ્યાસ એવો સરસ ઊંડો કર્યો કે અનેક ગાથાઓ એમણે કંઠસ્થ કરી લીધી હતી અને કયા ગ્રંથમાં કયા વિષયનું ક્યાં નિરૂપણ કરવામાં આવ્યું છે તે તરત કહી આપતા. એટલે

જ તો એમને જીવંત લાયબ્રેરી જેવા કહેવામાં આવતા.

પ. પૂ. શ્રી પ્રેમસૂરીશ્વરજીદાદા, પ. પૂ. ગચ્છાધિપતિ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ અને પ. પૂ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની કૃપાનો, દિવ્ય આશિષનો લાભ એમને સતત મળતો રહ્યો હતો. દીક્ષા પછી તેઓ શાસ્ત્રાભ્યાસ અને તપશ્ચર્યામાં આગળ વધતા ગયા હતા. એટલે વિ. સં. ૨૦૩૧માં સાવરકુંડલામાં ગણિપદ, વિ. સં. ૨૦૩૪માં અમદાવાદમાં પંન્યાસ પદ અને વિ. સં. ૨૦૩૮માં ખંભાતમાં આચાર્યપદ તેમણે પ્રાપ્ત કર્યું હતું.

પ. પૂ. શ્રી મિત્રાનંદસૂરિજી મહારાજશ્રીના પોતાના હસ્તે પચાસ જેટલી દીક્ષા થઈ હતી. એ બતાવે છે કે એમના સંયમ જીવનનો પ્રભાવ કેટલો બધો હતો. એમના શિષ્યો, પ્રશિષ્યોનું જૂથ ચાલીસ જેટલું હતું. એમની નિશ્રામાં અંજનશલાકા, પ્રતિષ્ઠા ઇત્યાદિ પ્રકારના ઘણા મહોત્સવો યોજાયા હતા.

શરીરની એમની અપંગ અવસ્થા તેર વર્ષ સુધી, જીવનના અંત સુધી ચાલી. આવી નાજુક શારીરિક સ્થિતિ હોવા છતાં તેઓ પોતાની દૈનિક આવશ્યક ક્રિયાઓ કરવામાં તેમજ સ્વાધ્યાય કરવા અને કરાવવામાં અપ્રમત્ત રહેતા. તેઓ હંમેશાં સ્વસ્થ અને પ્રસન્ન રહેતા.

પોતાની આવી અત્યંત નબળી શારીરિક સ્થિતિને લીધે મહારાજશ્રીને આખો દિવસ સૂઈ રહેવું પડતું. તેમ છતાં શાસનનાં મહત્ત્વનાં કાર્યો હોય ત્યારે તેઓ સતત ચારપાંચ કલાક બેસી શકતા હતા. તે વખતે એમનામાં એવો ઉત્સાહ આવી જતો. તેઓ અપ્રમત્તયોગી હતા.

મહારાજશ્રીની પવિત્રતાનો એવો પ્રભાવ હતો કે કેટલાયે લોકોને એવી દૃઢ શ્રદ્ધા થઈ ગઈ હતી કે એમના આશીર્વાદથી પોતાનું ધર્મકામ, તપશ્ચર્યાદિ બહુ સારી રીતે પાર પડી જાય છે. એટલે જ મહારાજશ્રી પાસે માંગલિક સાંભળવા કે પચ્ચકખાણ સાંભળવા બહારગામથી પણ ભક્તો આવતા.

મહારાજશ્રીની સૌમ્ય, વત્સલ પ્રકૃતિ સૌને સ્પર્શી જાય તેવી હતી. ખોટી વાત ખોટી છે એવું કહેવામાં પણ એમની સૌમ્યતા દેખાઈ આવતી. ધર્મના વિષયમાં પણ આવેગપૂર્વક કે આવેશયુક્ત તેઓ ક્યારેય વચન ઉચ્ચારતા નહિ. તેમ છતાં તેઓ પોતાનો અભિપ્રાય સ્પષ્ટતાથી આપતા. 'ધર્મદૂત'માં આવતી 'પ્રશ્નોત્તરસુધા' વાંચવાથી આ વાતની પ્રતીતિ થાય છે.

મુંબઈમાં મહારાજશ્રી બિરાજમાન હતા ત્યારે શ્રીપાલનગર, ભાયખલા વગેરે સ્થળે એમનાં દર્શન વંદન માટે મારે જવાનું થતું. એ દિવસોમાં મેં 'સિદ્ધ પરમાત્મા'ના સ્વરૂપ વિશે લેખ લખ્યો હતો. તે જોઈ આપવા મેં એમને આપ્યો હતો. તેઓ આખો લેખ શબ્દશઃ વાંચી ગયા હતા અને યોગ્ય સૂચનો કર્યાં હતાં, તે પછી એ લેખ મેં 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત કર્યો હતો. એટલે જ એમના પ્રત્યેના પ્રેમભર્યા પૂજ્યભાવથી પ્રેરાઈને ઇ. સ. ૧૯૯૬માં મારું પુસ્તક 'જિનતત્ત્વ-૬' મેં એમને અર્પણ કર્યું હતું.

મુંબઈથી વિહાર કરીને તેઓ અમદાવાદ ગયા ત્યાર પછી એમની સાથે પત્રવ્યવહાર રહેતો અને મારે અમદાવાદ જવાનું થાય ત્યારે એમને વંદન કરવા જતો. 'ધર્મદૂત'ના વાંચનથી એમની સાથે સંપર્કમાં રહેવાતું.

બે મહિના પહેલાં હું અમદાવાદ ગયો હતો ત્યારે મહાલક્ષ્મી-ટોળકનગર વિસ્તારમાં તેમને વંદન કરવા ગયો હતો. તે સમયે તેઓ ઘણા બીમાર હતા. બારણું બંધ હતું અને બોર્ડ મૂક્યું હતું કે તેમની બીમારીને કારણે કોઇએ અંદર વંદન કરવા જવું નહિ. હું નિરાશ થઈ પાછો ફરતો હતો ત્યાં પૂ. શ્રી ભવ્યદર્શનવિજયજીની મારા પર નજર પડી. તેઓ તરત અંદર મહારાજશ્રીને મળી આવ્યા અને બારણું ખોલીને મને અંદર બોલાવ્યો. મહારાજશ્રી પોતે ઘણા જ અશક્ત હતા તો પણ પોતાને બેઠા કરવા માટે શ્રી ભવ્યદર્શનવિજયજીને કહ્યું. પછી અત્યંત પ્રસન્નતાપૂર્વક મહારાજશ્રીએ દસેક મિનિટ મારી સાથે વાત કરી. મેં એમને વિનંતી કરી કે 'ધર્મદૂત' સામયિકમાં એમની 'ષોડશક' વિશેની તથા 'ગુણસ્થાનક્રમારોહ' વિશેની લેખમાળા તથા પ્રશ્નોત્તરી પુસ્તક રૂપે જો પ્રકાશિત થાય તો ઘણાંને લાભ થાય. એમણે જણાવ્યું હતું કે પોતે પણ એ બાબતમાં વિચાર કર્યો છે અને એ બધું પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવાનું કાર્ય થઈ રહ્યું છે. મહારાજશ્રીનાં કેટલાંક લખાણો ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત થયાં છે. તાજેતરમાં જ 'અધ્યાત્મ બિન્દુ' નામનો સંસ્કૃત ગ્રંથ ટીકા સાથે એમણે સંપાદિત કરીને પ્રકાશિત કર્યો હતો. અગાઉ 'શતકસંદોહ'માં એમણે વિવિધ શતકકૃતિઓ ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત કરી હતી. એમના વિવિધ વિષયના ૨૫ જેટલા લેખો 'રત્નના દીવા' નામના પુસ્તક રૂપે પ્રગટ થયા છે. એમણે પૂ. પં. શ્રી પદ્મવિજય ગણિવર જૈન ગ્રંથમાળા ચાલુ કરી હતી જેમાં અત્યાર સુધી 'માંગલ્યદીપ', 'ભવભાવના', 'કથાકલ્પવેલી' વગેરે એમના ૪૦ થી વધુ ગ્રંથો પ્રકાશિત થયા છે. લેખનમાં મહારાજશ્રીની ભાષા-શૈલી અત્યંત સરળ, રોચક અને સ્પષ્ટ રહી છે. એમનાં લખાણો વારંવાર વાંચવા ગમે એવાં છે. વળી એમણે પોતે પણ કહ્યું છે કે 'કોઇ પણ ધાર્મિક પુસ્તકોના વાંચનમાં એટલું સમજી લેવું જોઇએ કે આ પુસ્તકો નવલકથા જેવાં નથી. આવાં પુસ્તકો સ્વસ્થ બની, શાંત ચિત્તે, ખૂબ ધીમી ગતિએ વાંચવાનાં હોય છે. આવું સાહિત્ય એક વાર વાંચીને મૂકી ન દેવાય, પણ વારંવાર વાંચવું જોઇએ. સમજમાં ન આવે તેવી વાતોનું કોઈ જ્ઞાની ગુરુ ભગવંત પાસે જઈ સમાધાન મેળવવું જોઇએ.'

અંતરાયકર્મ અને અશાતાવેદનીય કર્મના આવા ઉદય વખતે પણ સ્વસ્થતા, પ્રસન્નતા, સમતા, શાસનચિંતા વગેરે ગુણો મહારાજશ્રીએ સહજ રીતે જે ધારણ કર્યા હતા તે આશ્ચર્ય પમાડે એવા હતા. એમના ચહેરા પર એ બધાંનું તેજ સતત વરતાતું. સાચી સાધુતા એમના દ્વારા દીપી ઊઠતી.

પ. પૂ. શ્રી ભવ્યદર્શનવિજયજીએ પોતાના ગુરુ ભગવંતની જે નિષ્ઠાપૂર્વક, અંતરની લાગણીથી સેવાચાકરી કરી છે અને ગુરુ ભગવંતની અંતિમ ક્ષણ સુધી જે વૈયાવચ્ચ કરી છે તે અત્યંત અનુમોદનીય અને ઉદાહરણરૂપ છે. પ. પૂ. શ્રી પુણ્યપાલસૂરિજીએ યોગ્ય જ કહ્યું છે કે પરમ પૂજ્ય મહારાજ શ્રી મિત્રાનંદસૂરિજીની સેવાભક્તિમાં ખડે પગે રહેનારા, પડછાયાની જેમ સતત સાથે જ રહેનારા મુનિ શ્રી ભવ્યદર્શન વિજયગણિ તથા વૃદ્ધ વયે પણ સતત વૈયાવચ્ચમાં નિરત મુનિશ્રી દેવરત્નવિજયજીની ભક્તિ અને સમર્પિતતા ખરેખર દાદ માગી લે તેવી હતી.

પ. પૂ. મિત્રાનંદસૂરિજીનો દીક્ષાપર્યાય છ દાયકાથી અધિક છે. આટલો સુદીર્ઘ દીક્ષાપર્યાય પ્રાપ્ત થવો, સંયમની આવી સરસ આરાધના થવી અને સાથે સાથે ગહન જ્ઞાનોપાસના થવી એ પણ મોટા સદ્ભાગ્યની વાત છે. આટલા દીર્ઘ દીક્ષા પર્યાય દરમિયાન મુંબઈ ઉપરાંત ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં વિવિધ સ્થળે ચાતુર્માસ દરમિયાન અને શેષકાળમાં એમણે અનેકને પ્રતિબોધ પમાડ્યો હતો. એટલે જ એમની અંતિમ યાત્રામાં ગામેગામથી હજારો ભક્તો આવી પહોંચ્યા હતા અને ગુણાનુવાદની સભામાં પણ એમને ભવ્ય અંજલિ અપાઈ હતી.

આવા મહાન આચાર્ય ભગવંતના જીવનમાંથી આપણે પ્રેરણા મેળવીએ! એમના ભવ્યાત્માને નતમસ્તકે સાદર ભાવપૂર્ણ વંદના !

□ રમણલાલ ચી. શાહ

# વીસમી શતાબ્દીના ક્રિયોદ્ધારક સ્વ. કુશળચંદ્રજી મહારાજ

**☐ રમણલાલ ચી. શાહ**

વિક્રમની વીસમી શતાબ્દીમાં જૈન સાધુસંસ્થામાં ક્રિયોદ્ધારનું એક મોટું મોજું વ્યાપી ગયું હતું. એની પૂર્વેના બેત્રણ સૈકાઓમાં, વિવિધ કારણોને લીધે, જૈન સાધુસંસ્થામાં ધીમે ધીમે શિથિલતા પ્રવેશી ગઈ હતી. રાજ્યાશ્રય મળતાં તથા અન્ય પરિબળોને લીધે શ્રીપૂજ્ય-યતિ-ગોરજીઓનું વર્ચસ્વ જૈન સમાજ ઉપર વધી ગયું હતું.

એ યતિ-ગોરજીઓના અનુચિત પ્રભુત્વમાંથી જૈન સમાજને મુક્ત કરાવવામાં ત્યાગ-વૈરાગ્યમય, વ્રતનિયમયુક્ત, સંવેગી એવી સાધુસંસ્થાને પુનર્સ્થાપિત કરવામાં કેટલાક મહાત્માઓએ પોતાના સંયમપૂર્વકના જીવનના ઉત્તમ ઉદાહરણ વડે જે અમૂલ્ય ફાળો આપ્યો છે એમાં કચ્છના પ. પૂ. શ્રી કુશળચંદ્રજી ગણિવરનું નામ પણ મોખરે છે.

'યતિ' શબ્દનો સાદો અર્થ થાય છે 'સાધુ'. એક જમાનામાં યતિ અને સાધુ વચ્ચે કંઈ ફરક નહોતો. પરંતુ ભારતમાં મુસલમાનોના શાસનકાળ દરમિયાન, વિશેષતઃ જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિના કાળ પછી જૈન સાધુસંસ્થામાં જે શિથિલતા પ્રવેશી એને લીધે સંવેગી સાધુઓથી યતિઓનો વર્ગ જુદો પડતો ગયો એટલું જ નહિ, યતિઓ બહુમતીમાં આવી ગયા. શ્રીપૂજ્ય, યતિ, ગોરજી જેવા શબ્દો તેમની પદવી અનુસાર વપરાવા લાગ્યા. તેઓ જૈન સાધુનો વેશ ધારણ કરતા, પણ ઠાઠમાઠથી રહેતા. વાહનનો ઉપયોગ કરતા. તેઓની ગાદીઓ સ્થપાતી અને એના ઉપર એમનો હક રહેતો. તેઓ સોનું, ચાંદી, રત્નો રાખતા. તેઓ જ્યોતિષ, મંત્રતંત્ર, દોરાધાગામાં પડી ગયા હતા. કેટલાક એ દ્વારા ગુજરાન ચલાવતા. તેઓ રાજા કે અધિકારીવર્ગને પ્રસન્ન કરતા અને એમના પીઠબળથી અમુક નગરોમાં પોતાનું વર્ચસ્વ જમાવી કોઈ બીજા સાધુને ત્યાં આવવા દેતા નહિ, અથવા આવે તો પગે લગાડાવતા. અલબત્ત, કેટલાક યતિઓ સાચું સાધુજીવન જીવતા. તેઓ શાસ્ત્રાભ્યાસ કરતા અને આચારનું કડક પાલન કરતા. તેઓ વ્યાખ્યાન પણ આપતા અને લોકોને બોધ પમાડતા. જૈન સાધુપરંપરાને ટકાવી રાખવામાં, જૈન જ્ઞાનભંડારોના રક્ષણમાં, કેટલીક ગુપ્ત વિદ્યાઓ, મંત્રસાધના વગેરે સાચવી રાખવામાં યતિસંસ્થાનો ફાળો મહત્ત્વનો રહ્યો છે.

વખત જતાં યતિ-ગોરજી અને સાચા સાધુઓ વચ્ચેનો ભેદ સ્પષ્ટ રીતે વધવા લાગ્યો. ત્યાગ-વૈરાગ્યમય, શાસ્ત્રાનુસાર શુદ્ધ આચારપાલન અને માત્ર મોક્ષની અભિલાષાવાળા સાધુઓ માટે 'સંવેગી' શબ્દ પ્રચલિત થઈ ગયો હતો. યતિઓથી સંવેગી સાધુઓનો પક્ષ જુદો પડવા લાગ્યો. એને લીધે ક્યાંક સંઘર્ષો, વિગ્રહો થયા. મારામારીઓ પણ થઈ. પરંતુ કાળક્રમે યતિઓનો વર્ગ નબળો પડ્યો અને સમાજ ઉપર સંવેગી સાધુઓનો પ્રભાવ વધવા લાગ્યો. વિક્રમના ઓગણીસમા શતકના આરંભમાં પંજાબથી આવેલા શ્રી બુટેરાયજી મહારાજ, શ્રી મૂળચંદજી મહારાજ, શ્રી આત્મારામજી મહારાજ, શ્રી મોહનલાલજી મહારાજ, શ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ વગેરેએ યતિસંસ્થાનો પરાભવ કરવામાં ઘણું મોટું કાર્ય કર્યું હતું.

એ કાળે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન વગેરે સ્થળે, મોટા નગરોમાં જિનમંદિરોમાં અથવા પાસેના ઉપાશ્રયમાં યતિઓની ગાદી સ્થપાયેલી હતી, જેમાંની કેટલીક ગાદી હજુ પણ સક્રિય છે અને તેના ઉપર યતિઓ અને એના વારસદારોનો હક રહે છે. અલબત્ત યતિસંસ્થા ઝાંખી પડી ગઈ છે, પણ તદ્દન નિર્મૂળ થઈ ગઈ નથી.

એ જમાનામાં સમગ્ર કચ્છમાં યતિઓનો જ પ્રભાવ હતો. કચ્છ છેટું હતું અને રણ ઓળંગીને ત્યાં સુધી પહોંચવાનો વિહાર બહુ કઠિન હતો. એ વખતે યતિ ગુરુ પાસે સંવેગી દીક્ષા લઈ, પ્રેમ અને વાત્સલ્યથી યતિઓને જીતી લઈ સમગ્ર કચ્છમાં સંવેગી સાધુની પરંપરાને પુનર્જીવિત કરવામાં શ્રીકુશળચંદ્રજી મહારાજનું યોગદાન અત્યંત મહત્ત્વનું રહ્યું હતું. કેવા સંઘર્ષો વચ્ચે એમણે કાર્ય કર્યું હતું એનો ઇતિહાસ બહુ રસિક છે.

શ્રી કુશળચંદ્રજીનું સંસારી નામ કોરશી હતું. એમનો જન્મ વિ. સં. ૧૯૯૩ના માગસર સુદ સાતમના રોજ કચ્છમાં માંડવી તાલુકામાં કોડાય નામના ગામમાં થયો હતો. એમના પિતાનું નામ જેતસીભાઈ સાવલા અને માતાનું નામ ભમઈબાઈ હતું. તેઓ જૈન વીસા ઓસવાળ જ્ઞાતિનાં હતાં. તેમનું જીવન તદ્દન સરળ અને સાદુ હતું. તેઓ ખેતી કરતાં અને પોતાનું ગુજરાન ચલાવતાં.

એ જમાનામાં કચ્છમાં કેળવણીનું પ્રમાણ નહિ જેવું હતું. છોકરાઓ ધૂળી નિશાળમાં ભણતા અને દસેક વર્ષના થાય ત્યાં પિતાના વ્યવસાયમાં કામે લાગી જતાં. બાળક કોરશીએ પણ એ રીતે ધૂળી નિશાળમાં થોડો અભ્યાસ કર્યો હતો. બારાખડી, આંક અને પલાખાં શીખ્યા પછી પિતાજીની સાથે ખેતરે જવા લાગ્યો હતો. એ જમાનો બાળલગ્નનો હતો. બારેક વર્ષની વયે કોરશીનાં લગ્ન નાના આસંબિયાની એક કન્યા સાથે થઈ ગયાં હતાં.

કોરશી ખેતરે જતો, મિત્રો સાથે રમતો, દેરાસરે જતો, વ્યાખ્યાનમાં બેસતો. સરખેસરખી વયના છોકરાઓમાં દોસ્તી થાય અને જાતજાતનાં સ્વપ્નાં સેવાય એ સ્વાભાવિક છે. ઊગતી યુવાનીમાં દોસ્તીનો ચટકો એવો હોય છે કે ખાવાપીવા કે સૂવાના સમયની પણ દરકાર ન રહે. એ જમાનામાં કચ્છનાં નાનાં ગામડાંઓમાં મિત્રોનું મિલનસ્થાન મંદિર, ઉપાશ્રય, તળાવ, ચોતરો ઇત્યાદિ રહેતાં.

કોડાયના જૈન છોકરાઓમાં વયમાં નાનો પણ તેજસ્વી, પરાક્રમી છોકરો તે હેમરાજ હતો. તે મંદિરે જતો, ધર્મક્રિયા કરતો અને ગોરજીના વ્યાખ્યાનમાં બેસતો. ક્યારેક ગોરજીના ઉપદેશ અને આચાર વચ્ચે એને ફરક જણાતો તો વિમાસણમાં પડી જતો. એને સાચા સાધુ થવાના કોડ જાગ્યા હતા. એ માટે પોતાની મિત્રમંડળીમાં તે ખાનગીમાં વાત કરતો. એમ કરતાં કરતાં એની આસપાસ આઠદસ છોકરાઓનું જૂથ થઈ ગયું. એમાં કોરશી પણ હતો. એ વખતે કોડાયમાં એક દેરાસરનું બાંધકામ અટકી ગયેલું. એની પડથારમાં એકાંતમાં છોકરાઓ એકત્ર થતા. માંહોમાંહે વાતો કરતાં કરતાં તેઓ બધા ઘરેથી ભાગી જઈને દીક્ષા લેવાના મનોરથ સેવતા હતા. દીક્ષા લેવી હોય તો ક્યાં જવું ? કોની પાસે દીક્ષા લેવી ? ત્યાં કેવી રીતે પહોંચાય? વગેરે વિશે તેઓ વાટાઘાટો કરતા.

એ દિવસોમાં કોડાયમાં શ્રી લક્ષ્મીસાગર નામના યતિ પધાર્યા હતા. છોકરાઓ એમના વ્યાખ્યાનમાં જવા લાગ્યા. એમ કરતાં હેમરાજભાઇએ પૂછપરછ કરી તો શ્રી લક્ષ્મીસાગર પાસેથી જાણવા મળ્યું કે હાલ તેજસ્વી અને પવિત્ર યતિ તે શ્રી હર્ષચંદ્રસૂરિ છે. તેઓ પાલીતાણામાં બિરાજમાન છે.

દીક્ષા લેવી હોય તો શ્રી હર્ષચંદ્રસૂરિ પાસે જ લેવી અને એ માટે પાલીતાણા જવું જોઇએ એવો સંકલ્પ આ દસેક મિત્રોએ કરી લીધો. વળી તપાસ કરતાં જાણવા મળ્યું કે પાલીતાણા જવું હોય તો પહેલાં

માંડવીથી ઊપડતાં વહાણમાં બેસીને જામનગર જવું જોઇએ અને ત્યાંથી કોઈ બળદગાડાં મળે તો તેમાં અને નહિ તો પગપાળા રાજકોટ થઇને પાલીતાણા જવું જોઇએ. પગે ચાલીને રસ્તો કાપવાની ત્યારે નવાઈ નહોતી. અનેક લોકો રસ્તામાં મળતા. લોકો ચાલીને એક ગામથી બીજે ગામ જતા. રાત્રિ મુકામ માટે ધર્મશાળાઓ હતી. રસોઈ હાથે પકાવી લેવાની રહેતી. પગપાળા પ્રવાસમાં બે દિવસ વધારે કે ઓછાનો કોઈ સવાલ નહોતો.

કોડાય ગામથી પાંચેક કિલોમિટરના અંતરે માંડવી બંદર છે. આ કિશોરો કેટલીયે વાર રમતાં રખડતાં માંડવી સુધી જઈ આવ્યા હતા. ત્યાંથી જામનગર જવા માટે વહાણો ઊપડે છે એ પણ તેમણે જોઈ જાણી લીધું હતું. વહાણો ઘડિયાળના નિશ્ચિત ટકોરે ઊપડે એવું નહિ. પૂરતા મુસાફરો થાય અને અનુકૂળ હવામાન હોય તો જ ઊપડે, નહિ તો રાહ જોવી પડે.

એક દિવસ સંકેત કર્યા મુજબ બધા મિત્રો ઘરેથી કંઈક બહાનું કાઢી નીકળ્યા અને માંડવી પહોંચ્યા. ત્યાંથી એક વહાણ જામનગર જવા માટે ઊપડવાનું હતું. બધા તેમાં બેસી ગયા. પરંતુ પૂરતી સંખ્યામાં મુસાફરો થાય તે પહેલાં તો ઓટ ચાલુ થઈ ગઈ. વહાણવાળાએ બધાંને કહી દીધું કે આજે હવે વહાણ નહિ ઊપડે.' આથી નિરાશ થઈ એ દસેક મિત્રો પાછા કોડાય આવ્યા અને જાણે કશું જ થયું નથી એવી રીતે પોતપોતાના ઘરના વ્યવહારમાં ચૂપચાપ જોડાઈ ગયા.

થોડા દિવસ પછી ફરી એક વાર એ મિત્રોએ માંડવી પહોંચવાનું નક્કી કર્યું. તે પ્રમાણે પોતપોતાની અનુકૂળતા પ્રમાણે ઘરેથી તેઓ નીકળ્યા. વહાણ ઉપડવાની તૈયારી થઈ. ત્યાં સુધીમાં હજુ પાંચ જણ જ માંડવી પહોંચ્યા હતા. કોઇએ બીજાની રાહ જોવી નહિ એમ નક્કી કર્યું હતું. એટલે એ પાંચે-હેમરાજ, કોરશી, ભામા, વેરશી અને આસધીર એ પાંચે મિત્રો વહાણમાં બેસી ગયા અને વહાણ ઊપડ્યું. હવે ઘરનાંને ખબર પડે તો પણ એની કશી ચિન્તા નહોતી. ઘરેથી પાલીતાણા તરફ ગુપ્ત પ્રયાણ થઈ શક્યું એનો એમને આનંદ હતો.

વહાણ જામનગર પહોંચ્યું. પાંચે મિત્રો ત્યાં ઊતર્યાં. જામનગરમાં દેરાસરમાં દર્શન-પૂજા કર્યાં અને પછી પગપાળા આગળ વધ્યા રાજકોટ તરફ.

રાજકોટમાં કોઈ ધર્મશાળામાં તેઓએ મુકામ કર્યો. પાલીતાણા જતાં પહેલાં તેઓને વિચાર આવ્યો કે પાલીતાણા નાનું ગામ છે. સાધુ થવા માટે વસ્ત્રો કદાચ ન મળે તો ? રાજકોટ પછી રસ્તામાં મોટું કોઈ ગામ આવતું નથી. માટે રાજકોટમાંથી જ કાપડ લઈ લેવું જોઇએ. તેઓ એક જૈન કાપડિયાની દુકાને ગયા. કાપડ લીધું. તેઓ વેપારીને નાણાં આપવા માટે પોતે સાથે જે લાવ્યા હતા તે કચ્છની કોરી આપી. વેપારીએ કહ્યું : 'કોરી અહીં ચાલતી નથી.' એટલે મિત્રો મુંઝાયા.બીજું શું કરી શકાય ? ત્યાં હેમરાજભાઇને યાદ આવ્યું કે પોતાની કેરે ચાંદીનો કંદોરો છે. તેમણે એ કાઢીને આપ્યો. એથી વેપારીને આશ્ચર્ય થયું. વાતચીત થઈ. વેપારીએ ધાર્યું હતું કે આ છોકરાઓ કોઈ સાધુ મહારાજને વહોરાવવા કાપડ લઈ જાય છે, પરંતુ એણે જ્યારે જાણ્યું કે તેઓ તો પોતાની જ દીક્ષા માટે કાપડ લઈ જાય છે, ત્યારે એના આનંદનો પાર ન રહ્યો. એણે કાપડનાં નાણાં લેવાની ના પાડી અને કહ્યું કે શુભેચ્છા સાથે પોતાના તરફથી એ ભેટ આપવામાં આવે છે.

આ પાંચે મુમુક્ષુ મિત્રો ચાલતં ચાલતાં વિ. સં. ૧૯૦૭ના કારતક સુદમાં પાલીતાણા પહોંચ્યા અને ત્યાં મોતી કડિયાની ધર્મશાળામાં ઊતર્યા. તે વખતે પાલીતાણામાં જે સાધુ ભગવંતો બિરાજમાન હતા એમાં વિમલ ગચ્છના શ્રી કલ્યાણવિમલજી મહારાજને મળવાનું થયું. સાચા સંવેગી સાધુનાં દર્શન કરીને તેઓએ ધન્યતા અનુભવી. શ્રી હર્ષચંદ્રજી વિશે પૂછપરછ કરી. વાતચીતમાં તેઓએ દીક્ષા લેવાની પોતાની ભાવના પણ જણાવી. શ્રી કલ્યાણવિમલજી મહારાજે કહ્યું કે 'માબાપની રજા વગર અહીં તમને કોઈ દીક્ષા આપશે નહિ. એવી રીતે દીક્ષા આપવામાં પછી માબાપ તકરાર કરતાં આવે છે અને કલેશકંકાશ થાય છે. શ્રી હર્ષચંદ્રજી પણ તમને એ રીતે દીક્ષા નહિ આપે.'

આ સાંભળી યુવાનો મુંઝાયા. તેમણે જણાવ્યું કે 'અમે માબાપની જાણ વગર ઠેઠ કચ્છથી ઘરેથી ભાગીને આવ્યા છીએ. અમારે ગમે તેમ કરીને દીક્ષા લઈને સાધુ થવું છે. હવે અમે કચ્છ પાછા ક્યારે જઇએ ? અને માબાપ રજા આપે કે નહિ. માટે આપ કંઈ રસ્તો બતાવો.'

શ્રી કલ્યાણવિમલજી મહારાજે કહ્યું, 'આમ તો તમને શ્રી હર્ષચંદ્રજી કે બીજા કોઈ દીક્ષા નહિ આપે. પણ એક કામ કરો. તમે તમારી મેળે સાધુનો વેશ પહેરી લો. ઓઘો કે પાતરાં પાસે ન રાખશો. સવારે તમે શત્રુંજયની તળેટીમાં જઇને બેસો. એટલે જતાઆવતા લોકોને તમારા આશયની જાણ થશે. પછી જ્યારે શ્રી હર્ષચંદ્રજી ડુંગર પરથી નીચે ઊતરે, ત્યારે તમે તમારી બધી વાત કરજો.'

શ્રી કલ્યાણવિમલજી મહારાજે બતાવેલી યુક્તિ તેઓને ગમી ગઈ. એ પ્રમાણે તેઓ તળેટીમાં સાધુનો વેશ ધારણ કરીને બેઠા. એથી કેટલાયે લોકોએ પૂછપરછ કરી. શ્રી હર્ષચંદ્રજી યાત્રા કરીને જ્યારે ડુંગર પરથી નીચે ઊતર્યા ત્યારે આ યુવાનોએ તેમને કચ્છી ભાષામાં વિનંતી કરી કે 'મહારાજજી, અમને દીક્ષા આપો.' શ્રી હર્ષચંદ્રજી તેઓને જોઈ જ રહ્યા. પછી તેઓ તેમને ઉપાશ્રયે લઈ ગયા, બધી પૂછપરછ કરી અને પોતાની સાથે પંદરેક દિવસ નરશી નાથાની ધર્મશાળામાં રાખ્યા. જ્યારે એના ત્યાગવૈરાગ્યની દૃઢ ખાતરી થઈ ત્યારે દીક્ષા આપવાનો એમણે નિર્ણય કર્યો. એ મુજબ આ પાંચ મિત્રોને શ્રી હર્ષચન્દ્રસૂરિએ વિ. સં. ૧૯૦૭ના માગસર સુદ સાતમના દિવસે પાલીતાણામાં નરસી નાથાની ધર્મશાળામાં સંઘ સમક્ષ સંવેગી દીક્ષા આપી અને તેમનાં નામ અનુક્રમે આ પ્રમાણે રાખવામાં આવ્યાં. (૧) હેમરાજભાઈ તે મુનિ શ્રી હેમચંદ્ર, (૨) કોરશીભાઈ તે મુનિ શ્રી કુશળચંદ્ર, (૩) ભાણાભાઈ તે મુનિશ્રી ભાનુચંદ્ર, (૪) વેરશીભાઈ તે મુનિ શ્રી બાલચંદ્ર અને (૫) આસધીરભાઈ તે મુનિ શ્રી અગરચંદ્ર.

શ્રી હર્ષચંદ્રસૂરિજી નાગોરી તપાગચ્છ (પાર્શ્વચંદ્રગચ્છ)ના એકોતેરમા પટ્ટધર હતા. તેઓ શાસ્ત્રોના જ્ઞાતા હતા અને શાસ્ત્રાનુસાર ચારિત્રપાલનમાં ચુસ્ત હતા. તેઓ શ્રીપૂજ્ય હતા, પરંતુ સંવેગ પાક્ષિક હતા. તેઓ યતિઓના સમુદાયના આચાર્ય-ભટ્ટારક હતા, પરંતુ તે પદનો કશો ઠાઠમાઠ રાખતા ન હતા, તેઓ પાર્શ્વચંદ્રગચ્છના હતા, છતાં બીજા ગચ્છના આચાર્યો સાથે આદર બહુમાન સહિત સુમેળભર્યો સંબંધ ધરાવતા હતા. એ સમયના સંવેગી મહાત્માઓ શ્રી મણિવિજયજી દાદા, શ્રી મૂળચંદજી મહારાજ, શ્રી ચિદાનંદજી મહારાજ (શ્રી કર્પૂરવિજયજી) વગેરે સાથે તેમને ગાઢ સંબંધ હતો. શ્રી હર્ષચંદ્રજી કવિ હતા અને પદોની રચના કરતા.

આ બાજુ કચ્છમાં પાંચે યુવાનોના માતાપિતાએ શોધાશોધ કરી મૂકી અને જ્યારે ખબર પડી કે છોકરાઓ માંડવીથી વહાણમાં બેસી પાલીતાણા ભાગી ગયા છે અને ત્યાં જઈને તેઓએ દીક્ષા લઈ લીધી છે ત્યારે તેઓ રોષે ભરાયા. તેઓએ સાથે મળીને વિચાર્યું કે પોતે બધાએ તાબડતોબ

પાલીતાણા જવું અને છોકરાઓને પાછા લઈ આવવા જોઇએ. પણ ધારો કે છોકરાઓ આવવાની ના પાડે તો શું કરવું ? એટલે તેઓ સલાહ માટે કચ્છના મહારાવના કારભારી વલ્લભજીને મળ્યા. વલ્લભજી ભીમશીભાઇના મિત્ર હતા. વલ્લભજીએ સલાહ આપી કે છોકરાઓ જો ન માને તો તેમના પર રાજ્યનું દબાણ લાવવું જોઇએ. પણ એ બધું કામ ધારીએ એટલું સહેલું નહોતું. એટલે તેઓએ વલ્લભજીને સાથે આવવા આગ્રહ કર્યો. વલ્લભજીએ આ વાત કચ્છના મહારાવને જણાવી અને એમની રજા લઈ પાલીતાણા આવવા તૈયાર થયા. વળી જરૂર પડે એ માટે મહારાવની પાલીતાણાના દરબાર ઉપર ભલામણ ચિઠ્ઠી પણ લખાવી લીધી.

તેઓ બધા સાથે પાલીતાણા પહોંચ્યા. વલ્લભજી કારબારીના નાતે પાલીતાણાના નરેશને ત્યાં ઊતર્યા. તેમણે વડીલોને શીખવી રાખ્યું હતું કે પહેલાં તમે છોકરાઓને સમજાવી જુઓ અને પછી ન સમજે તો દરબાર જ્યારે સાંજે ઘોડાગાડીમાં ફરવા નીકળે ત્યારે તમે 'સાહેબ, અમારા છોકરા, અમારા છોકરા' એમ બૂમો પાડજો.

પાંચે વડીલોએ પોતાના દીકરાઓને નરશી નાથાની ધર્મશાળામાં સાધુવેશે જોયા ત્યારે દિઙ્મૂઢ થઈ ગયા. તેઓએ તેમની પાસે બેસીને તેમને દીક્ષા છોડવા સમજાવ્યું ત્યારે દીકરાઓ મક્કમ રહ્યા. વડીલોએ શ્રી હર્ષચંદ્રજીને ઠપકો આપ્યો કે 'અમારા દીકરાઓને રજા વગર દીક્ષા કેમ આપી ?' ત્યારે શ્રી હર્ષચંદ્રજીએ શાન્તિ અને સમતાથી જવાબ આપ્યો કે 'સાધુવેશ તો તેઓએ સ્વયં પહેરી લીધો હતો. અમે તો માત્ર અમારા કર્તવ્યરૂપે અહીં આશ્રય આપ્યો છે. તેમ છતાં તમે તેઓને લઈ જવા સ્વતંત્ર છો, પરંતુ જે કરો તે લાંબો વિચાર કરીને કરશો.'

તેઓ શ્રી હર્ષચંદ્રજીના શાન્ત, સમતાભર્યા ઉત્તરથી મૂંઝવણમાં મુકાયા. તેમણે સાધુ થયેલા સંતાનોને દીક્ષા છોડી દેવા કહ્યું, પરંતુ પાંચે સાધુઓએ દીક્ષા છોડવાની પોતાની ઈચ્છા નથી એમ સ્પષ્ટ જણાવ્યું.

આથી હવે ઉપાય રહ્યો રાજ્યમાં ફરિયાદ કરવાનો. એ માટે પહેલાં વલ્લભજીએ બતાવેલી યુક્તિ પ્રમાણે પાલીતાણાના દરબાર શ્રી સુરસંઘજી જ્યારે સાંજે ઘોડાગાડીમાં ફરવા નીકળ્યા ત્યારે રસ્તામાં ઊભા રહેલા ભીમશીભાઈ વગેરેએ ઘોડાગાડીની પાછળ દોટ માંડી અને બોલવા લાગ્યા, 'સાહેબ, અમારા છોકરા, સાહેબ, અમારા છોકરા.' તે વખતે વલ્લભજી દરબારની સાથે ઘોડાગાડીમાં હતા.

દરબારે ઘોડાગાડી ઊભી રખાવી, અને વલ્લભજીને પૂછ્યું કે 'આ લોકો શું કહે છે ?'

વલ્લભજીએ કચ્છીમાં એ પાંચે સાથે વાત કરી અને દરબારને જણાવ્યું કે એમના છોકરાઓને રજા વગર અહીં દીક્ષા આપી દેવામાં આવી છે. એ સાંભળીને દરબારે તેઓને બીજે દિવસે કચેરીમાં મળવા માટે કહ્યું.

જ્યારે દીકરાઓએ દીક્ષા છોડવાનો ઈન્કાર કરી દીધો ત્યારે પુત્રો પ્રત્યેના મમત્વને લીધે તેઓએ દરબારની કચેરીમાં જઇને લેખિત ફરિયાદ નોંધાવી દીધી. એથી દરબારે પાંચે નવદીક્ષિતોને દરબારમાં બોલાવીને દબડાવ્યા અને દીક્ષા નહિ છોડે તો તેઓને કેદમાં પૂરવામાં આવશે એવી ધમકી આપી. પરંતુ પાંચે નવદીક્ષિતે દીક્ષા છોડવાની ના પાડી દીધી. એટલે દરબારે પાંચેને કેદમાં પૂર્યા. કેદમાં ભૂખ તો લાગે જ. એટલે તેઓને રાંધીને ખાવા માટે અનાજ-લોટ વગેરે સામગ્રી આપવામાં આવી, પરંતુ સાધુઓએ તે લીધી નહિ અને કહ્યું, 'અમારો ધર્મ ગોચરી વહોરીને વાપરવાનો છે. ગોચરી માટે નહિ જવા દો તો અમે ઉપવાસ કરીશું.'

એક દિવસ તેઓએ આહાર ન લીધો એટલે દરબારને પણ લાગ્યું કે તેઓને જેલમાં વધુ દિવસ રાખવાનું જોખમ ખેડવા જેવું નથી. દરબારે તેઓને છોડી દીધા, પરંતુ વડીલોને સલાહ આપી કે 'તમે એ લોકોને હાથપગ બાંધીને ગાડામાં નાંખીને લઈ જઈ શકો છો. દરબાર તરફથી તમને છૂટ છે.'

દરબારે છોકરાઓને બળપૂર્વક લઈ જવાની રજા આપી, એટલે પાંચે વડીલોએ વિચારવિનિમય કર્યો. એમાં કુશળચંદ્રજી અને અગરચંદ્રજીના પિતાને આવી રીતે પોતાના સાધુ દીકરાઓને બાંધીને લઈ જવાનું યોગ્ય ન લાગ્યું. બાકીના ત્રણેના પિતા લઈ જવા માટે મક્કમ હતા. તેઓએ ત્રણે મુનિઓને ગાડામાં બેસાડીને હાથપગ બાંધીને પાલીતાણા છોડીને રાજકોટ તરફ રવાના થયા.

આ બાજુ જેતશીભાઇએ પોતાના દીકરા, મુનિ શ્રી કુશળચંદ્રજીને કહ્યું, 'તમે દીક્ષા લીધી છે અને તમારે તે પાળવી છે, તો ભલે તેમ કરો. અમે તેનો વાંધો નહિ લઇએ. પણ અમારી ભાવના છે કે તમે સાધુ તરીકે કચ્છમાં પધારો અને ત્યાં વિચરો તો અમને પણ લાભ મળે. તમને સાધુ તરીકે કચ્છમાં જોઇને આપણા બધા લોકોને આનંદ થશે.'

પોતાના ત્રણ સાથીઓ ગયા અને વળી પોતાના વડીલોની વિનંતી છે તો પછી કચ્છ જવું જોઇએ, એમ વિચારીને છેવટે કુશળચંદ્રજીએ તે માટે સંમતિ આપી. એટલે અગરચંદ્રજીએ પણ પોતાના સંસારી પિતાશ્રીને સાથે કચ્છ જવા માટે સંમતિ આપી.

નિર્ધાર થતાં તેઓ બંનેએ પોતાના વડીલો સાથે કચ્છ તરફ પાલિતાણાની ધર્મશાળાથી પ્રયાણ કર્યું. ગામની બહાર નીકળી શેત્રુંજી નદીના કાંઠે વિસામા માટે તેઓ બેઠા તે દરમિયાન જેતશીભાઇનું મનોમંથન ચાલ્યું. આ બે નવદીક્ષિત સાધુઓ પાદવિહાર કરીને ઘણું કષ્ટ વેઠીને કચ્છ આવશે અને ત્યાં ગોરજીઓના વર્ચસ્વવાળા સમાજમાં એમને જો સરખો આવકાર નહિ મળે અને તેઓને અભ્યાસ કરવાની યોગ્ય તક નહિ મળે તો આપણે માટે પસ્તાવાનો વખત આવશે. દીક્ષા છોડીને આવે તો ઠીક, પણ સાધુ તરીકે આવશે તો બરાબર મેળ નહિ ખાય.' છેવટે એમણે જ કુશળચંદ્રજીને કહ્યું, 'અમારી ઈચ્છા છે કે તમે દીક્ષા છોડી દો, પરંતુ અમને લાગે છે કે જો તમે દીક્ષા છોડવાના ન જ હો તો અહીં આચાર્ય મહારાજ પાસે તમે રહો અને અભ્યાસ કરો તે જ યોગ્ય છે. એ જ તમારા હિતમાં છે.'

આ સાંભળી બંને મુનિઓને અત્યંત આનંદ થયો.

નદી કિનારેથી બધા ગામમાં પાછા ફર્યા અને શ્રી હર્ષચન્દ્રસૂરિને મળ્યા. બધી વાત કરી અને પોતાનો નિર્ણય જણાવ્યો. શ્રી હર્ષચન્દ્રસૂરિએ 'જેવી તમારી મરજી' એમ કહીને સહજ રીતે એમની વાત સ્વીકારી લીધી.

થોડા દિવસ રોકાઈ બંને વડીલો કચ્છ જવા રવાના થયા. બંને મુનિઓએ શ્રી હર્ષચન્દ્રસૂરિ પાસે શાસ્ત્રાભ્યાસ ચાલુ કર્યો.

મુનિ વેશધારી પેલા ત્રણે યુવાનો સાથે ગાડાં રાજકોટ પહોંચવા આવ્યા ત્યારે રાજકોટના જૈન સંઘને આ વાતની ખબર પડી ગઈ. આમ પણ આવી વાત પ્રસરતાં વાર લાગે નહિ. રાજકોટના સંઘના આગેવાનોએ જાણ્યું કે ત્રણ નવદીક્ષિત મુનિઓને એમના વડીલો ઉઠાવીને પાછા ઘરે લઈ જાય છે ત્યારે તેઓને લાગ્યું કે સંઘે મુનિઓને રક્ષણ આપવું જોઇએ. સંઘના બધા આગેવાનો પાદરે પહોંચ્યા અને મુનિઓને છોડાવીને ઉપાશ્રયમાં લઈ આવ્યા. આથી વડીલોએ રાજકોટ દરબારને ફરિયાદ કરી અને કોર્ટમાં કેસ દાખલ કર્યો. એક મહિનો કેસ ચાલ્યો. એટલો વખત તેઓને ત્યાં ધર્મશાળામાં રોકાવું પડ્યું. છેવટે અંગ્રેજ ન્યાયાધીશે

વડીલોની તરફેણમાં ચુકાદો આપ્યો, પણ તેનો અમલ કરવાની જવાબદારી દરબારના માથે હતી. આ બાજુ સંઘે મુનિઓને સોંપવાનો ઇન્કાર કર્યો. એ દિવસો એવા હતા કે મહાજન આગળ રાજાનું પણ બહુ ચાલે નહિ. ડાહ્યો રાજા મહારાજને દૂભવે નહિ. દરમિયાન રાજકોટના દરબાર પર પાલીતાણાના દરબારનું દબાણ આવ્યું કે મુનિઓને છોડી દો. એથી દરબાર મૂંઝાયા. છેવટે દરબારે વડીલોને ખાનગીમાં કહ્યું કે 'મહાજનાને મારાથી કશું કહેવાશે નહિ, પણ તમે તમારા દીકરાઓને ઉપાડીને અમારા રાજ્યની હદ બહાર નીકળી જાઓ, પછી મારા માથે દબાણ નહિ આવે પછી તમે તમારી રીતે આગળ જઈ શકો છો.'

વડીલોને આ વાત ગમી. તેમણે ખાનગીમાં કાવતરું ગોઠવ્યું. એક બાજુ પોતે એવો દેખાવ કર્યો કે હવે ભલે મુનિઓને જેમ રહેવું હોય તેમ રહે. બીજી બાજુ સંઘને વહેમ ન પડે એ રીતે ગામને પાદરે વહેલી સવારે ગાડાં તૈયાર રખાવ્યાં. મુનિઓ સવારે એ બાજુ ઠલ્લે જવા આવ્યા કે તરત તેઓને પકડી, બાંધી ગાડામાં નાખ્યાં અને ગાડાં ઝડપથી હંકારી ગયા, તેઓ રાજકોટની સરહદની બહાર નીકળી ગયા એટલે નિશ્ચિંત થયા. છોકરાઓ પણ સમજી ગયા કે હવે પોતાનું કશું ચાલશે નહિ.

એમ કરતાં તેઓ કચ્છ આવી પહોંચ્યા. હજુ મુનિવેશ ઉતારવાની તેઓની ઈચ્છા નહોતી. એટલે વડીલો તેમને કચ્છના મહારાવ શ્રી દેશળજી પાસે લઈ ગયા. મહારાવે કેદમાં પૂરવાની વાત કરી, એટલે ભાનુચંદ્ર અને બાલચંદ્રે પોતાનો મુનિવેશ ઉતારી નાખ્યો અને ગૃહસ્થ વેશ પહેરી લીધો. પરંતુ મુનિ હેમચંદ્ર હજુ મક્કમ રહ્યા. એમને જેલમાં પૂર્યા, ખાવાનું ન આપ્યું, જેલમાં જીવજંતુ કરડ્યાં તો પણ તેઓ અડગ રહ્યા. છેવટે મહારાવે તેમને છોડી દીધા અને એમના પિતાશ્રીને કહ્યું, 'આ છોકરો કંઈક જુદી જ પ્રકૃતિનો છે, અલગારી છે. એને એની ઈચ્છા પ્રમાણે જેમ કરવું હોય તેમ કરવા દેજો.'

બધા કોડાય પહોંચ્યા. ત્યાં થોડા દિવસ રહ્યા પછી હેમરાજભાઈ છૂપી રીતે ઘર છોડીને ભાગ્યા. માંડવીથી જામનગર વહાણમાં પહોંચ્યા. કોઈ ઓળખી ન જાય એ માટે એમણે વેશપલટો કરી લીધો હતો. એમ કરતાં તેઓ પાલીતાણા પહોંચ્યા. શ્રી હર્ષચંદ્રસૂરિજી પાસે ફરીથી દીક્ષાનો પ્રસ્તાવ મૂક્યો, પરંતુ શ્રી હર્ષચંદ્રસૂરિએ માબાપની સંમતિ વગર તેમને ફરીથી દીક્ષા આપવાની સ્પષ્ટ ના કહી. શ્રાવક વડીલો સાથે વિવાદમાં પડવા તેઓ ઇચ્છતા નહોતા. આથી હેમરાજભાઈ એકદમ નિરાશ થઈ ગયા. પરંતુ શ્રી હર્ષચંદ્રસૂરિએ તેમને શાસ્ત્રાભ્યાસની સગવડ કરી આપી. તેમને બંગાળમાં મુર્શિદાબાદમાં જગતશેઠને ઘરે રહેવા મોકલી આપ્યા. ત્યાં રહીને તેમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનો તથા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તેઓ ક્યાં ગયા તેની વડીલોને ખબર ન પડી. કદાચ ફરીથી દીક્ષિત થયા હોત તો ફરીથી વડીલો એમને ઉઠાવી જાત. કેટલાંક વર્ષ પછી તેઓ કચ્છમાં પાછા ફર્યા. હવે દીક્ષા લેવાના એમને માટે સંજોગો નહોતા, પણ એમણે કચ્છમાં સંસ્થાઓ સ્થાપીને જ્ઞાનપ્રચારને માટે અને પાર્શ્વચન્દ્ર ગચ્છમાં સુધારા માટે મહત્ત્વનું કાર્ય કર્યું.

શ્રી હર્ષચંદ્રસૂરિજીના બંગાળના ભક્તોને જ્યારે ખબર પડી કે એમની પાસે શ્રી કુશળચંદ્રજી અને શ્રી અગરચંદ્રજી નામના બે વૈરાગી મુનિ શિષ્યો છે, ત્યારે જૈન સંઘમાં જાગૃતિ લાવવા માટે શું શું કરી શકાય તેની વિચારણા માટે તેઓ પાલીતાણા આવ્યા. શ્રી હર્ષચંદ્રસૂરિજી સાથે વિચાર વિનિમય કર્યો. શ્રી હર્ષચન્દ્રજી પોતે શ્રીપૂજ્ય એટલે કે યતિઓના આચાર્ય હતા, પરંતુ તેઓને બધાંની સાથે સુમેળ હતો અને તેઓ સંઘને ફરીથી સંવેગી પરંપરા પર ચઢાવવા માટે ઉત્સુક હતા. એ માટે તેમણે શ્રી કુશળચંદ્રજીને પાલીતાણામાં સતત સાત વર્ષ પાસે રાખીને ઊંડો શાસ્ત્રાભ્યાસ કરાવ્યો અને સાધુ જીવનની શુદ્ધ સામાચારીથી પરિચિત કર્યા. શ્રી કુશળચંદ્રજીએ સિદ્ધગિરિની નવ્વાણુંની યાત્રા પણ કરી.

શ્રી હર્ષચંદ્રસૂરિજીનો શિષ્યસમુદાય મોટો હતો. તેઓ બધા યતિ હતા. પરંતુ એમનાં કેટલાક શિષ્ય પોતાના ગુરુ મહારાજની જેમ ત્યાગમય જીવન જીવતા. વિ. સં. ૧૯૧૩માં માંડલનો સંઘ પાલીતાણા આવ્યો હતો અને પાછા ફરતાં સંઘે ઉજમણા માટે શ્રી હર્ષચંદ્રસૂરિજીને માંડલ પધારવા બહુ આગ્રહ કર્યો. શ્રી હર્ષચંદ્રસૂરિજી વિહાર કરીને ત્યાં પધાર્યા અને ઉત્સવ થઈ ગયો. પરંતુ તેવામાં એમને જીવલેણ તાવ આવ્યો. એટલે એમણે સંઘને કહ્યું કે પોતાને ડોળીમાં પાસે આવેલા શંખેશ્વર તીર્થમાં લઈ જવામાં આવે. એ પ્રમાણે કરવામાં આવ્યું. ત્યાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન કરી શ્રી હર્ષચંદ્રસૂરિજી ત્યાં જ કાળધર્મ પામ્યા. એથી શિષ્યોને વિયોગનું દુઃખ થયું. એ વખતે શ્રી કુશળચંદ્રજી તથા શ્રી અગરચંદ્રજી પાલિતાણામાં હતા.

પોતાના ગુરુભગવંત શ્રી હર્ષચન્દ્રજીના કાળધર્મની આઘાતજનક ઘટનાએ શ્રી કુશળચંદ્રજીને થોડો વખત અસ્વસ્થ બનાવ્યા, કારણ કે સાત વર્ષના સહવાસમાં એમને ગુરુ કૃપાનો જે અનુભવ થયો હતો અને એમની પાસે જે શાસ્ત્રાભ્યાસ કર્યો હતો એથી પોતાની દૃષ્ટિ ખૂલી હતી ને સંયમમાં સ્થિરતા અને ચુસ્તતા આવી હતી. વ્યાખ્યાન આપવાની પોતાને સજ્જતા પણ પ્રાપ્ત થઈ હતી. એ વર્ષે એમણે ચાતુર્માસ પાલિતાણામાં જ કર્યું અને ત્યાર પછી જામનગરના સંઘના આગેવાનોની આગ્રહભરી વિનંતીથી તેઓ જામનગર પધાર્યા. જામનગરના શ્રાવકો ઉપર શ્રી કુશળચંદ્રજીનો એટલો બધો સારો પ્રભાનવ પડ્યો કે એમણે ઉપરાઉપરી ત્રણ ચાતુર્માસ જામનગરમાં કર્યા. શેષકાળમાં તેઓ આજુબાજુ વિહાર કરી આવતા અને ચાતુર્માસ માટે જામનગર પધારતા. ત્યાર પછી વચ્ચે એક ચાતુર્માસ મોરબીમાં કરીને પાછાં બે ચાતુર્માસ એમણે જામનગરમાં કર્યા અને ત્યાર પછી એક ચાતુર્માસ અમદાવાદમાં કરીને પાછાં સળંગ ત્રણ ચાતુર્માસ જામનગરમાં કર્યાં. એમણે છેલ્લે જામનગરમાં ચાતુર્માસ વિ. સં. ૧૯૪૭માં કર્યું. આમ એકંદરે સત્તર જેટલાં ચાતુર્માસ એમણે જામનગરમાં કર્યાં. એ ઉપરથી જામનગરના સંઘ ઉપર એમનો કેટલો બધો પ્રભાવ પડ્યો હશે તે જોઈ શકાય છે.

મહારાજશ્રી ચાતુર્માસની વિનંતી સ્વીકારતી વખતે સંઘને સામાજિક કુરિવાજોનો ત્યાગ કરવા માટે ખાસ ભલામણ કરતા. એ દૃષ્ટિએ શ્રી કુશળચંદ્રજી મહારાજશ્રીએ સમાજસુધારાનું પણ મોટું કામ કર્યું હતું.

કચ્છથી જામનગરમાં વેપારાર્થે આવીને વસેલા કચ્છીઓ ઘણા હતા. માંડવી બંદરેથી જામનગર સીધા પહોંચી શકાતું. એ રીતે જામનગરને કચ્છ સાથે સીધો સંપર્ક હતો. આથી જ જામનગરના જૈનોને મહારાજશ્રી પ્રત્યે આદર બહુમાન હતાં. એટલે જ મહારાજશ્રીની પ્રેરક વાણીથી ઘણા ભાવિકો બોધ પામ્યા હતા. વળી કેટલાક કચ્છથી ખાસ ચાતુર્માસની આરાધના કરવા માટે જામનગર પધારતા. કચ્છ-સુથરીના એક યુવાન મોણસીભાઈ તો મહારાજશ્રી પાસે શાસ્ત્રાભ્યાસ કરવા માટે આવીને રહ્યા હતા. વખત જતાં એમને પણ સંયમનો રંગ લાગ્યો. દીક્ષા લેવાના ભાવ થયા. વિ. સં. ૧૯૨૩નું ચાતુર્માસ પૂર્ણ થયું અને મહારાજશ્રી અમદાવાદ તરફ વિહાર કરવાના હતા તે પૂર્વે એમણે મહારાજશ્રી પાસે

દીક્ષા લીધી. મહારાજશ્રીના એ પ્રથમ શિષ્ય બન્યા. એમનું નામ રાખવામાં આવ્યું મુનિ શ્રી મોતીચંદ્રજી.

શ્રી કુશળચંદ્રજીને દીક્ષા લીધાંને ૧૯ વર્ષ થઈ ગયાં, પરંતુ હજુ તેમણે સૌરાષ્ટ્ર છોડી કચ્છ તરફ વિહાર નહોતો કર્યો. આટલાં વર્ષોમાં એક સંવેગી સાધુ મહારાજ તરીકે કચ્છમાં ચારે બાજુ એમની સુવાસ પ્રસરી ગઈ હતી. કચ્છનો વિહાર એ દિવસોમાં ઘણો કઠિન હતો, પરંતુ તેઓ કચ્છ પધારે એ માટે કચ્છના સંઘો વારંવાર વિનંતી કરતા. છેવટે માંડવીના સંઘનું નિમંત્રણ તેમણે સ્વીકાર્યું. રણ ઓળંગી વાગડ પ્રદેશમાંથી વિહાર કરીને, અંજાર, ભુજ વગેરે સ્થળે વિચરતા વિચરતા તેઓ માંડવી પધાર્યા. ઘણાં વર્ષે સંવેગી મહાત્માનાં વ્યાખ્યાનો સાંભળીને માંડવીના જૈનોએ ઘણો હર્ષ અને સંતોષ અનુભવ્યો. આ વર્ષ દરમિયાન મહારાજશ્રીની વાણી સાંભળીને બે ભાઈ અને એક બહેનને મહારાજશ્રી પાસે દીક્ષા લેવાના કોડ જાગ્યા હતા. એક ભાઈને માંડવીમાં દીક્ષા અપાઈ અને એમનું નામ રાખવામાં આવ્યું મુનિશ્રી ખુશાલચંદજી અને ત્યાર પછી વિહાર કર્યા બાદ એક ભાઇને તથા એક બહેનને જામનગરના ચાતુર્માસ પછી ત્યાં દીક્ષા આપવામાં આવી. દીક્ષાર્થી ભાઈનું નામ રાખવામાં આવ્યું શ્રી કપૂરચંદજી મહારાજ અને સાધ્વીજીનું નામ રાખવામાં આવ્યું શ્રી રતનશ્રીજી. આ દીક્ષાનો પ્રસંગ ભારે ધામધૂમથી ઉજવાયો હતો અને ખુદ જામસાહેબ એ પ્રસંગે પધાર્યા હતા.

શ્રી કુશળચંદ્રજી જામનગરમાં હતા ત્યારે એમણે કચ્છ-ગોધરાના શ્રી કેલણભાઇને દીક્ષા આપી અને એમનું નામ રાખવામાં આવ્યું શ્રી કલ્યાણચંદ્રજી. શ્રી કલ્યાણચંદ્રના સંસારી પુત્ર જેસિંગને શ્રી કુશળચંદ્રજીની ઉદાર ભલામણથી અંચલગચ્છના શ્રી વિવેકસાગરજીએ દીક્ષા આપી હતી. શ્રી કુશળચંદ્રજીએ જે ઉદારતા બતાવી એને લીધે કેલણભાઇની દીક્ષા પ્રસંગે શ્રી વિવેકસાગરજી જામનગરમાં ઉપસ્થિત રહ્યા હતા. આમ પાર્શ્વચન્દ્રગચ્છ અને અચલગચ્છ વચ્ચે સરસ સુમેળ સધાયો હતો. આ દીક્ષા પ્રસંગ પણ ભવ્ય રીતે યોજાયો હતો. કચ્છથી ઘણા માણસો આવ્યા હતા અને ખુદ જામસાહેબ પણ એ પ્રસંગે પધાર્યા હતા.

મહારાજશ્રીએ બીજી વારના કચ્છના વિહાર દરમિયાન જે એક ઐતિહાસિક મહત્ત્વનું કાર્ય કર્યું તે ભદ્રેશ્વર તીર્થના જીર્ણોદ્ધારનું હતું. કચ્છનું આ મોટામાં મોટું અને પ્રાચીનતમ તીર્થ ગણાય. વિ. સં. ૧૯૩૯ના ફાગણ સુદ ૫ના દિવસે મૂળ નાયક શ્રી મહાવીર સ્વામીનાં પ્રતિમાજી તથા અન્ય પ્રતિમાઓજીની પુન:પ્રતિષ્ઠા થઈ. એ શુભ અવસરે તપગચ્છ, અચલગચ્છ અને પાર્શ્વચંદ્રગચ્છના સાધુ-સાધ્વીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. અચલગચ્છના શ્રી સુમતિસાગરજીએ આ પ્રસંગનું એક ચોઢાળિયુ લખ્યું છે તેમાં શ્રી કુશળચંદ્રજીની સંયમયાત્રાની ભારે અનુમોદના કરી છે. તેઓ લાખે છે:

સંવેગ રંગે ઝીલતાં, કુશળચંદ્રજી આદે સાર;<br>
જૈન ધર્મ દીપાવતાં, તિહાં મલિયા ઠાણાં ચાર,

શ્રી અગરચંદ્રજી મહારાજ દીક્ષા પછી પચીસેક વર્ષ શ્રી કુશળચંદ્રજીની સાથે વિચાર્યા હતા. બંનેના વિચારો સમાન હતા અને પરસ્પર સહકાર ઘણો હતો. વસ્તુત: શ્રી કુશળચંદ્રજીએ સૌરાષ્ટ્ર અને વિશેષત: કચ્છમાં સંવેગી ધર્મ પ્રવર્તાવવાનું જે ભગીરથ કાર્ય કર્યું તેમાં શ્રી અગરચંદ્રજીનો મોટો સાથ હતો. ઉત્તરાવસ્થામાં શ્રી કુશળચંદ્રજીની અનુમતિથી શ્રી અગરચંદ્રજીએ પોતાનો સ્વતંત્ર વિહાર ચાલુ કર્યો હોય એમ અનુમાન થાય છે. પરંતુ એમણે ક્યાં ક્યાં વિહાર કર્યો, સાથે કોણ ચેલા હતા અને ક્યાં તેઓ કાળધર્મ પામ્યા એની હાલ ખાસ કંઈ વિગત મળતી નથી.

ત્યાર પછી દોઢ દાયકામાં એટલે કે વિ. સં. ૧૯૩૦ થી ૧૯૪૭ સુધીમાં મહારાજશ્રીએ મોરબી, મુન્દ્રા, જામનગર, માંડલ, માંડવી (કચ્છ), કોડાય, ભુજ વગેરે સ્થળે ચાતુર્માસ કરીને ધર્મની ઘણી પ્રભાવના કરી. એમણે ગિરનાર, શત્રુંજય, શંખેશ્વર ઇત્યાદિ તીર્થોની યાત્રા કરી, માંડલથી શંખેશ્વરની યાત્રા માટે એમની નિશ્રામાં સંઘ નીકળ્યો, અમદાવાદમાં તેઓ તપગચ્છના મહાત્માઓ શ્રી મૂળચંદજી મહારાજ અને શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ સાથે ઉજમફોઇના ઉપાશ્રયે સ્થિરતા કરી. વળી આ સમય દરમિયાન એમણે દેવચંદ્રજી, ભાઈચંદ્રજી, કલ્યાણચંદ્રજી, મોતીચંદજી, ખીમચંદજી વગેરેને દીક્ષા આપી. એમાં બે ભાઇઓ તો કચ્છના સ્થાનકવાસી નાની પક્ષના હતા. તેઓએ મૂર્તિપૂજક પાર્શ્વચન્દ્ર ગચ્છમાં મહારાજશ્રીના હસ્તે દીક્ષા લીધી.

શ્રી કુશળચંદ્રજી જયારે કાઠિયાવાડમાં વિચરતા હતા એ કાળે પંજાબથી આવેલા સ્થાનકવાસી સાધુઓ શ્રી બુટેરાયજી મહારાજ, શ્રી મુક્તિચંદ્રજી ગણિ (શ્રી મૂળચંદજી મહારાજ), શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ, શ્રી આત્મારામજી મહારાજ કે જેઓએ હવે સંવેગી દીક્ષા ધારણ કરી હતી તેઓને મળવાનું અને એમની સાથે રહેવાનું બન્યું હતું. શ્રી કુશળચંદ્રજી મહારાજ જ્યારે લીંબડીમાં હતા ત્યારે શાસ્ત્રજ્ઞ શ્રી આત્મારામજી મહારાજ સાથે એક મહિનો રહ્યા હતા અને ઘણી ધર્મચર્ચા થઈ હતી. આથી શ્રી આત્મારામજી મહારાજનો પ્રભાવ શ્રી કુશળચંદ્રજી પર સારો પડ્યો હતો અને પોતાની સંવેગી દીક્ષામાં બળ મળ્યું હતું.

શ્રી કુશળચંદ્રજીએ એ જમાનામાં એક મહત્ત્વનું કાર્ય કર્યું તે 'ક્રિયોદ્ધાર'નું હતું. સાધુઓમાં જયારે આચારની શિથિલતા આવે છે, નિયમોમાં છૂટછાટ લેવામાં આવે છે, ત્યારે કોઈ પ્રભાવશાળી મહાત્મા 'ક્રિયોદ્ધાર'ની વિધિ કરાવે છે. એમાં સ્વેચ્છાએ જેઓને જોડાવું હોય તે જોડાય છે. પરંતુ ક્રિયોદ્ધારમાં દાખલ થનાર યતિ કે મુનિ પછી નવા નિયમો અનુસાર સાધુજીવન જીવવાના પચ્ચખાણ લે છે.

એ જમાનામાં કચ્છમાં પાર્શ્વચન્દ્ર ગચ્છમાં અને અન્ય ગચ્છમાં પણ યતિઓ-ગોરજીઓનું વર્ચસ્વ હતું. યતિઓ જૈન સાધુ હોવા છતાં મકાન ધરાવતા, સોનું-ચાંદી પાસે રાખતા, પાલખીમાં બેસતા, વાહનમાં જતા આવતા અને ઠાઠમાઠથી રહેતા. શ્રી કુશળચંદ્રજીના ગુરુ શ્રી હર્ષચંદ્રજીએ સંવેગી સાધુનું જીવન ચાલુ કર્યું હતું, પરંતુ એમના કેટલાક ચેલાઓ હજુ યતિજીવન જીવતા હતા. એમાંના એક તે શ્રી મુક્તિચંદ્રજી હતા. એમણે એક ૧૭-૧૮ વર્ષના કિશોર શ્રી ભાઈચંદજીને દીક્ષા આપીને એમનું નામ શ્રી ભાઈચંદજી અથવા શ્રી ભાતૃચંદ્રજી રાખ્યું હતું. પરંતુ બન્યું એવું કે દીક્ષા આપ્યા પછી થોડા દિવસમાં જ શ્રી મુક્તિચંદ્રજી કાળધર્મ પામ્યા. આથી શ્રી ભાતૃચંદ્રજી એકલા થઈ ગયા. એટલે તેઓ શ્રી કુશળચંદ્રજી પાસે આવ્યા કારણ કે એમના સાધુજીવનથી તેઓ પ્રભાવિત થયા હતા. શ્રી કુશળચંદ્રજીએ એમને માંડલમાં નવેસરથી સંવેગી દીક્ષા આપી. આ પ્રસંગે એમણે ક્રિયોદ્ધાર કર્યો. શ્રી કુશળચંદ્રજી તથા શ્રી ભાતૃચંદ્રજીએ પછી સાથે રહી પાર્શ્વચન્દ્રજીમાં સંવેગી પરંપરા ચાલુ કરી, જે અનુક્રમે દૃઢ થતી ગઈ અને યતિ-ગોરજીની લઘુમતી થઈ ગઈ અને એમ કરતાં છેવટે એ પરંપરાનો અંત આવ્યો. આ રીતે કચ્છમાં શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છમાં સાચી સાધુતા પ્રવર્તાવવામાં શ્રી કુશળચંદ્રજી અને શ્રી ભાતૃચંદ્રજીનું યોગદાન મોટું રહ્યું હતું.

શ્રી કુશળચંદ્રજી મહારાજના સંવેગી ચારિત્રનો પ્રભાવ કચ્છના અન્ય ગચ્છના યતિઓ ઉપર પણ ઘણો મોટો પડ્યો હતો. એમાં અંચલગચ્છના યતિ શ્રી ગૌતમસાગરજીએ પણ ક્રિયોદ્ધાર કરવાની ભાવના દર્શાવી. એ માટે કુશળચંદ્રજીએ વ્યવસ્થા કરી આપી અને તે સમયે મારવાડમાં વિચરતા શ્રી ભાતૃચંદ્રજી મહારાજ પાસે એમને મોકલ્યા. શ્રી ગૌતમસાગરજીએ ત્યાં ક્રિયોદ્ધાર કર્યો. શ્રી ગૌતમસાગરજી શ્રી કુશળચંદ્રજીને પોતાના વડીલ માનતા અને એમની પાસેથી માર્ગદર્શન મેળવતા. પાર્શ્વચંદ્ર ગચ્છ અને અંચલગચ્છની સામાચારીમાં થોડો ફરક હતો, એટલે શ્રી કુશળચંદ્રજીએ એમને પોતાની ઇચ્છા પ્રમાણે સ્વતંત્ર વિહાર કરવાની અને પોતાની સામાચારીનું પાલન કરવાની અનુમતિ આપી હતી. એમાં શ્રી કુશળચંદ્રના હૃદયની ઉદારતા રહેલી હતી.

મહારાજશ્રીએ જામનગરથી કચ્છ તરફ વિહાર કર્યો. કચ્છનું રણ ઓળંગી તેઓ અંજાર પહોંચ્યા. અંજારના સંઘે દોઢ ગાઉ સુધી સામા જઇને મહારાજશ્રીનું સામૈયું કર્યું. મહારાજશ્રીનું વિ. સં. ૧૯૪૮નું ચાતુર્માસ કોડાયમાં કરવાનું નક્કી થયું હતું. પરંતુ તે પહેલાં તેમણે કચ્છના વિવિધ સ્થળે વિચરણ કરીને જૈન અને જૈનેતર લોકોને 'ધર્મબોધ' આપ્યો હતો. જૈનેતર વર્ગ સમક્ષ તેઓ વ્યસન ત્યાગ, કુરિવાજો દૂર કરવા, સદાચારી જીવન જીવવું ઇત્યાદિ ઉપર ભાર મૂકતા હતા. મહારાજશ્રીની એવી ઉદાર દૃષ્ટિ હતી કે યતિ-ગોરજીઓ પણ એમનો વિરોધ કરતા નહિ. સ્થાનકવાસી સાધુઓ પણ એમના પ્રત્યે પૂજ્યભાવ રાખતા અને એમની પાસે કર્મગ્રંથ અને પ્રકરણ ગ્રંથો ભણવા આવતા. અંચલગચ્છીય યતિઓ પણ તેમના માનમાં દેરાસરમાં મોટી પૂજા ભણાવતા. મહારાજશ્રી આયંબિલની ઓળી અને બીજી તપશ્ચર્યાઓ બહુ સરસ ઉલ્લાસપૂર્વક કરાવતા. જ્ઞાનપંચમીની આરાધના માટે તેઓ આગ્રહ રાખતા અને તે દિવસે જ્ઞાનની મોટી પૂજા ભણાવતા. ચાતુર્માસમાં વ્યાખ્યાનમાં વાંચન માટે તેઓ આગમગ્રંથો અને ચરિત્રો લેતા અને શ્રોતાસમુદાયને સરસ ઉદ્‌બોધન કરતા.

શ્રી કુશળચંદ્રજી વીસમી સદીના પાર્શ્વચન્દ્ર ગચ્છના ક્રિયોદ્ધારક બની રહ્યા. એમણે સૌરાષ્ટ્ર અને કચ્છમાં એક સંવેગી મહાત્મા તરીકે ઘણું મોટું કાર્ય કર્યું. કચ્છમાં આ દિશામાં મુખ્યત્વે તેઓ જ કાર્ય કરનાર હતા. એટલે જ તેઓને લોકો 'કચ્છના કુલગુરુ' તરીકે ઓળખતા. તેમને 'વાચનાચાર્ય', 'મંડલાચાર્ય', 'ગણિવર' તરીકેની પદવીથી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

શ્રી કુશળચંદ્રજી મહારાજે ઊંડો શાસ્ત્રાભ્યાસ કર્યો હતો એટલે તેઓ બીજાઓની શંકાનું સમાધાન કરી શકતા. કચ્છમાં સ્થાનકવાસી સંપ્રદાયના કેટલાક સાધુઓએ, મૂર્તિપૂજા વિશે પોતાની શંકાનું યથાર્થ અને સંતોષકારક સમાધાન મેળવીને એમની પાસે મૂર્તિપૂજક સંપ્રદાયમાં નવેસરથી સંવેગી દીક્ષા લીધી હતી. મુનિ શ્રી મોતિચંદ્રજી અને મુનિશ્રી ખીમચંદજી એમાં મુખ્ય હતા. કોઈ પણ વિસંવાદ કે કલેશ વિના શ્રી કુશળચંદ્રજીએ એમને મૂર્તિપૂજક સંપ્રદાયમાં આકર્ષ્યા હતા, એમાં હૃદયની સરળતા, ઉદારતા અને સર્વ સાથે મૈત્રીભર્યા વ્યવહારે આ કાર્ય કર્યું હતું.

વિ. સં. ૧૯૪૮માં કચ્છની ધરતી પર પધાર્યા પછી શ્રી કુશળચંદ્રજી કચ્છની બહાર ગયા નથી. એમણે સમગ્ર કચ્છમાં વિહાર કરી, કોડાય, બિદડા, નવા વાસ, મોટી ખાખર, નાના આસંબિયા વગેરે સ્થળે ચાતુર્માસ કરી અનેક લોકોને ધર્મબોધ પમાડ્યો હતો. પોતાના વતન કોડાયમાં એમણે બધું મળીને અગિયાર ચાતુર્માસ કર્યા હતા. તદુપરાંત માંડવી, બિદડા વગેરે સ્થળે પણ એમણે એકથી વધુ ચાતુર્માસ કર્યાં હતાં. કચ્છમાં એમણે છ ભાઇઓને દીક્ષા આપી હતી અને પાર્શ્વચંદ્ર ગચ્છમાં બહેનોને દીક્ષા આપીને સાધ્વી સંઘની શરૂઆત કરાવી હતી.

શ્રી કુશળચંદ્રજી પોતાના જીવનની ઉત્તરાવસ્થામાં બાવીસ જેટલાં વર્ષ કચ્છમાં વિવિધ સ્થળે વિચર્યા. આ વર્ષોમાં કચ્છના જૈન સંઘો ઉપર એમના નિર્મળ ચારિત્રનો અને સરળ સ્વભાવનો ઘણો મોટો પ્રભાવ પડ્યો હતો. એકંદરે તેમનું શરીર સારું રહેતું હતું. તેઓ માંદા પડ્યા હોય એવું ખાસ ક્યારેય બન્યું નથી. પરંતુ વૃદ્ધાવસ્થામાં ૮૫ વર્ષની ઉંમરે વિહારની અશક્તિને કારણે એમણે કોડાયમાં સ્થિરવાસ કરી લીધો હતો. છેલ્લાં ત્રણ ચાતુર્માસ એમણે કોડાયમાં જ કર્યાં હતાં. વિ. સં. ૧૯૬૯માં ૮૬ વર્ષ પૂરાં કરી એમણે ૮૭માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો એ વર્ષે પર્યુષણ પર્વ પ્રસંગે બધાં સાથે ક્ષમાપના કરી લીધી હતી. ત્યાર પછી ભાદરવા શુદ ૧૦ ને બુધવારના રોજ સવારે બધાંને 'મિચ્છામિ દુક્કડં' કહી સાડા અગિયાર વાગે ૮૭ વર્ષની ઉંમરે એમણે સમાધિપૂર્વક દેહ છોડ્યો હતો.

એમના કાળધર્મથી પાર્શ્વચંદ્ર ગચ્છ અને સકળ સંઘને એક મહાન તેજસ્વી ધર્મોદ્ધારક આત્માની ખોટ પડી. એમના કાળધર્મના સમાચાર કચ્છ, કાઠિયાવાડ વગેરે પ્રદેશમાં પ્રસરી ગયા અને અનેક લોકોએ પોતાના પ્રિય અને પૂજ્ય માર્ગદર્શકની વસમી વિદાયનો શોક અનુભવ્યો. એમના ભક્તગણમાંથી કેટલાકે પોતાની વિરહવેદના કવિતામાં વ્યક્ત કરી હતી. એ વખતે 'મુનિ શ્રી કુશળચંદ્રજી વિરહ' નામની પુસ્તિકા પણ પ્રગટ થઈ હતી જેમાં આવાં વિરહગીતો છપાયાં હતાં.

શ્રી કુશળચંદ્રજી મહારાજે કચ્છમાં ધર્મના ક્ષેત્રે જે મહત્ત્વનું કાર્ય કર્યું એને લીધે કચ્છી પ્રજાનો એમના પ્રત્યેનો પૂજ્યભાવ ઘણો બધો રહ્યો છે. આથી જ કચ્છના ઘણા જૈન ઉપાશ્રયોમાં કે ગુરુમંદિરોમાં કુશળચંદ્રજીનો ફોટો જોવા મળે છે. શ્રી કુશળચંદ્રજીને શ્રી ભાતૃચંદ્રજીનો ઘણો સારો સાથ અને સહકાર સાંપડ્યો હતો. એથી જ કોડાયમાં ત્યારે ગુરુમંદિરમાં શ્રી કુશળચંદ્રજીની અને શ્રી ભાતૃચંદ્રજીની મૂર્તિ સાથે પધરાવવામાં આવી હતી, જેનાં દર્શન આજે પણ લોકો કરે છે.

શ્રી ભુવનચંદ્રજી મહારાજે 'મંડલાચાર્ય શ્રી કુશળચંદ્રજી ગણિવર' નામના પોતાના ગ્રંથમાં લખ્યું છે, 'શ્રી કુશળચંદ્રજી ગણિવરના વ્યક્તિગત અને કાર્યનો સારાંશ એક શબ્દમાં આપવો હોય તો તે શબ્દ છે 'સંવેગ'. તીવ્ર વૈરાગ્ય, ઉત્કૃષ્ટ આચરણ, આચારપાલનમાં દૃઢતા-સંવેગ શબ્દ આ બધી ભાવનાઓને આવરી લે છે.'

શ્રી દીપચંદ્રજી મહારાજે પોતાના ગુરુ ભગવંત શ્રી કુશળચંદ્રજી માટે લખેલી પાંચ કડીની સ્તુતિમાં કહ્યું છે :

જે જ્ઞાની ધ્યાની ને અમાની, રાગદ્વેષ કર્યા પરા,<br>
વળી શાન્ત દાન્ત મહંત ને ગુણવંત ગીતારથ ધરા,<br>
આર્જવ અને માર્દવગુણે કરી, ચરણ ચૂકે નહિ કદા,<br>
મુનિરાજ માનસહંસ સમ શ્રી કુશળચંદ્ર નમું સદા.

xxx

સંવેગ રંગ તરંગ ઝીલી આત્મરમણે મહાલતા,<br>
ગુરુ બાહ્ય અંતર જે નિરંતર સત્ય સંયમ પાળતા;<br>
તસ પાદપંકજ દીપ મધુકર શાંતિ પામે સર્વદા,<br>
મુનિરાજ માનસહંસ સમ શ્રી કુશળચંદ્ર નમું સદા,<br>
વીસમી શતાબ્દીના આવા મહાન મુનિરાજને નત મસ્તકે વંદના !

# નિદ્રા

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

આઠેક દાયકા પૂર્વે, સને ૧૯૨૨માં હું જ્યારે ગુજરાતી પહેલા ધોરણમાં ભણતો હતો ત્યારે અમારે એક નાનકડું પ્રાર્થના-કાવ્ય ભણવામાં હતું. એની પ્રથમ પંક્તિ હતી: 'નિદ્રા મહિં નહીં હતું તન ભાન જ્યારે'. ત્યારે –હે પરમ કૃપાળુ પરમાત્મા ! તમોએ અમારું રક્ષણ કર્યું એ માટે અમો તમારા ઋણી-આભારી છીએ-એવો એ પ્રાર્થના-કાવ્યનો ભાવ હતો. 'નિદ્રા' એટલે ઊંઘ-એ પર્યાયની ખબર નહીં. શ્રી રતિલાલ શાહ, અમારા શિક્ષક હતા તેમણે 'નિંદ્રા' 'નિંદ્રા' બોલીને 'નિંદ્રા' એટલે ઊંઘ એ પર્યાય-જ્ઞાન આપેલું. આ પર્યાયની વાત આવી એટલે મને મારાં પડોશી સુલોચનાબહેન યાદ આવ્યાં-મુંબઇની સારી કૉલેજમાં એ ભણેલાં. એમને બે 'ટ્વીન' દીકરીઓ. શિક્ષકે એકવાર એ બે બહેનોને કેટલાક પર્યાય શબ્દો લખવાનું લેશન આપેલું એમાં 'પગ'નો પર્યાય લખવાનો હતો. એમનાં મમ્મીએ 'ટાંટિયો' લખાવ્યો. એ બંને બહેનો મારી પાસે આવી ને મમ્મીએ આપેલા પર્યાયની વાત કરી. મેં કહ્યું કે પર્યાય ખોટો નથી પણ 'ટાંટિયા'ને બદલે 'પાય' કે 'ચરણ' હોય તો સારું: એ જોડિયા-બહેનોએ સહર્ષ સ્વીકારી લીધો. અમે પણ 'નિદ્રા' એટલે ઊંઘ પર્યાય સ્વીકારી લીધો. મારાં દાદી મને ઊંઘણશી કહેતાં હતાં એમાં જે ભાર હતો તે 'નિંદ્રા'માં ક્યાં છે ? નિદ્રા શબ્દ ફૂલ જેવો હલકો ને હળવો છે. એને બદલે 'નિંદ્રા'માં ઊંઘણશીની માત્રા ઝાઝી વરતાય છે. આજેય ઘણા લોકો 'નિદ્રા'ને બદલે 'નિંદ્રા' શબ્દ બોલે છે. 'નિંદરડી' નિંદ્રામાંથી આવ્યું હશે ?

સને ૧૯૩૨માં હું કડીની સર્વ વિદ્યાલય સંસ્થામાં ભણતો હતો ત્યારે અમારી સાથે આશ્રમમાં ભટાસણના એક પશાભાઈ પટેલ હતા. ભયંકર ઊંઘણશી ! આશ્રમના નિયમ પ્રમાણે સવારે પાંચ વાગે ઊઠવું પડતું. ગૃહપતિ ઉઠાડવા આવે તોય કેટલાક તો ઘોરી જાય ! પશાભાઈ એમાંના એક. તાકડે અમારે કવિ 'કાન્ત'નું 'વસંત વિજય' ખંડકાવ્ય ચાલે. એમાંની પ્રથમ પંક્તિ હતી: નહીં નાથ ! નહીં નાથ ! ન જાણો કે સહવાર છે' 'આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે.' ગૃહપતિ પશાભાઈને ઉઠાડવા આવે ત્યારે રજાઈ ઊંચી કરી, આંખો ચોળતાં ચોળતાં બોલે :

'આ બધું ઘોર અંધારું, હજી તો બહુ વાર છે' બોલી પશાભાઈ રજાઈ ઓઢી લે. છેવટે બીજી વાર આવી ગૃહપતિ પથારીમાં પાણી રેડી જાય ત્યારે 'ખરેખર સહવાર છે ?' કહી પશાભાઈ પથારીત્યાગ કરે ! ચાલુ વર્ગે પણ પશાભાઈ ઝોકાટે ! આમેય પશાભાઈ લઘરવઘર. 'કુંભકર્ણે એમને શિરે હાથ મૂકેલો.' આજે અનિદ્રાના રોગથી પીડાતો એવો હું મારા એ સાથીની ઇર્ષ્યા કરું છું ! કેવો બડભાગી મારો એ સાથી ! એણે થોડીક લ્હાણી મનેય કરી હોત તો ! ભાતભાતની ગોળીઓ ગળવામાંથી તો મને મુક્તિ મળી હોત.

નિદ્રા એ શરીરની એક સ્વાભાવિક પ્રક્રિયા છે. આહાર-પાણીની જેમ નિદ્રા પણ જીવનને અનિવાર્ય છે. સંપૂર્ણ, પ્રગાઢ ને નિ:સ્વપ્ન નિદ્રાથી મગજ એકદમ તાજું ને વધુ કાર્યશીલ બને છે, કામમાં ઉત્સાહ રહે છે. જ્યારે અલ્પ નિદ્રા કે અનિદ્રાથી મગજ બહેર મારી જાય છે ને પ્રમાદની માત્રા વધે છે. કવિ 'કાન્તે' એમના 'વસંત વિજય' ખંડકાવ્યમાં, પાંડુના ધૈર્યભ્રંશનું એક કારણ અનિદ્રા દર્શાવ્યું છે. કવિ કહે છે:

'અનિદ્રા-શ્રમથી તેનો ધૈર્ય-ભ્રંશ થયો હતો.' અનિદ્રાનો પણ શ્રમ ! ને એનું પરિણામ 'ધૈર્યભ્રંશ' જે આખરે પાંડુના પતનનું પણ એક ગૌણ કારણ !

તો પ્રશ્ન એ થાય છે કે જો નિદ્રા, આહાર-પાણી જેવી અગત્યની, અરે અનિવાર્ય વસ્તુ છે તો એનો સમય કેટલો હોવો જોઇએ ? મારાં દાદી મારા અકરાંતિયાવેડા ને ઊંઘણશીપણાને ઉદ્દેશીને સતત કહેતા: 'આહાર ને ઊંઘ વધારીએ એટલાં વધે ને ઘટાડીએ એટલાં ઘટે.' આ સાથે બીજી પણ બે કહેવતો યાદ આવે છે: 'ઊંઘ ન જુએ ઓટલો ને ભૂખ ન જુએ રોટલો', મતલબ કે સાચી ઊંઘ ને સાચી ભૂખ બધા નિયમોથી પર છે; છતાંયે એમ કહી શકાય કે ન્હાનાં બાળકો માટે આશરે વીસેક કલાકની ને યુવાન-પ્રૌઢો માટે આશરે આઠથી દશ કલાકની ઊંઘ પર્યાપ્ત ગણાય. વૃદ્ધોની ઊંઘનું ગણિત અહીં કામ આવતું નથી, કેમ જે વયવૃદ્ધિ સાથે ઊંઘનો સમય ઘટતો જતો હોય છે. છ થી આઠ કલાકની ઊંઘ વૃદ્ધોને કાજે પર્યાપ્ત ગણાય પણ ભાતભાતની કૌટુંબિક ચિંતાઓ, આર્થિક સલામતી, ભાવિની ભીતિ, મૃત્યુની આશંકા અને અનેક પ્રકારની ન્હાનીમોટી શારીરિક તકલીફોને કારણે, સાતેક દાયકા વટાવ્યા બાદ, માંડ ત્રણચાર કલાકની ઊંઘ વૃદ્ધોને આવતી હશે ! શારીરિક પરિશ્રમના અભાવને કારણે પણ અનિદ્રા રહેતી હોય છે. જો કે ત્રણ-ચાર કલાકની નિદ્રા લેનારા ૮૦ થી ૯૦ સાલના અનેકને હું જાણું છું કે તેઓ તેમની દિનચર્યામાં સ્વસ્થ લાગે. મારા પિતાજી ૮૮ સાલની વયે માંડ એક કલાકની પ્રગાઢ ને નિ:સ્વપ્ન નિદ્રાથી પણ સ્વસ્થ રહેતા હતા...અને આમેય વૃદ્ધોની ત્રણચાર કલાકની ઊંઘ પણ અતૂટ સળંગ નથી હોતી પણ બે ત્રણ 'રાઉન્ડ'માં વિભાજિત હોય છે. કિન્તુ ઊંઘની બાબતમાં, સ્થળ, સમય, સામગ્રી સંબંધે દરેકની ખાસિયત ભિન્ન ભિન્ન હોય છે. દા. ત. મારા ઘરના અમુક જ ઓરડામાં અમુક જ પ્રકારના પલંગ-ચાદર-ઊશીકાની સગવડ હોય તો ઊંઘ આવે. એમાં, મસ્તક કઈ દિશામાં રાખવું એ પણ ખ્યાલમાં રાખવું પડે. ગુરુત્વાકર્ષણના નિયમોનું જ્ઞાન પણ ઊંઘના ગણિતમાં ગણતરીમાં લેવું પડે ! રજનીરાણી, પારિજાત, મોગરાનાં ફૂલ ઉશીકે રાખ્યાં હોય કે અગરબત્તી જલાવી હોય તો ઊંઘનું આગમન આસાન બનતું લાગે ! ઊંઘતી વખતે ગરમ દૂધનો (થોડાક ઘી સાથે) એકાદ પ્યાલો ગટગટાવી જવાથી પણ એ 'રાણી' રીઝતાં હોય છે. આ બધી તો સ્વાનુભાવની વાતો છે, પણ મારો અનુભવ સર્વને કે મોટા ભાગને સાનુકૂળ નીવડે જ...એમ ન કહી શકાય.

'અતિજ્ઞાન'ને કારણે જ્યોતિષી સહદેવને દ્રૌપદીનો માનક્ષય નજીક તાદૃશ્ય દેખાય છે ને છતાંય કશું જ કરી શકતો નથી. એને અતિજ્ઞાન શાપરૂપ લાગે છે ને એને ઊંઘ આવતી નથી ત્યારે 'કાન્ત'ના ખંડકાવ્યનો સહદેવ એક કીમિયો અજમાવે છે:

'રજની મહિં સખી ! ઘણીક વેળા, નયન મળે નહિ ઊંઘ જાય ચાલી;
કરી તુજ શિરકેશ સર્વ ભેળા, વદન-સુધાકરને રહું નિહાળી !'

આવું તો સહદેવ કરી શકે પણ આપણી નિયતિ શી ? આ :

'રજની મહિં ઘણીક વેળા, નયન મળે નહીં ઊંઘ જાય ચાલી;
લઇને 'ડાયાઝીપામ, 'વેલમ' નિંદરરાણીને કરવાની વ્હાલી !'

એય જો સીધે શેરડે ચાલી આવે તો !...બાકી પાસાં ઘસી, બગાસાં ખાઈ, પથારીને શરીર ઘસી નાખવાનાં !

સને ૧૯૬૦માં હું મારા અલસરના ઇલાજ માટે વડોદરાના ગુજરાત-ખ્યાત વૈદ્ય શ્રી દત્તુભાઈ હર્ડીકરને દવાખાને ગયેલો. વીસેક દર્દી બાંકડા ને

ખુરશીઓમાં બેઠેલા. મારી જગ્યા એક ઠીક ઠીક જાડા દર્દીની પાસે આવેલી. માંડ ચારપાંચ મિનિટ થાય ને એમનાં નસકોરાં બોલવા લાગે ને રીતસર મારા ખભા પર ઢળી પડે: બેત્રણવાર આવું થયું એટલે મેં પૂછ્યું: 'આપને શેની તકલીફ છે ? તો કહે : 'ભાઇસાબ, તકલીફની વાત કરો છો ? મારાથી જાગતા રહેવાતું જ નથી. જ્યાં બેસું ત્યાં ઊંઘ મારા પર સવાર થઈ જાય છે. ઊંઘ ન આવે, પ્રમાણમાં આવે એની દવા કરાવવા ઠેઠ ડભોઇથી આવ્યો છું.' કદાચ, કફના પ્રકોપનું પણ કારણ હોઇ શકે !

આનાથી વિરુદ્ધની સ્થિતિ સને ૧૯૯૩માં મારી હતી. અલ્સરમાં બ્લીડીંગ, થવાને કારણે અસહ્ય વેદના ને સતત ચાર દિવસ સુધીની અનિદ્રાને કારણે આપઘાત કરવાનો દુષ્ટ વિચાર પણ મનમાં આવી ગયેલો ! અનિદ્રાશ્રમથી પાંડુના થયેલા ધૈર્યભ્રંશ જેવી મારીય સ્થિતિ હતી. ઊંઘનું જીવનમાં કેટલું બધું મહત્ત્વ છે તે આ પરથી સમજાશે.

મારા એક ૯૬ સાલના 'ધર્મના સાળા' ખુરસી કે સોફામાં માળા કરતાં કરતાં જ આઠ દશ તોલાં જોખી નાખે છે ! વૃદ્ધાવસ્થાની આ એક મર્યાદા હશે ! ગુજરાતી સાહિત્ય પરિષદની એક બેઠકને મળવાની પોણા કલાકની વાર હતી. અમો ૨૫-૩૦ સાહિત્યકારો ચર્ચા-કોલાહલ કરી રહ્યા હતા ત્યારે નજીકમાં જ શ્રી ઉમાશંકરભાઈ ઘસઘસાટ ઊંઘી ગયેલા ! એમને આવા માહોલમાં ઊંઘતા જોઈ, શ્રી યશવંતભાઈ શુક્લ બોલેલા: 'શો સદ્‌ભાગી આત્મા છે ! આટલા બધા કોલાહલ વચ્ચે પણ પ્રગાઢ નિદ્રા માણી શકે છે.' કો'ક સાહિત્યકારે કહ્યું: 'આ પણ 'કવિની સાધના' છે.' 'કવિની સાધના' નામનો ઉમાશંકરભાઇનો એક અતિ ચિંતનાત્મક નિબંધ છે. પોતાના ઇષ્ટ કામથી જેમને પરમ સંતોષ હોય છે તેવા આત્માઓથી અનિદ્રા બાર ગાઉ દૂર ભાગે છે. સંતોષીજીવ સુખે સૂઇ શકતા હોય છે.

હું દશ બાર વર્ષનો હોઇશ ત્યારે મારા પિતાજી એક ભજન ગાતા હતા: 'તારે માથે ગાજે છે મહાકાળ રે ! ઊંઘ તને કેમ આવે ?

આ ભજન સાંભળતો ત્યારે મને સારી ઊંઘ આવતી પણ આજે એ ભજનનો અર્થ સમજાતાં, મારી રહી સહી નિદ્રા પણ ચાલી જાય છે ! 'શિવાજીનું હાલરડું'માં શિવાજીને ઊંઘ નહીં આવવાનાં કેટલાંક યથાર્થ ને સચોટ કારણો છે, પણ મારા જેવાને 'શિર ગાજતો મહાકાળ' ઊંઘવા દેતો નથી !

વડોદરાની એક હાઇસ્કૂલના આચાર્યશ્રીને ઇન્સ્પેક્ટરે ઊંઘતા ઝડપેલા ને છતાંયે એમને 'આદર્શ અધ્યાપક'નો એવૉર્ડ પ્રાપ્ત થયેલો ! ઊંઘના જમાપક્ષે આ અંકે કરવાનું ! રાજનીતિ-વિષયક એક સંસ્કૃત શ્લોકમાં 'દુષ્ટ રાજાઓ ઊંઘતા જ રહે એમાં પ્રજાનું કલ્યાણ છે.'-એમ કહેલું છે પણ એમાં અધ્યાપકોનો ઉલ્લેખ નથી !

સાંજ પડે છે ને મારા ઘર આગળના તોતિંગ વૃક્ષ પર સેંકડો પંખીઓ ઊંઘી જાય છે. સરહદ પર ચોકી કરતા આપણા જવાનોને ઊંઘ આવતી હશે ! 'ક્વીક માર્ચ'નું હાલરડું એમને કેવુંક લાગતું હશે ! ગુજરાતના આદર્શ લોકસેવક પૂ. રવિશંકર મહારાજ ચાલતાં ચાલતાં ઊંઘતા હતા ને ઊંઘતા ઊંઘતાં ય ચાલતા હતા ! દિવસભરના મારા કેટલાક પ્રશ્નો ઊંઘમાં ઉકલી જતા હોય છે ! આવું ઘણાંને થતું હશે.

કાગડા-કૂતરાની ઊંઘનું નિરીક્ષણ કર્યું છે ? કાગનિદ્રા ને શ્વાન નિદ્રા પણ વિશિષ્ટ પ્રકારની હોય છે. અર્ધજાગ્રતિ, અર્ધનિદ્રા ! આપણી તંદ્રાવસ્થાને કંઈ સામ્ય ખરું. નિદ્રાના પણ અનેક પ્રકારો હોય છે ને વ્યક્તિએ વ્યક્તિએ એની આગવી અભિવ્યક્તિ થતી હોય છે. 'ત્વરિત ચક્ષુગતિની નિદ્રા' (Rapid eye movement) સાથે સ્વપ્નો સંકળાયેલાં હોય છે ને એ સ્વપ્નો કવચિત્ ભાવિની આગાહી કરનારાં પણ નીવડતાં હોય છે.

એક ભજનમાં કવિએ નિદ્રાને 'ધૂતારી' 'ધૂર્ત' કહી છે...ને એમાં લક્ષ્મણની નિદ્રાનો ઉલ્લેખ કર્યો છે. મારે મન તો પ્રગાઢ, નિ:સ્વપ્ન નિદ્રા એ મગજને તર કરનારી ને ચૈતન્યને સતત જાગ્રત રાખનારી દિવ્ય ઔષધિ છે. એના અભાવમાં મેં એકવાર 'મહાનિદ્રા'ને આવાહન કરેલું:

'મહાનિદ્રા ! આવો, નવલદ્યુતિથી ઉર્જિત કરો,
ધરાની આ માટી, તમસ-રગડેથી શું ખરડી !
વિષાળા સંસારી ફણીધર થકી કાય કરડી,
પ્રતિ રોમે સીંચી અમરતરસે પાવન કરો.
ધરી કાયા ત્યાંથી વિકટ ભવયાત્રા શરૂ થઈ,
મહાયાત્રા અન્તે અગમ જવનિકા ઢળી જતી !
અવ્યક્તેથી વ્યક્તે વિધવિધ લીલા જે કરી હતી,
મહાનિદ્રા ! ત્હારા પુનિત પરશે ક્યાં સરી ગઈ ?
નિરાશાની આંધી, ગહન મનના સંકુલ સ્તરો,
મહેચ્છાના ઓઘો, અતલ ઉરના સ્રોત સબળા;
સુંવાળા સંઘર્ષો, સબળ ગજગ્રાહો સરણીના
વિસંવાદે ડોલે સ-મલ ઝરણીમાં તરણી આ !
મહાનિદ્રા ! ત્હારા વિમલ, સુખદા અંક સરલે
સમાવી લે, પેલા અમરતરસે ટાળ ગરલે !

નિદ્રા કે ઊંઘને 'નિદ્રાસન' કહી આપણે એને ઇન્દ્રાસનનું ગૌરવ આપ્યું છે ! સોનેટમાં મેં જે 'મહાનિદ્રા'ની વાત કરી તે, અતિ લાંબી નિદ્રામાં પડી 'નિદ્રાસન' પ્રાપ્ત કર્યા જેવું છે ! હાથે કરીને અજાણ્યા દુ:ખ કે લેવાદેવા વિનાની પંચાતમાં પડનારને માટે કહેવાય છે 'ઊંઘ વેચીને ઉજાગરો વહોરવો'- 'ડોબુ ખોઇને ડફોળ બનવું.' પણ 'નિદ્રા' કે ઊંઘ વિષે આપણા આદિ કવિ નરસિંહે તત્ત્વજ્ઞાનને ભક્તિના સંદર્ભમાં જે વાત કરી છે તે યાદ રાખવા જેવી છે:-

'જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા ભોગ ભાસે.'
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.'
અને 'બાપજી ! પાપ મેં કવણ, કીધાં હશે, નામ લેતાં તારું નિદ્રા આવે;
ઊંઘ-આલસ્ય આહાર મેં આદર્યા, લાભ વિના લવ કરવી ભાવે.'

એક ડૉક્ટરે (સાહિત્યપ્રેમી હશે !) અનિદ્રાના રોગીને પ્રો. બ. ક. ઠાકોરનાં સૉનેટ વાંચવાની ભલામણ કરેલી. પૂર્વ પશ્ચિમમાં, આડ અસરો કરનારી ઊંઘની અનેક ગોળીઓ શોધાઈ છે તેના કરતાં નરસિંહ મહેતાનું 'પ્રિસ્ક્રિપ્શન' નિર્દોષ લાગે છે: 'નામ લેતાં તારું નિદ્રા આવે.'

મહાયાત્રાકાળે, મહાનિદ્રા લેતાં પૂર્વે 'હે રામ !'-એ બે જ...બે નહીં દોઢ-શબ્દ બોલાય તો 'નિદ્રા' માત્ર કૃતાર્થ થાય !

ઊંઘ લાવવા માટે, પ્રો. બ. ક. ઠાકોરનાં સૉનેટ વાંચવાનો 'તુક્કો જાણીતો છે તેવો જ, એક રસિક કવિની અ-રસિક પત્નીનો તુક્કો પણ પ્રચલિત છે. પત્ની સમક્ષ, શરદ પુનમની પૂરબહારમાં ખીલેલી ચાંદનીનું સૌંદર્ય વર્ણવતાં પતિને અ-રસિક પત્ની પ્રતિભાવ (!) આપતાં કહે છે:- 'બળ્યું ! મને તો નેંદ આવ છ.'

અ-રસિક સાથેનો રસિક વ્યક્તિનો એકપક્ષી વ્યવહાર પણ નિદ્રાનું નિમિત્ત બની શકે...એટલે તો પેલા સુભાષિતકારે રસિક-અરસિકનો સમાગમ ટાળવા માટે લખ્યું છે: 'શિરસિ મા લિખ, મા લિખ, મા લિખ.'

અન્તમાં, સો વાતની એક વાત-બાળક જેવા નિર્દોષ બન્યા સિવાય, દીર્ઘ, નિર્વિઘ્ન, પ્રગાઢ ને નિ:સ્વપ્ન નિદ્રાની આશા રાખવી વ્યર્થ.

# નવપદ

## ☐ ગિરીશભાઈ તારાચંદ મહેતા

(ગતાંકથી ચાલુ)

ભગવાનના વિયોગમાં ભગવાનનું ઋણ બંધાતું હોય છે, જ્યારે ભગવાનના સાક્ષાત સંયોગમાં કેવળજ્ઞાન થયેથી સ્વયં ભગવાન બનાતું હોય છે.

પરમાત્માના કેવળજ્ઞાનમાં આપણે છીએ તો આપણા મન, બુદ્ધિ, હૃદય, જ્ઞાનમાં પરમાત્માને સ્થાપીએ તો કેવળજ્ઞાની થઇએ.

અહંકાર અને ભોગવેદના અનુક્રમે શ્રદ્ધારૂપી જોગણ અને પ્રીતિરૂપ જોગણ બનશે. શ્રદ્ધા અને પ્રીતિ એકરૂપ થઈ દેહસ્થિત આત્મપ્રદેશથી અભેદ થઈ ભગવાનની ભક્તિમાં જોડાઈ જશે, જેમાં આઠ રૂચક પ્રદેશો પણ અભેદ થશે. આના ફળસ્વરૂપ તીર્થંકર નામકર્મ પુણ્ય એક એક આત્મપ્રદેશે આવી અભેદ થશે. આવું જે ખૂબ ખૂબ પુણ્ય એકઠું થશે તે જીવના આત્મપ્રદેશે ક્ષપકશ્રેણિના પુણ્યકર્મદલિકરૂપે જમા થશે. એ જ્યારે વિસ્ફોટ પામશે ત્યારે ક્ષપકશ્રેણિના મંડાણ થશે, જેના ફળસ્વરૂપ જીવ કેવળજ્ઞાન પામશે. આ પુણ્યકર્મદલિક બુદ્ધિ કે વેદનામાં ભેગાં નથી થતાં. એ જમા થાય છે હૈયામાં, લાગણીમાં, અનાહતચક્રમાં.

ઉપરમાં મદ અને નીચેમાં મધ વચ્ચે તરફડીયા મારતા કે ઝોલા ખાતા જીવને એમાંથી બચાવનાર કોઈ હોય તો તે એક માત્ર ભગવાનના મિલનની ઉત્કંઠા અને વિરહમાં વહેતાં આંસુ. એ જ આત્માની આત્મા ઉપરની કૃપા એટલે કે કરુણા છે. કરુણા એટલે અર્હમ્ સિદ્ધમ્‌માં સમર્પિતતા તથા બુદ્ધિની શ્રદ્ધા સાથેની અને વેદનાની પૂર્ણાનંદ સાથેની અભેદતા સહિત જગતના દીન, દુ:ખી, દોષી જીવોને પ્રેમ, ક્ષમા, હુંફ, લાગણી આપવાં. કરુણા એ ગુણ આત્માનો છે પણ એનું કાર્ય પર પ્રતિ પરક્ષેત્રે હોય છે.

મોહનીયકર્મના બે ભેદ દર્શનમોહનીયકર્મ અને ચારિત્રમોહનીયકર્મ છે. દર્શનમોહનીયકર્મનો ક્ષય એ ક્ષાયિકપ્રીતિ છે, જે સ્વરૂપદૃષ્ટા છે. જ્યારે ચારિત્રમોહનીયકર્મનો ક્ષય એ વીતરાગતા છે, જે સ્વરૂપકર્તા છે. ભગવાનના પ્રેમથી મદનો નાશ થાય છે જ્યારે મોક્ષની ઈચ્છા ભોગના મધનો નાશ કરે છે.

મંદિર-મૂર્તિ એટલે આત્માનો ઉજાશ અર્થાત્ ભેદજ્ઞાનનો પ્રકાશ. એ મનની નિષ્પાપતા છે. જ્યારે ચરવળો, કટાસણુ, રજોહરણ, ઉપાશ્રય એટલે ભેદરૂપ જે ભાસ્યું છે તેનો છેદ. દેહાધ્યાસ, દેહભાવનો છેદ; જે દેહની નિષ્પાપતા છે. મન અહંકારના માંચડે નાચે છે અને દેહ ઈન્દ્રિયોના માંચડે નાચે છે. એ નાચ બંધ કરી સ્થિર નિર્મળ થવાનું છે.

મનોનિગ્રહ એટલે મંદિર-મૂર્તિ અને ઈન્દ્રિય નિગ્રહ એટલે તપત્યાગ

કેવળજ્ઞાન પ્રાગટ્યમાં અવરોધક અહંકારના માચડાને કકડભૂસ કરનાર પ્રીતિ ભક્તિ છે. પ્રીતિભક્તિ એટલે પરમાત્માને આત્મપ્રદેશની સોંપણી. પ્રીતિ જે સ્વદેહની એટલે કે ઈન્દ્રિયોના ભોગની છે એ પલટાઈને પરમાત્માની પ્રીતિ થાય તો ભક્તિ ભગવાનની થાય અને મન, વચન, કાયાથી ભગવાનને અર્પણ થવાય. ત્યાગ, વૈરાગ્ય વાડ બની રહી રક્ષા કરે.

પ્રાપ્ત પુદ્‌ગલ જે વિનાશી અને અસ્થિર છે અને આત્મા એના સત્તાગત સ્વરૂપથી અને પરમાત્મા પ્રગટ સ્વરૂપે અવિનાશી અને સ્થિર છે, એવાં પરમાત્મા તત્ત્વમાં એ પ્રાપ્ત પુદ્‌ગલોને પ્રયોજીશું તો સ્વયં અવિનાશી અને સ્થિર પ્રગટ પરમાત્મસ્વરૂપ પામીશું.

'હે ભવ્યાત્મા ! લક્ષ્મીને ભગવાનમાં ગૂંથી લ્યો ! દેહ રાજા છે, જેની પટરાણી ઈન્દ્રિય છે. એ બે મળી આહાર, મૈથુન, પરિગ્રહમાં રાચે માચે છે, તેને ભગવાનમાં જોડી દ્યો !'

સમ્યક્ત્વ સંસારમાં રમવા નહિ દે. જ્ઞાન નહિ થાય તો આનંદ નહિ મળે. તેમ સમ્યક્ત્વ નહિ થાય તો ચારિત્ર નહિ આવે. પંચભૂતનો બનેલો દેહ પંચભૂતથી વધે, ટકે અને આત્મા જે આધાર છે તે વિખૂટો પડી જતાં એ પંચભૂત વિખરાઈ જાય છે અને પંચભૂતમાં પાછા ભળી જાય છે.

માટે જ પંચભૂતથી બનેલા દેહ વડે, પ્રભુપ્રતિમાની જલ, અગ્નિ, વાયુથી અવકાશ (આકાશ)માં રહી પંચભૂતના સાધનો પ્રયોજી પ્રભુપૂજા કરીએ તો પંચભૂતની પેલે પારની અમૂર્ત, અરૂપી, અદેહી, એવી પરમાત્માવસ્થાને પ્રાપ્ત કરી પંચભૂતના ચક્રાવામાંથી અર્થાત્ પર એવાં અજીવ પુદ્‌ગલથી મુક્તિ મેળવી સિદ્ધ બની શકાય છે.

'સમ્યક્ત્વ આવેથી સંસારમાં થવું પડે તો કાયપાતી થવાય છે, પણ ચિત્તપાતી નથી થવાતું.'

'શ્રદ્ધાયુક્ત જ્ઞાન એટલે સત્યદર્શન કે સમ્યગ્દર્શન.'

બુદ્ધિમાં શ્રદ્ધા એટલે સત્યનાદ (બ્રહ્મનાદ-અર્હમ્‌નાદ). એ શ્રદ્ધા સહિતના જ્ઞાનની વર્તના એટલે સત્યાચરણ એવી સમ્યગ્‌વર્તના જેને સમ્યગ્ ચારિત્ર કહીએ છીએ.

સદ્‌વર્તન, સદાચાર, સાધ્વાચાર, દેશવિરતિ, સર્વવિરતિ, ધ્યાન, સમાધિ, ક્ષપકશ્રેણિરૂપ લય, અને અંતે સહજાવસ્થા એવી સ્વરૂપાવસ્થા અર્થાત્ પરમાત્મત્ત્વનું પ્રાગટ્ય એ આખી વિકાસ-શૃંખલા છે.

આમ પરમાત્મત્ત્વના પ્રાગટ્યની પૂર્વશરત સમ્યક્ત્વ પ્રાપ્તિ છે. પરંતુ એ સમ્યક્ત્વ પ્રાપ્તિની પૂર્વશરતમાં સાત્ત્વિકભાવ હોવા એ છે. પુણ્ય, પાપ, પુનર્જન્મ માન્યતા, દેવાધિદેવ વીતરાગ જિનેશ્વરની ઉપાસના, મોક્ષની ઈચ્છા ઈત્યાદિ સર્વ સાત્ત્વિકભાવ છે. જ્યારે સમ્યક્ત્વમાં તીર્થંકર અરિહંત પરમાત્મ ભગવંતનું નિમિત્ત છે અને અરિહંતના સ્વરૂપનું જ્ઞાન છે.

ત્રણ પાયાની ટિપોયનો કયો પાયો કોને આધારે ખડો ? ત્રણ પાયામાંથી કોઈ એક સ્વતંત્ર પાયાને આધારે ટિપોય ઊભી નથી. એમ દેવ, ગુરુ, ધર્મ એ ત્રણ તત્ત્વો કે પછી દર્શન, જ્ઞાન, ચારિત્ર એ રત્નત્રયીમાંનું કોઈ એક સ્વતંત્ર તત્ત્વ નથી કે જેનાથી સ્વરૂપ પ્રગટે. એ ત્રણ અન્યોન્ય એકમેક વડે છે.

શ્રદ્ધામાં શરણાગતિ એ જ્ઞાન છે.
જ્ઞાનમાં સમજણ (વિવેક) એ જ્ઞાન છે.
વર્તનમાં ઉદારતા એ જ્ઞાન છે.
ઈચ્છામાં સર્વેશ્વર ભગવાનમાં સ્વામીભાવ એ જ્ઞાન છે.
તપમાં વિચાર અને ઈચ્છાની શરણાગતિ એ જ્ઞાન છે.

ભગવાનમાં પાછીપાની નહિ કરવી તે ક્ષાયિક પ્રીતિ છે અને સંસારમાં ગતિ નહિ કરવી તે સર્વવિરતિ છે, જે ઉભય વીર્યમાં જ્ઞાન છે. સંસારના ગમે એવાં સંઘર્ષમાં જીવની ચેતના પરમાત્માને છોડતી નથી, તે જીવનું પરમાત્મ પ્રત્યેનું સતીત્વ છે.

પરિગ્રહ સંતોષ બને અને પ્રેમનું પાત્ર પરમાત્મા બને એ જ મોક્ષમાર્ગ છે.

જ્ઞાન થાય એટલે સમજણ અર્થાત્ વિવેક આવે. દર્શનમોહનીયમાં

વિવેક એટલે સાચાની તલપ અને ચારિત્રમોહનીયમાં તલપ એટલે સાચામાં જ વર્તના.

ગુણ અનંત આતમ તણા, મુખ્યપણે ત્યાં હોય;
તેમાં પણ જ્ઞાન જ વડું, જિણથી દર્શન હોય.

'જ્ઞાન શ્રદ્ધાયુક્ત ચારિત્ર મોક્ષની ઈચ્છાયુક્ત બને તો કેવળજ્ઞાન પ્રગટે.' આનંદનો અભાવ એ જ અંતરાયકર્મ છે. વિકૃતિમાં તો ચોવીસે કલાક વિચારધારા પરિગ્રહ વિચારણામાં રત હોય છે.

'બુદ્ધિનો વિકાસ એટલે પ્રકૃતિ કેવળજ્ઞાન અને વેદનનો વિકાસ એટલે પ્રકૃતિ અખંડઆનંદ.' જ્યાં સુધી ઉપયોગ પરમાં ગતિ કરે છે અને વેદન પણ પરમાં ગતિ કરે છે ત્યાં સુધી તો ભવભ્રમણ ચાલુ ને ચાલુ જ રહે છે. પરંતુ જેણે સ્વનું રૂપ અર્થાત સ્વરૂપ પ્રગટ કર્યું છે અને જે સ્વયંના અખંડાનંદનું વેદન કરી રહ્યાં છે એવાં અરિહંત સિદ્ધ ભગવંતોનું આલંબન લઈ એમાં ગતિ કરીશું તો આપણે આપણા સ્વરૂપને પ્રગટ કરી ભવ ભ્રમણનો અંત કરી શકીશું.

જીવનું જીવત્વ એટલે જ્ઞાયકતા અને વેદકતા. જ્ઞાયકતા એટલે પ્રકાશત્વ એ આંખ અને બુદ્ધિથી છે, જ્યારે વેદનત્વ જઠર અને કામભોગ રૂપે છે. આંખ અને બુદ્ધિનું માધ્યમ હૃદય છે. કામભોગ વેદનત્વમાં પ્રીતિનું પાત્ર પુરુષ અને પ્રકૃતિ ઉભયરૂપ જો પરમાત્મા બને તો કામપુરુષાર્થ નિષ્કામતા આપનાર બને, કારણ કે પોતાના દેહપિંડ કરતાં પરમાત્મદેહ એવાં જિનબિંબને અધિક માન આપશે અને દેહને ગૌણ ગણશે. પરમાત્મત્ત્વ પ્રધાનત્વ આપશે.

જગતનાં જીવો પર સ્ત્રૈણભાવ કે વાત્સલ્યભાવ આવે તો, સામે ઋણમાં એટલે કે સંબંધમાં આવનાર પાત્રને એની લાયકાત અર્થાત્ પાત્રતા અનુસાર ઉચિત જ્ઞાન, દાન, માનનો વ્યવહાર થશે. હૃદયમાંથી એના પ્રતિ પ્રેમ અને વાત્સલ્યની સરવાણી વહેશે. અજ્ઞાનીને જ્ઞાન, અભાવથી પીડાતાને દાન અને જ્ઞાનવાન, ગુણવાન, ધનવાન, શક્તિમાન અર્થાત્ પુણ્યવાનને માન આપવામાં આવશે તો જગતના જીવો માટે એવી વ્યક્તિ સન્માનનીય, આદરણીય, માનનીય, વંદનીય, પૂજનીય બની જતી હોય છે.

પરમાત્મા પ્રતિ સ્ત્રૈણભાવ આવી જાય તો પરમાત્મા સ્વામી બની જાય અથવા તો બાલ્યભાવ કે શિશુભાવ આવી જાય તો પરમાત્મા પિતા બની જાય અને એને સર્વસ્વની સોંપણી કરી દઈ નચિંત યાને નિશ્ચિંત બની જવાય.

આમ મોહનીય એટલે કે પ્રેમનું પાત્ર જો પરમાત્મા બની જાય તો એ પરમાત્મા સ્વયં નિર્વિકારી, નિર્મોહી, નીરિહી, અવિનાશી, પૂર્ણ હોઈ, આપણને પણ તે નિર્વિકારીતા, નિર્મોહીતા, નીરિહીતા, અવિનાશીતા, પૂર્ણતા, પ્રદેશ સ્થિરત્વતાનું પ્રદાન કરી એના જેવાં જ બનાવી સાદિ અનંત કાળ એની હરોળમાં સાથોસાથ લોકાગ્ર શિખરે સિદ્ધશિલા ઉપર બિરાજમાન કરશે. એમ ન થશે ત્યાં સુધી પરમાત્માના ઋણમાં રહેવાશે. ભગવાનના ઋણથી જ મોક્ષ એટલે કે અખંડાનંદનો અંતરાય તૂટશે.

અત્યારે વર્તમાનમાં તો એ અવિનાશીનો સાક્ષાત સંયોગ નથી, છતાંય એ અવિનાશીના પ્રેમનું નજરાણું એની પ્રતિમા મળી છે અને એમનો પ્રરૂપેલ મોક્ષમાર્ગ આગમરૂપે મળેલ છે, એવાં જિનબિંબ અને જિનાગમનો ભેટો થયો છે, તે આપણા સહુનું સદ્‌ભાગ્ય છે. અવધૂતયોગી આનંદઘનજી મહારાજાએ આ સંદર્ભમાં જ ગાયું છે કે...

ઋષભ જિનેશ્વર પ્રીતમ મહારો રે, ઓર ન ચાહુ રે કંત;
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત...ઋષભ.

શ્રદ્ધા, બુદ્ધિ, ઈચ્છા, વિચાર, બધું જ પ્રભુપદકમલમાં અર્પણ, એવી ભગવાનની ભજના ગણધર ગૌતમસ્વામીજીની હતી. એમના જેવી ભગવાનની ભજના ગૌતમભાવે થાય, તો પછી મોક્ષ માટે કાંઈ કરવાનું શેષ બાકી રહે નહિ. ભગવાનની શ્રદ્ધા, ભગવાનની સમજણ, ભગવાનની વર્તના અને મોક્ષની ઈચ્છા સિવાયની બધી જ ક્રિયા અનર્થદંડ છે. 'સર્વ જીવો મોક્ષે જાઓ !' 'સવિ જીવ કરું શાસનરસી !' એ ભાવ ભગવાનનું સર્વસ્વ છે.

વિનાશીના ચિંતનથી વિનાશી સંસાર અનાદિથી ચાલતો આવ્યો છે. અને એમાં જ ગોથા ખાધે રાખીએ છીએ. તો હવે અવિનાશી સાથે જોડાઇએ અને અવિનાશીના સ્વરૂપને જ ચિંતવીએ જેથી, દેહાધ્યાસ તૂટે, દેહભાવ છૂટે, ધર્મભાવ આવે, આત્મભાવ જાગે, દેહભાન ભૂલાય, આત્મભાનમાં રહેવાય. આત્મરમમાણ થવાય, સ્વરૂપસ્પર્શના થાય, સ્વરૂપ વેદાય અને અંતે સ્વરૂપસ્થ થવાય.

દર્શન, જ્ઞાન, ચારિત્ર એ રત્નત્રયી છે. એ ત્રણ રત્નો મળે અને રત્નત્રયીની આરાધના થાય, તે જ મૂળમાર્ગ છે. એ મૂળમાર્ગથી મોક્ષમાળા વરાય છે. એ 'મૂળમાર્ગ રહસ્ય' દર્શાવતી શ્રીમદ્ રાજચંદ્રની રચનાથી રત્નત્રયીની સુસ્પષ્ટ સમજ પ્રાપ્ત થાય છે.

દેહ અને આત્માની ભિન્નતાની સમજણરૂપ ભેદજ્ઞાન એ જ્ઞાન છે. આગળ ઉપર દેહતાદાત્મ્યભાવ જતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન બને છે. પરિણામ સ્વરૂપ દેહભાન જતાં સમ્યગ્ ચારિત્ર આવે છે. એ સમ્યગ્ ચારિત્ર, કેવળજ્ઞાન પ્રગટીકરણથી સહજ યોગપ્રવર્તનરૂપ બને છે, જે સાકાર પરમાત્મત્વ એવું તેરમું ગુણસ્થાનક છે. એ દેહ છતાં દેહાતીત વર્તના છે.

આ વિદેહી અવસ્થા છે, જે આયુષ્યના છેવાડે યોગ છતાં યોગ-વ્યાપાર અભાવ એવી યોગાતીત અયોગી કેવળી અવસ્થામાં પરિણમે છે, અને તે ચૌદમું ગુણસ્થાનક છે. અંતે દેહ છૂટી જતાં નિર્વાણ થયેથી અદેહી બનાય છે જે સ્વરૂપાવસ્થા એવી સિદ્ધાવસ્થા છે.

ઉપરોક્ત શૃંખલાના અનુસંધાનમાં કહી શકાય કે...

'જે દેહાધ્યાસ તોડી, દેહભાવ છોડી, દેહભાન ભૂલી, આત્મભાને આત્મભાવમાં રહી આત્મરમમાણ થાય છે કે આત્મામાં સ્થિતિ કરે છે તે કેવળજ્ઞાની છે.'

સત્, અસત્ સાથે અને ચિદ્, અચિદ્ સાથે જોડાવાથી આનંદ, સુખદુ:ખ રૂપે પરિણમ્યો છે. સત્ અને ચિદ્ સાથે જોડાઇએ, અને અસત્ અને અચિદ્‌થી છૂટીએ તો સુખ દુ:ખના દ્વૈતાનંદમાંથી અદ્વૈતાનંદમાં આવીએ અર્થાત્ સચ્ચિદાનંદ સ્વરૂપને પામીએ. ટૂંકમાં 'અનિત્યનો પ્રવાહ ખાળીએ, નિત્ય સંગે રહીએ તો નિત્ય થઇએ.'

સ્વરૂપજ્ઞાન એ પ્રકાશ છે. એ તર્કસંગત તત્ત્વ છે, જે આત્મસ્વરૂપનો નિર્ણય છે. એ સ્વરૂપજ્ઞાનને જ સમ્યગ્જ્ઞાન કહેલ છે, જ્યારે સમ્યગ્દર્શન એ ઉત્કંઠા કે તલપ યા લગની છે. એ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનના પરિણામ સ્વરૂપ પૌદ્‌ગલિક પદાર્થો અને દુન્યવી વ્યવહારો પ્રત્યેના ત્યાગ વૈરાગ્યાદિ હૃદયંગત મનોભાવ એ ભાવ ચારિત્ર છે, જેની દૃશ્યરૂપ બાહ્ય ચેષ્ટા એ દ્રવ્ય ચારિત્ર્ય છે.

સમ્યગ્જ્ઞાન એ Connection–જોડાણ છે જ્યારે સમ્યગ્દર્શન એ Relation–એકાત્મતા છે. 'સમ્યક્ત્વ એટલે સત્ અવિનાશીની પ્રીતિ.'

ઊંઘ આપુકી, બાપુકી અને એકાકી હોય છે એમ સમ્યગ્જ્ઞાન એટલે કે અધ્યાત્મ પણ આપુકી, બાપુકી અને એકાકી કરીએ ત્યારે સમ્યગ્દર્શન થાય.

આત્મ સ્વરૂપનો નિર્ણય તો થયો પણ આત્મસ્વરૂપનું લક્ષ્ય થયું ? જો આત્મસ્વરૂપનું લક્ષ્ય થાય તો દૃશ્ય જગત પ્રતિ ત્યાગ અને વૈરાગ્ય હોય, પ્રગટ પરમાત્મ સ્વરૂપ વ્યક્તિની ભક્તિ હોય અને હૈયે સ્વરૂપપદ પ્રગટીકરણની સતત ઝંખના હોય.

આ દૃશ્ય જગતનું પાવર હાઉસ (શક્તિસ્રોત કેન્દ્ર) આત્મામાં રહેલ જ્ઞાન દર્શન ચારિત્ર કુંડલિની એટલે કે ચિદ્શક્તિ છે. સંસારમાર્ગે એ શક્તિનો ઉપયોગ દેહભાવે છે, જે મિથ્યા ઉપયોગ છે. જ્યારે અધ્યાત્મમાર્ગે અર્થાત્ મોક્ષમાર્ગે એ શક્તિનો ઉપયોગ આત્મભાવે છે જે સમ્યગ્ ઉપયોગ છે. શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્ર, શક્તિ અરિહંત, સિદ્ધ પરમાત્મા અને કેવળી ભગવંતોમાં હોય છે. ટૂંકમાં સૂત્રાત્મક સ્વરૂપે કહી શકાય કે...

મિથ્યા દર્શન જ્ઞાન ચારિત્રાણિ સંસાર માર્ગ:
સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ માર્ગ:
પૂર્ણ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ:

શ્રદ્ધેય પદાર્થ સાથે શ્રદ્ધાથી અભેદ થવાનું છે. લક્ષ્ય પદાર્થ સાથે લક્ષણથી અભેદ થવાનું છે. ધ્યેય પદાર્થ સાથે ધ્યાનથી અભેદ થવાનું છે.

શ્રદ્ધા એ ભક્તિ યોગ છે. એ સમર્પિતતા છે. 'પરમાત્માથી જીવું છું!' 'પરમાત્મા માટે જીવું છું !' 'પરમાત્મા વડે જીવું છું !' અને 'પરમાત્મામાં રહીને જે કાંઈ કરું છું તે પરમાત્મશક્તિથી કરું છું !' એવી ભાવના થવી તે જ શ્રદ્ધા અને તે જ સમ્યગ્દર્શન !

લક્ષણથી લક્ષ્ય પદાર્થ સાથે અભેદ થવું એટલે જ્ઞાનયોગમાં રહેવું. જ્ઞાન દર્શનાદિ આત્માની ધાતુ એટલે કે આત્માના ગુણ હોવાથી એ આત્મત્વ અર્થાત્ જીવત્વના લક્ષણ પણ છે. જ્ઞાનદર્શનાદિ ગુણ જેના સહજ સ્વાભાવિક છે તે વીતરાગ છે. જે જ્ઞાનમાં રાગ નથી તે જ્ઞાન વીતરાગ જ્ઞાન છે. એ જ સહજ સ્વાભાવિક નિર્વિકલ્પ કેવળજ્ઞાન છે. આમ આપણા આત્મસ્વરૂપના લક્ષણરૂપ જે જ્ઞાનદર્શનાદિ છે એ જ્ઞાન દર્શનના ઉપયોગમાંથી રાગ કાઢી વીતરાગ બનવું તે જ લક્ષણને લક્ષ્યથી અભેદ કરવાની અર્થાત્ લક્ષણને લક્ષ્યસ્વરૂપમાં વિકસિત કરવાની સાધના છે. એ તો સ્વયંના મતિજ્ઞાનને અવિકારી વીતરાગ મતિજ્ઞાન (બારમું ગુણસ્થાનક) બનાવી કેવળજ્ઞાન (તેરમું ગુણસ્થાનક) પામવાની જ્ઞાન આરાધના છે.

ધ્યેયરૂપ પદાર્થમાં ધ્યાનથી અભેદ થવું એટલે લોગસ્સ આદિના કાઉસગ્ગ ધ્યાનમાં રહેવું. લોગસ્સમાં પ્રગટ સ્વરૂપી પરમાત્મ વ્યક્તિઓ અને ક્ષાયિકભાવ એમ દ્રવ્ય અને ભાવ અર્થાત્ પરમાત્મવ્યક્તિરૂપ દ્રવ્ય (ઋષભસ્વામીથી લઈ મહાવીરસ્વામી) અને તે પરમાત્મવ્યક્તિરૂપ પરમશુદ્ધ સ્વરૂપગુણરૂપી ભાવ એ ઉભયનું ધ્યાન છે, જે વર્તના એટલે કે ચારિત્રરૂપ છે. ધ્યાન એ ચારિત્રમાં ગુપ્તિનો પ્રકાર છે અને કાઉસગ્ગ પણ ગુપ્તિ છે, જે વિરતિનો ભેદ છે. એ ચૌદમા ગુણસ્થાનક શૈલેશીકરણલક્ષી સાધના છે. માટે જ આપણે ત્યાં કાઉસગ્ગમાં લોગસ્સના કાઉસગ્ગનું પ્રાધાન્ય છે કે લોગસ્સ નહિ આવડે તો જ ચાર નવકારનો કાઉસગ્ગ. લોગસ્સ અથવા નવકારનો કાઉસગ્ગ એવો વિકલ્પ નથી આપ્યો.

સાધનાનો નિશ્ચય એટલે શ્રદ્ધા જે દર્શન છે, એ આંધળુકીયા નથી પણ આત્મવિશ્વાસ છે. શ્રદ્ધા કાંઈ નિર્બળતાની નિશાની નથી પણ સામર્થ્યની સૂચક છે. શ્રદ્ધા વિના આધ્યાત્મ માર્ગમાં કે જીવનમાં આગળ વધી શકાતું નથી.

સાધ્ય, સાધન અને સાધનાની સમજણ એ જ્ઞાન છે જ્યારે સાધનાનો અમલ એ ચારિત્ર છે. અર્હંની શ્રદ્ધા એટલે બુદ્ધિની શરણાગતિ. અને સિદ્ધમ્‌ની શરણાગતિ એટલે આત્મપ્રદેશની શરણાગતિ. પરિણામ સ્વરૂપ બુદ્ધિ કેવળજ્ઞાન (બુધ-બુદ્ધ) બને અને આત્મપ્રદેશ અનંત આનંદવેદન વેદે.

'અર્હમ્'નું મિલન દર્શનાચાર છે. 'એ'નું મિલન જ્ઞાનાચાર છે. 'અર્હમ્' અને 'એ'ના મિલનથી સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિમાં થતી ગતિ તે ચારિત્રાચાર છે. અને અંતે મોક્ષ થતાં સ્વરૂપમાં થતી સ્થિતિ તે જ તૃપ્તિ, પૂર્ણકામ કે તપાચાર છે.

બોધ એટલે સમજવું અર્થાત્ બુદ્ધિમાં ઉતારવું તે જ જ્ઞાન. સદ્દહવું એટલે હૈયામાં ઉતારવું અર્થાત્ સંવેદવું તે જ શ્રદ્ધા. બુદ્ધિમાં બેઠેલાં અને હૃદયમાં ઊતરેલા એ બોધને 'ઇદમેવ સત્યમ્'-'આ જ સત્ય'ના નિશ્ચયથી આચરવું, અમલમાં મૂકવું તે જ ચારિત્ર. આમ બોધ, શ્રદ્ધા, આચરણ તે જ જ્ઞાન, દર્શન, ચારિત્ર.

આત્મવિશ્વાસ (દર્શન), આત્મજ્ઞાન (જ્ઞાન), અને આત્મસંયમ (સ્વરૂપશાસન-ચારિત્ર)–એ ત્રણ તત્ત્વો જ જીવનને પરમ શક્તિસંપન્ન પરમાત્મા બનાવે છે.

સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર પરમાત્મ કથિત નવતત્ત્વની શ્રદ્ધા એ દર્શન છે. જીવવિચાર અને કર્મગ્રંથનો અભ્યાસ એ જ્ઞાન છે. દર્શન જ્ઞાનયુક્ત જીવદયા પાલન (ષડકાય રક્ષા) અને કષાયનાશની પ્રતિજ્ઞાપૂર્વકનું નિષ્પાપ નિર્દોષ જીવન એ ચારિત્ર છે, જે આચારાંગસૂત્ર અને દશવૈકાલિક સૂત્રમાં વર્ણવેલ છે. આવાં આ દર્શન જ્ઞાન ચારિત્ર અંતર્ગત અવિરત મોક્ષનું લક્ષ્ય કે મોક્ષાભિલાષ એ તપ છે.

જ્ઞાન મૂળ છે. દર્શનને પણ મૂળ કહ્યું છે. તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં વાચક ઉમાસ્વાતિજીએ 'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि-मोक्षमार्गः' સૂત્રમાં તથા નવપદજી અને સિદ્ધચક્રયંત્રમાં દર્શનનું સ્થાન પ્રથમ છે જ્યારે ઋષિમંડળ સ્તોત્રમાં 'ૐ અસિયાઉસા જ્ઞાનદર્શનચારિત્રેભ્યો હ્રીં નમ:' એ મંત્રમાં જ્ઞાન પ્રથમ છે. એમ કેમ ?

જ્ઞાયકતા એ જીવનું જીવત્વ એટલે કે આત્માનું લક્ષણ છે. જ્ઞાન વિનાનો જીવ નથી. જીવ છે તો જ્ઞાન છે અને જ્ઞાન છે તો જીવ છે. અવિનાભાવી સંબંધ છે. જ્ઞાન સાચું પણ હોય અને ખોટું પણ હોય. જ્ઞાન સાચું તો દર્શન સાચું. દર્શન સાચું તો જ્ઞાન સાચું. જ્યારે જ્ઞાન ખોટું તો દર્શન ખોટું અને દર્શન ખોટું તો જ્ઞાન ખોટું. દર્શન આંખ કરે અને જ્ઞાન મન (મતિ-બુદ્ધિ), આંખ કર્ણાદિ પાંચ ઈન્દ્રિયોના માધ્યમથી કરે. ક્યારેક દર્શન પ્રથમ અને જ્ઞાન પછી, તો ક્યારેક જ્ઞાન પ્રથમ અને દર્શન પછી. જીવની અપૂર્ણ અવસ્થામાં દર્શન અને જ્ઞાનના ભેદ પડી ગયા છે. પૂર્ણાવસ્થામાં દર્શનજ્ઞાનાદિ અભેદ યુગપદ્ છે. અથવા તો દર્શન સામાન્ય છે, જે વિશેષ એવાં જ્ઞાનમાં સમાઈ જાય છે.

આપણા જીવનવ્યવહારમાં, અપૂર્ણાવસ્થામાં પણ એ અભેદતાની આછી ઝલક સાંપડે છે. કારણવશાત્ વીજળી ચાલી ગઈ અને અંધારપટ છવાઈ ગયો. કાંઈ સૂઝે નહિ અને મુંઝારો થાય, બફારો થાય. પણ જેવી વીજળી આવે અને લાઈટ એટલે પ્રકાશ આવે કે બધું હસ્તામલકવત્ દેખાય અને હાશ થાય કે પ્રકાશ થયો. આ પ્રકાશ થયો એટલે કે જ્ઞાન થયું અને એ જ્ઞાનપ્રકાશમાં જે દેખાયું તે દર્શન. આમ જ્ઞાનદર્શન યુગપદ્ છે. આત્મતેજ કે આત્મજ્યોત પ્રગટે તો આત્મા ઉપર છવાઈ ગયેલ મોહાવરણરૂપ અંધકાર હટે અને આત્મદર્શન થાય. અથવા તો દ્રવ્યનું દેખાવું તે દર્શન અને દ્રવ્યના આધારે દ્રવ્યમાં રહેલાં દ્રવ્યના ગુણપર્યાયનું જણાવું તે જ્ઞાન.

જ્યાં જ્ઞાનને પ્રથમ સ્થાન અપાય છે ત્યાં જીવત્વના લક્ષણ જ્ઞાયકતાનું પ્રાધાન્ય છે કે જ્ઞાન જ મૂળ છે અને કેવળજ્ઞાનરૂપે જ્ઞાન જ ફળ છે. જ્ઞાન

અને દર્શન ઉભય મળી ઉપયોગ બને છે. જ્ઞાન એ સાકાર અને વિશેષ ઉપયોગ છે. જ્યારે દર્શન એ નિરાકાર અને સામાન્ય ઉપયોગ છે.

દ્રવ્યના પ્રદેશપિંડસહ એના રૂપરંગનું દેખાવું તે દર્શન અને દ્રવ્યના ગુણપર્યાય (ભાવ)નું જણાવું તે જ્ઞાન.

સાકર, સ્ફટિક અને ફટકડીનું દેખાવું તે દર્શન. જ્યારે સાકર, સ્ફટિક, ફટકડીના ગુણધર્માદિએ કરીને જેનાથી એ ત્રણે પદાર્થમાં ભેદ પાડી શકાય તે જ્ઞાન.

સામાન્ય વિશેષમાં સમાઈ જાય એ ન્યાયે પૂર્ણાવસ્થામાં દર્શન જ્ઞાનમાં સમાઈ જાય છે એવો પણ એક સિદ્ધાંતમત છે. સામાન્ય વિશેષથી જુદું નથી હોતું. વિશેષને ખસેડીને સામાન્ય રહી શકે નહિ, પણ વિશેષને અનુસરીને રહે.

જ્યાં દર્શનને પ્રથમ સ્થાન અપાય છે ત્યાં અપેક્ષા એ છે કે દર્શન અર્થાત્ સમ્યગ્દર્શન પૂર્વે પણ જ્ઞાન તો છે જ, પણ દર્શન સમ્યગ્ ન હોવાના કારણે એ જ્ઞાનને મતિઅજ્ઞાન. શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન કહેલ છે. પ્રથમ દર્શન સમ્યગ્ બને છે જેના પરિણામરૂપ જ્ઞાન સમ્યગ્જ્ઞાન બને છે. અર્થાત્ અનંતાનુબંધીના કષાયરૂપ વિકારનું નિર્મૂલન થાય તો દર્શન અવિકારી થાય. જેટલે અંશે દર્શન અવિકારી તેટલે અંશે દૃશ્યની સમજણ અવિકારી એટલે કે અવિકારી જ્ઞાન. આપણે ત્યાં કહ્યું છે કે સમકિત વિણ નવ પૂરવી અજ્ઞાની. બાકી દર્શન અને જ્ઞાનનો પરસ્પર અવિનાભાવી સંબંધ છે.

ઉપરાંત કર્મગ્રંથમાં પણ શ્રુતજ્ઞાનના ચૌદ ભેદમાં સમ્યક્શ્રુત અને મિથ્યાશ્રુત એવાં જે ભેદ પાડ્યા છે તે સમ્યક્ત્વ પ્રાપ્તિ-અપ્રાપ્તિની અપેક્ષાએ જ છે. કારણ કે 'દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ' છે. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'. 'સૃષ્ટિ પ્રમાણે દૃષ્ટિ' એ તો લોકવાદ કે લોકવ્યવહાર છે જે ત્યાજ્ય (હેય) છે. 'દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ' એ સાધનાપદ છે. તેથી જ દૃષ્ટિ પરિવર્તન અર્થાત્ દૃષ્ટિમાં સુધારો કરવા એટલે કે સમ્યગ્દર્શન પામવા માટે ધર્મ છે, જે ઉપાદેય છે અને તેના આધારે જ ફળસ્વરૂપ કેવળદર્શન, કેવળજ્ઞાનની પ્રાપ્તિ છે, કે જે અવસ્થામાં દૃષ્ટિમાં પછી કોઈ બદલાવ જ નથી એવી, 'દૃષ્ટિ એવી દૃષ્ટિ'નો પ્રકાર છે, જે સાધ્યપદ છે. 'સૃષ્ટિ એવી સૃષ્ટિ' એ દૃશ્ય જગત છે અને તે જગત વ્યવસ્થા છે, જે માત્ર જ્ઞેય છે.

સમ્યગ્દૃષ્ટિ, સાપેક્ષદૃષ્ટિ, સ્યાદ્વાદદૃષ્ટિ, અનેકાન્તદૃષ્ટિ એમ કહેલ છે, કારણ કે દૃષ્ટિ એવંભૂતનય છે. જે સમયે જેવો દૃષ્ટિપાત થાય છે તેવો કર્મબંધ પડે છે. દૃષ્ટિ એ ભાવ તત્ત્વ છે. સમજણ જ્ઞાન સાપેક્ષ છે અને જેવું જ્ઞાન હોય છે તેવો દૃષ્ટિપાત થતો હોય છે.

દર્શન શબ્દનો પ્રયોગ ભિન્ન ભિન્ન સંદર્ભમાં ભિન્ન ભિન્ન રીતે થતો હોય છે. દર્શનનો એક અર્થ છે આધ્યાત્મિક સમજ, આધ્યાત્મિક વિચારણા કે આધ્યાત્મિક અભિગમ Philosophy. એને શાસ્ત્ર પણ કહેવાય છે, જે જુદી જુદી વિચારસરણીના જુદા જુદા હોય છે. એમાં મુખ્ય ષડદર્શન, જેવાં કે જૈન કે સ્યાદ્વાદદર્શન, વેદાન્તદર્શન, વૈશેષિકદર્શન, જૈમિનિયદર્શન, સાંખ્યદર્શન, યોગદર્શન, બૌદ્ધદર્શનાદિ આસ્તિક દર્શનો છે અને ચાર્વાકદર્શન જે નાસ્તિક દર્શન છે.

દૃશ્યની આંખ સમક્ષની સાક્ષાત પ્રત્યક્ષતાને પણ દર્શન અર્થમાં ઘટાવાય છે, કે જેને દીદાર થયાં કહેવાય છે.

તત્ત્વની પ્રતીતિ થવી, તત્ત્વની અનુભૂતિ થવી કે તત્ત્વનો બોધ થવો એવું અર્થઘટન પણ દર્શનનું થતું હોય છે.

નવપદ અને સિદ્ધચક્રયંત્રના દર્શનપદનો જે અર્થ અભિપ્રેત છે તે દર્શનાચાર છે જે પાંચ આચાર પૈકીનો પ્રથમ છે.

દર્શન, દર્શનમોહનીયકર્મ, દર્શનાચાર અને દર્શનાવરણીયકર્મ એવાં વિધવિધ શબ્દપ્રયોગ, દર્શન શબ્દને કેન્દ્રિત રાખી જૈનદર્શનમાં થતાં હોય છે.

શુદ્ધ આત્માની શુદ્ધ દર્શનશક્તિ એ કેવળદર્શન છે, કે જેમાં દર્શન માટે કોઈ બહારના સાધન કે માધ્યમની આવશ્યકતા નથી. એ શુદ્ધ દર્શનશક્તિ પ્રગટ થયેથી આત્માને એના સર્વ આત્મપ્રદેશે કોઈપણ બાહ્ય સાધન વિના સર્વ ક્ષેત્રના, સર્વ કાળના, સર્વ દ્રવ્યો તેના સર્વ ગુણપર્યાય (ભાવ) સહિત સહજ દેખાય છે.

પરંતુ આત્માની પોતાની અશુદ્ધિના કારણે આ દર્શનશક્તિ ઉપર આવરણ છવાઈ જાય છે એટલે કે આવૃત થઈ (ઢંકાઈ) જાય છે. આત્માની આ શુદ્ધ દર્શનશક્તિ ઉપરનું આવરણ તે જ 'દર્શનાવરણીયકર્મ.' આ દર્શનાવરણીયકર્મના કારણે શુદ્ધ સ્પષ્ટ દર્શન થતું નથી, જેથી દર્શનને માટે બાહ્ય પર સાધનોની આવશ્યકતા ઊભી થાય છે. ફળસ્વરૂપ ચક્ષુદર્શન માટે આંખ અને અચક્ષુદર્શન માટે બાકીની ચાર ઈન્દ્રિયોની મદદ લેવી પડે છે, જેના વડે કંઈક મર્યાદિત, અસ્પષ્ટ દર્શન પોતપોતાને, પોતપોતાના દર્શનાવરણીય કર્મ અનુસાર મળેલાં સાધનના માધ્યમથી થતું પરોક્ષ દર્શન છે. 'પરોક્ષ' વિશેષણનો પ્રયોગ એટલા માટે કર્યો કે આત્મપ્રદેશ એ દર્શન સીધેસીધું પ્રત્યક્ષ Direct નથી કરતાં પણ પ્રાપ્ત બાહ્ય પર સાધન વડે Indirect કરે છે. આ સમજવા માટે આપણો પોતાનો વર્તમાન જીવન અનુભવ બહુ ઉપયોગી છે. આપણને સહુને આંખો મળી છે. એ આંખોને દીર્ઘ કે ટૂંકી દૃષ્ટિનો રોગ લાગુ પડે તો પછી એ આંખો સ્વતંત્ર રીતે સ્પષ્ટ દર્શન કરવા સક્ષમ રહેતી નથી. એટલે એને બાહ્ય સાધન ચશ્માનો ઉપયોગ અનિવાર્ય થઈ પડે છે. આમ જે રીતે ચશ્મા વડે આંખ જુએ છે તે રીતે આંખ અને ઈન્દ્રિયો વડે અપૂર્ણ આત્મા જુએ છે.

હવે પ્રાપ્ત શક્તિ અને પ્રાપ્ત સાધનથી જે કોઈ દર્શન કરવામાં આવે છે, ત્યારે એ દર્શનની પાછળ વ્યક્તિનો (જોનાર આત્માનો) સ્વાર્થ, મતલબ, હેતુ, ઈરાદો, આશય, પ્રયોજન કે લક્ષ છૂપાયેલ હોય છે. અર્થાત્ જે કાંઈ દર્શન કરાય છે તે રાગદ્વેષ, અજ્ઞાન કે જ્ઞાનપૂર્વકનું પણ મોહરંજિત દર્શન હોય છે. પરિણામ સ્વરૂપ સત્ય કહેતાં સમ્યગ્ કે યથાર્થ દર્શન ન થતાં તે દૃષ્ટાના રંગ (વૃત્તિ)થી રંગાયેલું અસત્ એટલે કે મિથ્યાદર્શન થાય છે.

ઉદાહરણ તરીકે ગાયનું દૃશ્ય લઈએ. એક ગાય છે. એને જોનારા પાંચ જણ છે. અનુક્રમે એ પાંચ ચિત્રકાર, ખેડૂત, બ્રાહ્મણ, ભરવાડ અને કસાઈ છે. એ પાંચે ય જણ જુએ છે તો ગાય જ, પણ એ જોનારા પાંચેય દૃષ્ટાનું દર્શન પોતપોતાના રંગે રંગાયેલ મોહરંજિત હશે. ચિત્રકાર ગાયના રંગરૂપ, શીંગડાના વળાંક આદિની મોહકતા નિહાળશે. ખેડૂત એ ગાય થકી મળી શકનાર બળદ, છાણાદિની ખેતીમાં ઉપયોગિતાના ઇરાદે ગાયનું મૂલ્યાંકન કરશે. બ્રાહ્મણ એ ગાયમાં ગૌમાતાના અને તેંત્રીસ ક્રોડ દેવતાના નિવાસથી એની પવિત્રતાનાં દર્શન કરશે. ભરવાડને મન ગાયની દૂધ આપવાની ક્ષમતાનું જ મહાત્મ્ય હશે જ્યારે કસાઈ એ ગાયમાંથી કેટલું માંસ મળી શકશે, એ સ્વાર્થથી એ ગાયની હૃષ્ટપુષ્ટતાને જોશે. આ સર્વના દર્શન મોહપ્રેરિત છે. જેવો જેવો જેનો દૃષ્ટિપાત, તેવું તેવું તેનું દર્શન અને તેવું તેવું કર્મબંધન. આમ પોતપોતાના દૃષ્ટિપાત અનુસાર અશુદ્ધ વિકારી ભાવનું આવરણ તે જ 'દર્શનમોહનીયકર્મ.' એ જ શુદ્ધ આત્મસ્વરૂપ શક્તિને મલિન કરનાર અશક્ત કે અલ્પશક્તિમાન

બનાવનાર મૂળ અશુદ્ધિ છે અથવા તો પ્રધાન અશુદ્ધિ છે.

ઉપરોક્ત ઉદાહરણમાં બધાંય જોનારા ગાયને ગાય તરીકે જ જુએ છે અને ભેંસ કે યાક તરીકે નથી જોતાં એ દર્શન 'સૃષ્ટિ એવી સૃષ્ટિ' પ્રકારનું છે. પ્રત્યેક જોનારાનું પોતપોતાના દૃષ્ટિપાત પ્રમાણેનું જે આંતરિક ભાવદર્શન છે એ 'દૃષ્ટિ એવી સૃષ્ટિ' પ્રકારનું દર્શન છે. કારણ કે જેટલાં જોનારા છે તેટલાં જગત છે. જોનાર જેવું જુએ છે તેવું તે જોનારાનું પોતાનું જગત હોય છે. દૃષ્ટા જો જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ હોય તો એ ગાયમાં એને પોતાના જેવાં જ જીવત્વ (આત્મા)નું દર્શન થશે, જીવત્વનો સ્વીકાર અને આદર કરશે, કર્મવશ એની આવી તિર્યંચ પરાધીન અવસ્થાના દર્શનથી એ અબોલ નિસહાય પરાધીન જીવની સેવા, રક્ષા, પાલના, સમાધિ આપવાના ભાવ જાગશે. એ સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટા તો હૈયે એવી શુભ ચિંતવના કરશે કે ક્યારે આ જીવ પણ મનુષ્યત્વની પ્રાપ્તિ કરીને મોક્ષ પામે કે જેથી સર્વ બંધન, સર્વ પરાધીનતામાંથી એને મુક્તિ મળે. આ પ્રેમ કરુણાના બ્રહ્મભાવ છે જે બ્રહ્મદૃષ્ટિ છે કે આત્મદૃષ્ટિ છે.

પરિણામ દશ્યને નથી પણ દૃષ્ટિ પ્રમાણે દૃષ્ટાને છે. કહ્યું છે કે...'ક્રિયાએ કર્મ, ઉપયોગે ધર્મ અને પરિણામે બંધ.' દૃષ્ય કરતાં અનેકગણો વિચાર દૃષ્ટિપાતનો કરવાનો છે.

દૃષ્ટિપાત સત્ રૂપે કરવો તે સર્વ સાધનાનો સાર છે.

દૃષ્ટિથી દૃષ્ટિને જોવી તે જ નિશ્ચય જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ છે. તેનાથી સઘળાં પાપ જાય છે. દૃષ્ટિથી દૃષ્ટિને જોવી એટલે અંદર સમાવું. અર્થાત્ દશ્ય જગતને ખતમ કરી દેવું. દૃષ્ટિ વડે દૃષ્ટિને જોવી એટલે સ્વના દૃષ્ટા બનવું અર્થાત સમ્યગ્દૃષ્ટા થવું. જ્યાં પાણી હોય ત્યાં ખોદીએ તો પાણી નીકળે. તે જ પ્રમાણે આત્મપ્રદેશે રહેલ સુખનિધિ પામવા માટે દૃષ્ટિ ઉપર દૃષ્ટિ કરવાથી આવરણભંગ થઈ સુખનિધિ પામી શકાય છે. દૃષ્ટિને જ દૃષ્ટા બનાવવી એ શ્રેષ્ઠ ધ્યાન છે. ષટ્ચક્રની યૌગિક ધ્યાન પ્રક્રિયા આવો જ એક પ્રકાર છે. પરંતુ ષટચક્રમાં ધ્યાન ધરવામાં તે તે ચક્રો ઉપર દૃષ્ટિનું સ્થાપન કરી દશ્ય ઊભું કરવું પડતું હોવાથી ત્યાં દૃષ્ટિ અને દશ્યનો ભેદ રહે છે. જ્યારે દૃષ્ટિ વડે દશ્ય જોવાથી દશ્ય અદશ્ય થાય છે અને દૃષ્ટિ દૃષ્ટિથી અભેદ થાય છે. પરિણામસ્વરૂપ આવરણભંગ થવાથી આત્માનું આત્મામાં જ રહેલું સ્વયંનું પરમ ચૈતન્ય સુખ અનુભવાય છે.

દૃષ્ટિ ઉપર દૃષ્ટિ કરવારૂપ ધ્યાન ધરવાથી કોઈ પણ પદાર્થ ઉપર જેવો સંકલ્પ કરવામાં આવે છે તેવું પરિણામ મળે છે. પદાર્થ જેવો હોય તેવો દેખાય છે અને તેનું જ્ઞાન થાય છે. બાકી તો દશ્ય સાથે અનાદિથી જીવે દૃષ્ટિને મેળવી છે અને સર્વથા પ્રધાનતા આપેલ છે. પરિણામે જીવને પુદ્ગલસ્કંધોનું અને અભ્યંતરમાં મલિન મોહભાવનું આવરણ થાય છે. વસ્તુતઃ દૃષ્ટિ ઉપર દૃષ્ટિ કરવાથી તો પ્રામાણિકતા આવે છે અને શુદ્ધિ થાય છે. દૃષ્ટિ ઉપર દૃષ્ટિ કરવાથી જે આત્મતેજ ઉત્પન્ન થાય છે, કર્મક્ષયથી જે નિરાવરણતા આવે છે તેનાથી આગળ આગળનો વિકાસ સધાય છે.

વર્તમાનકાળના જ્ઞાનોપયોગને જોવાં એ દૃષ્ટિ ઉપર દૃષ્ટિ કરવા બરોબર છે. નિર્વિકારી દૃષ્ટિ, અશુદ્ધ (વિકારી) દૃષ્ટિ ઉપર કરીએ તો તે અશુદ્ધ દૃષ્ટિ શુદ્ધ બને અને વિશ્વ જેવું છે તેવું દેખાય. દૃષ્ટિ ધર્મ છે પણ દશ્ય ધર્મ નથી, એ ભૂલવા જેવું નથી.

જોનારી દૃષ્ટિ સ્વચ્છ, નિર્મળ, નિર્વિકારી, વીતરાગ છે તો સર્વ કાંઈ જેવું છે તેવું, જેવડું છે તેવું હસ્તામલકવત્ સુસ્પષ્ટ દેખાય. એ એના જેવું છે આંખ સારી સ્વચ્છ હોય તો દૃષ્ય જગત બરોબર દેખાતું હોય છે.

કરણ ઉપકરણ એ દશ્ય તત્ત્વ છે પણ દર્શન તત્ત્વ નથી. દર્શન તત્ત્વ જીવ સ્વયં છે. જીવે શ્રુતમાં શ્રદ્ધા રાખીને છૂટી જવાનું છે, દશ્યમાં અસત્તા એટલે વિનાશીતા વિચારીને મોહરચિત થવાનું છે.

'હું' એ દશ્ય તત્ત્વ નથી. 'હું' એ અભ્યંતર દૃષ્ટિતત્ત્વ એટલે કે ભાવતત્ત્વ છે. દૃષ્ટિ એટલે અંદરની શુદ્ધ થયેલી જ્ઞાનદશા. દશ્ય પદાર્થ પ્રત્યેની દૃષ્ટિ ધ્યાનમાં જવાથી ખસી જશે જેના પરિણામે દશ્ય પદાર્થ પ્રત્યેનો રાગ પણ ખસી જશે. જગતમાં જે સૌંદર્ય છે તે આત્માનું છે કે આત્માની દૃષ્ટિનું છે. દશ્યનું નથી. માટે તો કહ્યું કે...'પિંડે સો બ્રહ્માંડે.' દૃષ્ટિ જેમ જેમ સ્વલક્ષી એટલે કે આત્મલક્ષી થતી જાય તેમ તેમ ગુણારોહણ થતું જાય.

દૃષ્ટિ વીતરાગ હશે તો દૃષ્ટા સર્વજ્ઞ સર્વદર્શી હશે. સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી સમગ્ર દર્શન હશે. વર્તમાનદશાનું કારણ ભૂતકાળ અને વર્તમાનદશાનું પરિણામ ભાવિકાળનું પણ દર્શન હશે તેથી એ વીતરાગ દૃષ્ટાની 'દૃષ્ટિ એવી દૃષ્ટિ' રહેશે જે સહજ દૃષ્ટિ છે. એમાં કારણકાર્યની પરંપરા અને કૃતકૃત્યતાના દર્શન છે.

વાસ્તવિક જો પારમાર્થિક તેજ હોય તો તે સૂર્યનું તેજ નહિ પણ આત્માની દૃષ્ટિનું તેજ છે. સૂર્યનું તેજ ઉદય-અસ્ત રૂપે છે. અને અમુક ક્ષેત્ર પૂરતું મર્યાદિત છે. વીતરાગી કેવળજ્ઞાની ભગવંતની દૃષ્ટિ લોકાલોક પ્રકાશ અમર્યાદ, અસીમ અને સર્વકાલીન એકરૂપ છે.

દર્શન એટલે દૃષ્ટિમાંથી મોહ (રાગદ્વેષ, અજ્ઞાન)ને દૂર કરી વિકારી દૃષ્ટિને અવિકારી દૃષ્ટિ બનાવવી તે ધર્મારાધના એવી સાધકની સાધના છે. દર્શનમાં મોહ છે તેથી તો દર્શનમોહનીયકર્મ કહેલ છે જે દર્શનમોહનીયમાં સુધારો કરી એનો ક્ષયોપશમ કરી એને પ્રથમ સમ્યગ્ બનાવવા કહેલ છે. એ સમ્યગ્ બને ત્યારથી ધર્મારાધનાનો પ્રારંભ થાય. એને પણ સમ્યક્ત્વમોહનીય કહ્યું અને મુહપત્તીના ૫૦ બોલમાં પરિહરીઃ (ત્યજી) દેવા જણાવ્યું કે એ મોહનો પણ ક્ષય કરી ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી સર્વજ્ઞ સર્વદર્શી બનો.

દર્શન શબ્દનો અર્થ તત્ત્વગ્રહણ, તત્ત્વપ્રતીતિ કે તત્ત્વબોધ પણ થતો હોય છે. એ ગ્રહણ કે બોધ સાચો, સાચોખોટો કે ખોટો હોઈ શકે છે. એ ગ્રહણ ખોટું હોય તો તેને મિથ્યાદર્શન કે મિથ્યાત્વ મોહનીય, સત્યાસત્ય હોય તો તેને મિશ્રદર્શન કે મિશ્ર મોહનીય અને સત્ય, યથાર્થ ગ્રહણ હોય તો તે સમ્યગ્દર્શન તરીકે સ્યાદ્વાદ એવાં જૈનદર્શનમાં ઓળખાવાય છે.

મિથ્યાદર્શન એટલે કે મિથ્યાત્વ એ મોહ, મૂઢતા, અજ્ઞાન, વિપર્યાસ અર્થાત્ વિપરીત બુદ્ધિ કે અવળીદૃષ્ટિ છે. પ્રધાનતાએ એ દેહાત્મબુદ્ધિ કે દેહાધ્યાસ છે અને તેથી તે અનાત્મ બુદ્ધિ છે. એ અશુદ્ધ બુદ્ધિ છે જેના કારણે ઉદ્ધતાઈ અને સ્વચ્છંદતા હોય છે.

મિશ્રમોહનીય જે છે એ શુદ્ધાશુદ્ધ છે. એ ભાવમાં આત્મબુદ્ધિ કે તત્ત્વરુચિ પણ નહિ અને અનાત્મબુદ્ધિ કે તત્ત્વ અરુચિ પણ નહિ એવી બુદ્ધિ હોય છે.

સમ્યક્ત્વ મોહનીયમાં ભગવાન જે મળ્યાં છે, એ ભગવાનને પામવાની એટલે કે સ્વયં ભગવાન બની ભગવાનની અભેદ થવાની અર્થાત્ ભગવાનમાં ભળી જવાની, ગળી જવાની, ઓગળી જવાની વિગલનની બુદ્ધિ હોય છે. અર્હમ્ સિદ્ધમ્નું અનુસંધાન એ જ સમ્યક્ત્વ છે !

(ક્રમશઃ)

સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

# શ્રી દેવચંદ્રજી મહારાજ રચિત ઋષભદેવ જિન સ્તવન

## ☐ સુમનભાઈ એમ. શાહ

રાગદ્વેષ અને અજ્ઞાનવશ સાંસારિક જીવ અનાદિકાળથી વિષયાસક્તિને પ્રીતિ માની ચારગતિમાં પરિભ્રમણ કરે છે અને ભ્રાંતિમય સુખદુ:ખ તથા શાતા-અશાતાનો સંતાપ ભોગવે છે. આવી વિટંબણામાંથી છૂટવાની જીવને રુચિ ઉત્પન્ન થાય છે, ત્યારે તે સત્પુરુષની શોધખોળ કરે છે અને ક્યારે મેળાપ થાય એવી ભાવના પણ સેવે છે. આના પરિણામ રૂપે સાધકને કોઈ ને કોઈ સદ્‌ગુરુનો મેળાપ અવશ્ય થાય છે. સદ્‌ગુરુ મારફત સાધકને વીતરાગ ભગવંતના શુદ્ધ સ્વરૂપની ઓળખાણ થાય છે.

આવો સાધક સદ્‌ગુરુની નિશ્રામાં અંતર્મુખ થઈ ચિંતન કરે છે, ત્યારે તેને સમજણ પ્રગટે છે કે વીતરાગ પ્રભુ પ્રત્યે ભક્તિ, પ્રીતિ, અનન્યતા, અહોભાવ, અવલંબન, ઉપાસનાદિ થાય તો તેનું સત્તાગત મૂળ આત્મિકસ્વરૂપ ખુલ્લું થાય. વીતરાગ ભગવંત પ્રત્યે પ્રીતિ અને યથાર્થ ઉપાસના કેવી રીતે થાય તે વિષે પ્રશ્નોત્તર રૂપે શ્રી દેવચંદ્રજી મહારાજ સચોટ ઉપાય શ્રી ઋષભદેવ ભગવાનના સ્તવનમાં પ્રકાશિત કરે છે. અર્થાત્ પરમાત્મા અને સાધક વચ્ચે જે અંતર છે તેને દૂર કરવામાં પ્રીતિ અને ઉપાસના અનિવાર્ય છે, જેની સરળ રીત પ્રસ્તુત સ્તવનમાં દર્શાવી છે.

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કો વચન ઉચ્ચાર...

ઋષભ-૧

શ્રી ઋષભદેવ પ્રભુ સાથે પ્રીતિ સંબંધ કેવી રીતે બાંધી શકાય તેની અંતર્મૂંઝવણ અનુભવી રહેલ સાધકના ઉદ્‌ગારો નીકળે છે.

'હે સદ્‌ગુરુ ! હે ચતુર પુરુષ ! શ્રી વીતરાગ પ્રભુ સાથે પ્રીતિ કેવી રીતે કરી શકાય તેનો વિચાર કરી મને કહો. શ્રી ઋષભદેવ પ્રભુએ તો સઘળાં કર્મોનો ક્ષય કરી સિદ્ધગતિમાં કાયમી સ્થિરતા કરી છે અને ત્યાં વાણીનો વ્યવહાર કોઇપણ રીતે સંભવી શકતો નથી. જે મહાપુરુષ નજીક હોય તેઓની સન્મુખ સરળતાથી પહોંચી શકાય, પરંતુ લોકાગ્રે સિદ્ધશિલા ઉપર સદેહે પહોંચી ન શકાતું હોવાથી, પ્રીતિ કેવી રીતે થઈ શકે ? વળી સિદ્ધશિલા ઉપર વાણીનો વ્યવહાર પણ થઈ શકે તેમ નથી. આવી પરિસ્થિતિમાં હે સદ્‌ગુરુ ! તેઓની સાથે મારે પ્રીતિ કેવી રીતે જોડવી તે કહો.

કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તિહાં કો પરધાન;
જે પહોંચે તે તુમ સમો, નહીં ભાખે હો કોનું વ્યવધાન...

ઋષભ-૨

શ્રી સિદ્ધ પરમાત્મા સાથે પ્રીતિ સંબંધ તાર-ટપાલ-પત્રાદિ જેવા પ્રચલિત વ્યવહારથી પણ બાંધી શકાતો નથી. કારણ કે કોઈ શરીરધારી ત્યાં પહોંચી શકતો નથી. જે ભવ્યજીવો સિદ્ધગતિમાં જાય છે તેઓ સર્વ ઘાતી-અઘાતી કર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાનાદિ આત્મિક ગુણો પ્રગટ કરી, અશરીરી ભાવે મોક્ષે જાય છે. એટલે આપના જેવા આવા અયોગી વીતરાગ અસંગ હોવાથી અમારો સંદેશો સિદ્ધ પરમાત્માને પહોંચાડતા નથી. આવી હકીકતમાં પ્રભુ સાથે મારે કેમ કરી પ્રીતિ જોડવી તે કૃપા કરી હે સદ્‌ગુરુ ! મને કહો.

પ્રીતિ કરે તે રાગીઆ, જિનવરજી હો તુમે તો વીતરાગ;
પ્રીતડી જેહ અરાગીથી ભેળવવી હો, તો લોકોત્તર માર્ગ...

ઋષભ-૩

અનાદિકાળથી સાંસારિક જીવ વિષય-કષાયાદિ વિભાવોમાં પ્રવૃત્ત થઈ ભ્રાંતિમય સુખ મેળવવા રાગ કરતો આવ્યો છે અને તેનો જ તેને મહાવરો છે. પરંતુ હે પ્રભુ ! આપ તો પરિપૂર્ણરૂપે વીતરાગ છો, તો આપની સાથે પ્રીતિ સંબંધ કેવી રીતે જોડાય ?

આ હકીકતોનો સચોટ ઉપાય પ્રકાશિત કરતાં સ્તવનકાર કહે છે કે, શ્રી વીતરાગ ભગવંતના પ્રગટ આત્મિક ગુણો ઉપર રાગ અને રુચિ કરવાથી, અન્ય સાંસારિક વૃદ્ધિ કરનાર ભૌતિક બાબતો ઉપરનો રાગ આપોઆપ છૂટી જશે. અથવા સાધકે જો રાગ કરવો હોય તો પ્રશસ્ત પુરુષ એવા વીતરાગ ભગવંત સાથે કરો, જેથી વૈભાવિક સાંસારિક પ્રવૃત્તિ નીરસ થઈ છૂટી જશે. આ એક અલૌકિક લોકોત્તર માર્ગ છે. ટૂંકમાં વીતરાગ પ્રભુ જેવા લોકોત્તર પુરુષ સાથે કરેલો રાગ સાધકમાં રહેલી અપ્રશસ્તતાને દૂર કરવામાં પુષ્ટ નિમિત્તરૂપ નીવડે છે.

પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો કરવા મુજ ભાવ;
કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ...

ઋષભ-૪

સાંસારિક જીવને અપ્રશસ્ત પ્રીતિનો અનાદિકાળથી અધ્યાસ છે. એટલે આવી પ્રીતિ પૌદ્‌ગલિક સુખ-સંપદા મેળવવાના હેતુથી કરવામાં આવતી હોવાથી તે વિષ ભરેલી છે. હે પ્રભુ ! મને આવી વિષમય પ્રીતિ કરવાનો મહાવરો હોવાથી, આપની સાથે પણ એવી રીતે પ્રીતિ કરવાનો ભાવ થાય છે. પરંતુ સદ્‌ગુરુ મારફત મને જાણ થઈ છે કે શ્રી વીતરાગ પ્રભુ સાથે તો રાગરૂપ વિષ રહિત પ્રીતિ કરવાની હોય છે. માટે હે જ્ઞાનીપુરુષ ! મને નિર્વિષ અને નિરૂપાધિક પ્રીતિ કરવાનો ઉપાય બતાવો.

પ્રીતિ અનંતી પર થકી, જે તોરે હો તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ-ગેહ...

ઋષભ-૫

પ્રસ્તુત ગાથામાં સ્તવનકાર નિર્વિષ પ્રીતિ કરવાનો સચોટ ઉપાય પ્રકાશિત કરે છે.

વિષયાસક્તિ, મિથ્યામોહ, પૌદ્‌ગલિક સુખાદિ મેળવવાની પ્રવૃત્તિનો જે સાધક તીક્ષ્ણતાથી ધ્વંસ કરે છે, તે શ્રી વીતરાગ પરમાત્મા સાથે નિરૂપાધિક પ્રીતિ જોડી શકે છે. આ માટે સાધકને પ્રથમ તો પ્રત્યક્ષ સદ્‌ગુરુ મારફત ભેદજ્ઞાન આવશ્યક છે અને શુદ્ધ સ્વરૂપ પ્રાપ્તિ માટે એક નિષ્ઠાપૂર્વક ઉપાસના અને આજ્ઞાપાલનનો પુરુષાર્થ હોવો ઘટે છે. આના પરિણામે સાધકને સમ્યક્‌જ્ઞાનાદિ આત્મિકગુણો ક્રમશ: પ્રગટ થાય છે. એક બાજુ શ્રી વીતરાગ પ્રભુના પ્રગટ શુદ્ધગુણો સાથે પ્રીતિ અને એકત્વ થાય છે, જ્યારે બીજી બાજુ સાધક વિભાવિક પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ પામતો જાય છે. ટૂંકમાં પરમાત્મા સાથે પ્રીતિ રાગરૂપ હોવા છતાંય સાધકદશામાં તે સમ્યક્ કારણરૂપ નીવડે છે, કારણ કે ઉદય કર્માનુસાર થતી સાંસારિક પ્રવૃત્તિમાં સાધકને ઉદાસીનતા વર્તતી હોય છે.

પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ;
દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચળ સુખવાસ...

ઋષભ-૬

શ્રી અરિહંત પરમાત્માનું શુદ્ધ અવલંબન લેતાં, સદ્‌ગુરુની નિશ્રામાં તેઓની ઉપાસના સેવતાં અને આજ્ઞાધર્મનો પુરુષાર્થ આરાધતાં સાધકમાં પોતાનાં અવિચળ, અનંત, અક્ષય અને શુદ્ધ આત્મિકગુણો પ્રગટ થાય છે. આવો સાધક છેવટે સનાતન સુખ અને સહજ આનંદ ભોગવવાનો અધિકારી નીવડે છે. અર્થાત્ સાધક પોતે દેવોમાં ચંદ્ર સમાન એવું અવિચળ સિદ્ધપદ કે મોક્ષગતિ પામે છે

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૪ ● અંક : ૬ ● જૂન, ૨૦૦૩ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005

● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## આગ, વિસ્ફોટાદિના વધતા બનાવો

છેલ્લા થોડા મહિનામાં ભારતમાં મુંબઈ, દિલ્હી, કોલકત્તા, હૈદરાબાદ, લુધિયાના, ચંદીગઢ, લખનૌ, પૂના, કાનપુર, બેંગલોર જેવા મોટાં મોટાં શહેરોમાં કારખાનામાં, ગોદામોમાં, મારકેટમાં, થિયેટરોમાં, ટ્રેનના ડબ્બાઓમાં અચાનક મોટી આગ લાગવાની એટલી બધી ઘટનાઓ બનવા માંડી છે કે વિચારશીલ માણસને આશ્ચર્ય થયા વગર રહે નહિ. અકસ્માતને લીધે, શોર્ટ સરકિટને લીધે આગ લાગી છે એવાં કારણો કેટલીક વાર અપાય છે. પરંતુ શોર્ટ સરકિટ થાય શા માટે ? આપણા દેશની આગની ઘટનાઓની કુલ સંખ્યાને એ જ સમયગાળામાં યુરોપ-અમેરિકામાં બનેલી આગની ઘટનાઓ સાથે સરખાવવામાં આવે અથવા ગરીબ અને ગીચ દેશો તરીકે ખુદ પાકિસ્તાન, બંગલાદેશ, નેપાળ, બર્મા, થાઈલેન્ડ, ચીન વગેરેની સાથે સરખાવવામાં આવે તો પણ આગની આટલી બધી મોટી મોટી ઘટનાઓનો ભારતનો આંકડો અકુદરતી લાગશે. આ બધી અવશ્ય ભાંગફોડની ઘટનાઓ છે, દેશને આર્થિક દૃષ્ટિએ મોટું નુકસાન પહોંચાડવાની અને અરાજકતા ફેલાવવાની પ્રવૃત્તિ છે.

પકડાયા વગર મોટી આગ લગાડવાનું હવે અઘરું નથી. કાગળ, કાપડ, લાકડું, તેલ, રસાયણો, ગેસ સિલિન્ડર ઇત્યાદિ જલદી સળગે અને ભડકા વધે એવી જગ્યાએ જ્વલનશીલ પદાર્થવાળી બેગ કે પ્લાસ્ટિકની કોથળી, અંદર 'ટાઈમર' મૂકીને ક્યાંક ચૂપચાપ રાખી દેવામાં આવે તો એનો સમય થતાં તણખો થઈ મોટી આગ ફેલાવી શકે છે. આવી આગ ફેલાવનારા કોણ હોય એ વિશે તો સૌ કોઈ સમજી શકે એમ છે.

આપણે ત્યાં વાયુસેનાનાં મિગ વિમાનો જે ઝડપથી એક પછી એક તૂટી પડે છે એવી ઘટના દુનિયાની કોઈ પણ વાયુસેનામાં બની નહિ હોય. વિમાનો જૂનાં છે એ સાચું છે. તો પણ એ ઉડ્ડયનક્ષમ છે એ પણ એટલું જ સાચું છે, તો પછી આટલાં બધાં વિમાનો કેમ તૂટી પડે છે ? ઉડ્ડયનના થોડા સમય પછી વિમાનમાં ધૂમાડો દેખાય છે. આમ કેમ ? આપણી વાયુસેનામાં જ કોઈક એવા વિદેશી કે વિદ્રોહી એજન્ટો રીતસર ભરતી થઈ ગયા હોવા જોઇએ કે જેઓ એવી સિફ્તથી વિમાનોની સર્વિસ-મરામતના કાર્ય વખતે કોઈક અંદરના વાયરને જરાક ઘસી નાખતા હોવા જોઇએ કે જેથી ઉડ્ડયન પછી થોડા વખતમાં ગરમ થયેલા વાયર ઓગળતાં શોર્ટસરકિટ થઈ જતાં હશે ! આ તો માત્ર સામાન્ય અનુમાન છે. નિષ્ણાતો એ વિશે વધુ કહી શકે. પરંતુ આવા ભાંગફોડના ગુપ્ત કાર્યમાં વાયુસેનાના જ કોઈ ઉચ્ચ અધિકારી-અધિકારીઓ સંડોવાયા હોય એમ બની શકે. મિગ વિમાનો ઉપરાંત આપણાં શસ્ત્રાગારોમાં પણ આગ લાગે છે. આવી ઘટનાઓ જો માત્ર આકસ્મિક હોય તો સેના માટે શરમરૂપ છે અને આતંકવાદી ભાંગફોડની ઘટના હોય તો તે પકડવા માટે સેનાનું ગુપ્તચર તંત્ર બહુ નબળું છે એમ કહેવું જોઇએ. સોવિયેટ યુનિયને આવી ઘટનાઓને નિવારવા માટે નિયમ કર્યો હતો કે કોઇપણ સ્થળે એકલો માણસ ફરજ પર ન હોવો જોઇએ. ઓછામાં ઓછા ત્રણ માણસ હોવા જોઇએ. એ માટે માણસો વધારવાની બહુ જરૂર નથી, આયોજન વ્યવસ્થિત હોવું જરૂરી છે.

આતંકવાદીઓનું હવે એક વધુ લક્ષ્ય બન્યું છે રેલવે. રેલવેના અકસ્માતો દિવસે દિવસે વધતા જાય છે. કેટલીયે ટ્રેનો પાટા પરથી ઊતરી જવા લાગી છે ! તદુપરાંત રેલવેમાં આગ લાગવાના બનાવો પણ વધતા જાય છે. યાંત્રિક ખામી, શોર્ટ સર્કિટ વગેરે કારણો તો ક્ષુલ્લક છે. જો ભાંગફોડ ન હોય તો થોડી મિનિટોમાં જ ફ્રન્ટિયર મેલના એક ડબ્બામાં લાગેલી આગ ત્રીજા ડબ્બા સુધી કેવી રીતે પહોંચી જાય અને ત્રણે ડબ્બા બળીને ખાખ કેવી રીતે થઈ જાય ? મુસાફર તરીકે ટિકિટ લઈ સ્ફોટક કે જ્વલનશીલ સામાન ટ્રેનમાં મૂક્યા પછી આતંકવાદીઓ ઊતરી ગયા હોવા જોઇએ. આવી ઘટનાઓ વિમાનોમાં અટકાવી દેવાઈ છે, પરંતુ એવું રેલવેની બાબતમાં સરળ નથી. એનાં કારણો દેખીતાં છે. તો પણ રેલવેતંત્રે હવે વધુ સાવધ બનવાની જરૂર છે. શંકાસ્પદ મુસાફરોના સામાનની અચાનક ચકાસણી થવી જોઈએ. આ કાર્ય ધારીએ એટલું સહેલું નથી અને નિર્દોષ મુસાફરોની હાડમારી વધવી ન જોઇએ એ પણ એટલું જ જરૂરી છે. રેલવેતંત્રે જ આ અંગે ઉપાયો વિચારવા જોઇએ.

છેલ્લાં દસ-પંદર વર્ષમાં અલકાયદાના હજારો આતંકવાદીઓ, જાસૂસો આપણા દેશમાં પથરાઈ ગયા છે, અરે આપણા સૈન્યમાં પણ ભરતી થઈ ગયા છે. મુલુંડ બોમ્બ ઘટનાનો પકડાયેલો આરોપી આપણી ખડકવાસલાની નેશનલ ડિફેન્સ એકેડેમીનો પ્રોફેસર છે એ શું બતાવે છે ?

કાશ્મીર ઉપરાંત પાટનગર દિલ્હી, હૈદરાબાદ અને મુંબઈમાં થાણા જિલ્લામાં સૌથી વધુ આતંકવાદીઓ ભરાયા છે અને દેશદ્રોહી સ્થાનિક નાગરિકો પણ એમાં ભળ્યા છે.

ભારતમાં હવે મોટાં કારખાનાંઓમાં, ગીચ વસ્તીવાળાં કેન્દ્રોમાં, મારકેટોમાં, વીજળી અને પાણીના પુરવઠાના સંવેદનશીલ મથકોમાં અને એનાં બીજાં જાહેર સ્થળોમાં, જાપતો વધારવાની અને તેની આસપાસ રક્ષકો ઉપરાંત પૂરતી સંખ્યામાં ગુપ્તચરો ગોઠવવાની જરૂર છે. ગુપ્તચર તંત્ર વિશાળ અને સક્ષમ હશે તો કેટલાંયે કાવતરાં ઘડાય તે પહેલાં નિષ્ફળ બનાવી શકાશે.

જો આપણે વેળાસર જાગીશું નહિ તો આત્મઘાતી આતંકવાદીઓ દ્વારા મોટી મોટી વિનાશક ઘટનાઓનો ભોગ બન્યા વગર રહીશું નહિ. આર્થિક નુકસાન તો ખરું જ, પણ અનેક નિર્દોષ માણસોના અચાનક જાન જાય છે એનું દુ:ખ હૃદયને હલાવી નાખે છે.

સબકો સન્મતિ દે ભગવાન !

□ તંત્રી

# તપ-ચિંતવણીનો કાઉસગ્ગ

### ☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

સામાયિક, પ્રતિક્રમણ, ઈરિયાવહિય આદિમાં પ્રધાનતાએ જે કાઉસગ્ગ કરવાનો હોય છે તે લોગસ્સનો કાઉસગ્ગ હોય છે. લોગસ્સ જો નહિ આવડતો હોય તો જ એક લોગસ્સને બદલે ચાર નવકાર ગણવાની અપવાદિક છૂટ આપવામાં આવે છે. લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસગ્ગ એમ કહી વિકલ્પ આપવામાં આવતો નથી એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. એનું કારણ એ છે કે લોગસ્સ સૂત્ર દ્વારા સીધાં વ્યક્તિવિશેષના નામસ્મરણપૂર્વક આરાધ્ય સાધ્ય એવાં દેવાધિદેવપદ અરિહંત અને સિદ્ધ ભગવંતો સાથે સીધો સંબંધ સ્થાપિત થાય છે. અરિહંત ભગવંતોના નામોચ્ચાર સહિત વંદન-કીર્તન થતું હોય છે, જ્યારે નમસ્કાર મહામંત્ર દ્વારા પંચપરમેષ્ઠિ એવાં ગુણીજનોનું ગુણવાચક નામથી સ્વરૂપપદનું સ્મરણ કરવામાં આવતું હોય છે. નમસ્કાર મહામંત્રમાં દ્રવ્ય અને ગુણ છે, જ્યારે લોગસ્સ સૂત્રમાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેયનો સમાવેશ થાય છે. સામાન્યત: વંદન, પૂજન, કીર્તન વ્યક્તિવિશેષનાં કરાતાં હોય છે.

વળી લોગસ્સના કાઉસગ્ગમાં બહુલતાએ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી લોગસ્સ સૂત્રનું ઉચ્ચારણ કરવાનું હોય છે. પરંતુ જ્યારે આરાધવામાં આવતું ધર્માનુષ્ઠાન પૂર્ણ થવાના અવસરે પૂર્ણ લોગસ્સ સૂત્રનું ઉચ્ચારણ કરવાનો વિધિ છે. અને વિઘ્નનિવારણ, છીંક આદિના અવસરે કરવામાં આવતાં કાઉસગ્ગમાં 'સાગરવરગંભીરા' સુધી લોગસ્સ સૂત્રના ઉચ્ચારણનો વિધિ છે.

આનું રહસ્ય એ હોઈ શકે છે કે ચંદ્રોના સમૂહથી અધિક નિર્મળ એવાં અરિહંતપદ ગણાતાં જિનેશ્વર અને અરિહંત શબ્દ અપેક્ષાએ કેવળી થયાં પછી કાંઈ કરવાપણું રહેતું નથી (એ અવસ્થાએ ધર્મસંન્યાસ હોય છે) પણ સિદ્ધ થવાપણું રહે છે જે સહજયોગે ભવિતવ્યતા અનુસારે શેષ અઘાતિકર્મ નિર્જરારૂપ થયા કરે છે જેના અંતે યોગ-સંન્યાસથી યોગાતીત એવી સિદ્ધાવસ્થાનું પ્રાગટ્ય થાય છે. આ પ્રક્રિયાના ઉપલક્ષમાં અરિહંત જિનેશ્વર કે અજિન કેવળી થવાના લક્ષ્યની સાધનાને અનુસરીને 'ચંદેસુ નિમ્મલયરા' સુધીના ઉચ્ચારણનો વિધિ છે. પરંતુ ધર્માનુષ્ઠાન જ્યારે પૂર્ણતાને આરે પહોંચે છે ત્યારે પ્રતિક્રમણાદિમાં શાંતિ સાંભળીને પારવાના કાઉસગ્ગમાં પૂર્ણ લોગસ્સ સૂત્રના ઉચ્ચારણનો વિધિ છે, કારણ કે જ્યારે પૂર્ણ થઈએ એટલે કે સિદ્ધ થઈએ ત્યારે ધર્માનુષ્ઠાન (સાધના) પૂર્ણ થતી હોય છે અને ત્યારે જ વાસ્તવિક અશરીરી બનતાં સાચા અર્થમાં કાઉસગ્ગ અર્થાત્ કાયોત્સર્ગ કહેતાં કાયત્યાગ થતો હોય છે. પૂર્વ ભૂમિકામાં સાધનાકાળમાં કાયોત્સર્ગ કરી સિદ્ધ થવાના લક્ષ્યપૂર્વક કાયભાવ એટલે કે દેહભાવના ત્યાગની અપેક્ષાએ કાયોત્સર્ગ કરાતો હોય છે. સાધનાના શિખરે પૂર્ણતાના આરે ચૌદમા ગુણસ્થાનકે શૈલેશીકરણમાં કાયોત્સર્ગ દ્રવ્ય અને ભાવથી સંપૂર્ણ થઈ જતો હોય છે.

છીંક આદિના વિઘ્નનિવારણના કાઉસગ્ગમાં લોગસ્સ સૂત્રનું ઉચ્ચારણ 'સાગરવરગંભીરા' સુધી કરવાનો વિધિ છે, તેનું રહસ્ય એ હોઈ શકે છે કે ભગવાન શ્રેષ્ઠ સાગર સ્વયંભૂરમણ જેવાં ગાંભીર્યવાળા છે. એવાં સાગરપેટા કે સાગરદિલ ભગવાનને સાધનાવિઘ્ન નિવારણની પ્રાર્થના કરવામાં આવે છે જે સાગરની જેમ કચરારૂપી દોષને પોતાના પેટાળમાં ગોપવી દે છે અર્થાત્ છૂપાવી દેવારૂપ એનું નિવારણ કરી દે છે.

આ વિષયમાં આવો કશો શાસ્ત્રીય ઉલ્લેખ હોય તો તે જાણમાં નથી. પરંતુ રહસ્ય આવું હોવાની સંભાવના છે. બાકી શાસ્ત્રીય વિધાનાનુસાર તો કાઉસગ્ગ સાથે શ્વાસોછ્શ્વાસનું અનુસંધાન થતું હોય છે અને નિશ્ચિત શ્વાસોછ્શ્વાસ પ્રમાણ પૂર્ણ થાય એ પ્રમાણે સૂત્રોચ્ચાર કરવાનો વિધિ છે. તોય સમગ્રતાએ સાધનાની વિચારણા કરતાં જણાશે કે...

'કાઉસગ્ગ એ તો સાધ્યના સ્વરૂપનું સાધનામાં અભ્યાસાત્મક અવતરણ છે.'

બધા કાઉસગ્ગમાં પ્રાત:કાળે કરાતા રાઇઅ પ્રતિક્રમણમાં આવતો તપ-ચિતવણીનો કાઉસગ્ગ એ એક આગવો નિરાળા પ્રકારનો ચિંતવના સ્વરૂપ કાઉસગ્ગ છે જેમાં 'નમસ્કાર મહામંત્ર' કે 'લોગસ્સ'નો સૂત્રોચ્ચાર હોતો નથી. હા ! તપ ચિંતવના કરતાં આવડતું ન હોય તો અપવાદિક સોળ નવકાર ગણી લઈ વિધિ જાળવી લેવાની છૂટ આપવામાં આવેલ છે.

વિધિ એ છે કે આણાહારી સ્વરૂપની ચિંતવનાપૂર્વક ઉત્કૃષ્ટ એવા છ માસના અનશન એટલે ઉપવાસ કરવાની ભાવનાથી પ્રારંભ કરી ક્રમશ: ધીમે ધીમે હેઠા ઊતરતાં ઊતરતાં તે તિથિના દિવસ પૂરતો જે તપ સ્વ શક્તિ અનુસાર યથાશક્તિ કરવાની ભાવના હોય તે તપ કરવાના નિર્ધાર સહિત તપ-ચિંતવણીના કાઉસ્સગ્ગની પૂર્ણાહુતી કરવામાં આવતી હોય છે.

વાસ્તવિક તો તપ-ચિંતવણીના કાઉસગ્ગમાં તપ અને તપ દ્વારા પ્રાપ્ત કરવાનું છે તે અણાહારી પદની ચિંતવના હોવી જોઇએ એવું માનવું છે. એ ચિંતવના નીચે પ્રમાણે હોવાની સંભાવના છે.

'હું' તે 'દેહ' નથી અને 'દેહ' તે 'હું' નથી. 'હું' તે 'આત્મા' અનાદિ અનંત, અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ છે.

'દેહ' એ તો આત્મા દ્વારા ઔદારિક વર્ગણાના પુદ્‌ગલ ગ્રહણ કરી પુદ્‌ગલ દ્વારા બનાવાયેલો પૌદ્‌ગલિક છે, જે પુદ્‌ગલથી વધે છે, પુદ્‌ગલથી ટકે છે અને આત્માથી વિખૂટો પડી જતાં પુદ્‌ગલરૂપે વિખરાઈ જનારો દેહ તે જડ, પર, ઉત્પાદવ્યય યુક્ત વિનશ્વર છે.

દેહ એ તો પુદ્‌ગલ કહેતાં પંચ મહાભૂત જે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ છે તેનાથી આત્મા દ્વારા કરાતું સર્જન છે, જે આત્માથી છૂટું પડી જતાં વિસર્જિત થઈ જાય છે.

દેહમાં રહેલ અસ્થિ એટલે હાડકાં અને મળાદિ પૃથ્વી તત્ત્વ છે. શરીરમાં રહેલ રસ, રૂધિર, પાણી વગેરે જલ તત્ત્વ છે. આંખનું તેજ, શરીરનું તાપમાન અર્થાત્ ઉષ્ણતા, જઠરાગ્નિ એ તેજ તત્ત્વ છે. શરીરમાં રહેલ ગેસ કહેતાં વાયુ કે વાત એ વાયુ તત્ત્વ છે. તેમ શરીરમાં રહેલ પોલાણ કે અવકાશ એ આકાશ તત્ત્વ છે.

સાધકાત્મા ચૌદમા ગુણસ્થાનકે સિદ્ધ થવાં પૂર્વે પ્રાપ્ત દેહના એક તૃતીયાંશ (૧/૩) પ્રમાણ પોલાણ પૂરી નક્કર ઘનસ્વરૂપ બે તૃતીયાંશ (૨/૩) પ્રમાણ આત્મપ્રદેશ સંકોચી લઈ સિદ્ધગતિમાં પ્રયાણ કરી સિદ્ધશિલા ઉપર સાદિ અનંત સિદ્ધાવસ્થામાં સ્વરૂપદશામાં સ્થિત થાય છે, જે અદેહી, અશરીરી, અનામી, અરૂપી, અમૂર્ત અવસ્થા છે. એ શૈલેશીકરણમાં

આત્મપ્રદેશોને ઘનીભૂત કરી અયોગી થવાની સહજ થતી પ્રક્રિયા છે.

પંચભૂતની બનેલ આ કાયા વનસ્પતિ એટલે કે શાકભાજી, ફળફળાદિ, ધાન્યના ગ્રહણથી વધે છે અને ટકે છે. અવકાશ કહેતાં આકાશમાં રહીને પૃથ્વીમાંથી પૃથ્વી તત્ત્વ, વર્ષાદિ સિંચન વ્યવસ્થાથી જલ તત્ત્વ, સૂર્યપ્રકાશથી અગ્નિ તત્ત્વ અને વાયુના વીંઝણથી વાયુ તત્ત્વ ગ્રહણ કરવા વડે વનસ્પતિ, કે જે પણ સંવેદનશીલ હોવાથી જીવ તત્ત્વ છે, તેનો પરિપાક થાય છે.

એ વનસ્પતિ જે શાકભાજી ધાન્યાદિ છે તેની વાનગી બનાવવાની રસોઈની પ્રક્રિયામાં પાછી પંચ મહાભૂતની જ સહાય હોય છે. રસોઈ રાંધવામાં વપરાતું પાત્ર એ પૃથ્વી તત્ત્વ છે જેને આકાશમાં રાખીને, વાયુની મદદથી અગ્નિ પ્રગટાવી અગ્નિથી તપાવી, તેલ, ઘી, જલાદિના માધ્યમથી પકાવીને ખાદ્ય વ્યંજન (વાનગી) તૈયાર કરાતા હોય છે. આવા આ તૈયાર કરાયેલા આહારના ગ્રહણથી દેહ વધે છે અને ટકે છે જે સહુના જીવનાનુભવની વાત છે.

અંતે આત્મા દેહથી છૂટો પડી જતાં પાછળ રહી ગયેલ ખોખાંને કે ખોળિયાને પંચભૂતને જ હવાલે કરાય છે. અગ્નિ-સંસ્કાર વડે દેહને દાહ દઈ અગ્નિ તત્ત્વને સોંપાય છે. દફનવિધિ દ્વારા દફન કરવા વડે પૃથ્વી તત્ત્વને સોંપવામાં આવે છે. જલશરણ કરવા દ્વારા જલ તત્ત્વને હવાલે કરાય છે તો જંગલમાં ત્યાગ કરી દેવા દ્વારા કે દોખમામાં મૂકવા દ્વારા વાયુ અને આકાશરૂપ વાતાવરણને હવાલે કરાય છે.

તુષ્ટિ-પુષ્ટિ કરનાર પંચમહાભૂત કોપાયમાન પણ થાય છે અને ત્યારે હોનારત સર્જાય છે. ધરતી એટલે પૃથ્વી તત્ત્વનો કોપ ભૂકંપ લાવે છે. જલ તત્ત્વનો કોપ જલરેલમાં પરિણમે છે, અગ્નિતત્ત્વ કોપાયમાન થતાં દાવાનલમાં ભડ ભડ બાળે છે, વાયુ તત્ત્વ કોપાયમાન થતાં વાવાઝોડા રૂપે વિનાશ વેરે છે, તો આકાશ તત્ત્વ રોગચાળા રૂપે એના પ્રકોપને પ્રદર્શિત કરે છે.

આમ દેહધારી આત્મા દ્વારા એની અશુદ્ધાવસ્થામાં વિકૃત વૈભાવિક દશામાં પુદ્‌ગલ એટલે પંચમહાભૂતને ગ્રહણ કરવાની અને છોડવાની અર્થાત્ મેળવવાની અને મૂકવાની રમાતી રમતનું વિષચક્ર. એમાંથી છૂટવાનો એક માત્ર ઉપાય દેહ ધારણ નહિ કરવો તે છે. અર્થાત્ નિર્વાણ પ્રાપ્ત કરવા દ્વારા અશરીરી અજન્મા બનવું.

દેહ પુદ્‌ગલથી બનતો, વધતો અને ટકતો હોવાથી આહાર એ દેહધર્મ છે જ્યારે આત્મા એના શુદ્ધ સ્વરૂપમાં અણાહારી છે, કારણ કે તે એના શુદ્ધ પરમાત્મ સ્વરૂપમાં અદેહી, અશરીરી, અનામી, અરૂપી, અમૂર્ત છે. સાથે તે અગુરુલઘુ, અવ્યાબાધ, અવિનાશી, અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત વીર્ય સ્વરૂપ છે.

દેહ એ તો આત્મા ઉપરનું વળગણ છે, દબાણ છે, તાણ છે, અશુદ્ધિ છે, કલંક છે, ડાઘ છે. અનાદિના રાગદ્વેષે કરીને કર્મવેષ્ટિત થયેલો આત્મા સૂક્ષ્મ એવાં તેજસ કાર્મણ શરીર રૂપ અશુદ્ધિને સાથે અને સાથે લઈને ચોર્યાસી લાખ યોનિરૂપ ભવાટવિમાં ભટકતો ભવભ્રમણ કરી રહ્યો છે અને બહારમાં ઔદારિક કે વૈક્રિય પુદ્‌ગલોને ગ્રહણ કરી સ્થૂલ એવાં ઔદારિક કે વૈક્રિય શરીર ધારણ કરી દૃશ્યમાન થઈ દેહચેષ્ટાથી અંદરની વૃત્તિઓને બહારમાં પ્રવૃત્તિરૂપે પ્રકાશી ફરી ફરી કર્મવેષ્ટિત ઈ રહ્યો છે.

ર્તમાનમાં મારા આ આત્મા દ્વારા 'અ-બ-ક' નામધારી આ ઔદારિક પુદ્‌ગલનું બનેલ ઔદારિક ખોળિયું ધારણ કરાયેલ છે. આ ખોળિયા દ્વારા મારા આત્મા ઉપર ઉપકાર એ થયો છે કે આ ખોળિયામાં રહે રહે મારા આત્માને ચરમ તીર્થપતિ વર્તમાન શાસનપતિ મહાવીર સ્વામીજી પ્રભુનો કાળ ભલે ન મળ્યો પણ ક્ષેત્ર તો મહાવીર પ્રભુજીનું જ મળ્યું અને એ ક્ષેત્રમાં પણ પાછું મહાવીર સ્વામીજીનું જિનશાસન મળ્યું. એ જિનશાસનમાં વીર જિનેશ્વરની ઉજળી પરંપરામાં આવેલ વીરપ્રભુના નિર્ગ્રંથ સદ્‌ગુરુઓનો સંયોગ થયો જે સદ્‌ગુરુઓના શ્રીમુખે વીરપ્રભુની વીરવાણીનું, જિનવાણીનું અમૃતપાન આસ્વાદવા મળ્યું. પ્રતીતિ ભલે નથી થઈ પણ શાબ્દિક, બૌદ્ધિક, હાર્દિક સમ્યગ્ સમજ તો પ્રાપ્ત થઈ છે કે ક્ષીરનીર જેમ ભેળાં થયેલ, એકમેક બનેલ દેખાતા દેહ અને આત્મા જુદા છે અને એને જુદા પાડી શકાય છે, જેમ ખાણમાંથી મળી આવતાં અશુદ્ધ રજતસ્કંધ કે સુવર્ણસ્કંધને ભઠ્ઠીમાં નાખી, તપાવી, ઓગાળી અશુદ્ધિઓ દૂર કરી શુદ્ધ-ઘનસ્વરૂપ ચાંદી અને સુવર્ણ પ્રાપ્ત કરી શકાય છે.

એ જ પ્રમાણે તપધર્મના સેવનથી આત્માને તપાવી, અરિહંત સિદ્ધના ચરણનું શરણ સ્વીકારી એમના ચરણે દેહના 'હુંકાર' અને મનના 'અહંકાર' -અહમ્‌ને ઓગાળી 'અર્હમ્' બની ચિદ્‌ઘન-આનંદઘન સ્વરૂપ આત્મધનને પ્રાપ્ત કરી શકાય છે.

એ માટે જ જિનેશ્વર ભગવંતે ચાર પ્રકારનો દાન, શીલ, તપ, ભાવરૂપ ધર્મ પ્રકાશ્યો છે. દાન દ્વારા પર એવાં ગ્રહણ કરેલાં પરિગ્રહને છોડવા કહ્યું છે. શીલ દ્વારા અગ્રહીતની ઈચ્છા-કામનાને છોડવા સહિત વિષયસેવન અને અબ્રહ્મના સેવનથી દૂર રહી નિષ્કામ બની રહી પૂર્ણકામ પરિતૃપ્ત-સંતૃપ્ત એટલે ઈચ્છારહિત-નિરીહિ થવા કહેલ છે. તે માટે દુર્ભાવથી દૂર રહી સદ્‌ભાવ વડે ધર્મભાવમાં રહી, સમ્યગ્‌ભાવ વડે સ્વભાવમાં સ્થિત થવા જણાવેલ છે. એ શક્ય તો જ બને કે દેહધ્યાસ તૂટે, દેહભાવ છૂટે, ધર્મભાવ જાગે, આત્મભાવ આવે, આત્મરમમાણ થવાય, સ્વરૂપ સ્પર્શાય, સ્વરૂપ વેદાય અને સ્વરૂપસ્થ થવાય. આ માટે જ પ્રભુએ બાર પ્રકારનો તપધર્મ પ્રરૂપ્યો છે. એમાં છ પ્રકારનો તપ બાહ્ય છે અને છ પ્રકારનો તપ આભ્યંતર છે. બાહ્ય તપ કારણ છે. આભ્યંતર તપ કાર્ય છે. કારણ સેવાય તો કાર્ય નિપજે.

પ્રભુ કહે છે કે 'હે ચેતન ! હે ભવ્યાત્મા ! તારું શુદ્ધ સ્વરૂપ અણાહારી છે માટે તું અનશન કર !' વર્તમાન કાળમાં આ ક્ષેત્રમાં આ પ્રાપ્ત કાયબળે પણ છ માસનું અનશન કરવા તો જીવ શક્તિમાન છે. પ્રભુએ સ્વયં છ માસના ઉપવાસ કરેલ પણ આપણા જેવાં જ કાયબળે નજીકના ભૂતકાળમાં મહાન શ્રાવિકા ચંપાબાઇએ દેવ, ગુરુ, ધર્મની કૃપાએ જગદ્‌ગુરુ હીરસૂરીશ્વરજીની નિશ્રામાં છ માસના ઉપવાસ કરી સમ્રાટ અકબરને બોધિલાભ થવામાં નિમિત્ત બનવારૂપ જબરજસ્ત શાસનપ્રભાવના કરેલી હતી.

આત્માની શક્તિ અનંત છે અને આત્મા એના શુદ્ધ સ્વરૂપમાં તો અણાહારી જ છે. એ અણાહારી સ્વરૂપની પ્રાપ્તિના લક્ષ્યે જ તપ ધર્મનું સેવન કરવાનું છે, પણ તે સ્વ કર્માનુસાર પ્રાપ્ત કાયબળ અને પ્રાપ્ત સંયોગ લક્ષમાં લઈ યથાશક્તિ કરવાનું છે.

તો તું ચેતન શું છમાસી તપ કરીશ ? ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી. છ માસથી એકેક દિવસ ઓછો કરતાં પાંચમાસી તપ કરીશ ? ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી. અરે હેઠો ઊતરતાં

ઊતરતાં ચોમાસી, ત્રિમાસી તપ કરવાની ભાવના હોવા છતાં શક્તિ નથી અને પરિણામ નથી. વર્તમાનમાં દોઢમાસી, બે માસીના તપ કરતાં ભાગ્યશાળી તપસીઓ જોવામાં આવે છે. એમનું જોઇ જોઇને પણ ભાવના થતી હોવા છતાં શક્તિ જણાતી નથી, પરિણામ આવતાં નથી. અરે ! મૃત્યુંજય તપ-માસક્ષમણ કંઈ કેટકેટલાં ભવ્યાત્માઓ નાનાં મોટાં કરતાં હોય છે તે જોઇને પણ ચાનક ચડતી નથી, પરિણામ આવતાં નથી, કાયબળ તેવું જણાતું નથી.

એ તો જવા દો પણ છૂટા છૂટા ૩૦ ઉપવાસ કે પછી ઊતરતાં ઊતરતાં ૨૯, ૨૮, ૨૭, ૨૬, ૨૫, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૨૦, ૧૯, ૧૮, ૧૭ ઉપવાસ કરવાની ભાવના છે, પણ શક્તિ નથી, પરિણામ નથી.

(૧૬ ઉપવાસ) ૩૪ ભક્ત, ૩૨, ૩૦, ૨૮, ૨૬, ૨૪, ૨૨, ૨૦, ૧૮, ૧૬, ૧૪, ૧૨, ૧૦, ભક્ત કરવાની ભાવના છે, પણ શક્તિ નથી, પરિણામ નથી.

અઠ્ઠમ, છઠ્ઠ ઉપવાસ (ભૂતકાળમાં કર્યા હોય તો શક્તિ છે) કરવાની ભાવના છે, શક્તિ છે પણ પરિણામ નથી.

આયંબિલ, નીવી, એકાસણું, બિઆસણું, અવઢ્ઢ, પુરિમુઢ્ઢ, સાઢપોરિસિ, પોરસી કરવાની ભાવના છે, શક્તિ છે, પરિણામ નથી.

નવકારશીની ભાવના છે, શક્તિ છે, પરિણામ છે, આજની તિથિએ નવકારશી જેવો પ્રતિકાત્મક જઘન્ય તપ કરી મારી અણાહારી થવાની ભાવનાને જીવંત રાખીશ. પ્રભુ ! મને નવકારશી અને ઉપર ઉપરના ઊંચા ઉત્કૃષ્ટ તપ કરવાનું બળ પૂરું પાડજે અને મારી આહારસંજ્ઞા તૂટી જાય તેવો અનુગ્રહ કરજે.

આ રીતની ચિંતવના કરવાપૂર્વક તપ-સિંચવણીનો કાઉસગ્ગ કરવાનો હોય છે અને આત્માના અણાહારી સ્વરૂપને ચિત્તમાં રમતું રાખવાપૂર્વક શુદ્ધાત્માના એટલે કે સાધ્યના એ અણાહારી સ્વરૂપને સાધકાત્માએ સાધનામાં ઉતારી અનશન કરવાપૂર્વક વિકાસ સાધતા સાધતા સ્વયં અણાહારી થઈ સાધ્યથી અભેદ થવાનું છે. તપ ભલે કાયબળ અનુસાર મધ્યમ કે જઘન્ય પ્રકારનું હશે તો પણ ભાવના અણાહારીપદ પ્રાગટ્યની રહેશે તો તે પદ અવશ્ય પ્રગટ થઇને જ રહેશે. ભાવ-ભાવના વ્યાપક છે જ્યારે ક્રિયાને મર્યાદા છે કેમકે તે પ્રાપ્ત માધ્યમ દ્વારા થતી હોય છે. પરંતુ એ લક્ષમાં જરૂર રહેવું જોઇએ કે ભાવ-ભાવનાને ક્રિયાત્મક દૃશ્ય સ્વરૂપ તો મળવું જ જોઇએ, પછી તે પ્રતીકાત્મક જઘન્યરૂપે પણ કેમ ન હોય !

સહુ કોઈ ભવ્યાત્મા શાસન પરંપરામાં મળેલ આવી ધર્મારાધના, તપ સેવનને આરાધી આરાધ્યપદ શુદ્ધ આત્મ સ્વરૂપ-પરમાત્મ સ્વરૂપને પ્રગટ કરો એવી અભ્યર્થના !

(સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ જવેરી)

❖❖❖

# શ્રી દેવચંદ્રજી મહારાજ રચિત શ્રી નેમિનાથ જિન સ્તવન

**☐ સુમનભાઈ એમ. શાહ**

યાદવ કુળના રાજા શ્રી સમુદ્રવિજય અને માતુશ્રી શિવાદેવીના સુપુત્ર શ્રી નેમકુમારનો વિવાહ શ્રી ઉગ્રસેન રાજાની સુપુત્રી કુ. રાજુલ સાથે થયો હતો. જ્યારે લગ્નનો વરઘોડો જતો હતો ત્યારે મહેમાનોના ભોજનમાં ઉપયોગ કરવામાં આવનાર પ્રાણીઓના આક્રંદથી શ્રી નેમકુમારનું હૃદય દ્રવી ઊઠ્યું અને વૈરાગ્ય ઉત્પન્ન થયો. શ્રી નેમકુમારે રથને પાછો વળાવ્યો, જેથી કુ. રાજુલ સાથેનો સાંસારિક સંબંધ તૂટ્યો. જો કે શરૂઆતમાં કુ. રાજુલને આ માટે વિરહ વેદના થઈ, પરંતુ સમ્યક્‌બુદ્ધિથી વિચારણા કરતાં તેણીએ નિર્ણય લીધો કે 'ભલે શ્રી નેમકુમારે મારી સાથે પાણિગ્રહણ ન કર્યું પણ જે આત્મકલ્યાણના માર્ગે તેઓ પ્રયાણ કરી રહ્યા છે તેને હું અનુસરીશ અને મારા મસ્તક ઉપર તેઓના આશીર્વાદ પામીશ.' આ પ્રમાણે શ્રી નેમિનાથનું સર્વોત્તમ અવલંબન લેતાં રાજુલે મુક્તિમાર્ગે પ્રયાણ કર્યું. શ્રી નેમિનાથના સાંસારિક સંબંધે શ્રી વસુદેવ કાકાના સુપુત્ર શ્રી કૃષ્ણ મહારાજાએ ૧૮૦૦૦ થી પણ અધિક સાધુ સમુદાયને હૃદયના શુદ્ધ ભાવથી વંદન-પ્રણામાદિ કરતાં સમ્યક્‌દર્શન અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું અને આવતી ચોવીસીમાં તેઓ તીર્થંકર થવાના છે.

ઉપર પ્રમાણે ઉત્તમ મહાપુરુષોનો સંગ, તેઓ પ્રત્યે પ્રીતિ, ભક્તિ, શરણાગતિ, અવલંબન, અહોભાવ, ગુણકરણ, પ્રણામાદિથી આત્માર્થી સાધક પોતાનું આત્મકલ્યાણ સાધી શકે છે. એટલે વીતરાગ પ્રભુ પ્રત્યે પ્રશસ્ત રાગ કરતાં સાધકમાં રહેલ અપ્રશસ્તતા આપોઆપ છૂટી જાય છે, એટલે વિભાવ-પરભાવાદિ છૂટી જતાં આત્મિક વિશેષગુણો પ્રગટ થાય છે, એવો શ્રી દેવચંદ્રજી મહારાજ રચિત સ્તવનનો મુખ્ય હેતુ જણાય છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઈએ:

નેમિ જિનેશ્વર નિજ કારજ કર્યું, છાંડ્યો સર્વ વિભાવોજી;
આતમશક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવોજી.
નેમિ જિનેશ્વર...૧

શ્રી નેમિનાથ પ્રભુએ પ્રચંડ પુરુષાર્થ આદરી રાગદ્વેષ, કષાય, અજ્ઞાનાદિ સર્વ વૈભાવિક વૃત્તિ અને પ્રવૃત્તિમાંથી કાયમી મુક્તિ મેળવી છે. તેમણે પોતાના આત્મિક જ્ઞાનદર્શનાદિ સર્વ વિશેષ ગુણોને પરિપૂર્ણ રીતે પ્રગટ કર્યા અને કેવળજ્ઞાનાદિ સ્વભાવમાં ક્ષાયિક સ્થિરતા કરી. શ્રી નેમિનાથ પ્રભુએ નિજસ્વભાવની પ્રાપ્તિનું સઘળું કાર્ય પૂર્ણ કરી શુદ્ધ 'સ્વ'સ્વરૂપનું આસ્વાદન કર્યું. આમ તેઓ અનંત શાશ્વતસુખ અને આનંદના ભોકતા થયા. હે ભવ્યજીવો ! તમો પણ આવા નિર્ગ્રંથના માર્ગને અનુસરનાર થાઓ એવું શ્રી દેવચંદ્રજી મહારાજનું આવાહન છે.

રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતો જી;
ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતો જી.
નેમિ જિનેશ્વર..૨

શ્રી નેમકુમારને વૈરાગ્ય ઉત્પન્ન થતાં લગ્નનો વરઘોડો પાછો ફર્યો અને રાજુલ નારી સાથેનો સાંસારિક વિવાહ સંબંધ છૂટી ગયો. કુ. રાજુલને શરૂઆતમાં તો વિરહવેદના થઈ, પરંતુ તેને સંસારની અસારતાનું ભાન થતાં તેણીએ વિવેક વાપરી શ્રી નેમિનાથનું શરણું સ્વીકાર્યું. આમ રાજુલે શ્રી અરિહંત પ્રભુને પોતાના આરાધ્ય દેવરૂપે હૃદયમંદિરમાં પ્રસ્થાપ્યા. રાજુલે સર્વજ્ઞદેવનું શુદ્ધ આલંબન લઈ મુક્તિમાર્ગે પ્રયાણ કર્યું. ઉત્તમ મહાપુરુષનો સંગ રાજુલને થવાથી તેની આત્મવિશુદ્ધિમાં ઉત્તરોત્તર વ[illegible] થઈ અને છેવટે તે અનંત, શાશ્વત સહજસુખ અને આનંદની ક[illegible]

ભોક્તા થઈ.

ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિજાતિ અગ્રાહ્યો જી,
પુદ્‌ગલ ગ્રહવે રે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યો જી.

નેમિ જિનેશ્વર...૩

સમસ્ત જગત ઉત્પાદ્-વ્યય-ધ્રુવમય પાંચ સતૂદ્રવ્યોનું બનેલું છે, જેને 'પંચાસ્તિકાય' કહેવામાં આવે છે. આમાંના ધર્મ-અધર્મ અને આકાશાસ્તિકાય દ્રવ્યો અરૂપી, અચેતન (જડ), અને વિજાતીય હોવાથી તેનું ગ્રહણ આત્મા અને પુદ્‌ગલ દ્રવ્યોથી થઈ શકતું નથી એવું જ્ઞાની પુરુષોનું કથન છે. પરંતુ પુદ્‌ગલ અને આત્મદ્રવ્યમાં ક્રિયાવતી શક્તિ હોવાથી તે બન્ને દ્રવ્યોનો અન્યોન્ય સંબંધ મિશ્રભાવે સંસારિક જીવોમાં અનાદિકાળથી ચાલ્યો આવે છે. જો કે આત્મા અને પુદ્‌ગલ દ્રવ્યો પોતપોતાના નિયત સ્વભાવ અને ગુણોમાં પરિણામ પામતા હોવા છતાંય, પુદ્‌ગલદ્રવ્યની વર્ણ, ગંધ, રૂપ, સ્પર્શાદિ યુક્ત કર્મવર્ગણાઓ જીવની વિભાવદશાની પ્રવૃત્તિઓથી આત્મદ્રવ્યના વિશેષ જ્ઞાનાદિ ગુણોને આવરણ કરે છે અથવા ગુણોને ઢાંકી દે છે. રાગદ્વેષ અને અજ્ઞાનવશ મનુષ્યગતિમાં રહેલ જીવ જ્યારે વૈભાવિક વૃત્તિ અને પ્રવૃત્તિમાં ઓતપ્રોત થાય છે ત્યારે આત્મદ્રવ્યના પ્રદેશો કંપાયમાન થઈ અનેકવિધ પુદ્‌ગલ વર્ગણાઓ ગ્રહણ કરે છે, જે સંસારવૃદ્ધિનું પ્રધાન કારણ છે. આમ પુદ્‌ગલ વર્ગણાઓનું આત્મપ્રદેશો સાથેનું મિશ્રભાવે જોડાણ આત્મિક વિશેષગુણોને આવરણયુક્ત કરે છે, જેને દ્રવ્યકર્મ કહેવામાં આવે છે.

રાગી સંગે રે રાગ દશા વધે, થાયે તિણે સંસારો જી;
નિરાગીથી રે રાગ જોડવું, લહિએ ભવનો પારો જી.

નેમિ જિનેશ્વર...૪

વિષય-કષાયાદિ વિભાવોમાં તન્મય રહેલ સાંસારિક જીવો પ્રત્યે રુચિ, સંગ, રાગ, મોહાદિ ભાવો સેવવાથી પરિણામમાં તો ચાર ગતિરૂપ સંસારવૃદ્ધિનું કારણ થાય છે. જ્ઞાનીપુરુષોનો સુબોધ છે કે જો રાગ જ કરવો હોય તો નિરાગી પંચપરમેષ્ટિ ભગવંતોના પ્રગટ આત્મિક ગુણો ઉપર પ્રશસ્ત રાગ કરો અને તેઓની આજ્ઞાનું પરિપાલન કરો તેથી સંસાર ઉપરનો રાગ આપોઆપ છૂટી જશે. આ માટે પંચપરમેષ્ટિના વિશુદ્ધ ગુણોની ગુરુગમે યથાર્થ ઓળખાણ આત્માર્થી માટે અત્યંત આવશ્યક છે. જેથી 'પર'ભાવ પોતાની મેળે છૂટી જશે. આ માટે કોઈ તરણતારણ જ્ઞાનીપુરુષની શોધખોળ કરવી ઘટે અથવા તેવા સત્પુરુષનો સંગ થાય એવા શુદ્ધભાવ આત્માર્થીએ સેવવા ઘટે.

અપ્રશસ્તતા રે ટાળી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસે જી;
સંવર વાધે રે સાધે નિર્જરા, આતમભાવ પ્રકાશે જી.

નેમિ જિનેશ્વર...૫

પ્રસ્તુત ગાથામાં આશ્રવ, સંવર અને નિર્જરાનું સ્વરૂપ પ્રકાશિત કરવામાં આવ્યું છે, તે હવે જોઇએ.

જે આત્માર્થી સાધક કર્મબંધ થવાનાં મુખ્ય કારણો જેવાં કે રાગદ્વેષ, કષાય, અજ્ઞાન, પ્રમાદાદિ ટાળે છે તેને સંવરભાવની પ્રાપ્તિ થાય છે. આ માટે સાધકને પંચપરમેષ્ઠિ ભગવંતોના ગુણોનું યથાર્થ ઓળખાણ ગુરુગમે આવશ્યક છે. જ્ઞાની ભગવંતોના ગુણરાગી થવાથી, તેઓના અનન્યાશ્રિત થવાથી તેઓ પ્રત્યે પ્રશસ્ત રાગ અને અહોભાવ પ્રગટે છે. આનાથી સાધકમાં રહેલ અપ્રશસ્ત ભાવ આપોઆપ છૂટી જાય છે. આવા સાધકની સર્વ વૃત્તિ અને પ્રવૃત્તિ લક્ષ સહિતની સત્ સાધનોથી થાય છે, જેથી તેને નવાં કર્મબંધ વગરની સંવરપૂર્વક નિર્જરા થાય છે. જેમ જેમ મોક્ષાર્થીને સંવરપૂર્વકની નિર્જરા થાય છે, તેમ તેમ તેને સમ્યક્ જ્ઞાનદર્શનાદિ વિશેષગુણો આવરણ રહિત થઈ પ્રગટ થવા માંડે છે. અથવા આત્મિક વિશેષગુણોનો આવિર્ભાવ સાધકમાં થાય છે અને તેને શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

નેમિ પ્રભુ ધ્યાને રે એકત્વતા, નિજ તત્ત્વે એકતાનો જી;
શુક્લધ્યાને રે સાધી સુસિદ્ધતા, લહીએ મુક્તિ નિદાનો જી.

નેમિ જિનેશ્વર...૬

જેમ જેમ સાધકને શ્રી નેમિનાથ પ્રભુના પ્રગટ આત્મિક ગુણો પ્રત્યે બહુમાન, પ્રીતિ, ભક્તિ, અનન્યતા, અહોભાવ, આજ્ઞાદિમાં વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ તેને શ્રી અરિહંત પરમાત્મા સાથે એકતા થતી જાય છે. સાથે સાથે સાધકને સમજણ પ્રગટે છે કે પોતાનું પણ દરઅસલ સ્વરૂપ નિશ્ચયદૃષ્ટિએ પ્રભુ જેવું જ છે અને તેને પ્રગટ કરવાનો કૃતનિશ્ચય તેને વર્તે છે. સાધક શ્રી અરિહંત પરમાત્માના ધ્યાનનો આધાર લઈ, પોતાના સ્વરૂપની તન્મયતા વડે શુક્લધ્યાનમાં નિમગ્ન થાય છે. સાધક શુક્લધ્યાનના પહેલા બે તબક્કામાં શ્રુતજ્ઞાન કે સુબોધનો આધાર લે છે, પછી સૂક્ષ્મ શરીરનો આધાર લે છે અને છેવટે મન-વચન-કાયાદિનો આધાર છૂટી જતાં અકંપદશામાં અયોગી સિદ્ધસ્વરૂપની સાધકને પ્રાપ્તિ થાય છે.

અગમ અરૂપી રે અલખ અગોચરું, પરમાતમ પરમીશો રે;
દેવચંદ્ર જિનવરની સેવના, કરતાં વાધે જગીશો જી.

નેમિ જિનેશ્વર...૭

પ્રસ્તુત ગાથામાં શ્રી જિનેશ્વર ભગવંતના પ્રગટ આત્મિકગુણોનું વર્ણન થયું છે, જે નીચે મુજબ છે.

**અગમ** : છદ્‌મસ્ત જીવોથી જાણી ન શકાય એવું સ્વરૂપ. અથવા તર્ક બુદ્ધિથી અલભ્ય આત્મસ્વરૂપ.

**અરૂપી** : વર્ણ, રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ એવા પૌદ્‌ગલિક ગુણોથી રહિત એવું અરૂપી આત્મસ્વરૂપ.

**અલક્ષ** : મત-મતાંતર અને તર્કબુદ્ધિવાળાથી ઓળખી ન શકાય એવું આત્મસ્વરૂપ.

**અગોચર** : પાંચ ઈન્દ્રિયો અને મનની સહાયતાથી જાણી ન શકાય એવું આત્મસ્વરૂપ.

**પરમાતમ** : રાગદ્વેષાદિ દોષોથી રહિત એવું નિર્દોષ દશા પામેલું આત્મસ્વરૂપ અથવા પરમ આત્મસ્વરૂપ.

**પરમઈશ** : અનંત ચતુષ્ટયના સ્વામી કે ઈશ્વર અથવા ભવ્યજીવોના આરાધ્યદેવ, જેઓને જ્ઞાનાદિ સર્વ વિશેષ આત્મિકગુણો પ્રગટ્યપણે વર્તે છે.

**દેવચંદ્ર** : આ શબ્દના બે અર્થ થાય છે. દેવોમાં ચંદ્રથી પણ અધિક ઉજ્જવળ એવા દેવાધિદેવ. તથા સ્તવન રચયિતાના નામનો નિર્દેશ થયો છે.

શ્રી અરિહંત પરમાત્માના અપાર ગુણો, જે તેઓને પ્રગટપણે વર્તે છે એવાની સેવના, પૂજના, ગુણકરણ, પ્રણામ, આજ્ઞાપાલનાદિ ઉપાસનાથી સાધકમાં પણ ઉત્તરોત્તર આધ્યાત્મ શુદ્ધિની વૃદ્ધિ થાય છે અને છેવટે અવસર આવે તે પરિપૂર્ણ આત્મિક સંપદા પ્રાપ્ત કરે છે.

❖❖❖

# વીસમી સદીના સર્વોચ્ચ દીક્ષાદાતા પ.પૂ. સ્વ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ

☐ રમણલાલ ચી. શાહ

તાજેતરમાં વૈશાખ વદ ૧૧ ને દિવસે જેમની સ્વર્ગારોહણ તિથિ ઉજવાઈ ગઈ એ પ. પૂ. સ્વ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ વીસમી સદીના સર્વોચ્ચ દીક્ષાદાતા એવા એક મહાન જૈનાચાર્ય હતા, જેમના ત્રણસોથી અધિક શિષ્ય-પ્રશિષ્ય આજે પણ વિચરે છે. વસ્તુત: પ. પૂ. સ્વ. પ્રેમસૂરિદાદા આખી સદી પર છવાઈ ગયા હતા. એમના જીવનની વિગતો જ્યારે જાણીએ છીએ ત્યારે ઉચ્ચતમ કોટિના એક મહાન જૈન પ્રભાવક આચાર્ય ભગવંત કેવા હોય એની વિશિષ્ટ ઝાંખી થાય છે.

પોતાના પ્રથમ પટ્ટશિષ્ય સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. સ્વ. વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. સ્વ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ, પંન્યાસ શ્રી ચંદ્રશેખરજી મહારાજ વગેરે સંખ્યાબંધ ધુરંધર શિષ્યોને અને બીજા અનેક નામાંકિત પ્રશિષ્યોને ઘડવામાં એમનું મોટું યોગદાન રહ્યું છે. એના ઉપરથી એ સૌના ગુરુ ભગવંતની પોતાની સંયમ પ્રતિભા કેટલી ઉજ્જવળ અને આકર્ષક હશે તેની પ્રતીતિ થાય છે. પ.પૂ. પ્રેમસૂરિદાદાના ઘનિષ્ઠ સંપર્કમાં આવનારને દીક્ષા લેવાના ભાવ થયા વગર રહે નહિ એવું સંયમી, વાત્સલ્યપૂર્ણ એમનું જીવન હતું. તત્ત્વજ્ઞાનના વિષયમાં શિષ્યોની કોઈ પણ શંકાનું તરત નિવારણ કરી શકે એવું અગાધ એમનું શાસ્ત્રજ્ઞાન હતું. કર્મસિદ્ધાન્તના વિષયમાં એમના જેટલી જાણકારી અને કંઠસ્થ વિગતો ત્યારે કોઈની પાસે નહોતી. શિષ્યો, પ્રશિષ્યો અને સંઘની વ્યવસ્થા કરવામાં તેઓ અત્યંત નિપુણ હતા. એટલે જ એમના માટે સિદ્ધાન્તમહોદધિ, ચારિત્રચૂડામણિ, સંઘકૌશલ્યાધાર, વાત્સલ્યવારિધિ, કૃપાસાગર, સાક્ષાત્ સંયમમૂર્તિ, પરમતારક, સૂરિપુરંદર ઇત્યાદિ યથાર્થ વિશેષણો એમના શિષ્યોએ પ્રયોજેલાં છે.

પૂ. આચાર્ય મહારાજ વિશે સંસ્મરણ લેખો કે છૂટક સ્મરણો એમના ઘણા શિષ્યોએ લખ્યાં છે અને પોતાના આ ગુરુ મહારાજની વાત નીકળતાં ગદગદિત થઈ જાય છે. પૂ. શ્રી વીરરત્નવિજયજી મહારાજે 'સંભારણાં સૂરિ પ્રેમનાં'ના નામથી દળદાર સ્મૃતિગ્રંથ પ્રગટ કર્યો છે જેમાં પૂ. મહારાજ શ્રી પ્રેમસૂરીશ્વરજીનું સવિસ્તર જીવનચરિત્ર છે અને અનેક મહાત્માઓ અને ગૃહસ્થોએ આપેલી શ્રદ્ધાંજલિ છે. તદુપરાંત પૂ. શ્રી જગત્ચંદ્ર વિજયજી મહારાજે પદ્યમાં 'ગુરુગુણ અમૃતવેલી રાસ' નામની રાસકૃતિ લખી જે વિવેચનસહિત પ્રકાશિત થયેલી છે. આ બંને ગ્રંથો વાંચતાં પૂ. મહારાજશ્રીના ઉજ્જવળ જીવન અને સંગીન શાસનકાર્યનો સરસ પરિચય થાય છે. ગુરુ ભગવંત હોય તો આવા હોવા જોઇએ એવી એક હૃદયંગમ છાપ ચિત્તમાં અંકિત થાય છે.

પ.પૂ. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજે 'પ્રેમમધુરી વાણી તારી' નામના લેખમાં પૂ. મહારાજશ્રીના હૃદયમાંથી સમયે સમયે નીકળેલા ઉદ્ગારો ટપકાવી લીધા છે. પૂ. શ્રી ત્રિલોચનસૂરિ મહારાજે પૂ. મહારાજશ્રીના અઢાર મુખ્ય ગુણોની છણાવટ કરીને એના પ્રેરક પ્રસંગો ટાંક્યા છે.

પૂજ્ય મહારાજશ્રીનો જન્મ વિ. સં. ૧૯૪૦ના ફાગણ સુદ ૧૪ની અડધી રાતે (એટલે પૂનમની વહેલી સવારે) એમના મોસાળમાં રાજસ્થાનમાં નાંદિયા ગામમાં થયો હતો. એમનાં માતાનું નામ કંકુબાઈ અને પિતાનું નામ ભગવાનજીભાઈ હતું.

ભગવાનજીભાઇનું વતન પિંડવાડા. બાળકને લઇને માતા પિંડવાડા આવ્યાં. ફોઇએ બાળકનું નામ પ્રેમચંદ પાડ્યું. પ્રેમચંદ સાતેક વરસના થયા ત્યાં સુધી પિંડવાડામાં એમનો ઉછેર થયો. પરંતુ ત્યાર પછી એમના પિતાશ્રી વ્યવસાય અર્થે ગુજરાતના સૂરત જિલ્લામાં વ્યારા ગામે આવ્યા. એ દિવસોમાં કેટલાયે રાજસ્થાની ભાઈઓ એકબીજાના સહારે ખાનદેશ કે મધ્ય પ્રદેશમાં આવીને કાપડ, ધીરધાર કે અન્ય પ્રકારનો વેપાર કરતા. એ રીતે ભગવાનજીભાઇ અને કંકુબાઈ પોતાના પુત્ર પ્રેમચંદને લઇને વ્યારામાં આવીને વસ્યા હતાં. પ્રેમચંદે શાળાનો અભ્યાસ વ્યારામાં કર્યો અને અનુક્રમે કિશોરાવસ્થામાં આવ્યા.

કિશોર પ્રેમચંદ સવારે દેરાસરે દર્શન-પૂજા કરવા જતા. કોઈ મુનિ મહારાજ ગામમાં પધાર્યા હોય અને એમનું વ્યાખ્યાન હોય તો વ્યાખ્યાનમાં બેસતા અને પછીનો સમય પિતાશ્રી સાથે દુકાને બેસતા. એમનામાં પૂર્વજન્મના કોઈ ઊંડા સંસ્કાર હશે કે જેથી એમને ધર્મની અને સાધુ ભગવંતોની વાતોમાં રસ પડતો હતો. એક દિવસ દુકાને કોઈ સંન્યાસી-બાવો ભિક્ષા માગવા આવેલો. તે પ્રેમચંદ સામે ટીકી ટીકીને જોતો હતો. ત્યારે પિતાજી ભગવાનજીભાઇએ પ્રશ્ન કરતાં બાવાએ કહ્યું હતું કે આ છોકરાની મુખાકૃતિ પરથી લાગે છે કે તમારો પુત્ર કોઈ મોટો માણસ થશે; પ્રાય: ત્યાગી મહાત્મા થશે. બાવાની એ આગાહી સાંભળ્યા પછી કિશોર પ્રેમચંદ ત્યાગ-વૈરાગ્યની વિચારધારાએ વારંવાર ચડી જતા.

વ્યારા જેવા નાના ગામમાં એક વખત એક મુનિભગવંત પધારેલા અને શત્રુંજય તીર્થની કોઈ પર્વતિથિ નિમિત્તે એ તીર્થનો મહિમા વ્યાખ્યાનમાં વર્ણવેલો. ત્યારથી પ્રેમચંદને શત્રુંજયની યાત્રાની તાલાવેલી લાગેલી. એમણે ત્યાં જવા માટે પિતાજીને વારંવાર કહેલું, પણ કિશોરવયના પ્રેમચંદને એકલા મોકલવા તેઓ તૈયાર નહોતા. એ દિવસોમાં ટ્રેનની સગવડ ઓછી હતી. આખા દિવસમાં એક ટ્રેન આવે ને જાય. વળી બે-ત્રણ સ્ટેશને ગાડી બદલવાની. વ્યારાથી પાલિતાણા પહોંચતાં બે દિવસ લાગી જાય, સાદી ટપાલ સિવાય બીજો કોઈ સંપર્ક નહિ. રેલ્વે રિઝર્વેશનની પ્રથા નહિ. મુસાફરો એટલા ઓછા કે જરૂર પણ નહિ. એટલે પાછા ફરવાની તારીખ નિશ્ચિત નહિ. વળી જાત્રા એટલે બે-ચાર દિવસ વધુ પણ લાગી જાય.

ભગવાનજીભાઈએ એક વખત કોઈ સંગાથ જોઈને પ્રેમચંદને પાલિતાણા મોકલ્યા. એક ધર્મશાળામાં ઉતરીને પ્રેમચંદે સિદ્ધાચલની યાત્રા જિંદગીમાં પહેલીવાર કરી અને આ મહાતીર્થથી એકદમ પ્રભાવિત થઈ ગયા. અઠ્ઠમ કરીને જાત્રા થાય તો વિશેષ લાભ થાય છે એવો એનો મહિમા જાણીને અઠ્ઠમ સાથે જાત્રા કરી. ડુંગર પર ચડતાં-ઊતરતાં સાધુ-સાધ્વીનાં દર્શન કરીને તેમણે કૃતાર્થતા અનુભવી. દરમિયાન પોતાને એક મુનિ મહારાજનો સંપર્ક થયો. એમનું નામ સિદ્ધિમુનિ હતું. એમની પાસેથી પ્રેમચંદને ઘણું જાણવા મળ્યું. પાલિતાણાના આ પરિચયથી પ્રેમચંદને એમની પાસે દીક્ષા લેવાના ભાવ થયા. પરંતુ મહારાજે કહ્યું કે પોતાનો એવો અભ્યાસ નથી, પણ જો દીક્ષા લેવી હોય તો ઘોઘામાં બિરાજમાન પ.પૂ. શ્રી વીરવિજયજી મહારાજ (પૂજાની સુપ્રસિદ્ધ ઢાળોના રચયિતા શ્રી વીરવિજયજી તે જુદા) અને એમના શિષ્ય પૂ. શ્રી દાનવિજયજી છે. દીક્ષા લેવી હોય તો એમની પાસે લેવી જોઈએ.

પ્રેમચંદ પાલિતાણાથી ઘોઘા ગયા. ત્યાં પહોંચી બંને મુનિ ભગવંતોને મળી પોતાની દીક્ષા લેવાની ભાવના વ્યક્ત કરી. મુનિ ભગવંતોએ પ્રેમચંદને પહેલાં સ્વાધ્યાય કરવા અને સાથે રહેવા કહ્યું જેથી એની

યોગ્યતાનો પોતાને ખ્યાલ આવે. થોડા દિવસના રહેવાથી જ પ્રેમચંદમાં સ્વાધ્યાય, તપ, વિનય, વૈયાવચ્ચ વગેરેના ઉત્તમ ગુણો પ્રગટ થવા લાગ્યા. ત્યારે પંદર વર્ષની એમની ઉંમર હતી.

પરંતુ આ બાજુ પ્રેમચંદનાં માતાપિતાને ચિંતા થઈ કે શત્રુંજયની જાત્રા કરવા નીકળેલા પ્રેમચંદને આટલા બધા દિવસ કેમ લાગ્યા? ભગવાનજીભાઈ તપાસ કરવા પાલિતાણા આવ્યા અને ત્યાંથી ખબર મળ્યા એટલે ઘોઘા આવ્યા. તેઓ પ્રેમચંદને પાછા વ્યારા લઈ ગયા. પરંતુ પ્રેમચંદના દિલમાં દીક્ષા લેવાનું બીજ હવે બરાબર વવાઈ ગયું હતું.

વ્યારામાં પ્રેમચંદ ઘર અને દુકાન સંભાળતા, પરંતુ એમાં એમનો જીવ લાગતો નહોતો. ઘર છોડીને ભાગી નીકળવાની તેઓ તક શોધતા હતા. એમ કરતાં કરતાં લગભગ બે વર્ષનો સમય વીતી ગયો. એક દિવસ એવું થયું કે ઘરનાં બધાંને સગાનું મૃત્યુ થતાં પ્રસંગવશાત્ બહારગામ જવાનું થયું. પ્રેમચંદ એકલા જ ઘરે હતા. એમને લાગ્યું કે ઘર છોડીને જવાની આ એક સારી તક છે. સૂરતથી પાલિતાણા ટ્રેનમાં કેવી રીતે જવાય એનો તો અનુભવ એમને હતો. હવે સવાલ રહ્યો વ્યારાથી સૂરત જવાનો. એમાં વાર ન લાગવી જોઈએ. એટલે મન મક્કમ કરીને ગામમાં કોઈને ખબર પડે તે પહેલાં વહેલી સવારે તેઓ નીકળી ગયા અને આખો દિવસ પગે ચાલીને, સાંજ સુધીમાં ૪૫ કિલોમીટરનું અંતર કાપીને તેઓ સૂરત પહોંચી ગયા. ત્યાંથી ટ્રેન પકડી બીજા બે દિવસમાં પાલિતાણા પણ પહોંચી ગયા. સદ્ભાગ્યે પૂ. વીરવિજયજી અને પૂ. દાનવિજયજી ત્યારે પાલિતાણામાં જ બિરાજમાન હતા.

પ્રેમચંદની દીક્ષા માટેની ઉત્કટ લગની અને યોગ્યતા પારખીને બંને મુનિવરોએ સત્તર વર્ષના આ યુવાનને દીક્ષા આપવાનો નિર્ણય કર્યો. એ પ્રમાણે વિ.સ. ૧૯૫૭ના કારતક વદ ૬ના રોજ સિદ્ધગિરિની શીતલ છાયામાં પ્રેમચંદને દીક્ષા આપવામાં આવી અને એમનું નામ 'પ્રેમવિજય' રાખવામાં આવ્યું. એમને પૂ. દાનસૂરિજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. દીક્ષા પછી પૂ. પ્રેમવિજયજીએ સંકલ્પ કર્યો કે જ્યાં સુધી પોતાના ગુરુ મહારાજના કુલ પાંચ શિષ્યો ન થાય ત્યાં સુધી કેરીનો ત્યાગ કરવો. પરંતુ થોડા વરસમાં જ પાંચ શિષ્યો થઈ ગયા.

દીક્ષા પછી વિહાર કરીને તેઓ પાટણ પધાર્યા. ત્યાં પ. પૂ. શ્રી આત્મારામજી મહારાજના પટ્ટધર તરીકે શ્રી કમલવિજયજીને સ્થાપવામાં આવ્યા અને એમને આચાર્યની પદવી આપવામાં આવી.

પાટણથી વિહાર કરી પૂ. શ્રી દાનવિજયજી મહારાજ પોતાના શિષ્ય પૂ. શ્રી પ્રેમવિજયજીને લઈને વડોદરા પધાર્યા. પૂ. શ્રી દાનવિજયજી મહારાજે આગમોનો સંગીન અભ્યાસ કરી લીધો હતો. એમને 'સકલાગમ રહસ્યવેદી' કહેવામાં આવતા. એમણે પોતાના શિષ્ય પૂ. મહારાજશ્રીને અહીં સંસ્કૃત ભાષા અને વ્યાકરણ, કાવ્યાદિના ગ્રંથો, ન્યાય અને તર્કના ગ્રંથો, આગમો, પ્રકરણગ્રંથો વગેરેનો સઘન અભ્યાસ કરાવ્યો. દરમિયાન એમણે પોતે પણ ભગવતી સૂત્રના યોગોદ્વહન કર્યા અને એમને ખંભાતના સંઘે ગણિપદ અને પંન્યાસપદ આપ્યું. ત્યારપછી તેઓએ પાલનપુર, ભરુચ, ખંભાત, છાણી વગેરે સ્થળે ચાતુર્માસ કર્યા. દરમિયાન પૂ. મહારાજશ્રીનો અભ્યાસ પણ ચાલતો જ રહ્યો હતો. અભ્યાસ માટે એમની લગની એટલી તીવ્ર હતી કે છાણીથી વિહાર કરીને તેઓ રોજ સવારે વડોદરા જતા, ત્યાં પંડિતજી પાસે અભ્યાસ કરતા અને ભર તડકામાં પાછા ફરતા. કોઈવાર પંડિતજી ઘરે ન હોય કે એમને અનુકૂળતા ન હોય તો ધક્કો થતો, પરંતુ એથી પૂ. મહારાજશ્રી ક્યારેય અપ્રસન્ન થતા નહિ. પૂજ્ય મહારાજશ્રીએ પોતાના શરીરને હવે એવું કેળવ્યું હતું કે ઉનાળામાં તપેલી જમીન પર તેઓ ઉલ્લાસથી ચાલતા. પગ બળતા હોય તો પણ તેઓ ઉતાવળ કરતા નહિ કે છાંયડો શોધતા નહિ.

છાણી અને લીંબડીમાં ચાતુર્માસ કર્યા પછી આચાર્ય ભગવંત પ. પૂ. કમલસૂરિજીએ પ. પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી સાથે પંજાબ બાજુ વિહાર કર્યો અને ત્યાં ઉપરાઉપરી બે ચાતુર્માસ અંબાલામાં કર્યાં. પૂ. મહારાજશ્રીએ પંજાબની ધરતી પર આ પહેલી વાર પદાર્પણ કર્યું હતું અને તે છેલ્લી વારનું હતું. પૂ. મહારાજશ્રી પોતાના ગુરુભગવંત સાથે અંબાલાથી વિહાર કરી ચાતુર્માસ બીકાનેરમાં કરીને વડોદરા પધાર્યા. ત્યાં જ્ઞાનભંડારનું અને વિદ્યાભ્યાસનું કાર્ય કરવાનું હતું.

પૂ. મહારાજશ્રીએ વડોદરામાં પોતાનો વિદ્યાભ્યાસ એટલો ગહન કર્યો કે હવે સંસ્કૃત ભાષામાં પણ તેઓ વાર્તાલાપ કરતા હતા. તે વખતે વડોદરાના ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ અને સેન્ટ્રલ લાયબ્રેરીના નિયામક શ્રી અનંતકૃષ્ણ અને પૂ. મહારાજશ્રી મળે ત્યારે પરસ્પર સંસ્કૃતમાં વાર્તાલાપ કરતા. પૂ. મહારાજશ્રી ત્યાંની જૈન હસ્તપ્રતો જોઇને આશ્ચર્યચકિત થઈ ગયા. એમને લાગ્યું કે આ બધા સાહિત્યને સંપાદિત-પ્રકાશિત કરવાનું કામ એક માણસનું નથી. એ માટે દસ-પંદર મુનિઓને તૈયાર કરવા જોઇએ.

પૂ. મહારાજશ્રી એક વખત લાયબ્રેરીમાં હતા ત્યારે ગાયકવાડ નરેશ શ્રી સયાજીરાવ ત્યાં પધાર્યા. પૂજ્ય મહારાજશ્રી સાથેની વાતચીતથી તેઓ અત્યંત પ્રભાવિત થયા અને ત્યાર પછી તો લક્ષ્મીવિલાસ નામના રાજમહેલમાં પૂ. શ્રી દાનવિજયજી અને પૂ. મહારાજશ્રીનાં પ્રવચનો થયાં.

વડોદરા પછી ત્યાં પાસે જ આવેલા દરાપરા નામના ગામમાં પૂ. શ્રી દાનવિજયજી મહારાજે પોતાના શિષ્યો સાથે ચાતુર્માસ કર્યું. આપણને આશ્ચર્ય થાય કે આવા નાના ગામડાની પસંદગી તેઓએ ચાતુર્માસ માટે કેમ કરી હશે ! પરંતુ તે સપ્રયોજન હતી. એક તો પૂ. મહારાજશ્રીનો ત્યાં એકાન્તમાં અભ્યાસ સારો થાય અને પાદરાથી આવતા ત્રિભુવન નામના એક દીક્ષાર્થી (ભવિષ્યના પ. પૂ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ) સાથે ગાઢ પરિચય થાય. પાદરાથી ધાર્મિક માસ્તર ઉજમશીભાઈ રજાના દિવસે પોતાના વિદ્યાર્થીઓને લઇને દરાપરા આવતા અને ત્યાં પૂજા ભણાવતા. એમાં ત્રિભુવન નામનો એક તેજસ્વી વિદ્યાર્થી આવતો હતો. સાત વર્ષની ઉંમર સુધીમાં એણે પોતાનાં માતા-પિતા ગુમાવ્યાં હતાં. પિતાનું તો મુખ પણ જોયું નહોતું. દાદીમા પાસે તે ઊછરતો હતો. પૂ. દાનવિજયજી મહારાજને એનામાં એક મહાન આચાર્યનાં બીજ પડેલાં જણાયાં. કિશોર ત્રિભુવનને ત્યાગ-વૈરાગ્યનો રંગ લાગ્યો હતો, દીક્ષા લેવી હતી, પણ કુટુંબીજનોની સંમતિ મળે એમ નહોતી. એ ઉંમરે વડોદરા રાજ્યમાં દીક્ષા લઈ શકાય એમ નહોતી, કારણ કે ગાયકવાડી રાજ્યમાં બાલ-દીક્ષાનો પ્રતિબંધ હતો. પરંતુ પૂ. શ્રી દાનવિજયજી મહારાજ અને પૂ. શ્રી પ્રેમવિજયજી મહારાજની સંયમમાર્ગ માટે એવી પ્રબળ પ્રેરણા હતી કે આ બધી મુશ્કેલીમાંથી માર્ગ કાઢવા માટે વિચાર કરીને તે પ્રમાણે ગાયકવાડી રાજ્યની હદ પૂરી થાય અને બ્રિટિશ રાજ્ય ચાલુ થાય એવા જૈનોનાં ઘર વગરના એકાન્ત ગાંધાર તીર્થમાં પોતાના ચેલા પૂ. શ્રી મંગળવિજયજીને મોકલીને એમના હાથે કોઈપણ જાહેર સમારંભ વગર ગુપ્તપણે દીક્ષા આપવામાં આવી હતી. એમનું નામ મુનિ રામવિજયજી રાખવામાં આવ્યું અને એમને પૂ. શ્રી પ્રેમવિજયજીના શિષ્ય તરીકે જાહેર

કરવામાં આવ્યા હતા. દીક્ષા પછી તરત ત્યાંથી તેઓ ભરુચ પધાર્યા અને ત્યાર પછી ચાતુર્માસ માટે પૂજ્ય ગુરુદેવો સાથે શિનોર ગામમાં જોડાઈ ગયા હતા.

પૂ. શ્રી દાનવિજયજી મહારાજ પોતાના શિષ્યો સાથે શિનોરથી વિહાર કરીને ભાવનગર પધાર્યા. ત્યાંથી ગુજરાત તરફ વિહાર કરતા તેઓ ડભોઈ પધાર્યા અને ત્યાં ચાતુર્માસ માટે રોકાયા. તે દરમિયાન પૂ. મહારાજશ્રીએ ભગવતી સૂત્રના યોગોદ્વહન કર્યા અને વિ. સં. ૧૯૭૬ના કારતક વદ ૬ના રોજ એમને ગણિનું પદ આપવામાં આવ્યું.

ડભોઈથી પૂ. મહારાજશ્રી પોતાના તેજસ્વી શિષ્ય વ્યાખ્યાનકાર પૂ. શ્રી રામવિજયજી સાથે અમદાવાદ પધાર્યા. અહીં એક મોટું આંદોલન તેઓએ જગાવ્યું. એ ભદ્રકાળી માતાને ચડાવાતા બકરાના બલિને અટકાવવાનું હતું. એમાં તેઓને સફળતા મળી અને 'પ્રેમ' અને 'રામ'નાં નામ ઘરે ઘરે ગુંજવા લાગ્યાં હતા.

અમદાવાદથી રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં વિહાર કરીને તેઓ કેટલાંક વર્ષે પાછા અમદાવાદ પધાર્યા. અહીં પૂ. મહારાજશ્રીને એમના દીક્ષાના અને ગણિપદના દિવસે જ એટલે કે કારતક વદ ૬ના દિવસે વિ. સં. ૧૯૮૧માં પંન્યાસ પદવી આપવામાં આવી.

અમદાવાદમાં પૂ. મહારાજશ્રીએ પોતાના શિષ્ય પ્રખર વ્યાખ્યાનકાર પૂ. શ્રી રામજવિયજી સાથે ત્રણ ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસનાં પ્રવચનોથી કેટલાયે યુવાનોને જેમ દીક્ષાનો રંગ લાગ્યો હતો તેમ એમનાં સ્વજનોમાં દીક્ષાનો વિરોધ જાગ્યો હતો. એમ છતાં પૂ. મહારાજશ્રીનું પુણ્યબળ એટલું મોટું હતું કે ઉગ્ર વિરોધ-વંટોળમાં પણ તેમને પૂરી સફળતા મળી હતી અને એમનો શિષ્ય સમુદાય મોટો થતો જતો હતો.

અમદાવાદથી વિહાર કરી પૂ. મહારાજશ્રીએ ખંભાત અને સૂરતમાં ચાતુર્માસ કર્યા. ત્યાં પણ સંખ્યાબંધ યુવાનોએ દીક્ષા લીધી અને એમના સ્વજનોનો ભારે વિરોધ રહ્યો.

ત્યાર પછી વિહાર કરતા કરતા પૂ. મહારાજશ્રી પોતાના ગુરુ ભગવંત અને શિષ્ય સમુદાય સાથે મુંબઈ પધાર્યા. એમના હાથે દીક્ષિત થનારની સંખ્યા ઉત્તરોત્તર વધતી જતી હતી. પરંતુ પૂ. મહારાજશ્રીની ભાવના એવી રહેતી કે બધાંને પોતાના શિષ્યો બનાવવાને બદલે પોતાના શિષ્યોના શિષ્યો બનાવવા. મુંબઇમાં વિ. સં. ૧૯૮૭માં મહારાજશ્રીને ઉપાધ્યાયની પદવી અને પૂ. શ્રી રામવિજયજીને પંન્યાસની પદવી આપવામાં આવી.

પૂ. મહારાજશ્રીના શિષ્યસમુદાયમાં કેટલાક તો શ્રીમંતાઇનો ત્યાગ કરીને આવ્યા હતા. મુંબઈ પછી અમદાવાદમાં સ્થિરતા થઈ તે દરમિયાન બે વિશિષ્ટ કોટિના યુવાન સગા ભાઈઓ ચાર્ટડ એકાઉન્ટન્ટ કાંતિલાલ અને પોપટલાલ પૂ. મહારાજશ્રીના સંપર્કમાં આવ્યા પછી દીક્ષા લેવાના ભાવવાળા થયા. પૂ. મહારાજશ્રીએ તેઓને દીક્ષા આપી અને તેઓનાં અનુક્રમે નામ રાખવામાં આવ્યાં મુનિ શ્રી ભાનુવિજયજી અને મુનિશ્રી પદ્મવિજયજી.

દરમિયાન પોતાની વૃદ્ધાવસ્થા અને વધતી જતી શારીરિક નબળાઈને લક્ષમાં રાખીને પ. પૂ. શ્રી દાનસૂરિ મહારાજે પૂ. મહારાજશ્રીને આચાર્યની પદવી અને પૂ. શ્રી રામવિજયજીને ઉપાધ્યાયની પદવી આપવાનો નિર્ણય કર્યો. ઘણી આનાકાની પછી તેઓએ પોતાના ગુરુભગવંતની આજ્ઞા માથે ચડાવી અને વિ. સં. ૧૯૯૧માં તેઓને રાધનપુરમાં મહોત્સવપૂર્વક એ પદવી આપવામાં આવી.

આચાર્યપદે આરૂઢ થતાં જ પૂ. મહારાજશ્રીમાં એક વિશિષ્ટ પ્રકારનું ગાંભીર્ય આવી ગયું. માથે મોટી જવાબદારી આવી. તેઓ સ્વાધ્યાયમાં મગ્ન રહેતા. પણ હવે તેઓ તેમાં વધુ ઊંડા ઊતરવા લાગ્યા. વળી હવે શિષ્યોનો સાથ પણ મળવા લાગ્યો કે જેથી પરિશ્રમભરેલું કામ વહેંચાઈ જાય. પૂ. મહારાજશ્રીએ જ્ઞાનભંડારોની હસ્તપ્રતોનું સંશોધન કરીને 'કર્મપ્રકૃતિ', 'પંચસંગ્રહ', 'નિશીથ ચૂર્ણિ' વગેરે ગ્રંથો સંપાદિત કરીને પ્રગટ કર્યા. તદુપરાંત 'સંક્રમણકરણ', 'કર્મસિદ્ધિ', 'માર્ગણાદ્વાર' વગેરે ગ્રંથો પણ તૈયાર કર્યા.

હવે પૂ. મહારાજશ્રીના જીવનમાં અગાઉ હતી તેથી પણ વધુ ઉગ્ર તપશ્ચર્યા અને ત્યાગને સ્થાન મળવા લાગ્યું. તેઓ સ્વાધ્યાયની સાથે તપને જોડતા અને શિષ્યોને પણ તેમ કરવા પ્રેરણા કરતા. શિષ્યો માટે પંડિતની વ્યવસ્થા પણ કરાવતા. એમના શિષ્યો દિવસમાં દસ-પંદર કલાક સ્વાધ્યાય કરતા. મહારાજશ્રીએ પહેલાં અમુક સમયમર્યાદા માટે અને પછી જીવન પર્યંત મિઠાઈ, સૂકો મેવો, ફળ વગેરેનો ત્યાગ કર્યો હતો. પછી એક જ વખતની ગોચરી અને તેમાં પણ રોટલી અને દાળ અથવા શાક એમ બે જ દ્રવ્યનો નિયમ લીધો હતો.

વિ. સં. ૧૯૯૨માં પૂ. મહારાજશ્રીના ગુરુભગવંત પ. પૂ. શ્રી દાનસૂરીશ્વરજીએ પાટડીમાં દેહ છોડ્યો એ સમાચાર તેઓને માતરમાં મળ્યા ત્યારે ભારે આઘાત લાગ્યો. સતત સાથે વિચરનારનો અંતિમ સમયે જ વિયોગ થયો. હવે સમુદાયની જવાબદારી પોતાને શિરે આવી. ત્યારપછી પૂ. મહારાજશ્રી વિહાર કરતા મુંબઈ પધાર્યા. વિ. સં. ૧૯૯૨માં પૂ. શ્રી રામવિજયજીને આચાર્યની પદવી આપવામાં આવી અને એમનું નામ રાખવામાં આવ્યું વિજય રામચંદ્રસૂરિજી. મુંબઈના ઇતિહાસમાં આ એક મોટી ઘટના હતી.

મુંબઈમાં તેઓએ ત્રણ ચાતુર્માસ કર્યા. ત્યાર પછી પૂ. મહારાજશ્રીએ મહારાષ્ટ્ર બાજુ વિહાર કર્યો અને પૂના, નિપાણી, સાંગલીમાં ચાતુર્માસ કરી તથા આસપાસનાં નગરોમાં વિહાર કરી એ તરફ પણ દીક્ષા, પ્રતિષ્ઠા, ઉપધાન વગેરે શાસન પ્રભાવનાનાં મહત્ત્વનાં કાર્યો કર્યા. કેટલાક અજૈન યુવાનોએ પણ જૈન ધર્મ અંગીકાર કર્યો અને કોઈકે તો એમની પાસે દીક્ષા પણ લીધી. જીવોને પ્રતિબોધ પમાડી સંયમમાર્ગે વાળવાની તેમનામાં વિશિષ્ટ લબ્ધિ હતી.

મહારાષ્ટ્રમાંથી પાછા મુંબઈ પધાર્યા ત્યારે મુંબઇમાં એમણે વિ. સં. ૧૯૯૮માં જે ઉપધાન તપ કરાવ્યાં તેમાં ઘણાં શ્રાવક-શ્રાવિકા જોડાયાં હતાં. એની માળના પ્રસંગે જે ત્રણ માઈલ લાંબી શાનદાર શોભાયાત્રા નીકળી હતી (આ લખનારે તે નજરે જોઈ હતી) તે અભૂતપૂર્વ હતી. ત્યાર પછી આજ દિવસ સુધીમાં એવી શોભાયાત્રા નીકળી નથી.

મુંબઈ પછી પૂ. મહારાજશ્રીએ ગુજરાતમાં ખંભાત, અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ-ગિરનાર, માંગરોળ, નાર (ચરોતર) વગેરે સ્થળે વિચરી પિંડવાડામાં ચાતુર્માસ કર્યું. પૂ. મહારાજશ્રીના સંસારી પિતા શ્રી ભગવાનજીભાઈ પણ પિંડવાડામાં હતા અને પોતાના પુત્રનો આધ્યાત્મિક ઉત્કર્ષ જોઇને અને ધર્મપ્રભાવનાના એમનાં કાર્યો નિહાળીને પરમ હર્ષ અને સંતોષ અનુભવ્યો હતો. રાજસ્થાનમાં પણ દીક્ષા, પદવી, યાત્રા-સંઘ ઇત્યાદિની પ્રવૃત્તિઓ પણ જોશભેર ચાલી હતી. પિંડવાડામાં મહારાજશ્રીના સંસારી ભાણેજે પણ દીક્ષા લીધી હતી અને એમનું નામ પૂ. શ્રી વીરરત્નવિજયજી રાખવામાં આવ્યું હતું.

પૂ. મહારાજશ્રીના મુખ્ય શિષ્યો પૂ. શ્રી રામચંદ્રસૂરિજી મહારાજ અને પૂ. શ્રી ભાનુવિજયજી મહારાજ પણ હવે સ્વતંત્ર વિહાર કરવા લાગ્યા હતા અને તેઓ પણ કેટલાયે દીક્ષાર્થીઓને લાવીને પૂ. મહારાજશ્રી પાસે દીક્ષા અપાવતા હતા. પૂ. શ્રી ભાનુવિજયજી તો પૂ. મહારાજશ્રીની

આજ્ઞાથી શિબિરો યોજાતા હતા અને દીક્ષાર્થીઓને દીક્ષા લેતાં પહેલાં અને દીક્ષા લીધા પછી સંગીન અભ્યાસ કરાવતા. આ રીતે શિષ્યો દ્વારા પ્રશિષ્યોની દીક્ષાની સંખ્યા વધતી ચાલી. મહારાષ્ટ્રમાં પૂ. મહારાજશ્રી બીજી વાર પધાર્યા ત્યારે જુદે જુદે સ્થળે મળીને એક જ દિવસે ચાલીસ જેટલી દીક્ષા થઈ હતી. જાણે કે દીક્ષાનો જુવાળ ન આવ્યો હોય !

પૂ. મહારાજશ્રીના પ્રભાવક વ્યક્તિત્વથી અને મધુર વત્સલ હિતકારી વાણીથી કેટલાક શ્રીમંતોનું પણ હૃદયપરિવર્તન થયું હતું. મુંબઇમાં શેઠ જીવતલાલ પ્રતાપસીના નાના ભાઈ કાન્તિલાલ અને એમનાં પત્ની સુભદ્રાબહેનના પુત્ર મેટ્રિક પાસ થયા પછી કૉલેજમાં ન જતાં ધર્મના રંગે એવા રંગાઈ ગયા હતા કે એમણે પૂ. મહારાજશ્રીના હસ્તે મુંબઈમાં દીક્ષા લીધી અને એમનું નામ રાખવામાં આવ્યું મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી.

પૂ. મહારાજશ્રી પિંડવાડા, પાટણ, અમદાવાદ વગેરે સ્થળે ચાતુર્માસ કરી, રાજસ્થાન અને ગુજરાતમાં વિવિધ સ્થળે વિચરીને અમદાવાદ પધાર્યા. જીવનનાં આ પાછલાં વર્ષોમાં એમને હૃદયરોગ ચાલુ થયો હતો અને કેટલીક વાર છાતીમાં ભારે દુ:ખાવો થતો. એમ છતાં તેઓ આહાર વગેરેની બાબતમાં સાધ્વાચારને લક્ષમાં રાખી પૂરી સાવધાની રાખતા.

આ વિહાર દરમિયાન તેઓ જ્યાં જ્યાં પધાર્યા ત્યાં ઉત્સવો યોજાતા. અમદાવાદમાં હવે ગ્રંથપ્રકાશનનો મહોત્સવ થયો. પૂ. મહારાજશ્રીની ભલામણથી પૂ. શ્રી ભાનુવિજયજીએ સંસ્કૃત ભાષા-વ્યાકરણ, પ્રાકૃત ભાષા–વ્યાકરણ, ન્યાયશાસ્ત્રમાં જે શિષ્યોને તૈયાર કર્યા તેમાં પૂ. શ્રી જયઘોષવિજયજી, પૂ. શ્રી ધર્માનંદવિજયજી, પૂ. શ્રી ગુણરત્ન વિજયજી, પૂ. શ્રી વીરશેખરવિજયજી એવા સજ્જ થઈ ગયા હતા કે તેઓને પૂ. મહારાજશ્રીના માર્ગદર્શન હેઠળ કર્મ સિદ્ધાન્ત અંગે ગ્રંથો તૈયાર કરવાનું કાર્ય સોંપી શકાય. અમદાવાદમાં બે મહાકાય ગ્રંથો તૈયાર થયા. 'ખવગસેઢી' (ક્ષપકશ્રેણી) અને 'ઠિઈબંધો' (સ્થિતિબંધ). આ બંને ગ્રંથોને હાથી પર અંબાડીમાં મૂકી ગૌરવયુક્ત મોટી શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

પૂ. મહારાજશ્રીનું વિ. સં. ૨૦૨૩નું અંતિમ ચાતુર્માસ ખંભાતમાં થયું. એમની તબિયત અસ્વસ્થ રહેતી હતી. એટલે ચોમાસું ઊતરતાં એમના શિષ્યો પૂ. શ્રી રામચંદ્રસૂરિ, પૂ. શ્રી ભાનુવિજયજી, પૂ. શ્રી યશોદેવસૂરિ, પૂ. શ્રી ચંદ્રશેખર વિજયજી વગેરે ખંભાત આવી પહોંચ્યા. પરંતુ ચૈત્ર મહિનો થતાં દરેકને પોતપોતાના ચાતુર્માસ માટે તથા અન્ય કાર્યો માટે પૂ. મહારાજશ્રીએ વિહાર કરાવ્યો. પરંતુ થોડા દિવસમાં જ પૂ. મહારાજશ્રીની વધુ બગડેલી તબિયતના સમાચાર મળતાં પૂ. શ્રી રામચંદ્રસૂરિજી તરત પાછા ખંભાત પધાર્યા. પૂ. મહારાજશ્રી સાથે ત્રણ દાયકા કરતાં અધિક સમયથી સાથે રહેનાર, પૂ. શ્રી ભાનુવિજયજી, સંજોગવશાત્ પાછા ફરી શક્યા નહિ. પૂ. શ્રી ચંદ્રશેખરવિજયજી તથા અન્ય કેટલાક મહાત્માઓ પણ આવી ન શક્યા.

ખંભાતમાં ઉપચાર ચાલતા હતા, પરંતુ હૃદયરોગ વધુ ઉગ્ર બન્યો હતો. પૂ. મહારાજશ્રી સમજી ગયા હતા કે આ હવે એમના અંતિમ દિવસો છે. એમને એક હૉલમાંથી બીજા ઓરડામાં લઈ જવામાં આવ્યા ત્યારે એમણે કહ્યું, 'ભાઈ, મારે હૉલ નહિ હવે તો ઘર બદલવાનું છે.'

વૈશાખ વદ ૧૧ ને રાત્રે ૧૦-૪૦ કલાકે એમણે સમાધિપૂર્વક, નવકારમંત્રની ધૂન સાંભળતાં દેહ છોડ્યો. એમના સ્વર્ગવાસના સમાચાર તરત ચારે બાજુ પ્રસરી ગયા અને એમના અનેક ભક્તો ખંભાત આવી પહોંચ્યા. બીજે દિવસે સવારે એમના પ્રથમ અને પટ્ટધર શિષ્ય પ. પૂ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજીએ બધી વિધિ કરી અને બપોરે વિજય મુહૂર્તે એમની પાલખી નીકળી. એ પ્રસંગે હજારો માણસો એમાં જોડાયા હતા. (પૂ. મહારાજશ્રીના શિષ્યો અને અગ્રગણ્ય શ્રાવક ભક્તો એટલા બધા હતા કે તે દરેકનાં વ્યક્તિગત નામ લખવાનું શક્ય નથી.)

પૂજ્ય મહારાજશ્રીના કાળધર્મથી જૈન શાસને આ યુગના એક મહાન, તેજસ્વી પ્રભાવક આચાર્ય ભગવંત ગુમાવ્યા છે.

પ. પૂ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજીએ એમને અંજલિ આપતાં લખ્યું છે કે 'નમ્રતા વિના વિનયગુણ, જાતને ભૂલ્યા વિના વૈયાવચ્ચ ગુણ, તકલીફ ભોગવવાના નિર્ણય વિના સંયમપાલન ગુણ, સ્વાદને માર્યા વિના તપ ગુણ અને અંતર્મુખ બન્યા વિના સ્વાધ્યાય ગુણ આવે નહિ. આ મહાપુરુષે સંયમ સ્વીકાર્યા બાદ સંયમના પાયાના ગુણો એવા વિનય, વૈયાવચ્ચ, તપ, સંયમ અને સ્વાધ્યાયને જીવનના પ્રાણસમા બનાવી દીધાં હતાં. આ મહાપુરુષ જીવનમાં જે રીતે આગળ વધ્યા તે અમે નજરે જોયું છે. તે રીતે આગળ વધવામાં આ પાંચ ગુણોનો મહાપ્રતાપ છે.'

પ. પૂ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજીએ લખ્યું છે, 'સિદ્ધાન્તમહોદધિ સંઘકૌશલ્યાધાર પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા પણ વર્તમાન યુગની એક અનન્ય બ્રહ્મમૂર્તિ હતા. વિકાસમાન યુવાનીમાં જ સંસારત્યાગ કરવા છતાં વિરાટ સંયમકાળમાં ક્યારેય તેઓશ્રીના આત્માને અબ્રહ્મનું કલંક સ્પર્શી શક્યું નહોતું.'

પ. પૂ. શ્રી ચંદ્રશેખરવિજયજીએ લખ્યું છે, 'વાત્સલ્યમૂર્તિ ભગવાન શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા ! ત્રણસો ને પચાસ મુનિઓ-બાળકોની મા !...કઠોરતમ સંયમપંથને પણ સુંવાળો બનાવી આપવાની અનુપમ સિદ્ધિ આ 'મા'એ પ્રાપ્ત કરી હતી. સંયમધર આત્માઓના સર્વ પ્રદેશે એમણે વાત્સલ્યભાવનાં અમીછાંટણાં કરી દીધાં હતાં. વાત્સલ્ય લઈને એમણે સાધુઓને રોજ ૧૪ થી ૧૮ કલાકનો સ્વાધ્યાય કરતા કરી દીધા હતા.'

પૂજ્ય મહારાજશ્રીના ૮૪ વર્ષના આયુષ્યમાં ૬૭ વર્ષનો દીક્ષાપર્યાય હતો. દીક્ષાપર્યાય દરમિયાન તેમણે ગુજરાત, રાજસ્થાન, પંજાબ અને મહારાષ્ટ્રમાં અનેક સ્થળે વિહાર કર્યો હતો અને ઘણે સ્થળે ચાતુર્માસ કર્યા હતાં. આ ચાતુર્માસમાં તેમણે સૌથી વધુ ચાતુર્માસ અમદાવાદ અને મુંબઇ કર્યા હતાં. તદ્દુપરાંત પાટણ, ખંભાત, વડોદરા, પિંડવાડા વગેરે નગરોમાં એમણે એક થી વધુ ચાતુર્માસ કર્યા હતા. બીજી બાજુ એમણે દરાપરા, વટાદરા, શિનોર જેવાં નાનાં ગામડાંઓમાં પણ ચાતુર્માસ કર્યા હતાં. એમના જીવનકાળ દરમિયાન દીક્ષા, અંજનશલાકા-પ્રતિષ્ઠા, યાત્રાસંઘ, ઉપધાનતપ વગેરેના અનેક મહોત્સવો થયા હતા. વસ્તુત: તેઓ જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં ઉલ્લાસ અને ઉત્સવનું વાતાવરણ સર્જાઈ જતું.

પૂ. મહારાજશ્રીના જીવનના પ્રેરક, પ્રબોધક, પ્રકાશક અનેક પ્રસંગો નોંધાયા છે. એમાંથી કેટલાંક અહીં આપણે જોઇશું.

પૂ. મહારાજશ્રીના જીવનમાં કોઈ બાહ્ય ઠાઠમાઠ નહિ, મોટાઈ નહિ, સીધું સાદું સરળ જીવન, કોઈ ચીજવસ્તુનો પરિગ્રહ નહિ, નામનાની કોઈ ખેવના નહિ, હંમેશાં તેઓ પ્રસન્ન રહેતા. આત્મશ્લાઘા નહિ અને અહંકારનાં વચનો નહિ, તદ્દન નિ:સ્પૃહ અને સંતોષી વૃત્તિવાળા તેઓ હતા. આથી એમના સંપર્કમાં આવનાર એમના ચારિત્રની સુવાસથી આકર્ષાતા.

પૂ. મહારાજશ્રી વસ્ત્ર વગેરેનો ઓછામાં ઓછો પરિગ્રહ રાખતા. તેઓ વિહારમાં હોય ત્યારે પહેરેલાં કપડાં સિવાય કશું રાખે નહિ. તેમના વિંટીયામાં એક ચોલપટ્ટો પણ રાખ્યો ન હોય. એક વખત

એમના ગુરુદેવ પૂ. દાનસૂરિજીએ કહ્યું, 'પ્રેમવિજય, વિહારમાં તારે એક ચોલપટ્ટો સાથે રાખવો જોઇએ. પહેરેલો ચોલપટ્ટો ઓચિંતો કોઈ વાર ફાટી જાય તો શું કરે ?' પૂ. મહારાજશ્રીએ કહ્યું, 'ગુરુદેવ ! આપની કૃપાથી એવું નહિ થાય. અને થશે તો બધું ગોઠવાઈ જશે.'

એક વાર ખરેખર એવું બન્યું કે વિહારમાં તેઓ હતા ત્યારે એક ગામમાં મુકામ કર્યો હતો. મહારાજશ્રી ગોચરી વહોરીને આવ્યા અને જર્જરિત થયેલો ચોલપટ્ટો ફાટી ગયો. બીજો ચોલપટ્ટો હતો નહિ. પૂ. દાનસૂરિએ કહ્યું, 'પ્રેમવિજય ! મેં કહ્યું હતું કે એક વધારાનો ચોલપટ્ટો રાખ. જો ફાટી ગયો ને ? હવે તું શું કરીશ ?'

પૂ. મહારાજશ્રી ઉત્તર આપે તેટલામાં તો ઉપાશ્રયમાં એક શ્રાવક દાખલ થયા. એમના હાથમાં કાપડનો તાકો હતો. એમણે કહ્યું, 'ગુરુ મહારાજ આપને વહોરાવવા માટે આ લઈ આવ્યો છું.'

પૂ. શ્રી દાનવિજયજીએ કહ્યું, 'પ્રેમવિજય ! તારી શ્રદ્ધા ગજબની છે !'

પૂ. મહારાજશ્રીએ વિનયથી કહ્યું, 'આપની કૃપાનું એ પરિણામ છે.'

પૂ. મહારાજશ્રીએ મિઠાઈ, મેવા, ફળ વગેરેનો દીક્ષા પછી થોડાં વર્ષોમાં ત્યાગ કર્યો હતો. કેરીની તો એમણે આજીવન બાધા લીધી હતી. તેઓ ઘણુંખરું એકાસણા જ કરતા. ગોચરી વાપરતી વખતે એ માટે દસ-બાર મિનિટથી વધુ સમય આપતા નહિ. જરાક જેટલું વાપરીને તરત ઊભા થઈ જતા. કેટલાંયે ચાતુર્માસમાં આહારમાં તેઓ ફક્ત બે જ વાનગી વાપરતા. દાળ અને રોટલી અથવા શાક અને રોટલી. તેઓ કહેતા: 'દાળ અને રોટી, બીજી વાત ખોટી.'

મહારાજશ્રી સ્થંડિલ (ઠલ્લે) માટે વાડામાં જવાનું પસંદ કરતા નહિ, પણ ગામને પાદરે, ખુલ્લામાં યોગ્ય ભૂમિમાં જવાનું રાખતા. એ માટે બે-ત્રણ કિલોમિટર ચાલવું પડે તો કચવાટ વગર ચાલતા. તેઓ ઘણુંખરું બપોરે સ્થંડિલ જવાનું રાખતા. જ્યારે રસ્તો બહુ તપી ગયો હોય ત્યારે પણ શાંતિથી કશી પણ ફરિયાદ કર્યા વિના ચાલતા જતા. શારીરિક સહિષ્ણુતા એમનામાં ગજબની હતી. અમદાવાદમાં હોય તો ઉનાળામાં ભર બપોરે ઉઘાડા પગે સાબરમતીના કિનારે સ્થંડિલ જતા, તેમ છતાં એમના ચહેરા પર પ્રસન્નતા રહેતી.

જેવી શારીરિક સહિષ્ણુતા એમનામાં હતી તેવી જ માનસિક સહિષ્ણુતા હતી. કદાચ કોઈ સાધુ કે શ્રાવક ગમે તેમ બોલી જાય તો પણ તેઓ સમતાભાવ રાખતા. ગમે તેવા વ્યવહારમાં તેઓ સામી પ્રતિક્રિયા કરતા નહિ.

એક વખત પાલિતાણામાં શ્રાવિકાશ્રમના દેરાસરમાં મહારાજશ્રીના હસ્તે પ્રતિષ્ઠા હતી ત્યારે અમદાવાદથી ૬૦ ઠાણા સાથે તેમનો વિહાર નક્કી થયો. એ દિવસોમાં વિહાર ઘણો કઠિન હતો. આટલા બધા ઠાણા હોય અને રસ્તામાં ગોચરી વગેરેની તથા અન્ય જરૂરિયાતની વ્યવસ્થા બરાબર ન હોય. એટલે અમદાવાદના સંઘના શ્રેષ્ઠીઓએ મહારાજશ્રી સાથે એક ગાડું મોકલવાનું નક્કી કર્યું કે જેથી જરૂર પ્રમાણે ઉપયોગ થઈ શકે. મહારાજશ્રીને આ વાતની ખબર પડી. એમણે તરત શ્રેષ્ઠીઓને બોલાવીને કહ્યું, 'અમારે વિહારમાં સાથે ગાડું ન જોઈએ. અમને અગવડ ઘણી પડશે, પણ તે અમે વેઠી લઈશું,' એટલે વિહારમાં સાથે ગાડું લઈ જવાનું માંડી વાળવું પડ્યું હતું.

પૂ. મહારાજશ્રી પોતે ઘડિયાળ ન રાખે અને પોતાના સાધુઓને પણ રાખવા દેતા નહિ. તેઓ કહેતા કે સાધુઓને મહાવરાથી કાળની ખબર પડવી જોઈએ. એક વખત પૂનામાં તેઓ બિરાજમાન હતા ત્યારે એમણે કેટલાક સાધુઓને અન્યત્ર વિહાર કરવાની આજ્ઞા આપી હતી. એ સાધુઓ સવારના પાંચેક વાગ્યા હશે એમ ધારીને કેડ બાંધીને તૈયાર થઈ ગયા. મહારાજશ્રીએ ત્યારે તેઓને કહ્યું: 'હજુ વાર છે. અત્યારે રાતના માંડ બે વાગ્યા હશે.'

પૂ. મહારાજશ્રી સાધુઓને સવારે ચાર-પાંચ વાગે અંધારામાં વિહાર કરવા દેતા નહિ. ગમે તેટલો લાંબો વિહાર હોય, વૃદ્ધ સાધુઓને વાર લાગે, તો પણ વિહાર માટે રજા આપે નહિ. અન્ય સંપ્રદાયના કેટલાક સાધુઓ સાથે ફાનસ લઈને અને માણસો રાખીને વિહાર કરે. પરંતુ મહારાજશ્રી એ રીતે અંધારામાં ફાનસ સાથે વિહાર કરવા દેતા નહિ. વળી સાધુઓ કેટલીકવાર પોતાની વસ્તુઓ ઊંચકવા માટે વિહારમાં સાથે માણસ રાખે. આચાર્ય મહારાજશ્રીની કડક સૂચના રહેતી કે પોતાના શરીર પર ઊંચકાય એટલી જ ઉપધિ (ઉપકરણો વગેરે) રાખવી. પોતાની ઉપધિ ગૃહસ્થો પાસે કે ભાડૂતી માણસો પાસે ઊંચકાવવી નહિ. આથી એમ બોલાતું કે, 'પ્રેમસૂરિ મહારાજ ન રાખવા દે માણસ કે ન રાખવા દે ફાનસ.'

પૂ. મહારાજશ્રી બ્રહ્મચર્યવ્રતના અખંડ ઉપાસક હતા. મન, વચન, કાયાથી વિશુદ્ધ પરિપાલન એમણે જીવનપર્યંત કર્યું હતું. એટલા માટે તેઓ વિજાતીય સંપર્કથી દૂર રહેતા. તેઓ શિષ્યોને પણ એ રીતે સતત સલાહ આપતા રહેતા અને તેમની દેખરેખ રાખતા.

એક વખત પાટણમાં પંચાસરા દેરાસર પાસે એક શિષ્ય એક મોટી ઉંમરનાં બહેન સાથે વાતો કરવા ઊભા રહ્યા. પૂ.મહારાજશ્રીએ એમને એ વિશે પૂછ્યું તો શિષ્યે કહ્યું કે 'એ તો મારા સંસારી માતુશ્રી હતાં એટલે વાત કરવા ઊભો રહ્યો હતો.'

પૂ. મહારાજશ્રીએ કહ્યું, 'ભાઈ, તારી વાત સાચી, પણ તું સંસારી માતુશ્રી સાથે વાત કરતો હતો એ ફક્ત તું જાણે અને માતુશ્રી જાણે. પરંતુ જતા આવતા લોકો તો એમ જ જાણે ને કે પ્રેમસૂરિના ચેલા રસ્તામાં સ્ત્રીઓ સાથે વાતો કરે છે. એટલે આપણે સાધુઓથી આવી રીતે રસ્તામાં વાત કરવા ઊભા રહેવાય નહિ.'

કોઈ શિષ્યને એનાં સંસારી સગાસંબંધીઓ મળવા આવ્યાં હોય અને એમની સાથે વાતચીત કરવી હોય તો પૂ.મહારાજશ્રીની રજા લેવી પડતી. એમાં પણ તેઓ એકાંતમાં કોઈને મળવા દેતા નહિ. ગૃહસ્થો સાથે અને તેમાં પણ વિજાતીય વ્યક્તિ સાથે પોતાના ચેલાઓને પરિચય વધારવા દેતા નહિ.

એક વખત પાલિતાણામાં પૂ. શ્રી ભાનુવિજયજી મહારાજ પોતાનાં સંસારી બહેન સાથે વાત કરવા રસ્તામાં ઊભા રહ્યા, તો પૂ. મહારાજશ્રીએ એમના જેવા મુખ્ય મોટા શિષ્યને પણ ઠપકો આપ્યો હતો.

પોતાના શિષ્યોની સંયમની આરાધના બરાબર દૃઢ રહે એ માટે ઉપાશ્રયમાં તેમના સૂવાની-સંથારો કરવાની પદ્ધતિ પણ પોતે અનોખી અપનાવેલી. બે યુવાન સાધુના સંથારા વચ્ચે એક વૃદ્ધ સાધુનો સંથારો રખાવતા. વળી પોતે રાતના બાર વાગે અને બે-ત્રણ વાગે જાગીને બધાના સંથારા જોઈ આવતા.

'પહેલાં સંયમ, પછી વિદ્વતા' એ એમનો મુદ્રાલેખ હતો. કોઈ મુનિમાં વિદ્વતા ઓછી હશે, ગાથાઓ ઓછી કંઠસ્થ રહેતી હશે તો ચાલશે, પણ ચારિત્રમાં શિથિલતા નહિ ચાલે. તેઓ વારંવાર પોતાના મુનિઓને સંબોધીને ઉદ્ગાર કાઢતા, 'મુનિઓ ! મોહરાજાના સુભટો વિવિધ રૂપ કરીને આપણને મહાત કરવા તૈયાર જ હોય છે. માટે પળેપળ સાવધાન રહેજો. બ્રહ્મચર્ય વ્રત સર્વ વ્રતોમાં શિરમોર છે. એના પાલનમાં જે હિંમત

હારી જાય તેના બીજા વ્રતોની કશી કિંમત રહેતી નથી.'

પૂ. મહારાજશ્રી યુવાન વયના હતા ત્યારે સરસ વ્યાખ્યાન આપતા. એક દિવસ એક યુવાન શ્રાવિકાએ કહ્યું કે 'મહારાજશ્રી! આપનું વ્યાખ્યાન બહુ સરસ હતું. એ અંગે મારે કેટલુંક પૂછવું છે તો આપની પાસે ક્યારે આવું?' એ શ્રાવિકાની આવી વાત સાંભળતાં જ પૂ. મહારાજશ્રી સાવધ થઈ ગયા. એમને થયું કે આ રીતે વ્યાખ્યાનના નિમિત્તે સ્ત્રીઓનો સંસર્ગ વધી જાય, એટલે એમણે શક્ય હોય ત્યાં પોતે વ્યાખ્યાન આપવાનું માંડી વાળ્યું. પછી તો એમના પટ્ટધર શિષ્ય પ.પૂ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી સાથે હોય અને તેઓ વ્યાખ્યાન આપતા. ઉત્તરાવસ્થામાં એમની સાથેના બીજા શિષ્યો એ જવાબદારી ઉપાડી લેતા. આવા અનુભવના આધારે પૂ. મહારાજશ્રીએ પછી તો સાધ્વીજીઓ અને શ્રાવિકાઓને પાઠ ન આપવો, ભણાવવાં નહિ એવો અભિગ્રહ જીવનપર્યંત ધારણ કરેલો. આમ છતાં કોઈ સાધ્વીજીને ખરેખર કંઈ સંશય હોય, કર્મ સિદ્ધાન્ત વિશે કંઈ જાણવું હોય તો પોતાના સમર્થ શિષ્યોને પોતાની સાથે બેસાડતા અને એમની પાસે સાધ્વીજીઓને ઉત્તર અપાવતા.

એક વખત પૂ. મહારાજશ્રી પર એક પત્ર આવ્યો હતો. સુખશાતા પૂછવા અંગેનો સામાન્ય પત્ર હતો, પણ છેલ્લે લખ્યું હતું કે 'જયલક્ષ્મીની વંદના'. પત્ર વાંચતા પૂ. મહારાજશ્રી વિચારમાં પડી ગયા. આ જયલક્ષ્મી કોણ? અને મને શા માટે પત્ર લખે? મારે કોઈ મહિલાઓ-શ્રાવિકા કે સાધ્વી સાથે પત્રવ્યવહાર હોતો નથી, તો પછી આ પત્ર શા માટે આવ્યો?'

તપાસ કરતાં જાણવા મળ્યું કે 'જયલક્ષ્મી' એટલે મહારાજશ્રીના પોતાના જ બે ચેલા જયવિજયજી અને લક્ષ્મીવિજયજી. તેઓએ સંયુક્ત નામે પત્ર લખ્યો હતો માટે 'જયલક્ષ્મી' લખ્યું હતું. પરંતુ મહારાજશ્રીને એ ગમ્યું નહિ. એમણે એ શિષ્યોને ઠપકો આપ્યો અને આવી રીતે સંયુક્ત નામે કોઈને પણ પત્ર ન લખવા માટે આજ્ઞા કરી હતી.

મહારાજશ્રી ભક્તો વગેરે સાથે ટપાલ-વ્યવહાર બહુ ઓછો રાખતા. વિજાતીય વ્યક્તિ સાથે તો બિલકુલ નહિ. પોતાના શિષ્યો પણ એવો વ્યવહાર ન રાખે એ માટે તેઓ ચીવટ રાખતા. રોજેરોજ આવેલી બધી ટપાલ પોતે જોઈ જતા. શિષ્યો ઉપર આવેલી ટપાલ પણ પોતે ખોલીને વાંચતા. પોતે પૂનામાં હતા ત્યારે એક દિવસ એક પત્ર વાંચીને પૂ. મહારાજશ્રીએ પૂ. ભાનુવિજયજીની ખબર લઈ નાખી કે તમારે કોઈ શ્રાવિકાનો આવો પત્ર આવે જ કેમ ? પૂ.શ્રી ભાનુવિજયજી પણ વિમાસણમાં પડી ગયા. પત્ર વાંચીને કહ્યું કે પોતે એવી કોઈ શ્રાવિકાને ઓળખતા નથી. પછી એમણે પૂ. મહારાજશ્રી પાસે કવર જોવા માગ્યું. તે વાંચતા જ વાત સમજાઈ ગઈ. જૂન્નર ગામના સરનામે લખાયેલો પત્ર ભૂલમાં નામસામ્યને કારણે પૂના આવી ગયો. જૂન્નરમાં એ સમયે બીજા એક ભાનુવિજય મહારાજ બિરાજમાન હતા, એમના માટે એ પત્ર હતો.

પૂ. મહારાજશ્રી પોતાને માટે ખાસ બનાવેલી ઉદ્દિષ્ટ પ્રકારની ગોચરી વહોરતા નહિ. એવી દોષિત-આધાકર્મી ગોચરીને બદલે તેમનો આગ્રહ શાસ્ત્રાજ્ઞાનુસાર નિર્દોષ ગોચરી વહોરવાનો રહેતો. પોતે વિહારમાં હોય અને આગળ પોતાને માટે રસોડાં ચાલતાં હોય એવું ક્યારેય બનવા દેતા નહિ. તેઓ જૈનોના ઘરેથી સાધુને માટે ખાસ બનાવેલી વાનગી વહોરતા નહિ, પરંતુ જરૂર પડે તો અજૈન ઘરોમાંથી નિર્દોષ ગોચરી વહોરતા. તેઓ પોતાના શિષ્યોને પણ એ પ્રમાણએ સૂચના આપતા.

એક વખત મહારાજશ્રી રાધનપુર તરફ વિહાર કરી રહ્યા હતા. રસ્તામાં એક ગૃહસ્થે શ્રાવકો માટે રસોડું ચાલુ કર્યું હતું. પરંતુ મહારાજશ્રીએ ત્યાંથી વહોર્યું નહિ. એમની સૂચનાનુસાર એમને માટે લુખ્ખા ખાખરા અને ગોળ એક મુનિમહારાજ વહોરી લાવ્યા. એ વખતે એક વૃદ્ધ મુનિએ કહ્યું, 'મને ભૂખ બહુ લાગી છે. અશક્તિ લાગે છે. લુખ્ખા ખાખરા મને નહિ ફાવે. એથી મને પિત્ત થાય છે, માટે મને રસોડે ગોચરી વહોરવાની રજા આપો.' મહારાજશ્રીએ તરત એમને રજા આપી. તેઓ તૈયાર થઈને નીકળતા હતા ત્યાં જોયું કે પોતાના ગુરુ મહારાજ તો ખાખરા વાપરીને એકાસણું કરવા બેસી ગયા છે. તેઓ ગોચરી વહેરવા બહાર ગયા ખરા, પણ અડધેથી પાછા આવ્યા અને કહ્યું, 'મારે રસોડાની ગોચરી નથી વાપરવી. હું પણ આપની સાથે લુખ્ખા ખાખરા વાપરીશ.'

લશ્કરમાં જેમ એક સ્થળેથી કૂચ કરીને દૂરના બીજા કોઈ સ્થળે પહોંચવાનું હોય ત્યારે ત્યાં પહોંચ્યા પછી ઉપરી અધિકારી સૈનિકોની સંખ્યા બરાબર છે કે કોઈ છૂટું પડી ગયું છે તેની ગણતરી કરી લે, તેમ પૂ. મહારાજશ્રી સામાન્ય રીતે ૩૦-૪૦-૫૦ કે ૮૦-૧૦૦ શિષ્યો સાથે વિહાર કરતા. વિહારમાં એમની પણ એ જ પદ્ધતિ હતી કે સંખ્યા ગણી લેવી. જૂના વખતમાં સીધી સડકો ઓછી હતી. ક્યારેક વગડામાંથી કે ખેતરોમાંથી પણ વિહાર થતો. ત્યારે કોઈક વખત એક સાધુ, કોઈક વખત બેપાંચ સાધુ ભૂલા પડતા. તો તેમની શોધ કરવા માટે તરત શ્રાવકોને મોકલતા. ક્યારેક અંધારું થઈ ગયું હોય તો ફાનસ સાથે માણસોને મોકલતા. ભૂલા પડ્યા પછી અંધારી રાત થઈ ગઈ હોય અને ઝાડ નીચે મુકામ કર્યો હોય એવા સાધુઓની પણ ભાળ મેળવીને ઉપાશ્રયે લઈ આવતા. એકવાર સાધુઓની સંખ્યા એક ઓછી થતી હતી અને ખબર નહોતી પડતી કે કોણ બાકી રહી ગયું છે. ત્યારે એક શિષ્યે ધ્યાન ખેંચેલું કે, 'મહારાજશ્રી, નીકળતી વખતે સંખ્યામાં અમે આપની પણ ગણના કરી હતી અને અત્યારે આપ પોતાને ગણતા નથી.' પોતાની ભૂલ સમજાતાં મહારાજશ્રીના ચહેરા પર નિર્દોષ હાસ્ય પ્રસરી રહ્યું હતું.

વિહાર હોય ત્યારે મહારાજશ્રી પોતાના શિષ્યોની પૂરી કાળજી રાખતા. એક વખત પૂ. મહારાજશ્રી ભાવનગરમાં બિરાજમાન હતા ત્યારે બે સાધુઓ ભાવનગર આવી રહ્યા હતા. ઉનાળાના દિવસો હતા અને વિહાર લાંબા હતા. એમાં મુનિ ભક્તિવિજયને વિહારમાં તરસ બહુ લાગી હતી. એથી થાક લાગ્યો હતો અને ચાલવામાં મંદતા આવી ગઈ હતી. એવામાં દૂરથી બે સાધુઓ આવતા દેખાયા. નજીક આવ્યા ત્યારે ખબર પડી કે તેઓ તો પોતાના જ ગુરુબંધુ છે. તેઓ આમ ક્યાં જતાં હશે એવો પ્રશ્ન થયો. ત્યાં તો તેઓ પાસે આવી પહોંચ્યા. કહ્યું, 'ગુરુ મહારાજે અમને પાણી અને છાશ લઈને મોકલ્યા છે. ગુરુ મહારાજે કહ્યું કે 'ભક્તિવિજયને વિહારમાં તરસ બહુ લાગે છે માટે તમે પાણી અને છાશ લઈને સામા જાવ.'

પાણી મળતાં ભક્તિવિજયને અત્યંત હર્ષ થયો. થાક ઊતરી ગયો. પોતાના ગુરુ મહારાજ કેટલું બધું ધ્યાન રાખે છે એ જાણીને ભાવથી મસ્તક નમી ગયું.

પૂ. મહારાજશ્રીને અમદાવાદમાં વિ.સં. ૨૦૧૮ના ચૈત્ર વદ ૫ના રોજ ૧૨૦ મહાત્માઓની હાજરીમાં દસ મુદ્દાનો પટ્ટક જ્ઞાનમંદિરમાં પાટ પરથી વાંચી સંભળાવ્યો હતો. એ વખતે એમના મુખ્ય પટ્ટધર પૂ. આચાર્યદેવ શ્રી રામચંદ્રસૂરિ પણ ઉપસ્થિત હતા. આ પટ્ટક કડક સાધુ-સામાચારી માટે હતો. અને સૌએ તે સહર્ષ સ્વીકાર્યો હતો.

પૂ. મહારાજશ્રી પોતે હંમેશાં સ્વાધ્યાયરત રહેતા અને પોતાના શિષ્યોને બરાબર સ્વાધ્યાય કરાવતા. દરેક શિષ્યને ન્યાય અને કર્મસિદ્ધાંતનો

બરાબર અભ્યાસ હોવો જ જોઈએ એમ તેઓ માનતા. શિષ્યોને અભ્યાસ દરમિયાન કોઈ શ્રાવકો ખલેલ ન પહોંચાડે તેની પૂરી કાળજી રાખતા. શિષ્યોને અભ્યાસ માટે વારંવાર પ્રેરણા કરતા. કોઈ વખતે કોઈ મુનિને પૂ. મહારાજશ્રી કહે, 'તું સંસ્કૃત ભાષા-વ્યાકરણની બે બુક પૂરી ન કરે ત્યાં સુધી મારે દૂધ બંધ છે.' આ સાંભળતાં જ મુનિરાજને ચાનક ચડે અને અભ્યાસ ઓછામાં ઓછા સમયમાં પૂરો કરે. કોઈકને વાત્સલ્યથી કહે કે, 'આજે પાંચ શ્લોક કંઠસ્થ કરીને મને સંભળાવે નહિ તો મારે આજે ગોચરી વાપરવાનું બંધ છે.' કોઈકને ક્યારેક કહે, 'તું તત્ત્વાર્થસૂત્રનો પૂરો અભ્યાસ ન કરે ત્યાં સુધી મારે ફળ બંધ છે.' એક વખત ગોચરી વાપરતી વેળાએ એક મુનિ મહારાજે એકદમ ભક્તિભાવમાં આવી જઈને પૂ. મહારાજશ્રીના પાતરામાં મીઠાઈનો ટુકડો મૂકી દીધો. હવે વાપર્યા વગર છૂટકો નહોતો. તે વખતે પૂ. મહારાજશ્રીએ કહ્યું, જુઓ હું તમારાં પ્રેમભક્તિને વશ થઈ અત્યારે મીઠાઈ વાપરું છું, પરંતુ હવેથી જ્યાં સુધી ભાનુવિજય, પદ્મવિજય, ચંદ્રશેખર, મિત્રાનંદ વગેરે આગમોનો અભ્યાસ પૂરો ન કરે ત્યાં સુધી મારે મીઠાઈ બંધ.'

આમ, પોતે વાત્સલ્યપૂર્વક વિવિધ પ્રકારના અભિગ્રહ ધારણ કરીને શિષ્યોને વિદ્યાભ્યાસ માટે પ્રેરણા આપતા.

પૂ. મહારાજશ્રી શિષ્યોને સ્વાધ્યાય માટે પ્રેરણા કરવાના આશયથી પોતે અમુક વસ્તુનો ત્યાગ કરવાની વાત કરતા એ એમના વ્યક્તિત્વનું એક પાસું હતું, પણ પોતે એ માટે સામેથી દ્રવ્ય વાપરવાની વાત કરે એ એમના વ્યક્તિત્વનું બીજું પાસું હતું. મહારાજશ્રી સામાન્ય રીતે એકાસણાં કરતા. પરંતુ એક વખત એમણે પોતાના શિષ્યો શ્રી ધર્માનંદવિજયજી અને શ્રી હેમચંદ્રવિજયજી સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે 'જો તમે બંને ૩૦ હજાર શ્લોક પ્રમાણે 'કમ્મપયડી'ની ટીકા દસ દિવસમાં બરાબર સમજીને પૂરેપૂરી વાંચો તો પછી હું તમારી સાથે દસ દિવસ સવારે નવકારશી કરીશ.' નવકારશી કરાવીને પોતાના ગુરુ મહારાજની ભક્તિ કરવાની આ તો સુંદર તક હતી. એટલે તેઓ બંનેએ ગુરુદેવની દરખાસ્ત મંજૂર રાખી અને કમ્મપયડીની ટીકા વાંચવા લાગી ગયા. રોજના સરેરાશ ત્રણ હજાર શ્લોક થાય. બરાબર દસમા દિવસે સાંજે તેઓએ સ્વાધ્યાય પૂરો કર્યો અને ગુરુ ભગવંતને નવકારશી કરાવવાનો લાભ મેળવ્યો હતો.

પૂ. મહારાજશ્રીમાં લઘુતા ઘણી હતી. તેમનું પિંડવાડામાં જ્યારે કર્મસાહિત્યનું લેખનકાર્ય ચાલતું હતું ત્યારે તેમની ઈચ્છા કર્મસિદ્ધાન્ત અંગે દિગંબર માન્યતાઓને પણ વિચારી-સમાવી લેવાની હતી. એ માટે કોઈ દિગંબર પંડિત સાથે ચર્ચાવિચારણા કરવી જોઈએ. એ માટે જે યોગ્ય મહેનતાણું હોય તે આપવું જોઈએ. તપાસ કરાવતાં એક સમર્થ દિગંબર પંડિત પિંડવાડા આવીને રહેવા માટે તૈયાર થયા. પરંતુ એમણે શરત મૂકી કે પોતાને ગાયનું દૂધ, ગાયનું ઘી, ઘંટીનો લોટ, કૂવાનું પાણી વગેરે જોઈશે. એમની એ શરત સ્વીકારવામાં આવી. પરંતુ એમણે એવી શરત મૂકી કે 'હું તમારા આચાર્ય મહારાજને વંદન નહિ કરું.' પૂ. મહારાજશ્રીએ એ શરત પણ મંજૂર રાખી. એટલે એ પંડિત પિંડવાડા આવ્યા અને કર્મસિદ્ધાન્ત અંગે દિગંબર મત સમજાવવા લાગ્યા. પહેલે બીજે દિવસે તો એમણે મહારાજશ્રીને વંદન કર્યા નહિ, પણ મહારાજશ્રીની સરળતા, નિરાભિમાનતા, નિસ્પૃહતા, પ્રેમ, વાત્સલ્ય, તપત્યાગ અને વિશેષ તો કર્મસિદ્ધાન્તની જાણકારી જોઈને સહજ રીતે જ પંડિતે પૂ. મહારાજશ્રીએ ના કહી છતાં રોજરોજ વંદન કરવાનું ચાલુ કરી દીધું અને કહેવા લાગ્યા કે 'સમસ્ત જૈન સાધુસમાજમાં આવા મહાત્મા મેં કદી જોયા નથી.'

ગ્લાનસેવા એ પૂ.મહારાજશ્રીની એક સ્વભાવગત લાક્ષણિકતા હતી. પોતાનાથી વય કે પદમાં મોટા હોય કે નાના હોય, સ્વ સમુદાયના હોય કે અન્ય સમુદાયના, તેઓ જાતે તેમની સેવામાં લાગી જતા. ક્યારેક પોતાના સાધુઓને મોકલે. એક વખત બધા જ મુનિઓ બહાર ગયા હતા અને ઉપાશ્રયમાં પૂ. મહારાજશ્રી અને તાવમાં સૂતેલા એક બાલમુનિ હતા. એ બાલમુનિ લઘુનીતિ કરે તો પૂ. મહારાજશ્રી પોતે એ પરઠવી આવતા. ભગવાન મહાવીર સ્વામીનું વચન जे गिलाणं पडिसेवइ से मां पडिसेवइ (જે ગ્લાનની સેવા કરે છે તે મારી જ સેવા કરે છે.) એમના હૃદયમાં કોતરાઈ ગયેલું હતું.

પાલિતાણામાં પૂ. મહારાજશ્રી પોતે બિરાજમાન હતા ત્યારે એક શિષ્યનું સ્વાસ્થ્ય એકદમ બગડી ગયું. પરિસ્થિતિ ગંભીર બની ગઈ. અંતિમ ઘડી ગણાવા લાગી. પૂ. મહારાજશ્રી એ શિષ્ય પાસે બેસીને આખી રાત નવકાર સંભળાવતા, એમનું માથું દબાવતા તથા એમના પગે સૂંઠ ઘસી આપતા હતા. આખી રાતનો ઉજાગરો થયો, પણ સવાર થતાં શિષ્યને સારું લાગવા માંડ્યું અને ક્રમેક્રમે તબિયત બરાબર થઈ ગઈ, જાણે મૃત્યુના મુખમાંથી ગુરુ મહારાજે પાછો બોલાવી લીધો હતો.

એક વખત પૂ. મહારાજશ્રી પોતાના શિષ્યો સાથે ઉગ્ર વિહાર કરીને બીજે સ્થળે પધાર્યા. ત્યાં પહોંચીને બધા શિષ્યો પોતપોતાના કાર્યમાં લાગી ગયા, પણ એક નવદીક્ષિત પ્રશિષ્ય સૂઈ ગયા હતા. પૂ. મહારાજશ્રીએ એ જોયું કે તરત એની પાસે જઈને વહાલથી પૂછ્યું, 'કેમ સૂઈ ગયા છો.'

શિષ્યે કહ્યું, 'કમર બહુ દુ:ખવા આવી છે.'

'એમ? લાવ, હું દબાવી દઉં.' શિષ્યની ઘણી આનાકાની છતાં મહારાજશ્રીએ એની કમર પર ઊભા રહીને એવી હળવી રીતે દબાવી આપી કે એ શિષ્યનો દુખાવો તરત મટી ગયો હતો. પોતે મોટા આચાર્ય છે એવી સભાનતા તેઓ ક્યારેય રાખતા નહિ.

મહારાજશ્રીમાં વાત્સલ્યભાવ પણ ઘણો હતો. એક બાલમુનિ પિંડવાડાના હતા. એક વખત પૂ. મહારાજશ્રી સાથે તેઓ બધા પિંડવાડા પધાર્યા ત્યારે બાલમુનિના સંસારી સ્વજનોએ એમને ગોચરીમાં એક પિપરમિન્ટ વહોરાવી. બાલમુનિને એવો ભાવ થયો કે પિપરમિન્ટ પોતે વાપરે એને બદલે ગુરુ મહારાજ વાપરે તો પોતાને વધુ આનંદ થશે. એમણે ગોચરી વખતે પૂ. મહારાજશ્રીને એ પિપરમિન્ટ આપી. મહારાજશ્રીએ કહ્યું, 'ભાઈ, આવી વસ્તુઓ તો તમારા જેવા બાલમુનિ માટે હોય. અમે તો બુઢ્ઢા થયા.' પરંતુ બાલમુનિનો આગ્રહ એટલો બધો હતો કે મહારાજશ્રી ના ન કહી શક્યા. બાલમુનિએ પિપરમિન્ટ મહારાજશ્રીના મોંમાં ધરી કે પૂ. મહારાજશ્રીએ તરત એ પેટમાં ઉતારી દીધી.

બાલમુનિએ અફસોસ વ્યક્ત કરતાં બોલ્યાં, 'અરે સાહેબ! આમ કેમ કર્યું ?'

મહારાજશ્રીએ કહ્યું, 'આ ગોળી જો મોંમાં રાખીને ચૂસીએ તો સ્વાદ આવે અને રાગનો ભાવ ના થાય. રાગ સંસારમાં રખડાવે એટલે આવી વસ્તુ હું ક્યારેય વાપરતો નથી, પણ તારો પ્રેમ અને ભાવ એટલો બધો હતો કે હું ના ન પાડી શક્યો. એટલે મેં આ રસ્તો કાઢ્યો.'

એક વખત એક મુનિમહારાજની વર્ધમાન તપની આયંબિલની ઓળી ચાલતી હતી. એમાં એમની તબિયત એકદમ બગડી ગઈ. બીજા શિષ્યોએ પારણું કરવાનો આગ્રહ કર્યો, પણ તેમ ન કરવા માટે મુનિમહારાજ મક્કમ હતા. પણ એથી તો અશક્તિ ઘણી બધી આવી ગઈ. પૂ.

મહારાજશ્રીને ખબર પડી એટલે તેઓ એમની પાસે આવ્યા અને કહ્યું, 'જો, આજે મારી ગોચરી-દાળ અને રોટલી એ બે જ દ્રવ્ય તું મારે માટે વહોરી લાવે તો જ મારે ગોચરી વાપરવી છે. પણ શરત એટલી કે તારે મારી સાથે ગોચરી વાપરવી પડશે.' આથી એ મુનિ મહારાજ માટે દ્વિધા ઊભી થઈ. ગોચરી વહોરી લાવે તો પારણું કરવું પડે અને ન વહોરી લાવે તો ગુરુ મહારાજને ઉપવાસ થાય.' એટલે તરત તેઓ પાત્રા લઈને ગયા અને ગોચરી વહોરી લાવીને પૂ.મહારાજશ્રીના હસ્તે પારણું કર્યું.

વિ.સં.૨૦૨૩નું ચાતુર્માસ ખંભાત કરવાનો નિર્ણય પૂ. મહારાજશ્રીએ, ખંભાતના સંઘની વિનંતીને માન્ય રાખીને કર્યો. ત્યારે તેઓ અખાત્રીજના પારણા પ્રસંગે પાલિતાણા હતા. ત્યાંથી વિહાર કરીને તેઓ ખંભાત પધાર્યા. એ દિવસોમાં નાદુરસ્ત તબિયતને કારણે પૂ. મહારાજશ્રીથી લાંબો વિહાર થતો નહોતો. વળી ભાડૂતી ડોડીવાળાની ડોળીમાં એમને બેસવું નહોતું. પરંતુ મહારાજશ્રીના શિષ્યોનો ભક્તિભાવ એટલો બધો હતો કે તેઓ પોતાને ખભે ઊંચકીને પૂ.મહારાજશ્રીને જ્યાં જવું હોય ત્યાં લઈ જવા તૈયાર હતા. એ માટે ચાર ખભે દાંડા લઈ શકાય એવી ઝૂલતી ઝોળી (સ્ટ્રેચર જેવી) ખાસ બનાવવામાં આવી હતી. એમાં પૂ. મહારાજશ્રીને બેસાડીને લઈ જવામાં આવતા. ત્યારે પૂ. શ્રી ભાનુવિજયજી મહારાજ (પછી પૂ. ભુવનભાનુસૂરિ), પૂ. શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજ, પૂ. શ્રી હિમાંશુવિજયજી મહારાજ, પૂ. શ્રી મલયવિજયજી મહારાજ વગેરેને પોતાના ગુરુદેવને ઝૂલતી ડોળીમાં ઊંચકીને ચાલતા જોવા એ પણ એક અનેરું દૃશ્ય હતું.

પૂ. મહારાજશ્રી વચનસિદ્ધ હતા. એમના મુખમાંથી જે પ્રમાણે નીકળતું, અચૂક એ પ્રમાણે થતું. એથી જ જ્યારે તેઓ વ્રત માટે પચ્ચખાણ લેવાનું કહેતા ત્યારે પચ્ચખાણ લેનાર વ્યક્તિ પોતે લીધેલું વ્રત બહુ સારી રીતે ઉલ્લાસપૂર્વક પાળી શકતી. આથી જ એમની પાસે પચ્ચખાણ લેવા માટે પડાપડી થતી.

એક વખત પૂ. મહારાજશ્રી અમદાવાદથી ખંભાત પધાર્યા હતા. તે વખતે ખંભાતના સંઘે પૂ. મહારાજશ્રીને ચાતુર્માસ માટે રોકાઈ જવા બહુ વિનંતી કરી પણ પૂ. મહારાજશ્રીએ ચાતુર્માસ અમદાવાદમાં કરવાનો નિર્ણય કર્યો હતો એટલે ખંભાતનો સંઘ અત્યંત નિરાશ થઈ ગયો. છેવટે કોઈ મોટા આચાર્યને મોકલશે એમ કહ્યું. પછી પૂ. મહારાજશ્રીએ એમના એક સમર્થ શિષ્ય પૂ. શ્રી હેમચંદ્રસૂરિજીને ખંભાતમાં ચાતુર્માસ માટે જવા કહ્યું. પરંતુ પૂ. હેમચંદ્રસૂરિજીએ ખંભાતમાં ત્રણ ચાતુર્માસ કર્યા હતાં. એટલે એમણે પૂ. મહારાજશ્રીને કહ્યું, 'ગુરુદેવ, મેં ખંભાતમાં ત્રણ ચાતુર્માસ કર્યા. હવે તરત ચોથું કરવાની ઈચ્છા નથી.'

પૂ. મહારાજશ્રીએ કહ્યું, 'તમારી ભલે ઈચ્છા ન હોય, પણ તમારે ખંભાતમાં જ ચાતુર્માસ કરવાનું છે. તમે પાંચ છો તે દસ થઈને પાછા આવશો.'

અને ખરેખર એમ જ થયું. ગુરુ ભગવંતની આજ્ઞા થઈ એટલે પછી વિચારવાનું જ શું ? પૂ. હેમચંદ્રસૂરિજીએ ચોથું ચાતુર્માસ ખંભાતમાં જ કર્યું. એમનાં વૈરાગ્યગર્ભિત વ્યાખ્યાનોનો એટલો બધો પ્રભાવ પડ્યો કે પાંચ યુવાનો એમની પાસે દીક્ષા લેવા તૈયાર થઈ ગયા. ખરેખર, પૂ. મહારાજશ્રીએ જેવી વાણી ભાખી હતી તેવું જ થયું.

પૂ. મહારાજશ્રીના ચમત્કારિક અનુભવ ઘણાંને થયા છે. કેટલાકે પોતાના એવા અનુભવો વિશે લખ્યું પણ છે. મહારાજશ્રીના આશીર્વાદથી કોઇને શ્લોકો યાદ રહેવા લાગ્યા હોય, એમના નામનો જાપ કરવાથી કોઈના ઉપસર્ગો દૂર થઈ ગયા હતા, ભૂલા પડેલા કોઇકને રસ્તો જડી ગયો હતો, કોઇનો તાવ ઊતરી ગયો હતો, કોઈનો માનસિક રોગ કે ક્ષયરોગ મટી ગયો હતો, કોઈનો કામાગ્નિ શાંત થઈ ગયો હતો, ક્યારેક વાવાઝોડું શાન્ત થઈ ગયું હતું, ક્યારેક કરડકણા કૂતરા શાન્ત થઈ ગયા હતા. ક્યારેક વ્યંતરીઓનો ઉપદ્રવ શાન્ત થઈ ગયો હતો.

પૂ. મહારાજશ્રીના કેટલાક શિષ્યોએ શાસ્ત્રના નિયમાનુસાર નાની વયમાં દીક્ષા લીધી હતી. પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ એનું જ્વલંત દૃષ્ટાન્ત છે. એવી રીતે બીજા પણ કેટલાયે મુનિઓએ બાલ્ય વયની દીક્ષાને દીપાવી છે. પૂ. મહારાજશ્રી પોતે પણ બાલ્યવયમાં યોગ્ય વ્યક્તિને દીક્ષા આપવામાં માનતા હતા. પરંતુ બાલદીક્ષાનો વિરોધ વખતોવખત થયા કર્યો છે. વિ. સં. ૨૦૧૦માં તે સમયના (ગુજરાત અને મહારાષ્ટ્ર સહિતના) મુંબઈ રાજ્યની વિધાનસભામાં બાલદીક્ષા પર પ્રતિબંધ લાવવા માટે એક ધારો રજૂ કરવામાં આવ્યો હતો. એ જો મંજૂર થાય તો કોઇને પણ મુંબઈ રાજ્યમાં નાની વયમાં દીક્ષા આપવામાં આવે તો કાયદેસર એ સજાપાત્ર ગુનો થાય. આથી પૂ. મહારાજશ્રીને લાગ્યું કે આ ધારો પાસ થવો ન જોઇએ. એમને અંતરમાં શ્રદ્ધા હતી કે પોતાનું તપ જો સાચું હશે તો ધારો પાસ નહિ થાય. એ વખતે મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી મોરારજી દેસાઈ હતા. તેઓ પોતે મહારાજશ્રીને મળવા આવ્યા હતા. ત્યારે પૂ. મહારાજશ્રીએ પોતાના તેજસ્વી બાલમુનિઓને બોલાવીને શ્રી મોરારજી દેસાઈ સાથે વાતચીત કરવા કહ્યું હતું. એમની સાથે વાતચીતથી, એમના જ્ઞાનથી શ્રી મોરારજી દેસાઈ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા હતા. એટલે એમણે પોતે જ એ ધારાને વિધાનસભ્યમાંથી પાછો ખેંચાવી લીધો હતો.

એક વખત મહારાજશ્રી પાલિતાણાથી સિહોર થઈને વલ્લભીપુર તરફ વિહાર કરી રહ્યા હતા. સાથે પૂ. મિત્રાનંદસૂરિજી હતા. રસ્તામાં પૂ. મહારાજશ્રીની મુહપત્તિ ખોવાઈ ગઈ. પૂ. મિત્રાનંદસૂરિજી બે માઈલ સુધી તપાસ કરી આવ્યા પણ મુહપત્તિ મળી નહિ. તે વખતે પૂ.મહારાજશ્રીએ કહ્યું કે 'મારી મુહપત્તિ કોઈ દિવસ ખોવાઈ જતી નથી. એ ન જડી એમાં કોઈક અશુભ સંકેત લાગે છે. કોઈ માઠા સમાચાર આવશે.' તેઓ બીજી મુહપત્તિ લઈને વિહાર કરતા વલ્લભીપુર પહોંચ્યા. સાંજે બે માઠા સમાચાર આવ્યા. એક તે પૂ. શ્રી ન્યાયવિજયજી મહારાજ (ત્રિપુટીવાળા) કાળધર્મ પામ્યા હતા અને બીજા તે ભારતના નાયબ વડા પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ અવસાન પામ્યા હતા.

પૂ. મહારાજશ્રીને યુવાન વયે ફરતા વાનો રોગ લાગુ પડ્યો હતો અને તે જીવનના અંત સુધી રહ્યો હતો. એ વાની જ્યારે પીડા થાય ત્યારે તે અસહ્ય બની જતી. કેટલીયે વાર પૂ. મહારાજશ્રી આખી રાત જાગતા બેઠા હોય. શરીરમાં ભારે દુઃખાવો હોય છતાં સમતાપૂર્વક તેઓ સહન કરી લેતા અને પ્રસન્ન રહેતા. તેઓ કહેતા કે આ ફરતો વા તો મારો ભાઈબંધ છે. એ જ્યારે આવે છે ત્યારે રાતના ઉજાગરા કરાવે છે અને શરીરમાં જાણે શૂળ ભોંકાતી હોય એવી પીડા કરીને મારા કર્મોનો નાશ કરે છે. એ તો મારો ઉપકારી ભાઈબંધ છે. આવો ભાઈબંધ દુનિયામાં મળે નહિ.'

પૂ. મહારાજશ્રીની નાની નાની વાતોમાં પણ જાગૃતિ ઘણી રહેતી. જીવદયા, રસત્યાગ વગેરે તો એમની રગેરગમાં વણાઈ ગયાં હતાં. પૂ. મહારાજશ્રીને મોટી ઉંમરે પ્રોસ્ટેટની વ્યાધિ થઈ હતી. એથી પેશાબ કરવામાં એમને ઘણી તકલીફ પડતી હતી. અમદાવાદમાં એક ગૃહસ્થે આવીને કહ્યું, 'મહારાજજી, મને પણ પ્રોસ્ટેટની વ્યાધિ છે, પણ હું એ માટે કેસુડાંનો ઉપયોગ કરું છું. એથી મને ઘણી રાહત થઈ ગઈ છે.

આપ પણ કેસુડાંનો ઉપયોગ કરો. હું લાવી આપીશ.' પૂ. મહારાજશ્રીએ કહ્યું, 'ભાઈ, મારી આ વેદના એ તો મારા પૂર્વકર્મનો ઉદય છે. કેસુડાં તો લીલી વનસ્પતિ છે. એકેન્દ્રિય જીવ છે. એના પ્રાણનો નાશ કરીને મારી વેદના શાન્ત કરવાના વિચારે જ મને કમકમા આવે છે. મારે એવો ઉપચાર નથી કરવો. આપણને ધર્મની સાચી શ્રદ્ધા મળી છે, તો પછી અધર્મનું, પાપનું આચરણ શા માટે કરવું ? હું તો સમતાભાવે વેદના સહન કરી લઈશ.'

જીવનના પાછલાં વર્ષોમાં જ્યારે એમની તબિયત નરમગરમ રહેતી હતી ત્યારે એક વૈદે ઉપચાર તરીકે એમને મમરા ખાવાનું સૂચવ્યું હતું. એથી એમને સારું લાગતું હતું. પણ એક દિવસ એમણે શિષ્યોને સૂચના આપી દીધી કે ગોચરીમાં મમરા વહોરી ન લાવે, કારણ કે મમરા ખાવામાં પોતાને સ્વાદ આવવા લાગ્યો છે. શરીર સારું કરવા માટે જતાં સ્વાદેન્દ્રિયને સંતોષવા તેઓ ઈચ્છતા નહોતા.

પોતાનું શરીર વ્યાધિગ્રસ્ત થયું હતું તો પણ ક્રિયામાં તેઓ અપ્રમત્ત રહેતા. તેમણે એવો એક અભિગ્રહ ધારણ કર્યો હતો કે ગોચરી વાપરતી વખતે એંઠા મોંઢે ક્યારેય કશું બોલવું નહિ. ભૂલથી બોલાઈ જાય અને પછી જ્યારે પણ યાદ આવે ત્યારે તરત વીસ ખમાસમણાં દેવાં. વૃદ્ધાવસ્થામાં, જીવનના છેલ્લાં વર્ષોમાં શરીર જ્યારે અશક્ત થઈ ગયું હતું ત્યારે એક દિવસ ગોચરી વાપર્યા પછી બધા સાધુઓ પોતપોતાના અધ્યયનમાં લીન થઈ ગયા હતા, ત્યાં અચાનક મહારાજશ્રી હાથમાં રજોહરણ લઈ ઊભા થઈ ખમાસમણાં આપવા લાગ્યા. બીજા મુનિઓએ પૂછ્યું તો કહ્યું, 'હમણાં મારાથી ભૂલથી એંઠા મોંઢે બોલાઈ ગયું એટલે મારા અભિગ્રહ મુજબ વીસ ખમાસમણાં આપું છું.'

પોતાના હાથ નીચેના સાધુઓને પંચાચારના પાલનમાં પ્રોત્સાહિત કરવા માટે પૂ. મહારાજશ્રીએ પોતાના વડીલ શિષ્ય સાધુઓને શિખામણ આપતાં કહ્યું હતું કે જો વડીલોએ સારા શિષ્યો તૈયાર કરવા હોય તો તેઓએ કેટલીક વાતનો બરાબર ખ્યાલ રાખવો જોઇએ. વડીલોએ આશ્રિતોને ખાનપાનની બાબતમાં વારંવાર ટોકવા ન જોઇએ. વળી વડીલોએ પોતાનું જીવન પ્રેરક ઉદાહરણરૂપ બનાવવું જોઇએ. એ માટે તપ, ત્યાગ અને સ્વાધ્યાયમય પોતાનું જીવન હોવું જોઇએ. તદ્દુપરાંત વડીલોએ પોતાના આશ્રિતોના શરીરની પૂરી કાળજી રાખવી જોઇએ અને તેમને બહુ વાત્સલ્ય આપવું જોઇએ. વાત્સલ્યથી વશ થયેલો શિષ્ય વડીલોની સૂચના પ્રમાણે બધું કરવા તૈયાર થઈ જશે.

તેઓ નવદીક્ષિતને કેટલીક વાર સલાહ આપતા કે સાધુજીવનમાં સંયમના માર્ગે ઝડપથી આગળ વધવું હોય તો ત્રણ કક્કાને તિલાંજલિ આપજો. એ ત્રણ કક્કા તે કારશી, કાળિયો અને કાળું પાણી. કારશી એટલે નવકારશી. જેઓને નવકારશીની ટેવ પડી જાય છે તેનામાં પ્રમાદ આવી જાય છે. બને તો ફક્ત એક ટંક કે બે ટંક ગોચરી વાપરવી. જરૂર પડે તો પોરસી કરવી, પણ નવકારશી ન કરવી. કાળિયો એટલે કષાયો. રિસાઈ જવું, મોંઢું ચડાવવું, અભિમાન કરવું, ક્રોધ કરવો વગેરે અને કાળું પાણી એટલે ચા. એક વખત ચાની ટેવ પડી ગઈ પછી એના સમયે ચા વગર માથું દુ:ખશે. માટે ભૂલે ચૂકે ચાનું વ્યસન ન થવા દેતા.

પૂજ્ય મહારાજશ્રી પોતાના શિષ્યોને વય, કક્ષા, શક્તિ અને પ્રકૃતિ અનુસાર શિખામણ આપતા. તેઓ કહેતા કે સંયમ અને સ્વાધ્યાયમાં સતત આગળ વધવાનું લક્ષ્ય રાખવું, એમાં એકલીનતા રાખવી, ને ત્રુટિ દેખાય તે તરત સુધારી લેવી. એમાં પ્રમાદ ન કરવો. વૈયાવચ્ચ અને ભક્તિ કરવાં. એ બધાં નિર્જરાનાં અંગ છે; સંજ્ઞાઓ અનાદિની છે, એ જોર કરે પણ આપણે તેની સામે જોર વાપરવું, અનુકૂળતા-પ્રતિકૂળતામાં મધ્યસ્થ રહેવું, નવકારશી કરવી પડે તો પણ એનું વ્યસન ન થવા દેવું, કોઈના પણ પ્રત્યે વિચારીને બોલવું, જેમ તેમ બોલી ન નાખવું, વડીલો સમક્ષ બે હાથ જોડીને જ વાત કરવી, પોતાની ભૂલ થાય તો તરત 'મિચ્છામિ દુક્કડં' આપવો, ગુરુમહારાજ કહે તે 'તહત્તિ' કરવું.

કોઈ પણ અશુભ વિચાર મનમાં આવી ગયો હોય તો સંયમની રક્ષા માટે તરત શુદ્ધિ કરી લેવી જોઇએ. અનાદિ કાળના વિષય-કષાયો આત્માને અનાદિ કાળથી લાગેલા છે. ઉપશમ-શ્રેણિગત મુનિને પણ તે પછાડે છે. તે નિગોદમાં પણ પાડે છે. માટે વિષય-કષાયની નિવૃત્તિ હૈયાથી નહિ કરો તો ઘણું નુકસાન થશે. આપણને સૌને વધુ પજવે છે દેહની મૂર્ચ્છા. શરીર તો આપણું પડોશી છે. પડોશીને સોય લાગે તે વખતે આપણે ચીસ પાડીએ છીએ ? તેવી જ રીતે શરીરરૂપી પડોશીને સોય વાગે તો આપણને કંઈ થવું ન જોઇએ. માટે વાસનાઓના ઉદયને આપણે નિષ્ફળ નહિ કરીએ તો સંસારમાં બહુ ભટકવું પડશે.

મહારાજશ્રીએ પોતાના શિષ્યોને સંયમ, સ્વાધ્યાય, વિનય ઈત્યાદિમાં એવી રીતે કેળવ્યા હતા કે તેઓ કોઈ મોટા ઉપાશ્રયમાં હોય અને એમની સાથે ૮૦-૧૦૦ સાધુ હોય તો પણ જરા પણ અવાજ કે ઘોંઘાટ સંભળાય નહિ. બધા પોતપોતાના સ્વાધ્યાયમાં, કે ધર્મચર્ચામાં કે લેખનકાર્ય વગેરેમાં મગ્ન હોય. ઉપાશ્રય નાનો હોય તો પણ સાધુઓને સંકડાશ નડતી નહિ.

પૂ. મહારાજશ્રી જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પંચાચારના પાલનમાં અત્યંત ઉત્સાહી અને અપ્રમત્ત રહેતા. પોતાનાથી સૂત્રવિરુદ્ધ કંઈ બોલાય નહિ, ઉત્સૂત્ર પ્રરૂપણા ન થાય તે માટે સતત સાવધ રહેતા. 'કમ્મપયડી'ના લેખનમાં એક નજીવી ક્ષતિ પાછળથી એક હસ્તપ્રત મળતાં જણાઈ હતી તો વ્યાખ્યાનમાં અને છાપામાં જાહેર નિવેદન છપાવીને ક્ષમા માગી લીધી હતી. પૂ. મહારાજશ્રી બ્રહ્મચર્યનું નવવાડપૂર્વક વિશુદ્ધ પાલન કરતા, નિદોષ આહાર લેતા, સમિતિ અને ગુપ્તિનું ચુસ્ત પાલન કરતા. ગમે તેટલો લાંબો વિહાર કરીને આવ્યા હોય, થાક્યા હોય તો પણ પોતાની આવશ્યક ક્રિયાઓ ઊભા ઊભા જ કરતા; તેઓ બહિરાત્મભાવ છોડીને અંતરાત્મભાવમાં રહેતા.

પૂ. મહારાજશ્રી સંયમ, સરળતા, ત્યાગ, વૈરાગ્ય, બહુશ્રુતતા, વાત્સલ્ય, નિ:સ્પૃહતા, ઉદારતા, તપશ્ચર્યા, વિનય, વૈયાવચ્ચ, ગુણાનુરાગ, સહિષ્ણુતા, અપ્રમત્તતા, પાપભીરુતા, શાસનરાગ, કાર્યદક્ષતા, ઉપશમ, નિર્દંભતા, ધીરતા, વીરતા, ગંભીરતા, સમયજ્ઞતા, ઉગ્ર વિહાર, અલ્પ ઉપધિ, રસના ઉપર વિજય, નિત્ય એકાસણાં, ગ્લાન પ્રત્યે ખૂબ કાળજી વગેરે અનેક ગુણોના ભંડાર હતા.

ત્રણસોથી અધિક શિષ્યોનું પ્રેમભર્યું નેતૃત્વ જેમણે પ્રાપ્ત કર્યું હોય એ મહાત્મા કેવા અદ્‌ભુત હોય ! જૈન ધર્મ અને સાધુ ભગવંતોના આચાર વિશે જેમને ખબર ન હોય તેઓ તો પૂ. મહારાજશ્રીના જીવનની કેટલીક વાતો માને નહિ અને કેટલીક વાતોથી આશ્ચર્યચકિત થઈ જાય.

ધન્ય છે આ સદીના સર્વોચ્ચ દીક્ષાદાતા પ. પૂ. વિજયપ્રેમસૂરીશ્વરજીને ! પ.પૂ. શ્રી પ્રેમસૂરિદાદાને બહુમાનપૂર્વક કોટિશ: વંદન!

❖❖❖

# નવપદ

## ☐ ગિરીશભાઈ તારાચંદ મહેતા

(ગતાંકથી ચાલુ)

જીવનો ઉપયોગ, હૃદય, ભાવ, વિચાર એ એવંભૂતનય છે. ગમતી રુચિકર વાનગીનાં દર્શન થાય અને એનું વેદન ચાલુ થઈ જાય છે. પ્રતિસમય કર્મબંધન એવંભૂતનયથી થાય છે. પ્રભુપ્રતિમામાં ભગવાનની સાક્ષાતતાની માન્યતા સાક્ષાતતાની અનુભૂતિ કરાવે છે એવાં કેટલાંય દૃષ્ટાંત છે. સાક્ષાતતાના ભાવે સાક્ષાત ભગવાનનો યોગ થાય અને એ યોગ ન થાય ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિમાં ભગવાનનું રસવેદન રહે, જેનાથી ભગવાનનું ઋણ બંધાય કે જે ઋણ એને ભગવાનની ભેટ કરાવે. જીવિતસ્વામી બનાવી ભગવાનની ભજના કરવાની છે.

સંસારમાં સંસારના વ્યવહારમાં આપણા સહુના જીવનના અનુભવની વાત છે કે વર-કન્યાના બોલ બોલી સવા રૂપિયાની આપ લે કરી સગાઈ જાહેર થતાં જ પૂર્વના અપરિચિત એવાં પણ કેવાં ચિરપરિચિત ભાવના બંધને બંધાઈ જઈ એકાત્મભાવે હેજે હળે છે ! આપણે પણ ભગવાન સાથે ક્ષીરનીર જેમ હેજે હળવાનું છે, જેવું વાચકયશોવિજયજી મહારાજાશ્રીએ ગાયું છે કે...

ધ્યાતાધ્યેયધ્યાન પદ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે,
ખીરનીર પરે તુમશું મીલશું, વાચકયશ કહે હેજે હળશું. સાહિબા વાસુપૂજ્ય.

હળશું, ભળશું, ગળશું, એકાકાર થઈ સમરસ બની જઈશું, સ્વરૂપ એકાકાર થઈશું, કારણ કે એ સ્વરૂપથી સ્વરૂપનું (સ્વભાવદશાનું) મિલન છે.

'સ્વભાવદશા અભેદસ્વરૂપ છે, વિભાવદશા ભેદસ્વરૂપ છે.'

'ભેદરૂપ જૈને જાણ્યું છે તેનો છેદ કરી અભેદથી અભેદ થવાનું છે.'

વિભાવદશામાં સંસારમાં હેજે હળેલાં ખીજે તો હલાવતાં વાર લાગતી નથી અને પછી સગાઈ ફોક થતાં રોકી શકાતી નથી, કારણ કે એ વિભાવદશા એવી અનાત્મદશા છે. તેથી જ તો યોગીરાજ આનંદઘનજી મહારાજાએ ગાયું કે...

રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે, ભાંગે સાદિ અનંત. ઋષભ જિનેશ્વર પ્રીતમ.

ભક્ત હૃદય તો પોકાર કરે કે...હે નાથ ! હે નિરંજન નિરાકાર અનંત ઉપકારી ભગવંત ટાંકણા મારી તને ઘડ્યો ! હવે હું તારી સમક્ષ છું, તું મને ટાંકણા મારીને ઘડ ! મારામાંની મારી અશુદ્ધિ (દોષ) ટાંકણાથી છેદી ભેદી તારા જેવાં જ મારા સ્વરૂપના આકારને મારામાંથી પ્રગટ કરવાનો તું મારી ઉપર ઉપકાર કર ! મને ઘડવા માટે તને ઘડ્યો છે તો હવે તારું કામ પ્રભુ તું કર અને મારું ઘડતર કર ! તારામય મને બનાવ !

દૃશ્યની દૃષ્ટા ઉપર અસર છે. માટે જ તો 'સૃષ્ટિ' એવી 'દૃષ્ટિ' પણ કહેલ છે. દૃષ્ટિ સન્મુખ દૃશ્ય ગાયનું છે તો સર્વ દૃષ્ટાનું દર્શન ગાય કેન્દ્રિત દર્શન છે. સારાની સારી અસર, નરસાની નરસી અસર, સોબત તેવી અસર અને સંગ તેવો રંગ.

દૃશ્યથી દૃષ્ટિ એટલે કે દર્શન સુધારવાની ક્રિયા તે દર્શનાચાર. અર્થાત્ દર્શનનો આચાર. દર્શનીય, વંદનીય, પૂજનીય દેવ ગુરુના દર્શન, વંદન, પૂજન એ દર્શનનો (દૃષ્ટિ સુધારવાનો) આચાર છે. સૃષ્ટિમાં સર્વોચ્ચ દર્શન કોઈ હોય તો તે સમવસરણ દર્શન છે, જે દૃષ્ટાની દૃષ્ટિ, દિશા અને દશા શીઘ્ર બદલી આપનારું દર્શન છે. સમવસરણ અને સમવસરણાધિપતિ તીર્થંકર ભગવંતની ગેરહાજરીમાં, મંદિર, મૂર્તિ, ગુર્વાદિનાં દર્શન આંખ ઠરે અને અંતર ઠારે એવાં શીતલ હોય છે, જે પરાકાષ્ટાની બ્રહ્મદૃષ્ટિ સુધી પહોંચાડી સર્વદર્શી બનાવનાર છે.

સમવસરણના પ્રતીક એવાં મંદિરમાં પ્રવેશી મંદિરાધિપતિ જિનેશ્વર વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના પ્રતીકરૂપ પ્રતિમાનાં દર્શન જેની સહાયથી કરાય તે ચક્ષુથી થતાં ચક્ષુદર્શન છે. આંખ એ દર્શન માટે પોતપોતાને પોતપોતાના દર્શનાવરણીય કર્મ સાપેક્ષ ચક્ષુદર્શન છે. કર્મ સાપેક્ષ દર્શન હોવાથી તે રૂપત્વ, મૂર્તત્વ, રૂપીનાં જ દર્શન કરી શકે છે માટે જ મૂર્તિ અને મૂર્તિપૂજાનું મહાત્મ્ય છે. અહીં 'સૃષ્ટિ એવી દૃષ્ટિ'નો તર્ક લાગુ પડે છે. એ વ્યવહારનય છે. જ્યારે 'દૃષ્ટિ એવી સૃષ્ટિ' એ નિશ્ચયનય છે.

મંદિર મૂર્તિ એ આલંબન અર્થાત્ ઉપકરણ છે,જે દર્શનાચાર છે. મંદિરને સુંદર શિલ્પસર્જનરૂપ અને મૂર્તિને આરસ, પંચધાતુની પ્રતિમા રૂપે કે શિલ્પરૂપે જોવાં એ પણ 'સૃષ્ટિ એવી દૃષ્ટિ'ની ઉક્તિનું માત્ર ચક્ષુદર્શન છે. એ દ્રવ્યદર્શન છે.

પ્રભુ પ્રતિમામાં શાંતતાનાં, પ્રશાંતતાનાં, વિતરાગતાનાં, સર્વદર્શીતાનાં, સર્વજ્ઞતાનાં, ચક્ષુદ્વયમાં જ્ઞાન અને આનંદના અર્થાત્ અર્હમ્‌નાં, પ્રતિમાનાં સ્થિરત્વમાં સ્વરૂપ સ્થિરત્વથી સિદ્ધમ્‌નાં, અર્હમ્ ઐશ્વર્યનાં દર્શન થવાં એ ગુણદર્શન છે. પ્રભુના પ્રભુત્વનાં દર્શન થવાં એ સમ્યગ્દર્શન છે, જે 'દૃષ્ટિ એવી સૃષ્ટિ'ના પ્રકારનું ભાવદર્શન છે. એ પ્રતિમામાં પરમાત્મતત્ત્વનો આરોપ છે. જડમાં ચેતનનો આરોપ છે, જે નૈગમનય છે.

પ્રતિમામાં પ્રભુજીના સર્વજ્ઞતા, સર્વદર્શીતા, સર્વાનંદીતાના સ્વરૂપદર્શન થવાં એ કેવળજ્ઞાની પરમાત્માની કેવળદર્શનરૂપ દૃષ્ટિ, જે 'દૃષ્ટિ એવી દૃષ્ટિ' છે તેની પ્રાપ્તિ માટે થતાં પ્રભુદર્શન છે, જે પ્રતિમાદર્શનથી ઉપરના ઊંચા, સાચા દેવનાં સાચાં દર્શન છે. એ જ દૃષ્ટાને અનામી, અરૂપી, અમૂર્ત બનાવનાર દર્શન છે.

બાકી વિશ્વમાં વિશ્વવ્યવસ્થાનું ચૌદ રાજલોકનું જે લોકસ્વરૂપ છે તેનો જ્ઞેયભાવે સ્વીકાર એ 'સૃષ્ટિ એવી સૃષ્ટિ'નો પ્રકાર છે.

જૈનદર્શન મળ્યું છે, જિનમંદિર, જિનમૂર્તિ, જિનાગમ મળ્યાં છે, જિનેશ્વર ભગવંતનાં દર્શન થયાં છે, એ ખૂબ ખૂબ પુણ્યકાર્ય કર્યાનો પરિપાક છે અને તે મહાસૌભાગ્ય છે. પણ ભગવાન મળ્યાં છતાં સ્વયં ભગવાન ન બની શકીએ તો તે દુર્ભાગ્ય છે. નવપદની આરાધના કરી, નવતત્ત્વની શ્રદ્ધાપૂર્વક, દર્શનપદની આરાધનાથી અને દર્શનાચારના સેવનથી દર્શનમોહનીયકર્મનો ક્ષય કરી, દર્શનાવરણીયકર્મનો નાશ કરી કેવળદર્શન પામી સર્વદર્શી બનવાનું છે.

મૂળમાં જે જ્ઞાન જીવમાં છે, એ જ્ઞાનમાંથી અજ્ઞાન નીકળી જાય એટલે સાચી સમજ આવે, જેથી સાચો દૃષ્ટિપાત થાય. સમ્યગ્દર્શન થાય તો જ્ઞાન સમ્યગ્જ્ઞાન બને. મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન, સમ્યગ્ મતિજ્ઞાન, સમ્યગ્ શ્રુતજ્ઞાન બને. સમ્યગ્જ્ઞાન થાય તો બધી સાધના આરાધના થાય અને થઈ રહેલી સાધના આરાધના ફળદાયી નીવડે. એવું એ જ્ઞાન થવું એટલે શું ? જ્ઞાન એટલે ભગવાનની સમજણ અર્થાત્ સ્વરૂપની સમજ. જ્ઞાનનો સાચો અર્થ શો ?

બુદ્ધિમાં અહંકાર અને ઈર્ષાના ત્યાગે બુદ્ધિનો વિવેક; તેમ આખા જગતને બ્રહ્મદૃષ્ટિએ, બ્રહ્મભાવે નમવું એ હૃદયનો વિવેક; ચૌદ રાજલોક એટલે બ્રહ્માંડનું સ્વરૂપ સમજી વક્રતા અને જડતાનો ત્યાગ કરી ઋજુ અને સરળ બનવું; ભગવાનના પ્રેમનો સ્વીકાર અને જગતમાં જગત પ્રતિ જગતના ઉપકારનો સત્કાર અને સ્વીકાર; એ જે કાંઈ સર્વ છે તે જ સાચા અર્થમાં જ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાન છે. વ્યવહારની અપેક્ષાએ ભગવાને જે

નવતત્ત્વ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ જણાવેલ છે, એની સમજણ લેવી અને એમાં શ્રદ્ધા રાખીને આચરણ કરવું તે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર છે.

**સાધુપદ:**

વીર્યશક્તિથી દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપની સાધના આરાધના વડે સાધક અર્હમ્ સિદ્ધમ્ ભગવાનમાં ગતિ કરે એટલે પ્રથમ તો સાધકમાં સજ્જનતા આવે. 'જગન્નાથ ભગવાન એવાં અર્હમ્ સિદ્ધમ્નો ઉપકાર ભૂલવો નહિ અને જગતમાં જગતના જીવોના સાથ સહકારથી આજદિન સુધી જીવ્યાં છીએ તો જીવો ઉપર ઉપકાર કર્યા વિના રહેવાય નહિ' એવો ભાવ જીવમાં આવેથી સાચા ભાવસાધુ બનાય કે જે સાધુને 'ણમો લોએ સવ્વ સાહૂણં' પદથી નમસ્કાર મહામંત્રમાં નમસ્કાર કરવામાં આવેલ છે.

'ણમો લોએ સવ્વ સાહૂણં' 'પદથી હું સાધું છું !' એ વિકલ્પની ઉપર એની સામે ણમો સિદ્ધાણં' 'પદથી હું સિદ્ધ છું !' એ વિકલ્પ પ્રધાન છે, કારણકે તે અરૂપત્વપ્રધાન સ્વરૂપસાપેક્ષ વિકલ્પ છે. વળી 'હું સિદ્ધ છું!' એ વિકલ્પ પણ ત્યારે જ સાચો કે જ્યારે 'હું દેહ નથી' એ સાધના સાપેક્ષ વિકલ્પ સાથોસાથ હોય. આત્મચેતનાની સામે આત્મચેતના છે, પણ સાધકની આત્મચેતના કાંઈ થોડી અરૂપી થઈ જઈ સ્વરૂપ પ્રગટ થયેલ છે ?

જો સાધુ એમ કહે કે...'હું સાધુ છું !' અને 'મારું સ્વરૂપ સિદ્ધત્વ છે !' જે મારે સ્વયં સિદ્ધ થઈ પ્રગટ કરવાનું છે, જેને માટે મારે મારા સાધુપદ કે મારી સાધુતાનું અભિમાન નહિ રાખતા સાધુતામાં રહી સિદ્ધમ્ પ્રતિ ગતિ કરતાં રહેવું જોઇએ !'

સાધક સાધુ ભગવંતનો આવો વિકલ્પ આત્મસાપેક્ષ, લક્ષ્યસાપેક્ષ ઉત્તમ ભાવ છે. સાધકને સાધનાપથમાં સાધ્યસાપેક્ષ આવાં ભાવસાધનાનું અત્યંત ઉત્તમ પ્રેરકબળ બની રહે છે. વ્યવહારમાં એ બહુ જરૂરી છે કારણકે જગતમાં જગતના જીવો તો સાધક સાધુની આત્મચેતનાને એટલે કે અંતરભાવોને નહિ પણ સાધુની સાધુતાના વેશને, સાધુચર્યાના વ્યવહારને જ જોઈ શકે છે અને એને જ પૂજ્ય માની પૂજ્યભાવે નમન કરે છે. અંદરમાં રહેલ સાધુભાવ કે અસાધુભાવને કોઈ જોઈ કે જાણી શકતું નથી. એ તો સાધક સાધુ પોતે એકલો જ પોતાના ભાવને જાણે છે કે પછી કોઈ સર્વજ્ઞ કેવળજ્ઞાની ભગવંતની ઉપસ્થિતિ હોય તો તે જ્ઞાની ભગવંત જ જાણી શકે અને કહી શકે, જેવું પ્રસન્નચંદ્ર રાજર્ષિના વિષયમાં વીર ભગવંતે મહારાજા શ્રેણિકને જણાવ્યું હતું. માટે જ એ અંદરના અંતરભાવ અંતરમાં ભગવાન વસ્યા હોય તો શુભ અને શુદ્ધ બન્યા રહે અને ગુણારોહણ થતું રહે.

'ણમો લોએ સવ્વ સાહૂણં' એ પાંચમા પદે તો પહોંચ્યો પણ હજી 'ણમો સિદ્ધાણં' પદે પહોંચી સિદ્ધ સ્વરૂપ પ્રગટકરવાનું છે' એ સાધના વિકલ્પથી જાગૃતિ બની રહે છે અને સાધનામાં વેગ આવે છે.

અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન કષાયના ઉપશમથી, ઈન્દ્રિયોના વિષયનો વૈરાગ્ય કેળવાતાં સાધુ ભગવંતનો દેહ જગતમાં સન્માનનીય, વંદનીય, પૂજ્ય બની જાય છે. વર્તમાનકાળમાં સાધુભગવંતનું સાધુજીવન બહુલતાએ ગુપ્તિમાં નથી પણ સમિતિમાં હોય છે. એ જ પ્રમાણે દેશવિરતિધર સાધક શ્રાવક-શ્રાવિકા પણ પચ્ચખ્ખાણમાં આવતાં અને ત્યાગ વૈરાગ્ય કેળવાતા, એ સહુ પણ જગતમાં સન્માનનીય, અનુમોદનીય, આદરણીય બની જાય છે.

વ્રત પચ્ચખ્ખાણ આવ્યા પછી જો ભગવાનમાં ગતિ નહિ કરે તો સાધકને એની પૂજ્યતા, એનું સન્માન, એને મળતો લોકાદર એને એની સાધનામાંથી ચલિત કર્યા વિના રહે નહિ. માટે જ બુદ્ધિ અને હૃદય ભગવાનને અર્પણ કરવાં જરૂરી છે, જે માટે સાધકનું પ્રેરક સૂત્ર હોવું જોઇએ. 'શ્રદ્ધા ઈચ્છાભ્યામ્ મોક્ષ !'

ત્યાગ વૈરાગ્ય જરૂરી છે અને જ્ઞાન પણ સમજણ માટે જરૂરી છે. ત્યાગ, વૈરાગ્ય, વ્રત, પચ્ચખ્ખાણ એ ઇન્દ્રિયોના અપ્રત્યાખાની અને પ્રત્યાખ્યાની કષાયોને રોકવા જરૂરી છે. પરંતુ જ્ઞાન ઉપર ભગવાનના પ્રેમનું કવચ અને અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની કષાયની ઉપશમતા ઉપર ભગવાનની શ્રદ્ધાનું તેમ મોક્ષની ઇચ્છાનું કવચ હોવું જરૂરી છે. હું હજી કેવળજ્ઞાની થયો નથી, મુક્ત થયો નથી. શુદ્ધ, બુદ્ધ, પૂર્ણ થયો નથી એ વિકલ્પની વિદ્યમાનતા અને પૂર્ણતાની માંગ અહંકાર નહિ થવા દે.

સાધુને એના સાધુવેષથી, ત્યાગ વૈરાગ્યથી અને આગળ સાધુતાથી પૂજ્યતા આવે જ. જ્ઞાનથી સાધુની બુદ્ધિની પૂજ્યતા પણ આવે. ઘણા લોકો એને સાંભળે, એને વંદે, એનો જય જયકાર કરે, પણ એ સાધુની ગતિ અર્હમ્ સિદ્ધમ્માં હોય. 'શ્રદ્ધા ઇચ્છાભ્યામ્ મોક્ષ' હૈયે વસ્યું હોય તો એમ જ સમજે અને સમજાવે કે...

'આમાં મારું કાંઈ જ નથી. આ બધું તો ભગવાનનું જ આપેલું છે, જે તમારા સુધી પહોંચાડવાનું પુણ્યકાર્ય ભગવાનનો વાહક બની, ભગવાન વતી, ભગવાનના ચાહક તરીકે જ કરી રહ્યો છું !' બાકી 'હું તો હજી અપૂર્ણ છદ્મસ્થ છું!' 'વહેણ તો અનાદિ અનંત છે જ્યારે હું વાહક તો સાદિ સાન્ત છું !'

આવી સમજણ, આવો વિકલ્પ જ તો બુદ્ધિમાં શ્રદ્ધા છે, જે જ્ઞાનની સમ્યગ્તાનું સૂચક છે. ત્યાગ, વૈરાગ્ય, વ્રત, પચ્ચખ્ખાણ હોય એટલે સ્વાભાવિક જ દેહ પૂજ્ય બને. પણ એ સાધક સાધુ તો એમ જ કહે કે...'આ મારો દેહ કાંઈ જ નથી, ભગવાનનો દેહ જ મહાન છે, કલ્યાણકારી છે અને અમારા તમારા સહુને માટે એ જ સન્માનનીય, વંદનીય, પૂજનીય છે. એ દેવાધિદેવ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતે સમજણ આપી, ત્યારે તો સમ્યગ્જ્ઞાન થયું અને ત્યાગ થઈ શક્યો, વૈરાગ્ય જાગ્યો અને વ્રત પચ્ચખ્ખાણ સ્વીકારી શકાયાં. આ સમજ, આ વિકલ્પ, આ ભાવ હૈયે રમતો રહેશે તો ચારિત્રમોહનીય કર્મના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયમાં ક્યારેય અહંકારનો પ્રવેશ થશે નહિ અને જ્ઞાનનું અજીર્ણ ક્યારેય નહિ થાય. જ્ઞાન સંપાદન તો અજ્ઞાનનો નાશ થયે થાય. બલકે જ્ઞાન તો છે જ. એ જ્ઞાનમાંથી અજ્ઞાન નીકળી જાય એટલે શુદ્ધ જ્ઞાન પ્રગટે. જ્ઞાનમાંથી અજ્ઞાન નીકળી જવું એનો અર્થ છે જ્ઞાનમાંથી મોહ નીકળી જઈ નિર્વિકારી, વીતરાગજ્ઞાન થવું. એમ દેહની પૂજ્યતાનો, નામ અને રૂપના મોહનો ક્ષય થયેથી જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ અને ક્ષય થાય. આપણે ભલે શબ્દપ્રયોગ કરીએ કે ચારિત્રમોહનીય કર્મનો ક્ષય કર્યો, કારણ કે સર્વવિરતિધર્મ સ્વીકાર કર્યો ! નિશ્ચયનયથી તો ચારિત્રમોહનીય કર્મનો ક્ષય ત્યારે થાય કે જ્યારે દેહ દ્વારા સર્વવિરતિના અંગીકારથી મળતી સન્માનનીયતા, પૂજ્યતાદિના અસ્વીકારથી માનકષાય અને દેહના સૂક્ષ્મ હુંપણાના એટલે કે સૂક્ષ્મ દેહમમત્વરૂપ લોભકષાયના નાશથી ચારિત્ર મોહનીયકર્મનો ક્ષય છે. (ક્રમશઃ)

**(સંકલન: સૂર્યવદન ઠાકોરલાલ જવેરી)**

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૪ ● અંક : ૭ ● જુલાઈ, ૨૦૦૩ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## હૅરી પૉટર

૨૧મી જૂન એટલે ટૂંકામાં ટૂંકી રાત્રિ અને લાંબામાં લાંબો દિવસ. એ દિવસે પાશ્ચાત્ય જગતમાં એક યાદગાર ઘટના બની તે 'હૅરી પૉટર' નામની નવલકથાનો પાંચમો ભાગ–'હૅરી પૉટર એન્ડ ધ ઓર્ડર ઑફ ધ ફિનિક્સ' પ્રકાશિત થયો.

નવલકથાઓ તો ઘણી પ્રકાશિત થાય છે, પણ આ નવલકથાની વાત જુદી છે. વર્તમાન સમયની, સાહિત્ય જગતની આ એક વિક્રમરૂપ ઘટના છે. એણે વિશ્વના, વિશેષતઃ પાશ્ચાત્ય જગતના સાહિત્યરસિકોને આશ્ચર્યમુગ્ધ કરી દીધા છે.

બ્રિટનના સ્કોટલેન્ડનાં વતની લેખિકા શ્રીમતી જોઆન કેથલીન રોલિંગની નવલકથા 'હૅરી પૉટર'ના ફક્ત આ પાંચમા ભાગની લગભગ પંચાસી લાખથી એક કરોડ જેટલી નકલ થોડા દિવસમાં જ વેચાઈ ગઈ છે. હજુ સુધી આટલી બધી નકલ કોઈ એક ગ્રંથની આટલા ટૂંકા સમયમાં વેચાઈ નથી.

બ્રિટન, અમેરિકા અને બીજા કેટલાક દેશોમાં તો ટપાલ ખાતા તરફથી એના વિતરણ માટે ખાસ જુદો સ્ટાફ રોકીને એવી રીતે વ્યવસ્થા કરવામાં આવી હતી કે અગાઉથી ઓર્ડર નોંધાવનાર દરેક ગ્રાહકને પ્રકાશનના પહેલા દિવસે જ ઘરે બેઠાં એની નકલ મળી જાય. લાખો બાળકોએ ઘરમાં નકલ આવતાંની સાથે તરત જ પેકેટ ખોલીને લગભગ નવસો પાનાંની નવલકથા વાંચવાનું ચાલુ કરી દીધું હતું. અને ખાવાપીવાનું, ઊંઘવાનું ભૂલીને નવલકથા સાદ્યંત વાંચીને પૂરી કરી હતી. અમેરિકામાં રહેતાં મારા પૌત્ર અર્ચિત (ઉ.વ.૧૨) અને પૌત્રી અચિરા (ઉ.વ.૧૦) એ પણ 'હૅરી પૉટર' આવતાંની સાથે પૂરી વાંચી લીધી હતી. એની જેમ બીજા અનેક બાળકોએ અમેરિકામાં આ નવલકથા એટલી જ ઝડપથી વાંચી લીધી છે. બાળકો ઉપરાંત મોટી ઉંમરના અનેક લોકોએ પણ આ નવલકથાનું વાંચન કરી લીધું છે.

કોઈ પણ પુસ્તકની એક અઠવાડિયામાં લગભગ એક કરોડ જેટલી નકલો ખપી જવી એ જેવી તેવી વાત નથી. પાશ્ચાત્ય દેશોમાં લોકો શક્તિસંપન્ન છે અને પોતાનું પુસ્તક વસાવીને વાંચવાની વૃત્તિવાળા છે. એટલે ત્યાં સારાં પુસ્તકોનો ઉપાડ ઘણો મોટો રહે છે. વળી દુનિયામાં અંગ્રેજી વાંચવાવાળા લોકોનું પ્રમાણ ઘણું મોટું છે. એટલે જ આ વિક્રમ વેચાણ શક્ય બન્યું છે.

ઈંગ્લંડ કરતાં પણ વધુ નકલો અમેરિકામાં ઊપડી ગઈ છે. ત્યાં બાળકોવાળાં બહુ ઓછાં એવાં ઘરો હશે કે જેમણે આ નવલકથા ન ખરીદી હોય. જે ઘરમાં બે-ત્રણ સંતાનો હોય એવા કેટલાક લોકોએ તો દરેક સંતાન માટે જુદી જુદી નકલ ખરીદી છે કે જેથી વાંચવા માટે ઘરમાં ઝઘડા ન થાય. તેમ કરવું તેઓને પોસાય છે.

આવા સમૃદ્ધ દેશોમાં પણ કેટલીયે નકલો પ્રેસમાંથી કે ગોડાઉનમાંથી ચોરીછૂપીથી ઉપાડી જવાઈ છે અને કેટલાક ઘરોમાં પહોંચાડી દેવાઈ છે.

'હેરી પોટર' એ એક અનાથ પણ દૈવી જાદુઈ શક્તિ ધરાવનાર બાળકના વિકાસની ચમત્કૃતિ ભરેલી ઘટનાઓથી સભર નવલકથા છે. લેખિકાએ સાત ભાગમાં એ લખવાનું આયોજન કર્યું છે. અગાઉ 'સોર્સરર્સ સ્ટોન', 'ચેમ્બર ઑફ સિક્રેટ્સ', 'પ્રિઝનર ઑફ અઝકબાન' અને 'ગોબ્લેટ ઑફ ફાયર' એ ચાર ભાગ પ્રકાશિત થઈ ગયા છે. અત્યાર સુધીમાં આ ચારે ભાગની મળીને દોઢ કરોડ કરતાં વધુ નકલો વેચાઈ ગઈ છે. આ વેચાણે લેખિકાને અસાધારણ ખ્યાતિ અપાવી છે અને અણધારી મબલખ કમાણી કરાવી આપી છે.

'હેરી પોટર' અદ્ભુતરસિક નવલકથા છે. એમાં જાદુઈ લાગે એવા ચમત્કારોની વાતો આવે છે. સાહિત્યમાં શૃંગાર, વીર અને કરુણ એ મુખ્ય રસ ગણાય છે, પણ બાળકોને શૃંગાર અને કરુણમાં એટલી મજા નથી પડતી. બાળકો અને બાળજીવોને ગમતો પ્રિય રસ તે અદ્ભુત રસ છે. (આપણા મધ્યકાલીન કથાકારોમાં શામળ ભટ્ટની વાર્તાઓ અદ્ભુતરસિક છે. એટલે જ એનો શ્રોતાવર્ગ બહોળો રહેતો.)

દુનિયાનાં ઘણાં બાળકો આ નવલકથા વાંચવાને ઉત્સુક હોય છે એનું બીજું એક મહત્ત્વનું કારણ એ છે કે હેરીના પાત્રમાં તેઓ પોતાની જાતને નિહાળે છે. તેઓ હેરી સાથે એકરૂપ થઇને આ નવલકથા વાંચે છે. પ્રત્યેક બાળકને પોતાના વિચારો, સ્વપ્નાંઓ, આકાંક્ષાઓ, સમસ્યાઓ વગેરે હોય છે અને એનો ઉકેલ કે તાળો તેઓને આ નવલકથામાંથી મળી રહે છે.

હેરી પોટર એક અનાથ બાળક છે. એનાં માતા-પિતાને વોલ્ડેમોર્ટ નામના એક માણસે મેલી વિદ્યાથી મારી નાખ્યાં હતાં. તે વખતે નાનો હેરી બચી ગયો હતો, પણ એના માથામાં ઘા રહી ગયો હતો. બીજાના આશ્રયે ઊછરેલા હેરીમાં કેટલીક દૈવી ચમત્કારિક શક્તિઓ છે. એ મોટો થતાં એવા છાત્રાલયમાં દાખલ થાય છે કે જ્યાં દૈવી શક્તિવાળા અસાધારણ તેજસ્વી વિદ્યાર્થી રહેતા અને ભણતા હોય. હેરી પોતાના અભ્યાસક્રમમાં દર વર્ષે આગળ વધતો જાય છે અને એને અવનવા

ચમત્કારિક અનુભવો થતા જાય છે. શાળાના મિત્રો, શિક્ષકો વગેરેના અનુભવો સાથે હેરીના પાત્રનું આલેખન એવું સરસ થયું છે કે વિદ્યાર્થીઓને હેરી પોતાનો પરિચિત લાગે છે.

'હેરી પોટર'માં લેખિકાની લેખનશૈલી એટલી રસિક, રોચક અને માર્મિક છે અને હેરી ઉપરાંત એના મિત્રો, શિક્ષકો, વડીલો વગેરેનું પાત્રાલેખન પણ એટલું સરસ થયું છે કે બાળકોને એ ગમી જાય અને એમાંથી પ્રેરક બોધ મળે એવું છે. આ નવલકથામાં જાદુઈ પથ્થર, ત્રણ માથાવાળો રાક્ષસી કૂતરો, ઇચ્છાનું પ્રતિબિમ્બ પાડનાર અરીસો, વિસ્મૃતિ દર્શાવનાર લખોટો, ઊડતાં ઝાડુ, વિશ્વાસઘાત કરનાર માણસો પાસે આવે તો તરત સંકેત કરનાર ભમરડો વગેરે વિવિધ પ્રકારની ચમત્કારિક વાતો બાળકોનો રસ સાદ્યંત જાળવી રાખે છે.

પાશ્ચાત્ય દેશોમાં કોઈ એક ઘટનાનું બાળકોને જ્યારે ઘેલું લાગે છે ત્યારે એનો પ્રસાર ચારે બાજુ ઝડપથી થાય છે. 'હેરી પોટર' નવલકથાનો બાહ્ય પ્રભાવ પણ બાળકો ઉપર પડ્યો છે. હેરી પોટર જે જાતનાં જાડા કાચનાં કાળી ગોળ ફ્રેમવાળાં ચશ્માં પહેરે છે એવાં ચશ્મા કંપનીઓ બનાવવા માંડી છે અને ઘણાં બાળકો એવાં ચશ્મા પહેરવા લાગ્યા છે. હેરી પોટર બ્રાન્ડના ટી શર્ટ, રમકડાં વગેરે પ્રચલિત થયાં છે. એવા જ પ્રકારની પાર્ટીઓ ગોઠવાય છે. કોઈક બાળક તો હેરી પોટર જેવાં કપડાં પહેરી રાતને વખતે દાદરા નીચે સૂઈ જાય છે. ટી.વી. વગેરેને લીધે ઘટતી જતી વાંચનપ્રવૃત્તિના આ સમયમાં આ નવલકથાએ અનેક બાળકોને વાંચતાં કરી દીધાં છે.

'હેરી પૉટર'ના પાત્રના સર્જને શ્રીમતી રોલિંગના જીવનમાં અસાધારણ, આશ્ચર્યચકિત કરે એવો ભાગ્યપલટો આણ્યો છે. શ્રીમતી રોલિંગ સાધારણ આર્થિક સ્થિતિનાં મહિલા હતાં. સ્કોટલેન્ડનાં હોવાથી કરકસરનો ગુણ એમનામાં પહેલેથી હતો. વાંચનનાં તેઓ શોખીન હતાં. પહેલા પતિ સાથે છૂટાછેડા લીધા પછી પોતાની પુત્રી જેસિકાને ઉછેરતાં ઉછેરતાં ફાજલ મળેલા સમયમાં એમણે ઘરમાં આ નવલકથા લખવાનું ચાલુ કર્યું. સરકાર તરફથી આર્થિક સહાય (Welfare) એમને મળતી હતી. પરંતુ સાત ભાગમાં લખવા ધારેલી નવલકથાના પહેલા ભાગે એમને અસાધારણ સફળતા અપાવી અને તેઓ ધનાઢ્ય બની ગયાં. ત્યારપછી ૩૭ વર્ષની વયે એમણે પોતાનાથી છ વર્ષ નાના મુરે નામના યુવાન સાથે લગ્ન કર્યાં અને એમને એક દીકરો થયો.

'હેરી પોટર'ના બીજા-ત્રીજા ભાગ પછીથી એમની કીર્તિ ચોમેર પ્રસરી અને પુસ્તકની રોયલ્ટીમાંથી તેઓ અણધાર્યું કમાતાં ગયાં અને પાંચમા ભાગના પ્રકાશનથી તો એમણે ગ્રંથવેચાણનો વિશ્વવિક્રમ તોડ્યો. એક દાયકામાં જ શ્રીમતી રોલિંગ એટલું બધું ધન કમાયાં કે આ નવલકથાના પાંચમા ભાગના પ્રકાશન પછી તો એક અંદાજ પ્રમાણે તેઓ બ્રિટનનાં મહારાણી એલિઝાબેથ કરતાં પણ વધુ શ્રીમંત બની ગયાં છે. અઢળક ધન કમાતાં એમણે પોતાના વતન એડિનબર્ગમાં, લંડનમાં અને બીજે કેટલેક સ્થળે મોટાં રજવાડી ઘરો ખરીદી લીધાં છે. ઘરનું રાચરચીલું, મોટરગાડી, વસ્ત્રપરિધાન એ બધું સારામાં સારું અને મોંઘામાં મોંઘું એમણે વસાવી લીધું છે.

અલબત્ત શ્રીમતી રોલિંગ કહે છે કે પોતે પ્રસિદ્ધિ કે પૈસા માટે લખ્યું નથી. પોતાને તો જેન ઑસ્ટીન જેવી એક સારી લેખિકા થવું હતું. પરંતુ ઈચ્છા હોય કે ન હોય, પૈસો અને પ્રસિદ્ધિ એમનાં ચરણોમાં આવીને બેસી ગયાં છે. અતિપ્રસિદ્ધિ મહાપુરુષોને, મહાત્માઓને ઘણીવાર અકળાવે છે. એમનું જીવન સહજ અને સરળ રહેતું નથી. ભક્તો-ચાહકોની ભીડ આરંભમાં ગમી જાય છે, અભિમાન પોષાય છે, પણ પછી એજ એમના જીવનને કંઈક અંશે મર્યાદિત બનાવી દે છે. રસ્તામાં એકલા ચાલતા નીકળવું તેમને માટે મુશ્કેલ બની જાય છે. એમ કરવા ગયા તો એમને જોવા માટે, હસ્તાક્ષર માટે પડાપડી થાય છે. ધક્કાધક્કીમાં પોતે પડી જાય, ઈજા થાય, ક્યારેક તો હોસ્પિટલમાં જવું પડે એવા પ્રસંગો બને છે. સિનેમાના પ્રખ્યાત અભિનેતાઓ-અભિનેત્રીઓ રસ્તામાં એકલાં જઈ શકતાં નથી. કોઈ દુકાને ખરીદી કરવા ઊભાં રહી શકતાં નથી. એમના જીવનમાં ઘરબહાર ચાલતા જવાની મર્યાદા આવી જાય છે. એશિયાના દેશોમાં મહાપુરુષોને જોવાની ઘેલછા હોય છે એટલી પાશ્ચાત્ય દેશોમાં નથી. તો પણ એક વખત પ્રખ્યાત થયા પછી ચાહક વર્ગ, પત્રકારો વગેરે વીંટળાઈ વળે છે. પછી સમુદ્રકિનારે કે બગીચામાં ફરવા જઈ શકાતું નથી. બસમાં, લોકલ ટ્રેનમાં, મેટ્રોમાં એકલા મુસાફરી કરવાનો આનંદ માણી શકાતો નથી. શ્રીમતી રોલિંગની પણ હવે એજ દશા થઈ છે. એમને પોતાનું શાંત અંગત જીવન જીવવું છે, પણ ઢગલાબંધ આવતી ટપાલો, ફેક્સ, ઈ-મેઈલ, ટેલિફોન આ બધાંનો ત્રાસ ચાલુ થઈ ગયો છે.

'હેરી પોટર'નો પહેલો ભાગ ૩૦૦ પાનાંનો હતો, પરંતુ એની લોકપ્રિયતા વધતાં બીજો ભાગ લગભગ સાડા ત્રણસો પાનાંનો થયો. ત્રીજો સાડા ચારસો પાનાનો, ચોથો સાડા સાતસો પાનાંનો અને આ પાંચમો ભાગ નવસો પાનાંનો થયો. લેખિકાને પણ લખવાનો ઉત્સાહ વધ્યો છે એ વધતી જતી આ પૃષ્ઠસંખ્યા જોતાં પણ જણાય છે. હવે પછીના બે ભાગ પણ એ જ રીતે દળદાર બનશે એવી અપેક્ષા છે. શ્રેણીબદ્ધ નવલકથા લખનાર લોકપ્રિય લેખકની આ ખાસિયત હોય છે.

પ્રથમ ભાગ પછી શ્રીમતી રોલિંગે પ્રકાશકો સાથે જે કરાર કર્યા હતા તેમાં નવલકથા લખવાની સમયમર્યાદા પણ રાખવામાં આવી હતી. એથી એમને સમયના બોજા હેઠળ લખવું પડ્યું છે, ઉતાવળ કરવી પડી હોય એવું બન્યું છે. એથી જ એમણે પાંચમા ભાગ વખતે પ્રકાશકોને જણાવી દીધું છે કે હવે પછીના ભાગ તેઓ સમયમર્યાદાના બંધન વગર લખશે. લોકપ્રિય થઈ ગયેલા લેખકોને પછી પ્રકાશકોના તકાદાને કારણે સરસ લખવાને બદલે ઘસડતા થઈ જવું પડે છે. લોકપ્રિયતાનું આ એક મોટું ભયસ્થાન છે.

'હેરી પોટર' નવલકથાની સર્વત્ર પ્રશંસા જ થઈ છે એવું નથી. કેટલાક વિવેચકો એમ માને છે કે આવું સાહિત્ય તત્કાલીન અતિપ્રસિદ્ધિને વરે છે, પણ પછી એ એટલું જ ઝડપથી ભુલાઈ જાય છે. અડધી પ્રસિદ્ધિ તો પ્રકાશકોની, દુકાનદારોની કરામતથી અને કૃત્રિમ ઢંઢોળથી વધે છે. આ નવલકથામાં બાલભોગ્ય અંશોનું પ્રમાણ ઘણું છે. એટલે વિદગ્ધ વાચકો અને વિવેચકો એનાથી એટલા આકર્ષાશે નહિ. એક શિક્ષિકાએ કહ્યું કે 'હેરી પોટર'માં મને જરાય રસ નથી પડતો, પણ મારા બધા વિદ્યાર્થીઓએ એ નવલકથા વાંચી લીધી હોય એટલે તેમની સાથે વાતચીત કરવા માટે મારે ફરજિયાત એ વાંચી જવી પડે છે. એક પાદરીએ કહ્યું કે 'હેરી પોટર'થી બાળકોમાં ડાકણવિદ્યામાં અંધશ્રદ્ધા જન્મશે. આ અભિપ્રાયની સામે બચાવ પણ થયો છે.

પાશ્ચાત્ય સાહિત્યજગતમાં 'બેસ્ટ સેલર'નો મહિમા ઘણો છે. કોઈ પણ ગ્રંથમાં કંઈક સત્ત્વ હોય તો જ તે વધુ વેચાય. આમ છતાં પાશ્ચાત્ય સાહિત્ય-વિવેચકો જ કહે છે કે 'બેસ્ટ સેલર' એટલે 'બેસ્ટ' જ એવું નથી. આ તત્કાલીન ઘટના છે. જે પુસ્તક ત્રીજી, ચોથી પેઢીએ પણ હોંશથી વંચાતું હોય તો એ પુસ્તકની ગુણવત્તા વધારે. હેરી પોટરે તત્કાલીન સામર્થ્ય બતાવ્યું છે. આશા રાખીએ કે એ દીર્ઘકાલીન પણ બને.

□ રમણલાલ ચી. શાહ

# રૂઢિર્બલીયસી

**□ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા**

રૂઢિર્બલીયસી એટલે રૂઢિ બળવાન છે. કેટલીકવાર શાસ્ત્ર કરતાં રૂઢિનો મહિમા લોકોમાં સાચી કે ખોટી રીતે વધી જાય છે. આ સંદર્ભમાં આપણે આપણી કેટલીક ધાર્મિક ક્રિયાઓ વિશે વિચાર કરીશું.

રાઈ તથા દૈવસિક પ્રતિક્રમણમાં બોલાતી ત્રણ સુપ્રસિદ્ધ ગાથાઓ સ્પષ્ટીકરણ માટે અત્રે લિપિબદ્ધ કરું છું. તે આમ છે :

આયરિય ઉવજ્ઝાએ, સીસે સાહમ્મિએ કુલગણે અ
જે મે કેઈ કસાયા, સવ્વે તિવિહેણ ખામેમિ (૧)
સવ્વસ્સસમણ સંઘસ્સ, ભગવઓ અંજલિ કરિઅ સીસે
સવ્વં ખમાવઈત્તા, ખમામિ સવ્વસ્સ અહયં પિ (૨)
સવ્વસ્સજીવરાસિસ્સ, ભાવઓ ધમ્મ નિહિઅ નિઅ ચિત્તો
સવ્વં ખમાવયિત્તા, ખમામિ સવ્વસ્સ અહયં પિ (૩)

સા ત્રણે ગાથાનો ભાવાર્થ રજૂ કરી આગળ વધું. આચાર્ય, ઉપાધ્યાય, શિષ્યો, સાધર્મિકો, કુલ અને ગણ સંબંધી મેં જે કંઈ કષાયો કર્યા હોય તે હું ત્રણ પ્રકારે (મન, વચન અને કાયાથી) ખમાવું છું.

સર્વ શ્રમણ સમુદાયના વર્ગને મસ્તકે અંજલિ કરી બધાંને ખમાવીને હું પણ ખમાવું છું.

ભાવપૂર્વક ધર્મને હૃદયમાં પ્રસ્થાપિત કરીને સકળ જીવ સમુદાયને (૧૪ રાજલોકનો) ખમાવીને હું પણ સર્વને ખમું છું. ક્રોધાદિ કષાયોના ક્ષય માટે જ અપ્રતિક્રમણ છે.

બંને પ્રતિક્રમણમાં આવતી આ ત્રણે ગાથાઓ અત્યંત સુંદર, ભાવવાહી તથા ખમાવીને ખમાવે તેમ ઈચ્છે છે, સૂચવે છે.

અત્યારના જમાનામાં મોટો વિશાળ સમુદાય પોતાને ઘોંઘાટમાં સમજાય કે ન સમજાય તો પણ સંવત્સરી પ્રતિક્રમણમાં આવીને પોતાને કૃતકૃત્ય તથા ધન્ય માને છે. વિશાલ સમુદાય હાથ ઊંચા કરી, ચારે દિશામાં માથું ફેરવી ઓળખીતા કે અપરિચિતને ઉદ્દેશી મિચ્છામિ દુક્કડં કરે છે. મુસલમાનો તથા ખ્રિસ્તી સમુદાય પણ ધાર્મિક સ્થળે ધાર્મિક ક્રિયા કરે છે અને તેમાં જરા પણ ઘોંઘાટ કે આડુંઅવળું જોયા વગર બધો સમુદાય શિસ્તબદ્ધ રીતે નમાજ પઢે છે. તેમાંનો મોટો સમુદાય અશિક્ષિત હોવા છતાં પણ શિસ્ત તથા મર્યાદા પ્રશંસનીય રીતે પાળે છે. આપણે તેમાંનું કશું શીખ્યા નહીં અને પ્રથમ કક્ષાની અશિસ્ત દૃષ્ટિગોચર થાય છે.

આ ત્રણ સુંદર ગાથાનો મર્મ તથા અર્થ સમજનારા કેટલાં ? ગતાનુગતિક, ચીલાચાલુ પદ્ધતિએ આ થઈ રહ્યું છે. આ વિશાળ વર્ગમાંથી ચૌમાસિક, પાક્ષિક કે રાત-દિવસનું પ્રતિક્રમણ કરનારા તો આંગળીના વેઢે ગણાય એટલા જ છે.

રાઈ તથા દૈવસિક પ્રતિક્રમણ કરનારા ત્રણ ગાથાઓ બે વાર બોલે છે.

સામાન્ય રીતે સંવત્સરી પ્રતિક્રમણ કરાય તે પહેલાં આચાર્ય ભગવંત કે તે સ્થાને બિરાજેલ અન્ય સાધુશિરોમણિ એકત્રિત થયેલી મેદનીને જણાવે છે કે પ્રતિક્રમણ કરાય તે પૂર્વે મિચ્છામિ દુક્કડમ્ કરી લેવો તે વધારે યોગ્ય છે.

આ સંદર્ભમાં ક્ષમા માંગવાના બે ઐતિહાસિક-પૌરાણિક પ્રસંગો જોઈએ. પહેલો પ્રસંગ કાશી અને કોશલ નરેશનો છે. તે બેમાંથી એકે જે સુકૃત્યો કર્યાં છે; તેથી સમગ્ર પ્રજામાં તેઓ અત્યંત માનીતા થયા છે તે વસ્તુ બીજાને દુઃખતી હતી, સંતાપ આપતી હતી. તેથી ઈર્ષાવશ તેણે એવી ઘોષણા કરાવી કે તેના પ્રતિસ્પર્ધીનું મસ્તક મારા ચરણમાં જે રજૂ કરે તેને હું કૃતકૃત્ય કરી દઈશ. આથી તેવું કંઈ થઈ જાય તો તેની પ્રજા વિફરે તેમ હતું. તેથી તેણે સ્વેચ્છાએ દેશવટો સ્વીકારી લીધો. રાજા નગર છોડી ચાલી નીકળ્યા, તેણે એક દુઃખી માણસના દર્દને જાણ્યું અને તે પ્રતિસ્પર્ધી રાજા પાસે જઈને કહ્યું કે જેની તમને શોધ છે તે વ્યક્તિ હું છું અને તે માટે જાહેર કરેલું ઈનામ-પારિતોષિક આને આપી દો. જ્યારે તેણે સાચી હકીકત જાણી ત્યારે તે ધન્ય દિવસ સંવત્સરી પ્રતિક્રમણનો હતો અને તેઓ તેના ચરણમાં શિર ઝુકાવી મિચ્છામિ દુક્કડં કહે છે. ગળગળા થઈ ચરણમાં શિર ઝુકાવેલું છે.

બીજો પ્રસંગ હિન્દુ (વૈષ્ણવ) દર્શનનો છે. તેમાં પણ બે ઋષિવરો તે વસિષ્ઠ અને વિશ્વામિત્ર. વિશ્વામિત્રને વસિષ્ઠની પ્રસિદ્ધિ તથા પ્રશંસા ખૂંચતી હતી. એકવાર વિશ્વામિત્ર તેનું કાસળ કાઢી નાંખવા તેની ઝૂંપડીએ જાય છે. બહાર ઊભા ઊભા પતિ-પત્ની વચ્ચે ચાલી રહેલો સંવાદ સાંભળે છે. તેમાં વસિષ્ઠ તેમની પત્ની આગળ વિશ્વામિત્ર (વિશ્વના મિત્ર)ની પ્રશંસા કરતા હતા તથા ગુણગાન ગાઈ રહ્યા હતા. તે સાંભળી વિશ્વામિત્ર તેમને બ્રહ્મર્ષિ તરીકે નવાજે છે.

જરા આ પ્રસંગને ઊંચા આકાશમાં જોઇએ. વિવિધ તારાઝુમખામાં એક સપ્તર્ષિ છે. આ સાત ઋષિમાં છઠ્ઠા ઋષિ તે વસિષ્ઠ છે. લગ્નપ્રસંગે ગોરમહારાજા નવ-દંપતીને આકાશમાં રહેલા તે તારાવૃંદને બતાવી કહે છે કે 'વસિષ્ઠ-અરૂંધતીનું સૌભાગ્ય' તમો પણ પ્રાપ્ત કરો. પ્રાચીન સમયમાં સંભવતઃ રાતે આ લગ્નવિધિ કરાતી. અત્યારે દોડધામમાં દિવસે આ તારાવૃંદને બતાવવું તો અશક્ય છે. આ બે ઋષિવરોમાં સ્પર્ધા ટળી જતાં વિશ્વામિત્રે વસિષ્ઠને બ્રહ્મર્ષિ તરીકે સ્વીકારી ગણના કરાય તેવું માનદપદ આપ્યું.

સંવત્સરી પ્રતિક્રમણ પછી તરત જ અને ત્યારબાદ યથા અવકાશે મિચ્છામિ દુક્કડં કહેવાનો રિવાજ કે પ્રથા પડી ગઈ છે. દૂર રહેનાર વ્યક્તિની સાથે કાગળ-પત્રો દ્વારા તે કરાય છે. તીર્થ કે તીર્થંકરાદિના ફોટાવાળા કાગળો મોકલાય છે. પરંતુ પછી તેનું શું કરાય છે ? કેટલાક કચરાની પેટીમાં પધરાવી છે. કેટલાંક તેને ફાડી પણ નાંખે !

વળી એક જ સ્થળે રહેનારા લોકો એકબીજાને ત્યાં ફુરસદે જાય, પેટને ન્યાય આપે, વાહનો વગેરેમાં બેસીને જાય. શું અહીં હિંસા નથી થતી ? વાહનો નીચે જીવો કચડાઈ પણ જાય. વાહનોમાંથી નીકળતો ધુમાડો, ગેસ વગેરે વાતાવરણને પર્યાવરણને નુકસાન કરે તેનો ખ્યાલ જ નથી હોતો.

વળી કેટલાકની બાબતમાં અંતરથી આમ નથી કરાતું. કરવું પડે છે, કરવું જોઇએ, રિવાજ પડી ગયો છે, તેમ કર્યા વગર ચાલે તેમ નથી, માટે કચવાતે મને મોભો તથા મોકો સાચવવા આમ કરે જ જવાય છે.

આના જેવી બીજી ધાર્મિક ક્રિયા જોઇએ. દેરાસરમાં પ્રક્ષાલ, ફૂલની આંગી, ચાંદીના વરખ ચોંટાડવા, રેશમી વસ્ત્ર પહેરી પૂજા કરવી વગેરે. કેટલેક સ્થળે પ્રક્ષાલ જાતે હવે નથી કરાતી. પૂજારી માણસ પાસે જ કરાવી લેવાય છે. તે દરમ્યાન, કીડી, મંકોડા, વાંદા વગેરે સૂક્ષ્મ જીવોની હિંસા થવાનો સંભવ વધારે રહે છે. ફૂલ, ચાંદીના વરખ વગેરેમાં પણ હિંસા રહેલી છે. રેશમી વસ્ત્રમાં તેને ઉત્પન્ન કરનારાં કેટલાં કીડાની હિંસા થાય છે.

તપની વાત કરીએ. કેટલીકવાર એ દેખાદેખી, સારું દેખાવા માટે, માન પાન, કીર્તિ વગેરે માટે કરાય છે. તપથી ભાવ નિર્જરા થવી

જોઇએ એનો ખ્યાલ નથી હોતો. ક્યાં ચૌદ હજાર સાધુઓમાં જેની ખુદ ભગવાન મહાવીરે પ્રશંસા કરી છે તે સાધુવર્ગ ધન્ના સાર્થવાહ કે જેણે છઠ્ઠના પારણે આયંબિલ કરી કાયાને એવી સૂકવી નાંખી કે તેમનાં હાડકાંનો અવાજ થતો. પરંતુ આજકાલ કેટલાક ઉપવાસ વગેરે પછી પારણામાં શું મળશે તેનો ખ્યાલ વધુ રાખે છે તથા એકાદ બે વસ્તુ ઓછી પડે તો કષાયો શોધવા જવા ન પડે, આ તે કેવી તપશ્ચર્યા !

સામાયિક ક્યાં આપણું અને ક્યાં રૂની પૂણી વેચી ગુજરાન ચલાવનારા તથા સાધર્મિકને ભોજન કરાવે તો બેમાંથી એક ઉપવાસ કરનાર પુણિયા શ્રાવકનું પૂણી વેચતા હોવાથી પુણિયો શ્રાવક કહેવાયો. સમ્રાટ શ્રેણિકને ભગવાન મહાવીરે કહ્યું કે જો તું પુણિયા શ્રાવકનું સામાયિક ખરીદી શકે તો નરકે જવાનું મુલતવી રાખી શકાય. તેઓ આ સોદો પતાવી ન શક્યા, તેથી સામાયિક માટે કહેવાયું છે :-

લાખ ખાંડી સોના તણું, દીયે દીન પ્રત્યે દાન લાલ રે,
લાખ વરસ લગે તે વળી, એમ દીયે દ્રવ્ય અપાર લાલ રે
એક સામાયિકને તોલે, ન આવે તેહ લગાર લાલ રે.

આટલું દાન એક સામાયિકના ફળ આગળ નગણ્ય છે. બીજી રીતે એક પ્રકારે સામયિકનું ફળ ઓછામાં ઓછું ૯૨૫ ૯૨૫ ૯૨૫ પલ્યોપમનું બતાવ્યું છે.આપણું સામાયિક આટલી સેકન્ડ જેટલું પણ ખરું ? વળી એક લોગસ્સના કાઉસ્સગ્ગનું ફળ જેટલું ગણાવ્યું છે. તલ્લીન, તદ્ગત ચિત્ત વગેરે ગુણગર્ભિત પલ્યોપમ આપણો કાયોત્સર્ગ ખરો ? ધન્ના સાર્થવાહ જેવું આપણું તપ ખરું ? નાગકેતુ જે પુષ્પપૂજા કરતો હતો અને તેમાં નાના સાપલિયાએ ડંખ માર્યો ત્યારે અવિચલિત થઈ પૂજા કરતો રહ્યો તેવી આપણી એક પણ પૂજા ખરી ?

એક રાજાને પોતાના મંત્રી પેથડ શાહની ખાસ જરૂર પડી. તે માટે માણસને મોકલ્યો, પણ એને પાછા ફરવું પડ્યું. રાજા પોતે મંત્રીને બોલાવવા જાય છે. ત્યાં પેથડ શાહ પૂજા કરતા હતા ત્યાં પહોંચી ફૂલ આપનારને ખસેડી ફૂલો આપતાં ભૂલ થતાં મંત્રી પેથડ શાહ પાછું વળી જુએ છે. રાજા બેઠેલા છે છતાં પણ મંત્રીએ પૂજામાં વિક્ષેપ પડવા ન દીધો અને રાજાએ તેમને શાબાશી આપી.

આપણા સામાયિકમાં (દૂધ ઉભરાયું, દૂધ ઉભરાયું) એમ બોલાય તથા મન ઢેઢવાડે પણ જાય. દાન દીધું, ટીપમાં પૈસા ભર્યા શું તે કીર્તિ માટે જ હતા ને ? પૈસા ન્યાય-સંપન્ન વિભવથી એકઠાં કરેલાં હતા ને ? રત્નાકર પચ્ચીસીના કર્તા રત્નાકર વિજયજીએ જેવી રીતે પશ્ચાત્તાપ તથા આંસુ વહેવડાવ્યાં છે તેવું આપણે કંઈક કર્યું ? રત્નાકરે પચ્ચીસીમાં જે ખરો પશ્ચાત્તાપ કર્યો તેવો આપણો ખરો ? પ્રતિક્રમણમાં જે ન કરવા જેવું કર્યું હોય તેનો એકરાર કર્યો ખરો ? ફરીથી તેવું નહીં થાય તેમ છતાં તે કામ કે ક્રિયા અગણિત વાર કર્યા કરી ખરી ? જરા પણ આત્મસંવેદના કરી ખરી ? ફરીથી નહીં થાય તે માટે જરાપણ કાળજી રાખી ખરી ? કે ઘાંચીના બળદની જેમ હતા ત્યાં ને ત્યાં કે આખી રાત હલેસાં માર્યા પછી બીજા કાંઠાને બદલે ત્યાંના ત્યાં જ છીએ તેની ખબર પડી કેમકે લંગર જ છોડ્યું ન હતું ને ?

ધર્મ તો ઘણો જ કર્યો તેવો સંતોષ થયા જ કરે છે. પૌદગલિક સુખ-સાહ્યબી તથા ભવાભિનંદી હોઈ ધર્મ કરવામાં સંતોષ વ્યક્ત કર્યો અને દુનિયાની સામગ્રી વગેરે એકત્રિત કરવામાં અસંતોષ જ રાખ્યા કર્યો. છતાં પણ મોક્ષ કેમ સો ગાઉ દૂર રહ્યો તેની ખબર જ ન પડી. ઉપર ગણાવેલી ધાર્મિક ક્રિયા કે અનુષ્ઠાનાદિ જેવાં કે ભગવાનની પૂજા, દાન, સામાયિક, કાયોત્સર્ગ, તપાદિ અનુષ્ઠાનો, વ્રત, નિયમ, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ વિવિધ પ્રકારનાં તપો, સ્વાધ્યાયાદિ અસંખ્ય ધાર્મિક ગણાવાય તેવો ક્રિયાકલાપ કરે રાખ્યો પણ આટલું ધ્યાનમાં ન રહ્યું કે મિથ્યાત્વને તિલાંજલિ નથી આપી, ભવાભિનંદીપણું હજુ વળગી રહ્યું છે. સામાયિકાદિ કર્યું પણ સમતા અને તેના પરિપાકરૂપે સમકિત માઇલોના માઇલો દૂર રહ્યું કારણ કે સમકિત રૂપી એકડો જ આ બધાંની આગળ ન હતો તેનું ભાન જ ન રહ્યું. દાન તો દીધું નહીં ને મોક્ષની અભિલાષા સેવ્યા જ કરી. એકડા વગર અસંખ્ય મીંડા એકત્રિત થયાં અને તેનું ફળ શૂન્ય જ મળ્યું ! આને લીધે અનંતાનંત પુદ્ગલ પરાવર્તો વ્યતીત થઈ ગયા. અનંતાનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીઓ તે દરમ્યાન થઈ ગઈ. અનાદિ અનંત સંસ્કાર પ્રવાહમાં શરૂઆતથી તે આજસુધી તેમાં તણાતાં જ રહ્યા અને તેથી બેડો પાર ન થયો.

જાગ્યા ત્યારથી સવાર એ ઉક્તિને સાર્થક કરવા હવેથી જે કંઈ ક્રિયા-કલાપો કરીએ તે સમકિત મેળવવા, મળ્યું હોય તો તે ચાલી ન જાય (કેમ કે ભવ્ય જીવો પણ મિથ્યાત્વી હોઈ શકે છે), મળ્યું હોય તેને સુદૃઢ બનાવવા પ્રયત્નશીલ રહેવું જોઇએ કેમકે જો સમકિત એકવાર પણ સ્પર્શી જાય તો શાસ્ત્રે એવું આશ્વાસન આપ્યું છે કે તે દ્વારા પરિત્તસંસારી થવાય એટલે કે અર્ધપુદ્ગલાવર્તથી થોડા પલ્યોપમ ન્યૂન સમયમાં મોક્ષ સુનિશ્ચિત બને છે.

ભરતાદિ ક્ષેત્રોમાં અત્યારે પાંચમો આરો ચાલી રહ્યો છે. તે પછી છઠ્ઠો આરો જે ૪૨૦૦૦ વર્ષનો હશે. તે પછી ઉત્સર્પિણીનો પ્રથમ તથા બીજો આરો પણ તેટલાં જ ૪૨૦૦૦ વર્ષનો હશે અને શાસ્ત્રાનુસાર તે દરમિયાન ધર્મ તો લગભગ શૂન્ય સ્થિતિએ પહોંચી જશે. સમાજનું કલુષિત કલંકિત ચિત્ર દોરવું મિથ્યા છે. જરા વળાંક લઈ આજના સમાજનું ચિત્ર જોઇએ. રાત્રિ ભોજન કરનારાં કેટલાં? સવારના પથારીમાં ચા પીનારા કેટલાં ? બ્રેડ, બટર, ચીઝ આરોગનારાં કેટલાં ? બટાકા વગેરે કંદમૂળ તથા ઈંડા, માંસ, મદિરા પીનારાં કેટલા ? આજના આપણા સમાજના નવજુવાનો આવાં છે ? તેમના વડીલો ભવાભિનંદી પુત્રના સંતાનો સાચવવાં પરદેશ રહે છે.

સૌ પ્રથમ આ ચાર ખતરનાક આરાઓ (બંને અવસર્પિણી અને ઉત્સર્પિણીના પાંચ-છ આરાઓ) મોક્ષ માટે ભલે આડે આવતાં હોય તો પણ શું આપણે મહાવિદેહ ક્ષેત્રમાં જ્યાં સદૈવ ચોથો આરો તથા ૨૦ વિહરમાન, વિદ્યમાન તીર્થંકરો વિચરે છે ત્યાં જવાનો માર્ગ શોધી તેનું આલંબન લેવું પડશે. તે માટે શક્તિ એકત્રિત કરી સુપુરુષાર્થ જ કરવો રહ્યો.

હવે જે કોઈ વ્યક્તિ સમાજની વિવિધ પરિસ્થિતિમાંથી બહાર આવવા માંગતી હોય તેણે આ પ્રમાણે કરવું રહ્યું. માની લઇએ કે આવી વ્યક્તિનો ભવ્યત્વનો પરિપાક થયો છે. એટલે કે માર્ગાનુસારી સ્થિતિ વટાવી ચરમપુદ્ગલપરાવર્ત કક્ષાએ આવી ગયા છીએ, એટલે કે પરિત્તસંસારી બન્યા છીએ. તે માટે નીચે જણાવેલી સ્થિતિ સંપાદિત કરી છે :-

જિન વચને અનુરક્તા જિનવચનં કરેં તિ ભાવેન ।
અમલા અસંક્લિષ્ટા ભવન્તિ પરિત્તસંસારી ।।

આ કક્ષાએ પહોંચ્યા પછી સંસાર તરફ વૈરાગ્યાદિ ગુણો મેળવી લીધાં છે. તદનુસાર હવે દરેકે દરેક ધાર્મિક વ્રત, નિયમ, તપ, સામાદિ થકી સમકિત જ મેળવવું છે તેવી રટણા હોવી જોઇએ; જેથી કીટ-ભ્રમર ન્યાયે સમકિત મળવાનું જ. સમકિત મેળવેલી વ્યક્તિ માટે મહાવિદેહ ક્ષેત્રમાં જવાનો માર્ગ મોકળો થશે. પરંતુ આપણે માની લીધું કે સમકિત મળી ગયું ? ના રે ના આ તો ભેંસ ભાગોળે અને છાશ છાગોળે. હજુ મળ્યું નથી તેમ માની દરેકે દરેક પ્રવૃત્તિ બને તેટલી વધુમાં વધુ શુભ અને ઓછામાં ઓછી અશુભ થવી જોઇએ. તેથી ચાર જ્ઞાનના ધારક અને

જેને માથે હાથ મૂકે તે કલ્યાણ પથનો વટેમાર્ગુ બને જ; તો પણ શ્રી ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમસ્વામીને વારંવાર કહ્યું છે કે તું પ્રમાદ ન કરીશ. આવી સ્થિતિ ગૌતમસ્વામીની હોય તો પછી સામાન્ય માનવીએ કેવી અને કેટલી તકેદારી રાખવી જોઇએ તેનો હિસાબ માંડી ન શકાય, આવી જાગૃકતા રાખવાથી આશ્રવ ઓછા રહે, સંવર તરફ જ નજર રહેતી હોવાથી નિર્જરા અને તે પણ દ્રવ્ય નિર્જરા નહીં પણ ભાવ નિર્જરા વધુમાં વધુ કરવી જ જોઇએ. આ રીતે પંથ કાપતા, અને આ બધું પૌદ્ગલિક સુખ મેળવવા માટે નહીં પરંતુ ભવાભિનંદીપણાને સલામ ભરી ડગ ભરતાં ભરતાં પુણ્યાનુબંધી પુણ્ય થકી મહાવિદેહ ક્ષેત્રગામી થવાનું ભાથું ભેગું થઈ શકે છે. આ ચાર આરામાં બીજું કંઈ ન થઈ શકે તો આ દિશામાં પ્રયત્નશીલ થવાનો વિચાર થવો તે કંઈ સામાન્ય વાત નથી.

પરંતુ ધર્મનું રહસ્ય, તેનો મર્મ અને ધર્મ અને કર્મનો ભેદ સમજી લેવો જોઇએ. આ બંને શબ્દોમાં છેલ્લો અક્ષર સમાન છે; પરંતુ એક મોક્ષ તરફ જવાનો રસ્તો છે જ્યારે બીજો શબ્દ સંસારમાં બંધ કરે તેમ છે. આત્મા જ્યારે જ્યારે રાગ-દ્વેષાદિ તથા કષાયોથી કાર્મણ વર્ગણા ખેંચી પોતાની સાથે ચોંટાડી દે છે ત્યારે તે કર્મ બને છે. આગળ જોયું તે પ્રમાણે દ્રવ્ય નિર્જરા થોડી ઘણી ક્રિયા કરતાં થતી રહે, પણ તે એટલી ઉપયોગી નથી. ભાવ નિર્જરા જ વધુ પ્રમાણમાં થવી જોઇએ.

ધર્મ એટલે માત્ર ક્રિયાકાંડ નહીં. તત્ત્વોનું જે શુદ્ધ સ્વરૂપ છે, જે જ્ઞાન છે. તેનું આચરણ, અમલીકરણ, ક્રિયાન્વિત કરવું એ ખરો ધર્મ છે. તેથી જ્ઞાનયોગમાં પદાર્થો જ્ઞાન સ્વરૂપે છે તે તે તત્ત્વોનું સમ્યગ્જ્ઞાન થઈ ગયા પછી તેનું જ આચરણ કરવું, તેને અમલમાં મૂકી સક્રિય બનાવવું એનું નામ ધર્મ છે. પદાર્થ સ્વરૂપ જ્ઞાનયોગમાં જે Theoretical રહ્યું છે તેને જીવનમાં ઉતારી Practical સ્વરૂપમાં આચરણ કરી ચરિતાર્થ કરવું તેને ધર્મ કહેવાય. તેથી ધર્મ અને દર્શન છૂટાં પડે છે. દર્શન એટલે તત્ત્વજ્ઞાન. જે દર્શન પદાર્થોનું દાર્શનિક સ્વરૂપ નક્કી કરે તે પ્રમાણે જ્ઞેયરૂપ જાણ્યા પછી તેનું જીવનમાં આચરણ કરવું; ઉપાદેય બનાવીને ચરિતાર્થ કરવાની પ્રક્રિયાને ધર્મ કહેવામાં આવે છે.

હવે ઉપર જણાવેલી વસ્તુ વિગતવાર તપાસીએ. કહે છે કે ઇરિયાવહી જો દરરોજ ૧૦૮ વાર ગણાય તો વિશિષ્ટ પ્રકારનું ભાથું બંધાય છે. કેમકે તે દ્વારા ૧૮૨૪૧૨૦ જીવ વિરાહનાએ (વિરાધનાથી) થતી જીવોની હિંસાથી બચવા, મુક્ત રહેવા, સમજણ આપી છે. બીજું લોગસનો કાયોત્સર્ગ તલ્લીન, તદાકાર થઈ કરાય તો ૧૯૬૩૨૬૭ પલ્યોપમનું આયુષ્ય બંધાય. પુણ્ય સંચિત થાય. કેવું અને કેટલું પુણ્યાનુબંધી પુણ્ય સંચિત થાય પણ તે વડ્ઢમાણીએ, મેહાએ, ધિઇએ, ધારણાએ, અણુપ્પેહાએ હોય તો તેટલું થાય, કેમકે શાસ્ત્રાકાર ભગવંતો જણાવે છે કે–૨૪૫૪૦૮ ૪/૯ પલ્યોપમનું આયુષ્ય ૧ શ્વાસોશ્વાસમાં બંધાય અને ૧૯૬૩૨૬૭ પલ્યોપમનું ૧ લોગસ્સમાં બંધાય.

નમન અથવા નમસ્કારનું અદ્વિતીય મહત્ત્વ છે. શ્રી ભગવતી સૂત્ર તથા અન્યત્ર પણ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ ફરમાવ્યું છે કે નમન કે વંદનથી ઘણો મોટો ફાયદો થાય છે. સંસારપરિત્ત થવામાં તે મદદ કરે છે. અશુભ વિચાર તથા પ્રવૃત્તિઓ મર્યાદિત કે નહિવત્ થવાથી કહ્યું છે કે-'મન:એવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયો:' ચરિતાર્થ થતાં મન એકાગ્ર થવામાં તથા ધ્યાન ધરવામાં સાહાય્યક થતું જાય છે. રાઈ પ્રતિક્રમણના જગ ચિંતામણિ ચૈત્ય વંદનની ત્રીજી તથા પાંચ સુધીની ગાથામાં ત્રણે લોકના ચૈત્યોને વંદન કરાય છે જેની સંખ્યા પંદર અબજની બતાવી છે. વળી 'ઈહ સંતો તત્થ સંતાઈ' જણાવે છે કે અહીં રહીને ત્યાંના તીર્થોના વંદનનો લાભ લઈ શકાય છે. વળી આજ પ્રતિક્રમણમાં સકલ તીર્થ વંદુ કર જોડમાં (તીર્થ વંદનામાં) અઢી દ્વીપના સમગ્ર તીર્થો તથા અઢાર સહસ્ર શીલાંગના ધારક મુનિવરોને પણ વંદના કરી છે. અહીં રહીને પણ ભાવ ગર્ભિત ભક્તિ અસાધારણ ફળ આપી દે તેમ છે. તીર્થવંદનામાં ગણાવેલી પ્રતિમાઓ ૧,૫૨,૯૪,૪૪૭૬૦ છે.

વળી વંદિત્તા સૂત્રની ૩૬ થી ૪૦ પાંચ ગાથાઓ તે વંદિત્તા સૂત્રનું કેન્દ્રિય તત્ત્વ પ્રતિપાદિત કરે છે, તેનું અનુશીલન, મનન તથા અનુપ્રેક્ષાદિ જીવને ઊંચે ચઢવામાં મદદગાર થાય તેમ છે. 'સમ્મદિઠી જીવો' થી 'ઓહરિઅ ભરૂવ્વભારવહો' ગાથાઓમાં ઉન્મુખીકરણ કરે તેવું તત્ત્વ ભરેલું છે.

અસ્તાચલ તરફ ગતિ કરી રહેલો સૂર્ય બે વાત આપણને જણાવે છે.

૧. ઉદેતિ સવિતા રક્ત:રક્ત: અસ્તમેતિચ;
સંપત્તો ચ વિપત્તૌ ચ મહતામેકરૂપતા.

સૂર્ય આપણને ઉદય તથા અસ્ત સ્થિતિ દ્વારા સમતાનો પદાર્થપાઠ શીખવે છે.

વળી બીજું આમ સૂચવે છે :-

ઉત્થાય ઉત્થાય બોદ્ધવ્યં કિંમે સુકૃતં કૃતમ્ ।
આયુષ: ખંડમાદાય રવિરસ્તમિતં ગત: ।।

પ્રત્યેક દિને ઊઠ્યા પછી સમજવા કોશિષ કરવી કે મેં શું અને કેટલું સુકૃત કર્યું; કારણ કે જિંદગીનો એક મહત્ત્વનો દિવસ અસ્ત થયો, પૂરો થઈ ગયો. વળી રાત્રે આ પ્રમાણે ઉહાપોહ કરવો.

પ્રત્યેક દિન પૂરો કરી સૂતી વખતે આ પ્રમાણેની અનુપ્રેક્ષા કરવી કે ૧૪ રાજલોકની સાથેના સ્પષ્ટ કે અસ્પષ્ટ સંબંધમાંથી મુક્ત થવાય તે માટે વોસરાવી દેવું જોઇએ જે આમ છે :

'જ્ઞાન મારું ઓશિકું ને શિયલ મારો સંથારો
ભર નિદ્રામાં કાલ કરું તો વોસિરામિ વોસિરામિ.
વળી,
આહાર, શરીર ને ઉપધિ, પચ્ચકખું પાપ અઢાર;
મરણ પામું તો વોસિરું જીવું તો આગાર.'

એટલા માટે આપણે દરેક શુભ પ્રવૃત્તિ, વ્રત-નિયમ, તપ, ધ્યાન, ક્રિયાકાંડ, અનુષ્ઠાનો વગેરે શુભ ભાવે કરતાં કરતાં સમ્યકત્વ પ્રાપ્ત કરવાનું જ લક્ષ રાખવાનું છે. આ બધું માત્ર સમ્યકત્વ પ્રાપ્તિ માટે જ છે તેથી જો ૨ ઘડી=૪૮ મિનિટના કાળ માટે સાચી શ્રદ્ધારૂપ સમ્યકત્વ પ્રાપ્ત થયું હોય ત્યારે તે ભવ્યાત્માનો સંસાર માત્ર અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલો જ અવશિષ્ટ રહે છે. શાસ્ત્ર તે માટે જણાવે છે કે:-

અન્તોમુહુત્ત મિત્તં પિફાસિયં હુન્ન જેહિં સમ્મત્તં ।
તેસિં એવડઢ પુગ્ગલ પરિયટ્ટો ચેવ સંસારો ।। (નવતત્ત્વ ૫૩)

તેથી હવે સમ્યકિતી ભવ્યાત્માનો અર્ધપુદ્ગલાકાર આવર્ત કાળ જેટલો સંસાર અવૃશિષ્ટ રહ્યો છે. એક પૂર્વવલય વર્તુલાકાર આવર્ત તેને એક પુદ્ગલ-પરાવર્તકાળ કહે છે. ચરમાવર્તમાં આવ્યા પછી સુકૃતપરિવર્તનમાં જીવ ધીરે ધીરે સમગ્ર કાળ જે બાકી છે તેમાંથી ક્રોડાક્રોડ સાગરોપમમાંથી એક પલ્યોપમથી સહેજ ન્યૂન એટલો ગાળો ઓછો કરી માર્ગાનુસારી હોઈ તે કાળે અનંતપુદ્ગલાવર્તકાળથી સાવ ઓછો છે. ભલે ને તે દરમ્યાન અસંખ્ય ભવો થઈ જાય ! કેમકે, મિથ્યાત્વના અનંત કાળની સરખાણીમાં તે ઘણો ઓછો અલ્પ સમય છે. સમુદ્ર ઓળંગી હવે કિનારે જ પહોંચવું રહ્યું ને ? સમ્યકત્વ પામતાંની સાથે જ જીવનો મોક્ષ નક્કી થઈ જાય છે. સમ્યકત્વની પ્રાપ્તિ એટલે મોક્ષના નિર્ણય વિષે શંકાને સ્થાન ન રહે. મોક્ષ પ્રાપ્ત થશે જ તે તેની નિશાની છે. (ક્રમશ:)

# મંગલ ભારતી

□ મથુરાદાસ ટાંક

દર વર્ષે પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘ તરફથી આદિવાસી કે પછાત વિસ્તારમાં લોકસેવાનું કામ કરતી કોઈ એક સંસ્થાને આર્થિક સહયોગ આપવા માટે શ્રોતાઓ-દાતાઓને અપીલ કરવામાં આવે છે. એથી દાતાઓ તરફથી સારો સહયોગ સાંપડે છે. છેલ્લાં પંદર વર્ષથી આ રીતે સંઘે વિવિધ સંસ્થાઓને આર્થિક સહયોગ આપ્યો છે.

આ વર્ષે પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળા દરમિયાન 'મંગલ ભારતી' નામની સંસ્થાને આર્થિક સહાય કરવા માટે ફંડ એકત્રિત કરવું એમ સંઘની કાર્યવાહક સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે.

'મંગલ ભારતી' નામની આ સંસ્થા વડોદરાથી ડભોઈ-બોડેલીના હાઈવે ઉપર વડોદરાથી ૪૫ કી.મી.ના અંતરે કરીતલાવડી અને ગોલાગામડી ચોકડી વચ્ચે આવેલી છે.

સંઘની પ્રણાલિકા અનુસાર જે સંસ્થાને આર્થિક સહયોગ આપવાનો હોય તે સંસ્થાની રૂબરૂ મુલાકાત હોદ્દેદારો અને સમિતિના કેટલાક સભ્યો પહેલા લે છે અને એમને સંતોષકારક લાગે તો જ તેની ભલામણ કાર્યવાહક સમિતિમાં કરવામાં આવે છે. એ મુજબ સમિતિના કેટલાક સભ્યો લક્ષ્મણી તીર્થ જતાં 'મંગલ ભારતી'માં એક દિવસ રોકાયા હતા. ત્યાર પછી યોગાનુયોગ 'મંગલ ભારતી'માં સંઘ તરફથી એક નેત્રયજ્ઞ ડૉ. રમણીકલાલ દોશી (દોશી કાકા)-શિખોદરા હસ્તક ગોઠવવામાં આવ્યો હતો. તે પ્રસંગે સંઘના સભ્યો સર્વશ્રી ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ, શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, નીરૂબહેન સુબોધભાઈ શાહ, ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી, રમણીકલાલ ભોગીલાલ શાહ વગેરેએ મુલાકાત લીધી હતી. મને પણ ત્યારે સાથે જવાની તક મળી હતી. આ સંસ્થાની ભલામણ શિખોદરાના ડૉ. રમણીકલાલ દોશી (દોશી કાકા)એ કરેલી હતી. એમણે સંસ્થાની મુલાકાત માટે વ્યવસ્થા કરી આપી હતી.

'મંગલ ભારતી'ના મુખ્ય સૂત્રધાર શ્રી નવનીતભાઈ રમણલાલ શાહ અને એમના સહકાર્યકરોએ અમારું બધાનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. શ્રી નવનીતભાઈએ સંસ્થાની કેવા સંજોગોમાં સ્થાપના થઈ તેની તથા સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. અમે બધાં ત્યાં રાત રોકાયા હતાં. ત્યારપછી બીજે દિવસે સવારે 'મંગલ ભારતી'ના વિશાળ સંકુલની મુલાકાતે ગયા. એમનો કર્મચારીગણ ખરેખર ખૂબ ઉત્સાહી અને સદા મદદ કરવા તત્પર રહેતો. અમને 'મંગલ ભારતી'ની બધી પ્રવૃત્તિઓ સમજાવી સંકુલના દરેક વિભાગ બતાવ્યાં.

'મંગલ ભારતી'ના શ્રી નવનીતભાઈને શિક્ષણ અને કૃષિ વ્યવસાય પ્રત્યે તથા સમાજસેવાનાં કાર્યોમાં ખૂબ રુચિ છે. એમના પોતાના જ શબ્દો છે : ત્રીસ વરસ પહેલાંની વાત છે. રાજકોટ યુનિવર્સિટીમાં અનુસ્નાતક (એમ.એ.)ના વર્ગોમાં અધ્યાપન કાર્ય કરતો હતો. એમ.એ. નો એક વિદ્યાર્થી રસ્તામાં મળ્યો. મેં પૂછ્યું: 'શુ કરો છો', જવાબ મળ્યો, 'સાહેબ નોકરી શોધું છું.' ફરીથી એક વખત એ જ વિદ્યાર્થી મળ્યો ત્યારે પણ આ જ જવાબ મળ્યો. આ જ સ્થિતિ સમગ્ર દેશના વિદ્યાર્થી-જગતની છે. આ બધા વિદ્યાર્થીઓ એમ.એ. ન થતાં કૃષિ વિદ્યાલયમાં સ્નાતક થાય તો તેઓ ખેતી માટે મદદરૂપ થાય એવું નવનીતભાઈને લાગ્યું. ભારત ખેતીપ્રધાન દેશ છે. આ ભણેલા બેકાર વિદ્યાર્થીઓ માટે કંઈક કરવું જોઈએ એવો એમણે સંકલ્પ કર્યો અને એ રીતે 'મંગલ ભારતી'નો મંગળ પ્રારંભ ૧૯૭૨માં પૂ. શ્રી રવિશંકર મહારાજના મંગળ પ્રવચન અને આશીર્વાદથી થયો.

'મંગલ ભારતી'નો પ્રારંભનો દશકો અતિશય ખરાબ પરિસ્થિતિવાળો હતો. શરૂઆતમાં ઘાસનાં ઝૂપડાંઓ બાંધી વિદ્યાર્થીઓ રહેતા. ૧૯૭૨માં ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રીમન્ નારાયણ (ગાંધી દરબારના એક રત્ન)ને ભારતીય રાષ્ટ્રીય શિક્ષણનું ઊંડુ જ્ઞાન હતું. તેઓની સાથે કેટલીક બેઠકો થઈ. એમને 'મંગલ ભારતી'માં રસ પડ્યો અને તેઓશ્રીના પ્રયાસથી સંસ્થાને ગુજરાત સરકારની માન્યતા મળી. એટલે ગુજરાત સરકાર તરફથી ગોલાગામડી-માંજરોલ વચ્ચેની કુલ ૧૫૦ એકર જમીન ફક્ત વાર્ષિક ૧ રૂપિયાના ભાડાથી ૨૦ વર્ષ માટે આપવામાં આવી અને હવે બીજા ૩૦ વરસ માટે રિન્યુ કરી આપી છે. ત્યારે આ વગડાઉ ખાડા-ટેકરાવાળી જમીન ઝાડઝાંખરા તથા જંગલી પશુઓથી ભરેલી હતી. જમીન સમથલ કરવા માટે નાણાંની ઘણી જરૂર હતી. એ વખતે પૂ. શ્રી બબલભાઈ મહેતા (સર્વોદય અગ્રણી)ની મોટી હુંફ મળી. એમના દ્વારા મદદ એને માર્ગદર્શન મળવાથી 'મંગલ ભારતી'ને ટકાવી શકાયું. આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈ સંસ્થાની કામગીરીથી માહિતગાર હતાં. એમણે તે સમયે સયાજીરાવ ટ્રસ્ટ તરફથી 'મંગલ ભારતી'ને રૂપિયા દોઢ લાખની સહાય કરાવી આપી, જે તે વખતે બહુ મૂલ્યવાન નીવડી. ત્યારપછી આદિવાસી વિકાસ યોજનાના વહીવટદારે પણ સંસ્થાને માટે રૂપિયા દોઢ લાખ મંજૂર કર્યા. એમાંથી ત્રણ સાદા છાત્રાલયો તૈયાર થયાં. આમ એક જ કેમ્પસમાં ઉત્તરોત્તર વિકાસ થતો ગયો.

'મંગલ ભારતી'ની હાલની વિવિધ પ્રવૃત્તિઓ આ પ્રમાણે છે : (૧) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, (૨) કૃષિ મહાવિદ્યાલયની કૃષિ પ્રયોગશાળા છે. (૩) ગોપાલન-ગૌ સંવર્ધન પ્રવૃત્તિ, (૪) બાળ-મહિલા વિકાસ પ્રવૃત્તિ જેવી કે આંગણવાડી, ઘોડીયા ઘર, મહિલા સંગઠન, જાગૃતિ શિબિર, સ્વરોજગારી માટે માર્ગદર્શન, વૈદકીય સારવાર વગેરે. (૫) આરોગ્યધામ માટે વિશાળ જમીન ખરીદી તેમાં દવાખાનું, એમ્બ્યુલન્સ સેવા, અંધત્વ નિવારણ ક્ષેત્રે પ્રવૃત્તિ, ચશ્મા શિબિર, નેત્રયજ્ઞો વગેરે. (૬) આંખની અદ્યતન હૉસ્પિટલની સ્થાપના માટે સરકાર પાસેથી ગ્રાંટ મંજૂર થઈ છે. (૭) ભારત સરકાર તરફથી વડોદરા જિલ્લામાં 'મંગલ ભારતી' સંસ્થાને પસંદ કરી 'કૃષિ વિજ્ઞાન કેન્દ્ર' આપ્યું છે. (૮) વર્લ્ડ બેંક તરફથી 'વોટર શેડ' માટે આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે. (૯) વૃદ્ધો-પ્રૌઢો માટે 'વાનપ્રસ્થાશ્રમ' તથા પ્રવૃત્તિશીલ વ્યક્તિઓને સમય ગાળવા એક 'વિશ્રાંતિ સ્થાન'ની વિવિધ પ્રકારની સગવડતા ધરાવતા વિશ્રામ સ્થાનનું આયોજન થઈ રહ્યું છે.

આમ, 'મંગલ ભારતી'ના મંગળ પ્રારંભ થયા પછી એનું સદ્ભાગ્ય રહ્યું કે આજ સુધી ગુજરાત રાજ્યના રાજ્યપાલ તેમ જ મુખ્ય મંત્રીઓ, ભારત સરકારના કૃષિ મંત્રીઓ, સચિવો, કલેક્ટરો અને જિલ્લા પંચાયતના પ્રમુખોએ મુલાકાત લીધી છે. સંતો અને આચાર્યોએ આ ભૂમિ પાવન કરી છે. વિદ્વાન કેળવણીકારો, લેખકો, જાણીતા દાનવીરોએ મુલાકાત લીધી છે. જૈન સંતો, પૂ. મહારાજશ્રી તથા મહાસતીઓ ડભોઈથી બોડેલી વિહાર કરતાં અહીં રાત્રિ મુકામ માટે પધારે છે ત્યારે સંસ્થામાં એમનાં વ્યાખ્યાનનું આયોજન થાય છે.

'મંગલ ભારતી'માં પછાત વિસ્તારમાંથી અભ્યાસ કરવા આવેલા કોઈપણ વિદ્યાર્થી પાસેથી રહેવા-જમવાની કે અભ્યાસ કરવાની ફી લેવામાં આવતી નથી.

ગુજરાત રાજ્ય તરફથી નર્મદા સંકલિત ગ્રામ્ય અને પર્યાવરણ વિકાસ સોસાયટી સરદાર સરોવર નિગમ લિ.ના ટ્રસ્ટી મંડળમાં શ્રી નવનીતભાઈ શાહની કો-ઓપ્ટ સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે અને તા. ૨૪-૩-૦૩ના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને ગુજરાત વિધાનસભા, ગાંધીનગરમાં બેઠક મળી હતી, જેમાં નર્મદાગ્રસ્ત પરિવારોને પુન :વસન અને વિસ્થાપિત કરવા માટેની કામગીરી તેમને સોંપવામાં આવી છે.

આમ, 'મંગલ ભારતી' સંસ્થાએ શ્રી નવનીતભાઈ શાહના નેતૃત્વ હેઠળ છેલ્લાં ત્રીસ વર્ષમાં ઘણું સારું લોકોપયોગી કાર્ય કર્યું છે. આથી જ સંઘે 'મંગલ ભારતી'ને આર્થિક સહાય પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન કરવાનું ઠરાવ્યું છે.

# સાધુનો વ્યવહાર અને શ્રાવકનું કર્તવ્ય

□ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

સમગ્ર વિશ્વમાં જૈન શ્રમણ-સમુદાયની તોલ કોઈ ન આવે. પંચ મહાવ્રતધારી સાધુસાધ્વીઓનાં ત્યાગ, વૈરાગ્ય, તપશ્ચર્યા, જ્ઞાન-ધ્યાનની સાધના, ઉપસર્ગ-પરિષદમાં સમત્વ, નિસ્પૃહતા, નિરીહતા, આત્મરમણતા અને માત્ર મોક્ષાભિલાષાનો વિચાર ઈત્યાદિ અનેક સદ્‌ગુણોને સંભારીએ તો એમના ચરણમાં મસ્તક નમી પડે છે.

આમ છતાં જેમ પ્રત્યેક ધર્મમાં વખતોવખત શિથિલતા આવે છે તેમ જૈન ધર્મમાં પણ આવે છે અને ક્રિયોદ્ધાર થતા રહે છે. વર્તમાન સમયમાં કેટલીક આવી બાબતો નજરે ચડતાં એ અંગે થોડું ચિંતન કરવાનું પ્રાપ્ત થયું છે તે અહીં રજૂ કરવા ઈચ્છું છું. આ માટે મારો એટલો અધિકાર નથી એ મારી મર્યાદા હું સમજું છું. પરંતુ જે કંઈ અહીં લખ્યું છે તે અઢી હજાર વર્ષથી ચાલ્યા આવતા ભગવાન મહાવીર સ્વામીના શાસનના હિતને લક્ષમાં રાખીને લખ્યું છે.

**દીક્ષાર્થી અને દીક્ષા**

(ક) **દીક્ષાર્થીના ગુણ**–જેમ શાસ્ત્રોમાં સાધુ મહારાજના ૨૭ ગુણ, શ્રાવકના ૨૧ કે ૩૫ ગુણોનું વર્ણન આવે છે, તેવી રીતે સમદર્શી આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે દીક્ષાર્થીના ૧૬ ગુણ બતાવ્યા છે. અર્થાત્ દીક્ષાર્થી ખાનદાન હોય, પ્રસન્ન સ્વભાવનો હોય, વિનયી, વિવેકી, મિતભાષી, મૃદુભાષી, જ્ઞાન-ધ્યાનમાં રુચિવાળો, દીક્ષા પ્રાપ્ત કરવાની સાચી ભાવનાવાળો, સાચો વૈરાગી, ત્યાગી, તપસ્વી, સંતોષી, સહનશીલ સત્યવાદી, સરળ, ભદ્ર-સ્વાભાવિક, ગુરુ પ્રત્યે સમર્પિત બુદ્ધિવાળો, સુંદર સૌમ્ય સુદૃઢ શરીરવાળો વગેરે ઘણાં સુંદર લક્ષણો એમણે બતાવ્યાં છે. વર્તમાન સમયમાં દીક્ષાર્થીનું ઓછામાં ઓછું ૧૦મા ધોરણ સુધીનું વ્યાવહારિક શિક્ષણ અને યોગ્ય ઉંમર હોવાં જરૂરી છે. એવા મોક્ષની ઇચ્છાવાળા યોગ્ય પાત્રને જ દીક્ષા આપવી જોઇએ.

(ખ) **વૈરાગી અવસ્થા**–પાંચ વર્ષ સુધી તેમને ગુરુજીના સાનિધ્યમાં રહીને અધ્યયન-અધ્યાપન કરાવવામાં આવે. સાધુજીવનનો તેમને અભ્યાસ કરાવવામાં આવે. મુમુક્ષુ જ્યાં સુધી દીક્ષા ન લે ત્યાં સુધી તેનો નિભાવ યથાસંભવ તેમનાં માબાપ કરે. જ્યારે શ્રાવકોના ઘરે ભોજન માટે જાય, જમવા જાય ત્યારે ફક્ત ભોજન સિવાય શ્રાવકો તરફથી આપવામાં આવતી વસ્તુ, કપડાં અથવા રૂપિયાને બિલકુલ સ્પર્શે નહીં. ભાવસાધુએ પણ સાધુ મહારાજની જેમ નિરપેક્ષવૃત્તિ રાખવી જોઇએ. પોતાનાં મા-બાપને છોડી સંબંધીઓ, કુટુંબીઓ અથવા શ્રાવક-શ્રાવિકાઓ તરફથી મળતી કોઇપણ ચીજનો તેઓ સ્વીકાર ન કરે. આનાથી ગૌરવ તથા શ્રદ્ધા વધશે. પાંચ વર્ષનું પચ્ચક્ખાણ આ હેતુ માટે કરાવી દેવું જોઇએ. કેટલીક વાર વૈરાગી અને વૈરાગીનિઓને ધનમાલ એકઠો કરવાનું માધ્યમ બનાવવામાં આવે છે. મોહક વસ્તુઓ ભેટ તરીકે મળે એથી વૈરાગીનું મન આસક્ત બની જવાનો સંભવ છે. આ અશ્રદ્ધાનું કારણ બની જાય છે. આ મનોવૃત્તિને તરત બંધ કરી દેવી જોઇએ.

(ગ) **અયોગ્ય દીક્ષાઓ**–આજકાલ તો શિષ્ય-શિષ્યાઓનો એવો મોહ જાગ્યો છે કે જે હાથમાં આવે યથાસંભવ તેને મૂંડી નાખવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. દીક્ષા લેવાની શુદ્ધ ભાવના છે કે નહિ, પરિસ્થિતિ કેવી છે, કુળ કેવું છે, વૃત્તિઓ કેવી છે, ભણતર છે કે નહીં, વિવેક છે કે નહીં, આ બાબતોનો અભ્યાસ કરવો જરૂરી છે. અનેક વાર તો પ્રલોભન અને પૈસા આપીને અથવા તેમનાં માતાપિતાનાં ઘર ભરીને શિષ્ય-શિષ્યાઓ ખરીદી લેવામાં આવે છે અથવા કામચલાઉ ધોરણે દીક્ષા અપાય છે. આજે સંઘ અને સમાજ સમક્ષ સાધુ અને સાધ્વી સમુદાયની જે નિંદાપાત્ર આચાર શિથિલતાઓ જોવામાં આવે છે તે ઘણું કરીને આવી અયોગ્ય દીક્ષાઓ, અનુશાસન હીનતાનાં જ દુષ્પરિણામો છે. જો આ પ્રવાહ એ રીતે જ ચાલતો રહ્યો અથવા એને અટકાવવામાં ન આવે તો સાધુસંસ્થાની ગરિમા હણાશે અને લોકોનો પૂજ્યભાવ ઘટશે.

(ઘ) **પ્રતિજ્ઞાપત્ર**–દીક્ષા લેતી વખતે મુમુક્ષુ સાધુ અથવા સાધ્વી પાસે પોતાના હસ્તાક્ષરમાં લેખિત પ્રતિજ્ઞાપત્ર લેવામાં આવે કે તે ગુરુ અથવા ગચ્છનાયકની આજ્ઞા તથા સાધુના આચરણ-નિયમોનું હંમેશાં પાલન કરશે તથા તેનો અનાદર થયેથી ગુરુની આજ્ઞાથી શ્રીસંઘ આવાં સાધુ-સાધ્વીઓને યથોચિત દંડ કરે અથવા સંઘથી અલગ કરી શકે છે.

**સ્વાધ્યાય-વિધિ**

પૂજ્ય ગુરુ મહારાજની દેખરેખ હેઠળ પ્રત્યેક સાધુ અથવા સાધ્વીજી મહારાજ હંમેશાં પોતાનાં જ્ઞાન, ધ્યાન તથા સ્વાધ્યાયમાં અનુરક્ત રહે તથા પંચાતથી છેટાં રહે. જૈન ધર્મ, દર્શન, ઇતિહાસનો ગંભીરતાપૂર્વક અભ્યાસ કરીને શાસનમાં ઊંચામાં ઊંચા આચાર-વિચારનિષ્ઠ સાધુ અને સાધ્વી તૈયાર કરે જેનાથી શાસનનું ગૌરવ વધે. રોગી અવસ્થાને બાદ કરતાં સાધુ અથવા સાધ્વીજી દિવસ દરમ્યાન પ્રમાદ ન કરે.

**ગોચરી**

(ક) **ગોચરી પ્રાપ્ત કરવાની વિધિ**–મર્યાદા પ્રમાણે સાધુ અથવા સાધ્વી જાતે પોતાનાં પાત્રો લઇને શ્રાવકોના ઘરેથી ગોચરી પ્રાપ્ત કરે. ઉપાશ્રયોમાં ટિફિનમાં ન તો ગોચરી આપવામાં આવે, ન લેવામાં આવે. વિહાર દરમ્યાન જો પ્રાપ્ત થઈ શકે તો યથાસંભવ રસ્તામાં આવતાં ગામોમાંથી જ ગોચરી લેવી જોઇએ. બીજા ગામમાંથી મંગાવવી જોઇએ નહિ. આ નિયમમાં સાધુવર્ગ તથા શ્રાવક વર્ગ બંને દૃઢસંકલ્પવાળા બને. નવદીક્ષિત યુવાસાધુ અથવા સાધ્વીને આહાર માટે ઓછામાં ઓછાં પાંચસાત વર્ષ સુધી એકલાં મોકલવાં ન જોઇએ.

(ખ) **ગોચરી કરવાનો વિધિ**–સાધુજી પોતાના સાધુસમુદાયની સાથે સમૂહમાં માંડલીમાં બેસીને ગોચરી કરે. અપવાદને છોડીને સાધુ અથવા સાધ્વી ક્યારેય પણ એકલાં બેસીને ગોચરી ન કરે. ગુરુ મહારાજને બતાવીને ગોચરી કરવાનો જે શાસ્ત્રીય વિધિ છે, તેનું દૃઢતાપૂર્વક પાલન થવું જોઇએ. સાધુ તથા સાધ્વીએ ભેગાં જ એક જગ્યા પર બેસીને ગોચરી કરવી નહીં.

(ગ) **વર્જિત પદાર્થ**–સાધુએ સ્વાસ્થ્યપ્રદ સાદો ખોરાક જ લેવો જોઇએ. તે માટે બજારની ખાદ્ય વસ્તુઓ તથા પીવાનાં પીણાં જેવાં કે કોકાકોલા, પેપ્સી, ફ્રૂટી, ચોકલેટ, પિપરમેંટ, આઇસ્કીમ વગેરે પદાર્થો વર્જિત છે. ચોકલેટ, ગોળીઓ, બિસ્કિટ, વગેરે પેકિંગવાળા ડબા અથવા પરબીડિયાં સાધુ અથવા સાધ્વીએ પોતાની પાસે રાખવાં નહીં તેમ જ ન તો બાળકોને તેની લાલચ આપીને તેમના સ્વાસ્થ્યને તથા વૃત્તિઓને બગાડે તથા ખાવાની કોઇપણ વસ્તુ ન તો પોતાની પાસે

રાખે, ન બાળકોને આપે.

**જીવનોપયોગી આવશ્યક વસ્તુઓની ભિક્ષા**

(ક) **સર્વોત્તમ સાધુજી દ્વારા અનુમતિ**–કોઇપણ નાના સાધુ અથવા સાધ્વી તથા શિષ્ય અથવા શિષ્યાને જીવનોપયોગી કોઇપણ વસ્તુની જરૂર હોય, તે પોતાના મોટા ગુરુજીને અથવા ગુરુભાઇને કહે, તેમની પાસે માગણી કરે, નહિ કે સ્વતંત્ર પોતાની મરજીથી હરકોઈ શ્રાવક શ્રાવિકા પાસે માંગતા ફરે. સમુદાયના મોટા મહારાજ જ જીવનયાપનની આવશ્યક વસ્તુઓ શ્રાવકો પાસેથી મેળવે. અને શ્રાવકોએ પણ એ ધ્યાન રાખવું કે ફક્ત મોટા ગુરુ મહારાજને જ પૂછીને વસ્તુ લાવવી. નાનાં નાનાં દરેક સાધુ અથવા સાધ્વીજીને અલગ અલગ ન પૂછવું. આ પ્રણાલી અથવા પદ્ધતિથી સમુદાયમાં અનુશાસનહીનતા નષ્ટ થશે અને અનુશાસનબદ્ધતાનો ગુણ વિકાસ પામશે. કેટલીક વખત એક જ વસ્તુ ઘણા સ્રોતોમાંથી લેવામાં આવે છે જે સર્વથા અનુચિત છે.

(ક) **કામળી લેવડાવવી**–પદ, પ્રતિષ્ઠા, તપ, તપશ્ચર્યા વગેરે પ્રસંગો પર ફક્ત આચાર્ય મહારાજને જ શ્રી સંઘ તરફથી ફક્ત એક કામળી વહોરાવવામાં આવે. કોઇપણ શ્રાવક શ્રાવિકા તરફથી બીજી કોઇપણ કામળી વગેરે લેવડાવવું તે સર્વથા બંધ કરવું. જ્યારે પણ જરૂર પડે ત્યારે શ્રી સંઘ હંમેશ-હંમેશ સાધુ અથવા સાધ્વીની જરૂરિયાત પૂરી કરે છે.

(ખ) **કામળીઓનો સાધુ અથવા સાધ્વીઓની વચ્ચે પરસ્પર વ્યવહાર**–આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તક વગેરે પદ-વર્ષીતપ અથવા કોઇપણ મોટી તપશ્ચર્યા વગેરે અનેક પ્રસંગોએ સાધુ અથવા સાધ્વીજી મહારાજોમાં પરસ્પર જે કામળીઓની આપ-લે થાય છે તે હંમેશાં બંધ કરવું જોઇએ. વિરક્ત જીવનમાં એની શું જરૂરત છે ? આજે કેટલાક વિચારશીલ સદ્‌ગૃહસ્થ પણ એનાથી દૂર રહે છે.

**વૈયાવચ્ચ, રોગ નિદાન-ઉપચાર-સેવા**

(ક) **ચિકિત્સા**–બીમારીમાં ઉચિત ઇલાજ, સારવાર માટે દાક્તરને બોલાવવો, દવા લાવીને આપવી, વધારે જરૂર પડે તો દવાખાને લઈ જવાનો પણ પ્રબંધ કરવાની શ્રી સંઘની જવાબદારી બની રહે છે. દવા માટે સાધુ અથવા સાધ્વી મહારાજને રોકડા પૈસા કોઈ શ્રાવક-શ્રાવિકાએ આપવા નહીં. તેઓ તો કંચનના ત્યાગી છે. સાધુ અથવા સાધ્વી જો પૈસા માંગે તો શ્રાવકે જાગ્રત રહેવું. કોઈ શ્રાવક-શ્રાવિકા પૈસાને પોતા પાસે પુસ્તકની અંદર અથવા કબાટ અથવા ઝોળીમાં પણ રાખીને ક્યારેય ન આવે. સાધુ તથા સાધ્વીજીને વિનમ્ર ભાવથી સ્પષ્ટ, સાધુમર્યાદાનો ખ્યાલ આપે. આવી શિથિલતાઓને કોઇપણ શ્રાવક-શ્રાવિકા પોષે નહિ. અન્યથા શ્રમણ મંડળ તરફનો ભક્તિભાવ તથા શ્રદ્ધા ધીરે ધીરે ક્ષીણ થતાં જશે. જૈન ધર્મને જો ટકાવવો હોય તો શ્રાવકે પોતે પણ દૃઢ તથા કર્તવ્યપરાયણ બનવું પડશે.

(ખ) **શુશ્રૂષા**–રોગી અથવા વૃદ્ધ સાધુ અથવા સાધ્વીની સેવાચાકરી, બને ત્યાં સુધી સાધુ અથવા સાધ્વી જાતે જ કરે.

**સ્થિરનિવાસ, રાત્રિશયન અને નિત્યકર્મ**

સાધુવર્ગ તથા સાધ્વીવર્ગ જુદાં-જુદાં ઉપાશ્રયો અથવા ભવનોમાં સ્થિર થાય. એક જ ઉપાશ્રય અથવા ભવનમાં કદાપિ નહીં. પૂ. ગુરુ મહારાજની નિશ્રામાં રાત્રે સાધુ પોતાના સાધુ સમુદાયની સાથે શયન કરે. ભણાવું-ભણાવવું, સ્વાધ્યાય કરવો હોય તે સિવાય તેમને જુદા ઓરડા આપવા નહીં જોઇએ. આ રીતે સાધ્વીઓને પણ અલગ-અલગ ઓરડા આપવા નહીં. સાધુ અથવા સાધ્વી રાત્રે જલદી સૂઈ જાય, સવારમાં વહેલાં ઊઠે. રાત્રિ દરમ્યાન થનાર સમારંભમાં તેઓએ જવું જોઇએ નહીં. વહેલી સવારે ઊઠીને નિત્યકર્મ અવશ્ય પૂરું કરે. તેઓ વિહારમાં હોય ત્યારે પણ તેમ કરે.

**સાધુ અથવા સાધ્વી મહારાજને મળવાના નિયમો તથા સંપર્ક-વિધિ**

(ક) **એકલાને મળવાની મનાઈ**–ધર્મના કાર્ય માટે પણ સાધુ કોઈ સાધ્વી અથવા શ્રાવિકા સાથે તથા સાધ્વી કોઈ સાધુ અથવા શ્રાવક સાથે એકલાં બંધ ઓરડામાં ન બેસે.

(ખ) **સૂર્યાસ્ત પછી મુલાકાતની મનાઈ**–સાધુ મહારાજ રાત્રે બહેનો સાથે તથા સાધ્વીજી મ. રાત્રે ભાઇઓ સાથે ન મળે એ શાસ્ત્રીય સુંદર પ્રથાનું દૃઢપણે પાલન કરે.

(ગ) **ફોન વગેરેના ઉપયોગની મનાઈ**–સાધુ અથવા સાધ્વીજી મહારાજ પોતે ફોનનો ઉપયોગ ન કરે. જો કોઈ જરૂરી કામ હોય તો શ્રાવક-શ્રાવિકા મારફત ફોન કરાવી શકે છે. ધાર્મિક પ્રસંગોનાં દૃશ્યો માટે પણ ટી.વી. વીડિયો વગેરે જોવાં ન જોઈએ.

**વિહારચર્યા**

(ક) **રાત્રિવિહાર નિષેધ**–સૂર્યાસ્ત પછી રાત્રિના અંધારામાં નવ-દશ વાગ્યા સુધી કોઇપણ સાધુ અથવા સાધ્વી વિહારચર્યા ચલાવે નહીં, અપવાદને બાદ કરતાં.

(ખ) **સાધુ સાધ્વીના ભેગા વિહારનો નિષેધ**–સાધુ-સાધ્વી મહારાજનો ભેગો અને સાથે સાથે વિહાર અનુચિત છે, વર્જિત હોવો જોઇએ.

(ગ) **વિહારની જવાબદારી શ્રી સંઘો ઉપર હોય તથા હદ ઉપરાંતના ખર્ચાઓથી બચવું**–સાધુ-સાધ્વીજીના વિહારોનો પ્રબંધ સ્વયં શ્રી સંઘ પોતે ઉપાડી લે. સાધુ-સાધ્વીએ બિનજરૂરી પરિગ્રહ વધારવો ન જોઈએ. વિહારમાં સામાનને માટે જો અતિશય આવશ્યક હોય તો શ્રી સંઘ જ વાહન મેળવી અપાવે. સાધુ-સાધ્વીજી મહારાજની પાસે પોતાનું વ્યક્તિગત વાહન નહીં હોવું જોઇએ. વિહારોને માટે સાધુ-સાધ્વીજી મ. શ્રાવક તથા શ્રાવિકાઓ પાસે પૈસા, ખાવા-પીવાની વસ્તુઓનો સંગ્રહ ન કરાવે. આના ઉપર પૂરો પ્રતિબંધ રાખવામાં આવે. જો કોઈ શ્રાવક-શ્રાવિકા વિહારનો લાભ લેવા ઇચ્છે તો શ્રી સંઘની આજ્ઞા લઇને વિહારનો લાભ લઈ શકે. ફક્ત અશક્ત અથવા વૃદ્ધ સાધુ જ વ્હીલચેરનો ઉપયોગ કરી શકે. બને ત્યાં સુધી તે પણ સાધુ જ ચલાવે. અનુશાસનનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવે. બીમાર વયોવૃદ્ધ સાધુ અથવા સાધ્વી ઉપરાંત કોઇપણ શ્રાવક-શ્રાવિકા કોઈ નાના સાધુ-સાધ્વીની પગચંપી ન કરે તેમના સ્વયં સ્વીકૃત સંયમમાં ઢીલાશ આવવાથી દૂષિત થઈ શકે છે.

(ઘ) **ડામર અથવા સિમેન્ટવાળી સડક ઉપર ઉઘાડા પગનું રક્ષણ**–વજ્રથી ડામર અથવા સિમેન્ટથી બનેલી અતિગરમ સડકો તેના પર તૂટેલા કાચ, ખીલી, લોઢું, પથ્થર, કાંકરાની વિપુલતાને ધ્યાનમાં રાખી, એ અનુકૂળ તથા ઉચિત હશે કે ઉઘાડા પગના રક્ષણ માટે સાધુ અથવા સાધ્વી મહારાજને કપડાં-કંતાનમાંથી બનેલ પગરખાંના ઉપયોગની અપવાદરૂપે આજ્ઞા આપવામાં આવે.

**સાધુ અથવા સાધ્વીના ચાતુર્માસ અલગ-અલગ સ્થાને થાય, આ રીતે નોકરો પર નિયંત્રણ**

પૂ. ગુરુદેવજીની આજ્ઞાથી ચાતુર્માસનો નિર્ણય કરવો જોઇએ. શ્રમણ

તથા શ્રમણી એક જ ક્ષેત્ર અથવા સ્થાન પર ભેગાં ચોમાસા નહીં કરે. તેઓ જુદાં જુદાં નાનાં-નાનાં ગામોમાં, શહેરોમાં અથવા ક્ષેત્રોમાં ભિન્ન ભિન્ન શ્રી સંઘોને લાભ આપે. એમાં સાધુ અથવા સાધ્વીજીની શક્તિ તથા બુદ્ધિનો વિકાસ થશે અને શ્રી સંઘો પર ભાર વહેંચાઈ જશે. ઘણો મોટા સાધુસમુદાય અથવા સાધ્વીસમુદાયનાં ભેગાં ચોમાસાં પણ એક ક્ષેત્રમાં ન કરાવવાં. નહિતર ચોમાસા કરવાનું શ્રાવકો માટે ભારરૂપ થઈ પડશે. સાધુ અથવા સાધ્વી પોતપોતાનાં કામ જાતે કરે યા પોતપોતાના શિષ્ય-શિષ્યા પાસે કરાવે. સાધુ ક્યારેય પણ સાધ્વી પાસે પોતાનાં વસ્ત્રો ધોવડાવવાં વગેરે આચાર વિરુદ્ધ કામ ન કરાવે. વિહારોમાં અથવા સ્થિર વાસમાં અથવા ચાતુર્માસમાં અનાવશ્યક નોકરો પર નિયંત્રણ પ્રતિબંધ મૂકવામાં આવે. પાણી ભરવું, ગોચરી લાવવી, કપડાં ધોવાં વગેરે કોઇપણ કામ નોકર પાસે ન કરાવવું. આ આચારની વિરુદ્ધ છે. શ્રી સંઘના પૈસાનો દુરુપયોગ છે.

**વાર્ષિક ક્ષમાપના**

આ હેતુસર દરેક મોટા શ્રીસંઘોના પાંચ પદાધિકારીઓ તથા નાના શ્રીસંઘના બે પદાધિકારીઓ બધા સાથે મળીને ફક્ત મોટા એક આચાર્ય મહારાજને ક્ષમાપના કરવા માટે જઈ આવે, પ્રત્યેક સાધુ અથવા સાધ્વીજીને મ.ની પાસે અલગ અલગ જવાની જરૂર નથી. સર્વપ્રથમ ક્ષમાપના પોતાનાં ઘરોમાં, શ્રી સંઘોમાં તથા પરસ્પર જેને ખિન્નતા અથવા મનભેદ છે તેમની કરવી. પછીથી આચાર્ય મહારાજ પાસે જવું. જિંદગીને સાચે રસ્તે લાવવી. બીજાની ભૂલોને ભૂલીને પોતાની ભૂલોને સુધારવી. એ જ મિચ્છામિ દુક્કડં છે. આચાર્યશ્રીની પાસે જઈ ક્ષમાપના પ્રસંગને ફક્ત મેળો બનાવવો નહીં.

સાધુ અથવા સાધ્વી મહારાજે સમાજના ઝઘડાઓ અથવા વિવાદોથી દૂર રહેવું. નિંદા ચાડી-યુગલી તેમજ પક્ષપાત કરવો નહીં. મધ્યસ્થ ભાવ રાખવો. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ સમતા છોડવી નહીં.

**પદવી કેવી રીતે આપવી**

સાધુ અથવા સાધ્વીજીને અર્પણ કરવામાં આવતી પદવી ગણિ, પન્યાસ, ઉપાધ્યાય, પ્રવર્તક, પ્રવર્તિની, આચાર્ય વગેરે ફક્ત યોગ્યતાના આધારે જ હોવી જોઇએ. યોગ્ય-અયોગ્યની પરીક્ષા કર્યા સિવાય મોટી-મોટી પદવીઓ આપવી નહિ. પદવી આપવાના માપદંડ તેની ચારિત્ર્યનિષ્ઠા, આચાર-વિચારની નિર્મળતા, જ્ઞાન-ધ્યાનમાં પ્રવૃત્તિ, કષાય મુક્તિ તથા શાસન પ્રત્યે સમર્પિત બુદ્ધિ અને પ્રભાવકતા હોવી જોઇએ. આ નિયમોના વિરુદ્ધ જો કોઇપણ સાધુ અથવા સાધ્વી ચાલે અથવા તેનો ભંગ કરે, તો ગુરુમહારાજ અથવા શ્રીસંઘ મળીને યોગ્ય રસ્તે તેને લાવે, અન્યથા ગુરુજી, જે કાંઈ પ્રાયશ્ચિત્ત કરવાનું કહે તેને માન્ય રાખવું જોઇએ. આચાર્યપદ અપાતાં પહેલાં તો સાધુની પાસે આચાર-વિચારનિષ્ઠ મેધાવી શિષ્યમંડળીનું અસ્તિત્વ હોવું તથા શ્રીસંઘની સહમતિ પણ આવશ્યક છે.

**સમાજના ધનનો દુરુપયોગ અને ખર્ચાળ ચાતુર્માસ**

પત્ર-પત્રિકાઓનું વિપુલ પ્રમાણમાં પ્રકાશન, ફોટાઓ, મૂર્તિઓ ઉપર આડેધડ કરવામાં આવતા ખર્ચાઓ, વિધવિધ પૂજાઓની ભરમાર, અઢાર અભિષેકનો વધારો, વિધવિધ દેવ દેવીઓની સ્થાપના-પ્રતિષ્ઠાઓનું વધુ પ્રમાણમાં પ્રચલન, ઠેર ઠેર ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા, નગર પ્રવેશ પર ધૂમધડાકા ઉપરાંત દેખાવ તથા આડંબર સાધાર્મિક વાત્સલ્યોનું બાહુલ્ય, ક્ષમાપનાના નામે બસોનો વધારો, દરરોજ પ્રભાવનાઓ-વ્યાખ્યાનોમાં લકી ડ્રો લોટરી પ્રથા. પ્રલોભનો મારફત તપ-ત્યાગ કરાવવું તથા તે તપસ્વીઓના બહુમાનનો અતિરેક વગેરે ધર્મની ખોટી પદ્ધતિઓએ સાધુ તથા સાધ્વીજી મ.ને સમાજ પર ભારરૂપ બનાવી દીધા છે.

જો સાધુ અથવા સાધ્વીજી મ. પોતાનો પ્રવેશ સાદો રાખે તથા જરૂર હોય તો સીધી સાદી નિમંત્રણપત્રિકા છપાવે, ખર્ચાળ પદ્ધતિનો ત્યાગ કરે તો વર્તમાન યુગના શ્રાવક તથા શ્રાવિકાઓની ગુરુ પ્રત્યે શ્રદ્ધા પેદા થશે, અન્યથા બધી શ્રદ્ધાઓ તૂટતી જશે. પ્રબુદ્ધ તથા યુવાન વર્ગ આજે અત્યંત ખિન્ન એવમ્ હતાશ છે. કેટલાયે શ્રીસંઘ કોઈ ખર્ચાળ સાધુ અથવા સાધ્વીજી મ.ના ચાતુર્માસ કરાવવાનું નથી ઇચ્છતા. સમય જતાં શ્રમણ મંડળનો ચાતુર્માસ ધાર્મિક અને નૈતિક હ્રાસનું કારણ બની જશે. ફળસ્વરૂપ પ્રભાવના નહિ થઈ શકશે. શાસનની અવગણના થશે.

બહુમાન ફક્ત અઠ્ઠાઈઓ અને તેથી વિશેષ ઉત્કૃષ્ટ તપસ્વીનું જ થવું જોઇએ. એક આયંબિલ અથવા એક ઉપવાસ વગેરે નાની તપસ્યાનું બહુમાન વાસ્તવિક નથી. વધુ ખર્ચથી પણ બચવું જરૂરી છે.

પત્ર-પત્રિકાઓ લખવી, છપાવવી, તથા સમાચારપત્રોમાં સમાચાર મોકલાવવાં વગેરે બધાં કાર્યો શ્રીસંઘ પોતે કરે. સાધુ તથા સાધ્વીજી મહારાજ પોતે પોતાની જાતનાં વખાણ કરતા લેખ લખે નહીં કે એ હેતુ માટે હસ્તક્ષેપ કરે નહીં.

**(ક) પોતાનો આશ્રમ સ્થાપવો-નૈતિક પતન**–કેટલાક સાધુ અથવા સાધ્વીજી મહારાજો પોતપોતાના મઠ, આશ્રમ અથવા પુસ્તકાલય તથા ચિકિત્સાલય જેવાં સંસ્થાનો બનાવી રહ્યાં છે. આ બધી રીતે અનુચિત છે. આને રોકવા માટે નથી તો સાધુવર્ગમાં હિંમત કે નથી શ્રાવકોમાં. બધા પ્રકલ્પો શ્રીસંઘની દેખરેખ અથવા સંમતિથી થવાં જોઇએ. અનુશાસન તૂટી રહ્યું છે. બધાને પોતાના નિજી ભક્તોની ટોળીઓ અથવા મંડળ બનાવવા ગમે છે. સાધુને ભક્તોની પાસેથી પૈસા જોઇએ છે, ભલે ને તે ભક્તો ખોટાં કામો કરી રહ્યાં હોય, તેમની ખાણી પીણી અશુદ્ધ હોય અથવા તેઓ ચારિત્રહીન હોય તથા સંઘ સમાજમાં તેઓની ઇજ્જત જરા પણ ન હોય. પૈસા આપવાવાળી અથવા ખર્ચ કરવાવાળી વ્યક્તિ આજે મોટા ભક્ત ગણાય છે. સાધુ અને ભક્તનો આજે વિશ્વાસઘાત વધી રહ્યો છે. સાધુ મઠાધીશ બનવા ઇચ્છે છે અને ભક્તને જોઇએ છે ભૌતિક સુખ. બન્નેનો સ્વાર્થ સધાઈ રહ્યો છે. બંને એકબીજાની પ્રશંસા કરી રહ્યા છે.

**(ખ) ટ્રસ્ટ-સ્થાપના-શ્રીસંઘ દ્વારા નિયંત્રણ**–સાધુ અથવા સાધ્વી મહારાજ કોઈ ટ્રસ્ટ યા ફાઉન્ડેશનની જો સ્થાપના કરાવે તો તેના ઉપર નિયંત્રણ શ્રીસંઘ પાસે હોય અથવા શ્રીસંઘ મારફત માન્ય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પાસે હોવું જોઇએ. સાધુ અથવા સાધ્વી મ.નો તેના ઉપર કોઇપણ જાતનો અધિકાર નહીં હોવો જોઇએ.

**(ગ) નિજી ટ્રસ્ટ-શિથિલતા સ્રોત**–સાધુ અથવા સાધ્વીજી મહારાજનું પોતાનું વ્યક્તિગત ટ્રસ્ટ અથવા ફાઉન્ડેશન ન હોવું જોઈએ. તેમના ભક્તો-વ્યક્તિવિશેષની પાસે પણ ન હોવું જોઈએ. શ્રી સંઘ આવાં શિથિલ અને અનર્થકારી કાર્યોમાં ધ્યાન રાખે. તેની સાથે આંખમીંચામણાં ન કરે કેમકે કંચન અનેક જાતની બુરાઇઓનું તથા પડતીનું મૂળ છે, એવમ્ શિથિલતાઓનું મૂળ છે.

**બોલી તથા નકરા વગેરેની પ્રથા અને અર્થવ્યવસ્થા**

(ક) જવાબદારી શ્રી સંઘની હોય-(શ્રમણમંડળ ફક્ત પ્રેરણા આપે)–સાધુ સાધ્વીજી મ. અથવા આચાર્ય મહારાજનું બોલી બોલવાનું

કામ નથી. આ બધું કામ શ્રી સંઘનું છે. પ્રલોભનમાં આવીને સાધુ અથવા સાધ્વીએ બોલીમાં શ્રાવકોને વ્યક્તિગત નામ દઈને પ્રોત્સાહિત કરવાનું કાર્ય પણ ન કરવું જોઈએ. એથી જગતમાં નિંદા થશે. જબરદસ્તી બોલી કોઇના પર ઠોકી બેસાડવી નહીં. ભાવનાથી આપેલું દાન જ ફળદાયી બને છે. શ્રમણ મંડળનું કાર્ય સત્કાર્ય માટે ફક્ત પ્રેરણા આપવાનું જ છે.

કોઈપણ બોલી અથવા નકરાના રૂપિયા શ્રી સંઘમાં અથવા ટ્રસ્ટની પેઢીમાં જ જમા થવા જોઇએ. ચાતુર્માસમાં પ્રતિષ્ઠા સમયે યા વિશેષ વ્રતમાં પધારેલ સાધુ અથવા સાધ્વી ભગવંતો બોલીના રૂપિયા વિશે કોઈ માર્ગદર્શન આપે તો શ્રીસંઘે તેના પર ગંભીર વિચારણા કરીને સમુચિત નિર્ણય લેવો જોઈએ.

(ખ) જ્ઞાન, પૂજા વગેરેના ગલ્લા શ્રી સંઘની થાપણ છે. (શ્રમણ મંડળનો અધિકાર નહિ.) જ્ઞાનપૂજાના રૂપિયા તથા વાસણના રૂપિયા તાળાબંધપેટીમાં નંખાવવા જોઇએ અને તે પેટીઓ શ્રીસંઘની પેઢીમાં ટ્રસ્ટીઓની હાજરીમાં ખૂલવી જોઇએ અને પેઢીમાં જમા થવા જોઇએ. એ પેટીઓ શ્રી સંઘની પોતાની હોવી જોઇએ. સાધુ અથવા સાધ્વીજી મ.નો નિજી અંગત ગલ્લો છે એવી જાણ થતાં જ ઉચિત કાર્યવાહી કરવી જોઈએ. આવી વાતોની સામે શ્રીસંઘ ક્યારેય આંખમીંચામણાં ન કરે. વગર હિસાબનો પૈસો જ વ્યક્તિની બુદ્ધિ વિચલિત કરે છે, અને તેની અધોગતિ કરે છે. શિથિલતાઓ વાયુની જેમ પ્રસરી જાય છે. શ્રાવક શ્રાવિકાએ આ વિષયમાં હંમેશાં જાગ્રત રહેવું, વિવેક રાખવો. પૈસા શ્રીસંઘ સંભાળે. નહિતર ઘણું નુકસાન થવાની શક્યતા છે.

કેટલાંક સાધુ-સાધ્વી દ્વારા સાવ સામાન્ય કક્ષાના ગ્રંથો પ્રકાશિત થાય છે અને તેની પાછળ ઘણો ખર્ચ થાય છે. ગ્રંથપ્રકાશન અંગે પ્રત્યેક સંઘે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.

**સાંસારિક સુખ માટે જ્યોતિષ-દોરા-ધાગા આપવા**

સાધુ અથવા સાધ્વીનું સંપૂર્ણ ધ્યાન ગુણ તથા જીવન વિકાસોન્મુખી હોવું જોઇએ. તેઓએ ક્યારે પણ ન તો જ્યોતિષી બનવું કે નહીં જાદુગર બનવું. સાંસારિક સુખોની પ્રાપ્તિ માટે જ્યોતિષ, જાદુ-ટોના, દોરા, ધાગા, રાખ, કંકુ, માદળિયાં કે ચમત્કારોના ચક્કરમાં પોતે ન પડવું તથા સંઘસમાજનાં ભોળાં લોકોને એવા ચક્કરમાં ન પાડવાં. તેઓ લોકેષણામાં ફસાઇને ખોટા રસ્તાનો તથા ખોટાં સાધનોનો ઉપયોગ ન કરે. તથા પોતાના આચારવિચારને શુદ્ધ રાખી સંયમ, એવમ્ સાધુજીવનની મર્યાદા સાચવે. શ્રાવક વર્ગના કલ્યાણ તથા ઉત્થાનને માટે સાધુ તથા સાધ્વી ફક્ત વીતરાગ પ્રભુની શુદ્ધ ઉપાસનાને પ્રમુખતા આપે.

ક્યારેક ફક્ત જીર્ણોદ્ધારના નામે નવી સારી, સગવડતાવાળી તૈયાર બનાવેલ ઇમારતો, સ્તૂપ, મંદિર તોડી નાખીને અથવા તેમાં પરિવર્તન કરીને તે જગ્યાએ મૂર્તિને થોડી ઊંચી નીચી કરીને ફરીથી પ્રસ્થાપિત કરાવવામાં આવે છે. એની ઉપર પોતાના નામનો શિલાલેખ કોતરાવવો યોગ્ય નથી. પ્રાચીન ઇતિહાસને ખોટો સાબિત કરવો અનુચિત છે. જીર્ણશીર્ણ તથા અતિ પ્રાચીન વસ્તુઓ, મંદિર અથવા સ્મારક જે પણ કોઈ શ્રીસંઘના હસ્તક હોય ત્યાંના પ્રસ્તાવિત જીર્ણોદ્ધારની જાણકારી ફક્ત આગેવાનોને જ નહીં પરંતુ શ્રી સંઘની પ્રબંધક સમિતિને પણ હોવી જોઇએ. જેની પ્રેરણા અથવા આર્થિક સહયોગથી સંસ્થાન નિર્મિત થયાં છે તેમને પણ જાણ કરીને જીર્ણોદ્ધાર કરાવવો જોઇએ.

નિંદનીય કૃત્ય કરવાવાળા તથાકથિત શ્રાવક-શ્રાવિકાઓને સાધુ અથવા સાધ્વી મહારાજ આશરો આપી તેનો ઉત્સાહ ન વધારે. તે રીતે જે સાધુ અથવા સાધ્વી આચાર સંહિતાથી ભ્રષ્ટ થયેલ છે તેની પગચંપી શ્રાવક-શ્રાવિકાએ કરવી નહીં તથા તેઓની પાસે જવાનું પણ છોડી દેવું. આ રીતે બંનેને જ્યારે પોતાની ભૂલોનો ખ્યાલ આવશે ત્યારે તેઓ સન્માર્ગ તરફ વળશે.

હમણાં હમણાં દેવ-દેવીઓ અને વિવિધ પૂજનોનો અતિરેક થયો છે. અધિષ્ઠાયક દેવ દેવી ઉપરાંત વિવિધ દેવ દેવીઓની સ્થાપના મર્યાદિત અને યથોચિત થવી જોઇએ. લોકો તીર્થંકર ભગવાનને ભૂલીને દેવદેવીમાં જ પડી જાય એમ ન થવું જોઈએ. વીતરાગ પ્રભુની ભક્તિ અને ઉપાસના પર જ વધારે ભાર આપવો જોઇએ જે અત્યંત જરૂરી છે અને શાસ્ત્રીય છે. શાસ્ત્રનું ઉલ્લંઘન નહીં કરવું જોઇએ.

**ચતુર્વિધ સંઘ એક બીજાના પૂરક અને દેખરેખ**

સાધુ અથવા સાધ્વીએ પાંચ મહાવ્રતોનું દૃઢતાથી પાલન કરવું તથા શ્રાવકવર્ગ શક્ય અણુવ્રત ધારણ કરીને આહારશુદ્ધિ, વિચાર-શુદ્ધિ અને એ રીતે વ્યવહારશુદ્ધિ દ્વારા જીવન યાપન કરે. શ્રમણ મંડળ તથા શ્રાવકોએ સજાગ અને સાવચેત થવાની પરમ આવશ્યકતા છે. જેથી યોગ્ય સમયસર યથાર્થ દેખરેખ પરસ્પર રાખી શકાય. વસ્તુત: તેઓ એક બીજાનાં પૂરક છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાના ચતુર્વિધ સંઘની વીતરાગ પરમાત્માએ એટલા માટે પણ સ્થાપના કરી હતી કે જ્યારે એમાંથી કોઈ શિથિલ થવા લાગે તો બીજા એને સંભાળી લે. આમાં બંનેની સંપૂર્ણ જવાબદારી છે. શુદ્ધ આચાર-વિચાર તથા વ્યવહારસંપન્ન સુવિહિત સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા જ સાચો શ્રીસંઘ છે. અન્યથા શ્રી રત્નશેખર મહારાજે તેને અસ્થિસંઘ કહ્યો છે.

ભગવાન મહાવીર સ્વામીએ સ્થાપેલ શ્રી સંઘને ૨૫મા તીર્થંકરની ઉપમા આપવામાં આવી છે. સાધુ તથા સાધ્વીવર્ગ તેને પૂરી માન્યતા આપે. આ પ્રમાણે શ્રીસંઘની અભ્યર્થના તથા નિર્દેશનનો આદર કરે.

જે શ્રીસંઘને 'નમો તિત્થસ્સ' કહીને પોતે તીર્થંકર ભગવાન નમસ્કાર કરે છે, જે શ્રીસંઘની આજ્ઞાને ચૌદ પૂર્વાધારી ભદ્રબાહુ સ્વામી જેવા મહારથીઓએ શિરોધાર્ય કરી, જે શ્રીસંઘની આજ્ઞાને સિદ્ધસેન દિવાકર જેવા ધુરંધર સંતોએ માન્ય કરી, જે શ્રીસંઘની આજ્ઞાનું વિશ્વવિભૂતિ વિજયાનંદસૂરીશ્વર મ.એ પાલન કર્યું, 'મહાજનો યેન ગત સ પન્થા'ની સૂક્તિ પ્રમાણે બધાં સાધુ-સાધ્વીજી મહારાજ એવા શ્રીસંઘની આજ્ઞાને માન્ય કરે. એ જ જિનશાસનની વિશેષતા છે. શ્રીસંઘનો નિર્ણય સુપ્રીમ કોર્ટની જેમ સર્વોપરી નિર્ણય ગણાવો જોઈએ.

શ્રમણ સમુદાય અને શ્રાવકોના કર્તવ્ય વિશે અહીં થોડાક મુદ્દાની ચર્ચા કરી છે. બીજા પણ કેટલાક મુદ્દાઓ છે. મેં અહીં જે વિચારો રજૂ કર્યા છે એમાં વિચારભેદ હોઈ શકે. હું શ્રાવક છું એટલે મારી મર્યાદાઓ હોઈ શકે. આપણા ગૌરવવંતા શાસનના હિતની દૃષ્ટિએ જ આ લખ્યું છે. એમાં કોઈને અનધિકાર ચેષ્ટા જેવું લાગે તો તે માટે અને જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો તે માટે ક્ષમાપ્રાર્થી છું.

તા.ક.: પ્રત્યેક સાધુ-સાધ્વી મહારાજે 'અણગાર આચારપથી' (સંપાદક પૂ. શ્રી રત્નબોધિવિજયજી મહારાજ) નામની પુસ્તિકા અવશ્ય વાંચી જવાની ભલામણ છે.

❖❖❖

# हा कष्टं !

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

એકવાર હું મારા પુરાણા સુહૃદ પ્રો. ડૉ. ભાસ્કરભાઈ દેસાઇને મળવા ગયો, તો વાતવાતમાં એમનાં શ્રીમતી કુમુદબહેન દેસાઇએ પૂછી નાખ્યું:

'હેં અનામી સાહેબ ! આ તમે પ્રેમકાવ્યો લખો છો તે ખરેખર કોઇને પ્રેમ કરીને પછી લખો છો ?' ભાસ્કરભાઇએ ટોકતાં સહસા કહ્યું: 'આવું શું પૂછતી હશે ?'

છણકો કરીને કુમુદબહેન બોલ્યાં : 'કેમ, એમાં શું ખોટું પૂછી નાખ્યું ? જાણવું તો જોઇએ ને કે કેમ કરીને પ્રેમ-કાવ્યો લખાય છે ?'

કુમુદબહેનને મેં કહ્યું: 'હા, પ્રેમ કરીને અંગત અનુભવથી પ્રેમકાવ્યો લખાય, કલ્પનાથી પણ લખાય, કોઇકના અનુભવના આધારે પણ લખાય ને પુસ્તકોમાંથી વાંચીને પણ લખાય; પણ અંગત અનુભવની પ્રતીતિ કોઈ ઓર પ્રકારની હોય.'

માંડ છવ્વીસ વર્ષે ગુજરી જનાર કવિ 'કલાપી' શોભના ને રમા સાથે પ્રેમ કરી 'હૃદયત્રિપુટી' કાવ્ય લખે એ અંગત અનુભવની પ્રતીતિ જુદી અને અનુભવ વગર તથા અનુભૂતિવિહીન પ્રેમ-કાવ્યમાં, 'અરેરે ! હા ! હા!' ના ઠાલા ને ખોખરા ઉદ્‌ગારોનો મસાલો ગમે તેટલો ભરીએ તો પણ કરુણ પ્રેમકાવ્ય ન થાય.

બ્રહ્મ સત્ય ને જગતને મિથ્યા કહેનાર જગદ્ ગુરુ શંકરાચાર્ય એવડી ન્હાની વયે ગુજરી ગયા કે એમને વૃદ્ધાવસ્થાનાં દુ:ખો અને એની સમસ્યાઓનો ખ્યાલ ભાગ્યે જ આવે, પણ આવા મહાપુરુષોની વૈશ્વિક-સંવેદના અદ્‌ભુત હોય છે. તેમણે અદ્‌ભુત કલ્પનાથી

'अंगम् गलितम् पलितम् मुण्डम्
दशनविहीनम् जातं तुण्डम्'

એવું વૃદ્ધાવસ્થાનું વાસ્તવિક-સ્તોત્ર લખી, મૂઢ મતિને 'ભજ ગોવિંદમ્' નો ઉપદેશ આપ્યો.

જરા, વ્યાધિ ને મૃત્યુના માર્મિક દર્શને ગૌતમ બુદ્ધ–સિદ્ધાર્થના સંવિદ્‌માં ગડમથલ મચાવી દીધી ને પરિણામે સાર તારવ્યો: 'અણસમજુ સામાન્ય માણસ પોતે જરાગ્રસ્ત થવાનો હોવા છતાં ઘરડા માણસને જોઇને કંટાળે છે અને તિરસ્કાર કરે છે...પણ હું પોતે ઘડપણના પંજામાં સપડાવાનો હોવા છતાં સામાન્ય માણસની જેમ જરાગ્રસ્ત માણસથી કંટાળું કે તેનો તિરસ્કાર કરું તો તે મને શોભે નહીં...આ વિચારથી તારુણ્ય-મદ સમૂળગો નાશ પામ્યો. એ જ રીતે આરોગ્ય-મદ અને જીવિતમદ પણ નિર્મૂળ થયા; પણ જ્યાં આખી માનવજાતિ જ જરાધર્મી, વ્યાધિધર્મી, મરણધર્મી ને શોકધર્મી છે ત્યાં, રડી ખડી વ્યક્તિની મુક્તિનો શો અર્થ ? જરા, વ્યાધિ ને મૃત્યુ ઉપરાંત પણ આ સંસારના કલેશ ક્યાં ઓછા છે ?'

આદિ-કવિ નરસિંહ દીર્ઘ-જીવન જીવ્યા. એમને ય સિદ્ધાર્થ કહે છે તેવા કલેશ ક્યાં ઓછા હતા ? પણ પ્રભુભક્તિમાં એ કલેશ બધા ઓગળી ગયા ને ગાયું:

'આ સઘળા પદારથ
મારા પ્રભુની તોલે ના'વે રે...'

એમણે ય 'નહોતું જોઇતું ને કોણે મોકલ્યું ?' કહી, વૃદ્ધાવસ્થાની લાચારી દર્શાવતું પદ લખ્યું, પણ સમગ્રતયા જોતાં તો પરમતત્ત્વનું અવલંબન એની ખુમારીને અકબંધ રાખે છે.

પ્રો. બળવંતરાય ઠાકોરે, 'અંબાલાલ સાકરલાલ દેસાઇનું જીવનચરિત્ર' લખ્યું છે...લગભગ છ દાયકા પૂર્વે મેં વાંચેલું. એમાં એક સંન્યાસીની વાત આવે છે. એકવાર એક ઘોડાએ એમને લાત મારી...બેભાન થઈ ગયા...દવાખાનામાં ખસેડ્યા...સારવાર મળી ને સંન્યાસીજી ભાનમાં આવ્યા...એટલે ડૉક્ટરે સહજ પૂછ્યું: 'સ્વામીજી ! આપને વ્યથા નહીં થઈ ?' સ્વામીએ સહસા કહ્યું: બચ્ચા વ્યથા ! વ્યથા કૈસી ? બ્રહ્મરન્ધ્ર મેં અમૃત હી અમૃત ભરા હૈ...વો છોડ દિયા. ફિર વ્યથા કૈસી ?' ભક્ત કવિ નરસિંહ અને આ સંન્યાસીજીની જેમ, વૃદ્ધાવસ્થામાં પણ આવો વિધેયાત્મક અભિગમ દાખવી શકાય તો 'પગથિયું પાવાગઢ' ન બની જાય ?

ગુજરાતી સાહિત્યના ભીષ્મપિતામહ જેવા કવિ-ભાષાશાસ્ત્રી શ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયાને જીવનમાં એટલાં બધાં દુ:ખ પડેલાં કે અંતે અર્થાન્તરન્યાસી સત્ય જેવું ગાવું પડ્યું:

'છે માનવી જીવનની ઘટમાળ એવી :
દુ:ખ-પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી.'

xxx

'આ વાદ્યને કરુણ-ગાન વિશેષ ભાવે.'
(કેટલાક 'વાદ્ય'ને બદલે 'વાઘ' વાંચેલો !)

મારી એક ખાસિયત છે. સમવયસ્કોને તો મળવું પણ વડીલોને ચાહીને નિયમિત મળવું, એથી મને તો ઘણો બધો ફાયદો થયો છે. એમનાં સુખદુ:ખ અને અનુભવોમાંથી ખૂબ ખૂબ શિખ્યો છું. ૯૦ થી ૯૭ સુધીની વયના એવા અર્ધો ડઝન વડીલોમાંથી કો'ક અશક્તિને કારણે સાવ પથારીવશ છે, તો કો'ક સ્મૃતિભ્રંશથી સાવ ગ્રસ્ત છે. એક વડીલને મન ભૂતકાળ જ સત્ય છે તો એક વડીલે સમગ્ર માનવજાતિની સારપમાંથી શ્રદ્ધા જ ગુમાવી છે, ૯૬ વર્ષની વયના એક વડીલ એવા પણ છે જેમની રસિક વાતોને કારણે એમનો સંગ છોડવો ગમતો નથી, બલકે સંગ છોડતાં કઠે છે. આશા, નિરાશાના અનુભવો થાય છે ને નિજી સ્વસ્થતાનો સંતોષ પણ થાય છે...પણ ઉપર્યુક્ત વડીલોને શિરે જે દુર્ભાગ્યનું ચક્ર ઘૂમી રહ્યું છે તે મારે શિરે આવશે ત્યારે ? એક પ્રકારની છૂપી ભીતિ પણ રહે છે. પણ જે થવાનું હશે તે તો થઇને જ રહેશે ને થશે ત્યારે 'પડશે તેવા દેવાશે'...અત્યારથી હતપ્રભ શાને થવું ? યમનિયમોનું અતંદ્ર જાગૃતિથી પાલન કરવું અને આહારવિહાર-નિહારમાં ચોક્કસ રહી શક્ય એટલું નિરામય જીવન જીવવું. અન્તે તો ધાર્યું ધરણીધરનું જ થાય.

એક બાજુ વૃદ્ધાવસ્થાની આવી વિપદાઓ છે તો બીજી બાજુ, ખીલતી કળીમાંથી પ્રફુલ્લિત પુષ્પ થાય એ પહેલાં તો, જીવનનો ત્રીજો કે ચોથો દાયકો પણ માંડ વટાવી ગયેલા આપણા 'કલાપી', મલયાનિલ, પ્રો. ગજેન્દ્ર બૂચ, પૃથુ શુકલ, રાવજી પટેલ, મણિલાલ દેસાઈ, પ્રો. ગિરીન ઝવેરી ને ગોવિંદ સ્વામી જેવા સાહિત્યકારોના અકાળ અવસાનનું કષ્ટ પણ રજ માત્ર ઓછું નથી. કેટલી બધી વિકાસની ઉજ્જવળ શક્યતાઓનો કરુણ અન્ત આવ્યો !

આ લેખ લખવાની મારી કોઈ યોજના નહોતી પણ મારા પ્રિયમાં પ્રિય કવિ ભર્તૃહરિનો એક શ્લોક વાંચવામાં આવ્યો ને 'हा कष्टं' લખાઈ ગયું. એ શ્લોક આ પ્રમાણે છે :

'ગાત્રં સંકુચિતં, ગતિર્વિગલિતા, ભ્રષ્ટા ચ દન્તાવલિ
દૃષ્ટિર્નશ્યતિ, વર્ધતે બધિરતા, વક્ત્રં ચ લાલાયતે ।
વાક્યં નાદ્રિયતે ચ બાંધવજનો, ભાર્યા ન શુશ્રૂષતે
હા કષ્ટં પુરુષસ્ય જીર્ણવયસ: પુત્રોઽપ્યમિત્રાયતે ।।'

ગાત્રો સંકુચિત થયાં, ગતિ વિગલિત બની, દાંત પડી ગયા, દૃષ્ટિ નાશ પામી, બધિરતા વધી, મુખમાંથી લાળ પડવા લાગી, બંધુજનો વાતનો આદર કરતા નથી, અરે ! ખુદ પત્ની પણ સેવા કરતી નથી, શી દુ:ખની વાત છે કે પોતાનો પુત્ર પણ વૃદ્ધની સાથે શત્રુવત્ વ્યવહાર કરે છે. 'હા કષ્ટં'માં નરી લાચારી છલકાય છે.

❖❖❖

# નવપદ

## ☐ ગિરીશભાઈ તારાચંદ મહેતા

(ગતાંકથી સંપૂર્ણ)

ભક્ત જો સાચો ખરેખરો ભક્ત હોય તો ભગવાનને જ આગળ કરે પણ કદી પોતે પોતાના માનપાન માટે આગળ નહિ આવે. ભક્ત તો ભગવાનમાં જ ગતિ કરતો રહેતો હોય અને ભક્તિ કરવા સાથોસાથ ભક્ત દ્વારા જગતના અન્ય જીવોનું ભલું થતું રહેતું હોય. 'હું પૂજ્ય છું !' એવો ભાવ કદી ગૌતમસ્વામીજીમાં આવ્યો ? ક્યારેય નહિ. પૂજ્ય બની જવું એ જુદી વસ્તુ છે અને 'હું પૂજ્ય છું !' એવા સ્વીકારથી અને એવા ભાવથી જીવવું એ બે અલગ અલગ વસ્તુ છે. એ બે જુદા ભાવ છે. સ્વયંના અસ્તિત્વનો સ્વીકાર જ નહિ, એવો ભાવ ગણધર ભગવંત ગૌતમસ્વામીજીનો હતો. ભક્ત પણ પૂજ્ય બને, સાધુ પણ પૂજ્ય બને અને જ્ઞાની, ધ્યાની, મૌની, તપસી સાધક પણ પૂજ્ય બને, પરંતુ પોતાની એ પૂજ્યતાનો અંત:કરણમાં સ્વીકાર ક્યારેય નહિ હોય. જલકમલવત્ નિર્લેપ રહીએ અને વીતરાગ બનીએ. બે જ કાર્યો છે. ભગવાનનું દાસત્વ અને પરોપકાર, અભયદાનાદિથી જગતમાં ઉપકારત્વ. મોહનીયકર્મ વિષે પોતાના દેહ સંબંધી કોઈ ઈચ્છા નહિ અને પરમાત્મપ્રેમની સર્વસ્વતા. દર્શનાવરણીય કર્મ વિષે પોતાના દેહમાં ગતિ નહિ, કારણ કે પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની એ બે કષાયમાં ગતિ કરવાથી કર્મ બંધાય છે અને તે પાછાં પોતાના હેતુથી બંધાય છે. અર્થાત્ દર્શનાવરણીયકર્મ સંબંધિત દોષ સેવાય, કારણ કે દર્શાવરણીય કર્મ ઇન્દ્રિય સંબંધિત છે.

સાધકે સિદ્ધ થવાના લક્ષ્યપૂર્વક સાધુતાનો સ્વીકાર કર્યો હોય છે અને તે માટે થઇને સાધુતા સ્વીકારી અર્હમ્ સિદ્ધમ્ પ્રતિ ગતિ હોય છે, જે સાધક સાધુનો ઇચ્છાયોગ છે.

નવપદના ચાર પાયા; દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ ચાર ગુણ ગાઢ મજબૂત બને એટલે એની ઉપર મોક્ષના મહેલની ઇમારતનું ચણતર થાય. એ ગાઢ બનેલા ચાર પાયા સજ્જતા લાવ્યા વિના રહે નહિ.

'સર્વે જીવો મોક્ષે જાઓ !' 'સવિ જીવ ભવ શિવ !' બધાંય જીવોનો મોક્ષ ઇચ્છો. કોઇને મારવાની ભાવના નહિ. તેથી મારો તો નહિ જ પણ સાથે તારવાની, મોક્ષે લઈ જવાની ઇચ્છા એવી તારક બુદ્ધિ બને ! એ તારકબુદ્ધિ, મારકબુદ્ધિને મારી નાંખે અને અમારી પ્રવર્તાવે ! સાધુ જેવો પરોપકારથી જીવવાનો સાધુભાવ હૃદયમાં પ્રગટ થાય અને અનર્થદંડનો ત્યાગ થાય ! યાવત્ આવશ્યકતાનો પણ ત્યાગ થાય ! જગત ઉપર, જગતના જીવો ઉપર ઉપકાર કરવાની ઉપકારત્વ બુદ્ધિનો પ્રાદુર્ભાવ થાય એ ચારિત્રનો ગુણ છે.

સુખ તો સાધુ પણ એના સાધુપણામાં ઇચ્છે છે અને મેળવવા ઝૂરે છે. પણ એ સાધક જાણે છે કે જેવું સહજ સ્વાભાવિક, અપ્રતિપક્ષ, અપૂર્વ, અપરાધીન સુખ હું ચાહું છું તેવું શુદ્ધ, સંપૂર્ણ, સર્વોચ્ચ, સ્વાધીન અને શાશ્વત સુખ કાંઈ બહાર નથી તેમ એ બહારમાંથી મેળવી શકાય એમ નથી. એવું Pure, (શુદ્ધ) Perfect (પૂર્ણ), Paramount (સર્વોચ્ચ), Personal (સ્વાધીન) અને Permanant (શાશ્વત) સુખ તો આત્માનું છે અને તે આત્માની અંદર જ છે. એ કાંઇ બહાર નથી, વસ્તુત: આવા સુખને સહુ કોઈ ઈચ્છે છે અને તે સુખનું બીજું નામ મોક્ષસુખ છે. પરાધીનમાંથી, સ્વાધીન બને; સાપેક્ષમાંથી, નિરપેક્ષ બને; દ્વૈતમાંથી અદ્વૈત થાય અર્થાત્ મુક્ત થાય તે આવા અનંત સુખનો સ્વામી બને. એ આત્મામાંથી મળનાર આત્મિક સુખ સર્વ સંગ પરિત્યાગ કરવાથી મળે છે. એવો નિર્ણય કરીને તો સાધક સંસાર છોડી સર્વવિરતિનો સ્વીકાર કરે છે. આવું સાધુપણું એ ઊંચી સાધકાવસ્થા છે, કારણ કે એ નિષ્પાપ, નિષ્પરિગ્રહી, નિરારંભી, નિરુપદ્રવી, નિરુપાધિક, નિર્મળ, નિર્દોષ જીવન છે. એક વર્ષ ઉપરનો ચારિત્ર પર્યાય જેનો છે એવાં સર્વવિરતિધર સાધક વૈમાનિક દેવલોકના સુખનું આસ્વાદન ચારિત્રના આત્મિકસુખમાં કરે છે. સાધુ ભગવંતોનું મન શાંત હોય છે. અસ્થિર જળમાં પ્રતિબિંબ પડતું નથી, એમ અશાંત મનમાં આત્મદર્શન થતું નથી. શાંત મન જ આત્મદર્શન કરવા સક્ષમ છે.

અનુકૂળ સાધુ જીવન મળ્યા બાદ સાધ્યને અનુરૂપ જીવન જીવાય એટલે કે સુખને અંદરમાં આત્મપ્રદેશ કે સુખનું મૂળ ઉદ્‌ગમ સ્થાન છે, ત્યાં શોધે તો સાધક સાધુ ભગવંત આનંદઘન બની શકે, જો એ આત્મપ્રદેશે આત્માનુભૂતિ કરે તો !

**ઉપાધ્યાયપદ :**

જે સાચું જ્ઞાન આપનાર છે, જે જીવને જૈનશાસન, જૈનદર્શન સમજાવી, શ્રાવક-શ્રાવિકા બનાવે છે, શ્રાવક-શ્રાવિકાને ભગવાનમાં જોડી, સાધુ-સાધ્વી બનવા પ્રેરે છે, જે સાધુ-સાધ્વી ભગવંતોને સિદ્ધ પદે પહોંચવા પ્રોત્સાહિત કરે છે અને તે માટે સમજણ આપે છે, વર્તનમાં વિનય-વિવેકનો પ્રાદુર્ભાવ કરનાર છે, તેઓશ્રી ઉપાધ્યાયજી ભગવંત છે, જેમને 'ણમો ઉવજ્ઝાયાણં !' પદથી નમસ્કાર થાય છે. ણમો ઉવજ્ઝાયાણં એટલે જ જ્ઞાન અને વિનય. અર્થાત્ જ ભગવાનના અહોભાવપૂર્વકનું વિવેકયુક્ત જ્ઞાન અને એમાંથી જ નિષ્પન્ન થતો વિનય, હૃદયમાંથી તિરસ્કારનો ત્યાગ અને બ્રહ્મભાવ એવાં પ્રેમ કારુણ્યભાવનું ધારણ, પ્રસારણ, વાણી-વચનમાંથી તિરસ્કાર તુચ્છતાનો ત્યાગ, કલ્યાણકારી જિનવચનોનું ઉચ્ચારણ, વર્તનમાં ભગવાનનો પ્રેમ કે અહોભાવ, ગુરુજનો પ્રતિ નમ્રતા અને વિનય, સમકક્ષથી જ્ઞાનગોષ્ટિ અને લઘુ મુમુક્ષુઓને જ્ઞાનપ્રદાન એ ઉપાધ્યાય ભગવંતોની ભાવ ઉપાધ્યાયતા છે. એ શાસ્ત્રયોગ છે.

આવા ઉપાધ્યાય ભગવંત પાસેથી સાચી સમજણ મળેથી ભગવાનની સાચી ઓળખાણ થાય. ભગવાનની સાચી ઓળખાણ થાય એટલે પ્રેમ ક્યાં કરવો તેની સમજ આવે. અભિગમ એટલે વલણ પલટો ચારે છે. સંસાર અને સંસારના વિનાશી તત્ત્વો તરફનો પ્રેમ અવિનાશી આનંદકારી પરમાત્માના પ્રેમ તરફ વળે છે. વિકૃતિ પ્રકૃતિમાં પલટાતી જાય. ચૌદ રાજલોકનું સ્વરૂપ સમજાઈ જાય એટલે વક્રતા અને જડતાનો નાશ થાય અને ઋજુતા ને સરળતા આવે. અન્ય જીવો કર્માધીન કર્મવશ છે એવો માધ્યસ્થભાવ આવે અને પોતે પોતામાં ભગવાન વગર જીવી નહિ શકે એવી સ્થિતિનું નિર્માણ થાય છે.

**આચાર્યપદ :**

સાચી સમજણ, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્દર્શન સહિત જગત સાથે જગતની વચ્ચે સમ્યગ્ જીવન જીવવાનું છે. એ જીવનમાં વિવેક વિનય, ઉદારતા, પરોપકારીતાના ભાવ સહિતનું સર્વના ઉત્કર્ષ માટે થતું સર્વોત્કૃષ્ટ પ્રવર્તન તે દેહમાંથી સદાચારનું નીતરણ અને હૃદયેથી વહેતું ઉદારતાનું વહેણ છે, જે આચાર્યનું ભાવાચાર્યપણું છે. આચાર્યનું આચાર્યપદ પરક્ષેત્ર

ઉપકારત્વબુદ્ધિએ જગત પ્રવર્તન છે, પણ સ્વક્ષેત્રે તો અર્હમ્ સિદ્ધમ્‌ના લક્ષ્યે અરિહંત અને સિદ્ધ પ્રથમ અને દ્વિતીય પદ પ્રતિ ગતિરૂપ અંતરપ્રવર્તન છે.

સર્વોદયભાવના, શિવત્વભાવના સાપેક્ષ આચાર્યની આચાર્યતા છે. માટે જ...અધિકરણ સંબંધે અધિકરણની ઇચ્છા નહિ હોય અને ઉપકરણ સંબંધે...'સહુ અણુ પરમાણુ શિવ બની જાઓ!'ની ભાવનાનું ગુંજન હોય જ્યારે કરણ સંબંધે કરણ એટલે દેહમાં ભોગની કોઈ ઈચ્છા નહિ હોય પણ ઊલટું...'આખા વિશ્વનું મંગળ થાઓ !' નો વિશ્વકલ્યાણનો ઘોષનાદ થતો હોય. પરાકાષ્ઠાની ભૂમિકાએ અંતઃકરણમાં જે કોઇનું અંતઃકરણ પરમવિશુદ્ધ થઈ ગયેલ છે એવાં એ પરમોપકારી પરમાત્માના ચરણે નત મસ્તક રહી એના ચરણના શરણમાં પોતાના મોક્ષની ઇચ્છા અને જગતના જીવ માત્ર મોક્ષે જાય તેવી...'સર્વે જીવો મોક્ષે જાઓ' ના આંદોલનો અંતરતમથી સર્વત્ર પસરતા હોય. એવાં આચાર્ય ભગવંતને 'ણમો આયરિયાણં' પદથી નમસ્કાર કરવામાં આવે છે.

ચારિત્રપાલનમાં ચુસ્તતા અને ચુસ્ત ચારિત્રપાલન શકય નથી તો તેનો ખુલ્લાદિલે નિખાલસતાપૂર્વક નિષ્કપટભાવે એકરાર કરવા સહિત સર્વોદય, વિશ્વમંગળ અને 'સવિ જીવભવશિવ'ની ભાવનાપૂર્વક ઉપર રહેલાનો આદર, સન્માન, બહુમાન, વિનય, સમકક્ષ સાથે સૌજન્યપૂર્ણ ઉદાત્ત વ્યવહાર અને નિશ્રામાં રહેલ સર્વના યોગક્ષેમ તેમ ઉત્થાનની ભાવના એ ભાવાચાર્યપણું છે. આવા ભાવાચાર્યપણા સહિત સ્વયંની ગતિ મોક્ષ પ્રતિ જ હોય અને સ્વક્ષેત્રે સાધના વૈરાગીમાંથી વીતરાગી થવાની જ હોય. આ સામર્થ્ય યોગ છે.

**અરિહંતપદ : સિદ્ધપદ :**

ઉપરોક્ત ત્રણ સાધુ, ઉપાધ્યાય, આચાર્ય પદ એ નવપદમાં ગુણીપદ, ગુરુપદ કે સાધુપદ છે. નવપદમાંના પછીના ચાર દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, જે ગુણપદ કે સાધનાપદ છે, જેનાથી ગુણનું પ્રાદુર્ભાવન થતું હોય છે. એ ચાર આરાધનાપદથી પ્રગટતા ગુણોએ કરીને દેહાચાર, સદાચાર, સાધ્વાચાર રૂપે વ્યવહારમાં વર્તે, અંતરમાં ઉદારતા, નિષ્કપટતા આવે, હૈયે સિદ્ધપદની વાંછના હોય એટલે કે મોક્ષ પામવાનો તીવ્ર તલસાટ રહે અને સિદ્ધપદે પહોંચાડનર અર્થાત્ મોક્ષમાર્ગ બતાડી મોક્ષ પમાડનાર પરોપકારી અરિહંત ભગવંતને 'ણમો અરિહંતાણં' પદથી નમસ્કાર કરવામાં આવે છે. અર્હમ્ ઐશ્વર્યથી ઐશ્વર્યમાન અનંત ઉપકારી એ અરિહંત ભગવંત અષ્ટ પ્રાતિહાર્યોથી શોભાયમાન, આકર્ષક, મોહક, ચોત્રીસ, અતિશયોથી પ્રભાવક અને પાંત્રીસ ગુણ અલંકૃત વાણીથી તીર્થસ્થાપક તીર્થંકર, ધર્મ-પ્રકાશક, મોક્ષમાર્ગપ્રરૂપક, મોક્ષપ્રદાયક, જાગતિક પ્રાકૃતિક બળ નિયામક જિનેશ્વર ભગવંતને અનંતવંદન, પૂજન, સન્માન, સત્કાર, શ્રદ્ધાએ, મેધાએ, ધીઇએ, ધારણાએ...કરવા દ્વારા એ પદે બિરાજમાન બ્રહ્માનંદી-અર્હાનંદી અર્હમ્ પરમાત્માને સર્વસ્વથી સમર્પિત થઈ જવું, જેથી સિદ્ધાનંદી સિદ્ધ પરમાત્મપદની પ્રાપ્તિએ પૂર્ણ બની પરમાનંદને વેદાય અને જે અનંત ચતુષ્કની પ્રાપ્તિએ પરમાનંદ, સિદ્ધાનંદનું વેદન કરી રહ્યાં છે એ સિદ્ધ ભગવંતોને અહોભાવપૂર્વક 'ણમો સિદ્ધાણં' પદથી સ્વરૂપસ્થ, સ્વાભાવસ્થ સિદ્ધ પરમાત્માઓને વંદન કરવા. સિદ્ધ ભગવંતોએ સ્વયં સિદ્ધ થઈ આપણને અવ્યવહારાશિમાંથી વ્યવહારાશિમાં લઈ આવ્યા છે તે એમનો મહાન ઉપકાર છે અને વર્તમાને સિદ્ધપદે બિરાજમાન ધ્રુવતારક સમ એ પદે પ્રતિષ્ઠિત થવા આપણને સહુને આકર્ષી રહ્યા છે.

સાધક બની સાધકપદ અર્થાત્ ગુણપદમાં રહેલ ગુણને કેળવી, ગુણધણીપદ એવાં અરિહંત સિદ્ધપદ ઉપર નજર રાખી, સાધકપદે પદાર્પણ કરી ઉત્તરોત્તર ગુણારોહણ કરતાં સ્વરૂપપદ એવાં સિદ્ધપદને પ્રાપ્ત કરી ગુણધણી બની સ્વરૂપસ્થ થવાનો સંકેત નવપદ અને સિદ્ધચક્રયંત્ર આપે છે. માત્ર એક નાનકડાં સિદ્ધચક યંત્રમાં સાધના, મોક્ષમાર્ગનો નકશો દોરીને આપ્યો છે અને નવપદ આરાધના દ્વારા એ મોક્ષમાર્ગ કંડારી આપ્યો છે એ આપણા ઉપરનો મહાન ઉપકાર છે. હવે આપણે જ આપણી જાત ઉપર ઉપકાર કરી એ મોક્ષમાર્ગે ચાલી આપણો મોક્ષ કરી જાતને ધન્ય બનાવવાની છે, કૃતાર્થ થવાનું છે અને ઋણ ચૂકવવાનું છે.

**આનંદયાત્રા :**

નવપદની આરાધના માટે જેને સિદ્ધચક્રયંત્ર કહેવાય છે તે સિદ્ધચક્ર યંત્ર તો મોક્ષમાર્ગે સમ્યક્ત્વથી નિર્વાણ સુધીની આનંદયાત્રા છે.

'ણમો ણં વંદણં આણંદ વેઅણં' એ મંત્રથી આણંદ વેદનના ભોક્તા જ્ઞાની ગુરુ ભગવંતો અને દેવાધિદેવ અરિહંત સિદ્ધ ભગવંતોને કરવામાં આવતા નમસ્કારની આનંદયાત્રા છે.

આનંદનો આરંભ સમ્યક્ત્વ પ્રાપ્તિ એટલે સમ્યગ્દર્શનથી જ છે. દર્શનપદની પૂજા 'ૐ ણમો દંસણસ્સ'ના ઉચ્ચારણ સહિત કરતાં એવો ભાવ વ્યક્ત કરી શકાય કે...સમ્યગ્દર્શન, કેવળદર્શનની પ્રાપ્તિ માટે તત્ત્વાનંદદાયી દર્શનપદનું પૂજન કરવાપૂર્વક નમસ્કાર કરું છું.

'ૐ ણમો ણાણસ્સ' એ ઉચ્ચારણ સહિત જ્ઞાનપદની પૂજા કરતાં એવો ભાવ વ્યક્ત કરી શકાય કે...સમ્યગ્જ્ઞાન, કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે જ્ઞાનાનંદદાયી જ્ઞાનપદનું પૂજન કરવાપૂર્વક નમસ્કાર કરું છું.

'ૐ ણમો ચારિત્રસ્સ' એ ઉચ્ચારણ સહિત ચારિત્રપદની પૂજા કરતાં એવો ભાવ વ્યક્ત કરી શકાય કે...દેશવિરતિ, સર્વવિરતિ, યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ માટે સહજાનંદદાયી ચારિત્રપદનું પૂજન કરવાપૂર્વક નમસ્કાર કરું છું.

'ૐ ણમો તવસ્સ' એ ઉચ્ચારમ સહિત તપપદની પૂજા કરતાં એવો ભાવ વ્યક્ત કરી શકાય કે...અણાહારીતા, નિરીહિતા, વીતરાગતા, પૂર્ણકામની પ્રાપ્તિ માટે પૂર્ણાનંદદાયી તપપદનું પૂજન કરવાપૂર્વક નમસ્કાર કરું છું.

ઉપરોક્ત સાધના(ગુણા)નંદ ગુણી સાધકને લઈ જાય છે. સાધુભગવંતના આત્માનંદમાં, ઉપાધ્યાય ભગવંતના પ્રજ્ઞાનંદમાં, આચાર્ય ભગવંતના નિજાનંદમાં, અરિહંતભગવંતના અર્હાનંદ એટલે બ્રહ્માનંદમાં અને અંતે સિદ્ધ ભગવંતના પૂર્ણ, પરાકાષ્ઠાના પરમાનંદમાં-સિદ્ધાનંદમાં સ્થિત થવાનું હોય છે. એ પાંચ પદનું પૂજન કરતાં નીચે પ્રમાણેના ભાવ વ્યક્ત કરી શકાય કે...

અરિહત એવો હું અરિહન્ત બનવા બ્રહ્માનંદી અરિહન્ત ભગવંતને વંદન કરું છું. 'ણમો અરિહંતાણં'

અસિદ્ધ એવો હું સિદ્ધ બનવા માટે પરમાનંદી સિદ્ધ ભગવંતને વંદન કરું છું. 'ણમો સિદ્ધાણં'

અનાચારી એવો સદાચારી બનવા, પંચાચાર-પાલક થવા, સર્વોચ્ચ સાધક બનવા, નિજાનંદી આચાર્ય ભગવંતને વંદન કરું છું. 'ણમો આયરિયાણં'

અજ્ઞાની એવો જ્ઞાની બનવા, અવિનયી એવો વિનયી થવા માટે પ્રજ્ઞાનંદી ઉપાધ્યાય ભગવંતને વંદન કરું છું. 'ણમો ઉવજ્ઝાયાણં'

દુર્જન એવો સજ્જન થવા, બાધક મટી સાધક થવા માટે આત્માનંદી

સાધુ ભગવંતને વંદન કરું છું. 'ણમો લોએ સવ્વ સાહૂણં'

હવે ઉપરોક્ત મંત્ર 'ૐ ણમો ણં વંદણં આણંદ વેઅણં' વિષે વિચારીએ. 'ૐ ણમો ણં' એટલે અર્હમ્ અર્થાત્ સમવસરણ. એ જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય થયેથી બુદ્ધિનું બુદ્ધ સ્વરૂપે એટલે કેવળજ્ઞાનરૂપે પ્રાગટ્ય છે. 'ણં' એટલે નાણ કે જ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન.

'વંદણં આણંદ વેઅણં' એટલે મિથ્યા, વિનાશી, ક્ષણિક, અસ્થાયી વેદનનો ક્ષય અને સત્, સ્થાયી, શાશ્વત અનંત સુખ (અનંતાનંદરસ)ની નિષ્પત્તિ. ટૂંકમાં અબ્રહ્માનંદનો ક્ષય અને બ્રહ્માનંદનો પ્રાદુર્ભાવ. ઊંડો વિચાર કરીશું તો એ જણાશે કે અબ્રહ્માનંદમાં જ્ઞાનની દીર્ઘતા છે અને આનંદની ક્ષણિકતા છે. વળી જ્ઞાન અને આનંદની ભિન્નતા છે. જ્યારે બ્રહ્માનંદમાં જ્ઞાન અને આનંદની અભેદતા સહ અનંતતા અને વ્યાપકતા છે. આમ 'વંદણં આણંદ વેઅણં' એટલે સિદ્ધશિલા સ્થિત સિદ્ધ ભગવંતોની પરમાનંદિતા.

સર્વ સિદ્ધિદાયી સર્વાનંદદાયી સિદ્ધચક્રાય નમઃ
નિત્યાનંદદાયી નવપદાય નમઃ
નમામિ નિત્યં સિદ્ધચક્રમ્
નમામિ નિત્યં નવપદમ્
સિદ્ધચક્ર શરણં મમ.

'ણમો અરિહંતાણં.' બે હાથ જોડી, મસ્તક નમાવી ણમો અરિહંતાણં! શબ્દોચ્ચારથી થતો નમસ્કાર એ કાયિક, વાચિક નમસ્કાર છે. આવો કરાતો નમસ્કાર જો પ્રેમચેતનામાં ભળી એવી સ્થિતિ સર્જે કે ભગવાન વિના એક ક્ષણ પણ જીવાય નહિ તો એ માનસિક નમસ્કાર બને. ભગવાન એ જ જીવન, એવો ભગવાનની સર્વસ્વતાનો મનહૃદયમાં વાસ હોય તેવી મનઃસ્થિતિ તે જ સામર્થ્યયોગનો ભાવનમસ્કાર જે સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રમાં ગાયો છે કે...

'ઈક્કો વિ ણમુક્કારો જિણવર વ સહસ્સ વદ્ધમાણસ્સ
સંસાર-સાગરાઓ, તારે ઈ નરં વા નારીં વા.'

ગણધર ભગવંત ગૌતમ સ્વામીજી મહારાજાનો વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવંત મહાવીર સ્વામીજીને કરાતો નમસ્કાર આવો સામર્થ્યયોગનો ભાવનમસ્કાર હતો. ગૌતમસ્વામીજી, મહાવીર સ્વામી ભગવંત વિના એક ક્ષણ પણ જીવી શકતા નહિ એવી એમની પ્રેમચેતના ભગવાનમાં ભળી ગઈ હતી કે કહો ભગવાનમય બની ગઈ હતી. માટે જ તો ભગવાન હે ગોયમા ! હે ગોયમા ! ના સંબોધનથી વાત્સલ્ય વહાવતાં, તો ગૌતમસ્વામીજી અહો ભંતે ! અહો ભંતે ! ના ઉચ્ચારણથી ગદગદિત થતાં. એ ભગવાનવતી ભગવતી થઇને જીવતાં હતાં, તેથી તો ૫૦,૦૦૦ કેવળજ્ઞાની ભગવંતના ગુરુ કેવળજ્ઞાન દાતાર બન્યા. ભગવાનના વિરહમાં વિલાપ કર્યો તો જે રુદન આર્તધ્યાન કહેવાય તે એમને માટે કેવળજ્ઞાન-જનક શુક્લધ્યાનરૂપે પરિણમ્યું. કારણ અવિનાશી એવાં ભગવાન માટેનું એ રુદન હતું જે અવિનાશી જ બનાવે.

ટૂંકમાં 'ણમો અરિહંતાણં' એટલે સ્વયંના અસ્તિત્વનો લોપ. 'ણમો સિદ્ધાણં' એટલે સ્વરૂપને નમસ્કાર. અર્થાત્ 'હું દેહ નથી' એ સ્વરૂપનો જ્ઞાનના બળે સ્વીકાર અને ભગવાન થવા માટે દેહ ત્યાગની તૈયારી જે નિર્વાણનું લક્ષ્ય છે. 'ણમો આયરિયાણં' એટલે સદાચાર, પંચાચારનો સ્વીકાર અને ઉદારતાભર્યો વ્યવહાર. 'ણમો ઉવજ્ઝાયાણં' એટલે જ્ઞાનની સાચી સમજનો પ્રાદુર્ભાવ અને વ્યવહારમાં, વચનમાં પરમ વિનય. 'ણમો લોએ સવ્વ સાહૂણં' એટલે કોઇને દુઃખ દેવું નહિ, ભગવાનનો ઉપકાર ભૂલવો નહિ અને જગતના ઉપકારને યાદ કરી જગતઋણ પૂર્ણ કરવાપૂર્વક ભગવાનના ચરણના શરણમાં સાધક જીવન જીવવું.

'ણમો દંસણસ્સ' એટલે ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવને નમસ્કાર કે જે દર્શનમોહનીયકર્મનો ક્ષયોપશમભાવ આપે અને ક્ષયોપશમિક સમ્યક્ત્વને ક્ષાયિક સમ્યક્ત્વમાં પરિવર્તિત કરે, જેનાથી ઉત્કૃષ્ટથી ત્રણ ભવમાં મુક્તિ મળે.

'ણમો ણાણસ્સ' એટલે સમ્યગ્ જ્ઞાનને નમસ્કાર કે જે જ્ઞાનમાં અરિહંતનો અહોભાવ છે અને સિદ્ધપદની અર્થાત્ મોક્ષની પ્રબળ ઈચ્છા છે. એ જ્ઞાન કેવળજ્ઞાનને પ્રગટ કરનાર છે.

'ણમો ચારિત્રસ્સ' એટલે સંસારમાં જેની ગતિ અટકી જઈ, સિદ્ધપદ પ્રાપ્તિ માટે જ જેની દેહવર્તના છે એવાં ચારિત્રને નમસ્કાર. સ્વાધીન સ્વાલંબી જીવન જીવવું અને સહજાનંદમાં રહેવું એ જ ચારિત્ર અથવા દેહના ત્યાગ, વૈરાગ્ય, વ્રત, પચ્ચખ્ખાણ સહિતનું ચેતનાનું અરિહંત સિદ્ધની પ્રીતિ ભક્તિમાં સ્વપૂજ્યતાદિથી નિર્લેપ યોગપ્રવર્તન.

'ણમો તવસ્સ' એટલે કલ્પતરુ ચિંતામણિરત્નસમ પરમાત્વ પ્રીતિ ભક્તિથી સંસારમાં નિષ્કામતા, દેહાસક્તિનો નાશ અને દેહાવશ્યકની નિરહંકારપણે, અદીનભાવે, યાચકભાવે પૂર્તિ તેમ પુણ્યોદયે પ્રાપ્ત સર્વ સર્વેશ્વર પરમાત્મચરણે સમર્પણ, તેનું નામ તપ. અથવા નિષ્કામભાવ એવો તપ જે પૂર્ણકામ પ્રદાયક છે એને નમસ્કાર.

ઉપરોક્ત ચારેય સાધનાપદમાં વીર્ય ભેળવવાનું છે એટલે કે વીર્ય ફોરવવાનું છે અને સાધના દ્વારા ગુણ પ્રગટ કરવાના છે.

(૧) દર્શનપદથી દર્શનાચાર આરાધી મિથ્યાદર્શનને સમ્યગ્દર્શનમાં પરિવર્તિત કરી પૂર્ણદર્શન એવું કેવળદર્શન પ્રગટ કરવાનું છે.

(૨) જ્ઞાનપદથી જ્ઞાનાચાર આરાધી મિથ્યાજ્ઞાનને સમ્યગ્ જ્ઞાનમાં પરિવર્તિત કરી પૂર્ણ જ્ઞાન એવાં કેવળજ્ઞાનને પ્રગટ કરવાનું છે.

(૩) ચારિત્રપદથી ચારિત્રપાલનથી અનાચાર, દુરાચાર, પાપાચાર છોડી સદાચાર, શ્રાવકાચાર, સાધ્વાચાર પાલનાથી સ્વરૂપ સ્પર્શના કરી, સ્વરૂપ વેદી, સ્વરૂપસ્થ થઈ, પરમસ્થિરત્વની પ્રાપ્તિએ અનંતસુખમાં મહાલવાનું છે અને સહજાનંદી બની રહેવાનું છે.

(૪) તપપદથી તપાચારની સેવનાથી નિષ્કામ, નિરીહી, વીતરાગ બની, પૂર્ણાનંદી, પૂર્ણકામ બનવાનું છે, જે અણાહારીપદ છે કેમકે એ અશરીરી અવસ્થા છે. દેહધારીને દેહ માટે આહારની આવશ્યકતા છે. અદેહીને આહારની જરૂર નથી.

(૫) ઉપરોક્ત ચારેયમાં વર્ધમાનભાવે પૂર્ણતાના પ્રાગટ્ય સુધીની એકધારી ગતિ, એકધારું સાતત્ય જાળવી રાખવું એ વીર્યાચારની પાલના છે, જેનાથી સર્વ અંતરાય (વિઘ્ન) પાર કરી અનંતશક્તિ સ્વરૂપ પ્રગટ કરવાનું છે. જીવની ચેતનાશક્તિનું મૂળ વીર્ય આઠ રૂચક પ્રદેશો છે જેને સર્વ આત્મ પ્રદેશે વ્યાપક બનાવવાનું છે.

શક્તિથી મળેલું પુણ્ય, પરમાત્મચરણકમલમાં ધરી દેવું અને જગત ઉપર ઉપકાર કરવો અર્થાત્ જગતઋણ અદા કરવું.

શક્તિ ભગવાનમાં દાસત્વ માંગે છે અને ભગવાન જગતપ્રતિ કરુણા ઇચ્છે છે.

ભગવાનમાંથી કરુણારસ વહે છે. ભગવાનની આંખોમાંથી અમીરસ ઝરે છે.

(સંપૂર્ણ)

☐ સંકલક : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

# શ્રી દેવચંદ્રજી મહારાજ રચિત શ્રી કુંથુનાથ જિન સ્તવન

□ શ્રી સુમનભાઈ એમ. શાહ

શ્રી તીર્થંકર ભગવંત સમવસરણમાં બિરાજમાન થઈ જગતના જીવોના આત્મકલ્યાણાર્થે જિનવાણી મારફત જીવ-અજીવાદિ સતૃતત્ત્વોનું યથાતથ્ય સ્વરૂપ પ્રકાશિત કરે છે. શ્રી દેવચંદ્રજી મહારાજ પ્રસ્તુત સ્તવનમાં શ્રી અરિહંત પ્રભુની સ્યાદ્‌વાદમયી ધર્મદેશનાનું માહાત્મ્ય ખુલ્લું કરે છે.

આમ તો વાણી સામાન્યપણે ક્રમબદ્ધ અને સીમિત હોય છે, તેમ છતાંય શ્રી જિનવાણી પાંત્રીસ અતિશયોથી યુક્ત હોય છે. જેમ કે: સંસ્કારી, ઉચ્ચ સ્વરે બોલાતી, ગંભીર, પડઘો પાડનારી, સહેજે સમજાય તેવી, માલકોશાદિ રાગવાળી, મહાઅર્થવાળી, પૂર્વાપર વિરોધ રહિત, શિષ્ટતાયુક્ત, સંદેહરહિત, પ્રશ્નોનું નિરાકરણ કરનારી, હૃદયને આનંદ આપનારી, અવસરને ઉચિત, તત્ત્વને યથાર્થ જણાવનારી, વિષયાંતરથી રહિત, શ્રોતાની ગ્રાહ્યતાને અનુરૂપ, મધુર રસવાળી, ધર્મ-અધર્મને સમજાવનારી, વિવિધતાવાળી, આશ્ચર્યજનક, સંપૂર્ણ અર્થને કહેનારી, ખેદ અને દોષથી રહિત, સહજભાવે પ્રવર્તનારી ઇત્યાદિ.

શ્રી જિનવાણી અનુપમ, તલસ્પર્શી, અપૂર્વ તત્ત્વજ્ઞાનથી સમૃદ્ધ, ગુણ-પર્યાયની અનંતતાથી યુક્ત અને નય-ગમ-ભંગ-નિક્ષેપાદિ અપેક્ષાઓથી ભરપૂર હોય છે. મહાન ગીતાર્થ આચાર્યો પણ આવી જિનવાણીને સમજવામાં પોતાને વામન તરીકે ઓળખાવે છે. હવે પ્રસ્તુત સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ.

સમવસરણ બેસી કરી રે, બારહ પર્ષદા માંહે;
વસ્તુ સ્વરૂપ પ્રકાશતા રે, કરુણાકર જગનાહો રે...કુંથુ-૧

શ્રી અરિહંત પરમાત્માની ધર્મદેશના માટે દેવો ત્રણ ગઢરૂપે સમવસરણની રચના કરે છે. સૌથી નીચેના ગઢમાં વાહનો મૂકવાની વ્યવસ્થા હોય છે. તેની ઉપરના બીજા ગઢમાં તિર્યંચો જાતિવૈર ભૂલીને દેશના સાંભળવા એકઠા થાય છે. સૌથી ઉપરના ત્રીજા ગઢમાં શ્રી તીર્થંકર પ્રભુના ચતુર્મુખ સ્વરૂપની સન્મુખ દેવો અને મનુષ્યો બિરાજમાન થાય છે. દરેક ખૂણામાં ત્રણ પંક્તિઓની ગોઠવણી કરવામાં આવે છે. આવા ચાર ખૂણામાં બાર હારમાળા કે પર્ષદાની વ્યવસ્થા કરવામાં આવે છે, જેમાં જુદા-જુદા પ્રકારના દેવો, મનુષ્યો, સાધુ, સાધ્વી વગેરે નિયત કરેલા સ્થાનમાં જિનવાણી સાંભળવા બેસે છે. આ પ્રકારના સમવસરણમાં અશોકવૃક્ષની નીચે અને મણિમય રત્નસિંહાસન ઉપર કરુણાના સાગર અને ત્રિભુવનપતિ શ્રી અરિહંત પરમાત્મા બિરાજમાન થઈ કલ્યાણકારી ધર્મદેશના આપે છે. શ્રી જિનેશ્વરની ધર્મદેશનામાં મુખ્યત: જીવ-અજીવાદિ પદાર્થોનું દરઅસલ સ્વરૂપ અનેક પ્રકારની અપેક્ષાઓથી (સ્યાદ્‌વાદમય) પ્રકાશિત થાય છે. આવી અપૂર્વ જિનવાણી જગતના સર્વ જીવોનું આત્મકલ્યાણ કરવામાં મુખ્ય હેતુરૂપ પરિણમે છે.

કુંથુ જિનેસરુ રે, નિર્મલ તુજ મુખ વાણી રે;
જે શ્રવણે સુણે રે, તેહી જ ગુણમણિ ખાણી રે...કુંથુ-૨

શ્રી કુંથુનાથ પ્રભુની ધર્મદેશના એકાગ્રતાથી સાંભળી શ્રોતાગણ હર્ષોલ્લાસ અને ઊર્મિઓ વ્યક્ત કરે છે.

'હે કુંથુનાથ પ્રભુ ! આપની સ્યાદ્‌વાદમયી જિનવાણી અત્યંત નિર્મળ, હિતકારી, મોક્ષચારિણી અને સર્વ સતૃતત્ત્વોના મૂળ સ્વરૂપને પ્રકાશિત કરવાવાળી હોય છે. હે પ્રભુ ! જે ભવ્યજીવોને આવી અપૂર્વ વાણી સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, તે ધન્યતા અનુભવે છે. આવી વાણીના શ્રવણથી ભવ્યજીવોનો પુરુષાર્થ જાગૃત થાય છે અને તેઓને સમ્યક્‌ત્વાદિ અનેક ગુણોની પ્રાપ્તિ અવશ્ય સંભવે છે. આવા શ્રોતાગણો મુક્તિમાર્ગના અધિકારી થઈ છેવટે સર્વ આત્મિકગુણ સંપન્ન થાય છે.'

ગુણ પર્યાય અનંતતા રે, વલિય સ્વભાવ અગાહ,
નય ગમ ભંગ નિક્ષેપના રે, હેયાદેય પ્રવાહો રે...કુંથુ-૩

શ્રી તીર્થંકર ભગવંત દરેક સતૃદ્રવ્યના અનંતા ગુણ, પર્યાય અને સ્વભાવના વિધવિધ સ્વરૂપને અનેક પ્રકારના નયો અને નિક્ષેપો વડે પ્રકાશિત કરે છે. ઉપરાંત મુક્તિમાર્ગના જે જે ઉપકારી ભાવો છે (ઉપાદેય) તેને પ્રશસ્તરૂપે ખુલ્લા કરે છે અને જે જે સંસારવૃદ્ધિના અપકારી (હેય) ભાવો છે તેને અપ્રશસ્તરૂપે જણાવે છે. આવા બન્ને પ્રકારના ભાવોની સમ્યક્‌પ્રકારે સમજણ મેળવી, વિવેક જાળવી, સાધક પુરુષાર્થમાં પ્રવૃત્ત થાય છે. જે ભવ્યજીવોને આવી સ્યાદ્‌વાદમયી દેશના સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, તેઓને આત્મકલ્યાણકારી પ્રવૃત્તિનો યથાર્થ બોધ થાય છે અને સાથે-સાથે જે પ્રવૃત્તિઓ કલ્યાણને બાધક છે તેને ટાળી શકાય છે.

કુંથુનાથ પ્રભુ દેશના રે, સાધન સાધક સિદ્ધ;
ગૌણ મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધો...કુંથુ-૪

જગતના જીવો સિદ્ધપદ પામે એવો અંતિમ હેતુ શ્રી કુંથુનાથ પ્રભુની ધર્મદેશનાનો છે. આવું લક્ષ પાર પાડવામાં ઉપયોગી સઘળાં સતૃસાધનો, સાધકોની આંતરબાહ્ય વર્તના તથા સિદ્ધ ભગવંતોના શુદ્ધ સ્વરૂપનું યથાતથ્ય વર્ણન જિનવાણી મારફત પ્રકાશિત થાય છે.

શ્રી સર્વજ્ઞ ભગવંતનું જ્ઞાન સર્વ દ્રવ્યોના સમસ્ત ત્રિકાલિક પરિણમન ભાવનું પ્રત્યેક સમયે પ્રત્યક્ષપણે હોય છે. બીજી રીતે જોઇએ તો કેવળ જ્ઞાનાદિ સ્વરૂપ સર્વ ભાવોને જાણવામાં સમર્થતા ધરાવતું હોવાથી, તેમાં મુખ્ય કે ગૌણતાનો સવાલ ઉત્પન્ન થતો નથી. આવી મૂળ હકીકત હોવા છતાંય જિનવાણી મારફત જે બોધ પ્રકાશિત થાય છે, તેમાં મુખ્યતા અને ગૌણતા અંતર્ગત હોય છે. આનું મુખ્ય કારણ એ હોઈ શકે કે વચન ક્રમબદ્ધ હોવાથી શ્રોતાગણને ગ્રાહ્ય, અવસરને ઉચિત અને ઉપયોગી ધર્મને મુખ્યપણે પ્રકાશિત કરવામાં આવે છે અને બાકીનાને ગૌણપણે લેવાનું હોય છે, જેથી ધર્મદેશના જીવોને આત્મકલ્યાણકારી નીવડે.

વસ્તુ અનંત સ્વભાવ છે રે, અનંત કથક તસુ નામ;
ગ્રાહક અવસર બોધથી રે, કહે અર્પિત કામો રે...કુંથુ-૫

જીવ-અજીવાદિ સર્વ સતૃદ્રવ્યો કે પદાર્થો અનંત ધર્માત્મક હોય છે. આવા પદાર્થોનાં ઘણાંખરાં નામ પણ તેમાં રહેલ ધર્મને જણાવનારાં હોય છે. પ્રત્યેક દ્રવ્ય સમયે-સમયે અનંતા ગુણ-પર્યાયમાં પરિણમે છે, તે સર્વજ્ઞ ભગવંતના જાણપણામાં હોવાથી તેને પ્રકાશિત કરી શકે છે. આમ છતાંય શ્રી અરિહંત પ્રભુ અવસરને અનુરૂપ, શ્રોતાજનોની ગ્રાહ્યતા, સર્વ જીવોને હિતકારી તથા આત્મકલ્યાણ કરનારી હકીકતોને મુખ્યતા આપી ધર્મદેશના આપતા હોય છે.

શેષ અનર્પિત ધર્મને રે, સાપેક્ષ શ્રદ્ધા બોધ;
ઉભય રહિત ભાસન હોવે રે, પ્રગટે કેવલ બોધો રે...કુંથુ-૬

ઉપરની ચોથી અને પાંચમી ગાથામાં જણાવ્યા મુજબ મુખ્ય કલ્યાણકારી બોધને સાધક ગ્રહણ કરી, અનુકૂળ ઉપાદેય અને હેયનો વિવેક જાળવી,

પુરુષાર્થધર્મમાં પ્રવૃત્ત થાય છે. આ સિવાયના ભાવોમાં સાપેક્ષપણે યથાર્થ શ્રદ્ધા રાખવાની હોય છે, કારણ કે વાણી ક્રમબદ્ધ તથા અમુક અપેક્ષાએ સીમિત હોય છે. સાધકદશામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ સાધકને પુરુષાર્થની ગોઠવણી કરવાની હોય છે જેથી તેની સઘળી પ્રવૃત્તિ સાધ્યને અનુરૂપ અને આત્માના અનુશાસનમાં રહી સત્‌સાધનોથી મુક્તિમાર્ગની શ્રેણીનું આરોહણ કરવાનું હોય છે. છેવટે જ્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ સાધકને થાય છે, ત્યાર પછી ઉપાદેય અને હેયનું કોઇપણ પ્રકારનું પ્રયોજન રહેતું નથી.

છતિ પરિણતિ ગુણ વર્તના રે, ભાસન ભોગ આનંદ;
સમકાળે પ્રભુ તાહરે રે, રમ્ય રમણ ગુણ વૃંદો રે...કુંથુ-૭

જીવ દ્રવ્યના ગુણપર્યાયો એક જ અવસ્થાવાળા ન હોવાથી તેનું પાંચ વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે અને જે અસાધરણ ભાવો તરીકે ઓળખાય છે. જીવ દ્રવ્યનું સ્વરૂપ દર્શાવનાર ઓપશમિક, ક્ષાયિક, ક્ષાયોપક્ષમિક, ઔદયિક અને પારિણામિક એવા પાંચ અસાધારણ ભાવો છે. જીવરાશિની અપેક્ષાએ સર્વ સાંસારિક અને મુક્ત જીવોના સર્વ પર્યાયો આ પાંચમાંથી કોઈ ને કોઈ ભાવવાળા અવશ્ય હોય છે. સિદ્ધગતિમાં માત્ર ક્ષાયિક અને પારિણામિક ભાવો હોય છે, સદેહે વિચરતા તીર્થંકર અને કેવળીઓને ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક ભાવો હોય છે, જ્યારે અન્ય સાંસારિક જીવોને ત્રણથી-પાંચ ભાવો હોઈ શકે છે. આગલી ગાથાઓમાં શ્રી અરિહંત પ્રભુના નામકર્મના ઉદયે (ઔદયિક) તેમની પરોપકારી ધર્મદેશનાનું માહાત્મ્ય અમુક અંશે દર્શાવ્યું છે.

પ્રસ્તુત ગાથામાં શ્રી અરિહંત પ્રભુના ક્ષાયિક ભાવના શુદ્ધ સ્વરૂપનું માહાત્મ્ય સ્તવનકાર ખુલ્લું કરે છે. શ્રી તીર્થંકર ભગવંત પ્રચંડ પુરુષાર્થ આદરી ચાર ઘાતિકર્મોનો સર્વથા ક્ષય કરી, કેવળ જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યાદિ ગુણોમાં ક્ષાયિકભાવે રહી પરિણામ પામતા રહે છે. આવી વિશુદ્ધ પરિણતિમાં તેઓ પ્રત્યેક સમયે જગતના સર્વ ભાવોને જોઈ-જાણી શકે છે. તેઓની સ્થિરતા નિરંતર કેવળ ચારિત્રમાં વર્તતી હોય છે. આમ સર્વ કેવળી ભગવંતો પ્રત્યેક સમયે અવ્યાબાધપણે કેવળ જ્ઞાનદર્શનાદિ ગુણોમાં પરિણમન કરી રહેલા હોવાથી તેઓની રમણતા માત્ર આત્મિકગુણોમાં જ વર્તે છે અને તેનું અનંતુ સહજસુખ અને આનંદ ભોગવે છે.

શ્રી તીર્થંકર ભગવાનની આવી પ્રભુતાનું યથાતથ્ય સ્વરૂપ જિનવાણી મારફત જાણી મુમુક્ષુનું હૃદય અપૂર્વ આનંદ, આશ્ચર્ય અને હર્ષોલ્લાસથી નાચી ઊઠે છે.

નિજ ભાવે સીય અસ્તિતા રે, પર નાસ્તિત્વા સ્વભાવ;
અસ્તિપણે તે નાસ્તિતા રે, સીય તે ઉભય સ્વભાવો રે...કુંથુ-૮

પ્રત્યેક સત્‌દ્રવ્યનું અનંત ધર્માત્મક સ્વરૂપ વ્યવહારમાં મહદ્ અંશે સરળતાથી સમજી શકાય તે હેતુથી જ્ઞાનીપુરુષોએ સ્યાદ્વાદ દૃષ્ટિથી વસ્તુ–વિચારણાની પદ્ધતિ પ્રતિપાદિત કરેલી છે. આવી સ્યાદ્વાદ પદ્ધતિમાં સ્યાત્ (કથંચિત) અસ્તિ-નાસ્તિ-અવક્તવ્યમ્‌ને જુદી જુદી Combination વડે સાત ભાંગા કે પ્રકાર થાય છે, જેને સપ્તભંગી કહેવામાં આવે છે. અનેક અપેક્ષાઓથી થતી વિચારણાનો સુમેળ સાધી સત્‌વસ્તુને સ્યાદ્વાદ પદ્ધતિ અપનાવી સમજવાથી અનાગ્રહી થવાય અને મતમતાંતર ટાળી શકાય. હવે સ્યાદ્વાદ દૃષ્ટિએ ઉપરના ગાથાના [illegible] આત્મદ્રવ્યમાં 'સ્વ' પર્યાય પરિણતિની અપેક્ષાએ કથંચિત અસ્તિતા રહેલી છે, પરંતુ 'પર' સ્વભાવની અપેક્ષાએ નાસ્તિતા રહેલી છે. એટલે પ્રત્યેક સમયે જ્યારે 'સ્વ'ગુણ પર્યાયનું અનંતુ પરિણમન છે, તે જ સમયે 'પર' દ્રવ્યના ગુણપર્યાયનું નાસ્તિપણું પણ અનંતુ છે. ઉપરાંત જ્યારે 'સ્વ'ભાવ અને 'પર'ભાવ બન્નેનું અસ્તિપણું અને નાસ્તિપણું અનુક્રમે છે, તે જ સમયે કથંચિત અવક્તવ્ય 'સ્વ'ભાવ પણ રહેલો છે, કારણ કે વચનગોચર પર્યાયો કરતાં જે વચનમાં આવ્યાં નથી તેની સંખ્યા અનંતગણી વધારે છે.

અસ્તિ સ્વભાવ જે આપણો રે, રુચિ વૈરાગ્ય સમેત;
પ્રભુ સન્મુખ વંદન કરી રે, માંગીશ આતમ હેતો રે...કુંથુ-૯

સાધકની પ્રાર્થનામાં નીચે મુજબના ઉદ્‌ગારો નીકળે છે. 'હે પ્રભુ ! મને હવે ગુરુગમે જિનવાણીનો યથાર્થ બોધ પ્રાપ્ત થતાં સમજણ પ્રગટી છે કે મારો જે સચ્ચિદાનંદમય અસ્તિ સ્વભાવ છે તે હાલમાં બહુધા સત્તાગત કે અપ્રગટદશામાં છે. હે પ્રભુ ! મને હવે આ અસ્તિ સ્વભાવનું પ્રાગટ્યકરણની રુચિ અને અભિલાષા ઉત્પન્ન થઈ છે. આ હેતુથી સાધ્યની સિદ્ધિ સિવાય અન્ય પ્રવૃત્તિમાં મારાથી ઉદાસીનતા સેવાય એવી હે પ્રભુ ! મને શક્તિ આપો. આપની સન્મુખ પ્રણામ-વંદનાદિ કરી હે પ્રભુ ! હું એટલું માગું છું કે આપની કૃપાથી મારું દરઅસલ સ્વરૂપ પ્રગટ થાઓ !'

અસ્તિ સ્વભાવ રુચિ થઈ રે, ધ્યાતો અસ્તિ સ્વભાવ;
દેવચંદ્ર પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે...કુંથુ-૧૦

જે સાધકને પોતાના સત્તાગત સહજ, શુદ્ધ, અક્ષયાદિ આત્મસ્વભાવ પ્રગટ કરવાની દૃઢ રુચિ પ્રગટે છે, તે અંતર્ આત્મદશામાં રહી અસ્તિ સ્વભાવનું નિરંતર ધ્યાન ધરે છે. આવા સાધકનો સઘળો પુરુષાર્થ સાધ્યને અનુલક્ષીને થતો હોવાથી અથવા તેની વર્તના આત્માના અનુશાસનમાં હોવાથી તે ઉત્તરોત્તર દેવોમાં ચંદ્ર સમાન પૂર્ણ પરમાનંદી અને ઉજ્જવળ પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

[ શ્રી દેવચંદ્રજી મહારાજના શ્રી કુંથુનાથ ભગવાનના સ્તવનમાં છેલ્લી કડીની છેલ્લી પંક્તિમાં 'પરમાનંદ જમાવો રે' એવો પાઠ લગભગ બધા જ સંગ્રહોમાં જોવા મળે છે. પરંતુ શ્રી દેવચંદ્રજી મહારાજે પોતાનાં સ્તવનો ઉપર પોતે લખેલા બાલાવબોધમાં પાઠ 'પરમાનંદ જ નાવો રે' જોવા મળે છે. વળી 'નાવ' શબ્દની સ્પષ્ટતા કરતાં બાલાવબોધમાં તેમણે 'જહાજ' શબ્દ પણ પ્રયોજ્યો છે. તેમણે લખ્યું છે 'પરમાનંદ સ્વાધીન અત્યંતક અવ્યાબાધ સુખ તેનો જહાજ નાવ છે.'–તંત્રી.]

### પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા રવિવાર, તા. ૨૪મી ઑગસ્ટ ૨૦૦૩થી રવિવાર તા. ૩૧મી ઑગસ્ટ ૨૦૦૩ સુધી એમ આઠ દિવસ માટે પાટકર હોલ (ન્યૂ મરીન લાઈન્સ, ચર્ચગેટ)માં યોજવામાં આવી છે. રોજ સવારે ૭-૩૦ થી ૮-૨૦ ભક્તિગીતો તથા ૮-૩૦ થી ૧૦-૧૫ સુધી બે વ્યાખ્યાનો રહેશે. સૌને પધારવા નિમંત્રણ છે. સવિગત કાર્યક્રમ હવે પછીના અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

□ મંત્રીઓ

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૪ ● અંક : ૮ ● ઑગસ્ટ, ૨૦૦૩ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## अदीणमणसो चरे ।

— ભગવાન મહાવીર

## (અદીનભાવથી વિચરવું)

ભગવાન મહાવીરે સાધુઓ માટે, સંયમી માટે બાવીસ પ્રકારના પરીષહ બતાવ્યા છે. પરીષહ અને ઉપસર્ગ એમ બે શબ્દો સાથે બોલાય છે. ઉપસર્ગ ભયંકર હોય છે. ક્યારેક તે મારણાન્તિક એટલે કે મૃત્યુમાં પરિણમનાર હોય છે. પરીષહ ઉપસર્ગ કરતાં હળવા હોય છે. એમાં કષ્ટ સહન કરવાની વાત છે. એમાં તાત્કાલિક મૃત્યુનું કોઈ જોખમ હોતું નથી.

ક્ષુધા, તૃષ્ણા, ટાઢ, તાપ, ડાંસમચ્છર, રોગ, માનાપમાન વગેરે પરીષહો સહન કરવાની ટેવ સાધુએ પાડવી જોઈએ. એ સહન કરતી વખતે સાધુએ મનમાં દીનતા, લાચારી, મજબૂરીનો ભાવ ન લાવવો જોઈએ, કારણ કે સાધુએ પરીષહો સ્વેચ્છાએ સ્વીકારેલા હોય છે. આવાં કષ્ટો વખતે સાધુના ચિત્તમાં પ્રસન્નતા હોવી જોઈએ. એ પ્રસન્નતા એમના ચહેરા પર પણ દેખાવી જોઈએ. જેમ સાધુ માટે તેમ શ્રાવક માટે પણ કહી શકાય. શ્રાવકે પણ કષ્ટો સ્વેચ્છાએ પ્રસન્નતાપૂર્વક સહન કરતાં શીખવું જોઈએ.

ઉત્તરાધ્યયનસૂત્રના 'પરીષહ' નામના બીજા અધ્યયનમાં ભગવાન મહાવીર સ્વામીએ સાધુને ભલામણ કરતાં કહ્યું છે :

काली पव्वंग संकासे, किसे धमणिसंतए ।
मायण्णे असण-पाणस्स अदीणमणसो चरे ॥

શરીર કૃશ એટલે દુબળું-પાતળું થઈ ગયું હોય, આખા શરીરની નસો દેખાતી હોય, ધમણની માફક શ્વાસોચ્છ્વાસ ચાલતા હોય, અંગો કાગડાની જાંઘ જેવાં થઈ ગયાં હોય છતાં આહાર પાણીની મર્યાદાને જાણવાવાળો સાધુ મનમાં દીનતાનો ભાવ ન લાવે, અદીનભાવથી વિચરે.

કોઈ માણસે તપશ્ચર્યા કરી હોય ત્યારે પોતે આહારનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો હોય છે. એટલે પોતાને ખાવાનું મળી શકે એમ હોવા છતાં ખાવું નથી એ ભાવ રહે છે. એમાં પ્રસન્નતા ટકાવી રાખવી જોઈએ. એ અઘરી નથી. પરંતુ કકડીને ભૂખ લાગી હોય, શરીર અશક્ત થઈ ગયું હોય તે વખતે ખાવાનું ન મળે તો દીનતાનો ભાવ આવે. ત્યારે ભૂખથી માણસ પરાભવ પામે છે અને ખાવાનું મળે તો પોતે રાજી રાજી થઈ જાય છે. પરંતુ આવી પરિસ્થિતિમાં આહારપાણી ન મળે તો પણ સંયમી સાધકોએ પ્રસન્નતા રાખવી જોઈએ. દીનતા ન બતાવવી જોઈએ. કેટલાક તો એવા અજાચક વ્રતધારી હોય છે કે જેઓ પોતાની જરૂરિયાતની વસ્તુ માટે સામેથી ન કહે, ન માંગે, પણ પ્રેમથી ચલાવી લે.

સાધુ ભગવંતોને પોતાના સત્ત્વની કસોટી કરે એવી એક વાત તે ગોચરી વહોરવાની છે. કોઈ ઘરે વહોરવા જાય અને કશું વહોર્યા વગર પાછા ફરવું પડે ત્યારે પોતાના ચિત્તની દશાને તપાસી જોવા જેવી છે. જે ગ્રામનગરમાં ઘણાં ઘરો હોય ત્યાં તો મનમાં એમ થાય કે એક નહિ તો બીજે ઘરેથી ગોચરી વહોરવાની મળી રહેશે. પણ જ્યાં નાના ગામમાં કે મોટા શહેરના અમુક વિસ્તારમાં ઓછાં ઘર હોય ત્યારે સૂઝતો આહાર ન મળે તો મનમાં દીનતા ન આવવા દેવી જોઈએ. વળી જ્યાં ગોચરી વહોરવા જાય અને આદરસત્કાર ન મળે અથવા ઘરના સભ્યોનો ગોચરી વહોરાવવા માટે કોઈ ઉત્સાહ ન જોવા મળે ત્યારે પોતાના મનના ભાવ ન બગડવા જોઈએ.

સંયમી શ્રમણો માટે અહીં ભૂખ અને આહારની વાત કરવામાં આવી છે. શ્રમણો ઉપરાંત શ્રાવકોના, તમામ મનુષ્યોના જીવનમાં દીનતાના પ્રસંગો આવે છે. માત્ર આહાર જ નહિ, બીજી અનેક બાબતો માણસને દીન બનાવી દે છે. ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ માણસ પાસે દીન વચનો ઉચ્ચાવરાવે છે. એટલા માટે જ કહેવાયું છે કે न भाविज्जा दीणयं । માણસે દીનતાનો વિચાર ન કરવો જોઈએ, મનમાં એવો ભાવ ન લાવવો જોઈએ. દીનતા છોડીને આધ્યાત્મિક સંપત્તિવાન થવાનું ધ્યેય જેઓ રાખે છે તેઓના જીવનમાં ત્યાગ, વૈરાગ્ય આવ્યા વિના રહેતાં નથી. જેટલી વસ્તુઓના મોજશોખ હોય એટલી તે મેળવવા માટેની ઝંખના રહે. તે માટે કમાવાનો પુરુષાર્થ કરવાની પરાધીનતા રહે અને પરાધીનતા એટલે દીનતા. એટલે જ જૈન મુનિઓ પાસે ઓછામાં ઓછાં ઉપકરણો, જીવનનિર્વાહ માટેનાં બાહ્ય સાધનો ઓછામાં ઓછાં હોય છે. બાહ્ય ચીજવસ્તુઓ માટે તેઓને કોઈની ગરજ ભોગવવાની રહે નહિ. દિગંબર મહાત્માઓને આહારપાણી સિવાય બીજી કશી આવશ્યકતા નહિ એટલે પરાધીનતા નહિ.

માણસ દીન બને છે ત્યારે કેટલાક લોકો એની દયા ખાય છે. પોતાના પ્રત્યે કોઈ સહાનુભૂતિ બતાવે, કોઈ દયા ખાય તો માણસને હિંમત આવે છે. અંદરથી કંઈક બળ મળે છે. કોઈ દયા બતાવે, પોતાની તકલીફ દૂર કરે તો માણસને ગમે છે. પણ પછી કેટલાકને એવી દયા-સહાનુભૂતિ મેળવવાની ટેવ પડી જાય છે. એટલે એવા માણસોને પોતાનાં દુ:ખનાં રોદણાં રડવાનું ગમે છે. પછી તો દુ:ખ કે કંઈ કષ્ટ હોય કે ન હોય તો પણ તેઓને રોદણાં રડ્યા વગર ચેન નથી

પડતું. કલ્પિત કષ્ટોનો આશ્રય લેવાય છે. કાયર અને નિ:સત્ત્વ માણસોને તો પોતાની સાચી કે કૃત્રિમ દીનતા લાભકારક લાગે છે.

માણસને લાચાર બનાવી દેનારી બીજી એક મહત્ત્વની ઘટના તે ગંભીર બીમારી છે. ગમે તેવો સશક્ત અને મગરૂબીવાળો માણસ, વડના વાંદરા ઉતારે એવો હોય તો પણ અસાધ્ય, ગંભીર રોગ આવે ત્યારે અસહાય, દીન બની જાય છે. એના અવાજમાં એની દીનતા વરતાય છે. ક્યારેક તો પોતે ન ઇચ્છે તો પણ એનાં નયનોમાં આર્દ્રતા ઉભરાય છે.

કેટલાય એવા સમર્થ માણસો હોય છે કે જેઓ કહેતા હોય કે પોતાને મૃત્યુનો જરાય ડર નથી. પોતે એને માટે તૈયાર બેઠા છે. પરંતુ એવા માણસો જ્યારે કેન્સરમાં અથવા એવા કોઈ ગંભીર રોગમાં સપડાયા હોય અને જાણી લીધું હોય કે હવે પોતે થોડા દિવસના જ મહેમાન છે, ત્યારે વાતવાતમાં તેઓ રડી પડતા હોય છે.

માણસ ખૂન, ચોરી, વ્યભિચાર, ખોટા દસ્તાવેજ, દાણચોરી વગેરે કોઈક અપકૃત્ય કરે અને પકડાઈ જાય ત્યારે તે અત્યંત દીન બને છે. તેનો ચહેરો મ્લાન બની જાય છે. લોકોને ત્યારે તે મોંઢું બતાવી શકતો નથી. પોતાની અપકીર્તિથી તે ઝાંખો પડી જાય છે. એથી કોઈકને માનસિક રોગ થાય છે. કોઇકને આપઘાત કરવાનું મન થાય છે, કેટલાક ખરેખર આપઘાત કરી બેસે છે. દીનતાનાં આ પરિણામ છે.

દીનતા પણ બધાંની એક સરખી હોતી નથી. કોઈકની સામાન્ય, તો કોઈકની તીવ્રતર, તીવ્રતમ હોય છે. કેટલાકને દીનતા આરંભમાં કઠે છે, પણ પછી ગમે છે અને કેટલાકને દીનતાની ટેવ પડી જાય છે, એમના જીવનમાં એ ઘર કરી બેસે છે.

સંસ્કૃતમાં કહેવાયું છે કે 'मा ब्रूहि दीनं वचः ।' દીન વચન બોલો નહિ. સકારણ કે અકારણ દીન વચન બોલવું નહિ. ક્યારેક અતિશય લાચાર બનેલા માણસથી દીન વચન બોલાઈ જાય છે. 'મારે માથે તો દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે;' 'અમે તો સાવ પાયમાલ થઈ ગયા;' 'આ દુનિયામાં અમારું કોઈ નથી;' 'અમે અનાથ થઈ ગયા;' 'અમે ક્યાં હતા અને આજે ક્યાં આવી પડ્યા ?' 'અમે તો રસ્તા પરના થઈ ગયા'; 'મારે દેવું એટલું થઈ ગયું છે કે મરવાનું મન થઈ જાય છે;' 'મેં ધારેલું નહિ કે મારી સાથે આવો દગો રમાશે ! હવે તો આપઘાત સિવાય છૂટકો નથી.' ઇત્યાદિ દીનતાનાં વચનો વખતોવખત સાંભળવા મળે છે. પરંતુ એવાં નિરાશાવાદી વચનથી કંઈ ઉકેલ આવતો નથી.

માણસે સરળતા, લઘુતા, વિનમ્રતા, સહિષ્ણુતા વગેરે ગુણો જીવનમાં કેળવવા જોઇએ કે જેથી દીનતા ન આવે, પરંતુ એનું પરિણામ એવું ન આવવું જોઇએ કે જેથી પોતાનામાં લઘુતાગ્રંથિ જન્મે, અથવા તો દીનતા-હીનતાનો ભાવ જ રહ્યા કરે અને સત્ત્વહીન બની જવાય. વસ્તુત: સરળતા, લઘુતાદિ સદ્ગુણોથી પોતાનું સત્ત્વ વધુ ખીલવું જોઇએ.

બીજી બાજુ સરળતા, લઘુતા વગેરે પોતાના ગુણો માટે માણસે એટલા બધા સભાન પણ ન રહેવું જોઇએ કે જેથી એ સદ્ગુણો માટે અભિમાન પ્રગટે અને પરિણામે એ ગુણો પણ ચાલ્યા જાય. માણસને દીનતાનો પણ અહંકાર થાય છે. સોક્રેટિસ વિશે એક કિંવદન્તિ છે કે એમનો એક મિત્ર કાણા-કાણાવાળો ઝભ્ભો પહેરીને નીકળતો. સોક્રેટિસે આવો ઝભ્ભો પહેરવાનું કારણ પૂછ્યું તો એણે કહ્યું કે 'મારી લઘુતા, દીનતા બતાવવા માટે હું આવો ઝભ્ભો પહેરું છું.' સોક્રેટિસે કહ્યું કે 'ભાઈ, તને કાણાવાળો ઝભ્ભો પહેરેલો જોઇને લોકોને પહેલાં એમ લાગે કે તું કેટલો બધો ગરીબ-દીન છે, પરંતુ પછીથી તારા વર્તન પરથી લોકોને સમજાય છે કે હકીકતમાં તો તારા ઝભ્ભાના પ્રત્યેક કાણામાંથી દીનતા માટેનું તારું અભિમાન ડોકિયું કર્યા કરે છે.'

દીનતા જાય તો સમતા આવવી જોઇએ, મિથ્યાભિમાન નહિ. પરંતુ ભૂખે મરતો દીન માણસ જ્યારે તવંગર બને છે ત્યારે સંપત્તિ માટેનું એનું અભિમાન છલકે છે. પોતાના દુ:ખના દિવસોની સ્મૃતિ બીજા દીનદુ:ખી પ્રત્યેની સહાનુભૂતિમાં પરિણમવી જોઇએ, નહિ કે એમને સતાવવામાં.

મનુષ્ય દીન, નિર્ધન, મજબૂર નથી એ દર્શાવવા એક પ્રસંગ કહેવાય છે. એક વખત એક મહાત્મા એક ગરીબ વિસ્તારમાંથી પસાર થતા હતા ત્યારે એમની નજર એક મકાનના ઓટલા પર એક સશક્ત, બેકાર અને નિષ્ક્રિય બેઠેલા યુવાન પર ગઈ. એમણે યુવાનને આમ બેસી રહેવાનું કારણ પૂછ્યું. યુવાને કહ્યું કે પોતાની પાસે પૈસા નથી, એટલે બેસી રહ્યો છે. મહાત્માએ એને કહ્યું કે 'ભાઈ, તું નિર્ધન નથી, ધનવાન છે.' યુવાને કહ્યું: 'મહારાજ, મારી મજાક ન કરો.' મહાત્માએ કહ્યું કે 'ભાઈ, મજાક નથી કરતો, સાચી વાત કહું છું. મને કહે કે કોઈ માણસ એક આંખે અથવા બેય આંખે આંધળો હોય અને એને નવી આંખ બેસાડવા ઓપરેશન કરાવવું છે તો કેટલું ખર્ચ થાય ? પંદર, પચીસ હજાર રૂપિયા થાય ને ? તારી બંને આંખ સાજી છે તો એની કિંમત પચીસ હજાર જેટલી ન મૂકી શકાય ? બહેરો માણસ કાને ઓપરેશન કરાવે તો કેટલું ખર્ચ થાય ? તારા બંને કાન સાજા છે. એની કિંમત મૂક. એ રીતે તારે જો બે હાથ ન હોત કે બે પગ ન હોત તો શું થાત ? આમ આખા શરીરની કિંમત મૂકે તો સહેજે દોઢ-બે કરોડ રૂપિયા જેટલી થાય. તું જાતને નિર્ધન માને છે, પણ વસ્તુત: તો તું કોટ્યાધિપતિ છે. માટે તું તારી નિર્ધનતાની, દીનતાની વાત છોડી દઇને બહાર જા, પહેલાં કંઈક શારીરિક મજૂરીનું કામ શોધી લે અને એમ કરતાં તું આગળ વધશે.' યુવાને મહાત્માની શિખામણ માની અને એનું જીવન સુધરી ગયું.

દીનતાની સાથે ભય રહેલો છે. સદાચારી હંમેશાં નિર્ભય હોય છે. સદાચારી બનવા માટે માણસે સંતોષી બનવું પડે. લોભાદિ વૃત્તિઓ, તીવ્ર કામનાઓ, મોટી અપેક્ષાઓ માણસને સદાચારમાંથી ચલિત થવા લલચાવે છે. સંતોષી એક દિવસમાં નથી થવાતું. એનો સતત મહાવરો રાખવો જોઇએ. વળી કસોટી આવે ત્યારે જ પોતાના સંતોષીપણાની ખબર પડે છે.

અદીન રહેવું એટલે કે પોતાના સત્ત્વની ખુમારીથી રહેવું. ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ માણસે પોતાની પ્રતિભા, ચિત્તની પ્રસન્નતા ઝાંખી ન થવા દેવી જોઇએ.

જ્યારે જીવનમાં વિપરીતતા, પ્રતિકૂળતા આવે ત્યારે લાચાર ન બનતાં, સંસારમાં જે કંઈ બને છે તે પોતપોતાનાં શુભાશુભ કર્માનુસાર બને છે એવી દૃષ્ટિ કેળવી સાંત્વન, સમાધાન મેળવવું જોઇએ અને પોતાનાં અશુભ કર્મોના ક્ષયોપશમ માટે પ્રબળ પુરુષાર્થ કરવા પગલું ઉપાડવું જોઇએ. જ્યાં સાચી સમજણ છે, તત્ત્વદૃષ્ટિ છે ત્યાં દીનતા હોતી નથી, ટકતી નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી જીવને સંસારમાં ક્યાંય દીનતા દર્શાવવા જેવું રહેતું નથી. જીવ એટલા ઊંચા આત્મભાવમાં આવી જાય છે કે બાહ્ય પ્રતિકૂળતાઓનું એની પાસે કશું ચાલતું નથી.

એટલા માટે જ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે શ્રી શાન્તિનાથ ભગવાનના જાણીતા સ્તવન 'હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં' માં કહ્યું છે:

ગઈ દીનતા સબહી હમારી,
પ્રભુ ! તુજ સમકિત દાનમેં;
પ્રભુ ગુણ અનુભવકે રસ આગે;
આવત નહિ કોઉ માનમેં.

❑ રમણલાલ ચી. શાહ

# પ્રીતિ-ભક્તિ

□ શ્રી ગિરીશભાઈ તારાચંદ મહેતા

વસ્તુ ગમવી એ વસ્તુ પ્રત્યેનો લગાવ-પ્રેમ છે. વસ્તુ જે ગમી છે એને માલિકીની પોતીકી બનાવી એનાથી અભેદ થઈ જવું એ પ્રીતિ છે અને તે જોડાણ-સંધાણ છે. આગળ ઉપર જે ગમેલ છે, જેને પોતીકું બનાવેલ છે, તેનો ઉપભોગ કરવો, તે વસ્તુમય-પદાર્થમય બનવા સ્વરૂપ છે અને તે ભક્તિ છે.

પ્રથમ પરિચય હોય છે. એ પરિચય પ્રેમમાં પરિણમે છે અને તે પ્રીતિ રૂપે દૃઢ બને છે. એ પ્રીતિ પૂજાભક્તિ રૂપે અભિવ્યક્ત થાય છે અને અંતે એમાં સર્વાર્પિતતા-સમર્પિતતા આવી જાય છે. માટે જ પ્રભુની પ્રભુતાનો, અર્હમ્‌ના ઐશ્વર્યનો, સિદ્ધમ્‌ના સ્વરૂપ ઐશ્વર્યનો પાકો પરિચય કરી લેવો જોઇએ. પ્રત્યેક પાસાથી એને નિરખી, નિહાળી, ઓળખી લેવો જોઇએ. પ્રભુ પરમાત્મા શું છે ? એની શી શક્તિ છે ? એને ભજવાથી શું મળે ? એની ભજના આપે તો સર્વોત્કૃષ્ટ શું આપે ? જે મેળવવું છે તે એની પાસેથી જ મળે પણ બીજેથી નહિ જ મળે અને આપે તો એ જ કરુણાસાગર આપે એવી દૃઢ પ્રતીતિ-ખાત્રી કરી લ્યો એટલે પ્રેમ, પ્રીતિ, ભક્તિ, સમર્પિતતા સહજ બની રહે. માટે જ ભક્તહૃદયી શ્રી દેવચંદ્રજીએ ગાયું કે-

સ્વામી-ગુણ ઓળખી, સ્વામીને જે ભજે, દરિસણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ, વીર્ય ઉલ્લાસથી, કર્મ ઝીપી વસે મુક્તિધામે,
તાર હો તાર પ્રભુ.

'યોગવિંશિકા'માં સદ્ અનુષ્ઠાનના ચાર ભેદ બતાડ્યા તે, (૧) પ્રીતિ અનુષ્ઠાન (૨) ભક્તિ અનુષ્ઠાન (૩) વચનાનુષ્ઠાન અને (૪) અસંગાનુષ્ઠાન. એમાં પણ પ્રથમ પ્રીતિ અનુષ્ઠાન છે અને પછી ભક્તિ અનુષ્ઠાન એ રીતનો ક્રમ છે. પ્રીતિ એ કારણ છે અને ભક્તિ એ કાર્ય છે. આગળ એ ભક્તિની ક્રિયાના પાછા પાંચ ક્રિયાંશ કે આચરણાંશ બતાડેલ છે કે...(૧) સ્થાન-(મુદ્રા-આસન) (૨) ઊર્ણવર્ણ (શબ્દોચ્ચાર) (૩) અર્થ (૪) આલંબન (૫) નિરાલંબન. ભક્તિની આવી યોગિક અભિવ્યક્તિ ત્યારે જ થાય, જ્યારે મૂળમાં પ્રીતિ હોય. પ્રીતિ હોય તો પ્રભુ સન્મુખ થવાય, યોગ્ય મુદ્રા-સ્થાન-ગ્રહણ કરી પ્રભુને હૃદયમાં સ્થાન અપાય, ઊર્ણ એટલે પ્રભુના નામમાં રમાય, અર્થ એટલે પ્રભુના ગુણમાં ગદ્‌ગદિત બનાય, આલંબન એટલે પ્રભુપ્રતિમામાં એટલે કે પ્રાણપ્રતિષ્ઠિત પ્રભુમાં રમાય અને અંતે સ્વમય બની સ્વસ્વરૂપમાં રમમાણ થઈ જવાય. તે નિરાલંબન જેમાં, 'જિનપદ નિજપદ એક થાયે.'

જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ...

(પદ્મવિજયજી)

પ્રભુ તો નિર્વિકાર છે, નિરાકાર છે. એ નિરંજન, નિરાકાર, નિર્વિકાર પ્રભુ છે એટલે જ પ્રીતિ છે. માટે જ એ પ્રીતિમાંથી નિષ્પન્ન ભક્તિ એ નિરાકારને આકાર આપે છે. નિરાકારને આપેલો આકાર જ ભક્તને નિર્વિકારી, નિરંજન, નિરાકાર બનાવે છે. જ્ઞાની ભક્ત ચાલે છે, ગતિ કરે છે પણ તે જ્ઞાનની આંગળી પકડીને જ, પણ પૂરેપૂરી કાળજી રાખીને કે ભક્તિનો પાલવ છૂટી નહિ જાય. એ ભક્ત હૃદયમાંથી તો પોકાર ઉઠે કે...

'અનાદિથી લઈ આજ દિ' સુધી સાકાર રૂપે ભવભ્રમણ કરતાં કરતાં પુદ્‌ગલને નિરનિરાળા આકાર આપી જીવન જીવતો આવ્યો છું. આકારોની વચ્ચે અને આકારોની સાથે જ એકાકાર બની જીવ્યો છું. આજે હવે પ્રભુ! તારી પ્રીતે મારા પ્રાણ બંધાણા છે તો હે નાથ ! હે નિરંજન નિરાકાર ! નિર્વિકારી અનંત ઉપકારી ભગવંત ! ટાંકણા મારી મેં તને ઘડ્યો ! તને નિરાકારને સાકાર કર્યો ! હવે તારી સમક્ષ હું છું ! ટાંકણા મારીને હે નાથ ! હવે તું મને ઘડ ! મારામાંની મારી અશુદ્ધિ-મારા દોષ તારા ટાંકણાથી છેદી ભેદી તારા જેવાં જ મારામાં રહેલાં મારા સ્વરૂપ ગુણ આકારને મારામાં ઉપસાવ-મારામાંથી પ્રગટ કર ! મારા ઉપર હે નાથ ! ઉપકાર કર !

'મને ઘડવા માટે તને ઘડ્યો છે, તો હવે પ્રભુ તારું કામ તું કર ! મારું ઘડતર કર ! તારામય તું મને બનાવ તો હું મારામય થાઉં !' શ્રી વિમલનાથ ભગવાનના સ્તવનમાં આનંદઘનજીએ કહ્યું છે.

અમિય ભરી મૂરતિ રચી, રે ઉપમા ન ઘટે કોય,
શાન્ત સુધા રસ ઝીલતી, રે નિરખત તૃપ્તિ ન હોય...વિમલ જિન.
એક અરજ સેવક તણી રે અવધારો જિન દેવ !
'કૃપા કરી મુજ દીજીયે રે આનન્દઘન પદ સેવ'...વિમલ જિન.

ભાવસ્વરૂપ આત્માને સમજવા માટે જ ભગવાનનાં નામ, સ્થાપના, દ્રવ્યને મેળાવવા આપણે ભાગ્યશાળી બન્યા છીએ. વળી એ ક્રિયાત્મક આત્માને ભાવ સ્વરૂપે-પરમાત્મરૂપે પ્રગટ કરવા જ ભગવંતે દાન-શીલ-તપ ધર્મ આપવાની કરુણા કરી છે.

સાકાર સ્વરૂપ પરમાત્મા સાથે એકાકાર થવાય તો નિરાકાર થઈ શૂન્યાકાર બનાય અને સર્વાકાર થવાય.

ચરમ જિનેશ્વર વિગત સ્વરૂપનું રે, ભાવું કેમ સ્વરૂપ ?
સાકારી વિણ ધ્યાન ન સંભવે રે, એ અવિકાર અરૂપ...

x x x

અંતિમ ભવગ્રહણે તુજ ભાવનું રે, ભાવશું શુદ્ધ સ્વરૂપ;
તઇએ આનંદઘન પદ પામશું રે, આતમરૂપ અનુપ...

(આનંદઘનજી)

પરમાત્મ પ્રીતિ અક્ષત-અક્ષય છે. તીર્થંકર પરમાત્મામાં સર્વસ્વપણે જેની ગતિ છે, તે અર્થપર્યાય-અર્થ પુરુષાર્થથી દૂર રહી શકવા-નિવૃત્ત થવા શક્તિમાન છે, કારણ કે જેની પાસે પ્રીતિ-ભક્તિરૂપ તીર્થંકર મૂડી છે, તે અર્થ વિના પણ ધનવાન છે-વિભુ છે. તીર્થંકર પરમાત્મ ભગવંત એ ત્રિકાલાબાધિત સ્વરૂપ સત્ય છે.

ચક્ષુથી કરેલું દર્શન બુદ્ધિ માટે છે અને બુદ્ધિથી કરેલું દર્શન હૃદય માટે છે.

આંખ (ચક્ષુ) જે જડ એવાં પુદ્‌ગલની બનેલી છે, તેનાથી જડ એવું પુદ્‌ગલ દ્રવ્ય દેખાય છે, જ્યારે બુદ્ધિ જે ચૈતન્યનો અંશ છે, તેના ઉહાપોહથી ચૈતન્ય દર્શન અર્થાત્ પરમ ચૈતન્ય એવાં સર્વજ્ઞ વીતરાગ પરમાત્મ ભગવંતના દર્શન કરાય છે.

આ રીતે મૂળ સર્વસ્વ હૃદયમાં વસી જાય એટલે પરમાત્મા હૃદયમાં બિરાજમાન થઈ જાય. આ રીતે હૃદયમાં પરમાત્માની સ્થાપના કરીએ તો પરમાત્મા હૃદયમાંથી ખસે નહિ.

બુદ્ધિનું કામ તર્ક અને હેતુથી જોવું તે છે. ચક્ષુથી કરેલું દર્શન, બુદ્ધિથી ચકાસી એટલે કે બુદ્ધિના ત્રાજવે તોલી, વિવેક કરી હૃદય સુધી

પહોંચાડવાનું છે.

હૃદયમાંથી નિષ્પન્ન થતાં પ્રેમ-લાગણી-હેત-હૈયા-હુંફને અવિનાશીની સાથે જોડવાં એટલે હૃદયને મંદિર બનાવવું-મન મંદિર બની જવું અને પરમાત્મા એમાં પ્રાણ પ્રતિષ્ઠિત થવા અર્થાત્ પરમાત્મા પ્રાણ બની જવા.

આપણા સ્વયં આત્માના અવિનાશી પરમ આત્મસ્વરૂપને પ્રગટ કરવા તીર્થંકર પરમાત્મ ભગવંતને નિજ મંદિરમાં એટલે કે ગૃહમંદિરમાં પધરાવવા પડે અને ગર્ભમંદિરમાં એટલે કે હૃદયમંદિરમાં બિરાજમાન કરવા પડે-પ્રાણ-પ્રતિષ્ઠિત કરવા પડે !

હૃદયસ્થ થયેલા પરમાત્મા રગેરગમાં-રોમેરોમમાં વ્યાપે એટલે કે સર્વ આત્મપ્રદેશમાં પ્રસરે ત્યારે પરમાત્મા પ્રાણ બની જાય અને એના વિના ક્ષણ એક જીવાય નહિ એવો આત્મા પરમાત્મમય થાય એટલે એનો ભવ નિસ્તાર થાય. આત્મા સ્વયં પરમાત્મા બને અને આત્માનો બેડો પાર ઊતરે.

પરમાર્થથી-નિશ્ચયથી આત્મા પોતાની રુચિને ભજે છે અને નહિ કે પરમાત્માને. આત્માની મુક્તિનું નિમિત્ત કારણ પરમાત્મા છે માટે, આત્મા પરમાત્માને ભજે છે.

નિશ્ચયથી વાસ્તવિકતાએ તો ઉપાદાન કારણ એવા આત્માને-સ્વયંને મુક્ત થવાની એટલે કે પરમાત્મા બનવાની ઇચ્છા છે-રુચિ છે-તમન્ના છે.

પરમાત્મા કે જેનું આલંબન લેવાય છે એ પોતે 'નિમિત્ત કારણ' છે. અંદર-અભ્યંતર આત્મા-સ્વયંમાં રહેલ મોક્ષની તીવ્ર રૂચિનો ગુણ એ 'અસાધારણ કારણ' છે, જ્યારે આત્મા સ્વયં કે જેમાં પરમાત્મા બનવાની લાયકાત સત્તાગત ગર્ભિત પડેલી છે એવો ગુણી પોતે 'ઉપાદાન કારણ' છે અને પંચેન્દ્રિય મનુષ્યપણું, પ્રથમ સંઘયણાદિની બાહ્ય કાયાદિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવની આવશ્યકતા એ સર્વ ભવપ્રત્યયિક 'અપેક્ષા કારણ' છે.

પરમાત્માની ભક્તિથી અંદર આપણા આત્મામાં સાચું પ્રતિબિંબ પડે છે, જે આપણું સ્વબિમ્બ (અર્થાત્ આત્માનું પરમાત્મામાં પરિણમન) બનાવે છે, એટલે કે આત્માના ક્ષાયોપશમિકભાવને અંતે ક્ષાયિકરૂપે પરિણમાવે છે. આનું નામ જ જિનપૂજાથી નિજપૂજા છે.

પૂજ્યની પૂજા પૂજ્ય બનવા માટે જ છે, પુણ્યની વૃદ્ધિ માટે નથી. પૂજ્યની પૂજાથી પૂર્ણ ન બનીએ ત્યાં સુધી જરૂરી અનુકૂળતાઓ મેળવી આપનાર સાધન પુણ્યનો બંધ પડે છે. જેના ઉદયકાળમાં વળી પૂજ્યનો, પૂજનનો, પૂજન સામગ્રીનો અને પૂજનના ભાવનો સંયોગ સાંપડી રહે છે.

પુણ્યના ઉદયકાળમાં પુણ્યનો ભોગવટો કરીએ તો ડૂબીએ, પણ પૂજ્યની પૂજામાં પ્રયોજીએ તો ભોગી મટી યોગી બની ભવસાગર પાર ઊતરીએ. ભક્તિથી વિરતિ અને વિરતિથી મુક્તિ.

ગમે એવું અને ગમે એટલું જ્ઞાન હોય, એ પરમાત્મપ્રીતિ રૂપે પરિણમી પરમાત્મ ભક્તિરૂપે અભિવ્યક્ત ન થાય ત્યાં સુધી પરમાત્મ દશા આવે નહિ. ઇતિહાસમાં ડોકિયું કરીશું તો સહેજે જણાશે કે શ્રી ગૌતમસ્વામીજી ગણધર ભગવંત, અવધૂતયોગી આનંદઘનજી મહારાજ, મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, જ્ઞાનવિમલ સૂરિજી મહારાજ, સત્યવિજયજી મહારાજ, વીરવિજયજી, ઉદયરત્ન વિજયજી, દેવચંદ્રજી, વિજયનાંદસૂરિ-આત્મારામજી મહારાજ, બુદ્ધિસાગરસૂરિજી મહારાજ આદિ જ્ઞાનીપુરુષોનું જ્ઞાન પ્રભુપદકમલ શરણાગતથી ભક્તિરૂપે અભિવ્યક્ત થયું હતું.

આમ પણ ભગવાનને આપણે કંથ, નાથ, સ્વામી તરીકે જ સંબોધીએ છીએ, એટલે એમના સ્વામિત્વનો સ્વીકાર કરી, એમના શરણાગત થઈ, એમને સમર્પિત રહીએ, તો નચિંત થઈ જઇએ કેમકે પછી આપણી બધી ય જવાબદારી, એ આપણા નિર્વિકારી, નિરંજન, નિરાકાર નાથની થઈ પડે છે.

એવા એ અક્ષય, અવિનાશી, અજરામર, અગુરુલઘુ, અવ્યાબાધ, અરૂપી, અનામી, અનંતશક્તિ-નિધાન આતમ આધારની પ્રીતિ શું ? અને ભક્તિ શું ? તેની અનુપ્રેક્ષા કરીએ ! કારણ કે મુક્તિનો મુખ્ય હેતુ-પ્રધાન કારણ પરમાત્મ ભક્તિ છે એમ મહોપાધ્યાયજી કહે છે જ્યારે મુક્તિને ખેંચી આણનાર લોહચુંબક ભક્તિ છે એમ પણ જશવિજયજી એટલે કે ઉપાધ્યાયજી મહારાજ કહે છે...

કાળ, સ્વભાવ, ભવિતવ્યતા એ સઘળાં તુજ દાસો રે !
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજ સબળ વિશ્વાસો રે...

xxx

મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી, જેહશું સબળ પ્રતિબંધ લાગો;
ચમકપાષાણ જિમ લોહને ખેંચશે, મુક્તિને સહજ તુજ ભક્તિરાગો.

xxx

વારિજ્જઇ જઈ વિ નિયાણબંધણં વીયરાય ! તુહ સમયે,
તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં.

(સંકલન : સૂર્યવદન ઠાકોરલાલ જવેરી)

❖❖❖

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા અત્યાર સુધીમાં થયેલી આર્થિક સહાય

| વર્ષ | આર્થિક સહાય મેળવનાર સંસ્થાનું નામ | સહાયની રકમ (આશરે) |
|---|---|---|
| ૧૯૮૫ | ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્ર-ધરમપુર | ૨,૮૦,૦૦૦ |
| ૧૯૮૬ | ઋતંભરા વિદ્યાપીઠ-સાપુતારા | ૧,૫૧,૦૦૦ |
| ૧૯૮૭ | નેશનલ એસોશિએશન ફોર ધ બ્લાઈન્ડ મુંબઈ | ૫,૧૧,૦૦૦ |
| ૧૯૮૮ | શ્રમ મંદિર, સિંધરોટ, જિલ્લો-વડોદરા | ૫,૬૧,૦૦૦ |
| ૧૯૮૯ | મુનિ સેવા આશ્રમ, ગોરજ-વડોદરા | ૫,૭૨,૫૧૩ |
| ૧૯૯૦ | સર્વોદય પરિવાર ટ્રસ્ટ-પિંડવળ | ૩,૫૭,૧૨૫ |
| ૧૯૯૧ | સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ-રાજેન્દ્રનગર | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૯૯૨ | આંખની હૉસ્પિટલ-શિખોદરા | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૯૯૩ | શિવાનંદ મિશન હૉસ્પિટલ-વીરનગર | ૧૦,૫૫,૮૪૫ |
| ૧૯૯૪ | આર્ક (ARCH) માંગરોલ, જિલ્લો-ભરૂચ | ૭,૩૪,૧૦૦ |
| ૧૯૯૫ | શ્રી દરબાર ગોપાલદાસ ટી.બી. હૉસ્પિટલ-આણંદ | ૧૧,૭૩,૫૬૧ |
| ૧૯૯૬ | શ્રી કસ્તુરબા કન્યાવિદ્યાલય-કોબા | ૧૧,૦૦,૦૦૦ |
| ૧૯૯૭ | શ્રી આત્વલ્લભ હૉસ્પિટલ-ઈડર | ૧૫,૦૦,૦૦૦ |
| ૧૯૯૮ | લોક સ્વાસ્થ્ય મંડળ-શિવરાજપુર | ૧૦,૭૫,૦૦૦ |
| ૧૯૯૯ | શ્રી કે. જે. મહેતા હૉસ્પિટલ-જીંથરી | ૨૧,૦૦,૦૦૦ |
| ૨૦૦૦ | પી. એન. આર. સોસાયટી-ભાવનગર | ૨૨,૦૦,૦૦૦ |
| ૨૦૦૧ | મંથન અપંગ કન્યા સેવા સંકુલ-હાજીપુર તા. કલોલ | ૨૨,૦૮,૪૦૪ |
| ૨૦૦૨ | શ્રી સેવા મંડળ મેઘરજ, કસાણા, જિ. સાબરકાંઠા | ૧૬,૦૦,૦૦૦ |

# કાર્તિકેયાનુપ્રેક્ષા

## ડો. કોકિલાબહેન શાહ

मोक्षमार्गस्य नेतारं भेतारं कर्मभूभृतां ।

જૈન દર્શન એક અતિ પ્રાચીન દર્શન છે કે જેમાં બધા પુરુષાર્થમાં સારભૂત પુરુષાર્થ એવા મોક્ષ તત્ત્વનું બુદ્ધિગમ્ય ચિંતન દ્વારા પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેનો વિશિષ્ટ મોક્ષમાર્ગ, આગમો અને અન્ય શાસ્ત્રોમાં દર્શાવ્યો છે જે તેની આગવી વિચારધારા પ્રગટ કરે છે. જ્ઞાનીપુરુષોએ પણ આજ માર્ગનું સ્પષ્ટીકરણ કર્યું છે. આ માટે નિર્ગ્રંથ દર્શનમાં વૈરાગ્યબોધક બાર અનુપ્રેક્ષાઓનું બહુ જ મહત્ત્વ છે.

મુનિ કાર્તિકેય પ્રણીત 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' તત્કાલીન પ્રચલિત પ્રાકૃતભાષામાં રચાયેલ ઉચ્ચ કોટિનો પ્રસિદ્ધ અનુપ્રેક્ષા ગ્રંથ છે. બધી મળીને ચારસો એકાણુ ગાથા પ્રમાણે કદાચ અનુપ્રેક્ષા વિષયક આ સૌથી મોટી સરસ ગહનકૃતિ કહી શકાય, જે આત્મબોધ અને આત્મોન્નતિમાં સહાયરૂપ બની શકે. સમ્યગ્જ્ઞાનનો અનુપમ બોધ આપનાર આ મહાન કૃતિમાં અત્યંત ભાવવાહી શૈલીમાં વૈરાગ્યબોધિત બાર ભાવનાઓનું નિરૂપણ તો છે જ પણ સાથે સાથે જૈન ધર્મના અપૂર્વ અર્થગંભીર તત્ત્વજ્ઞાનનું પણ સુંદર નિરૂપણ છે. અધ્યાત્મરસ ભરપૂર આ ગ્રંથ સાધકને સન્માર્ગે જવા પ્રેરક છે, એની પ્રત્યેક ગાથા ગહન વિષય પર સરળતાથી પ્રકાશ પાડે છે.

જૈન દર્શનમાં બાર અનુપ્રેક્ષા આધ્યાત્મિક સાધનાનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે. અનુપ્રેક્ષા વિષે પ્રાચીન તેમ જ અર્વાચીન જૈન સાહિત્ય ઉપલબ્ધ છે. આમ તો ઘણા આચાર્યોએ તેની ચર્ચા કરી છે. શ્રી કુંદકુંદાચાર્યની 'બારસ્સઅણુવેકખા' નામની કૃતિ અતિ પ્રચલિત છે. ઉમાસ્વાતિ 'તત્ત્વાર્થ સૂત્ર'માં તેને સંવરનું સાધન માને છે. પ્રશમરતિ પ્રકરણમાં પણ તેનો ઉલ્લેખ છે. શ્રી વિનયવિજયજીએ 'શાંત સુધારસ'માં તેના ઉપર સરસ પ્રકાશ પાડ્યો છે. આ એક બહુ મહત્ત્વનો ગ્રંથ છે, જેના જુદી જુદી ભાષામાં અનુવાદો થયા છે. શ્રીમદ્ રાજચંદ્રે ભાવનાબોધમાં તેનું સુંદર વર્ણન કર્યું છે.

પ્રશમસુખ-પ્રત્યક્ષ મોક્ષસુખ સાચા મુનિઓ ભોગવી રહ્યા છે તે માટેનો માર્ગ આપણે પોતાને જ સ્વાધીન છે. સ્વાધ્યાયના પાંચ પ્રકારમાં અનુપ્રેક્ષા ચિંતનનો સમાવેશ કરવામાં આવ્યો છે. કહેવાય છે કે 'તેની એક મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે કે અઢી દ્વીપની કર્મભૂમિમાં થનારા ત્રણે કાળના સર્વ તીર્થંકરો ગૃહસ્થ દશામાં નિરપવાદ નિયમથી આ બાર ભાવનાના ચિંતનપૂર્વક જ વૈરાગ્યની અતિશય વૃદ્ધિ પામીને, લોકાંતિક દેવો દ્વારા નિયોગજનિત અનુમોદન થતાં, સ્વયં દીક્ષિત થાય છે. જૈન ધર્મ એ જિનનો ધર્મ છે. 'જિન' એટલે પૂર્ણ વીતરાગ જ્ઞાની. જૈન પરંપરામાં વીતરાગ જ્ઞાનને 'Science of non-attachment'ને મંગલમય ગણી નમસ્કાર કરવામાં આવ્યા છે. ચાર કર્મોનો ક્ષય કરી સર્વજ્ઞની ભૂમિકા પ્રાપ્ત કરનાર આત્મશક્તિ સંપન્ન અરિહંતાદિ લોકોમાં ઉત્તમ કહેવાય છે.

જૈનદર્શન સમતાનું દર્શન છે. સમતા એટલે જે વાસ્તવિક છે તેને જોવું, સમજવું, સ્વીકારવું અને સ્વસ્થતાપૂર્વક પ્રત્યેક સંજોગોમાં સમભાવ ધારણ કરવો. ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે–'સમતા વડે સાધુ થવાય છે.' તે પરમ પુરુષાર્થ છે, શુભ પ્રવૃત્તિનો ઉદય છે, સમતા એ જ યોગ છે, સર્વ દુઃખક્ષયનો ઉપાય છે. આચાર્ય હરિભદ્રસૂરિએ પણ યોગબિંદુમાં સમતાને યોગનો એક પ્રકાર કહ્યો છે. આચાર્ય કુંદકુંદે પણ કહ્યું છે, આત્મા સમતા સ્વરૂપ છે–'સમતા યસ્ય સારમ્ તત્ સમયસારમ્'. સમતા દ્વારા વીતરાગતા પ્રાપ્ત થાય છે. અનુપ્રેક્ષા એટલે જોવું અને તે પ્રમાણે અનુસરવું, ચિંતન કરવું. અનુપ્રેક્ષા એ જૈન સાહિત્યનો પારિભાષિક શબ્દ છે. જૈન દાર્શનિકોએ જીવન અને જગતને જોવાનો જે દૃષ્ટિકોણ બતાવ્યો છે તે અદ્ભુત છે. જૈનોની આ વિશિષ્ટ વિચારધારા છે જે જ્ઞાની મહાત્માઓએ જગત સમક્ષ રજૂ કરી છે. આત્મવિકાસ સાધવાનું પ્રશસ્ત સાધન અનુપ્રેક્ષા ચિંતન છે. અનુપ્રેક્ષા એટલે ગહન ચિંતન–જે દ્વારા ભાવ વિશુદ્ધ થાય તેવું ચિંતન, એટલે ભાવના-અર્થાત્ વિશ્વ વિષેનું ચિંતન જે તેના વાસ્તવિક સ્વરૂપની ઝાંખી કરાવે અને જે દ્વારા કષાયમુક્તિ સુલભ બને. જૈન તત્ત્વજ્ઞોએ કહ્યું છે કે યોગ સિદ્ધ તો ત્યારે જ થાય જ્યારે વીતરાગ પુરુષોએ કહેલા વચનનું ચિંતન-મનન કરવામાં આવે. વળી કહ્યું 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ'.

દશવૈકાલિક સૂત્રના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથામાં કહ્યું છે–'ધમ્મો મંગલમુક્કિઠં'-ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે-જિનતત્ત્વના સારરૂપ છે. સારભૂત, અર્થયુક્ત વાતો ગ્રહણ કરવી અને નિરર્થક છોડી દેવી તે જ ધર્મ છે. એવી જાગરૂકતા એ જ વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજવું. તે ધર્મ છે. 'વત્થુ સહાવો ધર્મ'-નિશ્ચયનયથી આત્મોપયોગ એ જ ધર્મ છે જ્યારે વ્યવહારનયથી આત્મરમણતારૂપ લક્ષ રાખી શાંત ચિત્ત, સમતા ધરે તે જ ધર્મ છે. અનુપ્રેક્ષા ચિંતનથી કાર્યોત્સર્ગમાં સ્થિર થવાનું પણ કહેવામાં આવ્યું છે.

સર્વજ્ઞ ભગવંતોએ નિઃસ્પૃહતાથી સર્વ જીવોને શાશ્વત સુખપ્રાપ્તિનો માર્ગ બતાવ્યો છે. તેમણે અદ્ભુત વાત કરી છે. સંસારની સર્વ વસ્તુઓ ભયવાળી છે. માત્ર એક વૈરાગ્ય જ અભય છે. જૈન પરંપરામાં જે વૈરાગ્યપ્રેરક બાર ભાવનાઓ કહી છે તે નીચે પ્રમાણે છે :

(૧) અનિત્ય ભાવના, (૨) અશરણ ભાવના, (૩) સંસાર ભાવના, (૪) એકત્વ ભાવના, (૫) અનિત્ય ભાવના, (૬) અશુચિ ભાવના, (૭) આસ્રવ ભાવના, (૮) સંવર ભાવના, (૯) નિર્જરા ભાવના, (૧૦) ધર્મસ્વાખ્યત ભાવના, (૧૧) લોકસ્વરૂપ ભાવના અને (૧૨) બોધિદુર્લભ ભાવના.

જૈનાચાર્યોએ આ બાર ભાવનાઓને ઘણું જ મહત્ત્વ આપ્યું છે. અલબત્ત વૈરાગ્યબોધિની હોવા છતાં આ બાર ભાવનાઓ નકારાત્મક નથી. તેમાં જીવનનો સમગ્ર સ્વીકાર છે-આ ગહનચિંતન 'નિરાશામૂલક નહીં પરંતુ આશા અને ઉત્સાહમૂલક છે'. વીતરાગ ઉપાસક પ્રવૃત્તિપરાયણ હોવા છતાં રાગદ્વેષરહિત પ્રવૃત્તિ કરે છે જે કર્મબંધ નથી કરતી. આચારાંગ સૂત્રમાં કહ્યું છે તેમ-જે આસ્રવનાં સ્થાનો છે તે નિર્જરાનાં સ્થાનો બની જાય છે. પોતે નિર્ભય બની બીજાને અભય આપે છે. સંપૂર્ણ જ્ઞાનના પ્રકાશથી અજ્ઞાન ટળે છે અને મોહના ત્યાગથી એકાંત નિરાબાધ સુખ પ્રાપ્ત થાય છે. ભાવસંવરરૂપ અનિત્યાદિ બાર ભાવનાના યોગથી સાધક ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ શુકલધ્યાન પ્રાપ્ત કરી મોક્ષના શાશ્વત સુખને પામે છે–આત્મા શુદ્ધ આત્મભાવમાં પરિણત થાય છે.

આમ અનુપ્રેક્ષા એટલે ભાવનાનું ચિંતન, મનન, પરિશિલન. તેનો વિષય છે સંસાર, જગત, આત્મા વગેરે વિષેના સત્ય સ્વરૂપ પ. મનન ચિંતન કરવું. સ્વામિ કાર્તિકેય કે જેઓ આ ગ્રંથના કર્તા છે તે લગભગ ઈ.સ. ૧૦૦૮માં દક્ષિણ ભારતમાં થઈ ગયા. શુભચંદ્રાચાર્યે આ ઉત્તમ

ગ્રંથ પર ટીકા લખી છે. પ્રત્યેક ગાથામાં પ્રસંગોપાત્ત વિવિધ વિષયની છણાવટ કરી છે. વૈરાગ્ય રસ તો એમાં છે જ પણ તે ઉપરાંત જૈન તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ તેમાં ભારોભાર જોવા મળે છે. છ દ્રવ્ય, નવતત્ત્વ, જીવ દ્રવ્યનું વર્ણન-પ્રકાર, અજીવ દ્રવ્ય, કર્મબંધ, શ્રાવકાચાર, મુનિઆચાર અને અહિંસા આદિ ધર્મની મહત્તા વગેરેની વિશદ ચર્ચા છે. એકંદરે જૈન તત્ત્વજ્ઞાનના હાર્દરૂપ આ કૃતિને ગણી શકાય. એકાગ્રચિત્તે શુદ્ધભાવ ધારણ કરી તેનું અધ્યયન કરવાથી જ્ઞાનવૈરાગ્યના આહ્‌લાદક ભાવો જાગે છે. સહુપ્રથમ જ તેમણે 'અનુપ્રેક્ષાને' ભવ્ય જીવોને આનંદ ઉપજાવવાળી કહી તેની વિશિષ્ટતા દર્શાવી છે.

ગ્રંથની શરૂઆત મંગળાચરણથી થાય છે. અહીં ત્રણ ભુવનના ઈંદ્રો વડે પૂજ્ય એવા દેવને નમસ્કાર કર્યા છે–પછીની બે ગાથાઓમાં બાર અનુપ્રેક્ષાના નામ છે અને પછી સવિસ્તાર નિરૂપણ છે.

**(૧) અનિત્યાનુપ્રેક્ષા:** ચારથી બાવીસ ગાથાઓ અધ્રુવ-અનિત્ય-અનુપ્રેક્ષા વિષે છે. જે કંઈપણ ઉત્પન્ન થયું છે તેનો નિયમથી નાશ થાય છે. પરિણામ સ્વરૂપથી (આત્મા સિવાય) કોઈપણ વસ્તુ શાશ્વત નથી. જન્મ છે તે મરણ સહિત છે. એ પ્રમાણે સર્વ વસ્તુઓ ક્ષણભંગુર છે. શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં-'વિદ્યુતલક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જલના તરંગ, પુરંદરી ચાપ અનંગરંગ, શું રાચીએ જ્યાં ક્ષણનો પ્રસંગ!' શરીર, વૈભવ, આરોગ્ય, યુવાની, ભોગોપભોગોનાં સાધનો, સંપત્તિ, સ્વજનપરિવાર આદિ સર્વ અનિત્ય છે. લક્ષ્મી જલતરંગની માફક ચંચળ છે એમ જાણી દુન્વયી ભોગોનું નિરર્થકપણું સમજવું જરૂરી છે. તેમાં આસક્તિ ન રાખવી તેમાં જ શ્રેય છે.

**(૨) અશરણાનુપ્રેક્ષા** (૨૩થી ૩૧ ગાથા): અધ્રુવ અને અશાશ્વત આ સંસારમાં મરણ સમયે જીવને શરણ આપનાર કોઈ નથી. સંસારમાં કોઈપણ શરણરૂપ નથી. આયુકર્મના ક્ષયથી મરણ થાય છે. આયુકર્મ કોઈપણ જીવને અન્ય કોઈપણ આપવા સમર્થ નથી. આ સંસારમાં પરિભ્રમણ કરનાર જીવોને જ્ઞાન-દર્શન, ચારિત્ર સ્વરૂપ આત્માના શરણ સિવાય અન્ય કોઈ શરણ નથી. ધર્મ ઉત્તમ શરણ છે, અર્થાત્ સ્વસ્વરૂપ–એ જ વાસ્તવિક શરણ છે. આવશ્યક સૂત્રમાં જે ચત્તારિમંગલમ્ છે તે જ શરણરૂપ છે-પોતાનો આત્મા જ પોતાને શરણ છે.

**(૩) સંસારાનુપ્રેક્ષા:** (બેતાલીશ ગાથાઓ ૩૨થી ૭૩): આ અનુપ્રેક્ષા સંસારભાવના વિષે છે. એક ગતિમાંથી બીજી ગતિમાં, એક શરીરમાંથી બીજા શરીરમાં જે ભ્રમણ થાય છે તે સંસાર. સંસારમાં ચાર ગતિનાં અનેક પ્રકારના દુ:ખો છે. નરકગતિનાં દુ:ખોનું છ ગાથાઓમાં વર્ણન કર્યું છે. પાપના ઉદયથી જીવ નરકગતિમાં ઉત્પન્ન થાય છે. ત્યાં વિવિધ પ્રકારનાં દુ:ખો સહન કરી તિર્યંચગતિમાં પણ ભયાનક દુ:ખોને સહન કરે છે. પછી મનુષ્યગતિનાં દુ:ખોનું વર્ણન છે. કોઈને મનોવાંછિત પ્રાપ્ત થતું નથી. દેવોને પણ વિષયાધીન સુખ હોવા છતાં અંતે તો દુ:ખ જ છે. એ પ્રમાણે વિચાર કરતાં કહ્યું છે-નિશ્ચયનયથી વિચાર કરતાં સર્વ પ્રકારે અસાર એવા આ ભયાનક સંસારમાં કિંચિત પણ સુખ નથી એમ કહી મોહને છોડી-આત્મસ્વભાવનું ધ્યાન કરવાનું કહ્યું છે, જેથી સંસાર-પરિભ્રમણનો નાશ થાય.

**(૪) એકત્વ અનુપ્રેક્ષા** (૭૪ થી ૭૯) : ૬ ગાથાઓમાં એકત્વ ભાવનાનું ચિંતન છે. જીવ એકલો જ બાળક, યુવાન-વગેરે જુદી જુદી અવસ્થાઓને ધારણ કરે છે. સંસારમાં તે એકલો જ આવ્યો છે અને એકલો જ જવાનો છે. પોતે કરેલાં કર્મોના ફળ એકલો જ ભોગવે છે. સ્વજનો પણ જીવને દુ:ખ આવતાં તે ગ્રહણ કરવા અસમર્થ છે. આમ પરદ્રવ્યોને હેયરૂપ માની અહીં સ્વરૂપ જાણવાનો ઉપદેશ છે. અને ધર્મ જ જીવને હિતકારી છે એમ કહ્યું છે.

**(૫) અન્યત્વ ભાવના** (૮૦થી ૮૨): ત્રણ ગાથાઓમાં અન્યત્વનું વર્ણન છે. આ સંસારમાં આત્મા જે શરીર ધારણ કરે છે તે પોતાનાથી અન્ય છે, સ્વજન ઈત્યાદિ પણ અન્ય છે-કર્મસંયોગથી આવી મળે છે. આ પ્રકારના બોધથી પરદ્રવ્યોમાંથી આસક્તિ છોડી અને આત્મસ્વરૂપનું ધ્યાન કરવું જરૂરી છે. સૂત્રકૃતાંગમાં કહ્યું છે-જીવ અન્ય છે, શરીર અન્ય છે. આ ભેદ વિજ્ઞાન-'દેહભિન્ન કેવલચૈતન્યનું જ્ઞાન પ્રગટાવે છે. પરને પોતાનું માનવું એ મિથ્યાત્વ ભાવ છે, એ જ સંસાર છે, એ જ અજ્ઞાન છે, ભ્રાંતિ છે.'

**(૬) અશુચિ ભાવના** (૮૩થી ૮૭): પાંચ ગાથાઓમાં અશુચિ ભાવનાનું વર્ણન છે. આ દેહ સઘળી કુત્સિત-નિંદનીય વસ્તુઓનો સમુદાય છે, દુર્ગંધમય છે, સદા મલિન છે. એ પ્રત્યક્ષ દેખવા છતાં પણ મનુષ્ય ત્યાં અનુરાગ કરે છે. તે મહાન અજ્ઞાન છે એમ સમજવું, શરીર પર મોહ રાખ્યા વિના આત્મસ્વરૂપમાં લીન રહેવું. અશુચિભાવનાના ચિંતનથી વૈરાગ્ય પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ છે.

**(૭) આસ્રવાનુપ્રેક્ષા** (૮૮થી ૯૪): સાત ગાથાઓમાં આસ્રવ વિષેનું ચિંતન છે. મન વચન-કાયારૂપ યોગે જે મિથ્યાત્વ-કષાયકર્મ સહિત છે તેજ આસ્રવ છે. કર્મના આગમનનું દ્વાર એ આસ્રવ–અહીં, કર્મબંધનાં કારણોની પણ વિચારણા કરી છે. આસ્રવાનુપ્રેક્ષા દ્વારા ચિંતવન કરી તીવ્ર કષાય છોડવાનો ઉપદેશ છે અને ત્યારપછી શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન કરવું એ આ ભાવનાનો સાર છે.

**(૮) સંવરાનુપ્રેક્ષા** (૯૫થી ૧૦૧): આ સાત ગાથાઓમાં સંવરભાવનાનું ચિંતન છે. આસવના દ્વાર બંધ કરવાં તે સંવર. સમ્યગ્‌દર્શન, દેશવ્રત, મહાવ્રત, કષાયજય તથા યોગનો અભાવ–આ સર્વે સંવરનાં નામ છે. મિથ્યાત્વ આદિ પાંચ બંધનાં કારણોને રોકવાં એ જ સંવર છે. અહીં ગુપ્તિ, સમિતિ વિષે પણ ચર્ચા કરી છે. પરીષહજય, ચિંતન વગેરે સંવરનાં કારણો છે, જે જાણી તે પ્રમાણે આચરણ કરવાનો ઉપદેશ છે. સંવરનાં કારણોને જાણી તે પ્રમાણે આચરણ ન કરનાર સંસારમાં ભ્રમણ કરે છે.

**(૯) નિર્જરા ભાવના** (૧૦૨થી ૧૧૪): આ તેર ગાથાઓ નિર્જરા વિષે છે. નિરહંકારી જ્ઞાની પુરુષને બાર પ્રકારના તપથી કર્મની નિર્જરા થાય છે એમ કહ્યું છે અને તે વૈરાગ્ય ભાવનાથી થાય છે. અર્થાત્ તપ નિર્જરાનું કારણ છે પણ જ્ઞાનસહિત તપ હોવું જોઈએ એ ધ્યાન રાખવું જરૂરી છે. બે પ્રકારની નિર્જરા-સવિપાક નિર્જરા-જે સ્વકાળપ્રાપ્ત છે-જે કર્મ સ્થિતિ પૂરી થતાં ઉદય પામી ખરી જાય-તથા બીજી નિર્જરા તપ વડે થાય છે. અવિપાક નિર્જરા-તપ વડે કર્મો પરિપકવ થઈ ખરી જાય છે તે નિર્જરાની વૃદ્ધિ વિષે વિશેષ છણાવટ છે અને એમ પણ કહ્યું છે કે જે નિર્જરાનાં કારણો જાણી એ પ્રમાણે આચરણ કરે છે તેનો જન્મ સફળ છે અને છેવટે તેને ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે.

**(૧૦) લોકાનુપ્રેક્ષા** (૧૧૫થી ૨૮૩): આ ૧૬૯ ગાથા લોકસ્વરૂપ વિષે છે. છ દ્રવ્યોનો સમુદાય તે લોક છે. છ દ્રવ્યો નિત્ય છે તેથી લોક પણ નિત્ય છે. લોકનું સવિસ્તાર વર્ણન-સમગ્ર Jain Cosmologyની અહીં ચર્ચા જોવા મળે છે. વળી દ્રવ્ય, ગુણ પર્યાયના તત્ત્વજ્ઞાનમાં સમગ્ર જૈન આગમોનો સાર આવી જાય છે. જીવ દ્રવ્યનું, જીવના પ્રકાર વગેરે મનુષ્યના ભેદ-નારકી તથા દેવના પ્રકાર, પર્યાપ્તિ વગેરે લક્ષણો દ્વારા આખા જીવશાસ્ત્રનો સાર-Jain Biology-નું વર્ણન છે. અન્ય પ્રકારથી

પણ જીવના બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ ભેદ કહ્યા છે. અને પરમાત્મા પણ અરિહંત તથા સિદ્ધ એમ બે પ્રકારથી છે. અહીં ગુણસ્થાનો વગેરેનું પણ વર્ણન આવી જાય છે. ત્યાર પછી બીજા બધા જ અજીવ દ્રવ્યોનું ગહન ચિંતન છે. અહીં જ્ઞાન વિશે પણ તત્ત્વચિંતન છે. પ્રમાણ-નયની ચર્ચા છે. તત્ત્વનું યથાર્થ સ્વરૂપ જાણવું મહત્ત્વનું છે. લોકસ્વરૂપ વિચારી મનુષ્ય પરિગ્રહને છોડી કર્મનો નાશ કરી અનંત, અનુપમ અવ્યાબાધ સ્વાધીન જ્ઞાનાનંદ સ્વરૂપ સુખને અનુભવે છે. લોકભાવનાના સ્વરૂપનું એટલું વિસ્તારપૂર્વક કથન કર્યું છે કે તે પ્રમાણે યથાર્થ ભાવચિંતન કરતાં કરતાં સમ્યગ્દર્શન થાય. કહ્યું છે 'લોકસ્વરૂપ વિચાર કે આતમરૂપ નિહાર.' લોકસ્વરૂપની વિચારણા નવી તત્ત્વદૃષ્ટિ પ્રેરે છે.

**(૧૧) બોધિદુર્લભ ભાવના (૨૮૪-૩૦૧)**: આ અઢાર ગાથાઓમાં આ ભાવનાનું ચિંતન કરવામાં આવ્યું છે. કહે છે કે મનુષ્યજન્મ, કર્મભૂમિ, આર્યદેશ, ઉચ્ચકુલ, નીરોગીપણું પ્રાપ્ત થવા છતાં, સદ્ગુરુનો યોગ અને શ્રદ્ધા અને શાસ્ત્રોનું શ્રવણ કરવા છતાં પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ પરમ દુર્લભ છે. 'તત્ત્વાર્થ શ્રદ્ધાનાં સમ્યગ્દર્શનમ્.' તત્ત્વ પરની શ્રદ્ધા એટલે જ સમ્યગદર્શન. આ ભાવનાનું સુંદર વિવેચન કરતાં સ્વામિ કાર્તિકેય કહે છે-'જીવ અનંતકાળ સુધી નિગોદમાં, પૃથ્વીકાય આદિ એકેન્દ્રિય યોનિમાં, બેઈંદ્રિય, ત્રેઈંદ્રિય, ચોઈંદ્રિય, પંચેદ્રિયમાં, નરકયોનિમાં, તિર્યંચ આદિમાં ભ્રમણ કરી અત્યંત દુર્લભ મનુષ્યભવ પ્રાપ્ત કરે છે. એમાં પુણ્યોદયે શુભ સાધનોની, સુગુરુ પ્રાપ્તિ થવા છતાં, પણ સમ્યકત્વ મળવું દુર્લભ છે. ઉત્તરાધ્યયનમાં પણ કહ્યું છે: ચાર વસ્તુઓ અત્યંત દુર્લભ છે. વીતેલી રાતો પાછી આવતી નથી કે નથી મનુષ્ય અવતાર ફરીથી જલદી પ્રાપ્ત થતો.

**(૧૨) ધર્માનુપ્રેક્ષા (૩૦૨થી ૪૮૮)**: એકસો છત્રીસ ગાથામાં આ અનુપ્રેક્ષાનું વર્ણન કરતાં કેવલી ભગવંતોએ પ્રરૂપેલ ધર્મનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે. અહીં, બાર વ્રતો-શિક્ષા-ગુણવ્રતો-સામાયિક, તપ વગેરેની ચર્ચા કરી છે. શ્રાવક અને મુનિધર્મનું વર્ણન કર્યું છે જેમાં સમગ્ર નીતિશાસ્ત્ર (Ethics) આવી જાય છે.

આ પછીની છેલ્લી ત્રણ ગાથાઓમાં (૪૮૯થી ૪૯૧) અનુપ્રેક્ષાનું પ્રયોજન, ફળ અને છેલ્લે અંતિમ મંગળ એમ અનુક્રમે કહ્યું છે અને ગ્રંથની સમાપ્તિ કરી છે.

પ્રયોજન વિષે લખતાં સ્વામી કાર્તિકેય કહે છે: જિનવચનના પ્રચાર અર્થે તેમણે આ કૃતિની રચના કરી છે. જેના અભ્યાસ દ્વારા જિનવચનમાં શ્રદ્ધા દૃઢ થાય, શંકા દૂર થાય તથા તેના વારંવાર ચિંતનથી કષાયમુક્તિ શક્ય બને અને જ્ઞાનનો બોધ થાય એ એક પ્રયોજન છે. અને બીજું છે- ચંચળ મનને સ્થિર કરવું, એકાગ્ર કરવું જેથી તે રાગદ્વેષરહિત બની શકે. અને છેલ્લે, તેના ફલસ્વરૂપ ઉપદેશ આપતાં તેઓ કહે છે કે દ્વાદશાનુપ્રેક્ષા નિજકલ્પનારૂપ નથી પણ જિનાગમાનુસાર કહી છે. જે ભવ્ય જીવો તેનું પઠન કરશે, સાંભળશે અથવા ચિંતન કરશે તે ઉત્તમ સુખને પ્રાપ્ત કરશે.

'बारसअणुवोकखाओ भणिया हु जिणागमणसारण ।
जो पढइ सुणइ भावइ सो पावइ उत्तमं सोक्खं' ॥

શ્રી કુંદકુંદાચાર્યે પણ આજ વાત કહી છે--ભૂતકાળમાં જે મહાત્મા સિદ્ધ થયા, અને ભવિષ્યમાં જે થશે તે આ ભાવનાના ચિંતનથી જ-વળી- આ જ પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, આલોચના અને સામાયિક છે કે તેથી નિરંતર તેનું ધ્યાન જે કરશે તે પરિનિર્વાણ-મોક્ષસુખ પામશે.

છેલ્લી ગાથામાં સ્વામિ કાર્તિકેયે જિનવંદના કરી વિનયગુણ પ્રગટ કર્યો છે. આમ તેમણે સમગ્ર જિનાગમોનો સાર આ કૃતિમાં ભરી દીધો છે. અપૂર્વ પાંડિત્યથી સભર આ કૃતિ ભવ્ય જીવો માટે મોક્ષમાર્ગનું દિશાસૂચન કરનારી, જૈનતત્ત્વાજ્ઞાનના પ્રચાર અને પ્રસાર માટેની એક મહત્ત્વની કૃતિ બની રહે છે. વૈરાગ્યસભર હોવા છતાં તે સરસ ચિંતનયુક્ત છે એ તેની વિશેષતા છે. વીતરાગ વિજ્ઞાનની સાધના તથા ઉપલબ્ધિમાં મુનિશ્રીનું અત્યંત મહત્ત્વપૂર્ણ યોગદાન છે જે ધર્મના ગુઢ રહસ્યો પર પ્રકાશ પાડે છે. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે:

'જ્ઞાનધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર
જે ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવપાર.'

❖❖❖

# શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

□ સુમનભાઈ એમ. શાહ

શ્રી વાસુપૂજ્ય સ્વામીના સ્તવનમાં શ્રી દેવચંદ્રજી મહારાજે દ્રવ્ય અને ભાવથી શ્રી જિનપૂજાનું કેવું અદ્ભુત પરિણામ આવી શકે તેનો મહિમા ગાયો છે. જિજ્ઞાસુ સાધકથી જ્યારે વીતરાગ ભગવંતની દ્રવ્ય અને ભાવથી વિધિવત્ પૂજા થાય છે, ત્યારે વાસ્તવમાં તો તે પોતાના દરઅસલ આત્મસ્વરૂપની પૂજા કરે છે. આવી પૂજાથી સાધક શુદ્ધ ભાવ વડે પોતાના સ્વાભાવિક જ્ઞાનદર્શનાદિ ગુણો પ્રગટ કરી, આત્મકલ્યાણ સાધી, પરમાનંદનો આસ્વાદ કરી શકે છે, તે સ્તવનનો મુખ્ય હેતુ છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ.

'પૂજના તો કીજે રે, બારમા જિનતણી રે;
જસુ પ્રગટ્યો પૂજ્ય સ્વભાવ;
પરકૃત પૂજા રે, જે ઇચ્છે નહિ રે;
પણ સાધક કારજ દાવ'....પૂજના...૧

હે સાધક ! હે ભવ્યજન ! તું બારમા જિનેશ્વર શ્રી વાસુપૂજ્ય સ્વામીની દ્રવ્ય અને ભાવ પૂજના કરવા તત્પર થા કારણ કે મનુષ્યગતિમાં જ તું આ કાળમાં પૂજાદિકથી તારું આત્મકલ્યાણ સાધી શકીશ. શ્રી વાસુપૂજ્ય સ્વામીને અનંતા આત્મિકગુણો પ્રગટપણે વર્તતા હોવાથી તેઓની વિધિવત્ દ્રવ્ય અને ભાવ પૂજનાથી હે સાધક ! તું પણ તેઓના જેવા ગુણો, ગુણકરણથી પ્રગટ કરી શકીશ. જો કે શ્રી જિનેશ્વર ભગવંતને પોતાની પૂજના સાધકોથી થાય તેનું કોઈ પ્રયોજન કે ઈચ્છા લેશમાત્ર પણ હોતી નથી; પરંતુ આત્માર્થી સાધક માટે શ્રી વીતરાગ ભગવંતની ભક્તિસભર પૂજા એ સરળ અને સર્વોત્તમ ઉપાય છે. સાધકનું મનુષ્યગતિમાં થયેલ અવતરણ સફળ નીપજે એ હેતુથી શ્રી દેવચંદ્રજીનું આવું આવાહન છે.

'દ્રવ્યથી પૂજા રે, કારણ ભાવનું રે;
ભાવ પ્રશસ્ત ને શુદ્ધ;
પરમ ઈષ્ટ વલ્લભ ત્રિભુવન ધણી રે;
વાસુપૂજ્ય સ્વયમ્ બુદ્ધ...પૂજના. ૨

શ્રી અરિહંત પ્રભુ અન્ય નિમિત્તોના આશ્રય અને આધાર સિવાય પોતાના સ્વતંત્ર પુરુષાર્થથી કેવળજ્ઞાન અને પરમાત્મપદને પામેલા હોય છે. ઉપરાંત પૂર્વજન્મોમાં તેઓએ પ્રચંડ પુરુષાર્થથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરેલું હોવાથી તેઓની અપૂર્વ દેશના અને સુબોધથી અસંખ્ય ભવ્યજીવોનું આત્મકલ્યાણ થતું હોય છે. શ્રી તીર્થંકર પ્રભુનો મહિમા, પ્રભાવ અને જ્ઞાનપ્રકાશ ત્રણે જગતમાં ફેલાયેલો હોવાથી તેઓ ત્રિભુવનપતિ અને પરમઇષ્ટ દેવાધિદેવ તરીકે પૂજ્યતા પામેલા હોય છે અથવા તેઓ ભક્તજનોના હૃદયમંદિરમાં અંતરપ્રતિષ્ઠા પામેલા હોય છે.

આવા મહિમાવંત શ્રી વાસુપૂજ્ય સ્વામીની વિધિવત્ દ્રવ્યપૂજાથી સાધકને તેઓ પ્રત્યે પ્રશસ્ત અહોભાવ પ્રગટે છે. ઉત્તરોત્તર આવી પ્રશસ્ત ભાવપૂજામાં જેમ જેમ સાધકને શુદ્ધતા વર્તે છે, તેમ તેમ શ્રી વાસુપૂજ્ય સ્વામી જેવા જ આત્મિકગુણ સાધકમાં ક્રમશઃ પ્રગટ થવા માંડે છે.

'અતિશય મહિમા રે, અતિ ઉપકારકતા રે;
નિર્મલ પ્રભુ ગુણ રાગ;
સુરમણિ, સુરઘટ, સુરતરુ તું છતે રે;
જિનરાગ મહાભાગ...પૂજના...૩

સર્વ દોષોને દૂર કરી શ્રી અરિહંત પ્રભુ સંપૂર્ણ નિર્દોષ દશાને પામેલા છે અથવા નિર્મળતાને વરેલા છે. તેઓએ ચારેય ઘનઘાતિ કર્મોનો સર્વથા ક્ષય કરી પોતાના અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ આત્મિકગુણોમાં ક્ષાયિક ભાવે સ્થિરતા પામેલા છે. ઉપરાંત તેઓને જ્ઞાનાતિશય, પૂજાતિશય અને વચનાતિશય પ્રગટપણે વર્તે છે. તેઓની અપૂર્વ દેશનાથી ત્રણે જગતના જીવોનું આત્મકલ્યાણ થતું હોવાથી તેઓનો અપાર મહિમા અને પ્રભાવ હોય છે. આમ અરિહંત પ્રભુની નિષ્કારણ કરુણા અને ઉપકારકતા અજોડ છે. સંપૂર્ણ નિર્મળતા પામેલ શ્રી વાસુપૂજ્ય ભગવંત અને તેઓના પ્રગટ આત્મિકગુણો પ્રત્યે સાધકને રુચિ અને રાગ વર્તે તો તેને શ્રી તીર્થંકર ચિંતામણિ રત્ન, કામકુંભ અને કલ્પવૃક્ષ સમાન નીવડે છે. સાધક છેવટે ભાવપૂજાનું અપૂર્વ ફળ પ્રાપ્ત કરવાનો અધિકારી થાય છે. આવું પરિણામ નીપજાવવા માટે સાધકને શ્રી તીર્થંકર ભગવંતનું યથાતથ્ય ઓળખાણ ગુરુગમે અનિવાર્ય છે. જેથી યથાર્થ ગુણકરણ દ્રવ્ય અને ભાવપૂજાથી તે કરી શકે. આમ જે ભવ્યજનોને શ્રી તીર્થંકર ભગવંત પ્રત્યે રુચિ અને રાગ ઉત્પન્ન થાય છે તેઓ મહા ભાગ્યશાળીઓ છે.

'દર્શન-જ્ઞાનાદિક ગુણ આત્મના રે,
પ્રભુ પ્રભુતા લયલીન;
શુદ્ધ સ્વરૂપી રૂપે તન્મયી રે,
તસુ આસ્વાદન પીન....પૂજના...૪

સાધકને ગુરુગમે શ્રી વાસુપૂજ્ય જેવા વીતરાગ ભગવંતનું યથાતથ્ય ઓળખાણ થાય અને તેઓની વિધિવત્ દ્રવ્ય અને ભાવ પૂજાદિક થાય તો તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સંભવે છે. આવા સાધકને નિશ્ચય વર્તે છે કે જેવા સર્વજ્ઞના આત્મિકગુણો પ્રગટપણે વર્તે છે તેવા જ ગુણો પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં કાયમથી હોય છે, પરંતુ તે બહુધા અપ્રગટ કે સત્તામાં હોય છે. આત્માર્થી સાધક પોતાના જ્ઞાનદર્શનાદિ સ્વાભાવિક ગુણો પ્રગટ કરવા માટે પ્રભુ પ્રત્યે ગુણરાગી થાય છે અને તેમાં જ તેને તન્મયતા વર્તે છે. ઉત્તરોત્તર સાધક શુદ્ધ ભાવ વડે પોતાના સહજ સ્વભાવમાં કે નિજસ્વરૂપમાં પુષ્ટ થતો જાય છે. આમ દ્રવ્ય અને ભાવ પૂજાદિકથી સાધકને પોતાના શુદ્ધ ગુણોનો આસ્વાદ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

'શુદ્ધ તત્ત્વ રસ રંગી ચેતના રે,
પામે આત્મ સ્વભાવ;
આત્માલંબી નિજ ગુણ સાધતો રે,
પ્રગટે પૂજ્ય સ્વભાવ...પૂજના-૫

જે સાધકને આત્મસ્વભાવને પ્રગટ કરવાની તીવ્ર જિજ્ઞાસા છે, જેની ચેતના વીતરાગ ભગવંતની પ્રગટ શુદ્ધ ચેતના કે સ્વભાવ પર કેન્દ્રિત થઈ છે અને જે જિનેશ્વરનું પુષ્ટ અવલંબન લે છે તે વહેલો-મોડો આત્મસ્વભાવને પામવાનો અધિકારી થાય છે. આવા સાધકનો સઘળો ઉપયોગ આત્માના અનુશાસનમાં વર્તવાનો હોવાથી અથવા તેનો પુરુષાર્થ માત્ર વીતરાગ ભગવંતનો બોધ અનુભવમાં કેવી રીતે પરિણમે તેમાં જ હોવાથી તે ક્રમશઃ પોતાના આત્મસ્વભાવમાં સ્થિરતા પામે છે. સાધક જ્યારે પ્રત્યક્ષ સદ્‌ગુરુની નિશ્રામાં શ્રી વાસુપૂજ્ય સ્વામી જેવા વીતરાગ ભગવંતનું વિધિવત્ ગુણકરણ કરે છે ત્યારે તેના સત્તાગત જ્ઞાનાદિ આત્મિકગુણો ઉપરનું કર્મરૂપ આવરણ દૂર થવા માંડે છે અને પોતાનો પૂજ્ય આત્મસ્વભાવ પ્રગટ થાય છે.

'આપ અકર્તા સેવાથી હુવે રે,
સેવક પૂરણ સિદ્ધિ;
નિજધન ન દિયે રે, પણ આશ્રિત લહે રે;
અક્ષય અક્ષર રિદ્ધિ....પૂજના-૬

સંપૂર્ણ વીતરાગદશાને પામેલા શ્રી તીર્થંકર પ્રભુ પોતાની શુદ્ધ આત્મિક સંપદા સાધકોને વાસ્તવમાં આપતા નથી અને આવી અપેક્ષાએ તેઓ અકર્તા છે. આમ છતાંય સાધકથી જ્યારે શ્રી વાસુપૂજ્ય સ્વામીનું દ્રવ્ય અને ભાવથી પૂજના તથા ગુણકરણ થાય છે, તેઓ અનન્યાશ્રિત થાય છે ત્યારે તેના નિરાશ્રિત કર્મબંધનો આપોઆપ છૂટવા માંડે છે. આમ સાધક સેવકધર્મથી પૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરવાનો અધિકારી થાય છે. સાધકને પરિણામ પ્રાપ્ત થાય છે તેમાં શ્રી તીર્થંકર ભગવંતનું કોઇપણ પ્રકારનું સ્વતંત્ર કર્તૃત્વ હોતું નથી, પરંતુ તેઓના નિમિત્તના સદુપયોગથી સાધક પોતાની સત્તામાં રહેલ શુદ્ધ આત્મસ્વરૂપનો આસ્વાદ કરે છે. શ્રી વાસુપૂજ્ય સ્વામીનું પુષ્ટ અવલંબન લેનાર સાધકને અક્ષય જ્ઞાનદર્શનાદિ આત્મિક રિદ્ધિ અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

'જિનવર પૂજા રે, નિજ પૂજના રે,
પ્રગટે અન્વય શક્તિ;
પરમાનંદ વિલાસી અનુભવે રે,
દેવચંદ્ર પદ વ્યક્તિ....પૂજના-૭

સાધકથી જ્યારે દ્રવ્ય-ભાવાદિકથી શ્રી જિનેશ્વર ભગવંતની વિધિવત્ પૂજના થાય છે, ત્યારે તેને નિશ્ચય વર્તવા માંડે છે કે તે વાસ્તવમાં તો પોતાના હૃદયમંદિરમાં બિરાજમાન પરમાત્મ તત્ત્વની અથવા સ્વસ્વરૂપની જ પૂજા કરે છે. સાધક શ્રી જિનેશ્વરના નિમિત્તનો આશ્રય લઈ પોતાની સત્તામાં, પરંતુ બહુધા અપ્રગટદશામાં રહેલ આત્મતત્ત્વની પૂજા કરતો હોવાથી તેના સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણો કે શક્તિ પ્રગટ થવા માંડે છે. આવો સાધક ક્રમશઃ પોતાના સ્વગુણોનો પરમાનંદ અનુભવવા માંડે છે, તેમાં તે નિમગ્ન રહે છે અને અવસર આવ્યે પૂર્ણ શુદ્ધાત્મ સ્વરૂપને કે સિદ્ધપદને પામે છે.

શ્રી જિનેશ્વર ભગવાનની દ્રવ્ય અને ભાવપૂજાદિથી કેવું અદ્‌ભુત પરિણામ આવી શકે છે તેનો મહિમા પ્રસ્તુત સ્તવનમાં શ્રી દેવચંદ્રજીએ વ્યક્ત કર્યો છે.

❖❖❖

# રૂઢિર્બલીયસી

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

(ગતાંકથી ચાલુ)

સમ્યકત્વના પડદા પાછળ છૂપાયેલો મોક્ષ દૃષ્ટિગોચર થાય છે. હવે તેવી સમજણ પછી સમ્યકત્વ પ્રાપ્ત કરવા માટે જે લાખ પ્રયત્નો કર્યા તે સાચવવા મરણિયો જંગ ખેલવો પડે. આત્માએ અપૂર્વ સુપુરુષાર્થ કરવો જ રહ્યો. હવે તેને ટકાવવું જોઇએ, સાચવવું જોઇએ. સ્થિર રહે તે માટે પ્રયત્નશીલ બનવાનું. ટકાવી રાખ્યું હોય તો તેને વધુ ને વધુ નિર્મળ કરવા સાધનાના ક્ષેત્રમાં સતત તલ્લીન રહેવું પડે. જે માટે સમ્યકત્વના ૬૭ ભેદે ઉપાસના ચાલુ રાખવી પડે છે.

નમસ્કાર, નમન, વંદન કરવાથી મનનું ઉન્મનીકરણ થાય છે. તે સંદર્ભમાં રાઈ પ્રતિક્રમણમાં આવેલ 'વિશાલલોચન દલ સૂત્ર'ની બે ગાથા અહીં રજૂ કરું છું.

'યેષામભિષેક કર્મ કૃત્વા મત્તા હર્ષ ભરાત્ સુખં સુરેન્દ્રા:
તૃણમપિ ગણયન્તિ નૈવ નાકં પ્રાત: સન્તુ શિવાય તે જીનેન્દ્રા: (૨)
કલંક નિર્મુકહામમુક્ત પૂર્ણતં કુતર્કરાહુ ગ્રસતં સદો દયમ્
અપૂર્વ ચંદ્રક જિનચંદ્રભાષિતં દિનાગમે નૌમિ બુધૈર્નમસ્કૃતમ્ (૩)

અંતમાં આપણે સર્વે સમ્યકત્વ પ્રાપ્ત કરવા કટિબદ્ધ થઈ તે મેળવી ભવસાગર તરીએ એવી શુભેચ્છા રખાય ને ? હાલમાં જે જૈનો છે તેમણે આર્યક્ષેત્ર, મનુષ્ય ભવ, જૈન ધર્મ, દેવ-ગુરુનો સમાગમ, શ્રવણેચ્છા અને તદનુરૂપ આચરણ કરનારા ભવિ ધર્મીઓ પાટ પર બિરાજેલા આચાર્ય ભગવંતના સદ્દુપદેશથી થતી પ્રેરણાથી વીસ સ્થાનકની ભક્તિ આરાધના કરે છે. તપશ્ચર્યાના મહત્ત્વ જેટલી જ આભ્યંતર ભાવનાની કક્ષાએ સર્વજીવોના કલ્યાણની ભાવના છે. જેને ભાવદયાનું સ્વરૂપ આપી શકાય. જો હોવે મુજ શક્તિ ઇસી...દ્વારા તીર્થંકર નામકર્મ બાંધનાર આત્મા ચિંતવે છે; આત્માના ભાવોને પ્રબળ કક્ષાના બનાવી ભાવના ભાવે છે : 'જો મને એવી પ્રબળ શક્તિ મળે તો હું 'સવિ, જીવ કરું શાસન રસીં... બધાં જીવોને શાસનના રસિયા બનાવી દઉં, બધાંને અધર્મીમાંથી ધર્મી બનાવી પાપ કરતા અટકાવી, પુણ્યોપાર્જન કરતા બનાવી; દુ:ખ ભોગવનારાને સુખ ભોગવનારા કરી દઉં. એવી પ્રબળ શક્તિ મને મળે કે જેથી સંસારમાં કોઈ દુ:ખી ન રહે, બધાંને કલ્યાણકારી શાસન પમાડી દઉં એવી શક્તિ મને સ્ફુરે તો સારું.'

વર્તમાન પ્રવર્તમાન સમયે હજારો પુણ્યાત્માઓ વીસ સ્થાનનું તપ કરે છે, કરી રહ્યાં છે જે માર્ગ સાચો છે. તે દ્વારા ઓછામાં ઓછો આશ્રવ, વધુમાં વધુ સંવર અને તેના પરિપાકરૂપે ભાવ નિર્જરા થાય છે, જેથી મોક્ષના દ્વાર સુધી પહોંચી શકાય તે માટેની તૈયારી, ઓછામાં ઓછી અશુભ ભાવના, વધુમાં વધુ શુભ ભાવના ભાવવી રહી. આવી ઉત્કટ ઉદાત્ત કક્ષાની ભાવના ભાવતાં પવિત્ર શુભ અધ્યવસાયમાં તેઓ તીર્થંકર નામકર્મ બાંધે છે. 'શુચિ રસ ઢળતે તિહાં બાંધતા તીર્થંકર નામ નિકાચતા બાકી રહેલું આયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પછી સ્વર્ગે સીધાવે છે. વચમાં એક દેવનો ભવ કરી છેલ્લે ભવે તીર્થંકર બને છે. તીર્થંકર બનવાનો આ જ રાજમાર્ગ છે, પ્રક્રિયા છે. તેથી આમ વીસ સ્થાનકની આરાધના સાથે 'સવિ જીવ કરું શાસન રસી'ની ભાવના ભાવતાં કંઈ પૈસો ખરચવો પડતો નથી. પરંતુ આવા મનના ઉદાત્ત ભાવો જાગૃત થતા નથી, સર્વ જીવોના કલ્યાણની ભાવના જાગતી નથી. વર્તમાનના પડતા સમયે આરાધના કરાય છે, મનના સંતોષ ખાતર આરાધના થાય છે, કરી એમ લાગે છે, પરંતુ ભાવનાથી વંચિત રહેવાથી તીર્થંકર નામકર્મ બાંધી શકતા નથી. કેમકે આંતરિક રીતે સર્વ જીવોને શાસન રસિક કરવાની ભાવદયા ખૂટે છે. શાસન રસિક કરવા તથા ભાવદયાની અધુરપને લીધે તીર્થંકર નામકર્મ નિકાચિત નથી કરી શકાતું. તેથી વીસ સ્થાનકની આરાધના સાથે તીર્થંકર નામકર્મની નિકાચના થાય તો તીર્થંકર બનવાનું કાર્ય સુનિશ્ચિત થઈ જાય.

ભગવાન શ્રી મહાવીર સ્વામીના સમયના જે નવ મહાપુરુષોએ તીર્થંકર નામકર્મ બાંધ્યું છે, તેમાં શ્રેણિક રાજા, સુલસા શ્રાવિકા, રેવતી શ્રાવિકા, શંખ શ્રાવક, આણંદ શ્રાવક, પોટિલ શ્રાવક, સુપાર્શ્વકાકા, શતકશ્રાવક, શ્રેણિકપુત્ર ઉદાયન છે. આ કંઈ નાનીસૂની વાત નથી, કારણ કે તેઓ મહાવીર સ્વામીના સમયના છે.

ભાવિ તીર્થંકરો જે થનારાં છે તેમાં શ્રી કૃષ્ણ વાસુદેવ, નાટકીય અને માયાવી નારદ, કર્ણ વગેરે પણ ભાવિ તીર્થંકરોમાંના છે. આ આશ્ચર્યકારી નથી લાગતું ? કૃષ્ણ બારમા અમમસ્વામી થશે, કર્ણ ૨૦મા તીર્થંકર વિજયસેન, નારદ એકવીસમા મલ્લિનાથ, અંબડ તાપસ ૨૨મા દેવસ્વામી તથા દ્વૈપાયન ૧૯મા યશોધર સ્વામી થનારાંમાંના છે. ભાવિ તીર્થંકર થનારા નામાદિ નિક્ષેપે વર્તમાનમાં પૂજનીય બને છે. આગામી આખી ચોવીશીની પ્રતિમાઓ છે અને તે હાલમાં પૂજાય પણ છે. મહારાજા શ્રેણિક જે આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ થશે તેમનું ભવ્ય, વિશાલ, આકર્ષક જિનાલય અત્યારે ઉદયપુરમાં અસ્તિત્વ ધરાવે છે, તેમની મોટી વિશાળ પ્રતિમા વર્ષોથી પૂજાય છે. 'હિંમતે મર્દા તો મદદે ખુદા' પ્રમાણે હતાશ થયા વિના અધિકાધિક માત્રામાં શુભ સંયમ કરી ભાવપૂર્વક નિર્જરા કરી કર્મ ખપાવી શુભ કરનારાઓમાં ભાવે ભાવના ભાવિ જીવન સાર્થક કરીએ એ જ શુભકામના.

વલી એક નવો મુદ્દો નોંધી લઈએ. વર્તમાન સમયે રાવણને એક ખરાબ, દુષ્ટ પુરુષ તરીકે નવાજવામાં આવે છે. પરંતુ તે કે જેણે ચોક્કસ સીતાનું હરણ કરવાનું કનિષ્ઠ કામ કર્યું, જે રાવણ જેવાએ ન કરવું જોઇએ. જો આપણે રાવણના જીવનમાં ડોકિયું કરીએ તો તેના જીવનનું ઉજળું પાસું પણ જોવા મળે તેમ છે. જેની સામે આપણે ઝાંખા પડી શકીએ. રાવણ જૈન શાસ્ત્રોમાં જિનભક્ત તરીકે હતો. વીણાનો તાર તૂટ્યો ત્યારે તે અષ્ટાપદ પર બિરાજમાન વર્તમાન ચોવીશીની ૨૪ પ્રભુપ્રતિમાઓ સમક્ષ સ્વપત્ની સાથે નૃત્ય-ગાનની ભક્તિમાં મગ્ન હતો, મંદોદરી નૃત્ય કરતી હતી ત્યારે તાર તૂટતાં ક્ષણમાત્રમાં પોતાની નસ કાઢી તાર સાંધી લીધો જે ભાવોલ્લાસ ઘણો ઊંચો હતો. શુભ અધ્યવસાયોમાં તલ્લીન હતો ત્યારે રાવણે તે જ ઘડીએ તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું, અને મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થઈ મોક્ષે જશે.

ટૂંકાણમાં પરમાત્મા બનવાની પામરાત્માની પ્રક્રિયા જોઈ. તેનું ચિંતન કરતાં આપણામાં પડેલી અનંત શક્તિનું ભાન થાય તો જાણવા જેવું છે કે તેવું બીજ આપણામાં પડેલું છે. જેમ બીજ વિકસિત થતાં વૃક્ષ બને ત્યારે હવા-પાણી-પ્રકાશાદિ સહયોગે હજારો ફળ ઉત્પન્ન કરી શકે છે તેમ આપણે પણ આત્મામાં પડેલા પરમાત્મા થવાના બીજને વીસ સ્થાનકની સમ્યગ્ આરાધના કરતાં કરતાં તપશ્ચર્યા તથા ભાવદયાના ભાવનાના સિંચનરૂપી જળથી સિંચન કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જિત કરી ભાવિમાં તીર્થંકર થઈને હજારો લાખોને મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરાવીને મોક્ષે જઇએ.

સમ્યકત્વ પામ્યા તે પહેલો ભવ અને મોક્ષ પામવાનો છેલ્લો ભવ ગણાય છે. આ બેની વચ્ચેની સંખ્યા તે ભવ સંખ્યા ગણાય છે, કારણ કે સમ્યકત્વ પામે તે પૂર્વેની મિથ્યાત્વ કાળની ભવસંખ્યા અનંતી થાય. તે પ્રમાણે આદીશ્વર ભગવાનના ૧૩ ભવો થયા. શાન્તિનાથ ભગવાનના ૧૨ ભવો, નેમિનાથ ભગવાનના ૯ ભવો થયા, પાર્શ્વનાથ ભગવાનના ૧૦ ભવો થયા, મહાવીર સ્વામીના ૨૭ ભવો થયા. બાકીના શેષ તીર્થંકરોના ૩-૩ ભવો થયા. ભગવાન ઋષભદેવનો જીવ પહેલા ધનસાર્થવાહના ભવે સમ્યકત્વ પામી ૧૩મા ભવે મોક્ષે ગયા; ભગવાન પાર્શ્વનાથનો જીવ પહેલા મરુ ભૂમિના ભવે સમ્યકત્વ પામી ૧૦મા પાર્શ્વનાથના ભવે મોક્ષે પધાર્યા, ભગવાન મહાવીર સ્વામી પહેલા નયસારના ભવે સમ્યકત્વ પામી ૨૭મા ભવે મોક્ષે સીધાવ્યા. પરંતુ તીર્થંકરો કે કોઈ પણ જીવના નિગોદથી માંડી મોક્ષે જવાના ભવો અનંત જ છે. તેથી નિગોદ એ જીવ માટેનો એક છેડો અને તેની સામેનો છેડો તે મોક્ષ.

પૂજ્ય વીરવિજયજી મહારાજ સ્નાત્રપૂજાની ઢાળમાં જણાવે છે કે જીવ સમ્યકત્વ પામીને જ આગળ કૂચ કરે છે. વીસસ્થાનકની આરાધના કરી મનમાં જગતના સર્વ જીવોના કલ્યાણની ભાવદયા ચિંતવી આ આરાધનાના બળે તીર્થંકર નામકર્મ નિકાચિત કરે છે, ઉપાર્જિત કરે છે. જેવી રીતે નમસ્કાર મહામંત્રનાં નવ પદો છે તેમ વીસસ્થાનકનાં ૨૦ પદો છે. ત્રેસઠ શલાકા પુરુષચરિત્ર મહાગ્રંથમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે વીસ પદની આરાધના કરી તીર્થંકર નામકર્મ નિકાચિત કરવાનું ફરમાવે છે. બીજી તરફ આ ૨૦ પદોમાંથી કોઇપણ એક પદની સુચારુ-શ્રદ્ધાપૂર્વક આરાધના કરી, તીર્થંકર નામકર્મ ઉપાર્જિત કરી, અરિહંત થઈ મોક્ષે ઘણાં ગયાં છે. શ્રી લક્ષ્મણસૂરિએ વીસસ્થાનક પૂજામાં એક એક પદની આરાધના કરી કોણ કોણ મોક્ષે ગયા તેની નામવલિ આમ જણાવી છે :-

(૧) પહેલા પદની આરાધના કરી દેવપાળ રાજા તીર્થંકર નામકર્મ બાંધે છે. (૨ ) બીજા પદની આરાધના કરી હસ્તિપાળ રાજા તીર્થંકર નામકર્મ બાંધે છે. (૩) ત્રીજા પદની આરાધના કરી જિનદત્ત શેઠ તીર્થંકર નામકર્મ બાંધે છે. (૪) ચોથા આચાર્ય પદની આરાધના કરી પુરુષોત્તમ રાજા તીર્થંકર નામકર્મ બાંધે છે. (૫) પાંચમા સ્થવીર પદની આરાધના કરી પદમોત્તર રાજા તીર્થંકર નામકર્મ બાંધે છે. (૬) ઉપાધ્યાય પદની આરાધના કરી મહેન્દ્રપાળ તીર્થંકર નામકર્મ બાંધે છે. (૭) સાધુદની આરાધના કરી વીરભદ્ર તીર્થંકર નામકર્મ બાંધે છે. (૮) જ્ઞાનપદની આરાધના કરી જયન્ત દેવ તીર્થંકર નામકર્મ બાંધે છે. (૯) સમ્યગ્દર્શન પદની આરાધના કરી હરિ વિક્રમરાજા તીર્થંકર નામકર્મ બાંધે છે. (૧૦) વિનયપદની આરાધના કરી ધનશેઠ તીર્થંકર નામકર્મ બાંધે છે. (૧૧) ચારિત્ર (આવશ્યક) પદની આરાધના કરી અરુણદેવ તીર્થંકર નામકર્મ બાંધે છે. (૧૨) બ્રહ્મચર્યપદની આરાધના કરી ચન્દ્રવર્મા તીર્થંકર નામકર્મ બાંધે છે. (૧૩) ક્રિયાપદની આરાધના કરી હરિવાહન તીર્થંકર નામકર્મ બાંધે છે. (૧૪) તપપદની આરાધના કરી કનકકેતુ રાજા તીર્થંકર નામકર્મ બાંધે છે. (૧૫) સુપાત્રદાન પદની આરાધના કરી હરિવાહન રાજા તીર્થંકર નામકર્મ બાંધે છે. (૧૬) વૈયાવચ્ચ (જિનપદની) આરાધના કરી જિયતકેતુ તીર્થંકર નામકર્મ બાંધે છે. (૧૭) સંયયપદની આરાધના કરી પુરંદર રાજા તીર્થંકર નામકર્મ બાંધે છે. (૧૮) અભિનવ જ્ઞાન પદ આરાધી સાગરચંદ્ર તીર્થંકર નામકર્મ બાંધે છે. (૧૯) શ્રુતપદની આરાધના કરી રત્નચૂક તીર્થંકર નામકર્મ બાંધે છે. (૨૦) તીર્થપદની આરાધના કરી મેરુપ્રભ તીર્થંકર નામકર્મ બાંધે છે.

ઉપર પ્રમાણે વીસપદોની આરાધનામાંથી એક એક પદની આરાધના કરનાર આ ૨૦ પુણ્યશાળી મહાત્માઓ હતા. એમણે એક એક પદની આરાધના કરીને તીર્થંકર નામકર્મ નિકાચિત કરી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર બનીને મોક્ષ પામ્યા. વીસસ્થાનકો કયા કયા તે પણ અહીં રજૂ કરાયાં છે.

આત્માના ગુણોનો વિકાસ કરી ૧૪ પગથિયાં ચઢવા માટે ધર્મ અને કર્મ વિષે સ્પષ્ટ ખ્યાલ રહેવો જોઇએ. તે માટે સતત જાગૃકતા રહેવી જોઇએ. ત્યારબાદ ભાવનિર્જરા જેમ બને તેમ વધુ ને વધુ કરવી જોઇએ. તે માટે મારે સમકિત પામવું છે તે મંત્ર ગુંજ્યા કરવો જોઇએ કેમકે તે સમગ્ર ક્રિયાકલાપ આગળ એન્જિનની જેમ એકડાનું કાર્ય કરે છે. હતાશ થયા વગર આપણે જાણીએ છીએ કે પંચમ આરાના અંતે એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા જૈન ધર્મનો વાવટો ફરકાવનારા હશે. આર્ય ક્ષેત્રમાં જન્મી જે સાધન સામગ્રી પ્રાપ્ત કરી છે તે યોગ્ય ફળ આપે તે માટે અધર્મ જેમ બને તેમ શૂન્ય સ્થિતિએ પહોંચે તો બેડો પાર થયા વગર રહે ખરો ? જૈન દર્શનમાં નમસ્કારનું અદ્વિતીય મહત્ત્વ છે. તેથી મનનું ઉન્મનીકરણ થતાં એક્કોવિ નમુક્કારો જીનવર વસહસ્સ તારેઈ નરં વ નારીવા, સ્ત્રી તથા પુરુષ બંને મોક્ષના અધિકારી છે તે અત્રે બતાવ્યું છે. અહીં જણાવેલો એક્કોવિ નમુક્કારો જો તે સામર્થ્યયોગનો થાય તો સમકિતી જીવ પરંપરાએ મોક્ષ માટેનો આત્મવિકાસ કરે કેમકે તે હવે ૧૪ ગુણસ્થાનકોની સીડી પર આરૂઢ થઈ ૧૩-૧૪ ગુણસ્થાનકે વીતરાગ દશાને પ્રાપ્ત કરી કેવળી થશે જ. કારણ કે સિદ્ધો 'પારગયાણં પરંપરાએગયાણં લોસગ્ગમુવગયાણં' સ્થિતિએ પહોંચેલો છે.

આ બધું મનનું ઉન્મનીકરણ થતાં, સામર્થ્યયોગ સિદ્ધ થતાં શક્ય બને છે જે માટે આપણે આશાવાદી થવું રહ્યું, તે માટેનો સુપુરુષાર્થ કરી સર્વ આત્મશક્તિ વિકસાવવી જ રહી.

ધર્મજિજ્ઞાસુ શ્રદ્ધાન્વિત શ્રાવક, તત્ત્વના જાણકાર અને સમકિતી થવાનું જેણે લક્ષ રાખ્યું છે તે આ તથ્યથી અભિજ્ઞ જ છે કે સંસાર અનાદિ-અનંત છે છતાં વ્યક્તિ પોતે મોક્ષ મેળવી તેનો અંત લાવી શકે છે. કેમકે અભવ્યો ક્યારેય મોક્ષ પામવાના નથી. તેઓ સંસારમાં જ રહેનારા છે. તેથી સંસાર ચાલુ જ રહેવાનો છે. પરંતુ વ્યક્તિ વિશેષ સુપુરુષાર્થ કરી મોક્ષ મેળવી તેને 'સાન્ત' કરી શકે છે. સંસારનો અંત શક્ય નથી; પરંતુ વ્યક્તિ વિશેષનો સંસાર સાન્ત પણ છે. ભગવાન મહાવીરે, ચોવીસ તીર્થંકરોએ, સર્વ ગણધરોએ, કેટલાંક આચાર્યો, ઉપાધ્યાય, સાધુ-સાધ્વીઓ મોક્ષે પહોંચી સંસારનો અંત લાવેલો છે.

ધર્મ ન પામેલાઓ અણંતવાર સંસારમાં ૮૪ લાખ યોનિઓમાં ભટકયા કરે છે, રવડે છે, ભમે છે. ધર્મ પામી જેઓ સમકિત મેળવે છે તેઓ જ સંસારનો અંત લાવે છે, જ્યારે અભવી જીવો તો કદાપિ મોક્ષમાં જવાના જ નથી. તેથી સંસારનો ક્યારેય પણ અંત આવવો સંભવ નથી. સંસરણશીલ સંસાર અનંતકાળ સુધી ચાલતો જ રહેશે. તેનો આવો સ્વભાવ છે.

આજકાલ સિદ્ધચક્રપૂજન, ભકતામરપૂજન, લાખોની સંખ્યામાં નવકાર જાપ, દેવદર્શન તથા પૂજા, સામાયિક, અનુષ્ઠાનો, વ્રત નિયમાદિ અધિકાધિક માત્રામાં થાય છે. ધર્મ કરવાનો નિયમ લે છે પરંતુ અધર્મ-પાપ ત્યાગની વાતો કરો તો તૈયાર નહીં થાય. પરિણામ એવું આવે છે કે ધર્મ પણ થતો રહે છે અને સાથે સાથે પાપ પણ કરાયે જ જાય છે; જેથી ધર્મની કિંમત ઘટે છે, ધર્મની નિંદા થાય છે. જો ધર્મ કરતાની સાથે પાપ પણ ઓછું થતું રહે તો એક દિવસ એવો આવે કે પાપો છૂટી જાય, પાપો ઓછાં કરતાં કરતાં તે સર્વથા છૂટી જાય ત્યારે સોનામાં સુગંધ ભળી જાય અને આત્મકલ્યાણના માર્ગ પર અગ્રેસર થતાં નિર્જરા થકી

મોક્ષ પહોંચાડનારા માર્ગે ફલાંગો ભરી શકાશે.

બધાં જ તીર્થંકરો જન્મે ત્યારે ત્રણ જ્ઞાનના સ્વામી હોય છે અને તેઓ જ્યારે સંસાર ત્યજી સંયમિત જીવન જીવે; સાધુ બને ત્યારે જ ચોથું મન:પર્યવજ્ઞાન મેળવે છે, કારણ કે મન:પર્યવજ્ઞાન છઠ્ઠા-સાતમે પ્રમત્ત-અપ્રમત્ત સાધુ જ કે જેઓ સંસારત્યાગી, વિરક્ત વૈરાગી મહાત્મા હોય તેમને હોય છે. આ ચોથું જ્ઞાન પણ ગુણપ્રત્યયિક છે તેથી આ બે સ્થાને રહેલા અપ્રમાદી, ઋદ્ધિવંત ચારિત્રધારી સંયમી મુનિરાજોને શુભભાવના પરિણામે ચઢતાં જ પ્રગટે છે.

ઉપાશકદશાંગ સૂત્રમાં ભગવાન મહાવીર પ્રભુના પરમ ઉપાસક ૧૦ શ્રેષ્ઠ શ્રાવકનું વર્ણન છે. આનંદશ્રાવક જ્યારે નિ:સ્પૃહી નિષ્પરિગ્રહી બાર વ્રત ધારકને ૧૪ વર્ષની અનુપમ સાધના કરતાં કરતાં અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતાં અવધિજ્ઞાન અને અવધિદર્શન થયાં. યોગાનુયોગે મહાવીરસ્વામીના આદ્ય ગણધર અનંતલબ્ધિ નિધાનને વંદના કરતાં વિનંતી કરી કે સંસ્તારક (સંથારા)થી બહારની ભૂમિનો ત્યાગ કર્યો હોવાથી બહાર પગ મૂકી શકું તેમ નથી, તો નજીક આવો તો ચરણસ્પર્શી શકું. આપની અસીમ કૃપાથી મને અવધિજ્ઞાન અવધિદર્શન પ્રાપ્ત થયું છે. ગૌતમે કહ્યું કે શ્રાવકને આવું જ્ઞાન ન થઈ શકે તેથી મૃષાવચનનું મિચ્છામિ દુક્કડં. શ્રાવકે કહ્યું કે શું સત્ય વચનનું પણ મિચ્છામિ દુક્કડં આપવામાં આવે છે ? ગૌતમે સમવસરણમાં પહોંચી ભગવાને ખુલાસો કર્યો ત્યારે અગાધ સરળતાથી કહ્યું કે તમારું કહેવું સાચું છે.

એક મુનિવર પોતાની પ્રતિલેખન (પડિલેહણ)ની ક્રિયા કરી કાજો (કચરો) કાઢી ઈરિયાવહી કરતાં ભાવની વિશુદ્ધિથી અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન પ્રગટ્યું પરંતુ જ્યારે સ્વર્ગાધિપતિ સૌધર્મેન્દ્ર પોતાની પ્રિયતમા ઈન્દ્રાણીને વિનંતી કરતો જોઈ કાયોત્સર્ગમાં મુનિને હસવું આવી ગયું અને હાસ્ય મોહનીય કર્મને લીધે અવધિજ્ઞાનાવરણીય કર્મના ઉદયથી તે નષ્ટ થઈ ગયું !

કલ્પાતીત દેવલોકના અનુત્તર સ્વર્ગ અને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો આયુષ્યભર ૩૬ સાગરોપમ શાસ્ત્રીય વિષયોના ચિંતન, મનન, નિદિધ્યાસનમાં મગ્ન તલ્લીન થઈ અદ્‌ભુત જ્ઞાનોપસના કરે છે. અભયકુમાર ૩૬ સાગરોપમ સુધી પાંચમા અનુત્તર સર્વાર્થસિદ્ધ વિમાનમાં આરાધના કરનારા છે.

સામાયિક, રાઈ દેવસિ પ્રતિક્રમણ કરતાં આપણે પુણ્યાનુબંધી પુણ્ય સંપાદિત કરાવનાર ઇરિયાવહી પડિક્કમિયે છીએ; પરંતુ બાળસુલભ ચેષ્ટા કરનાર અઈમુત્ત બાળમુનિ પાણીમાં હોડી તરાવતાં જે અપકાય જીવની વિરાધના કરી તે ધ્યાન પર લેવડાવતાં તે એવી તલ્લીનતા એકાગ્રતાથી પડિક્કમી કે આત્મકલ્યાણ સાધી લીધું.

સ્થૂલિભદ્ર કોશા વેશ્યાને ત્યાં કુટુંબીજનોનો ત્યાગ કરી ૧૨ વર્ષ રહ્યા અને જ્યારે નાનાભાઈએ રક્તરંગી નાગી તલવાર હાથમાં લઈ પિતાનું માથું વાઢી નાંખ્યું તે જાણ્યું ત્યારે રાજાને માત્ર આલોચવાનું કહી, લોચ કરી ધર્મલાભ કરતા ઊભા રહ્યા તે સ્થૂલિભદ્ર ૮૪ ચોવીશી સુધી અમર થઈ ગયા-કેવી સાધના !

ભગવાન મહાવીર સ્વામીના સ્વહસ્તે દીક્ષિત થયેલી છત્રીસ હજાર સાધ્વીઓના અગ્રસર ચંદનબાળા ભગવાનના સમવસરણમાંથી સૂર્યાસ્ત થયા છતાં પણ પાછા ન ફરનારા મૃગાવતીનું ધ્યાન ન ગયું અને ચંદનબાળાએ કહ્યું કે સારા કુળની સ્ત્રીઓ માટે આ યોગ્ય ન કહેવાય. શિષ્યા મૃગાવતીને ઠપકો ઘણો આકરો લાગ્યો અને ઊંડું ચિંતન કરતાં ભાવનાના ઉચ્ચત્તમ શિખરે આરૂઢ થઈ ક્ષપક શ્રેણિએ કર્મક્ષય કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

તે જ રીતે અંધકારમાં કાળા સર્પને લીધે ચંદનબાળાનો હાથ દૂર લઈ જતાં સર્પનો જવાનો માર્ગ મોકળો તો થયો પરંતુ જાગૃત થયેલા ચંદનબાળાએ જાણ્યું કે મૃગાવતીને અપ્રતિપાતિજ્ઞાન તેમના પ્રભાવથી થયું છે ત્યારે તેમની આશાતના માટે ખરા હૃદયે પશ્ચાત્તાપ કરી રહેલાં ચંદનબાળાને પણ કેવળજ્ઞાન થયું.

અતીર્થ સિદ્ધના ભેદમાં માતા મરૂદેવીનું નામ આવે છે. ભગવાન ઋષભદેવની માતા મરુદેવી પુત્રના મોહને લીધે લાંબા ૧૦૦૦ વર્ષોના સમય સુધી રૂદન કરવાથી આંખની દ્રષ્ટિ ગુમાવી દીધી. પુત્રને કેવળજ્ઞાન થતાં તેનો વૈભવ સાંભળી અનિત્ય અને એકત્વ ભાવનું ચિંતન કરતાં હાથી ઉપર જ રાજમાર્ગે ક્ષપકશ્રેણિ પર ચડી, ઘાતી કર્મોનો ક્ષય કરી અંતર્મુહૂર્તમાં મોક્ષપુરીમાં પહોંચી ગયા.

ભગવાન ઋષભદેવના પુત્ર બાહુબલી દીક્ષા લઈને કાર્યોત્સર્ગ ધ્યાનમાં ૧૨ માસ વીત્યા પછી બ્રાહ્મી-સુંદરી, સાધ્વીઓ દ્વારા 'વીરા મોરા ગજ થકી ઊતરો, ગજ ચડે કેવળ ન હોય રે..' આનાથી સાવધાન બનેલા પ્રભુવંદનાર્થે પગ ઉપાડતાં કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે.

ભરત ચક્રવર્તીઅરીસા ભુવનમાં અનિત્ય ભાવનાનું ચિંતન કરતાં હાથની સરી પડેલી મુદ્રા નિમિત્તે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

'અંબડ પરિવ્રાજકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાં ૨૫મા તીર્થંકર ન હોય તથા કુદેવોના દર્શને ન જનાર ૩૨ પુત્રોને સમરાંગણમાં ગુમાવી દેનારી સુલસા રથકાર પત્ની ભાવિત દ્વારા સમકિતી થઇને તેને પરિમાર્જિત કરી રહેલી આગામી ઉત્સર્પિણીમાં ૧૫મા નિર્મમ તીર્થંકર થશે. સમકિત દૃષ્ટિ સાહાય્યક બની ગઈ ! ભરહેસરની સજ્ઝાયમાં તેનું નામ પ્રથમ છે. 'સુલસા ચંદનબાળા'...તેને ધર્મલાભ કહેવડાવવા ભગવાન મહાવીરે અંબડને મોકલ્યો હતો.

જેના તાજેતરમાં લગ્ન થયેલા છે તે યુવાન ટીખલી સાથીદારો સાથે કુતૂહલવૃત્તિથી પ્રેરાઈ જ્યાં નામ પ્રમાણે ગુણ ધરાવનારા ચંડરૂદ્રાચાર્ય સમીપ આવી કહેવા લાગ્યા કે આ યુવાનને દીક્ષા લેવી છે. તેમણે ક્રોધાન્વિત થઈ, માથું હાથમાં લઈ મુંડી નાંખ્યું, લોચ કરી દીધો. હસવામાંથી ખસવું થઈ ગયું. તે યુવાને બાજી સંભાળી લીધી અને શિષ્ય બનેલા યુવાને ગુરુને ત્યાંથી સલામતી માટે ચાલી નીકળવા જણાવ્યું. રાત પડી ગઈ હતી. ગુરુથી અંધારામાં ચાલી શકાય તેમ ન હતું તેથી કહ્યું કે મને ઊંચકી લે. ખાડાટેકરાવાળો રસ્તો તથા અંધારું હોવાથી ડગમગ ગતિએ ચાલવા માંડ્યું. ક્રોધાયમાન ચંડરૂદ્રાચાર્યે માથા ઉપર ડંડાથી પ્રહાર કરવા લાગ્યા, પરંતુ સમતામાં સ્થિર રહી, વેદનાને ગૌણ કરી ક્ષમા-સમતાની ભાવનામાં સ્થિર નવીન મુનિ દેહભાન ભૂલી આત્મ ચિંતનની ધારામાં ચડી; પાપોનો નાશ કરતો આત્મા ગુણસ્થાનક શ્રેણિઓમાં આગળ વધતાં ક્ષપકશ્રેણિમાં આરૂઢ થઈ શુક્લધ્યાનની ધારામાં ચડી કેવળી બન્યા.

ગુરુ હવે સારી રીતે ચાલનાર લોહીથી ખરડાયેલા શિષ્યને નીચે ઉતારી પશ્ચાત્તાપની ધારામાં ક્ષમા યાચે છે. શિષ્યને અપ્રતિપાતિ જ્ઞાન થયું છે એમ જાણીને પશ્ચાત્તાપમાં ડૂબેલા ચંડરુદ્રાચાર્યને પણ કેવળજ્ઞાન થયું.

સંધ્યા સમયે રંગબેરંગી બદલાતા વાદળો જોઈ સંસારની અસારતા જોઈ રાજા પ્રસન્નચંદ્ર રાજપાટ, વૈભવ ત્યજી દીક્ષા લઈ સાધુ બન્યા. એક હાથ ઊંચો કરી કાયોત્સર્ગમાં હતા ત્યારે તેમના કાને વાત પડી. એથી યુદ્ધની વિચારણામાં ખોવાઈ ગયા. માનસિક યુદ્ધમાં ચડ્યા. એક પછી એક તીરો ફેંકતા ગયા. શસ્ત્રો ખૂટતાં મુગટ ફેંકવા જતાં મુંડિત થયાનું ભાન થતાં સાવધાન થયા; માનસિક પાપો ધોવા પશ્ચાત્તાપની ધારામાં

વહેવા લાગ્યા. ધ્યાનાગ્નિએ જોતજોતામાં પાપોના ઢગલાને ભસ્મીભૂત કરી દીધો. ક્ષપકશ્રેણિએ આરૂઢ પ્રસન્નચંદ્રે ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી વીતરાગી થઈ મોક્ષે ગયા.

ઉપર ટાંકેલાં વિવિધ ઉદાહરણો જણાવે છે કે આ વ્યક્તિઓએ બાર ભાવનામાંથી ગમે તે જેવી કે અન્યત્વ, એકત્વ, અશરણત્વ, અશુચિત્વાદિ, ભાવના, કોઈક પ્રસંગ કે દૃશ્ય, ધ્યાન, સાધના, સમાધિ, સમતા, તપ, ત્યાગ, જિનવાણીનું શ્રવણ તથા પરિણમન, પ્રભુની શ્રદ્ધાપૂર્વક તથા ભક્તિ સહિતની પૂજાદિનો સથવારો લીધો હતો.

તેના પરિપાક અને પરિણતિ રૂપે આત્મામાં એટલી તીવ્ર ઝણઝણાટી, ગદ્‌ગદ્‌તા ક્રિયમાણ થઈ જેથી સાતમા અપ્રમત્ત ગુણઠાણે પહોંચી, શાંત-પ્રશાંત બની અનાસક્ત ભાવ, સમતાયોગમાં આરૂઢ થઈ, વીતરાગી થવા માટેના શુક્લધ્યાનના ચારે પાયા પસાર કરી સીધો કૂદકો મારી શૈલેશી દશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનના અધિપતિ બની ગયા.

હવે કરવા જેવું આ પ્રમાણે રહે છે. આત્માના દર્શનગુણને ક્રિયામાં પરિવર્તિત કરીને પરમાત્મદર્શન વડે દર્શનગુણ વિશુદ્ધ અને વિકસિત કરવો જોઈએ. દર્શનીય પરમાત્મા છે, દર્શનકર્તા પામરાત્મા છે. બંને આત્મસ્વરૂપે સમાન છે. વિશેષણ માત્ર અંતર કરે છે. આત્માને પરમ અને પામર લાગતાં આ શબ્દો બને છે. પરમ એટલે સર્વોત્તમ, સર્વશ્રેષ્ઠ, સર્વોપરિ, સર્વકર્મરહિત, સર્વગુણવિભૂષિત, સર્વજ્ઞ, વીતરાગી તે પરમાત્મા અને આનાથી વિરુદ્ધ ધર્મ હોય તે પામરાત્મા. પામરાત્મા માટે પરમાત્મા ઊંચો આદર્શ છે.

પરમાત્મા તેથી તેને માટે પૂજનીય, દર્શનીય, વંદનીય, ચિંતનીય હોઈ જીવે પૂજક, દર્શક, ચિંતક થઈ ભક્ત બની ભક્તિ કરવી જોઈએ.

જૈન કુળોમાં અદ્યાવધિ આ રિવાજ ચાલુ છે કે પથારીમાંથી જાગ્યા પછી પહેલું કાર્ય નજદિકના દેરાસરમાં જઈ પ્રભુનાં દર્શન કરી કૃતકૃત્યતા અનુભવવી. તેણે ભગવાનની ભક્તિ કરવી જોઈએ. તેમાં પ્રભુદર્શન પ્રાથમિક પ્રક્રિયામાં સ્થાન મેળવે છે. ત્યારબાદ પૂજા, ભાવના, ધ્યાનાદિનો ક્રમ છે.

ચક્ષુરિન્દ્રિના અભાવમાં એકલેન્દ્રિયો, વિકલેન્દ્રિયોનો આત્મા, પ્રભુદર્શન કરી શકતા નથી. તેથી કેટલાંયે જન્મો નરક, તિર્યંચ ગતિમાં પસાર થયા. તેથી ૮૪ લાખ જીવયોનિમાં મનુષ્ય ગતિ અને દેવગતિમાં પરમાત્મદર્શન, પૂજા, ભક્તિ કરી ઈન્દ્રિયોની (મળેલી) સાર્થકતા સિદ્ધ કરવી રહી. દેવો પાંચ કલ્યાણકો તથા નંદીશ્વર દ્વિપમાં જઈ પૂજાદિ કરે છે. પ્રભુ દર્શનથી ભક્ત ધન્યતા અનુભવે છે. આ ભાવને પૂ. યશોવિજયજી મહારાજ ઋષભ જિનસ્તવનમાં આમ કહે છે :

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો
ગુણ નીલો જેણે તુજ નયણ દીઠો
દુ:ખ ટળ્યા સુખ મળ્યા સ્વામી તુજ નિરખતાં
સુકૃત સંચય હુઓ પાપ નીઠો.

આ ગાથામાં પ્રથમ ચરણમાં પ્રભુદર્શન અને અંતિમ ચરણમાં સેવા-પૂજાની વાત લખી છે. દર્શન-પૂજનથી ભક્ત ભગવાની નિકટ જનારાં છે. વળી દેવચંદ્રજી મહારાજે કહ્યું છે :

સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે,
દરિશન શુદ્ધતા તેહ પામે.
જ્ઞાનચારિત્ર તપવીર્ય ઉલ્લાસથી કર્મ જીતી વસે મુક્તિ ધામે.

આમ શુદ્ધ દર્શનને મોક્ષપ્રાપ્તિનું કારણ બતાવાયું છે. સંસારમાં મનુષ્ય પ્રતિદિન દર્પણમાં પોતાનું મુખ જુવે છે. માથું બરાબર ઓળેલું છે? ચાંલ્લો ઠીક થયો છે, કપડાં વ્યવસ્થિત પહેરાયાં છે વગેરે. દર્પણમાં પોતાની ક્ષતિ-ઉણપ જુએ છે. ધાર્મિક જીવનમાં પ્રભુદર્શન પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પ્રભુની પ્રતિમારૂપી દર્પણમાં આપણું, પ્રતિબિંબ જોઈ શકાય. જિનપ્રતિમામાં દર્પણની જેમ આત્મિક દોષ-દુર્ગુણોરૂપી ક્ષતિઓને જોઈ શકાય. પરમાત્મામાં સ્વ-આત્મદર્શન કરવાની આ એક અદ્‌ભુત પ્રક્રિયા છે. આપણે અપૂર્ણ, અલ્પજ્ઞ, રાગ-દ્વેષી સર્વ દોષ, દુર્ગુણોથી ભરપૂર છીએ જ્યારે પરમાત્મા સર્વગુણ સંપન્ન, સર્વદોષરહિત સ્વદર્શી, વીતરાગી છે.

ઉદયરત્નવિજયજી મહારાજે શાન્તિનાથ ભગવાનના સ્તવનમાં જણાવ્યું છે કે :

સુણો શાંતિ જિણંદ સૌભાગી, હું તો થયો છું તુમ ગુણ રાગી
તુ મે નીરાગી ભગવંત, જોતાં કેમ મળશે તંત.

આની ૧૦ કડીમાં ઉદયરત્ન મહારાજે હું અને ભગવાન કેવાં છે તેનું સુંદર વર્ણન કર્યું છે. એક દુર્ગુણોનો ભંડાર છે જ્યારે બીજો સદ્‌ગુણો કેવાં અને કેટલાંક છે તે તુલનાત્મક રીતે પ્રતિપાદિત કર્યું છે. પૂ. યશોવિજયજી મહારાજે જ્ઞાનસાર ગ્રંથની અંદર પૂર્ણતાષ્ટકમાં પૂર્ણની પૂર્ણતા અને અપૂર્ણની અપૂર્ણતા ચિતરી છે.

આવા પ્રભુદર્શનનું અનુપમ અને અદ્‌ભુત વર્ણન અવધૂત યોગી પૂ. આનંદઘનજી મહારાજે પોતાની ચોવીસીમાં વિશેષ કરીને અભિનંદનસ્વામીના સ્તવનમાં કર્યું છે. સંક્ષેપમાં આવા યોગી પણ પ્રભુદર્શન માટે તડપી રહ્યા છે. આ તડપ સ્વાતિ નક્ષત્રના બિંદુને ઝંખતા ચાતક પક્ષી જેવી છે.

પૂજ્ય વીરવિજયજી મહારાજે ચોસઠ પ્રકારની પૂજામાં ૮ કર્મોના વિષયમાં ૮ ભિન્ન ભિન્ન પૂજાની ઢાળો રચી છે. જેથી આને ૬૪ પ્રકારી પૂજા કહે છે.

ઉપર કરેલી ચર્ચા-વિચારણાના ફળસ્વરૂપ આ રીતે નિષ્કર્ષ પર આવી શકાય. આ સમયગાળો જે ૮૪ હજાર વર્ષોથી કંઈક ઓછો છે તે દરમ્યાન ભરતક્ષેત્રમાંથી મોક્ષ અશક્ય છે. પરંતુ આ દરમિયાન એવાં કંઈક જીવો હોઈ શકે છે કે જેઓ ચરમ-દગલપરાવર્તકાળમાં પ્રવેશી ચૂક્યા હોય. ૮૪ હજાર વર્ષોથી આ સમય ઘણો ઘણો મોટો છે. માર્ગાનુસારી, માર્ગપતિત, માર્ગાનુરૂઢ જીવો, જાણવું, માનવું અને આચરવું સરળ રીતે સમજી પ્રગતિ કરી શકે તેમ છે. તે માટે ધર્મ ઘણો કરી નાખ્યો તેમ માની સંતોષ ન કરતાં ધર્મમાં અસંતોષ તથા પૌદ્‌ગલિક સંપત્તિ ઘણી વિશાળ અને વિસ્તૃત હોવા છતાં પણ અહીં અસંતોષ ધરાવવાના બદલે સંતોષ રખાય તો બાજી જીતી જવાની પૂરી શક્યતા છે. તે માટે બે પ્રકારની પ્રવૃત્તિઓ હોય છે. શુભ અને અશુભ. સંસારના વૈષયિક, ભૌતિક અને પૌદ્‌ગલિક સુખોમાં સ્વર્ગનું સુખ પામવું તે માટેની સર્વ પ્રવૃત્તિઓ અશુભ જ રહેવાની. આવી અશુભ પ્રવૃત્તિઓ ન થાય તે માટે જાગરૂકતા ઘણી આવશ્યક છે. તે પ્રમાદવશ થઈ જાય એટલા માટે ભગવતી સૂત્રમાં વારંવાર ભગવાન મહાવીરે ચાર જ્ઞાનના ધારક ગૌતમસ્વામીને ટોક્યા છે કે 'સમય ગોયમ મા પમાએ.'

એકવાર સમવસરણમાં બેઠેલા મહાવીરસ્વામીને જયન્તી શ્રાવિકાએ પ્રશ્ન કર્યો: 'હે કૃપાનાથ ! આ સંસારમાં કોનું સૂતા રહેવું સારું અને કોનું જાગવું સારું?' ઉત્તરમાં ભગવાને કહ્યું : 'જાગરિયા ધમ્મિણં અધમ્મિણં તુ સુત્તયા સયા.' ધર્મીનું જાગવું સારું અને અધર્મીનું સૂતા રહેવું સારું. ધર્મી જાગતો રહેશે તો પાપ નહીં કરે, જ્યારે અધર્મી જો જાગતો રહેશે તો પાપ કરશે. માટે પ્રમાદવશ નિદ્રા પણ નકામી છે. ૧૪ પૂર્વધર

મુનિને લબ્ધિવશ પૂર્વોનું અનુશીલન કરવું જ રહ્યું. જો તેમાં પ્રમાદવશ ચૂકે તો મૃત્યુ પછી દુર્ગતિ એટલે કે નિગોદમાં કદાચ જવું પડે. પ્રથમવાર કોઈ આત્મા સિદ્ધ થયા તેથી તે અવ્યવહારરાશિમાંથી વ્યવહાર રાશિમાં મૂકાયો. હવે તો સ્વપ્રયત્ન જે ઘણો કપરો અને મુશ્કેલ છે તે કરવો રહ્યો.

જ્ઞાનાવરણીય કર્મ હઠતાં જાણવાનું થાય; ત્યારે દર્શનાવરણીય કર્મ હઠતાં સાચું જોઈ શકાય, સમ્યક શ્રદ્ધા થાય. પૂજ્ય વીરવિજયજી મહારાજે ચોસઠ પ્રકારની પૂજામાં ૮ કર્મો વિષે ૮ વિભિન્ન ઢાળો લખી છે. દર્શનાવરણીય કર્મ વિષે આમ લખ્યું છે :

'હે ભગવન! આત્મદર્શન ગુણનું આવરણ કરનાર દર્શનાવરણીય કર્મના કારણથી આપનાં દર્શન કરી શક્યો નથી. શાસન પામી શક્યો નથી. નૈગમનયાદિરૂપ એકાન્ત દર્શનથી સંસારમાં ભટકતો રહ્યો. માત્ર હાથથી પાણી વલોવતો રહ્યો પણ કોઈ નવનીત સાર મેળવી ન શક્યો. પૂર્ણરૂપ આપનાં દર્શન માટે ભક્તિ કરી રહ્યો છું જેથી દર્શનાવરણીય કર્મ દૂર થાય; આપનાં દર્શન પૂર્ણરૂપે કરી શકું. જેમ જલકાંતમણિથી પાણી દૂર થાય, તેમ આપનાં દર્શને કર્મ દૂર થાય.'

પ્રાતઃકાળે ઊઠ્યા પછી પ્રભુદર્શન માટે જે તાલાવેલી રખાય તે આ માટે જ ને? તેથી તો કહ્યું છે કે દર્શનં મોક્ષ સાધનમ્. પ્રભુદર્શન માટે દોષી એવો આત્મા મૂર્તિરૂપી દર્પણમાં ભગવાનના ગુણોના સમૂહને નિરખી આત્મદોષો પ્રક્ષાલિત કરવા જોઈએ. પ્રભુના ગુણો સ્વાત્મામાં સંક્રાન્ત થાય તે માટે પ્રભુ દર્શનનો મહિમા છે.

જિનાદિની ભક્તિમાં તત્પર, જિનેશ્વર પરમાત્મા, સિદ્ધભગવંત, સાધુ, સાધર્મિક બંધુ વગેરેની ભક્તિ, સેવા, વૈયાવચ્ચની રુચિવાળા જીવો, આવાં નિયમાદિવાળા જરૂર ઉચ્ચ ગોત્ર કર્મ બાંધે. ભરતચક્રવર્તીએ પૂર્વ ભવમાં ૫૦૦ મુનિઓની સુંદર વૈયાવચ્ચ કરી હતી જેથી બીજે ભવે ભગવાન ઋષભદેવના પુત્ર થયા, ચક્રવર્તી બન્યા. સ્નાનાગારમાંથી બહાર નીકળતાં પોતાનું સુંદરતમ રૂપ પ્રદર્શિત કરવા આભૂષણાદિથી સજ્જ થયેલાને દેવે થૂંકવાનું કહ્યું. તેમાં કીડા વગેરેથી ખિન્ન થઈ દીક્ષા લીધી. શરીરમાં થયેલા રોગો ૭૦૦ વર્ષ ભોગવી સમતાપૂર્વક દિવસો વ્યતીત કરી છેવટે મોક્ષે ગયા હતા.

પ્રભુદર્શન અને પૂજા જો પૂર્ણ, સાચી, શ્રદ્ધાપૂર્વક કરાય તો તે અકલ્પ્ય ફળ આપે છે. ઉદાહરણ તરીકે રાવણ, મયણાસુંદરી અને શ્રીપાલરાજા.

આ રીતે દર્શન અને પૂજા કરાય તો તેથી પુણ્યાનુંબંધી પુણ્ય બંધાય છે. પુણ્ય પણ સાંકળ છે અને તે સોનાની છે. સાંકળ એટલે સાંકળ. તે પણ એક પ્રકારનો આશ્રવ છે. નવ તત્ત્વોમાં છેલ્લા ત્રણ એટલે આશ્રવ, સંવર અને નિર્જરા મોક્ષ માટે ઘણું મોટું મહત્ત્વ ધરાવે છે; જેમાં નિર્જરાનું કાર્યક્ષેત્ર મોક્ષ માટેની સીડી સમાન છે. અકામ નિર્જરાદિ ઉપયોગી અને સહયોગી કારણોથી તથા ભવ્યત્વનો પરિપાક થતાં, કોઈ સિદ્ધના પ્રતાપે નિગોદરૂપી સંસારમાંથી મુક્તિથી અવ્યવહાર રાશિ નિગોદનો જીવ સૂક્ષ્મ નિગોદમાંથી બહાર નીકળી બાદર પર્યાયમાં આવ્યો, ક્રમશઃ ભવ પરંપરામાં આગળ વધતો ૮૪ લાખ જીવયોનિમાંથી ભટકતો, કુટાતો, સુખદુ:ખની થપ્પડો ખાતો, અનંત ભવ અને અનંત પુદ્‌ગલપરાવર્ત કાળ વિતાવતો આગળ વધે છે. તેવો એક જીવ આપણો પણ હોઈ શકે.

આ અવસ્થા પ્રાપ્ત કરવા માટે રાગ-દ્વેષ છોડવાં જોઈએ. સંસારના રાગમાં કષાયોની વૃદ્ધિ થાય છે તે દ્વારા દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે રાગ વૃદ્ધિગત થતો નથી. તેથી જેમ જેમ દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે રાગભાવ વધે તો સંસારનો રાગ ઘટે. આ માટે રાગનો ત્યાગ અને ત્યાગનો રાગ કરવો જોઈએ. આ સ્થિતિ આધ્યાત્મિક ક્ષેત્રે ખૂબ મોટો આદર્શ છે. કષાયનું મૂળ કારણ રાગદ્વેષ છે. જીવ, મન, વચન, કાયાથી જે પ્રવૃત્તિ કરે છે તેમાં રાગદ્વેષનું પ્રમાણ ઓછું વત્તું રહે છે. તેથી કષાયમુક્તિ: કિલમુક્તિરેવ એમ કહ્યું છે. અનાદિ કાળથી રાગદ્વેષના સંસ્કારો અને મોહનીય કર્મ જે રાજા સમાન છે તે જીવની ખરાબી કરનારા છે. ચારે ગતિમાં પરિભ્રમણ કરતાં જીવના અનંતભવો વીતે છે. જન્માન્તરમાં જતા જીવની સાથે કષાયોનું પણ સંક્રમણ થાય છે. કષાયો આત્મગુણ ઘાતક છે. મૂળભૂત સમ્યયગ્દર્શન ગુણનો ઘાત અનંતાનુબંધી કષાયો કરે છે. આથી કષાયોથી બચવું જરૂરી છે. આત્મવિકાસની સીડી છે જેનાં ૧૪ પગથિયાં છે, ૧૧મા ગુણસ્થાનકે ક્રોધ, માન અને માયા ત્રણ કષાયો પર વિજય પ્રાપ્ત કર્યા છતાં થોડાક લોભને કારણે સાધુ પણ પતન પામે છે. જેમ કે તપસ્વી અને જ્ઞાની મહાત્મા અષાઢાભૂતિ મુનિ ગોચરીમાં લાડુ જોઈ લોભાયમાન થઈ ગયા અને ૧૨ વર્ષ સુધી ઘરમાં સંસારી તરીકે રહ્યા; પરંતુ ભરતચક્રિનું નાટક ભજવતાં અનિત્ય ભાવનાનો અભિનય કરતાં ક્ષપકશ્રેણી પર ચડી કર્મોના ચૂરેચૂરા થઈ ગયા અને જોતજોતામાં અષાઢાભૂતિ મુનિ કેવળજ્ઞાન પામી ગયા.

૧૪ ગુણસ્થાનકની સીડી પર ચઢતાં લોભ સૂક્ષ્મરૂપે ઉદયમાં આવે ત્યારે આત્માનું અધઃપતન થાય છે અને આખી સાધના ઉપર પાણી ફરી વળે છે. તેથી કહ્યું છે કે : લોભ: સર્વાર્થબાધક: આમ તો ચારે કષાયો નુકસાનકારી, આત્મગુણઘાતક છે. નોકષાય પણ બાધક છે. એ પણ કર્મબંધનું કારણ છે. જે માટે કહ્યું છે કે :

નવ નોકષાય તે ચરણમાં, રાગદ્વેષ પરિણામ
કારણ જે કષાયના, તિણે નોકષાય તે નામ.

૧૪ ગુણસ્થાનકોના ક્રમિક વિકાસ માટે કર્મપ્રકૃતિઓનો ક્ષય કરીને આત્મવિકાસ કરનારો જીવ એકેક ગુણસ્થાને આગળ વધતો ઉપર ને ઉપર પહોંચે છે. પૂ. વીરવિજયજી મહારાજાએ ૬૪ પ્રકારી પૂજામાં મોહનીય કર્મની ઢાળમાં લખ્યું છે કે મોહનીય કર્મની ૨૮ પ્રકૃત્તિઓમાંથી મિથ્યાત્વ, ભય, જુગુપ્સા, ૧૬ કષાયો આ ૧૯ પ્રકૃતિઓ ધ્રુવબંધી છે. બાકીની ૭ પ્રકૃતિઓ, ૩ વેદ, રતિ, અરતિ, હાસ્ય, શોક અધ્રુવબંધી છે. ધ્રુવ એટલે નિત્ય જે હંમેશા બંધાતી રહે અને અધ્રુવ એટલે અનિત્ય જે કાયમ બંધાતી નથી.

સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ ત્રણે વેદ મોહનીય કર્મનો ઉદય નવમા અનિવૃત્તિ બાદર નામના ગુણઠાણા સુધી રહે છે.

આત્માનો મોક્ષ છે, નહિં કે શરીરનો. આત્મા જ્ઞાન, દર્શનાદિ ગુણવાન દ્રવ્ય છે. ગુણયુક્ત ગુણી આત્મા છે. કર્માવરણથી ગ્રસિત આત્મા જેમ જેમ કર્મની અશુદ્ધિઓ દૂર કરે, શુદ્ધાવસ્થા પ્રાપ્ત કરે એ જ સાધના છે. જેમ જેમ આત્મા સ્વગુણોનું સ્વરૂપ પ્રાપ્ત કરતો રહે, ગુણવાન બની આગળ ને આગળ વધતો જાય તેમ તેમ ગુણસ્થાનો પર આરોહણ કરતો જાય. આ રીતે મોક્ષપ્રાપ્તિ સુધી આત્માના વિકાસની સાધનાને ગુણસ્થાનક ક્રમાવરોહ કહે છે.

આઠ કર્મોમાં મોહનીય કર્મ જ બળવાન છે. તેનો ક્ષય કરવાથી એકી સાથે જ ઘનઘાતી કર્મોનો ઘાણ નીકળી જતાં બાકીના ચાર આઘાતી કર્મો ખૂબ સહેલાઈથી ક્ષય પામી જાય છે. મોહનીય જે પાપોનો બાપ છે તેનો ક્ષય કરવો તે સાધના છે.

૧૪ ગુણસ્થાનોમાં પ્રથમ ગુણસ્થાનકથી લઈને ૧૩મા ગુણઠાણા સુધી મુખ્ય રૂપે મોહનીય કર્મોનો ક્ષય કરવો તે સાધના છે.

(ક્રમશઃ)

# જૈન લાવણી કાવ્યો

□ ડૉ. કવિન શાહ

જૈન કાવ્યપ્રકારોમાં લાવણીના કાવ્યપ્રકારમાં ભક્તિમાર્ગની પરંપરાનું અનુસંધાન જોવા મળે છે.

લાવણી એ સંગીત શાસ્ત્રનો શબ્દ છે. એક તાલ તરીકે સ્વતંત્ર તે સ્થાન ધરાવે છે. તેમાં ૮ માત્રા અને ત્રણ તાલ હોય છે. ૧-૩-૭ માત્રા પર તાલનો આધાર હોય છે. પાંચમી માત્રા ખાલી હોય છે.

લાવણી દક્ષિણ ભારતનો એક દશ્ય તાલ છે. આ તાલનો શિષ્ટ કે શાસ્ત્રીય સંગીતમાં સમાવેશ થયો નથી. તેને દક્ષિણ પ્રદેશમાં ધૂમલી તાલ તરીકે ઓળખવામાં આવે છે. દાદા સમતા અને દ્રુત એ લાવણીના તાલ છે. લાવણી ચાર માત્રાનો એક તાલ છે. લાવણી એટલે લલકારી શકાય એવી ચર્ચાતી વાતની કવિતા. લાવણી શબ્દ પ્રયોગ કાવ્યમાં કોઇ એક રાગ કે ઢાળ તરીકે પણ થાય છે. મરાઠી ભાષામાં લાવણીનો કાવ્ય પ્રકાર અત્યંત સમૃદ્ધ છે. લાવણીની વ્યુત્પત્તિ વિચારીએ તો लावनिका-लावण्या-लावणी આ દૃષ્ટિએ વિચારતાં તેમાં રાગયુક્તતા-આલાપનું લક્ષણ રહેલું છે. ઉપરોક્ત માહિતીને આધારે વિચારીએ તો લાવણી એ ગીત-કાવ્ય સમાન સુગેય મધુર પદાવલીયુક્ત રસસભર કાવ્યરચના છે.

મધ્યકાલીન જૈન સાહિત્યમાં લાવણીની રચનાઓ પ્રાપ્ત થાય છે તેને આધારે વિશેષ માહિતી નીચે પ્રમાણે છે.

સાંપ્રદાયિક સાહિત્યમાં ધાર્મિક વિષયો અને ઉપદેશનું લક્ષણ સર્વ સામાન્ય હોય છે. તે પ્રમાણે લાવણીમાં ૨૪ તીર્થંકરોમાંના ઋષભદેવ, અજિતનાથ, શાંતિનાથ, વિમલનાથ, નેમનાથ, પાર્શ્વનાથ, મહાવીર સ્વામી અને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા શ્રી સીમંધર સ્વામીના જીવનને કેન્દ્રમાં રાખીને એમના ગુણગાન ગાવામાં આવ્યા છે. સ્થૂલિભદ્ર-કોશા, વિજય શેઠ-વિજયા શેઠાણી જેવી વ્યક્તિવાચક લાવણીઓ રચાઈ છે. જૈન દર્શનના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરતી લાવણીઓમાં સમકિતનો મહિમા, મિથ્યાત્વનો ત્યાગ, બ્રહ્મચર્ય શીલનું પાલન-પ્રભાવ, સુદેવ-સુગુરુ અને સુધર્મની આરાધના વગેરેનો સમાવેશ થાય છે. તદુપરાંત મધ્યકાલીન પરંપરાને અનુસરતી ત્યાગ અને વૈરાગ્ય પ્રધાન લાવણીઓમાં ઉપદેશાત્મક વાણી રહેલી છે.

નેમનાથ વિષયક લાવણીઓમાં નેમકુમારે રાજુલનો ત્યાગ કર્યો અને ગિરનાર ગયા ત્યારપછીની રાજુલની માનસિક અને શારીરિક સ્થિતિનો ઉલ્લેખ કરતી કરુણા અને શૃંગાર રસયુક્ત લાવણીઓ રચાઈ છે. પાર્શ્વનાથની લાવણીઓમાં પ્રભુના ચમત્કાર અને પ્રભાવનું નિરૂપણ થયું છે. સંખ્યાની દૃષ્ટિએ નેમનાથની લાવણીઓ વિશેષ છે. ઉ.ત. જુઓ:

ગિરિવર કયું ગયે ગુરુ ગ્યાની, રાજુલ મનમેં નહીં માની,
નવભવ કો નેહ મેરો જૂનો, તજ ગયો મેરો શ્યામ સલૂનો.
મેરે શિર પે પડ્યો દુ:ખ દૂનો, મેરો હિરદો હુવો સબ સૂનો
નિત નિત ઝરે મુજ પાની. ।। ૧ ।।

xxx

દગા દે ગયા પતિ ગિરનારી, કહો રે માઈ કૈસે લગે કારી,
બિધિ બિન તોરણ કું આયા, સખી સબ મિલ મંગલ ગાયા.
પશુ ફુંદ મેં સે છુડાયા, સભીને દરિશન નહીં પાયા.
તોડ ગયે નવ ભવ કી યારી, મેરી દિલ દયા નહીં ધારી.

xxx

આદિનાથની લાવણી:
મેરે દિલ કે મહેર મેં તું હી શ્રી નાભિનંદન ભગવાન
તેરે ચરણોં સે ઉલજા પ્રાણ,
કૈલાસ પરવત પર મંદિર, જિહાં પ્રભુજી રાજે
દેવ દુંદુભિ ગયણો ગાજે, સિદ્ધખેત્ર સાધુપંથજો સ્વામી
'આભૂષણાં છાજે'

xxx

શાંતિનાથની લાવણી:
શાંતિનાથ મોહે પાર ઉતારો, ગરીબ ચાકર મેં તેરા,
ભાનુચંદ કે ભય નિવારો, બાજે જિત કા ઘડિયાલા.

xxx

પાર્શ્વનાથની લાવણી:
અગડબમ અગડબમ બાજે ચોઘડા
સવાઈ ડંકો સાહેબ કા,
છનન છનન અવાજ હોતા
મહેલ બનાયા ગગનો કા
શ્રી કલ્યાણ પારસનાથ નામ કા
નિત બાજતા હે ચોઘડા.
તીન લોકમેં સચ્ચા સાહિબ
પારસનાથ અવતાર બડા. ।। ૧ ।।

તીર્થંકર વિષયક લાવણીઓ ચરિત્રાત્મક વિગતોની સાથે ભક્તિ ભાવનાને મૂર્તિમંત રીતે વ્યક્ત કરે છે. ભક્તના ઉદ્ધારની આર્દ્ર ભાવના અને વિનંતીના વિચારોનો સંદર્ભ મળે છે. ચરિત્રાત્મક માહિતી હોવાથી કાવ્યગત લક્ષણો અલ્પ પ્રમાણમાં જળવાયાં છે. પરિણામે પ્રસંગ વર્ણનનાં પદસમાન લાવણીઓ ગણીએ તો તે ઉચિત ઠરશે.

કવિ પંડિત વીરવિજયજીની સ્થૂલિભદ્ર-કોશ્યાજીની લાવણી એની પદાવલીઓ અને યમકને કારણે ઉત્તમ કાવ્યકૃતિ બની શકી છે. કોશાનું ચિત્રાત્મક નિરૂપણ ચિત્તાકર્ષક છે. તેના દ્વારા આ પાત્રનો વિશિષ્ટ રીતે પરિચય થાય છે. કવિએ અંતે તો આધ્યાત્મિક ભાવના પ્રગટ કરીને ભવ-નાટક તરીકેનો પ્રસંગ દર્શાવ્યો છે. કવિના શબ્દોમાં જ ઉપરોક્ત માહિતી જોઇએ:

નવ નવ રંગે છંદ છપૈયા. આચરીયા રસ ગુણ ભરીયા
ઠમક ઠમક પગ ભૂતલ ઠમકે, ઠમકે રમઝમ ઝાંઝરીયા ।। ૩ ।।
હૃદયાનંદન કેતકી ચંદન, ફૂલ અમૂલ મલક મલકે,
ખલકે ખલક કર કંકણ, ઝલકે ઝલકે ટીકાં ઝુલકે ।। ૪ ।।
ઝરમર ઝરમર મેહુલો વરસે, જલ સે ભરી ભરી વાદલીયા
ઘનન ઘનન ઘનઘોર અંધાર, ટહુકે ટહુકે ગિરિ કેકા છેકા ।। ૮ ।।
વૈરીણી પર એ વરસાલો, વિરહીને ઘણું સાલે છે.
ધમધમ માદલ કે ધોકારા, કંસ તાલ વીણા સખરી
તાથેઈ તતથેઈ તાન ન ચૂકે, મૂકે નેત સહેત ધરી. ।। ૯ ।।

સ્થૂલિભદ્રને માયાજાળમાં ફસાવવા માટે કોશા મર્યાદા ચૂકીને પ્રણયચેષ્ટા કરે છે. કવિના શબ્દો છે:

ચિત્ત બદને લટકે ચટકે મટકે નવિ અટકે રાગે,
પ્રીત કી રીતિ અનોપમ નાટક, કરતાં પ્રેમ દાન માગે ।। ૧૫ ।।
કહેરે મુનિ હેલી સુણો અલબેલી નાટક નવિ કરતાં આવે
શ્રી શુભવીર વજીર પસાયે, ભવ નાટક સુણજો ભાવે ।। ૧૬ ।।

લાવણીમાં ધાર્મિક વિષયોનો સમાવેશ થયો છે. સમકિત, મિથ્યાત્વ, દેવ-ગુરુ-ધર્મ, બ્રહ્મચર્ય, ક્ષમા જેવા વિષયોની લાવણીઓ પરિચયાત્મક હોવાની સાથે માહિતીપ્રધાન તથા ઉપદેશાત્મક છે. કેટલીક પંક્તિઓ દ્વારા આ હકીકત વધુ સ્પષ્ટ થશે. ત્યાગ અને વૈરાગ્ય ભાવની લાવણીઓ આત્માના ઊર્ધ્વગમનમાં નવો પ્રાણ પૂરે છે.

સુગુરુ-
નમું નમું મેં ગુરુ નિર્ગ્રંથ વેં જિનમુદ્રાધારી
પુદ્ગલ ઉપર પ્રેમ ન કરતા, મન કી મમતા મારી હે ।। ૧ ।।

કુગુરુ-
તજું તજું મેં ઉન કુગુરુકું, કનક કામિની ધારી હે,
જ્ઞાન ધ્યાન કી બાત ન જાને, અષ્ટ કરમ સે ભારી હે ।। ૧ ।।

પરનારી નિરખવા ઉપર
ચતુર પરનારી મત નિરખો
શ્રાવણ કેરી રેન અંધેરી, બીજલી કો ચમકો.
રાવણ મોટા રાય કહાવે, લંકા ગઢ બેઠા.
પાપ કરીને નરક પોંહોંચીયો
દુ:ખ પાયો અધકો. ।। ૧ ।।

સ્વારથ-
કોન જગત મેં તારાં ચેતન,
અપને અપને સ્વારથ કે બસ, બિન સ્વારથ હોય ન્યારાં રે.
સ્વારથ માત સંપુત્તે બોલાવે, જીજીકર કહે દાસ રે.
વીર કહે ભગિની નિજસ્વાર્થે, લાગે પિતાકું પ્યારા રે. ।।

ઉપદેશાત્મક :
તું ઉલજ્યો હે જંજાલ જગત મેં, વિકલ ભઈ સબ તેરી મતિ,
આપ મુવા અભિમાની જીવડા, આગે કિણ વિધ હોય ગતિ ।।

xxx

સુકૃત કી બાત તેરે હાથ રતિ ના રહી રે,
પુદ્ગલમેં માન્યો સુખ, કલ્પના કહી રે.

xxx

તજો કામ પદ માન લાલ, જિનવર ગુણ ભજ લીજે,
કમાઈ સુકૃત કી કીજે,
તેં નહીં પરખ્યો જિનરાજ ધંધે મેં હોય રહ્યો વાતો,
સુખદાઈ સંવર સમતા કો, રસ કર્યો નહીં પીતો.

xxx

આત્માની લાવણી-
સિદ્ધ સ્વરૂપી સદા પદ તારો, તું મૂરખ કાં ભૂલ રે,
વ્યાજ નફો પલ્લે નહીં બાંધ્યો, ખામી લખાઈ મૂલે ।।

ઉપરોક્ત ઉદાહરણોને આધારે લાવણી વિશે કેટલીક વિગતો નીચે પ્રમાણે છે :

મુનિ ક્ષમાકલ્યાણ, કવિરાજ દીપવિજય, કવિ પંડિત વીરવિજયજી, રૂપવિજય, ઋષભદાસ, શ્રાવક કવિ જિનદાસ, શિવચંદ, ગંગાદાસ, ભાનુચંદ, દીપચંદ વગેરે કવિઓની લાવણીઓ પ્રાપ્ત થાય છે. લગભગ ઓગણીસમી સદીથી આ કાવ્યપ્રકાર અસ્તિત્વમાં આવ્યો હોય એમ અનુમાન કરવામાં આવે છે. કવિ જિનદાસની લગભગ ૧૨૫ જેટલી લાવણીઓ પ્રગટ થઈ છે તે ઉપરથી જિનદાસ એ લાવણીના પુરસ્કર્તા હોય એમ સ્પષ્ટ જણાય છે.

લાવણી મધુર પદાવલી યુક્ત રસસભર ગેય કાવ્ય છે. તે પદ-ગીત-સ્તવન અને ત્યાગ-વૈરાગ્ય પ્રધાન, પ્રસંગ વર્ણનના પદ સ્વરૂપે પ્રાપ્ત થાય છે એટલે તેમાં અન્ય કાવ્યોનો પ્રભાવ પડ્યો છે. કવિતા અને સંગીતના સમન્વયથી લાવણીઓ લલકારી શકાય તેવી ભક્તિપ્રધાન રચનાઓ છે. તેમાં પ્રચલિત દેશીઓનો પ્રયોગ થયો છે. તદુપરાંત ભુજંગી છંદની કેટલીક લાવણીઓ જોતાં 'છંદ' રચના તરીકે પણ સ્થાન પામે છે. સાંપ્રદાયિક વિષયો, ઉપદેશાત્મક વિચારોનું નિરૂપણ, ત્યાગ અને વૈરાગ્ય ભાવનાનો સમન્વય વગેરે દ્વારા લાવણીઓ ભક્તિના માધ્યમ દ્વારા આત્મસ્વરૂપ પામવા માટે અનન્ય પ્રેરણાસ્રોત સમાન છે. શુદ્ધ ગુજરાતી ભાષામાં રચાયેલી લાવણીઓમાં જોડણી અંગે એકસૂત્રતા જોવા મળતી નથી. તેના ઉપર મધ્યકાલીન કાવ્યનાં લક્ષણોનો પણ પ્રભાવ પડ્યો છે. કોઈ અજ્ઞાત કવિની ઋષભદેવની લાવણીમાં ફળશ્રુતિ અને સમયનો ઉલ્લેખ મળે છે.

એકચિત્ત સે સુણો લાવની તિનકે સબ પ્રાંચ્છિત જાવે
ઋદ્ધિ સિદ્ધિ નવનિધિ હોવે, વિપત જાય સંપત આવે ।। ૨૪ ।।
સંવત અઢાર સાઠો વરસ, માહી પૂનમ ગુરુવાર
કહી લાવની અલ્પ બુદ્ધિસે સહેર સલૂના પ્યારે ।। ૨૫ ।।

લાવણીમાં કડીની સંખ્યા નિશ્ચિત નથી. લઘુ પદ સમાન ૩ કડીથી ૩૩ કડી સુધીની દીર્ઘ લાવણીઓ પ્રાપ્ત થાય છે, એટલે કે તીર્થંકર વિષયક-ઉપદેશાત્મક લાવણીઓમાં આવો વિસ્તાર જોવા મળે છે. સંગીતમય ધ્વનિનો પરિચય કરાવતી, પ્રાસયુક્ત યમકના પ્રયોગથી લાવણી ગીત કાવ્યની સમકક્ષ સ્થાન ધરાવે છે. ઉપમા-રૂપક-વર્ણાનુપ્રાસ-ઉત્પ્રેક્ષા આદિ અલંકારો, કરુણ અને ભક્તિરસ સભર લાવણીઓ જૈન કાવ્યસાહિત્યની વિવિધતામાં અનોખી રચનાઓ છે. ભક્તિમાર્ગની પરંપરાનું અનુસંધાન કરતી લાવણીઓ અલ્પપરિચિત છે. જૈન લાવણીકાવ્યો અંગે સઘન અભ્યાસ થાય તો જૈન કાવ્યસાહિત્યની સમૃદ્ધિનું અને વિકાસનું ઐતિહાસિક દર્શન થાય તેમ છે.

❖❖❖

**JINA-VACHANA**

**(ચોથી સંવર્ધિત આવૃત્તિ)**

અર્ધમાગધી, અંગ્રેજી, હિંદી અને ગુજરાતી એમ ચાર ભાષામાં ભગવાન મહાવીરનાં વચનોના આ પ્રકાશનની ૧૯૯૫માં ત્રણ આવૃત્તિની બધી જ નકલો થોડા મહિનામાં જ ખલાસ થઈ ગઈ હતી. એની ઘણી માંગ હોવાથી આ ચોથી સંવર્ધિત આવૃત્તિ સંઘ તરફથી પ્રકાશિત કરવામાં આવી છે.

કિંમત રૂા. ૨૫૦/-

□ મંત્રીઓ

# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૦૩

**(આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ)**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી રવિવાર, ૨૪-૮-૨૦૦૩ થી રવિવાર ૩૧-૮-૨૦૦૩ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાનસભાઓ, પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯-૩૦ થી ૧૦-૧૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|---|
| રવિવાર | ૨૪-૮-૨૦૦૩ | પૂ. આચાર્યશ્રી ૧૦૮ પુષ્પદંતસાગરજી મહારાજ | कैसे जिये ? |
| | | પ્રો. તારાબહેન શાહ | ભગવાન મહાવીરના પૂર્વભવોનું રહસ્ય |
| સોમવાર | ૨૫-૮-૨૦૦૩ | ડૉ. રમણલાલ ચી. શાહ | યોગદૃષ્ટિ |
| | | ડૉ. ઉત્પલાબહેન મોદી | તપનો મહિમા |
| મંગળવાર | ૨૬-૮-૨૦૦૩ | પૂ. સાધ્વીશ્રી વિમલપ્રભાજી | कैसे जाने अपने आपको ? |
| | | શ્રી મહેન્દ્રભાઈ શાહ | જીવનમાં રંગોનો દિવ્ય પ્રભાવ |
| બુધવાર | ૨૭-૮-૨૦૦૩ | ડૉ. કલાબહેન શાહ | સર્વવિરતિ અને દેશવિરતિ ધર્મ |
| | | ડૉ. જિતેન્દ્રભાઈ બી. શાહ | અનેકાન્તવાદ |
| ગુરુવાર | ૨૮-૮-૨૦૦૩ | ડૉ. રૂપાબહેન શાહ | ધર્મનું શિક્ષણ અને શિક્ષણમાં ધર્મ |
| | | શ્રી રસિકભાઈ બી. શાહ | ૐકારની સાધના |
| શુક્રવાર | ૨૯-૮-૨૦૦૩ | પં. જતીશચંદ્ર શાસ્ત્રી | निश्चय और व्यवहार |
| | | પ્રો. સી. વી. રાવળ | જૈન ધર્મ-વિશ્વધર્મ |
| શનિવાર | ૩૦-૮-૨૦૦૩ | ડૉ. પૂર્ણિમાબહેન મહેતા | ચાર યોગભાવના |
| | | પં. અનિલકુમાર જૈન | क्रिया, परिणाम और अभिप्राय |
| રવિવાર | ૩૧-૮-૨૦૦૩ | ડૉ. નરેશ વેદ | સંતવાણી |
| | | શ્રી વિજયભાઈ | સાંવત્સરિક ક્ષમાપના |

વ્યાખ્યાનની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૫ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧) ગાયત્રી કામત, (૨) લલિતભાઈ દમણીયા, (૩) દીનાબહેન શાહ, (૪) શર્મિલાબહેન શાહ, (૫) અલકાબહેન શાહ, (૬) નિર્મળભાઈ શાહ, (૭) ગૌતમ કામત, (૮) ચંદ્રાબહેન કોઠારી.

**આ વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

**ચંદ્રકાન્ત દીપચંદ શાહ**
ઉપપ્રમુખ

**રસિકલાલ લહેરચંદ શાહ**
પ્રમુખ

**નિરુબેન એસ. શાહ**
**ધનવંત ટી. શાહ**
મંત્રીઓ

**ભૂપેન્દ્ર ડી. જવેરી**
કોષાધ્યક્ષ

**વર્ષાબહેન રજ્જુભાઈ શાહ**
સહમંત્રી

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૪ ● અંક : ૯ ● સપ્ટેમ્બર, ૨૦૦૩ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ક્ષમાપર્વ અને વધતો વૈરાગ્નિ

સંવત્સરી પર્વ નિમિત્તે સર્વને ત્રિવિધે ત્રિવિધ મિચ્છા મિ દુક્કડં !

સંવત્સરીના પર્વના પવિત્ર દિવસે સાંજે આશરે ત્રણ–ચાર વાગ્યાથી છ-સાત વાગ્યા સુધીમાં પોતપોતાની અનુકૂળતા પ્રમાણે, જ્યાં જ્યાં જૈનોની વસતિ છે ત્યાં ત્યાં મોટાં મોટાં શહેરોમાં અને નાનામોટાં ગામડાંઓમાં, ધર્મસ્થાનકોમાં સર્વ ફિરકાના લાખો જૈનો સાંવત્સરિક પ્રતિક્રમણ કરવા બેસી જાય છે. એ સમયે દસપંદર મિનિટની એક ભાવયાત્રા કરીએ–સમગ્ર ભારતમાં પોતાનાં પરિચિત ધર્મસ્થાનકો–મુંબઈ, સૂરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર, રાજકોટ, ભુજ, માંડવી, દિલ્હી, અંબાલા, લુધિયાના, જમ્મુ, કલકત્તા, રાયપુર, નાગપુર, મદ્રાસ, બેંગલોર, હૈદ્રાબાદ, શોલાપુર, કોલ્હાપુર, પૂના (આ તો માત્ર થોડાંક જ નામ છે) વગેરે શહેરો તથા વચમાં આવતાં નાનાં નાનાં ગામોના પરિચિત ઉપાશ્રયો-સ્થાનકોનાં દશ્યો નજર સમક્ષ તાદશ કરીએ અને તેમાં વળી જો ખબર હોય કે અમુક સ્થળે અમુક આચાર્ય ભગવંતનું ચાતુર્માસ છે તો એ આચાર્ય ભગવંત અને એમની નિશ્રામાં પ્રતિક્રમણમાં બેઠેલા શ્રાવકોનાં દશ્યો નજર સમક્ષ લાવતા જઇએ અને એમને વંદન અને મિચ્છા મિ દુક્કડં કરતા જઇએ તો થોડીક મિનિટોમાં જ એક અનોખી અનુભૂતિ થાય છે કે અહો કેટલા બધા લોકો શાંત થઈ ક્ષમાપનાના પર્વમાં એક સાથે જોડાયા છે ! કેટલાયનું માત્ર દ્રવ્ય પ્રતિક્રમણ હશે તો પણ ક્ષમાભાવથી જોડાયેલા આ બધા લોકો દ્વારા એક બળવત્તર સામુદાયિક આધ્યાત્મિક ચેતના પ્રગટે છે કે જે પોતાનું કાર્ય કર્યા વગર રહેતી નથી. એનું તરત સ્થૂળ પરિણામ નજરમાં ન આવે તો પણ આ સૂક્ષ્મ શક્તિ અનુક્રમે પોતાનું કાર્ય કર્યા વગર રહેતી નથી. માનવજાતને સુધારવાનું, સ્વસ્થ, સંસ્કારી, નિરામય, તેજોમય, બનાવવાનું કાર્ય આ પર્વ અઢી હજાર વર્ષથી (અને તેથી પણ પૂર્વેથી) નિયમિત કરતું આવ્યું છે. જૈન ધર્મની જગતને આ એક મહાન દેન છે. એથી વખતોવખત અનેકના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું છે અને આ પર્વે અનેક બગડેલા સબંધો સુધાર્યા છે, વેરભાવ શમાવ્યા છે.

હવે તો વિદેશોમાં પણ લાખો જૈનો વસ્યા છે અને સમયફેરે તેઓ પણ પ્રતિક્રમણ કરતા થઈ ગયા છે. એટલે સમગ્ર વિશ્વમાં આ આધ્યાત્મિક ચેતના પોતાનું કાર્ય અવશ્ય કરે જ છે.

બીજી બાજુ વર્તમાન સમયમાં કેટલાયે દેશોમાં પૂર્વે ન જોયો હોય એવો વૈરાગ્નિ વધતો ચાલ્યો છે. અશાંતિ, ભય અને જીવનની અનિશ્ચિતતા કેટલાયે પ્રદેશોમાં સતત પ્રવર્તે છે ! યહૂદીઓ અને મુસલમાનો તથા ખ્રિસ્તીઓ અને મુસલમાનો વચ્ચે વૈરભાવ–વૈમનસ્ય વધુ ઉગ્ર બનવા લાગ્યાં છે. વેરનો બદલો વેરથી લેવામાં માનવાવાળા યહૂદીઓ દ્વારા ઇઝરાયેલમાં પ્રત્યેક બોમ્બવિસ્ફોટ પછી હિંસક વેર જાહેર કરીને લેવાય છે. એથી જે નરસંહાર થાય છે એની પ્રતિક્રિયારૂપે મુસલમાનો ગીચ વિસ્તારોમાં આત્મઘાતી ભયંકર વિસ્ફોટક હુમલાઓ કરતા રહ્યા છે. આમ વેરથી પરંપરા વધતી રહી છે. એથી મરે છે બિચારા નિર્દોષ સ્ત્રી-પુરુષો. કાશ્મીરમાં નરસંહારની ઘટનાઓ એ તો જાણે રોજનો જીવનક્રમ બની ગયો છે. મુસલમાનોમાં પણ શિયા-સુન્ની વચ્ચે પરસ્પર વૈમનસ્ય ઓછું નથી. ઈરાક-ઈરાન વચ્ચે આઠ વર્ષ યુદ્ધ ચાલ્યું અને પિસ્તાલીસ લાખ યુવાન સૈનિકો માર્યા ગયા. દુનિયામાં બીજી બાજુ જાતિગત–આનુવંશિક અથડામણો પણ ઓછી નથી થઈ. શ્રીલંકા હવે થાક્યું છે. આફ્રિકામાં કોંગો, રવાન્ડા-બુરુંડી, લાઇબેરિયા પણ હવે થાક્યાં છે. પણ બીજા વિશ્વયુદ્ધમાં જેટલા માણસો મર્યા એના કરતાં આ નરસંહારોમાં વધુ માણસો મર્યા છે.

વર્તમાન સમયમાં આતંકવાદ ઈસ્લામ દેશો તરફથી વધુ થયો છે. તેલની મબલખ કમાણીએ શસ્ત્રો, વિસ્ફોટક સામગ્રી ઇત્યાદિની ખરીદી અને ધર્મના નામે અંધશ્રદ્ધાપૂર્વક કુરબાની કરવા તૈયાર થયેલા યુવાનોને અકલ્પ્ય રકમની બક્ષિસ વગેરેમાં એ ધનનો બહોળો ઉપયોગ થવા લાગ્યો છે. અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ઈરાક, ઈરાન, સાઉદી અરેબિયા, સુદાન વગેરે ઈસ્લામી રાષ્ટ્રો આતંકવાદનાં મોટાં તાલીમ કેન્દ્ર બન્યાં છે. તેઓએ ફેલાવેલી શૃંખલામાં હજારો બેકાર, ગરીબ યુવાનો જોડાયા છે. આતંકવાદનાં મૂળ ધારીએ તેના કરતાં વધુ ઊંડાં છે. રોજ સંખ્યાબંધ આતંકવાદીઓ મરતા હોવા છતાં ચારપાંચ વર્ષ ચાલે એટલા યુવાનો તાલીમ લઈને પોતાના વારાની રાહ જોઇને બેઠા છે. મોટી સત્તાઓ સામે યુદ્ધમાં ન ફાવી શકાય, પણ તેઓની હિંસક સતામણી તો કરી શકાય. અત્યારે સતામણીના યુદ્ધનો કાળ આવ્યો છે. અમેરિકા, ફ્રાન્સ, રશિયા, ભારત, કેન્યા, ફિલિપાઈન્સ, ઇન્ડોનેશિયા વગેરે રાષ્ટ્રોમાં નવી નવી તરકીબો સાથે નવા નવા વિસ્ફોટો થતા રહ્યા છે. જન્નત (સ્વર્ગ)માં જવાની અંધશ્રદ્ધાના નામે ગલત કુરબાની અપાઈ રહી છે.

આપણે ત્યાં ધડાકા પછીની મૂછ મરડવાની સરકારી જાગૃતિ છે અને ન્યાયતંત્ર જટિલ હોવાથી ન્યાય કરવામાં વિલંબનો પાર નથી. પરિણામે ગુનાખોરીનો ડર નથી. ન્યાયતંત્રમાં વહીવટી સુધારા થશે ત્યારે થશે, પણ હાલ જરૂર છે સક્ષમ ગુપ્તચર તંત્ર વિસ્તારવાની અને સંવેદનશીલ વિસ્તારોમાં નાગરિક સુરક્ષા સમિતિઓ રચવાની કે જેથી કાવતરું થતાં પહેલાં જાસૂસો દ્વારા તે પકડાઈ જાય. માલ મિલકતને જે નુકસાન થાય છે અને મરનારનાં સગાંઓને જે રકમ અપાય છે તેટલી રકમ ગુપ્તચરતંત્રને વિસ્તૃત કરવામાં વપરાય તો અનેક નિર્દોષના જાન બચે. અલબત્ત, દેશ અત્યંત વિશાળ છે, ગીચ વસતિ છે, લોકશાહી છે, દેશમાં જ દેશદ્રોહીઓ બેઠેલા છે એટલે આ કાર્ય ધારીએ એટલું સરળ નથી.

રાજકીય સત્તા તો પોતાના ગજા અને આવડત પ્રમાણે કામ કરશે. ધર્મસત્તા શાન્તિનાં સૂક્ષ્મ આંદોલનો પ્રસરાવે તો એનો પ્રભાવ પણ જગત પર પડ્યા વગર રહે નહિ. વ્યક્તિગત ધોરણે અને સામુદાયિક સ્તરે રોજેરોજ જગતમાં અહિંસા, દયા, ક્ષમા, પ્રેમ, બંધુત્વ, શાન્તિ ઇત્યાદિ પ્રસરે એ માટે પ્રાર્થના, ધ્યાન, મંત્રજાપ, સ્તોત્રપાઠ વગેરે દ્વારા સૂક્ષ્મ શક્તિસંચાર થાય તો અશુભનું યથાશક્ય નિવારણ અવશ્ય થતું રહે.

ઊંડી શ્રદ્ધાનો આ વિષય છે, તો પણ એનો પ્રયોગ કરવા જેવો ખરો !

□ તંત્રી

# વડોદરા : મારી સંસ્કારભૂમિ

□ ડૉ. રણજિત પટેલ ('અનામી')

ગુજરાતી મધુર ગીતોના આપણા સુકવિ શ્રી બાલમુકુન્દ દવેએ 'વડોદરાનગરી' વિષે એક સુંદર કાવ્ય લખ્યું છે, જેની શરૂઆતની બે પંક્તિઓ આ પ્રમાણે છે :-

'વડોદરા શે'ર સાથે પુરાણી છે પ્રીત મારે,
સાત વર્ષ લગી મારો અહીં વસવાટ છે.'

એમની આ પંક્તિઓમાં સાતને બદલે સાઠ (૬૦)નો આંક મૂકીને વડોદરા નગરી માટેનો મારો પુરાણો-(પુરા છતાંય નવીન) નેડો ને નાતો વ્યક્ત કરતાં મને અનહદ આનંદ થાય છે. મારો, મારાં ત્રણેય સંતાનો (બે દીકરા, એક દીકરી)નો ને મારા બંનેય પૌત્રોનો ઉચ્ચ અભ્યાસ, વડોદરાના મ.સ.વિશ્વવિદ્યાલયમાં થયો ને અમો બધા સાડા ચાર દાયકાથી વડોદરે સ્થિર થયા ને બે પાંદડે પણ થયા. (બે સાલથી, બંને પૌત્રો વડોદરા છોડી અમેરિકામાં સ્થિર થયા છે).

વીસમી સદીના ત્રીજા દાયકામાં બી.એજી. થયેલા એકવારના મારા વિદ્યાગુરુ શ્રી ડાહ્યાભાઈ હરગોવિંદદાસ જાની વડોદરાના 'મોડેલ ફાર્મ'માં સુપ્રિન્ટેન્ડન્ટ હતા ત્યારે વડોદરાનું મને પ્રથમવાર સુભગ દર્શન થયું. સને ૧૯૩૪માં હું મેટ્રીકની પરીક્ષા આપવા વડોદરે આવ્યો ત્યારે હાલના ફેકલ્ટી ઓફ આટ્‌ર્સના સેન્ટ્રલ હૉલમાં મારો નંબર હતો. એના ભવ્ય ઘુમ્મટથી હું અતિ પ્રભાવિત થયેલો ને મનમાં વિચાર ચમકી ગયેલો કે જો અહીં નોકરી કરવાનો સુવર્ણ-યોગ પ્રાપ્ત થાય તો જીવન ધન્ય બની જાય ! ને એ સપરમો દિવસ આવ્યો પણ ખરો જ્યારે સને ૧૯૫૮માં હું ગુજરાતી-ભાષા સાહિત્યનો 'રીડર' નિમાયો. મારે મન તો ચોથા દાયકાનું (સને ૧૯૩૪નું) વડોદરા એટલે સમગ્ર ગુજરાતનું એક સંસ્કારી આદર્શનગર. અભ્યાસ અને વ્યવસાયને અંગે મને વડોદરા, સુરત, મુંબઈ, પૂના, બનારસ અને કલકત્તા જેવાં શહેરોનો પરિચય છે. પ્રત્યેક શહેરને પોતપોતાની વિશેષતા હોય છે; પણ મીરાંની જેમ 'મેરે તો ગિરિધર ગોપાલ, દુસરા ન કોઈ' એમ મારે મન તો બસ વડોદરા, દૂસરા ન કોઈ. આ લગનનું કારણ શું ?

ગઈકાલનું વડોદરા-એમાં 'ગઈકાલ'ને કયા સમયબંધને સીમિત કરવી ? પ્રાચીન ઇતિહાસ, પુરાતત્ત્વવિદ્યા, પૌરાણિક દંતકથાઓ અને જનશ્રુતિ, વડોદરાની પ્રાચીનતા અને એના ઉત્થાન-પતનની અવનવીન વાતો વહેતી મૂકે છે, એમાં ઐતિહાસિક તથ્ય કેટલું ? એની શ્રદ્ધેયતા કેટલી ? એ બધા સંશોધનના પ્રશ્નોમાં ઊંડા ઊતરવાનું ટાળી, મારે મન તો, મારા અનુભવ પ્રમાણે ગઈકાલ એટલે ખાનદેશના કવલાણા ગામના કાશીરામ ગાયકવાડના પુત્ર ગોપાલરાવ-સયાજીરાવ ત્રીજા-ઈ. સ. ૧૮૮૨માં ગાદીનશીન થયા ને સને ૧૯૩૯ના ફેબ્રુઆરીમાં દિવંગત થયા ત્યાં સુધી વડોદરાનું સુપેરે શાસન કર્યું-એ ગઈકાલની સીમા-મર્યાદા.

વડોદરાના પ્રથમ રાજવી તે સર સયાજીરાવ ગાયકવાડ. લોકહૃદયના સિંહાસને વિરાજતા બીજા રસરાજવી તે ભટ્ટ પ્રેમાનંદ અને ગુજરાતની કામિનીઓના કમનીય કંઠમાં કામણ કરનાર ત્રીજા ગરબી-સમ્રાટ-રાજવી તે દયારામભાઈ. વડોદરાના નામોચ્ચાર સાથે જ આ ત્રણેય રાજવીઓનો યુગપદ્ વિચારચિત્તમાં ચમકી જાય છે. આખ્યાન-સમ્રાટ પ્રેમાનંદને નામે વડોદરા, પ્રેમાનંદ નગરીને નામે વડોદરા નગરીનો પર્યાય પ્રેમાનંદનગરી પણ ખરો જ. માનવઝવેરાતના સાચ્ચા પારેખ એવા મહારાજાએ, આ સૂક્ષ્મ સંપત્તિનો, અ-ક્ષર-સંપદાનો-વિધવિધ વિદ્યાક્ષેત્રોમાં વિધેયાત્મક વિનિયોગ કરી, વડોદરા નગરીને સુંદર, સંસ્કારી ને પ્રગતિશીલ બનાવી. સાધનોની કોઈ કમી નહોતી. પ્રજાનો પૂરો સહકાર હતો અને પ્રજાકલ્યાણની હૃદયે સદૈવ ભાવના સેવતા આ સવાઈ ગુજરાતી એવા મહારાજાએ શ્રેષ્ઠ ને સંવાદી નેતાગીરી પૂરી પાડી અને રાજ્યને અભ્યુદયને શિખરે સ્થાપિત કર્યું. તેઓ ઉદારમતવાદી ને લોકશાહીના પુરસ્કર્તા હતા. સુધારાવાદી તો હતા જ. ગામડે ગામડે શાળાઓ ખોલી, ગ્રંથાલયો ઊભાં કર્યા, ગ્રામ પંચાયતો સ્થાપી, સહકારી મંડળીઓ સ્થાપી, ગ્રંથ પ્રકાશનને પ્રોત્સાહન આપ્યું, અસ્પૃશ્યતા નિવારણની ઝુંબેશ ચલાવી. એને કાજે કાયદા કર્યા, વિધવાવિવાહ-માન્યતા, બાલવિવાહબંધી, ફરજિયાત સ્ત્રી-શિક્ષણ-આવા બધાં લોકશિક્ષણના કાર્યો ભારત-સ્વાતંત્ર્યોત્તર પૂર્વે અમલમાં મૂક્યાં. રોમેશચંદ્ર દત્ત, અરવિંદ ઘોષ અને બાબાસાહેબ આંબેડકર જેવી ભારતખ્યાત વિભૂતિઓને આશ્રય આપ્યો ને સાચા અર્થમાં-વાચ્યાર્થ ને લક્ષ્યાર્થમાં બરોડાને બ્યુટીફુલ બનાવ્યું. એ કેવળ વાણીવિલાસ નહીં પણ નક્કર હકીકત બની ચૂકી. આ બાબતમાં કવિશ્રી દલપતરામના મિત્ર અને ગુજરાત તથા ભારતનાય હિતેચ્છુ તથા શુભચિંતક શ્રી ફાર્બસ સાહેબે એમનાં સંસ્મરણોમાં લખ્યું છે :- 'મારે જો હિંદુસ્તાનના કોઈ રમણીય સ્થાન તરફ અંગુલિનિર્દેશ કરવાનો હોય તો હું નિ:શંક ગુજરાત તરફ (સરખાવો: 'વિશ્વબાગ ગુજરાત') અંગુલિનિર્દેશ કરીશ અને મારે જો એ રમણીય રાજ્યના કોઈ ભાગની વાત કરવાની હશે તો હું ગમે ત્યારે કોઈપણ પ્રકારના વાંધા-વચકા વગર વડોદરા રાજ્ય વિષે વાત કરીશ જ. શહેરના એ સરિયામ રસ્તા, ગ્રામ્ય વિસ્તારની આસપાસ આંબાનાં ફળોથી લચી પડેલાં એ વૃક્ષો, જે શહેરની અલૌકિક રમણીયતા અને સુંદરતાની શાખ સમાન છે. વિશ્વના અન્ય કોઈ સ્થળે આવી પ્રાકૃતિક રમ્યતા ક્યાંય નિહાળી નથી. જ્યારે મેં સરોવરને વિવિધ કમળોથી છલકાતું જોયું અને એ કમળોના પડછાયાને વૃક્ષો પર અંકિત થતા જોયા ત્યારે આ સુંદરતા નિહાળી હું નમી પડ્યો હતો. લાલ ગુલાબની પથરાયેલી મનોરમ ચાદર, શ્વેત અને ભૂખરા રંગોમાં કમળ અને એકાદ કમળની લહેરખીએ મારા શરીરમાં અનેરો રોમાંચ ખડો કરી દીધો.' ફાર્બસ સાહેબ પ્રાચ્યવિદ્ તો હતા જ પણ અહીં પ્રાકૃતિક સૌંદર્યના ભાવક-કવિ પણ છે. સને ૧૯૩૪માં હું 'ઈન્દિરા એવન્યૂ'ને રસ્તે (ઈન્દિરા ગાંધી નહીં) સાયકલ ચલાવતો હતો ત્યારે રસ્તાની બંને બાજૂનાં વટવૃક્ષોની ઘટ્ટ ગૂંથણીને કારણે સૂર્ય કિરણ કે મેઘના જલબિન્દુનો સ્પર્શ પણ અશક્ય હતો. ત્યારનું વડોદરા ખરેખર ફાર્બસ સાહેબના સંસ્મરણોમાં સચવાયું છે તેવું જ રમણીય હતું. આજે ?

પ્રો. ઓલ્વિન ટોફલરે દુનિયાભરનાં વિકસતાં નવાં શહેરો અને એની સાથે સંકળાયેલા પ્રશ્નોની ચર્ચા કરેલી છે. એમના કહેવા પ્રમાણે ઈ. સ. ૧૮૫૦માં, દશ લાખથી વધુ વસ્તીવાળાં શહેરો દુનિયામાં માત્ર ચાર જ હતાં. ૧૯૧૦માં તે ૧૯ થયાં. ૧૯૬૦માં એ સંખ્યા ૧૪૧ની થઈ. બીજાં દશ વર્ષમાં નવું ન્યૂયોર્ક, ટોકિયો કે લંડન ઊભું કરવું પડે તેમ છે.' મને ખબર છે કે વડોદરાની વસ્તી જ્યારે એંશી હજારની હતી

ત્યારે આંખો મીંચીને વાહન ચલાવીએ તોય-અરે કરવો હોય તોય-અકસ્માત ન થાય એટલી બધી રસ્તાઓની મોકળાશ ને સુવિધાઓ હતી–જ્યારે આજે ! એક પણ દિવસ એવો જતો નથી કે ગમે તેટલી કાળજી ને સાવધાની રાખીએ તો પણ અકસ્માત ન થાય !

નૃત્ય, નાટક, સંગીત, શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકામ સંબંધે શિક્ષણ પ્રદાન કરતી ભારતભરની ગણીગાંઠી ગણતર સંસ્થાઓમાં વડોદરાનો નંબર અગ્રે લાગે. સંગીત મહેફિલમાં ફૈયાઝખાંની ઉપસ્થિતિ જ ભારતભરનું આકર્ષણ હતું.

મહારાજાનું સ્વપ્ન તો વડોદરાને સંસ્કારી-નગરી બનાવવાનું હતું–શિક્ષણનું કેન્દ્ર બનાવવાનું હતું. ઓક્સફર્ડ–કેમ્બ્રિજ એમનો આદર્શ હતો, પણ આવી પડેલા ઔદ્યોગિકરણને કારણે અનેક ઔદ્યોગિક સંકુલો ઊભાં થયાં એને કારણે વસ્તીનો અણધાર્યો વિસ્ફોટ થયો, ગામડાં ભાંગ્યાં, શહેરો છલકાયાં, પરિણામે ઝૂપડપટ્ટીનો દિનપ્રતિદિન વધારો જ થતો ગયો. રહેઠાણ, પાણી, વીજળી, સ્વાસ્થ્ય, શિક્ષણના પ્રશ્નો અતિ જટીલ ને સંકુલ બન્યાં. હવે એ ઔદ્યોગિક સંકુલોએ શા શા પ્રશ્નો સરજ્યા છે તેનો એના વિકાસ સાથે વિચાર કરીશું.

બુદ્ધિવાદીઓ જેને પરમ સત્ય કહે છે એ ગતિશીલતા, ચેન્જ, એ ઇતિહાસનો મૂલાધાર કાળક્રમ છે. વડોદરા શહેર, જિલ્લો ને રાજ્ય–ઈ. સ. ૧૭૩૪માં, દામાજીરાવ ગાયકવાડ બીજાએ, મુસ્લિમ ગવર્નર શેરખાન બીબી પાસેથી પુન: મેળવ્યું અને ત્યારથી તે ઈ. સ. ૧૯૪૯માં હિંદ સાથે ભળ્યું ત્યાં સુધીનાં ૨૧૫ વર્ષો સુધી ગાયકવાડોની હકુમત નીચે રહ્યું. તેના છેલ્લા રાજવીઓ સર સયાજીરાવ ગાયકવાડ-ઈ. સ. ૧૮૬૫ થી ૧૯૩૯ સુધી-૭૪ વર્ષ-સર સયાજીરાવ ત્રીજાએ રાજ્યની ધુરા સંભાળી અને તેમને સ્થાને તેમના પૌત્ર સેના સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના રાજ્યકારભાર દરમિયાન પશ્ચિમના દેશોના પ્રવાસોની અસર સ્થાનિક પ્રગતિ પર પડી. સદ્‌ભાગ્યે તેઓશ્રી મહાન દેશભક્ત, રાષ્ટ્રપ્રેમી અને બહુશ્રુત દીર્ઘદૃષ્ટા રાજવી હતા. માનવજીવનને સ્પર્શતા વિભાગોની સારી રીતે ગણના કરેલી...જેમ કે શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ, ખેતી અને પર્યાવરણની જાળવણી વગેરે વગેરે...

વડોદરા શહેર એ રાજ્યનું વડુ વહીવટી-મથક હતું અને તેનો વિકાસ તેમણે જે કંઈ પશ્ચિમના દેશોમાં જોયેલું તેના આધારે વિચાર્યું હોય તેમ, વડોદરાને યુરોપના પેરિસ જેમ બાગબગીચા, નદીનાળાં, શિક્ષણ સંસ્થાઓ, આરોગ્યની સુવિધાઓ, ધર્મસ્થાનો અને બિનપ્રદૂષિત થોડા ઉદ્યોગોની સ્થાપના કરી. ભારે ધૂમાડિયા ઉદ્યોગો વડોદરામાં ન સ્થાપવા દેતાં તેને પડોશમાં અમદાવાદ જવા દીધા-જે શિકાગોની જેમ એક ધૂમાડિયું શહેર બનીને રહ્યું. વડોદરા એક સંસ્કારી શૈક્ષણિકનગરી તરીકે વિકસીને બહાર આવ્યું ને ભવિષ્યનું કેમ્બ્રીજ–ઓક્સફર્ડ થવાનાં લક્ષણો પાયામાં સીંચાયાં. કૈલાસવાસી ગાયકવાડ પછી આ પરિસ્થિતિ છેક વિલીનીકરણ સુધી ચાલી. ભારતની સ્વતંત્રતાની સાથે સાથે ઔદ્યોગીકરણનો પવન શરૂ થયો. પહેલી પંચવર્ષીય યોજના મૂકાઈ. ભારત સરકારના વહીવટમાં બેઠેલા માનનીય શ્રી માલવિયાએ સ્વાશ્રયના પ્રયત્ને ખનીજતેલનું સારકામ દેશના જુદા જુદા વિભાગોમાં શરૂ કર્યું. નસીબસંજોગે ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના ભાગ ગુજરાતમાં, આજના સોનેરી પટ્ટા (વાપીથી મહેસાણા) ઉપર જુદી જુદી જગ્યાએ ખનીજ તેલ મળ્યું અને તેના શુદ્ધિકરણની પ્રક્રિયા માટે, ગુજરાત રીફાઈનરીની સ્થાપના થઈ અને તેના માટે સર્વગ્રાહી સવલતો જેવી કે પાણી-પૂરવઠો (મહી નદી), રાસાયણિક કચરાનો નિકાલ (ખંભાતનો અખાત), રોડ રેઈલ રસ્તે વડોદરા ઉત્તર-દક્ષિણ ભારત સાથે મોટી ગાડીના પાટા પરનું શહેર, જરૂરી રાસાયણિક માનવબળ સયાજીરાવ યુનિવર્સિટીમાંથી મળી રહેશે, કાચો માલ ઉત્તર ગુજરાતનાં (બલોલ, મહેસાણા અને કલોલનો ત્રિકોણ) અને દક્ષિણ ગુજરાતમાં અંકલેશ્વર આજુબાજુના વિસ્તારમાં ખનિજ તેલ મળતાં જરૂરી પૂરવઠાં પાઈપ લાઈનથી લાવી, આ બધાના મધ્યમાં આવેલા વડોદરા પર સ્થળનો કળશ ઢોળાયો. જ્યારથી ખનિજ તેલના અણુનો વિસ્ફોટ થયો અને વડોદરાની સીમામાં મહાકાય ઉદ્યોગોએ-ગુજરાત રીફાઈનરી, ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ, ગુજરાત ફર્ટીલાઈઝર્સ, નર્મદાવેલી ફર્ટીલાઈઝર–ભરૂચ, ગુજરાત આલ્કલી, ગુજરાત વિદ્યુતબોર્ડ સાથે પેટ્રોકેમિકલ કોમ્પલેક્સ (૧૦ કિ.મી.X૫ કિ.મી.)માં નંદેસરી, રણોલી, ગોરવા, મકરપુરા, સરદારનગર આર.સી. પટેલ–એવી વડોદરા શહેરની આજુબાજુ વીસેક જેટલી ઔદ્યોગિક વસાહતો ઊભી થઈ. કેમિકલ ઉદ્યોગની એ ખૂબી છે કે નીચે તળિયા સુધી નાનો અદકો સાહસિક કેમિકલ પ્રોડક્સ લઈને બેસી શકે. આની સાથે મૂળભૂત ગાયકવાડી વખતે સ્થપાયેલા ફાર્મસી, એન્જિનિયરીંગ, કાપડ-એવા ઉદ્યોગો તો હતા જ...તેમાં આ મહાકાય ઉદ્યોગો ઉમેરાતાં–વડોદરા, રાસાયણિક ઉદ્યોગોનું દેશનું સરતાજ મથક બની ગયું કે જે આજે દેશના આડકતરા વેરાઓનું ચાલીસ ટકા જેટલું ભરણું ભરે છે. રેલ્વેના ટ્રાફીકમાં વડોદરાનું બાજવા સ્ટેશન, વેસ્ટર્ન રેલ્વેમાં સૌથી વધારે નૂર મેળવી આપે છે, છતાંય એ સ્ટેશન ઉપર માનવજીવનની પ્રાથમિક સુવિધાઓ જેવાં કે મૂતરડી, જાજરૂ કે પીવાના પાણીની સેવાઓ, સામાન્ય રેલ્વે સ્ટેશનને હોય એવાં છે. આ મહાકાય અને તેની સાથે સંકળાયેલા મધ્યમ ને ન્હાના ઉદ્યોગો, દેશના અર્થતંત્રમાં તેમનું સારું એવું પ્રદાન કરે છે...એટલે તે સમગ્ર ગુજરાત અને રાષ્ટ્રની આર્થિક કરોડરજ્જુ છે એવું કહેવાય. આ પ્રદાન આંકડાઓ અને નકશાઓથી રજૂ કરી શકાય તેમ છે, પણ અહીં એની જરૂર નથી. હવે પ્રશ્ન આવે છે કે ઔદ્યોગીકરણે વડોદરાને કેમ્બ્રીજ અને ઓક્સફર્ડ થવામાં કંઈ અવરોધો ઊભા કર્યા ? ના, ઉલટાનું કોઈ ઉચ્ચ કેળવણી કે સંશોધન કે લોકોપયોગી સંસ્થાઓ ઊભી કરવામાં ખૂબ જ ગજા બહારનાં નાણાંનો સતત સ્રોત વહેતો રહેવો જરૂરી છે. રાજ્ય સરકારનાં મર્યાદિત બજેટરી નાણાંથી આવાં મોટાં કામો કરવા, આવતી-જતી, બદલાતી સરકારો સક્ષમ બની શકતી નથી...એનો દુ:ખદ દાખલો નર્મદા સરદાર સરોવર પ્રોજેક્ટ (રૂા. ૨૦,૦૦૦ કરોડ) આજે એક વહીવટી આંટીઘૂંટીમાં ને બીજું નાણાંકીય અભાવમાં ફસાવ્યાં છે ; એટલે વડોદરાને કેમ્બ્રીજ કે ઓકસફર્ડ બનાવવા માટે, આ મહાકાય ઉદ્યોગોનો સ્થાનિક કે રાજ્ય-સરકારોએ કે નાગરિક મંડળોએ જે ઉપયોગ કરવો જોઇતો હતો તે કર્યો નહીં ને આજે તકો હાથમાંથી જતી રહી છે, અને આ પ્રજાએ (એટલે કે પ્રજાથી બનેલી સરકારે) ઊભા કરેલા મહાકાય ઉદ્યોગો, એક પછી એક જાહેર ક્ષેત્ર માટે ખાનગી હાથમાં સરકવા માંડ્યા છે અને તે ખાનગી ક્ષેત્ર આવી મેધાવી યુનિવર્સિટીઓ બનાવવામાં સ્વૈચ્છિક રસ લે તો, બાકી આપણા ભાથામાંથી તીર નીકળી ગયું છે. સિત્તેર-એંશીના દશકાઓમાં સ્થાનિક સરકાર એટલે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં જો આ મહાકાય ઉદ્યોગોને સમાવી જરૂરી ટેકા દ્વારા કરોડોનાં ફંડ ફરજિયાત મળ્યાં હોત, જે હજી પણ બની શકતું નથી. આ સર્વ કરવામાં ગુજરાત સરકાર ને વડોદરા લોકલ સરકાર કામિયાબ બની શક્યાં નથી ને બધું

દિલ્હી ભેગું થઈ ગયું (કેન્દ્ર સરકારે આ મહાકાય ઉદ્યોગો પાસેથી ઉઘરાવેલ ટેક્સ ને નફો). આ મહાકાય ઉદ્યોગો વચ્ચે વડોદરા ને આજુબાજુનાં ગામડાં આજે વિસ્ફોટના ભય નીચે જીવે છે...ને જીવશે. કેમિકલ વિસ્ફોટ ખૂબ જ નાશ વેરતો હોય છે. આજની લડાઈઓમાં પણ આનો ભય ફેલાયેલો છે. આના જવાબ રૂપે ભૂતકાળમાં એક વિચારસરણીવાળા થોડાક નાગરિકો અને આ મહાકાય ઉદ્યોગોના વહીવટદારોએ મળીને, પાંચસો એકરમાં, પાંચસો કરોડનો, 'ડીઝાસ્ટર મેનેજમેન્ટ પદ્ધતિ અને ઈન્સ્ટીટ્યૂટ જેમાં ડીઝાસ્ટરને કેવી રીતે હલ કરવું તેને લગતા નિષ્ણાતો તૈયાર કરવા કે જે ગુજરાતના સીમાડે કે જ્યાં જરૂર પડે ત્યાં 'ફ્લાઈંગ સર્વિસ' આપી શકે, તે પણ સ્વપ્નું જ રહ્યું.

પરદેશોનાં, ઔદ્યોગિક શહેરોનાં ઔદ્યોગિક-આર્થિક-આધારિત ઘણીબધી ખૂબ જ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ અને સંશોધન-સંસ્થાઓ જન્મે છે, ઉછરે છે, ફૂલેફાલે છે. દા. ત. જૂનું ન્યૂયોર્ક ને નવસર્ધન કેલિફોર્નિયા (લોસ એન્જેલેસ), શીકાગો, હ્યુસ્ટન, મેન્ચેસ્ટર, સ્કોટલેન્ડ, સિંગાપુર, ટોક્યો, ફ્રેન્કફર્ટ, મેલબોર્ન, મોસ્કો અને ઘણાં ઘણાં નામાંકિત શહેરો સાથે નામાંકિત યુનિવર્સિટીઓ કે તેવી સંસ્થાઓ ઉદ્‌ભવી છે, ચાલે છે અને માનવજીવનના ઉત્થાનમાં પ્રદાન કરે છે. આ બધાંની પાછળ ઘણાં જરૂરી પરિબળોમાંનું મુખ્ય પરિબળ ત્યાંની સ્થાનિક ને રાજ્ય સરકારની નેતાગીરી ખૂબ જ ઉપયોગી પરિબળ છે. આવા મહાકાય ઉદ્યોગો, તેવી જ મહાકાય યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ, તેવા જ મેધાવી માનવો આવાં કાર્ય કરી શકે, એટલે હજી આપણે આવા મેધાવી માનવોની રાહ જોતા બેઠા છીએ ને આપણા પગ નીચેથી રેતી સરકી રહી છે...એટલે કે સમય સરી જતો લાગે છે. આ ખૂબ જ દુઃખદ ઘટના છે. ગુજરાતની ગરિમા અને વડોદરાની સવારીમાં અબ્દુલ્લા દીવાના જેવો આજે ઘાટ થયો છે. ગુજરાતનું ગૌરવ, ગુજરાતની અસ્મિતા, વડોદરાનો વૈભવ વગેરેની વ્યાખ્યાઓ બદલાતી જતી લાગે છે ! વડોદરા અને તેની આજુબાજુ સરકારી, અર્ધસરકારી, જાહેર કે ખાનગી નફો-નુકસાન કરતી અનેક કંપનીઓ છે. કાળચક્રમાં આ નફો-નુકસાન તો ચાલ્યા જ કરવાનો. અને તેમાંની આડપેદાશ તરીકે આવી સંસ્થાઓ જન્મતી જાય...પણ ક્યારે ? જ્યારે જાહેર જીવનના પરિઘમાં કોઈ નવી દિશા સૂઝે ત્યારે.

ગુજરાત અને ભારતની આર્થિક કરોડરજ્જુમાં વડોદરાના ઉદ્યોગોનો સિંહ-ફાળો છે, તેના પ્રમાણમાં વડોદરા અને તેની આજુબાજુના વિસ્તારોને જે મળવાપાત્ર છે તે મળતું ન હોય તેવો માહોલ ઊભો થયો છે. તેમાંય કેળવણી ક્ષેત્રે, સંશોધનક્ષેત્રે, ડીઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રે, સાંસ્કૃતિક વિકાસ ક્ષેત્રે, માનવ ઉત્કર્ષ ક્ષેત્રે, લોકશાહીના ઉત્થાન ક્ષેત્રે, જાહેર પુરાણી ઈમારતોની જાળવણી વગેરે ક્ષેત્રોમાં ઔદ્યોગિક વિકાસ અને તેના દ્વારા જરૂરી આર્થિક આંશિક પ્રદાનથી દેશ-પરદેશમાં ઘણું ઘણું સાધી શકાય છે. આજે તો, મ. સ. યુનિવર્સિટીના, ફેકલ્ટી ઓફ આર્ટસના સેન્ટ્રલ હૉલના જર્જરિત ભવ્ય ઘુમ્મટની મરામત માટે પણ આર્ટ્સ ફેકલ્ટીના ડીનને રૂપિયા પાંચ કરોડના દાન માટે ટહેલ નાંખવી પડે છે ને અપીલો બહાર પાડવી પડે છે !

વચ્ચે, કદરૂપા વડોદરાને રૂપાળું બનાવવાની ખટપટ ને હિલચાલ ચાલેલી પણ યોગ્ય નેતાગીરીના અભાવે અને આર્થિક કટોકટીને કારણે-વિશેષ તો સંકલ્પશક્તિ અને આયોજનશક્તિના અભાવે—એ સદ્ પ્રવૃત્તિ સ્થગિત થઈ ગઈ ને સત્તાના રાજકારણે પરિસ્થિતિને વણસાડી. કેટલાંક વર્ષો પૂર્વે મેં, 'સાલું આ તે શહેર છે ?' એવું એક દીર્ઘ કાવ્ય લખેલું જેના તાદૃશ ને વાસ્તવિક આલેખનને કારણે, અર્ધી સદીથી વડોદરામાં સ્થાયી થયેલા 'સંસ્કાર પરિવાર'ના સ્થાપક શ્રી વિઠ્ઠલભાઈ પટેલે મને ઈનામ આપેલું...પણ બ્યૂટીફૂલ બરોડાની ઝૂંબેશનું સૂરસૂરિયું થઈ ગયું. એના અનુલક્ષમાં 'બ્યૂટીફૂલ બરોડા ?' લખ્યું-તે આ કાવ્ય-

'બ્યૂટી'ને મારો ગોળી, આતો છે બોધરસમ બરોડા !  
રાજમાર્ગ પર 'હર્ડલ-વોકિંગ' પોદળા, પથ્થર, રોડાં,  
અર્ધા રસ્તા વર્ષા-કાળે જલ-કબરે ઢબૂરાતા.  
દૃષ્ટિ-ચક્કર ફરી ગયું તો-દંડવત્ દેવને થાતા.  
વસ્તી ઝાઝી માનવની કે ગાય-ભૂંડ-ગર્દભની ?  
ટ્રાફિકનું પેટ્રોલિંગ ? દાદા ? ધાક શી સુરભિ-સૂતની  
કબર-ખોદ, તસ્દીની મુક્તિ ખાડા-ખૈયા-કબરો-  
પરવા પયગંબરને કેવી ? કાં જીવો, કાં મરો.  
પહેલી તારીખે પગાર ખાવો ફર્જ એ મોટામાં મોટી  
ટપલા-ટપલી ગુલબાંગોની વાત સદન્તર ખોટી.  
કોઈ કોઈનું કશું ન સૂણે નિજ તાને મસ્તાના.  
બોસ-ફોસની ઐસી-તૈસી ! ખાના, ખાના, બસ ખાના.  
પુરાણ નર્કો કોણે દીઠાં ? ક્ષણ ક્ષણ અનુભવ થાતો,  
દમ-બ-દમ ક્ષય-ખાંસી ખાતો 'અનામી' વિરૂચિકા ગાતો.  
રાજમાર્ગ પર ઇતરા-તિતરા પોદળા-પથ્થર-રોડાં:  
'બ્યૂટીફૂલને મારો ગોળી 'બોધરસમ' બરોડા !

ભાવ હોય ત્યાં અભાવ પણ થાય જ. આ બધું દ્વેષ કે રોષને કારણે, લખતો નથી પણ ઊંડા અંતરના પ્રેમને કારણે લખું છું. એક સમયની, મારા સ્વપ્નની સંસ્કારી નગરીની આ અવદશા ? મારી તો સંસ્કાર-ભૂમિ ને છતાંયે હું કશું જ કરી શકતો નથી એનો રંજ ને વિષાદ જેવો તેવો નથી, અશ્વત્થામાની ખોપરી જેવા, અર્ધી સદીથી નિરંતર નીંગળતા અલકાપુરીના રેલ્વે ગરનાળાની જ્યારે મરામત થશે ત્યારે હું સમજીશ કે બ્યૂટીફૂલ બરોડાના શ્રીગણેશાય નમઃ થઈ ચૂક્યા છે.

❖❖❖


## JINA-VACHANA

**(ચોથી સંવર્ધિત આવૃત્તિ)**

**અનુવાદક : ડૉ. રમણલાલ ચી. શાહ**

અર્ધમાગધી, અંગ્રેજી, હિંદી અને ગુજરાતી એમ ચાર ભાષામાં ભગવાન મહાવીરનાં વચનોના આ પ્રકાશનની ૧૯૯૫માં ત્રણ આવૃત્તિની બધી જ નકલો થોડા મહિનામાં જ ખલાસ થઈ ગઈ હતી. એની ઘણી માંગ હોવાથી આ ચોથી સંવર્ધિત આવૃત્તિ સંઘ તરફથી પ્રકાશિત કરવામાં આવી છે.

કિંમત રૂા. ૨૫૦/-  
**સભ્યો માટે કિંમત રૂા. ૧૨૫/-**

□ મંત્રીઓ

# રૂઢિર્બલીયસી

## ☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

(ગતાંકથી સંપૂર્ણ)

મોહ અને અજ્ઞાનના મિશ્રણરૂપ ઉદયજન્ય કર્મથી પતન પામીને જીવ જેવી રીતે સીડી પરથી પગ લપસતાં ઠેઠ નીચે સુધીનું પતન થાય તેમ જીવ પંચેન્દ્રિય જેવી ઉચ્ચ જાતિમાંથી એકેન્દ્રિય જેવી નિમ્નતમ અવસ્થાએ પહોંચે છે. જેવી રીતે દંડક ગ્રંથમાં કહ્યું છે કે દેવલોકના દેવો ઊંચી ગતિમાંથી પડી એકેન્દ્રિય જાતિના પર્યાયો જેવાં કે હીરા, મોતી, સોના, ચાંદી રૂપે જન્મ લે છે. જેમાંથી ફરી દેવલોકે જન્મ લેવામાં સંખ્યાત કે અસંખ્યાત જન્મો લાગે. તેથી મહાપુરુષોએ કહ્યું છે કે મોહનીય કર્મ ઓછું કરવા યા જીતવા માટે પુરુષાર્થ કરવો જોઇએ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે લખ્યું છે કે :

ચેતન જ્ઞાન અજુવાળિયે, ટાળિયે મોહ સંતાપ રે,
ચિત્ત ડમડોળતું વાળિએ, પાળિયે સહજ ગુણ આપ રે.

આપણી આરાધના મોહનીય કર્મના ક્ષય કરવાના લક્ષ્યવાળી હોવી જોઈએ તો દહાડો પાકે. મોહનીય કર્મના મુખ્ય ચાર સ્તંભ તે (૧) મિથ્યાત્વ મોહનીય, (૨) કષાય મોહનીય, (૩) નોકષાય મોહનીય અને (૪) વેદમોહનીય. મિથ્યાત્વ મોહનીય કર્મથી આત્માની શુદ્ધ શ્રદ્ધા, સમ્યગદર્શન ઢંકાઈ જવાથી રાગ-દ્વેષરૂપ કષાયોની પ્રવૃત્તિ થાય છે. શાંતિ, સંતોષ, ક્ષમા, નમ્રતા, ઋજુતા, સરળતાદિ ગુણો રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયો વડે નાશ થાય છે. માટે સાધનાનું લક્ષ તથા હેતુ આવરણો દૂર કરવાનો અને ગુણો પ્રગટ કરવાનો છે. તે માટે અશુદ્ધિ દૂર કરવી રહી અને આત્માના ગુણો પ્રગટ કરવા એ જ સાધનાનીચાવી છે. તે માટે ૧૪ ગુણસ્થાનો પર ક્રમિક ચઢતાં જ રહેવું નિતાન્ત આવશ્યક છે.

મોહનીય કર્મની વધારે પ્રવૃત્તિથી અન્ય સર્વ કર્મોનો બંધ થાય છે, જે કર્મો પણ ગાઢ અને ભારે બંધાય છે. પૂ. વીરવિજયજીએ મોહનીય કર્મની પૂજાની ઢાળમાં દુહાઓ દ્વારા તે પ્રતિપાદિત કર્યું છે.

આત્મા અને કર્મ વચ્ચે સતત યુદ્ધ ચાલી રહ્યું છે. આત્મા પોતે રાજા છે, સંતોષરૂપી મુખ્યમંત્રી છે. સમકિતરૂપી માંગલિક તે સરસેનાપતિ છે. પાંચ મહાવ્રતો રૂપ પાંચ મહાસામંતો તેની સાથે રહે છે. માર્દવરૂપી હાથી સાથે ચાલે છે. ચરણ-ચિત્તરી અને કરણચિત્તરીની પાયદળ છે. સેનામાં વ્રત, નિયમ, તપ, પચ્ચકખાણ, તપશ્ચર્યા, જપ, ધ્યાનાદિની સેવા ઘણી વિશાળ છે. તેનો સેનાની શ્રુતબોધ છે. જીવરાજા ૧૮ હજાર શીલાંગ રથ પર આરૂઢ થઈને ચારિત્ર યુદ્ધના મેદાનમાં મોહરાજા સાથે લડાઈ આદરે છે. બંને વચ્ચે અધ્યવસાયરૂપી બાણોની વર્ષા થાય છે. વારાફરતી બંનેની હારજીત થતી રહે છે. મોહરાજાના ૧૩ કાઠીયાઓ પણ ખૂબ પ્રબળ હોય છે. જો આત્મા પુરુષાર્થથી લડે તો જીતી શકે છે. મોહપાશમાંથી છૂટી જઈ કેવળજ્ઞાનાદિ પામી સદાને માટે મોક્ષે જઈ શકે છે. તે જીત થવા માટે મહાપુરુષોએ અધ્યાત્મનો માર્ગ અને સાધના બતાવી છે.

અત્ર યુદ્ધના મેદાનમાં આત્મા અને કર્મ બે પ્રતિદ્વન્દ્વી અને પ્રતિસ્પર્ધી છે. અનંતકાળથી ચાલતા આ યુદ્ધ માટે શાસ્ત્રમાં કહ્યું છે કે 'કત્થંવિ બલિઓ કમ્મો કત્થવિ બલિઓ આપ્પાં. જ્યારે કર્મ બળવાન બને છે ત્યારે આત્માને પાડી ચિત્ત કરે છે, પરંતુ જ્યારે આત્મા બળવાન, પ્રબળ, શક્તિશાળી, સામર્થ્યવાળો બને છે ત્યારે કર્મો સમાપ્ત કરી કર્મપાશમાંથી મુક્ત થઈ સદાને માટે પરમધામ, અંતિમ લક્ષ મોક્ષ પામે છે. પરંતુ કર્મોનો ચૂરો, નાશ ન કરતાં માત્ર આંશિક નાશ (દ્રવ્ય નિર્જરા) કર્યા કરે તો આશ્રવ-બંધની પ્રવૃત્તિથી ફરીથી કર્મોનું આવાગમન, બંધન ચાલુ થઈ જાય. જે પ્રક્રિયા અનાદિકાળથી જીવ કર્યા જ કરે છે. થોડીક નિર્જરા કરવાથી ફરીથી વિષય, કષાયાદિથી કર્મો બંધાય અને ઉદયમાં આવેલાં કર્મોનો વિપાક, પરિણામ ભોગવવાં પડે છે. અકામ નિર્જરા કરનારાં પણ આંશિક નિર્જરા કરે છે; અને સકામ નિર્જરા કરનારા પણ આંશિક નિર્જરા કરે છે. જ્યારે સર્વાંશમાં સંપૂર્ણ સમૂલ કર્મક્ષય થઈ જાય ત્યારે આત્મા કર્મપાશમાંથી સર્વથા મુક્ત થઈ જશે. એ તેનો વાસ્તવિક ખરેખરો મોક્ષ છે. નવ તત્ત્વો જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષમાં મોક્ષ માટે ધજા ફરકાવનાર તત્ત્વ જે આઠમું છે તે મોક્ષ માટેનું આગવું શ્રેષ્ઠ સ્ટેશન છે.

આજ સુધી આત્માએ એવી પ્રબળ, પ્રકૃષ્ટ શક્તિનો ઉપયોગ કર્યો નથી તેથી કર્મો બલિષ્ઠ રહ્યાં. ખરેખર તો મૂળભૂત ૮ કર્મો અને તેની ૧૫૮ પ્રકૃત્તિઓની સેના બલિષ્ઠ હોવા છતાં પણ આત્મા નિર્બળ કમજોર રહી પરાજિત થતો ગયો. કિંકર્તવ્યમૂઢ બની દબાઈને ચૂપ રહ્યો, તેથી કર્મો આત્મા પર ચડી બેઠાં, ગળું દબાવી દીધું. કર્મો જડ છે, પૌદગલિક છે, પરમાણુરૂપ છે. જ્યારે આત્મા આમ સમજશે કે હું ચેતનાશક્તિ, જ્ઞાનાદિ ગુણવાન છું; અનંત શક્તિ, અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, અવ્યાબાધ સુખે સુખી છું. પુદ્ગલો, નાશવંત, ક્ષણિક છે, જડ છે, તાકાત વગરનાં છે કે તે મને પરેશાન કરે. આજદિન સુધી હું અંધારામાં અથડાતો, કૂટાતો રહ્યો, પરંતુ હવે હું અનંત જ્ઞાન-દર્શનાદિ શક્તિનો સ્વામી છું, જડ નાશવંત, ક્ષણિક શું મને પરેશાન કરી શકે? તે મારા શત્રુ છે, મિત્રો નથી. અત્યાર સુધી વિષય-કષાય, રાગ-દ્વેષ, મોહાદિથી ઝૂક્યો. હવે સાવધાન, સાવચેત થઈ એવો પ્રબળ, પ્રચંડ પુરુષાર્થ કરવો છે કે જેથી એમના પાશમાંથી, બંધનમાંથી છૂટી, મુક્ત થઈ પરમધામ, અંતિમ લક્ષ્ય મોક્ષમાં પહોંચી જાઉં. યા હોમ કરીને કર્મની સામે યુદ્ધના મેદાનમાં ઝૂકાવે તો જરૂર પૂર્ણ વિજય હાંસલ કરીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત બને જ.

આપણને શું મળ્યું છે તે વિચારીએ. પાંચ સકારો મળવા દુર્લભ છે જેવાં કે (૧) સારી સંપત્તિ–સદ્દ્રવ્ય, (૨) સારા કુળમાં જન્મ, (૩) સિદ્ધક્ષેત્રનાં દર્શન (કહે છે કે અભવી જીવ તે ન કરી શકે, જેનાથી ભવી કે અભવીનો નિર્ણય કરી શકાય છે.) (૪) સમાધિ અને (૫) ચતુર્વિધસંઘની પ્રાપ્તિ. કહ્યું છે કે :

સદ્દ્રવ્યં સત્કુળે જન્મ સિદ્ધક્ષેત્ર સમાધય: ।
સંઘશ્ચતુર્વિધો લોકે સકારા પંચ દુર્લભા: ।।

શ્રી મહાવીરસ્વામીના સ્તવનમાં (ગિરૂઆરે ગુણ તુમ તણા) શ્રી યશોવિજયજી કહે છે :

વાચક જશ કહે માહરો તું જીવ જીવન આધારો રે.

તેથી પ્રભુદર્શન અને પ્રભુની શ્રદ્ધાપૂર્વક સાચી ભક્તિ મોક્ષ માટેનો અનુકૂળ અને અદ્વિતીય માર્ગ છે.

પ્રભુદર્શનનું મહત્ત્વ, ગૌરવ તથા ઉપયોગિતા સુંદર રીતે રજૂ કરાઈ છે, જેમ કે :

છે પ્રતિમા મનોહારિણી દુ:ખહરી (સુખકરી) શ્રી વીરજિનંદની

XXX

આ પ્રતિમાના ગુણ ભાવ ધરીને જે માણસો ગાય છે :
પામી સુયળાં સુખ તે જગતના મુક્તિ ભણી જાય છે.

છેક મુક્તિ સુધીનું અવર્ણનીય સુખ આપનારી પ્રભુપ્રતિમાનું ગૌરવ અહીં લિપિબદ્ધ કરાયું છે.

આચારાંગસૂત્રની નિર્યુક્તિમાં પૂજ્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજા ઉત્તરોત્તર સારભૂત આ જગતમાં શું છે તે જણાવતાં ફરમાવે છે કે આ સમસ્ત લોકમાં એકમેવ, અદ્વિતીય તત્ત્વ તે ધર્મ છે. ધર્મમાં પણ વિશિષ્ટ રીતે સમ્યગ્જ્ઞાનપ્રાપ્તિને સારભૂત કહી છે. ધર્મમાં મળતા જ્ઞાનનો સાર ચારિત્ર બતાવ્યો છે અને છેલ્લે સંયમ-ચારિત્રનો શ્રેષ્ઠ સાર મોક્ષ કહેતાં નિર્વાણ ગણાવ્યો છે. તેથી ક્રમિક રીતે લોકમાં સારભૂત ધર્મ, તેનો સાર જ્ઞાનની પ્રાપ્તિ અને જ્ઞાનનો સાર સંયમ. છેવટે સંયમ સાધનાનો અર્ક છે, તે માટે આ શ્લોક છે :

લોગસ્સ સારો ધમ્મો ધમ્મં વિ ય નાણસારિયં બિંતિ।
નાણસ્સ સંજમંસારં સંજમ સારં ચ નિવ્વાણમ્।।

વળી આત્મા છે, તે નિત્ય છે, કર્મ છે, તેની કર્તા-ભોક્તા છે, મોક્ષ છે, તે મેળવવાનો ઉપાય છે. આ વિષેના ચિંતન–મનનમાં આત્મા, કર્મ અને મોક્ષને સ્થાન અપાયું છે. તેથી ખાતરી થઈ જાય છે કે મોક્ષ ચોક્કસ છે, તે મેળવવાનો ઉપાય-માર્ગ પણ સુનિશ્ચિત છે જે જાણવાથી મોક્ષ મેળવવા માટે આત્મા દૃઢીભૂત થઈને રહે. આત્માનું ખરું ઘર, સ્થાન, રહેઠાણ કયું છે તેનો ખ્યાલ થતાં મનુષ્યજીવનનું સાર્થક્ય તે માટેની ઉત્સુકતા, જિજ્ઞાસા, જાગૃકતા થતાં માર્ગનું આલંબન સહજ બનીને રહેશે.

અત્યાર સુધી મનુષ્યજન્મ પામી, ધર્મનો સહારો લઈ જે મહાનુભાવોએ તેને સફળ બનાવ્યો એટલે કે અંતિમ યાત્રા મોક્ષે પહોંચ્યા તેની આછી રૂપરેખા દોરવા પ્રયત્ન કર્યો છે. આ આરામાં આપણે જૈન ધર્મવાળા કુટુંબમાં, આર્યક્ષેત્રમાં, ધર્મશ્રવણ તથા પરિપાલનની ઈચ્છા, ઉત્કંઠા, અનંતપુદ્ગલપરાવર્ત કાળમાં ભટકતા, રખડતા, કુટાતા ૮૪ લાખ યોનિમાંથી ફરતા ફરતા પંચેન્દ્રિય સંજ્ઞિનો જન્મ મેળવ્યો. તેને સાર્થક કરવા મોક્ષ માટેની તમન્ના જોઈએ. મોક્ષ શબ્દમાં બે અક્ષરો મો અને ક્ષ છે. મો એટલે મોહ, મોહનીય કર્મ અને ક્ષ એટલે ક્ષય, નાશ.

જ્ઞાની ભગવંતોએ ચાર પુરુષાર્થ જેવા કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ બતાવ્યા છે. મોક્ષ માટે જીવે સતત ઝઝૂમીને ધર્મ કરવાનો છે. તે વિના મોક્ષ ન મળે. ધર્મથી અર્થ અને કામ પણ પ્રાપ્ત થાય છે. મોક્ષ તે સાધ્ય છે અને ધર્મ તે માટેનું સાધન છે, આપણો સાધક છીએ. સાધનની સહાયથી સાધના કરે તો સાધક જરૂર સાધ્યને સાધશે. તે માટે સાધ્ય નક્કી કરો. પ્રવૃત્તિ કરતાં પહેલાં ધ્યેય નક્કી કરવું જરૂરી છે. તે માટેનું એકમેવ અદ્વિતીય લક્ષ 'સવ્વપાવપ્પણાસણો' હોવું જોઈએ.

ધર્મ કરનારા, ધર્મારાધના કરનારા આપણે ધર્મી સાધક છીએ. તે માટે ભિન્ન ભિન્ન રુચિ જેવી કે દર્શનરુચિ, તપરુચિ, ચારિત્રરુચિ, જ્ઞાનરુચિ વગેરે વગેરે. ધર્મના ક્ષેત્રમાં આ ચારરુચિ મુખ્ય છે. મંદિર દર્શન-પૂજા માટે જવું, જ્ઞાન મેળવવા માટે અધ્યયન, અભ્યાસ, સ્વાધ્યાદિ, ચારિત્ર ધર્મની આરાધના માટે સામાયિક, પ્રતિક્રમણ, પૌષધાદિ, વિરતિ ધર્મમાં રહેવું અને તપશ્ચર્યાદિ કરવાં તે તપધર્મ છે. તેથી મોક્ષ માટેનો સાચો આરાધના માર્ગ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય આત્માના ભેદક લક્ષણો છે. તે જ તેના આત્મગુણો પણ છે. જે ગુણો તે ધર્મ છે. તે ગુણો પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન, પુરુષાર્થ કરવો તે સાચો ધર્મ છે; સાચી સાધના છે. તેથી જીવો જ્ઞાનાચારાદિ પંચાચારને કેન્દ્રમાં સ્થાપી વિવિધ પ્રકારે ધર્મની આરાધના કરે છે. જેવી કે તપશ્ચર્યા, પૂજા-પાઠ, સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, ધ્યાનાદિ અને તે દ્વારા લક્ષ 'સવ્વપાવપ્પણાસણો' રહેવું ઘટે કેમ કે સર્વ પાપોનો નાશ, ક્ષય વગર મોક્ષનું ધ્યેય સિદ્ધ ન થાય. પાંચે પરમેષ્ઠિને નવકારમંત્રમાં કરાતા નમસ્કારનું ફળ 'સવ્વપાવપ્પણાસણો' હોવું જોઈએ કેમ કે કૃત્સ્નકર્મક્ષયો મોક્ષ.

જીવે અનન્તા કર્મો બાંધ્યા, અને અનંતાકર્મોની નિર્જરા કરી ખપાવ્યા, પરંતુ જડ, પૌદ્ગલિક કાર્મણવર્ગણા ચોંટેલી જ છે. જેનાથી આત્માનું મહા અહિત મહા અનર્થ થયો, ઘણું નુકસાન થતું રહ્યું. તેથી ચારે ગતિમાં પરિભ્રમણ પછી જે માનવ જન્મ મેળવ્યો અને તેમાં પણ આર્યકુળ, આર્યક્ષેત્ર, જિનધર્મ, ધર્મશ્રવણ, ધર્મશ્રવણેચ્છા, ધર્મશ્રદ્ધા, ધર્મનું આચરણ જે અત્યંત દુર્લભ હોઈ અહીં હવે જબરદસ્ત નિર્જરા કરી મહામૂલા મનુષ્યજન્મને સાર્થક કરવો રહ્યો.

મોહ કે મોહનીય કર્મને નષ્ટ કરવા ગુણશ્રેણિ ૧૪ પગથિયાની છે જે શ્રેણિ પર ચઢતાં ક્રમે ક્રમે આત્માના ગુણોનો ચરમોત્કર્ષ ગુણો વિકાસ પામે ત્યારે છેલ્લે પગથિયે પગલું પાડી શકાય. જેમ જેમ મોહ ઘટતો જાય તેમ તેમ આત્મા શુદ્ધ થતો થતો આગળ ને આગળ કદમ માંડતો જાય. તે પહેલાં અશુદ્ધ, સાવ અશુદ્ધ અવસ્થામાંથી પોતાના દોષો, કર્મના મેલને, અશુદ્ધિ વગેરે નષ્ટ કરતો ધીરે ધીરે આત્મા શુદ્ધગુણો વિકસિત કરતો જાય, શુદ્ધ ગુણને પ્રગટ કરતો જાય છે. તેથી ક્રમે ક્રમે નિસરણી ઉપર વિકાસ સાધતો પોતાના આંતરિક ગુણો, મૂળભૂત આત્મગુણો પ્રગટાવે છે. તેથી તેને 'ગુણસ્થાન' 'ગુણઠાણ' કહે છે. એક પછી એક ગુણસ્થાન આત્માએ ચઢવાનું હોવાથી તેને 'ગુણસ્થાન ક્રમારોહ' કહેવાય છે. ચઢતાં ચઢતાં એવો ચઢી જાય કે છેલ્લો છેડો, અંત મોક્ષ કહેવાય છે, પ્રથમ છ શ્રેણિમાં મોહનીય કર્મ ઓછું ને ઓછું કરવાનું છે, જ્યારે સાતથી આગળનાં બધાં ગુણસ્થાનોમાં ધ્યાનની પ્રધાનતા છે. પ્રકૃષ્ટ પુરુષાર્થ કરી ધ્યાન સાધનાથી કર્મો ખપાવતાં નિર્જરા કરતાં આગળ ને આગળ ધપવાનું છે જેથી છેલ્લું પગથિયું ૧૪મું ગુણસ્થાને આરોહણ કરી હંમેશને માટે શુદ્ધ બુદ્ધ મુક્ત થઈ સદાને માટે સિદ્ધશિલાએ વસીએ. મોહને તિલાંજલિ આપી નિર્જરા કરતાં કરતાં કર્મોનો કચ્ચરઘાણ કાઢી નાખી ગુણસ્થાનકના ૧૪ પગથિયા ઝડપભેર ચઢી તથા ભવ્યત્વનો પરિપાક જલદી થાય તે હેતુથી સમાધિ, ધ્યાન, સમકિત પામી શિવસુખના સ્વામી થઈ મનુષ્યજન્મ સાર્થક કરીએ. તે માટે કર્મનો ક્ષય કરવો જોઈએ જે સકામ નિર્જરાથી વધુ થાય છે. ધ્યાન માટે કહ્યું છે કે 'ધ્યાનાગ્નિના દહ્યતે કર્મ'. અને વળી જે નિર્જરા વર્ષોથી થતી હતી તે જ્ઞાની-ધ્યાની આત્મા શ્વાસોશ્વાસમાં કરે છે, જે માટે લખ્યું છે કે :

'બહુ ક્રોડો વર્ષે ખપે, કર્મ અજ્ઞાને જેહ।
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ.'

આત્માના ગુણોનો વિકાસ કરવામાં આઠમા ગુણસ્થાને આત્માના અપૂર્વગુણની પ્રાપ્તિ હોવાથી અપૂર્વકરણ નામ પડ્યું છે. અહીં આત્માને અપૂર્વ જે પહેલાં કદાપિ થયું ન હતું તેવો પ્રાપ્તિનો ભાવ થાય છે. અપૂર્વ એટલે પહેલાં ક્યારેય પણ થયો ન હતો તેવો ભાવ. અપૂર્વ એટલે પરમ, આહ્લાદકારી આનંદમય પરિણામ તે અપૂર્વ-કરણ.

૧૧મા ઉપશાંત ગુણસ્થાને ચારિત્ર મોહનીયનો ઉદયે જીવ નીચે પડે તો ઠેઠ પહેલા મિથ્યાત્વગુણે પહોંચી જાય.

કર્મક્ષયનું લક્ષ રાખી સાધના કરે તો ૮મેથી-ક્ષપકશ્રેણી આરંભી કર્મખપાવતો આગળને આગળ જ કૂચ કર્યા કરે. દરેક પગથિયે મોહનીયને નષ્ટ કરતો, ક્ષય કરતો, ખપાવતો આગળ વધતાં એક એવી સ્થિતિએ પામે કે જ્યાં બાકીનાં કર્મોનો આપોઆપ નાશ થઈ જાય છે. જેવી રીતે સમરાંગણમાં મુખ્ય સેનાપતિ, પ્રધાનાદિ કેદ થતાં બાકીનું સૈન્ય હાર સ્વીકારે છે તેમ સર્વ પાપનો બાપ મોહનીય સપડાતાં અન્ય સાગરિતો ક્ષય થતાં રહે છે.

આથી આધ્યાત્મિક ક્ષેત્રે આત્માનું મુખ્ય લક્ષ વીતરાગતા પ્રાપ્ત કરવાનું છે જેનો પ્રારંભ મોહ નષ્ટ થતાં આત્મગુણ વીતરાગતા પ્રગટ થઈ જશે જે બારમા ગુણસ્થાને સંપૂર્ણ પ્રગટે છે. હવે કોઈ પણ રાગદ્વેષને અવકાશ રહેતાં નથી. રાગ ગયો તેથી વીતરાગ, અને દ્વેષ ગયો તેથી વીતદ્વેષ: સર્વ રીતે જીવ રાગ-દ્વેષ વગરનો બને છે.

કર્મ ખપાવવા અહીં વિવિધ પગથિયા દર્શાવ્યા છે તે પ્રાપ્ત કરી લક્ષને સાધીએ તેવી અભિલાષા. હનુમાન કૂદકાની જેમ અત્યાર સુધી જે ચર્ચા, વિચારણા, આલોચના, મીમાંસા કરી છે તેના નિષ્કર્ષ રૂપે આટલો સાર નીકળે છે કે ધાર્મિક ક્રિયાકલાપો, વ્રત, પ્રત્યાખ્યાન, તપ, ધ્યાન, સમાધિ, આવશ્યક ક્રિયાઓ જેવી કે સામાયિક, પ્રતિક્રમણાદિ સાર્થક, ફળદાયી બનાવવા હોય તો ભાવનાનું રસસિંચન અત્યાવશ્યક છે. તેથી જ કલ્યાણમંદિરમાં કહ્યું છે કે:-

'યસ્માત, ક્રિયા: પ્રતિફલન્તિ ન ભાવ શૂન્યા: ।

વળી કહ્યું છે કે-

ભાવે ભાવના ભાવિએ, ભાવે દીજે દાન,
ભાવે જિનવર પૂજીએ ભાવે કેવળજ્ઞાન.

❖❖❖

# દોષોને ગુણ-ગૌરવ બક્ષતી લક્ષ્મી

□ પૂ. શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરિજી મહારાજ

આજના યુગને લક્ષ્મીની બોલબાલાના નગુણા યુગ તરીકે અવશ્ય ઓળખાવી શકાય. કોઈ પણ ચીજની મૂલ્યવત્તા માપવાનું કાટલું કે ત્રાજવું આજે તો લક્ષ્મી જ બની બેઠું છે, એમ કહેવામાં જરા ય અતિશયોક્તિ જણાતી નથી. આજની બધી જ પ્રદક્ષિણાઓ કે આજના બધા જ પ્રણામો પ્રાય: લક્ષ્મીદેવીને અનુલીને થઈ રહેલા જણાય છે. કીર્તિ, કુટુંબ કે કાયા ભલે ગમે તેટલા મહાન ગણાતાં હોય, પણ આ મહાનતાનો પાયો કંચન જ મનાયો છે. લક્ષ્મીનો મહિમા તો યુગ-યુગથી ચાલ્યો જ આવે છે, પણ આજે એને જેવી આંધળી પ્રતિષ્ઠા આપવામાં આવી છે એવી ભાગ્યે જ ભૂતકાળમાં અપાઈ હશે. આનું અનુમાન કરવાનું મન રોકી શકાય એવું નથી, કારણ કે આજે લક્ષ્મીના જયજયકારથી જ ગગનનો ગુંબજ ઘણાઘણી ઊઠયો છે. વધુ તો શું કહેવું ? લક્ષ્મીના ભક્તો એક માત્ર લક્ષ્મીદેવીની કૃપાને કારણે જ શ્રીમંતોના દોષોને ગુણો તરીકે ગાતા થાકતા નથી. આવી ભાટાઈનો સંકેત એક સંસ્કૃત સુભાષિતમાં દર્શાવવામાં આવ્યો છે.

શ્રીમંતના દોષોને ગુણો તરીકે વર્ણવતી દુનિયાની તાસીરનું આબાદ-ચિત્ર રજૂ કરતું એ સુભાષિત વ્યંગમાં લક્ષ્મીના ગુણ ગાતાં ગાય છે કે, માતા લક્ષ્મી ! આપની કૃપાના પ્રભાવનું તો કોઈ વર્ણન થાય એમ નથી ! કેમ કે જેની ઉપર આપની કૃપા થાય છે, એના દોષોને પણ દુનિયા ગુણ તરીકે પિછાણવા માંડે છે !

નાણા વિનાનો નાથિયો નાણાવાળો થવાના કારણે જ નાથાલાલ બનતો હોય છે. વસુ આવતાં પશુ જેવાને પણ માણસ જેવું માન મળતું હોય છે. આ અને આવું બધું તો કેટલું ય ઘણા-ઘણાએ જોયું, જાણ્યું અને માણ્યું જ હશે !

જેની પાસે ધન ન હોય, અને જે કંઈ કરતો ન હોય, જે પ્રમાદની પથારીમાં જ પોઢ્યા કરતો હોય, તો લોકો એને 'આળસુના પીર' તરકે વખોડતા હોય છે પણ જેની પર લક્ષ્મીની કૃપા થઈ જાય, એ આથીય વધુ આળસુનો પીર હોય, તો ય એના એ દોષને દુનિયા સ્થિરતા-સ્થિતપ્રજ્ઞતાનું નામ આપીને ગુણમાં ખતવી દેતી હોય છે. જે બહુ ભટકતો હોય, એક ગામમાં જંપીને બેસવું જેને ગમતું જ ન હોય અને દોડાદોડી જ જેનું જીવન હોય, તો લોકો એને 'ચપળ' કહીને એની વૃત્તિને વાનરવેડાનું નામ આપતા હોય છે, પણ શ્રીમંતના જીવનમાં જો આવી ચપળતા હોય, વિમાન દ્વારા આમથી તેમ ફરવામાંથી જ એ ઊંચો આવતો ન હોય, તો વાનર જેવું એનું ચાપલ્ય પણ ઉદ્યમશીલના નામે બિરદાવાય છે.

ન બોલતો ગરીબ માણસ મૂંગો ગણાય છે, જ્યારે શ્રીમંતને બોલતા ન આવડતું હોય તો એનું મૂંગાપણું 'મિતભાષિતા'ના સોહામણા નામે સત્કારાતું હોય છે. ગરીબની મૂઢતા એને ભોળાભટાકમાં ખપાવે છે, જ્યારે શ્રીમંતની મૂઢતાને ઋજુતા અર્થાત્ સરળતાનો આકર્ષક શણગાર સાંપડે છે.

પાત્ર શું અને અપાત્ર શું ? આનો વિચાર કરવા જેટલી ય બુદ્ધિના અભાવના કારણે જ્યાં ત્યાં લક્ષ્મીને લૂંટાવી દેવાની શ્રીમંતની ઉડાઉગીરી અને ભોળી-શંભુતાની આ દુનિયા ઉદાર તરીકે આરતી ઉતારે છે, જ્યારે શ્રીમંત ન હોય એવી વ્યક્તિની આવી વૃત્તિને ઉડાઉગીરી કે ભીલ જેવા ભોળાપણાનો ઈલ્કાબ સાંપડે છે.

ટૂંકમાં કહેવું હોય તો એમ કહી શકાય કે દોષોથી ભરપૂર જીવનનો પણ જો ગુણોથી ભરપૂર જીવન તરીકે 'દેખાડો' કરવો હોય તો આજે વધુ કોઈ મહેનત કરી નાખવી આવશ્યક નથી મનાતી, પણ થોડાં દોઢિયાં મેળવી લેવામાં આવે, તો બધા જ દોષો પર ગુણોનું લેબલ લગાડી આપવા માટે આ દુનિયા તો નવરી જ બેઠી છે.

આજે ગરીબો કરતાં ય શ્રરીમંતોની આલમ જો વધુ દોષિત જોવા મળતી હોય અને છતાં લગભગ બધી જ જગ્યાએ 'મોટા ભા' તરીકે એ આલમ ગોઠવાઈ જતી દેખાતી હોય, તો એના મૂળમાં આજના યુગે આંકેલી લક્ષ્મીની વધુ પડતી મહત્તા જ છે, આનો કોઈ ઈન્કાર કરી શકે એમ નથી ! આજે ગરીબને માટે સાચા ગુણો દ્વારા ગુણવાન થવું સહેલું છે, આની અપેક્ષાએ શ્રીમંત માટે સાચા ગુણવાન બનવાની સાધના વધુ કપરી જણાય છે, કારણ કે દુનિયા શ્રીમંતને શ્રીમંતના દોષ પર નજર જ કરવા દેતી નથી. ઉપરથી એના દોષોને જ એ ગુણ તરીકે ખતવીને સ્વ-પરનું અહિત નોતરવાથી નવરી પડતી નથી ! આમાં અપવાદને અવકાશ જરૂર છે. બાકી આજની મોટા ભાગની શ્રીમંતાઈ આવી જ જોવા મળે તો નવાઈ ન ગણાય !

❖❖❖

# શ્રી આનંદઘનજી રચિત શ્રી અજિતનાથ જિન સ્તવન

□ સુમનભાઈ એમ. શાહ

પરંપરાગત ભિન્ન-ભિન્ન માન્યતાઓ, સંપ્રદાયો, મતમતાંતર, ભાવરહિત યંત્રવત્ અનુષ્ઠાનો ઇત્યાદિથી ભરપૂર પ્રચલિત ધર્મ-પ્રણાલિકા અને તેની પ્રરૂપણા કરનાર કષાયાદિ દોષોમાં નિમગ્ન કહેવાતા ગુરુઓ પાસેથી વર્તમાન દુષમકાળમાં શ્રી અરિહંત પ્રભુપ્રણીત સ્યાદ્વાદમય મૂળમાર્ગ પામવો અશક્યવત્ થઈ પડ્યો છે. નિર્ગ્રંથના પંથની વિરહવેદનાથી આકુળ-વ્યાકુળ આત્માર્થી સાધક હાલમાં માત્ર ભાવના ભાવે છે કે ક્યારે તેને શ્રી અજિતનાથ પ્રભુ જેવા તરણતારણનું નિમિત્ત પ્રાપ્ત થાય. જ્યાં સુધી દુષમકાળ વર્તે છે ત્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ કે અરિહંત પ્રભુના શુદ્ધાવલંબનની રાહ જોતો સાધક મૂળમાર્ગ પામવાની ભાવના સેવી રહ્યો છે, એ સ્તવનનો મુખ્ય હેતુ જણાય છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ.

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તેણે હું જીતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ ?
—પંથડો નિહાળું રે...૧

'હે અજિતનાથ પ્રભુ ! આપે પ્રરૂપેલ નિર્ગ્રંથના પંથને પામવાની હું ઉત્કંઠાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યો છું. હે પ્રભુ ! આપશ્રી અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર્યાદિ આત્મિક ગુણોના અપૂર્વ ધામ છો. હે પ્રભુ ! આપે પ્રચંડ પુરુષાર્થ આદરી ક્રોધ, માન, માયાદિ કષાયો અને રાગદ્વેષ ઉપર જ્વલંત વિજય મેળવ્યો છે અને એ અપેક્ષાએ આપનું 'અજિત' નામ સાર્થક થયું છે. પરંતુ હે પ્રભુ ! કષાયો અને વૈભાવિક પ્રવૃત્તિઓએ મને જીતી લીધો હોવાથી હું 'પુરુષ' કહેવડાવવા માટે પણ લાયક નથી. હું ખરેખર યથાર્થ પુરુષાર્થથી વંચિત છું, કારણ કે આપના જેવા પુરુષોત્તમનો યોગ અથવા આપે પ્રકાશિત કરેલ મૂળમાર્ગ, મને સાંપડ્યો નથી.'

ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઇએ રે, નયણ તે દિવ્ય વિચાર.
—પંથડો નિહાળું રે...૨

લૌકિકદૃષ્ટિએ અને ચર્મચક્ષુથી જોતાં હું સંસારમાં અટવાઈ પડ્યો છું. મનુષ્યગતિ પ્રાપ્ત થયા પછી પણ હું 'લક્ષ' વગરની વૃત્તિ અને પ્રવૃત્તિમાં ફસાઈ ગયો છું. પરંતુ જિનશાસનથી એટલું મને સમજણમાં આવ્યું છે કે 'નિર્ગ્રંથનો પંથ જ ભવઅંતનો દરઅસલ ઉપાય છે', જે ચર્મચક્ષુથી સાંપડે એવો નથી. મૂળમાર્ગ પામવા માટે દિવ્યદૃષ્ટિની અત્યંત આવશ્યકતા છે, એવું મને સમજાય છે. આવી દિવ્યદૃષ્ટિ કે આંતરદર્શન આપમેળે હસ્તગત કરવું વર્તમાનકાળમાં દુર્લભ હોવાથી, આપના જેવો 'નિર્ગ્રંથનો પંથ' યથાતથ્ય પમાડે એવા પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષનું શુદ્ધાવલંબન આવશ્યક જણાય છે. અથવા 'નિશ્ચય અને વ્યવહાર' એ બન્ને દૃષ્ટિથી પુરુષાર્થ ધર્મનું સદ્‌ગુરુની નિશ્રામાં સેવન સાધક માટે અત્યંત આવશ્યક છે.

પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારે જો આગમે કરી રે, ચરમ ધરણ નહીં ઠાય.
—પંથડો નિહાળું રે...૩

પરંપરાગત લૌકિક માન્યતાઓનો જ માત્ર આધાર લેવામાં આવે તો આંધળો આંધળાને મળે અને કુટાઈ મરે અથવા આંધળો આંધળાની પાછળ પાછળ ચાલ્યા કરે એવા બેહાલ થાય. એટલે લોકવાયકાના આધારે કરેલા પ્રયત્નો નિષ્ફળતાને વરે અને કાર્યસિદ્ધિ ન સાંપડે. પરંતુ વસ્તુ કે તત્ત્વને દરેક દૃષ્ટિબિંદુથી મુલવણી કરવામાં આવે તો કંઈક અંશે સફળતા પ્રાપ્ત કરી શકાય. એટલે 'નિશ્ચય અને વ્યવહાર' એ બન્ને દૃષ્ટિથી વસ્તુવિચારણા થાય તો હે પ્રભુ ! આપે પ્રણીત કરેલ નિર્ગ્રંથનો પંથ કંઈક અંશે પામી શકાય. બાકી તો અનેક સંપ્રદાયોમાં ચાલી આવતી પરંપરાગત માન્યતાઓથી એકાંતિક થવાય અથવા ચોક્કસ પ્રકારની માન્યતાનો આગ્રહ સેવાય, જેથી કાર્યસિદ્ધિની સફળતા અશક્યવત્ લાગે છે. આપના જેવા વીતરાગ પ્રણીત આગમાદિ ગ્રંથોમાં સ્યાદ્વાદનું નિરૂપણ થયેલું હોવાથી સુવિશુદ્ધ ભાવોનું તત્ત્વદર્શન થાય તો નિર્ગ્રંથનો પંથ પામી શકાય. હે પ્રભુ ! હાલમાં પ્રવર્તમાન સાંપ્રદાયિક સંકુચિતતાથી આપે નિર્દેશેલ મૂળમાર્ગનો બહુધા લોપ થયેલો જણાય છે અને કહેવાતા ગુરુઓ કદાગ્રહી હોવાથી યથાર્થ માર્ગદર્શનનો દુકાળ વર્તાય છે.

તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોઈ;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.
—પંથડો નિહાળું રે...૪

વસ્તુ વિચારે રે દિવ્ય નયણતણો રે, વિરહ પડ્યો નિરધાર,
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર.
—પંથડો નિહાળું રે...૫

જો તર્કબુદ્ધિથી મૂળમાર્ગને પામવાનો પ્રયત્ન કરવામાં આવે તો અનેક પ્રકારના મતમતાંતર અને વાદવિવાદની ભ્રમજાળમાં ફસાઈ જવાની શક્યતાઓ જણાય છે. એટલે પાર વગરના તર્ક-વિતર્કોના વમળમાં સાધક પોતાનું મૂળ લક્ષ ચૂકી જાય છે અને મિથ્યામાન્યતાઓમાં અટવાઈ પડે છે. આવી પરિસ્થિતિ હોવાના કારણે તત્ત્વાર્થ કે મૂળમાર્ગ જાણી શકાય એવું લાગતું નથી. વર્તમાન દુષમકાળમાં વસ્તુનું યથાર્થ સ્વરૂપ પ્રકાશિત કરનાર કોઈ વિરલ જ હોય છે.

હાલમાં સ્યાદ્વાદમયી અપૂર્વવાણીનો વિરહ પડેલો અનુભવાય છે, કારણ કે આત્માનુભવી જ્ઞાનીપુરુષની પ્રાપ્તિ અતિશય દુર્લભ થઈ પડી છે. આવી પરિસ્થિતિમાં સાધકને કષાયાદિ સહિતની પ્રરૂપણા કે વાસિત બોધનો આધાર લેવો પડતો હોય છે, કારણ કે કહેવાતા ગુરુઓ કદાગ્રહી, રાગદ્વેષ, અજ્ઞાનાદિ, વૈભાવિક વૃત્તિ અને પ્રવૃત્તિમાં નિમગ્ન હોય છે. આવી પરિસ્થિતિમાં આત્માર્થી સાધકને મૂળમાર્ગ કે નિર્ગ્રંથના પંથથી વંચિત રહેવું પડતું જણાય છે.

કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવિલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ.
—પંથડો નિહાળું રે...૬

હે અજિતનાથ પ્રભુ ! અમો એવા ભાવ હાલમાં સેવી રહ્યાં છીએ કે આપના જેવા નિર્ગ્રંથનું ક્યારે અમને સાન્નિધ્ય સાંપડે, જેથી મૂળમાર્ગ પામીએ. આવી અભિલાષા, આશા અને ભાવના રાખી હે પ્રભુ ! અમો જીવી રહ્યાં છીએ. આમ છતાંય અમોને દૃઢતા વર્તે છે કે વહેલામોડા આપનો પંથ અમો અવશ્ય પામીશું અને તે સમયની ઉત્કંઠાપૂર્વક રાહ જોઈ રહ્યાં છીએ. હે પ્રભુ ! જ્યાં સુધી અમોને મૂળમાર્ગ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આપે પ્રરૂપેલ પંથ પામવાની હૃદયપૂર્વકની ભાવનાનું સેવન અમે કરી રહ્યા છીએ. હે પ્રભુ ! આવી ભાવનાના પરિણામ સ્વરૂપે અમો આપનો પંથ ચોક્કસ પામશું એવો નિશ્ચય વર્તે છે. યથાયોગ્ય સમય અને અન્ય સમવાયી કારણોનો સહયોગ થશે ત્યારે અમો મૂળમાર્ગ અવશ્ય પામશું અને સહજસુખ તથા પરમાનંદ પામવાના અધિકારી થઈશું.

❖❖❖

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૪ ● અંક : ૧૦ ● ઑક્ટોબર, ૨૦૦૩ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પ્રોજેક્ટ સાયલા

ભૂકંપ, વાવાઝોડું, રોગચાળો, આગ જેવી મોટી કુદરતી આપત્તિ આવી પડે છે ત્યારે મનુષ્ય એની સામે લાચાર બની જાય છે. સુરક્ષાની ગમે તેટલી તૈયારી કરી હોય તો પણ કુદરતી વિનાશ ક્યારે, કયા ખૂણેથી, કેવી રીતે આવશે તે કહી શકાતું નથી. એમાં પણ ભૂકંપ તો કશો અણસાર આપ્યા વગર બે-ચાર મિનિટમાં જ અનેકના મૃત્યુ અને માલમિલકતને મોટું નુકસાન પહોંચાડવામાં પ્રબળ નિમિત્ત બની જાય છે. બીજી આપત્તિ કરતાં ભૂકંપમાંથી બેઠાં થતાં વાર લાગે છે.

મોટી કુદરતી આપત્તિ આવે છે ત્યારે અનેકનાં હૃદય દ્રવી ઊઠે છે. માણસો પીડિતોની વહારે દોડી જાય છે. માનવતા મહોરી ઊઠે છે. વ્યક્તિગત કક્ષાએ માણસ શક્ય એટલું કરી છૂટે છે. પરંતુ એકલા માણસની શક્તિ પરિમિત રહે છે. સરકાર ઉપરાંત મોટી સેવાભાવી સંસ્થાઓ પોતાની ટુકડીઓ સાથે, સાધન-સામગ્રી અને નાણાંની સગવડ સહિત પહોંચી જાય છે ત્યારે રાહતકાર્ય વેગ પકડે છે. ભૂકંપની આપત્તિ વખતે તો રાહતકાર્ય માટે સમય બહુ મૂલ્યવાન ગણાય છે. વિલંબથી વધુ નુકસાન થાય છે. હવે તો દુનિયાના ઘણા દેશોની સરકારો વિવિધ પ્રકારની આપત્તિ માટે વ્યવસ્થાતંત્ર (Disaster Management) સજ્જ અને સાબદું રાખે છે. માત્ર પોતાના દેશ માટે જ નહિ, આખી દુનિયામાં જ્યાં કંઈ જ્યારે આપત્તિ આવે ત્યારે આવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ધસી જાય છે. બંબાવાળાની જેમ, કેળવાયેલું સાહસિક વ્યવસ્થાતંત્ર તૈયાર હોય તો રાહતકાર્ય ઘણી જ સારી રીતે ઝડપથી થઈ શકે છે. એમાં ધરતીકંપ જો શિયાળામાં થાય તો લોકોને આશરો આપવાનું રાહતકાર્ય વધુ વિકટ બને છે. આહારપાણીનો પ્રબંધ તાત્કાલિક કરવો પડે છે અને મરેલાં ઢોર-માણસની લાશોને કારણે રોગચાળો ન ફેલાય તથા સમાજવિરોધી તત્ત્વો સક્રિય ન બને તેની ભારે તકેદારી રાખવી પડે છે. આપણે ધારીએ તેના કરતાં આ ઘણું જ વિકટ કાર્ય છે.

ગુજરાતમાં ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ સવારે જે ભયંકર ભૂકંપ થયો એથી કચ્છમાં ભચાઉ, રાપર, અંજાર, ભુજ વગેરે નગરોમાં અને બીજાં ગામોમાં તથા સૌરાષ્ટ્ર અને ગુજરાતના અનેક ગામોમાં ઘણું ભારે નુકસાન થયું. આ ધરતીકંપની તીવ્રતા ઘણી મોટી હતી અને આશરે ત્રણસો કિલોમિટર જેટલા વિસ્તારમાં ધરતી ધણધણી ઊઠી. હજારો લોકોના પ્રાણ ગયા અને અસંખ્ય મકાનો ભાંગી ગયાં. જાન-માલના નુકસાનની દૃષ્ટિએ છેલ્લા એક સૈકામાં આ મોટામાં મોટો ભૂકંપ ગણાય છે. ગીચ વસ્તી અને જૂનાં મકાનો હોય ત્યાં ધરતીકંપની અસર વધુ વરતાય છે.

નજરે જોનાર સૌનું હૈયું પીગળી જાય એવા આ ભયંકર ભૂકંપના સમાચાર સાંભળી સરકાર ઉપરાંત ભારતમાંથી અને વિદેશોમાંથી અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ દોડી આવી.

ગુજરાતનો ધરતીકંપ એક મોટી વ્યાપક કરુણ હોનારત ગણાય. એ વખતે સરકારી તથા સામાજિક સ્તરે તરત રાહતકાર્યો ચાલુ થયાં હતાં. આ તો ખરું જ, પણ દુનિયાભરમાંથી ગુજરાતને જે સહાય મળી તે ગુજરાતની સુવાસ ગુજરાત બહાર કેટલી છે એ પણ જોવા મળ્યું છે. ગુજરાતીઓ સમગ્ર વિશ્વમાં વસેલાં છે. વિશ્વના ચારે ખૂણામાંથી સહાયનો જે પ્રવાહ વહી આવ્યો એને લીધે ગુજરાતને બેઠાં થતાં બહુ વાર નથી લાગી. જો કે હજુ ઘણું કાર્ય કરવાનું બાકી છે તો પણ રાબેતા મુજબનું જીવન તો ક્યારનું ચાલુ થઈ ગયું છે.

ગુજરાતના આ ભૂકંપ વખતે ઘણી જુદી જુદી સેવાભાવી સંસ્થાઓએ પોતપોતાનું ક્ષેત્ર પસંદ કરીને ભારે સરાહનીય કાર્ય કર્યું છે. કેટલાયે લોકોને સારી રાહત મળી છે, નવાં મકાનો મળ્યાં છે તથા બીજી આર્થિક સહાય પણ મળી છે. કેટલાકને માટે તો ભૂકંપ આશીર્વાદરૂપ નીવડ્યો છે. કેટલાંક અસમાજિક તત્ત્વોએ સહાયની સાધનસામગ્રીનો ગેરલાભ પણ ઉઠાવ્યો હશે. જ્યારે મોટી દુર્ઘટના થાય ત્યારે આવું કેટલુંક બનવું સ્વાભાવિક છે. બીજી બાજુ માનવતાના કેટલાયે ઉમદા પ્રસંગો પણ બન્યા છે. પ. પૂ. શ્રી મુક્તિચંદ્રવિજયજી અને પ. પૂ. શ્રી મુનિચંદ્રવિજયજીએ 'ભૂકંપમાં ભ્રમણ' નામનો ગ્રંથ લખીને પ્રકાશિત કર્યો છે. એમાં આવી કેટલીક કરુણ, રસિક, પ્રેરક વાતો લખી છે.

ભૂકંપ વખતે જે જુદી જુદી સંસ્થાઓએ મોટા પાયા પર સંગીન કાર્ય કચ્છ-કાઠિયાવાડમાં કર્યું છે એ બધાંની વિગતો આપવાનો અહીં અવકાશ નથી, પરંતુ અમને જાતે જોવાનો અવસર સાંપડ્યો એવા 'પ્રોજક્ટ સાયલા' વિશે અહીં થોડીક માહિતી આપી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સહાય મેળવવામાં વ્યક્તિગત સંપર્કો અને સેવાસુવાસ કેટલાં સહાયરૂપ બને છે તે એમાં જોવા મળે છે.

વિશ્વના કેટલાયે સમૃદ્ધ દેશોમાં એવાં સેવાભાવી મંડળો છે કે જેમની પાસે નાણાં ઘણાં છે, પણ આર્થિક રીતે પછાત એવા દેશોમાં તેમના સંપર્ક ઓછા છે. સરકારી કરતાં બિનસરકારી સ્તરે તેઓ કામ કરવા ઇચ્છે છે અને પોતે ખર્ચેલાં નાણાંનું વેળાસર પરિણામ જોવાની ભાવના રાખે છે. આવા સંજોગોમાં જેમની પાસે સૂત્ર અને સંપર્ક વધુ હોય એવી

વિશ્વસનીય વ્યક્તિ અને સંસ્થા સારું કાર્ય કરાવી શકે છે. વળી આપત્તિકાળમાં એક ક્ષેત્રને વધુ પડતો લાભ મળે અને એક ક્ષેત્ર વંચિત રહી જાય એવું પણ કેટલીક વાર બને છે. એટલે ક્ષેત્રની વહેંચણી એ પણ મહત્ત્વની બાબત બની રહે છે. વિદેશી સંસ્થાઓ પણ આ મહત્ત્વના મુદ્દાને લક્ષમાં રાખે છે.

યુરોપમાંથી 'યુરોપિયન યુનિયન'ના ઉપક્રમે યુરોપિયન કમિશન અને 'હેલ્પ ફ્રોમ જર્મની' એ બે સંસ્થાઓ તરફથી જે મોટી આર્થિક સહાય આ કાર્ય માટે જાહેર કરવામાં આવી એમાં વિસ્તાર અને કામની વહેંચણીની દૃષ્ટિએ જે સ્થાનિક સેવાભાવી સંસ્થાઓ પસંદ થઈ એમાં સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર જિલ્લામાં પુનર્વસવાટના નિર્માણકાર્યનું આયોજન કરવા માટે મુંબઈની રત્નનિધિ ચેરિટેબલ ટ્રસ્ટની પસંદગી થઈ, કારણ કે આ સંસ્થા તરફથી ઘણાં વર્ષોથી લોકકલ્યાણની, જયપુર ફૂટની, વિશેષત: બાળકલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ સતત ચાલતી રહી છે. રત્નનિધિ ચેરિટેબલ ટ્રસ્ટના સૂત્રધાર મારા મિત્ર શ્રી મહેન્દ્રભાઈ મહેતાને દેશ-વિદેશમાં ઘણા ગાઢ સંપર્ક છે. કેટલાકની સાથે તો અંગત મૈત્રી છે. યુરોપિયન કમિશનના કેટલાક અધિકારીઓ તેમના કાર્યથી અને વહીવટીશક્તિથી સારી રીતે પરિચિત અને પ્રભાવિત છે.

રત્નનિધિ ટ્રસ્ટે આ સમગ્ર આયોજન માટે 'પ્રોજેક્ટ સાયલા' નામ રાખ્યું અને એ માટે સુરેન્દ્રનગર જિલ્લામાં જે મુખ્ય ચાર સંસ્થાઓ પસંદ કરી તે રાજસોભાગ આશ્રમ, સાયલા, લીંબડી કેળવણી મંડળ, લીંબડી, રોટરી કલબ, સુરેન્દ્રનગર અને વિકાસ વિદ્યાલય, વઢવાણ છે. આ સંસ્થાઓના સહયોગથી વિવિધ પ્રકારનાં કાર્યોનો આરંભ થયો અને તેના ઉપર દેખરેખ રાખવા હેલ્પ-જર્મનીના પ્રતિનિધિ તરીકે શ્રી લાર્સ કાન્હર્ટને ભારત મોકલવામાં આવ્યા હતા. તેઓ અમદાવાદમાં રહીને ચારે સ્થળે કાર્યપ્રગતિનું નિરીક્ષણ કરી પોતાનો પ્રગતિ-અહેવાલ યુરોપ મોકલતા હતા. ભારતમાં ઉનાળામાં કામ કરતા પણ તેઓ થાકતા નહોતા.

શ્રી રત્નનિધિ ટ્રસ્ટે પણ સુરેન્દ્રનગર જિલ્લામાં ચાર સ્થળે કાર્યાલયો ચાલુ કર્યાં અને તેમાં સુરેન્દ્રનગરમાં પોતાનું મુખ્ય કાર્યાલય રાખ્યું અને શ્રી નંદાબહેન ઠક્કરને આ બધાં કાર્યોનું સંયોજન કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. તેમણે બહુ કુશળતાપૂર્વક આ બધું આયોજન કર્યું અને હજુ પણ કરતાં રહે છે.

એક નાનું ક્ષેત્ર લઈને વ્યવસ્થિત રીતે સંગીન કાર્ય કરવાથી પરિણામ કેવું સારું આવે છે તેની પ્રતીતિ આ 'પ્રોજેક્ટ સાયલા'નું કાર્ય જોવાથી થાય છે. આ પ્રોજેક્ટ હેઠળ શિક્ષણના ક્ષેત્રે એક આવશ્યક અને ઉપકારક કાર્ય એ થયું કે સાયલા તાલુકાનાં અન્ય એવાં ૪૭ ગામોમાં શાળાઓના કુલ ૧૯૦ ઓરડાઓ જે ભાંગી ગયા હતા તે નવેસરથી ફરીથી બાંધી આપવામાં આવ્યા. કેટલીક શાળાઓનાં આખાં મકાન તૂટી ગયાં હતાં તે તદ્દન નવા બાંધી આપવામાં આવ્યા. આ ગામોમાં સાયલા, સુદામડા, નાગડકા, ચોરવીરા, સોખડા, સમઢીયાળા, ધાંધલપુર વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટમાં સાયલાના રાજસોભાગ આશ્રમનું યોગદાન મોટું રહ્યું છે.

સાયલાના શ્રી રાજસોભાગ આશ્રમ દ્વારા આશ્રમના પ્રણેતા પૂ. સ્વ. શ્રી લાડકચંદભાઈ-બાપુજીની હયાતીમાં, એમની જ પ્રેરણાથી આશ્રમ દ્વારા જનકલ્યાણની પ્રવૃત્તિઓ ચાલુ થઈ ગઈ હતી. દર મહિને નેત્રનિદાન કેમ્પ અને વર્ષમાં એક વાર નેત્રયજ્ઞ, આસપાસનાં ગામડાઓમાં ગરીબોમાં ગરમ કપડાં, વાસણ તથા વર્ષે ત્રણ હજાર કિલોગ્રામ અનાજનું વિતરણ, સાયલા ગામમાં સાર્વજનિક દવાખાનું, દુષ્કાળમાં ઢોરો માટે નિરાણ કેન્દ્રો ઇત્યાદિ પ્રવૃત્તિ ચાલતી હતી. પૂજ્ય બાપુજીના દેહવિલય પછી એટલું જ નહિ વધુ વિકસાવી છે એમાં આ આશ્રમના ટ્રસ્ટીગણ તથા શ્રી મીનળબહેન અને શ્રા... અન્ય સાધક કાર્યકર્તાઓએ ઘણો સારો સહકાર આપ્યો છે એ બહુ જ પ્રશંસનીય છે.

સાયલા આશ્રમમાં અમારે ઘણાં વર્ષોથી નિયમિત જવાનું થતું હોવાથી આશ્રમ દ્વારા 'પ્રોજેક્ટ સાયલા'ની પ્રવૃત્તિઓ નજરે નિહાળવાનો તથા 'નિનામા-લાડકપુર' ગામ, સાયલામાં કન્યાઓ માટે હાઈસ્કૂલ, લાડકચંદ વોરા પ્રાથમિક શાળા વગેરેના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેવાનો અવસર સાંપડ્યો હતો.

સાયલા તાલુકામાં શાળાઓના ઓરડા બાંધવાની સમગ્ર પ્રવૃત્તિ માટે મુખ્ય કાર્યાલય આશ્રમમાં રહ્યું. વળી આશ્રમે એન્જિનિયરોને માટે રહેવાજમવાની વ્યવસ્થા કરી આપી અને આશ્રમના સાધકો જેઓ પોતે એન્જિનિયર છે એવા શ્રી જસાણી બંધુઓ, શ્રી અનિલભાઈ શેઠ તથા એમના સહાયકોએ સમગ્ર યોજના પૂરી થાય ત્યાં સુધી દેખરેખ રાખવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

સાયલા ગામને પોતાને કન્યા વિદ્યાલય અને પ્રાથમિક શાળાનાં જૂનાં ભાંગેલાં મકાનોની જગ્યાએ સરસ નવાં, વિદ્યાર્થીઓને ભણવું ગમે એવાં મકાનો બાંધી આપવામાં આવ્યાં જેનો વપરાશ તરત ચાલુ થઈ ગયો. શાળાના આ વર્ગોમાં લોખંડની બેન્ચ, બ્લેક બોર્ડ, રમતગમતનાં સાધનો વગેરે પણ વસાવી આપવામાં આવ્યાં છે. બંને શાળાનાં નવાં મકાનો ગામની શોભારૂપ બની ગયાં છે.

પ્રોજેક્ટ સાયલા હેઠળ વઢવાણ, લીંબડી, સુરેન્દ્રનગર તથા કેટલાંક ગામોમાં એમ જુદા જુદા સ્થળે વ્યાવસાયિક તાલીમ શાળાઓ પણ ચાલુ કરવામાં આવી છે. નાનાં ગામડાંઓમાં યુવાનો પોતાની મેળે કામ કરીને આજીવિકા મેળવી શકે, પગભર થઈ શકે એ માટે આવાં તાલીમ કેન્દ્રોમાં આધુનિક જીવનની જરૂરિયાત મુજબ રેફ્રિજરેટર, પંખા, વગેરેના ઇલેકટ્રિકલ રિપેરિંગની, મોટર સાયકલ સ્કુટરના રિપેરિંગની તથા અન્ય પ્રકારની તાલીમ આપવામાં આવે છે. કન્યાઓને શીવણ, ભરતગૂંથણ, મહેંદી, સુશોભન વગેરેની તાલીમ આપવામાં આવે છે. સુરેન્દ્રનગરમાં યુવાનોને રોજી મળી રહે એ માટે એવી ખાસ બનાવેલી સાયકલ આપવામાં આવે છે કે જે ઊભી રાખીને એની પાછળના ભાગમાં રાખેલાં બોકસમાં ગેસના નાના સિલિન્ડર પર એ ચા બનાવીને વેચી શકે. આ બધી તાલીમ અને સાધનો આપવા પાછળ આશય એ રહેલો છે કે ગામડાંનો યુવાન બેકાર ન રહેતાં પોતાની રોજી રળી શકે અને પગભર થઈ શકે.

આમ 'પ્રોજેક્ટ સાયલા' દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં અને વિશેષત: સાયલા તાલુકામાં પુનર્વસનનું જે સંગીન સેવાકાર્ય થયું છે તે અત્યંત સરાહનીય છે. જાતે જોવાથી તેનો વિશેષ ખ્યાલ આવે છે. આવાં કાર્યોએ અનેકના ચહેરા પર નવી રોશની પ્રગટાવી છે. કેટલાંયના જીવનમાં સુખદ વળાંક આવ્યો છે.

સંસારમાં કેટલાંયે કાર્યો યોજકની દુર્લભતા (योजकस्तत्र दुर्लभः ।) ને કારણે થતાં નથી. યુરોપિયન કમિશન, રત્નનિધિ ટ્રસ્ટ, સાયલા આશ્રમ, વઢવાણ વિકાસગૃહ, લીંબડી કેળવણી મંડળ, સુરેન્દ્રનગર રોટરી કલબ વગેરે 'યોજક' બન્યાં તો જનહિતનાં કેટલાં બધાં કાર્યો થઈ શક્યાં !

પોતાનામાં યોજકની શક્તિ હોય તો માણસે તેને કુંઠિત ન થવા દેતાં પાંગરવા દેવી જોઇએ. એમાં સમાજનું કેટલું બધું શ્રેય રહેલું છે !

□ રમણલાલ ચી. શાહ

# પત્ર-વ્યવહાર

**❑ ડૉ. રણજિત પટેલ (अनामी)**

આજકાલ ફોન-વ્યવહારમાં ભરતી આવી છે. આંગડિયા-વ્યવહારમાં તેજી આવી છે અને કુરિયર સર્વિસ પણ તેજીલી છે. એટલે પત્ર-વ્યવહારમાં ઓટ ને મંદી વરતાય છે. એક સમય એવો પણ હતો કે જ્યારે પત્રો દ્વારા ધર્મ, નીતિ અને સાહિત્યની ઊંડી ચર્ચા-પર્યેષણા થતી હતી. કીર્તિદાને કમળના પત્રો-શ્રી બટુભાઈ ઉમરવાડિયાના પત્ર દ્વારા કરેલા વિવેચનના પત્રો છે, તો પ્રો. વિજયરાય વૈદ્યે પણ એવાં કેટલાંક વિવેચનો પત્રો દ્વારા કરેલ છે. પ્રાધ્યાપક શ્રી અનંતરાય રાવળે પણ આ પત્ર-શૈલી-સરસ્વતીચંદ્રને, કુમુદને, ગુણસુંદરીને જેવાં-વિવેચનોમાં અજમાવી છે. શ્રી નરહરિ પરીખે, 'તારુણ્યમાં પ્રવેશતી કન્યાને પત્રો' નામે એક પુસ્તિકામાં નીરોગી રીતે જાતીય પ્રક્રિયાનું જ્ઞાન કન્યાઓને માટે સુલભ કરવાનો એક સુંદર, અધિકારયુક્ત પ્રયત્ન કર્યો છે, તો શ્રીમદ્ રાજચંદ્રે પણ મહાત્મા ગાંધીજી, સોભાગભાઈ અને બીજા ઘણાને આધ્યાત્મિક શંકાઓનો ખુલાસો આપતા કેટલાક પત્રો લખ્યા છે. અંબુભાઈ પુરાણીના પથિકના પત્રો, રંગ અવધૂતજીની 'પત્રમંજૂષા' તત્ત્વજ્ઞાન વિચારણાના પત્રો છે. અજ્ઞાતના પત્રો (ચમનલાલ વૈષ્ણવ)માં જીવનના તલસ્પર્શી પ્રશ્નો અને સ્વસ્થ, મર્મગામી, મૌલિક વિચારણા, સરલ, શિષ્ટ અને પ્રતીતિકર શૈલીમાં થઈ છે. પ્રો. બ. ક. ઠાકોર, શ્રી કનૈયાલાલ મુનશી અને જવાહરના પત્રો પણ સેવન કરવા યોગ્ય છે. પૂ. ગાંધીજીએ એમના દીર્ઘ જીવનમાં, હજારો વ્યક્તિઓ સાથે એમને સંપર્ક થયેલો અને અંગત જીવન, ધર્મ, નીતિ, સદાચાર રાજકારણ, વ્યવહાર ઇત્યાદિ વિષયો પર એમણે અનેક પત્રો લખેલા. ગાંધીજીની મુદ્દાસર વિચારણા, સંક્ષિપ્ત સૂચક શૈલી, પારદર્શક સચ્ચાઈ, સૌને માટેનો વિશાળ પ્રેમ અને આત્મીયતા, ઊંચી તત્ત્વનિષ્ઠા, સ્થિરદ્યુતિ દૃષ્ટિ જેમ એ પત્રોમાં પ્રગટ થાય છે તેમ એમની અસાધારણ રાજદ્વારી કુશળતા, ચોકસાઈ, સ્પષ્ટતા વગેરે લાક્ષણિકતાઓ, સત્તાધારીઓ સાથેના એમના પત્રોમાં પ્રગટ થાય છે. આજના વીજળીવેગે ગતિ કરતા યુગમાં આવા પત્રોનાં તો સ્વપ્નો જ સેવવાનાં !

મારા એક સંનિષ્ઠ ને પીઢ સાહિત્યકાર-મિત્રને પત્ર-વ્યવહારનો આગવો છંદ. ઘણા બધા મૂર્ધન્ય સાહિત્યકારો સાથે એમનો પત્ર-વ્યવહાર અવિરતપણે ચાલુ રહ્યો, પણ પછી એક સારા લોકપ્રિય નવલકથાકારે એમના બે-ત્રણ પત્રોનો જવાબ જ ન આપ્યો એટલે એમના તા. ૨૪-૫-૨૦૦૩ના પત્રમાં એમણે રોષ-આક્રોશ વ્યક્ત કર્યો એટલે મેં એમને આશ્વાસન આપતાં લખ્યું કે ભલા માણસ ! 'વન વે ટ્રાફિક' રાખવાનો શો અર્થ ? તમે ય પત્રલેખન પર બ્રેક લગાવી દો-એ તો તમારા મિત્ર છે, પણ કવિવર ટાગોર જેવા મહાકવિનાં પત્ની એમના અનેક પત્રોને અનુત્તરિત રાખતાં હતાં એટલે ટાગોરે પણ તમારી જેમ અકળાઈને પણ આત્મનિરીક્ષણ કરીને પત્નીને લખ્યું: 'તારા જેવી આટલી બધી અકૃતઘ્ન મેં જોઈ નથી...પણ આજથી મેં નિયમ કર્યો છે કે કાગળનો જવાબ ન મળે તો મારે કાગળ ન લખવો. આ રીતે કાગળો લખ લખ કરવાથી તમારા લોકોને ખરાબ ટેવ પડે છે-એટલું જ-એથી તમારા લોકોના મનમાં સહેજ પણ કૃતજ્ઞતાનો સંચાર થતો નથી. તું તો અઠવાડિયે નિયમિત બે કાગળ પણ લખતી હોય તો યે હું પૂરતો પુરસ્કાર મળ્યો એમ માની લેત. મને ધીમે ધીમે ખાતરી થતી જાય છે કે તારે મન મારા પત્રની કશી કિંમત નથી ને તું મને બે લીટીનો કાગળ લખવાની યે લગારે પરવા રાખતી નથી. હું મૂરખ એવું કેમ માની બેઠો છું કે તને રોજ પત્ર લખવાથી તું કદાચ થોડી ખુશ થશે અને ન લખું તો ચિંતા કરશે. એ ભગવાન જાણે ! કદાચ એ એક પ્રકારનો અહંકાર પણ હોય. પરન્તુ એ ગર્વ હવે વધુ વખત હું રાખી શકતો નથી. આજથી હું એને છોડી દઉં છું. આજે સાંજને સમયે, થાકેલે શરીરે બેઠો બેઠો આ પ્રમાણે લખું છું પણ વળી પાછો આવતી કાલે કદાચ દિવસે પસ્તાવો થશે. એમ થશે કે પારકાના કર્તવ્ય વિષે પારકાને ઠપકો આપવા કરતાં પોતાનું કર્તવ્ય કર્યે જવું એ જ સારું છે, પરંતુ સ્હેજ તક મળતાં જ પારકાની ત્રુટી વિષે કચકચ કરવાનો મારો સ્વભાવ છે અને તારા નસીબયોગે તારે જિંદગીભર એ સહન કરવું પડશે. ઠપકો મોટે ભાગે ઘાંટા પાડીને આપું છું અને પસ્તાવો મનમાં મનમાં કરું છું, કોઈ સાંભળી શકતું નથી.'

મારો આ પત્ર મળતાં મિત્રના મનનું તો સમાધાન થઈ ગયું પણ મારા મનમાં અનેક પ્રશ્નો જાગ્યા ! ટાગોર જેને 'કૃતઘ્નતા' કહે છે એવો વ્યવહાર એમનાં પત્નીએ શા માટે કર્યો ? એ વાત સાચી છે કે પત્ર-લેખન એ શાસ્ત્ર છે ને કલા પણ છે. સંભવ છે કે કવિ-પત્નીને સુંદર પત્ર-લેખનની શક્તિ કે ટેવ ન હોય ! સંભવ છે કે એમના મનમાં એક પ્રકારની લઘુતાગ્રંથિ બંધાઈ ગઈ હોય કે આવડા મોટા કવિ-સાહિત્યકારના પત્ર સામે મારો પત્ર કેવો કંગાળ લાગે ! કવચિત્ કવિ એકસામટા ત્રણ ત્રણ પત્રો લખતા...'એમના મનમાં એમ હશે કે એકનો તો જવાબ મળશે !' અહીં મને મારા બે અધ્યાપકોનો કિસ્સો યાદ આવે છે. એક અધ્યાપકની પત્ની એટલી બધી પ્રમાદી કે અઠવાડિયામાં ધણીને એક જ વાર શાક ખવડાવે. અધ્યાપકે એમના આચાર્ય મિત્રને વાત કરી તો આચાર્યે અધ્યાપકબંધુએ કહ્યું કે તમો બજારમાંથી ત્રણ ત્રણ શાક લાવો ને ગમે તે ઉપાયે રોજ ત્રણ શાક તૈયાર કરાવવાનો આગ્રહ રાખો...અઠવાડિયું આ પ્રમાણે કરશો તો વરસભર નિયમિત એક શાક તો ખાવા મળશે જ! શાકમાં તો એ નુસખો સફળ થયો પણ પત્રવ્યવહાર એ શાક બનાવવા જેવો વ્યાપાર નથી. એ તો લાગણીનો પ્રશ્ન છે. એક હૃદયનો બીજા હૃદય સાથે તાર ને તાલ મેળવવાનો પ્રશ્ન છે. એમાં જોડણી કે વ્યાકરણની ભૂલો ન-ગણ્ય. અખો કહે છે તેમ

'સૂતર આવે તેમ તું રહે
જ્યમત્યમ કરીને હરિને લહે.'

કદાચ કવિ-પત્ની અખાની આ પંક્તિઓથી પરિચિત હોત તો જ્યમત્યમ કરીને પણ કવિ-હૃદયને પામત.

ચારેક દાયકા પૂર્વે, મારા મોટાભાઈની સાથે હું મારી ભત્રીજી માટે એક છોકરાને જોવા મારે મોસાળ ગયેલો. છોકરો શિક્ષિત હતો. અમો બંને ભાઈઓને પસંદ પડ્યો...અમારે ઘરે જતાં મામાને મળી લીધું ને પેલા છોકરા સંબંધે અભિપ્રાય પૂછ્યો તો મામા કહે: 'ભણેલો છે પણ જરાય ગણેલો નથી. એક જ શબ્દમાં કહું તો એ છે ચક્રમ.' અમોએ અમારો નિર્ણય બદલ્યો ને અઠવાડિયા સુધી કશો જવાબ આપ્યો નહીં એટલે દશમે દિવસે એક જાડો લિફાફો આવ્યો...પત્ર અંગ્રેજીમાં હતો. પ્રથમ લીટી હતી: 'Notice is hereby given that...' ને મને ગભરાટ થયો. ન્યાયાલય કે આયકર વિભાગમાંથી કોઈપણ પત્ર આવે છે તો મારા મનમાં ભાતભાતના વિચારો આવે છે ! ત્રણ ફુલસ્કેપ ભરેલો એ 'ચક્રમ'નો પત્ર મામાના અભિપ્રાયને સર્વથા સાર્થક ઠેરવે એ પ્રકારનો હતો.

પત્ર-વ્યવહાર સ્નેહીસ્વજનો, પરિચિતો કે આત્મીયો સાથે જ થાય એવું કશું નથી. મારી વાત કરું તો અમારો પત્ર-વ્યવહાર એકાદ દાયકાથી બે મહાનુભાવો સાથે ચાલે છે જેમને હું કદાપિ મળ્યો જ નથી. દા. ત. ૯૪ સાલના વકીલ શ્રી પુરુષોત્તમદાસ બી. શાહ જે વકીલ ઉપરાંત સાહિત્યકાર ને સ્વાતંત્ર્યસેનાની પણ છે. પાટણના એ વકીલ ડૉ. ભોગીલાલે સાંડેસરાના પરિચિત ને સ્નેહી...એમનું એક પુસ્તક મને મોકલવા ડૉ. સાંડેસરાએ ભલામણ કરી...એ પુસ્તકનો મેં પ્રોત્સાહક પ્રતિભાવ દર્શાવ્યો ને પછી તો અમારી મૈત્રી જામી...આજ લગી નિરંતર પત્ર-વ્યવહાર ચાલુ છે જ છે; એટલું જ નહીં પણ એક પુસ્તિકા થાય એટલા બધા પત્રો ભેગા થયા છે. એવા જ બીજા

મુંબઈના શ્રી ગણપતિભાઈ મહેતા...એમ.એ.એલએલ.બી., એમના વ્યવસાય સંબંધે મેં કદાપિ પૃચ્છા કરી નથી પણ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની મ્યુઝિક કૉલેજના પ્રિન્સિપાલ શ્રી આર.સી. મહેતાના એ વડીલ બંધુ થાય. એ પણ સાહિત્યના ભારે રસિયા. પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીના શિષ્ય. એમણે પણ પશ્ચિમના તત્ત્વજ્ઞાન સંબંધે સુંદર ગ્રંથ લખ્યો છે જેની પ્રસ્તાવના પ્રો. યશવંતભાઈ શુકલે લખી છે. મારા ત્રણેક કાવ્યસંગ્રહો સંબંધે એમણે જે પ્રતિભાવ દર્શાવ્યો છે તે સાહિત્યનો સાચો સહૃદય ભાવક જ દર્શાવી શકે એ કક્ષાનો છે. ત્રીજા અજાણ સ્વજન છે (વય-૭૦) જાણીતા કૃષિકાર-કવિ શ્રી અનુપસિંહજી પરમાર. 'અખંડ આનંદ'ના મારા એક લેખથી પ્રભાવિત થઈ પત્ર-વ્યવહાર શરૂ કર્યો ને આજ પર્યંત ધમધોકાર ચાલે છે. કવિ ઉપરાંત એ નવલિકાકાર પણ છે. બીજાય એવા બે-ત્રણ અજાણ સ્વજનો છે પણ ઉપર્યુક્ત ત્રણનો પત્ર વ્યવહાર તો નિયમિત ચાલુ છે ને એમાં કવિતા, સાહિત્ય, સમાજશાસ્ત્ર અને રાજકારણની ચર્ચા થતી હોય છે. તા. ૨-૫-૨૦૦૩ના પત્રમાં શ્રી ગણપતિભાઈ મહેતાએ એમના નવા પ્રકાશન સંબંધે લખ્યું છે, 'એક નાનું પુસ્તક' (પૃ. ૧૧૪) પ્રગટ થઈ શકે તેવા સ્વરૂપમાં તૈયાર છે. કૉમ્પ્યુટર ટાઈપિંગની પાંચેક પ્રતો છે. એનું શીર્ષક છે. 'अयम् आत्मा ब्रह्म' અને એમાં બ્રહ્મસૂત્ર ઉપરના શાંકરભાષ્યના અવલંબને લખાયેલા અધ્યયનલેખો છે. એની વિશેષ વિગતો હમણાં તમને લખવી આવશ્યક નથી, પરંતુ એટલું ઉમેરું છું કે વિષયના આધ્યાત્મિક મહત્ત્વ અને પ્રસ્તુત કરેલ લેખોની કક્ષા પ્રશંસનીય ગણીને મહામહોપાધ્યાય વિદ્યાવાચસ્પતિ ડૉ. જયન્તકૃષ્ણ દવેએ આ પુસ્તક માટે આશીર્વચન લખી આપ્યું છે...અને મારા વિદ્વાન મિત્ર પ્રાધ્યાપક ભૂપેન્દ્ર ત્રિવેદીએ 'આમુખ' લખી આપ્યો છે.' મહેતા સાહેબ પણ આવી બધી પ્રવૃત્તિ જીવનના ઉત્તરાર્ધમાં...૯૧ વર્ષે કરી રહ્યા છે એ નોંધપાત્ર છે, જો કે મહેતા સાહેબ મને અમારા એક મઝિયારા મિત્રને ત્યાં અલપઝલપ મળ્યાનું લખે છે પણ મને એનું સ્મરણ નથી.

એક બાજુ પત્ર-વ્યવહારની આવી સ્થિતિ છે તો બીજી બાજુ મારા એક વેવાઇએ ત્રણ દાયકામાં મને કેવળ બે જ પત્રો લખ્યા છે. બાકીનો બધો વ્યવહાર ફોનથી કે પ્રત્યક્ષ સમાગમથી ! પત્ર-વ્યવહારની નિયમિતતા ને ચોકસાઈમાં આપણા મૂર્ધન્ય વિવેચક પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને કોઈ આંબી શકે નહીં. બસો-ત્રણસો પાનાનું તમો એમને પુસ્તક મોકલો તો એની સ્વીકાર પહોંચ ને સંક્ષિપ્ત માર્મિક પ્રતિભાવ તમને અઠવાડિયામાં મળ્યો જ સમજો. એક પોસ્ટકાર્ડમાં વચ્ચે તો લખે પણ આજૂબાજૂની કોરી જગ્યામાં પણ, નરસંડાના ખેડૂતો શેઢા પર આમળાનાં ઝાડ વાવે છે તેમ, એ કૈંક ને કૈંક વિચારબીજ રોપી દે. ડૉ. ધીરુભાઈ ઠાકરની 'પત્રમાધુરી' વાંચતાં મારા વિધાનની પુષ્ટિ ને પ્રતીતિ થશે. મારા પર એમના આવા ત્રણેક ડઝન પત્રો તો હશે, જ્યારે બીજે છેડે એવા જ પ્રથમ કક્ષાના એક કવિ જે તમારા અનેક પત્રોને અનુત્તરિત રાખે ને મળવાનું બને ત્યારે ક્ષમસ્વ કહી પતાવે. કેટલાક પત્ર-લેખકો છબરડા પણ વાળે. ગફલતને કારણે કે વિસ્મૃતિને કારણે અમદાવાદની ગુજરાત કૉલેજમાં 'વર્લ્ડ હિસ્ટરી'ના અમારા એક પ્રાધ્યાપક હતા પ્રો. કે. ટી. મરચન્ટ જે હું ભૂલતો ન હોઉં તો મુંબઈમાં ટેક્સટાઈલ કમિશ્નર થયેલા. ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કૉલેજના પ્રથમ વર્ષમાં ગણિતશાસ્ત્રને બદલે વર્લ્ડ હિસ્ટરી રાખેલ ને એમાં એ ફર્સ્ટ કલાસ આવેલા...એ પછી મરચન્ટ સાહેબને ભોગીભાઈ મિત્રો બની ગયા. મુંબઈથી એમણે સાંડેસરાને એક ત્રણ પાનાંનો પત્ર લખેલો જે સાવ કોરો હતો ! લખેલા પત્રને બદલે કોરા કાગળ કવરમાં બીડેલા ! બીજા એક ભાઈએ એક સાથે પિતાને અને પત્નીને પત્ર લખ્યા પણ પત્નીનો પત્ર પિતાના કવરમાં ને પિતાનો પ પત્નીના કવરમાં બીડી દીધો. કેવી રમૂજ થઈ હશે તેની તો કલ્પના જ કર રહી. ખાસ રમૂજ તો ઉદ્‌બોધનમાં થઈ હશે.

કવિવર રવીન્દ્રનાથનાં પત્ની તો શિક્ષિત હતાં. પત્રલેખનની કળા એમ સિદ્ધ હતી પણ ગમે તે કારણે પત્ર લખતાં નહોતાં. પણ મારી પત્નીને કાગ લખતાં ન આવડે. એકવાર એની (અમારી) ગ્રેજ્યુએટ દીકરીને ભાવવિભો બનીને કહે : 'બેટા ! હું ભણી હોત તો તને સુખદુ:ખના કાગળ લખતી હો ને તું પણ તારી વાત મને જણાવતી હોત. હવે તો આવતે ભવે !'

રાષ્ટ્રીય કવિ કાલિદાસના 'શાકુંતલ' નાટકના ત્રીજા અંકમાં, કામત્ત શકુંતલાની આંતરવેદનાની જાણ રાજા દુષ્યન્તને કરવા શકુંતલાની બે સખીઓ પ્રિયંવદા ને અનસૂયા કેટલાક ઉપાય વિચારતી હોય છે, ત્યાં ચકોર પ્રિયંવદ ઉપાય સૂચવે છે:-'હલા, મદનલેખોઽસ્ય ક્રિયતામ'...અલી ! એમને મા પ્રેમ-પત્ર તૈયાર કરીએ.' મદનલેખ એટલે પ્રેમપત્ર...પ્રિયંવદાએ શકુંતલાની સૂચના અનુસાર આ રીતે તૈયાર કર્યો:-

'હૃદય તારું નવજાણું, પણ મુજનાં તો તને તલસતીનાં
અંગોને, તાવે સ્મર, નિર્દય ! દિવસે પ્ર, રાતેય.'

'નિર્દય' સંબોધન રાજાને નહીં સ્મર (કામદેવ)ને છે. હવે આ પત્ર-લેખનની સામગ્રી શી ? પ્રિયંવદા સૂચવે છે:-

'આ પોપટના પેટ જેવા નાજુક કમલપત્ર ઉપર નખથી અક્ષર પાડી લખ.' અને કઈ પોસ્ટ-ઑફિસમાં એ કાગળ પોસ્ટ કરવાનો ? પ્રિયંવદા કહે છે: એ પત્ર ફૂલમાં છુપાવી રાખીને હું, દેવતાને ધરાવેલામાંથી શેષ એવા બહાને, તેમના હાથમાં પહોંચાડીશ.' બે હજાર વર્ષો પૂર્વેનો આ પ્રેમપત્ર વ્યવહાર અદ્યતન કાળથી મૌલિકતાની બાબતમાં, રજમાત્ર કમ નથી.

મારા પર એવા કેટલાક ગરબડિયા અક્ષરવાળા પત્રો આવે છે ને કદવર્ધકકાચ (Magnifying Glass)ની મદદથી પણ વાંચી શકતો નથી. બે-ત્રણ જણાની સહાય લેવી પડે છે છતાંયે કેટલુંક ગૂઢ રહે છે ! ગુજરાતના સારા અભિનેતા શ્રી ધનંજય ઠાકર ઉપર એક એવો પત્ર આવેલો જેનું સરનામું ખુદ પોસ્ટમેન પણ સરખી રીતે વાંચી શકેલો નહીં એટલે અન્યને પૂછે...આ ઘર નંબર ૪૫ ક્યાં આવ્યું ? 'ધ-નં-જ-ય' લખેલું હતું. તો ધનંજય નામ પણ લખેલું એવી રીતે કે 'ધ' નો 'ઘ' વંચાય 'નં' નો નંબર સમજાય ને 'જય' ૪૫ વંચાય ! ખરાબ ગરબડિયા અક્ષરને કારણે, સાહિત્યકાર શ્રી [illegible]ભાઈ પટેલ સને ૧૯૩૫માં મેટ્રીકમાં નાપાસ થયેલા.

પત્ર-વ્યવહારોમાં 'ભાભારામ' બનવાની જરૂર નથી. જાણીતા કે અજાણ્યાનો પણ પત્ર આવે તો સંક્ષેપમાં, મુદ્દાસર, સુવાચ્ય અક્ષરે, સમયસર પ્રત્યુત્તર આપવો જોઇએ.

એક સમય એવો પણ હતો કે જ્યારે જાગ્રત વાચકો, લોકપ્રિય નવલકથાકારોને એમનાં પાત્રોનો વિકાસ કઈ રીતે કરવો ને નવલકથાનો અન્ત કઈ રીતે લાવવો એની ચર્ચા પત્ર-વ્યવહાર દ્વારા કરતા. શ્રી કનૈયાલાલ મુનશી અને શ્રી રમણલાલ દેસાઈને આવા અનેક પત્રો મળતા. શ્રી ગોવર્ધનરામ અને દયારામ ગિદૂમલ વચ્ચે, 'સરસ્વતીચંદ્ર' મહાનવલના અન્તની [illegible] વિષે લાંબો પત્ર-વ્યવહાર અંગ્રેજી-ગુજરાતીમાં થયેલો છે. એમાં આ બે વિદ્વાન વિચારકોએ ખૂબ લંબાણપૂર્વક પોતપોતાનું દૃષ્ટિબિંદુ એકબીજાને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

હવે તો સ્વદેશ-પરદેશ પ્રવાસસાહિત્ય પણ પત્ર-વ્યવહારના [illegible] ઠીકઠીક વિસ્તર્યું છે.

❖❖❖

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

# દૃષ્ટિ

☐ સ્વ. પનાલાલ જગજીવનદાસ ગાંધી

દૃષ્ટિ દૃષ્ટામાંથી ઉદ્‌ભવે છે. દૃષ્ટિ એટલે કે ઉપયોગ એના ઉદ્‌ગમ સ્થાનમાં સીમિત રહે છે અર્થાત્ દૃષ્ટિ દૃષ્ટામાં જ સમાયેલ રહે છે. તે દૃષ્ટિ એવી ને એવી જ રહે છે, જેને 'દૃષ્ટિ એવી દૃષ્ટિ' કહેવાય છે. એ કેવળદર્શન અને કેવળજ્ઞાન છે.

એ દૃષ્ટિ દૃષ્ટામાંથી નીકળી પર એવા દૃશ્ય (જ્ઞેય) તરફ આકર્ષાય છે અને દૃશ્યના સંબંધમાં આવે છે ત્યારે તે મતિજ્ઞાન બને છે.

એ બહાર જતી દૃષ્ટિમાં જ્યારે મોહ એટલે કે મોહનીય કર્મની અસર ભળે છે ત્યારે તે મોહનીય બને છે. એ મોહથી રંજિત દૃષ્ટિ છે. દૃશ્ય પ્રતિની આવી મોહરંજિત દૃષ્ટિથી જે દર્શન થાય છે તે 'દૃષ્ટિ એવી સૃષ્ટિ' પ્રકારનું સ્વાર્થ, મતલબ, હેતુ, ઈરાદા, પ્રયોજન, લક્ષ, આશયપૂર્વકનું દર્શન હોય છે.

પ્રતિ સમયે આપણો છદ્મસ્થનો છદ્મસ્થાવસ્થામાં મતિજ્ઞાનનો ઉપયોગ (દૃષ્ટિ), મતિજ્ઞાનાવરણીય કર્મ, મતિજ્ઞાન, દર્શનાવરણીય કર્મ, મોહનીય કર્મ, મોહભાવ, મનોવર્ગણાના પુદ્‌ગલો અને સુખદુ:ખ વેદનનો બનેલો હોય છે. આવા આ મતિજ્ઞાનના ઉપયોગમાં જ ક્ષપકશ્રેણિ માંડીને કેવળજ્ઞાનનું પ્રગટીકરણ કરી શકાય છે. અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાનના ઉપયોગમાં શ્રેણિ માંડી શકાતી નથી.

દર્શનમાં મોહ હોવાના કારણે 'દૃષ્ટિ એવી સૃષ્ટિ' હોય છે. જેટલા જોનારા તેટલાં જોનારાનાં જગત. દૃષ્ટા સન્મુખ રહેલ ગાયના દૃશ્યને, ચિત્રકાર, બ્રાહ્મણ, ખેડૂત, ભરવાડ, કસાઈ પોતપોતાની દૃષ્ટિ પ્રમાણે જુએ છે. આ બધાંય પાછા ગાયને ગાય તરીકે જ જુએ છે તે 'સૃષ્ટિ એવી સૃષ્ટિ' પ્રકારનું દર્શન છે.

દુર્યોધનને સૃષ્ટિમાં કોઈ ગુણવાન સજ્જન નજરે ન જડ્યો અને યુધિષ્ઠિરને સૃષ્ટિમાં કોઈ દોષી દુર્જન ન દેખાયો, તે એમની દૃષ્ટિની ખૂબી બતાડે છે. કૃષ્ણ વાસુદેવને ગંધાતી કૂતરીની લાશમાં પણ એની શ્વેત દંત-પંક્તિની સુંદરતા જ દેખાઈ, તે એમની દૃષ્ટિનો મહિમા છે. કમળો થયો હોય તેને બધું પીળું જ દેખાય. જેવાં જીવના દૃષ્ટિનાં ચશ્મા એવું દૃશ્ય અને તેવું તે દૃષ્ટાનું દર્શન. એક કવિએ કહ્યું છે કે સૌંદર્ય બહારમાં ક્યાંય નથી. જે કાંઈ સૌંદર્ય છે તે દૃષ્ટાની દૃષ્ટિનું છે. એટલે જ તો દૃષ્ટિનાં ઝેર કહ્યાં છે અને નજર લાગવાની લોકવાયકા છે. જોયાનાં ઝેર છે. જોતાં જ નથી, જોવા જતાં જ નથી તો પોતે પોતામાં રહીએ છીએ અને જોણાંની જોનારા ઉપર અસર થતી નથી.

જ્યારે દૃષ્ટિ દૃષ્ટામાંથી ઉદ્‌ભવી દૃશ્ય તરફ ફેંકાય છે ત્યારે દૃષ્ટિની દૃશ્ય ઉપર અસર થાય છે અને દૃશ્યની પણ દૃષ્ટા ઉપર એની પોતાની દૃષ્ટિ પ્રમાણે અસર ઊભી થાય છે.

જોનારો જોણાંથી એટલે કે દૃષ્ટા દૃશ્યથી જુદો છે, અર્થાત્ પર છે. દૃષ્ટા પોતે સ્વ છે જ્યારે દૃશ્ય પર છે. સ્વમાંથી ઉદ્‌ભવેલી દૃષ્ટિ સ્વઘર એટલે કે પોતામાં (દૃષ્ટામાં) ન રહેતાં પારકે ઘરે જાય છે. વળી આ પારકે ઘરે જઇને પાછું તે પરને પોતાનું માને છે. જે પોતાનું નથી એવા પરને સ્વ માને છે તે દૃષ્ટાની મહા ભયંકર ભૂલ છે. 'પરમાં સ્વ બુદ્ધિ એ જ મિથ્યાત્વ છે.' એ દૃષ્ટિનો વિપર્યાસ છે. વળી તે પર વિનાશી છે, દુ:ખદાયી છે, છતાં તે પર વિનાશી દુ:ખદાયીમાં સ્વ બુદ્ધિ કરે છે, અવિનાશી બુદ્ધિ કરે છે, સુખબુદ્ધિ સ્થાપે છે.

હવે જે પર વિનાશી છે, જેમાં સુખદાયીતા નથી તે અવિનાશીતા અને સુખ આપી કેમ શકે ? પર, જડ, વિનાશીનો વિશ્વાસ કેમ કરાય ? આપણું હોય, આપણાં હોય, આપણા જેવા બરોબરીયા હોય, કાયમના સંબંધ હોય, (ચેતન અવિનાશી હોય) તો તેનો વિશ્વાસ કરાય. આ તો આપણો સંસારીઓનો સંસાર વ્યવહાર છે, જે અધ્યાત્મક્ષેત્રે વિસરાઈ જાય છે. આવા આ દૃષ્ટાની દૃષ્ટિના પર જડ તરફના પ્રવાહને અને એમાં રહેલાં વિનાશી કહેતાં મિથ્યાના મોહને જ શાસ્ત્રો અસત્‌દૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિ કહે છે. એ મિથ્યાદૃષ્ટિનું જે કાર્ય છે તે મિથ્યાદર્શન છે. દૃષ્ટા એવાં આત્માનું આ ભ્રાન્તદર્શન છે. એ એની વિપરીત માન્યતા છે. અથવા તો કહો કે દૃષ્ટિનો વિપર્યાસ છે. મળેલી દૃષ્ટિનો દુરુપયોગ છે.

પાછી વિચિત્રતા જુઓ તો એ છે કે આ દૃષ્ટિની માંગ (ઈચ્છા) તો બધે અવિનાશીતાની, પૂર્ણતાની અને આનંદ કહેતાં સુખની જ છે. બજારમાં માટલા કે કપડાની ખરીદી માટે જશે તો જોશે કે એ તૂટલું ફૂટલું કે ફાટેલું નથી. આખેઆખું ટકોરાબંધ, વાણેતાણે પૂરેપૂરું જોશે. વળી તે મજબુત અને ટકાઉ છે કે નહિ તેની ખાત્રી કરશે કે એની ગેરંટી (ખાત્રી) માંગશે કે પાણી ભરતાં જ માટલું ફૂટી તો જનાર નથી કે પહેલાં જ ધો'માં કપડું ફસકી જાય એવું તો નથી ને ! વળી રૂપે રંગે મનમોહક સુખ ઊપજે એવું હશે તો ખરીદશે. આ શું બતાડે છે ? દૃષ્ટિ જે દૃષ્ટાથી છૂટી પડી છે તે દૃષ્ટાનું જેવું સ્થિર, અવિનાશી, પૂર્ણ, આનંદમય મૌલિક સ્વરૂપ છે તે જ સર્વત્ર માંગે છે. આવી જે માનવની માંગ છે તે જ માનવનું સાચું મૌલિક સ્વરૂપ છે. એ તો દૃષ્ટાથી છૂટી પડેલી દૃષ્ટિ દૃષ્ટાને એટલે કે મૂળને શોધે છે. જેવી રીતે સાગરમાંથી વાદળાં દ્વારા ઉત્પન્ન થયેલી નદી પર્વત ઉપરથી વહેતી વહેતી પાછી પોતાના મૂળ તરફ જઇને મૂળમાં ભળીને, વ્યાપક શાશ્વત એવા સાગરમાં ભળીને પોતાની વ્યાપકતાને, શાશ્વતતાને પામે છે ત્યારે તે શાંત પડે છે.

આવી આ દૃષ્ટાથી છૂટી પડેલી દૃષ્ટિની માંગ તો સાચી જ છે. જે પોતે છે તેવું તે પોતાપણું માંગે છે. પણ માંગની પૂર્તિની શોધ ખોટે ઠેકાણે કરે છે. જેવી પેલી ડોશીમા કે જેની સોઈ ખોવાઈ ગઈ છે ઘરમાં પણ ઘરમાં અંધારું છે એટલે શોધે છે શેરીના દીવાના અજવાળે. કેમ કરીને જડે ? જે જ્યાં નથી, જે જેમાં નથી તે ત્યાંથી અને તેમાંથી કેમ કરીને મળે ? તલમાંથી તેલ મળે પણ રેતીમાંથી કેમ કરીને તેલ મળે ? જે જ્યાં ખોવાયું છે ત્યાં અંધારામાં જ્ઞાનનું અજવાળું, જ્ઞાનનો દીવો લઈ જાય તો જ્ઞાન પ્રકાશમાં એ ખોવાયેલી જણસ મળે. અનાદિની આત્માની આ અવળી ચાલ એટલે કે અવળી શોધ છે તેથી કથાના પાત્રને ડોશીમા જણાવ્યા છે. જે જ્યાં છે અને જ્યાંથી ખોવાયું છે તે ત્યાં શોધે તો મળે.

દૃષ્ટા એવાં આત્માનું સુખ પોતાના ઘરમાં એટલે કે આત્મામાં ખોવાઈ ગયું છે. એને બહારમાં એટલે કે પરમાં પારકે ઘરે શોધે તો કેમ કરીને જડે ? જડે નહિ તેનું દુ:ખ અને વળી ઉપરથી શોધવાનો થાક, એ ઉભય આત્માને પીડા આપે. આત્મા તો સત્ કહેતાં અવિનાશી સાથે ને સાથે જ છે. ચિદ્ કહેતાં જ્ઞાન પણ છે જ ! ખોવાઈ ગયો છે તે આનંદ છે જે સચ્ચિદાનંદ સ્વરૂપી આત્માનું જ્ઞાન સર્વત્ર શોધ્યા કરે છે.

એટલે જ તો જ્ઞાનીઓ ગાઈ વગાડીને કહે છે કે...

'જોનારાને જો ! જાણનારને જાણ !' 'તું તને મળ ! તારું સાચું સરનામું તારા પોતામાં છે !'

તો હવે જ્ઞાનનું અજવાળું થયું હોય તો એ તારી બહાર નીકળેલી દૃષ્ટિને, જ્ઞાનપ્રદીપના અજવાળાની સહાયથી, તારામાં-દૃષ્ટામાં જ પાછી વાળ. બહારમાંથી અંદર તરફ વળ ! અંતરમુખી થા !

એમ જલદી જલદી ન થતું હોય તો એ તારી બહાર નીકળેલી દૃષ્ટિનું જોડાણ વિનાશી સાથેથી કાપી નાંખી અવિનાશી એવા વીતરાગ જિનેશ્વર દેવ તત્ત્વ સાથે અને એ અવિનાશીના ચાહક અને વાહક નિર્ગ્રંથ ગુરુ તત્ત્વ સાથે સંધાણ સાધ. 'વિનાશી સાથેનું જોડાણ વિનાશી બનાવે છે. જ્યારે અવિનાશી સાથેનું જોડાણ અવિનાશી બનાવે છે.' આ વ્યવહાર છે. એ 'સૃષ્ટિ એવી દૃષ્ટિ'નો ન્યાય છે. જેવું જોશો તેવાં થશો. જેવું ઇચ્છશો તેવું પામશો. જેવો ઉપયોગ તેવો આત્મા. જેનો ઉપયોગ તેનો આત્મા. સંગનો રંગ લાગે અને જેવી સોબત તેવી અસર એ આપણાં વ્યવહાર વાક્યો પણ આપણને સારો અને સાચો વ્યવહાર ચીંધનારાં છે. 'ધર્મની શરૂઆત વ્યવહારથી છે અને પૂર્ણતા નિશ્ચયમાં છે.' વ્યવહારથી દૃષ્ટિનું શુદ્ધિકરણ કરવાનું છે. દૃષ્ટિના શુદ્ધિકરણને જ સમ્યક્ત્વ કહેલ છે, જે થયેથી દૃષ્ટિમાંથી વિનાશી પદાર્થોમાંના સારાપણાનો મોહ નીકળી જાય છે અને દૃષ્ટિ સત્ અવિનાશી સ્વરૂપલક્ષી બને છે.

એ વ્યવહાર જ નિશ્ચયનો માર્ગ ચીંધશે અને અંતરતમથી ઉદ્ગાર નીકળશે કે...જે ભગવાન 'તું' છે તે જ 'હું' છું. તારું તારામાં છે અને મારું મારામાં છે. તારું સ્વરૂપ પ્રગટ છે, સ્વસંવેદ્ય-અનુભૂત છે. મારું મારામાં અપ્રગટ (પ્રચ્છન્ન) છે. તારું કાંઈ મારું થવાનું નથી. મારું તો મારે જ મારામાંથી પ્રગટ કરવાનું છે. અંદરમાંથી બહાર લાવવાનું છે. અર્થાત્ વેદન-અનુભવનમાં લાવવાનું છે. પ્રાપ્તની જ પ્રાપ્તિ કરવાની છે. એ તો એના જેવું છે કે કાખમાં છોકરું છે કે પછી હાથમાં કંગન છે અને ગામ આખામાં શોધે છે. 'તત્ ત્વમ્ અસિ'માંથી 'અહં બ્રહ્માસ્મિ'માં જવાનું છે. 'દાસોડહંમાંથી સોડહમ્'માં પ્રવેશવાનું છે.

આપણે જ આપણા ઉપયોગને, આપણી દૃષ્ટિને આપણા ભણી દૃષ્ટામાં પાછી વાળવાની છે. દૃષ્ટાએ પોતે જ દૃષ્ટાને જોવાનો છે. મનથી જ મનને પકડવાનું છે. સ્વયંના ઉપયોગ ઉપર જ ઉપયોગ મૂકવાનો છે. પર્યાય દૃષ્ટિને દ્રવ્યદૃષ્ટિ બનાવવાની છે. બહાર જે બને છે તે તો બનતું જ રહેવાનું છે. 'બનનાર છે તે ફરનાર નથી.' ગમે તેટલી મથામણ કરીએ તો પણ જે ઘટનાર છે તે ઘટના ઘટીને જ રહે છે. એમાં મીનમેખ ફેર થતો નથી. જગતને નથી સુધારવાનું પણ જાતને સુધારવાની છે. સૃષ્ટિને નથી સુધારવાની પણ દૃષ્ટિ જે મોહથી મલિન થઈ છે તેને સ્વચ્છ બનાવવાની છે અર્થાત્ સુધારવાની છે. જે ફરવાનું છે, જે ફેરવવાનું છે તે આપણે જ આપણામાં ફેરવવાનું છે. આપણે જ આપણું સત્ત્વ ફેરવીને બાહ્ય પર, જડ, વિનાશી જે આપણા નથી તેને આપણે ખંખેરી નાંખી હળવા થઈ જઈને આપણે આપણામાં શમાઈ જવાનું છે. આપે આપ બની રહેવાનું છે. સમજીને શમ થઈ શમાઈ જઈ સ્વધામમાં સ્થિત, સ્થિર, પૂર્ણ, અવિનાશી, આનંદસ્વરૂપ, સચ્ચિદાનંદ બની જવાનું છે. એક જ્ઞાનીએ કહ્યું છે કે આપણે 'પરમાં પરાધીન છીએ સ્વમાં સ્વાધીન છીએ.' એ પોતાના મૌલિક સ્વરૂપના પ્રાગટ્યથી દૃશ્ય સૃષ્ટિ સમસ્તએ જાતે તારામાં શમાઈ જવું પડશે. વીતરાગ, નિર્વિકલ્પ પૂર્ણ એવાં જ્ઞાન એટલે કેવળજ્ઞાનમાં સચરાચર સૃષ્ટિ સમસ્ત ઝળહળી ઊઠશે. પછી જોવા અને જાણવા જવાની કે ઉપયોગ મૂકવાની મજૂરી નહિ કરવી પડે. પરંતુ માલિક શેઠ પરમાત્માને એના જ્ઞાનમાં સચરાચર સમસ્ત આપોઆપ જણાશે, દેખાશે એટલે 'દૃષ્ટિ એવી દૃષ્ટિ' બની રહેશે, જેને પછી બહાર નીકળવાપણું રહેશે જ નહિ અને સૃષ્ટિ સમસ્ત એને માટે 'સૃષ્ટિ એવી સૃષ્ટિ' લોકસ્થિતિ બની રહેશે.

સૃષ્ટિ એવી દૃષ્ટિ એ વ્યવહાર છે. જ્યારે દૃષ્ટિ એવી સૃષ્ટિ એ નિશ્ચય છે. માટે દૃષ્ટિને સુધારી સમ્યગ્ બનાવવા ઉપર ખૂબ ભાર અપાય છે કે જેના પરિણામે દૃષ્ટિ એવી દૃષ્ટિના પરમાર્થને પામી શકાય. દૃષ્ટિપાત સમ્યગ્ બને તો તે સમ્યગ્દૃષ્ટિ સત્, પૂર્ણ, અવિનાશી દૃષ્ટિને, દિવ્યદૃષ્ટિને પ્રાપ્ત કરે.

'ઉત્પન્ન છે તે પર્યાય છે. સંપન્ન (મૂડી) છે તે ગુણ છે. નિષ્પન્ન છે તે દ્રવ્ય છે.' જે ઉત્પન્ન થઈને વ્યય પામનાર છે એવાં આપણા પોતાના પર્યાયના પણ આપણે, આપણા જ્ઞાન ગુણ કે જે આપણી સંપત્તિથી સંપન્ન છીએ, તેના વડે દૃષ્ટા બનીને જે આપણામાં નિષ્પન્ન છે, એવા ત્રિકાળી ધ્રુવ તત્ત્વ આત્મદ્રવ્યમાં અર્થાત્ દૃષ્ટામાં શમાઈ જઈએ તો જેવું શુદ્ધ આત્મદ્રવ્ય છે તેવો જ શુદ્ધ નિર્મળ પર્યાય બની રહેશે. સહુ કોઈ શુદ્ધ આત્મદ્રવ્ય જેવાં શુદ્ધ પર્યાયને પામો એવી અભ્યર્થના !

(સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ જવેરી)

---

# પાપે રતિ ના કરો

☐ ડૉ. બહેચરભાઈ પટેલ

ધર્મશાસ્ત્ર કહે છે કે 'પાપે રતિમ્ મા કુરુ'. એટલે કે પાપ પ્રત્યે પ્રેમ ન કર. પાપનો સંગ છોડ. પ્રેમ કે સંગ કરવો તો પુણ્યનો કરવો. પાપ સાથે પ્રેમ એ વિનાશ સમાન છે.

મહાભારતનો સાર આપતાં કહ્યું છે કે 'પરોપકાર પુણ્ય માટે છે. પરપીડન એ પાપ છે.' પરોપકાર કરવો જોઇએ. નરસિંહ મહેતા કહે છે: 'વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે.' પરાઈ પીડ જાણવી અને તે દૂર કરવી એ પુણ્ય છે. એવું પુણ્યનું કાર્ય સદાય કરવું જોઇએ. જ્યારે પરપીડન એ પાપ છે, માટે પરપીડનનો ત્યાગ કરવો જોઇએ.

મહાકવિ નાનાલાલ રસ અને પુણ્યની વાત કરતાં કહે છે કે રસ કરતાં પુણ્ય ચડિયાતું છે. તેઓ ચેતવણી આપે છે:

'ઓ રસતરસ્યાં બાળ, રસની રીત ન ભૂલશો;
પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પુણ્યથી.'

રસના સાગરને જે પાળ કે મર્યાદા છે તે પુણ્યથી. રસ ભોગવતાં પુણ્યની લક્ષ્મણરેખા કદી ન ઓળંગવી જોઇએ. માણસ રસઘેલો બને છે ત્યારે તે નીતિ-નિયમ ચૂકી જાય છે ને પાપનો ભાગીદાર બને છે. નીતિનિયમ પાળવામાં પુણ્ય છે, એના ઉલ્લંઘનમાં પાપ છે. નીતિનિયમ અને દેશના કાયદાના પરિપાલનમાં જીવનનો ઉદ્ધાર છે. નિયમ-પુણ્ય પાળવામાં સુખ છે, તોડવામાં દુ:ખ છે.

નાનાલાલ કહે છે તેમ, પાપ અને પુણ્યના કણો જ્યાં જ્યાં વેરાય છે ત્યાં ઊગે છે. એ બીજમાંથી વૃક્ષ થાય છે. વિષવૃક્ષ વિનાશકારી છે,અમૃતવેલ સંજીવિની છે. પાપ માણસને મારે છે, પુણ્ય માણસને તારે છે. એટલે જ તો, સમાજમાં કહેવાય છે કે પેલા ભવના કે પૂર્વજોના પુણ્યે કરીને માણસની ચડતી થાય છે, પાપે કરીને પડતી થાય છે. પુણ્યથી માણસ અધ:પતનથી બચી જાય છે. પાપથી માણસનો શતમુખ વિનિપાત થાય છે. પડતા માણસને બચાવે છે તેથી પુણ્ય.

કેટલાક માને છે કે પાપ અને પુણ્ય જેવું કંઈ જ નથી. કોઈપણ રીતે, યેનકેન પ્રકારેણ, શામ-દામ-દંડ-ભેદથી સિદ્ધિ મેળવવી જોઇએ. જે ફાવ્યો, તે ડાહ્યો. હવે આ કલિયુગમાં પાપ-પુણ્ય જેવું કંઈ રહ્યું જ નથી. નીતિ-નિયમ જેવું કશું નથી. અનીતિ, ગેરરીતિ, ગેરકાયદે પ્રવૃત્તિ અને ભ્રષ્ટાચાર ચાલે છે, એમાં ધરમની પૂંછડી થઈને બેસી રહીએ તો માર ખાઈએ. આવું

માનનારા પાપકર્મની લૂંટ કરે છે. પાપ આખરે તો પીંપળે જઈને પોકારે છે. પાપી પકડાય છે અને સજાને પાત્ર થાય છે. જેવું કરે, તેવું પામે. બાવળિયો વાવનાર કદી કેરી મેળવતો નથી. જેવું વાવે, તેવું લણે.

બધા ધર્મો માને છે કે માણસને તેના કર્મનું ફળ મળે છે. સારાં કર્મ-પુણ્યનું ફળ શુભ, પ્રગતિ, સંપત્તિ વગેરે છે. ગીતા કહે છે કે માણસ શુભ-સત્-કર્મોથી પુણ્ય કમાય છે ને સ્વર્ગે જાય છે. પણ પુણ્ય ક્ષીણ થતાં પાછો પૃથ્વી પર આવે છે. જે પુણ્ય કરે છે તેને સ્વર્ગ મળે છે, જે પાપ કરે છે તેને નરક મળે છે. પુણ્ય-શુભ કર્મ, પાપ-અશુભ કર્મ એ બંનેથી રહિત થાય તો મોક્ષ મળે છે. પણ એ ઘણી ઊંચી દશા છે. આપણે કહીએ છીએ કે પુણ્યથી પ્રગતિ થાય છે, પાપથી અધોગતિ થાય છે. જેણે પાપ કરતાં પાછું નથી જોયું તેને કોણ બચાવે ?

ભારતીય ધર્મશાસ્ત્રો પ્રમાણે અસત્ય, હિંસા, ચોરી, સંઘરાખોરી, સ્વચ્છંદ, કામાચાર વગેરે મોટાં પાપ છે. સમાજમાં પણ હત્યા કરવી, જૂઠું બોલવું, ચોરી કરવી ને છિનાળવું કરવું એ મુખ્ય પાપ કહેવાયાં છે. કામ, ક્રોધ અને લોભને કારણે માણસ દુષ્ટ કર્મો કરી બેસે છે. તેથી ગીતા કહે છે તેમ એ ત્રણેય નરકનાં દ્વાર છે. પાપનું મૂળ કામ-વિષયવાસના છે. એ સંતોષાય છે તો બીજો અવગુણ-દોષ લોભ જાગે છે ને લોભે લક્ષણ જાય ને માણસ નીતિ-રીતિ છોડી વસ્તુ, ધન, સંપત્તિ ને વ્યક્તિને મેળવવા પ્રયત્ન કરે, યુદ્ધ કરે, સંઘર્ષ કરે, જીતે, હારે, મરે. જો કામ ન સંતોષાય તો ક્રોધ જન્મે. ક્રોધ માણસને પોતાને પણ બાળીને ભસ્મીભૂત કરી દે. ક્રોધી માણસ અંધ બની જાય ને આડેધડ પાપ ભેગાં કરે. ક્રોધ પાપનું મૂળ છે. ગીતાએ દર્શાવ્યું છે તેમ, વિષયોનું ધ્યાન કરવાથી તેમાં આસક્તિ જાગે, આસક્તિથી કામ જન્મે, કામથી ક્રોધ જન્મે, ક્રોધથી સંમોહ જાગે, સંમોહથી સ્મૃતિ નાશ પામે. સ્મૃતિ નાશ પામતાં બુદ્ધિ નાશ પામે અને બુદ્ધિનાશ થતાં માણસનો વિનાશ થાય છે. પાપનું ફળ વિનાશ છે.

માણસે પાપ કરતાં સો વાર વિચારવું જોઇએ. આપણાથી કોઈ પાપ ન થઈ જાય તેનું સતત ધ્યાન રાખવું જોઇએ. તૃષ્ણા-વાસનાનો છેદ કરવો જોઇએ, જેથી ખોટું કર્મ ન થાય. બીજાને ક્ષમા આપવી જોઇએ, જેથી હિંસા ન થાય. નાની હિંસા એ પાપ છે, તો યુદ્ધના મહા સંહારના પાપનું તો કહેવું જ શું ? મહાભારતમાં વિજય મેળવ્યા પછી પાંડવો આખરે તો સ્વર્ગારોહણમાં પોતાના પાપને કે ભૂલને કારણે એક પછી એક મૃત્યુ પામે છે. માટે જ પાપ કરતાં પાછા વળો.

મોટે ભાગે માણસ બે પ્રકારની ભૂખને સંતોષવા જતાં પાપમાં પડે છે: (૧) પેટની ભૂખ અને (૨) કામ-વિષય-વાસના (Sex) ની ભૂખ. પેટનો ખાડો પૂરવા માણસ કયું પાપ નથી કરતો ? 'બુભુક્ષિત: કિમ્ ન કરોતિ પાપમ્ ?' ભૂખ્યો માણસ કયું પાપ નથી કરતો ? ભૂખ્યો માણસ પાપી પેટને વાસ્તે મહેનતની પવિત્ર રોટી કમાવાને બદલે હરામખોર, ચોર, લૂંટારો, સંઘરાખોર, નફાખોર અને ભ્રષ્ટાચારી બને છે. પાપી પેટને માટે વાલિયો લૂંટારો ચોરી અને ડાકુગીરીનું પાપ કરતો હતો. નારદજીએ એને સમજાવ્યું કે તું જેમને માટે પાપ કરે છે, તે તારા પાપનાં ભાગીદાર બનવા નહિ આવે, ત્યારે તેની આંખો ઉઘડી, અને તે ઋષિ વાલ્મીકિ બન્યો. એવી જ રીતે માણસ પેટનો ખાડો પૂરવા ફળફળાદિ, અનાજ કે વનસ્પતિને બદલે પશુ, પંખી, પ્રાણીને મારીને, માંસાહાર કરે છે તે પણ પાપ છે. જીવહિંસા મોટું પાપ છે. યુદ્ધમાં પણ, માંસાહારમાં પણ મહાહિંસા છે, મહામૃત્યુ છે. દયા એ ધર્મનું મૂળ છે.

માણસ જાતીય વૃત્તિને સંતોષવા જતાં પણ પાપ-પુણ્યનો વિવેક ભૂલી જાય છે અને પાપ કરી બેસે છે. કામી આંધળો બની જાય છે અને ન કરવાનું કરી બેસે છે. અ-ધર્મ યુક્ત 'સેક્સ' એ પાપ છે. પ્રેમ+ધર્મ =લગ્ન, પણ કામ+અધર્મ=વ્યભિચાર. લગ્ન એટલે પ્રભુતામાં પગલાં માંડવાં, અને વ્યભિચાર એટલે પશુતાના પાપમાં ગળાબૂડ થવું તે. કામ જાત, નાત, સંબંધ, વિવેક, ધર્મ ચૂકાવી દે છે. અઘટિત કામભોગ, બળાત્કાર, આડા સંબંધો ને વ્યભિચારનો અંજામ બૂરો આવે છે. જર, જમીન ને જોરુ એ ત્રણ કજિયાનાં છોરુ છે, તેમ પાપનાં પણ ભેરુ છે.

કહે છે કે માણસ સ્વભાવે જ પતનશીલ છે, તેનામાં 'આદિમ પાપ' રહેલું છે. આદમ અને ઈવે ના કરવાનું કર્યું, અને ત્યારથી પાપની શરૂઆત થઈ ગઈ. ગ્રીક પુરાવૃત્ત પ્રમાણે દેવ બધાને મોટે ભાગે અસતના કુંભનું જ પાણી પાય છે, તેથી અસદ્‌વૃત્તિ ને અસત્પ્રવૃત્તિ જ કર્યા કરે છે. માનવથી ચડિયાતું છે દેવત્વ, પણ માણસ મૂળભૂત રીતે પ્રાણી-પશુ છે, તેથી સહેલાઈથી પશુતામાં સરી પડે છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર લક્ષણો પ્રાણી માત્રનાં છે, માણસના પણ. આથી માણસ એ ચારને માટે પાપ કર્મ કરે છે. આહાર માટે તે જીવહિંસા ને ચોરી કરે છે. નિદ્રાને ખાતર તે કુંભકર્ણ બની પ્રમાદવશ પાપ કરે છે. ભયને કારણે તે આક્રમક બની હિંસા કરે છે. મૈથુનને કારણે તે વિવેકભાન ભૂલી વ્યભિચાર અને બળાત્કારનાં પાપ કરે છે. શાસ્ત્ર કહે છે કે માણસની માણસાઈ તેના ધર્મપાલનમાં છે. ધર્મ એ માણસનો અધિક ગુણ છે. ધર્મહીન માણસ પશુ સમાન છે. ધર્મપાલન એ પુણ્ય છે, અધર્મ પ્રવૃત્તિ એ પાપ છે. જે ધર્મનું પાલન કરે છે, તેને ધર્મ પાપથી બચાવે છે. ધર્મ એ પુણ્યની ખેતી છે. કવિએ કહ્યું છે કે 'જીવા પટેલિયા રે ! તું સત્‌ની ખેતી કરજે.' વિવેકની વાડ વડે સત્ય-પુણ્યનું જતન કરવાનું છે. જે ધર્મ-વિવેકને વીસરીને પાપનાં પોટલાં બાંધે છે, તે પાપના ભારથી જ મરી જાય છે. શાણા સમાજમાં પાપીઓને કોઈ સ્થાન નથી. માણસ પાપને ચાહે તો તેનું વ્યક્તિગત જીવન જ નહિ, તેનું સમાજજીવન પણ ખતમ થઈ જાય.

તુલસીદાસે કહ્યું છે: 'દયા ધરમ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન.' દયા એ ધર્મનું મૂળ છે, અભિમાન એ પાપનું મૂલ છે. માણસ અભિમાન, ઘમંડ, ગર્વ અને અતિ માનના ખ્યાલમાં ઘણાં દુષ્ટ કર્મો કરે છે, રાવણે અભિમાનને કારણે સીતાહરણનું પાપ કર્યું, અને વિનાશ નોતર્યો. હિટલર, નેપોલિયન, ચંગીઝખાન જેવા સરમુખત્યારે અભિમાનમાં ને અભિમાનમાં વિશ્વમાં મોટા પાયે સંહાર કરી પતન અને મૃત્યુ પામ્યા. મહાસત્તાઓ પોતાના સ્વાર્થ અને અભિમાનને કારણે સંહાર કરે છે. સમ્રાટ અશોકે કલિંગ પર વિજય મેળવ્યો, પણ તેની હિંસાની ખુંવારી જોઈ, ત્યારે તેણે અહિંસાનો માર્ગ અપનાવ્યો. પાપમાંથી ઉગરવાનો, પાપીમાંથી પુણ્યશાળી બનવાનો એક જ માર્ગ છે: પશ્ચાત્તાપ, પસ્તાવો.

કવિ કલાપીએ કહ્યું છે તેમ,

'હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.'

માણસ ભૂલનો એકરાર કરી પ્રાયશ્ચિત્ત કરે, તો પવિત્ર બને. પાપીના પુણ્યનો ઉદય પશ્ચાત્તાપથી થાય છે. પશ્ચાત્તાપથી વાલિયો લૂંટારો વાલ્મીકિ ઋષિ બન્યો, રાજા અશોક મહાન ધર્મસમ્રાટ બન્યો, 'જગનો ચોરટો' એવો જેસલ 'પીર' બન્યો. સતી તોરલે જેસલના જીવન વહાણને ડૂબતું બચાવવા કહ્યું, 'પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે.' અને જેસલ લૂંટારાએ પણ એક પછી એક પાપ પ્રગટ કરી, પશ્ચાત્તાપ કર્યો, તો તે પવિત્ર પીર બની ગયો. પાપથી મુક્ત થવાનો આ માર્ગ છે. પાપને પ્રેમ ના કરો, પાપને પંથેથી પાછી દોડી આવો, અને પુણ્યને માર્ગે વળો. પ્રેમ તો પુણ્યને થાય, પાપને તો ફગાવી દેવું જ રહ્યું.

# મંગલ-ભારતી-ગોલાગામડી

## (આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા-૨૦૦૩ દરમિયાન મંગલ ભારતી-ગોલાગામડીને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતા આનંદ થાય છે કે આશરે રૂપિયા સવા પંદર લાખ જેટલી માતબર રકમ નોંધાઈ છે. એ માટે દાતાઓના અમે ઋણી છીએ. દાતાઓ અને રકમની યાદી નીચે મુજબ છે.

૧,૦૦,૦૦૦ કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે: શ્રી કાંતિલાલ નારણદાસ તળાજાવાળા
૧,૦૦,૦૦૦ મે. પી. ડી. કોઠારી એન્ડ કું. હસ્તે: સર્વશ્રી પીયૂષભાઈ અને ચંદ્રાબહેન કોઠારી
૧,૦૦,૦૦૦ શ્રી મધુરીબહેન મનસુખલાલ વસા
૯૦,૦૦૦ શ્રી કાકુભાઈ છગનલાલ મહેતા
૮૨,૦૦૦ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા તથા શ્રી પુષ્પાબહેન બિપિનચંદ્ર કાપડિયા
૫૧,૦૦૦ મે. કોનવેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫,૦૦૦ શ્રી સોનલ શાહ હસ્તે: શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ
૨૧,૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ-HUF
૨૧,૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૧૮,૦૦૦ મે. સની જેમ્સ
૧૫,૦૦૦ શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ
૧૫,૦૦૦ ડૉ. સી. કે. પરીખ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૧૨,૦૦૦ ડૉ. રજ્જૂભાઈ એન. શાહ પરિવાર તરફથી હસ્તે: વર્ષાબહેન રજ્જૂભાઈ શાહ
૧૨,૦૦૦ શ્રી પ્રમોદભાઈ સોમચંદ શાહ અને પરિવાર
૧૨,૦૦૦ શ્રીમતી રમાબહેન કે. દેસાઈ તરફથી ચોકસી પરિવારના સ્મરણાર્થે હસ્તે: વર્ષાબહેન રજ્જૂભાઈ શાહ
૧૨,૦૦૦ શ્રી વિક્રમ શાહ તથા હર્ષા વિક્રમ શાહ
૧૧,૧૧૧ સ્વ. રાકેશ કે. ગડાના સ્મરણાર્થે હસ્તે: ખુશાલચંદ સોજપાર ગડા
૧૧,૦૦૦ શ્રીમતી શર્મી અને શ્રી પ્રવીણભાઈ ભણશાલી (ગિરનાર ચા)
૧૧,૦૦૦ સ્વ. વિભા પુંડરીક વોરાના આત્મ શ્રેયાર્થે હસ્તે: દિનાબહેન અનુભાઈ
૧૧,૦૦૦ શ્રીમતી આશિતા એન્ડ કાંતિલાલ કેશવલાલ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦,૦૦૦ શ્રી લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ ફંડ હસ્તે: પ્રતાપભાઈ ભોગીલાલ
૯,૦૦૦ ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રો. તારાબહેન ર. શાહ
૯,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૯,૦૦૦ શ્રી ચંદ્રકાન્તભાઈ દીપચંદ શાહ
૯,૦૦૦ શ્રીમતી નીરુબહેન સુબોધભાઈ શાહ
૯,૦૦૦ ડૉ. ધનવંતરાય તિલકરાય શાહ
૯,૦૦૦ શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
૯,૦૦૦ શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
૯,૦૦૦ શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
૯,૦૦૦ શ્રી યશોમતીબહેન આર. શાહ
૯,૦૦૦ શ્રી દિલીપભાઈ એમ. શાહ
૯,૦૦૦ શ્રી રમાબહેન એન. કાપડિયા ચેરિટેબલ ટ્રસ્ટ
૯,૦૦૦ શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ
૯,૦૦૦ શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ એન્ડ સન્સ ચેરિટેબલ ટ્રસ્ટ
૯,૦૦૦ શ્રી હર્ષરંજન ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે: હર્ષદભાઈ દીપચંદ શાહ
૯,૦૦૦ શ્રી પંકજભાઈ વીસરીયા અને પરિવાર
૯,૦૦૦ શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૯,૦૦૦ શ્રી શશિકાંત બી. પત્રાવાળા
૯,૦૦૦ મે. હેપી હોમ કન્સ્ટ્રક્શન કું. હસ્તે: ચંદ્રકાન્તભાઈ દીપચંદ શાહ
૯,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૬,૨૫૧ શ્રી અનિલાબહેન મહેતા અને શશિકાંતભાઈ મહેતા
૬,૦૦૦ શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા ફેમીલી ચેરિટેબલ ટ્રસ્ટ
૬,૦૦૦ શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
૬,૦૦૦ શ્રી ભાનુ ચેરિટી ટ્રસ્ટ હસ્તે: પ્રવીણભાઈ શાહ
૬,૦૦૦ શ્રી અરુણાબહેન અજિતભાઈ ચોકસી
૬,૦૦૦ શ્રી રમેશચંદ્ર પોપટલાલ શાહ
૬,૦૦૦ શ્રી વકીલ ઉમેદચંદ બેચરદાસ ટ્રસ્ટ
૬,૦૦૦ શ્રી હસમુખલાલ જી. શાહ
૬,૦૦૦ શ્રી વનીતા શાહ
૬,૦૦૦ શ્રી પ્રકાશ ડી. શાહ
૬,૦૦૦ શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
૬,૦૦૦ શ્રી મહેન્દ્ર બી. વોરા
૬,૦૦૦ શ્રી અજિતભાઈ આર. ચોકસી
૬,૦૦૦ શ્રી ઝેણીબાઈ ટ્રસ્ટ-પાલનપુર
૬,૦૦૦ મે. સરફેસ ઈનોવેટર્સ હસ્તે: આનેલ અને અનિશ
૬,૦૦૦ શ્રી રતીલાલ ઓધવજી ગોહિલ ચેરિટેબલ ટ્રસ્ટ
૬,૦૦૦ માતુશ્રી રતનબેન લખમશી ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે: મૂલચંદભાઈ
૬,૦૦૦ શ્રી મણિલાલ કાનજી પોલડીઆ અને કુસુમબહેન કાનજી પોલડીઆ
૬,૦૦૦ શ્રી મહેતા બહેનો તરફથી
૬,૦૦૦ શ્રી રૂપા એસ. મહેતા
૬,૦૦૦ શ્રી કીર્તિ મોહનલાલ શાહ અને પૂર્વી કીર્તિ શાહ
૬,૦૦૦ શ્રી દિનેશ બાલચંદ્ર સુંદરજી દોશી ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી નગીનદાસ પદમશી શેઠ
૫,૦૦૦ શ્રી ઈશ્વર વિજય ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૫,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૫,૦૦૦ એક બહેન તરફથી
૫,૦૦૦ શ્રી પુષ્પાબહેન ભણશાલી
૫,૦૦૦ શ્રી વસંતબહેન રસિકલાલ શાહ
૫,૦૦૦ શ્રી કાન્તિ કરમશી વીકમશી
૫,૦૦૦ એક બહેન તરફથી
૩,૦૦૦ શ્રી નટુભાઈ પટેલ
૩,૦૦૦ શ્રી મીનાબહેન શાહ
૩,૦૦૦ શ્રી વસુબહેન ભણશાલી
૩,૦૦૦ શ્રી કલાવતીબહેન શાંતિલાલ મહેતા
૩,૦૦૦ મે. ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ
૩,૦૦૦ શ્રી વિનોદભાઈ જે. મહેતા અને રમાબેન વી. મહેતા
૩,૦૦૦ શ્રી ઉષાબહેન શાહ
૩,૦૦૦ શ્રી હર્ષાબહેન ભરતભાઈ ડગલી
૩,૦૦૦ શ્રી તારાચંદ મોહનલાલ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે: પુષ્પાબહેન પરીખ
૩,૦૦૦ શ્રી લીનાબહેન વી. શાહ-અમદાવાદ
૩,૦૦૦ ડૉ. ધીરેન્દ્રકુમાર વી. શાહ
૩,૦૦૦ શ્રી બાબુભાઈ ચંપકલાલ તોલાટ
૩,૦૦૦ શ્રી નિર્મળાબહેન બાબુભાઈ તોલાટ
૩,૦૦૦ શ્રી આર. જે. શાહ
૩,૦૦૦ સ્વ. નગીનદાસ ન્યાલચંદ દોશીના સ્મરણાર્થે હસ્તે: ગં. સ્વ. લીલાવતી-બહેન નગીનદાસ દોશી અને શ્રીમતી રાજૂલ અશ્વિન દોશી
૩,૦૦૦ શ્રી વિનુભાઈ ભગત
૩,૦૦૦ શ્રી જયવંતીબહેન જોરમલભાઈ મહેતા
૩,૦૦૦ શ્રી રાજેશ એફ. મહેતા
૩,૦૦૦ શ્રી મીના કિરણભાઈ ગાંધી
૩,૦૦૦ શ્રી સરોજિની શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ ડૉ. કાન્તિલાલ કલ્યાણજી સાવલા
૩,૦૦૦ શ્રી સરલાબહેન કાંતિલાલ સાવલા
૩,૦૦૦ શ્રી મણિબહેન વીજપાર નીસર
૩,૦૦૦ શ્રી ભારતી ભૂપેન્દ્ર શાહ

| | |
|---|---|
| ૩,૦૦૦ | શ્રી મધુસૂદન એચ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી નિરંજન હરગોવિંદદાસ ભણશાલી |
| ૩,૦૦૦ | શ્રી સી. એન. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી ચંદ્રકાંત યુ. ખંડેરીયા |
| ૩,૦૦૦ | શ્રી નિરંજન આર. ઘીલા |
| ૩,૦૦૦ | શ્રી રમણિકલાલ ઉમેદચંદ |
| ૩,૦૦૦ | શ્રી સોનલ તથા ચારૂ રમણીકલાલ |
| ૩,૦૦૦ | શ્રી જયંતીલાલ ચુનીલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી ચંપાબહેન જયંતીલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી મહેશ મહેતા |
| ૩,૦૦૦ | મે. એચ. ડી. ઈન્ડસ્ટ્રીઝ |
| ૩,૦૦૦ | શ્રી રાજેન્દ્ર અમરતલાલ-HUF |
| ૩,૦૦૦ | શ્રી મુક્તાબહેન લલ્લુભાઈ શાહ |
| ૩,૦૦૦ | મે. રીલાએબલ ઝેરોક્ષ કંપની |
| ૩,૦૦૦ | શ્રી મનહરલાલ જગમોહનલાલ શેઠ |
| ૩,૦૦૦ | શ્રી કિરણભાઈ એચ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી પ્રતિભા મોહનભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી રસીલાબહેન મહેન્દ્રભાઈ ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી ભાઈચંદ એમ. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી પ્રવીણભાઈ જમનાદાસ શાહ |
| ૩,૦૦૦ | શ્રી શારદાબહેન બાબુભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી જીતેન્દ્ર ધરમદાસ શાહ |
| ૩,૦૦૦ | શ્રી વસંતલાલ એન. સંઘવી |
| ૩,૦૦૦ | શ્રી મીનાક્ષી વી. સંઘવી |
| ૩,૦૦૦ | સ્વ. ગુણવંતીબહેન મહાસુખલાલ દેવડાવાળા હસ્તે: અલકાબહેન ઉમેશભાઈ |
| ૩,૦૦૦ | શ્રી કનુભાઈ રસિકલાલ શાહ (કોલસાવાળા) સ્વ. બિન્દુના સ્મરણાર્થે |
| ૩,૦૦૦ | શ્રી રમેશભાઈ પ્રતાપરાય મહેતા |
| ૩,૦૦૦ | શ્રી યોમાબહેન રાકેશકુમાર શેઠ |
| ૩,૦૦૦ | શ્રી એમ. સી. મહેતા-HUF |
| ૩,૦૦૦ | શ્રી બીનાબહેન ચોકસી |
| ૩,૦૦૦ | શ્રી કે. એમ. સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | સ્વ. ચીમનલાલ ઠાકોરદાસ જવેરી હસ્તે: સુશીલાબહેન જવેરી |
| ૩,૦૦૦ | શ્રી ભારતી ગજેન્દ્ર કપાસી |
| ૩,૦૦૦ | એક બહેન તરફથી |
| ૩,૦૦૦ | શ્રી આકાશ અંબાલાલ જૈન |
| ૩,૦૦૦ | ડૉ. સ્નેહલ સંઘવી |
| ૩,૦૦૦ | શ્રી લક્ષ્મીચંદ નાનજી વીસરીયા |
| ૩,૦૦૦ | શ્રી શોભના લક્ષ્મીચંદ વીસરીયા |
| ૩,૦૦૦ | મે. સમકિત એડવરટાઈઝીંગ હસ્તે: શશિકાંતભાઈ |
| ૩,૦૦૦ | શ્રી અશોકભાઈ દોશી |
| ૩,૦૦૦ | શ્રી કે.એન.જી.આર. માલદે ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી મણિબેન ગોવિંદરાજ હીરજી હરીયા ફાઉન્ડેશન |
| ૩,૦૦૦ | શ્રી કુમુદ આર. ભણશાલી |
| ૩,૦૦૦ | શ્રી મૃદુલા કે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી દેવકુંવરબેન જેસંગભાઈ રાંભીયા |
| ૩,૦૦૦ | એક સદ્ગૃહસ્થ તરફથી |
| ૩,૦૦૦ | શ્રી તનસુખભાઈ કામદાર |
| ૩,૦૦૦ | શ્રી ચંદ્રકુમાર ગણપતલાલ ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી જે. સી. સંઘવી એન્ડ યુ. જે. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | મે. અંબિકા કોરપોરેશન |
| ૩,૦૦૦ | શ્રી રસિકા વી. શાહ |
| ૩,૦૦૦ | એક શુભેચ્છક |
| ૩,૦૦૦ | સ્વ. જશુમતીબહેન હસમુખલાલ કુવાડિયાના સ્મરણાર્થે |
| ૩,૦૦૦ | ડૉ. હેમંત એચ. કુવાડિયા |
| ૩,૦૦૦ | શ્રી માયાબહેન રમણિકલાલ ગોસલિયા |
| ૩,૦૦૦ | શ્રી પ્રમીલા રમેશચંદ્ર દલાલ |
| ૩,૦૦૦ | શ્રી વર્ષા રમેશચંદ્ર દલાલ |
| ૩,૦૦૦ | શ્રી શીતલ બિહારીલાલ અમીન |
| ૩,૦૦૦ | શ્રી આર. બી. શાહ |
| ૩,૦૦૦ | સ્વ. સરસ્વતીબહેન રસિકલાલ શાહ હસ્તે: શરદભાઈ શાહ |
| ૩,૦૦૦ | સ્વ. બાબુભાઈ છોટાલાલ શાહ હસ્તે: હંસાબહેન શાહ |
| ૩,૦૦૦ | સ્વ. ભોગીલાલ સુખલાલ શાહ હસ્તે: લતાબહેન શાહ |
| ૩,૦૦૦ | એક શુભેચ્છક |
| ૩,૦૦૦ | શ્રી દિલીપ સંજય મહેતા |
| ૩,૦૦૦ | એક શુભેચ્છક |
| ૩,૦૦૦ | એક શુભેચ્છક |
| ૩,૦૦૦ | શ્રી દીપાલી સંજય મહેતા |
| ૩,૦૦૦ | એક બહેન |
| ૩,૦૦૦ | શ્રી પરીખ ફેમીલી |
| ૩,૦૦૦ | શ્રી કેતન જયંતીલાલ |
| ૩,૦૦૦ | શ્રી મફતલાલ ભીખાભાઈ ફાઉન્ડેશન |
| ૩,૦૦૦ | શ્રી શંકુતલા એ. દલાલ |
| ૩,૦૦૦ | શ્રી આઈ. એમ. શેઠ |
| ૩,૦૦૦ | શ્રી પ્રકાશ એસ. દોશી |
| ૩,૦૦૦ | શ્રી પ્રેરણા એસ. મોદી |
| ૩,૦૦૦ | શ્રી રમાબહેન જયંતીલાલ |
| ૩,૦૦૦ | શ્રી સુવર્ણાબહેન જિતુભાઈ |
| ૩,૦૦૦ | સ્વ. ગૌતમ પોપટલાલ વીરા હસ્તે: રંજન બીપીન ગાલા |
| ૩,૦૦૦ | સ્વ. મંજુલાબહેનના સ્મરણાર્થે હસ્તે: નેમચંદ હીરજી છેડા |
| ૩,૦૦૦ | શ્રી રમીલાબહેન રમેશભાઈ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી રમેશભાઈ અમૃતલાલ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી કુંજબાળાબહેન રમેશભાઈ કોઠારી |
| ૩,૦૦૦ | શ્રી કેશવલાલ એસ. ગાંધી |
| ૩,૦૦૦ | મે. રશ્મિ એંજીનીઅરીંગ કંપની |
| ૩,૦૦૦ | શ્રી વંદન શાહ |
| ૩,૦૦૦ | શ્રી આનંદીબહેન પ્રેમુભાઈ ટી. ઠક્કર |
| ૩,૦૦૦ | શ્રી ઇન્દુમતી રંજનભાઈ શેઠ |
| ૩,૦૦૦ | શ્રી પ્રવીણ કે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી જવલબહેન શાહ |
| ૩,૦૦૦ | શ્રી આર. વી. દેશાઈ |
| ૩,૦૦૦ | મે. વી. ગુણવંત એન્ડ કું. |
| ૩,૦૦૦ | શ્રી ચેતન શાંતિલાલ ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી સંતોકબા જેઠાલાલ દેસાઈ ચેરિ. ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી ચંદ્રવદન સી. દલાલ |
| ૩,૦૦૦ | શ્રી વીણાબહેન સુરેશકુમાર ચોકસી |
| ૩,૦૦૦ | શ્રી મહેન્દ્ર રસિકલાલ શાહ |
| ૩,૦૦૦ | મે. ટ્રીકેમ લેબોરેટરીઝ (બોમ્બે) પ્રા. લી. |
| ૩,૦૦૦ | શ્રી ડી. એસ. પટેલ |
| ૩,૦૦૦ | શ્રી વિક્ટર ફરનાન્ડીઝ |
| ૩,૦૦૦ | શ્રી જે. એન. શાહ અને વી. જે. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ-કલકત્તા |
| ૩,૦૦૦ | મે. વી. એ. પરીખ એન્ડ કંપની |
| ૩,૦૦૦ | શ્રી વનલીલા નટવરલાલ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી મગનલાલ એમ. સંઘવી |
| ૩,૦૦૦ | શ્રી જશવંતી પ્રવીણચંદ્ર વોરા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | ડૉ. ભરત જે. ભીમાણી-ભાવનગર |
| ૩,૦૦૦ | શ્રી લખમશી નપુ સ્મારક સાધારણ ફંડ |
| ૩,૦૦૦ | શ્રી ભગવતીબહેન શે-પૂના |
| ૩,૦૦૦ | સ્વ. મણિબાઈ હીરજી ભેદાના સ્મરણાર્થે હસ્તે: હીરજી શીવજી ભેદા |
| ૩,૦૦૦ | સ્વ. કંચનબેન ચીમનલાલ અજમેરાના સ્મરણાર્થે હસ્તે: મહેશભાઈ અજમેરા |
| ૩,૦૦૦ | મે. કુમાર ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ |
| ૨,૫૦૦ | શ્રી નિર્મળાબહેન પારેખ |
| ૨,૫૦૦ | શ્રી તરુણાબહેન વિપિનભાઈ શાહ |
| ૨,૫૦૦ | શ્રી ઈન્દુમતી રાજેન્દ્ર શાહ |
| ૨,૫૦૦ | શ્રી પ્રભાવતી અને રમણલાલ નગીનદાસ પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨,૩૬૦ | શ્રી સંવત્સરી પ્રતિક્રમણ ગ્રુપ તરફથી હસ્તે-પ્રવીણભાઈ મફતલાલ |
| ૨,૦૦૦ | શ્રી રૂપચંદભાઈ ભણશાલી |
| ૨,૦૦૦ | શ્રી જયાબહેન દેવશી શાહ |
| ૧,૫૦૦ | શ્રી ગુણવંતીબહેન ચીનુભાઈ ચોકસી |
| ૧,૧૦૧ | શ્રી જયાબહેન દેવશી શાહ |
| ૧,૧૦૦ | મે. મનમાલ મેટલ સીન્ડીકેટ |
| ૧,૧૦૦ | શ્રી નલિની શાહ |
| ૧,૦૦૧ | શ્રી સ્વાતિબહેન શેઠ |
| ૧,૦૦૧ | શ્રી આર. એ. સંઘવી |
| ૧,૦૦૦ | શ્રી ઉષાબહેન રમેશભાઈ ઝવેરી |
| ૧,૦૦૦ | શ્રી વિનોદચંદ્ર હીરાલાલ મહેતા |
| ૧,૦૦૦ | શ્રી વનલીલા મુકુંદભાઈ વોરા |
| ૧,૦૦૦ | શ્રી ભાવેશ કે. સંઘવી-HUF |
| ૧,૦૦૦ | મે. જિનદૂત એન્ટરપ્રાઈઝ |
| ૧,૦૦૦ | મે. એમ. એમ. સ્ટીલ પ્રા. લી. |
| ૧,૦૦૦ | શ્રી સંજય મહેતા |
| ૧,૦૦૦ | શ્રી ભારતી દિલીપ શાહ |
| ૧,૦૦૦ | શ્રી હરિલાલ તારાચંદ શાહ |
| ૧,૦૦૦ | શ્રી નયનાબહેન રાજેન્દ્રકુમાર ઝવેરી |
| ૫,૮૫૫ | રૂા. ૧,૦૦૦/- થી ઓછી રકમનો સરવાળો |

# સંઘ માટે નોંધાયેલી રકમ

વધતા જતા ખર્ચ અને ઘટતા જતાં વ્યાજના દરને કારણે સંઘને પોતાના વહીવટી ખર્ચને પહોંચી વળવા માટે આર્થિક સહાયની આવશ્યકતા ઊભી થઈ છે. એ માટે દાતાઓને પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અપીલ કરવામાં આવતાં સારો પ્રતિસાદ અમને મળ્યો છે. એ માટે સર્વ દાતાઓના અમે ઋણી છીએ. રકમ અને દાતાઓનાં નામોની યાદી નીચે પ્રમાણે છે.

૫૧,૦૦૦ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા (દીપચંદ ત્રિ. શાહ ટ્રસ્ટના કોરપસ માટે)
૨૨,૦૦૦ મે. પી. ડી. કોઠારી એન્ડ કું. હસ્તે: શ્રી પીયૂષભાઈ અને ચંદ્રાબહેન કોઠારી
૫,૦૦૦ ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રા. તારાબહેન ર. શાહ
૫,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૫,૦૦૦ શ્રી ચંદ્રકાન્તભાઈ દીપચંદ શાહ
૫,૦૦૦ શ્રી નિરુબહેન સુબોધભાઈ શાહ
૫,૦૦૦ ડૉ. ધનવંતરાય તિલકરાય શાહ
૫,૦૦૦ શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
૫,૦૦૦ શ્રી રમાબહેન જયસુખલાલ વોરા
૫,૦૦૦ શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
૫,૦૦૦ શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા ફેમીલી ચેરિટેબલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી ઉષાબહેન જે. મહેતા
૫,૦૦૦ શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
૫,૦૦૦ શ્રી દિલીપભાઈ એમ. શાહ
૫,૦૦૦ શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ
૫,૦૦૦ શ્રી રમાબહેન એન. કાપડિયા
૫,૦૦૦ શ્રી પુષ્પાબહેન ભણશાલી
૫,૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ-HUF
૫,૦૦૦ શ્રી વસંતલાલ કાન્તિલાલ શાહ
૫,૦૦૦ શ્રી રમાબહેન મહેન્દ્રભાઈ શાહ
૫,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૫,૦૦૦ શ્રી વિક્ટર-ફરનાન્ડીસ
૫,૦૦૦ શ્રી તૃપ્તિ સી. નિર્મળ
૪,૦૦૦ શ્રી તારાબહેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે: પુષ્પાબહેન પરીખ
૩,૦૦૦ શ્રી વિનોદભાઈ જમનાદાસ મહેતા
૩,૦૦૦ શ્રી દીપ્તિ નીતિનભાઈ સોનાવાલા
૩,૦૦૦ શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
૩,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૩,૦૦૦ શ્રી ધરમદાસ ટી. શાહ
૩,૦૦૦ સ્વ. કંચનબેન ચીમનલાલ અજમેરાના સ્મરણાર્થે હસ્તે: મહેશભાઈ અજમેરા
૩,૦૦૦ શ્રી અજિત આર. ચોકસી
૩,૦૦૦ શ્રી આઈ. એમ. શેઠ
૨,૫૦૦ શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે: કાંતિલાલ નારણદાસ તળાજાવાળા
૨,૫૦૦ શ્રી આશિતા એન્ડ કાન્તિલાલ કેશવલાલ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી પ્રભાવતી એન્ડ રમણલાલ નગીનદાસ પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ એક બહેન તરફથી
૨,૦૦૧ શ્રી ડી. એસ. પટેલ
૨,૦૦૦ શ્રી કલાવતી શાંતિલાલ મહેતા
૨,૦૦૦ શ્રી વસુબેન ભણશાલી
૨,૦૦૦ શ્રી યશોમતીબહેન શાહ
૨,૦૦૦ શ્રી હર્ષરંજન ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨,૦૦૦ સ્વ. નગીનદાસ ન્યાલચંદ દોશી હસ્તે: ગં. સ્વ. લીલાવતીબેન નગીનદાસ દોશી અને શ્રી રાજુલ અશ્વિન દોશી
૨,૦૦૦ શ્રી રૂપચંદભાઈ ભણશાલી
૨,૦૦૦ શ્રી સી. એન. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૦૦૦ શ્રી કિરણભાઈ એચ. શાહ
૨,૦૦૦ શ્રી પ્રકાશભાઈ ડી. શાહ
૨,૦૦૦ શ્રી પંકજભાઈ વીસરિયા અને પરિવાર
૨,૦૦૦ શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૦૦૦ મે. હેપી હોમ કન્સ્ટ્રક્શન કંપની હસ્તે: શ્રી ચંદ્રકાન્તભાઈ દીપચંદ શાહ
૨,૦૦૦ શ્રી ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન
૧,૧૦૦ શ્રી મધુસૂદન એચ. શાહ
૧,૦૦૧ શ્રી કનુભાઈ રસિકલાલ શાહ (કોલસાવાળા) સ્વ. બિન્દુના સ્મરણાર્થે
૧,૦૦૦ શ્રી નટુભાઈ પટેલ
૧,૦૦૧ મે. ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ
૧,૦૦૦ ડૉ. ધીરેન્દ્રકુમાર વી. શાહ
૧,૦૦૦ શ્રી શર્મીબેન પ્રવીણ ભણશાલી
૧,૦૦૦ શ્રી મીનાબેન કિરણભાઈ ગાંધી
૧,૦૦૦ શ્રી અરુણાબહેન અજિતભાઈ ચોકસી
૧,૦૦૦ શ્રી જયંતીલાલ ચુનીલાલ શાહ
૧,૦૦૦ શ્રી પ્રમોદચંદ સોમચંદ શાહ
૧,૦૦૦ શ્રી સુનિતાબહેન રાજેન્દ્રભાઈ
૧,૦૦૦ શ્રી અંજૂલા રમણીકલાલ શાહ
૧,૦૦૦ એક બહેન તરફથી
૧,૦૦૦ શ્રી રમણિકલાલ ઉમેદચંદ
૧,૦૦૦ એક બહેન તરફથી
૧,૦૦૦ શ્રી બાબુભાઈ જયંતીલાલ શાહ
૧,૦૦૦ શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ એન્ડ સન્સ ચેરિટેબલ ટ્રસ્ટ
૧,૦૦૦ શ્રી કાશ્મીરા કાન્તિલાલ ત્રિકમશી
૧,૦૦૦ એક બહેન તરફથી
૧,૦૦૦ શ્રી ગુણવંતીબહેન ચીનુભાઈ ચોકસી
૧,૦૦૦ શ્રી વર્ષા રમેશચંદ્ર દલાલ
૧,૦૦૦ શ્રી રમેશભાઈ પી. શાહ
૬,૮૬૩ ૧,૦૦૦ થી ઓછી રકમનો સરવાળો

❖❖❖

## JINA-VACHANA

(ચોથી સંવર્ધિત આવૃત્તિ)

અનુવાદક : ડૉ. રમણલાલ ચી. શાહ

અર્ધમાગધી, અંગ્રેજી, હિંદી અને ગુજરાતી એમ ચાર ભાષામાં ભગવાન મહાવીરનાં વચનોના આ પ્રકાશનની ૧૯૯૫માં ત્રણ આવૃત્તિની બધી જ નકલો થોડા મહિનામાં જ ખલાસ થઈ ગઈ હતી. એની ઘણી માંગ હોવાથી આ ચોથી સંવર્ધિત આવૃત્તિ સંઘ તરફથી પ્રકાશિત કરવામાં આવી છે.

કિંમત રૂા. ૨૫૦/-
સભ્યો માટે કિંમત રૂા. ૧૨૫/-
પ્રાપ્તિસ્થાન : સંઘનું કાર્યાલય
ટેલિફોન નં. : ૨૩૮૨૦૨૯૬

□ મંત્રીઓ

## મંગળ ભારતી

પર્યુષણ પર્વ દરમિયાન મંગળ ભારતી માટે એકત્ર થયેલી રકમ એ સંસ્થાને અર્પણ કરવા માટે જવાનો કાર્યક્રમ જાન્યુઆરી ૨૦૦૪ના બીજા કે ત્રીજા અઠવાડિયામાં યોજાશે. જેઓ આ કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા હોય તેઓએ કાર્યાલયનો સંપર્ક સાધવો. ટેલિફોન નં. : ૨૩૮૨૦૨૯૬.

□ મંત્રીઓ

# સૌંદર્યલહરી

□ પ્રો. અરુણ જોષી

આદિ શંકરાચાર્ય દ્વારા લખાયેલાં સ્તોત્રોમાં 'સૌંદર્યલહરી', ત્રિપુર સુંદરીની દિવ્યતાને અલૌકિક રીતે વ્યક્ત કરે છે. સાહિત્યિક સૌંદર્ય અને તાંત્રિક ગૂઢતા અહીં ઓતપ્રોત થયેલાં છે. પ્રસન્ન ગંભીર ગદ્ય-શૈલીમાં 'પ્રસ્થાનત્રયી'નું ભાષ્ય લખનાર શંકરાચાર્યને કોમલ કાન્ત પદાવલી લખવાનું કાર્ય હસ્તામલકવત સુકર છે એવી પ્રતીતિ આ સ્તોત્રનું પરિશીલન કરતાં થાય છે. શાક્ત સંપ્રદાયનું મંડન કરતા આ સ્તોત્રમાં શિખરિણી છંદમાં લખાયેલ સો શ્લોકો છે. કેટલીક હસ્તપ્રતોમાં એકસો ત્રણ શ્લોકો પણ જોવા મળે છે. સ્તોત્રના શ્લોકોનો ખ્યાલ મેળવીએ તે પહેલાં શાક્ત ધર્મ અંગેનો થોડો ખ્યાલ મેળવી લેવો જરૂરી ગણાશે.

શાક્ત ધર્મ કેવળ વિચારણીય વર્ગનો નથી. અનુષ્ઠાન અને સાધના વિના તે પોતાનું ફળ પ્રકટાવી શકે તેવો નથી. તે ધર્મનું સર્વોત્તમ ચિંતન અને અનુષ્ઠાન શ્રીવિદ્યામાં રહેલું છે. આ શ્રીવિદ્યાનું અપર નામ ત્રિપુરા છે અને તે સંસારના રાગ અને ભૌતિક રજસથી પર વસ્તુનો પ્રબોધ કરનારી વિદ્યા છે. તેના અપરા ત્રિપુરા અને પરા ત્રિપુરા એવા બે પ્રકારો છે. આ બંને પ્રકારો અપરબ્રહ્મ અને પરબ્રહ્મ તરીકે પણ વ્યક્ત થાય છે. આ બાબત દેવી ભાગવતમાંથી જ પ્રમાણ મળી રહે છે જેમ કે काऽसि त्वं महादेवि । साऽब्रवीदहं ब्रह्मस्वरुपिणी । આ ધર્મ વિશેની પ્રચુર વિગતો તાંત્રિક ગ્રંથોમાં જોવા મળે છે. 'સૌંદર્યલહરી' ઉપર શ્રેષ્ઠ ટીકા લખનાર લક્ષ્મીધરે જણાવ્યું છે કે તાંત્રિકોના સામયિક, કૌલ અને મિશ્ર એવા ત્રણ ભેદ છે. સામયિક મતનું સાહિત્ય પાંચ શુભાગમોમાં વહેંચાયેલ છે અને તેના કર્તા વશિષ્ઠ, સનક, શુક, સનંદન અને સનતકુમાર છે. આ સાહિત્યના આધારે પ્રસ્તુત સ્તોત્રમાં શંકરાચાર્યે શ્રીવિદ્યાનો સમુદ્ધાર કર્યો હોય એમ લાગે છે.

દેવી અથવા શક્તિ એટલે શું ? એ બાબતની સ્પષ્ટતા કરતાં ઉપર જણાવેલ સાહિત્યમાં કહેવામાં આવ્યું છે કે સકલ બ્રહ્મનું વિમર્શરૂપ એટલે સ્વાનુભવ કરવાનું સામર્થ્ય. તેને દેવી અથવા શક્તિ કહેવામાં આવે છે. તે ચૈતન્ય શક્તિનાં સ્થૂળ, સૂક્ષ્મ અને પર એવાં ત્રણ રૂપો હોય છે. અવયવવાળું રૂપ તે સ્થૂળ, મંત્રમય શરીર એ સૂક્ષ્મ અને ઉપાસકની બુદ્ધિની વાસનાથી ઘડાયેલું રૂપ તે પર.

કેરલ ભૂમિમાં જન્મેલા અને છાંદોગ્ય ઉપનિષદની પરા દેવતાની ઉપાસનાથી પ્રભાવિત શંકરાચાર્યે આ સ્તોત્રકાવ્યમાં પ્રથમ ભાગમાં શક્તિનું સ્વરૂપ અને તેની ઉપાસના મંત્રમાર્ગ વડે કાવ્યરૂપે વર્ણવી છે. આ પ્રથમ ભાગ 'બ્રહ્મલહરી' પણ કહેવાય છે અને તેમાં બ્રહ્મમયી શક્તિનું અમૂર્ત સ્વરૂપ અને તેના મંત્રનો પ્રકાશ છે. બીજો ભાગ 'સુંદરીલહરી' તરીકે ઓળખાય છે અને તેમાં સૌંદર્ય ભાવનાવાળું, દેવીના સમગ્ર દેહનું વર્ણન અને ચિંતન જોવા મળે છે. આ શક્તિનું પરમ રહસ્ય સૂચવનાર યંત્ર સબિન્દુ ત્રિકોણ છે.

હવે આપણે આ સ્તોત્રના શ્લોકોનો સંક્ષિપ્ત સાર જોઈએ:

(૧) આ શ્લોકમાં શક્તિ વિનાના શિવની નિ:સહાયતા વ્યક્ત થઈ છે.

(૨) આ શ્લોકમાં શક્તિના ચરણની રજ થકી બ્રહ્મા વિશ્વને સર્જે છે, તેને હજારો મસ્તક વડે શેષ નાગ ધારણ કરે છે અને મહાદેવ તેનાથી પોતાના શરીર ઉપર લેપ કરે છે એમ જણાવ્યું છે.

(૩) અજ્ઞાની, મૂર્ખ, નિર્ધન અને સંસારી માટે શક્તિ અથવા પાર્વતી કેટલું મહત્ત્વ ધરાવે છે તે વ્યક્ત થયેલ છે.

(૪) શક્તિના ચરણ મનોવાંછિત ફળ આપનાર છે.

(૫) વિષ્ણુએ મોહિની સ્વરૂપ લીધું તે પહેલાં શક્તિની આરાધના કરી હતી. શક્તિને નમીને કામદેવ પણ પોતાની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

(૬) હિમાલયપુત્રીની દૃષ્ટિકૃપાથી કામદેવ જગતને જીતે છે.

(૭) મહાદેવની મહાબળવતી શક્તિ ભક્તોની દરેક પ્રવૃત્તિમાં નિયામિકા થાય એવી ભાવના વ્યક્ત થઈ છે.

(૮) પાર્વતીની ભક્તિ કરનાર ધન્ય ભક્ત જ હોય છે.

(૯) મૂલાધાર ચક્રમાં પૃથ્વીને, મણિપુર ચક્રમાં જળને અને સ્વાધિષ્ઠાન ચક્રમાં રહેલ અગ્નિને, હૃદયમાં (અનાહત ચક્રમાં) વાયુને, ભ્રમરોની મધ્યમાં (આજ્ઞાચક્રમાં) મનને-એ રીતે સમગ્ર શક્તિ માર્ગને ભેદીને સહસ્રદલ કમલમાં પાર્વતી એકાંતમાં શિવ સાથે વિહાર કરે છે.

(૧૦) ચરણ કમળની ધારામાંથી થતી વર્ષાથી નાડીમાર્ગને સીંચતા તેજસ્વી ચંદ્રના પ્રદેશમાંથી ફરી પોતાની સ્થિતિને મેળવીને, સાડાત્રણ ગુંચળા રૂપે રહેલા સર્પની જેમ પોતાની જાતને ગોઠવીને શક્તિ કુલકુંડની ગુફામાં શયન કરે છે.

(૧૧) શ્રીચક્રના ચુમાલીશ તત્ત્વોમાં અષ્ટદલ, ષોડશદલ, ત્રણવલય, ત્રણ રેખાઓ સાથે શંભુથી ભિન્ન એવી નવમૂલ પ્રકૃતિ, ચાર શ્રીકંઠમાં પાંચ શિવ યુવતીઓ સાથે મળીને સમાવેશ પામે છે.

(૧૨) હિમાલયપુત્રીનું વર્ણન કરવું તે બ્રહ્મા વગેરે ઉત્તમ કવિઓ માટે દુષ્કર છે. મહાદેવ સાથે સાયુજ્ય પામવા દેવાંગનાઓ માટે તપ જરૂરી છે.

(૧૩) આપની કૃપાથી વૃદ્ધ પણ આકર્ષક વ્યક્તિત્વ પામે છે.

(૧૪) ત્રણસો સાઠ દિવ્ય કિરણો ઉપર પાર્વતીનાં બે ચરણકમળ બિરાજે છે.

(૧૫) શક્તિને નમીને સત્પુરુષોની વાણી માધુર્યવતી બને છે.

(૧૬) વિદ્વાનોની સભાને આનંદ આપવાનું સામર્થ્ય શક્તિની કૃપાથી પ્રાપ્ત થાય છે.

(૧૭) શક્તિની કૃપાથી મહાકાવ્યનું નિર્માણ કરવાની પ્રતિભા પ્રાપ્ત થાય છે.

(૧૮) શક્તિની કાંતિથી અપ્સરાઓ વશ થાય છે.

(૧૯) શક્તિની કૃપાથી ત્રણે લોક ઉપર સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

(૨૦) આપની કૃપાથી મહાપુરુષોને આનંદની પ્રાપ્તિ થાય છે.

(૨૨) આપના નામ માત્રના ઉચ્ચારથી શક્તિ સામેના અભેદની પ્રાપ્તિ થાય છે.

(૨૩) આપે શંકરના ડાબા અને જમણા સરીર ઉપર કાબુ મેળવી લીધો છે.

(૨૪) આપની આજ્ઞાથી શિવ બ્રહ્મા, હરિ, રુદ્ર ઉપર કૃપા કરે છે.

(૨૫) દેવો આપને વંદન કરે છે.

(૨૬) આપના પતિ મહાપ્રલય વખતે આનંદથી વિહાર કરે છે.

(૨૭) ભક્ત હૃદય કહે છે કે પોતાની સર્વ ક્રિયા પાર્વતી પૂજાનો પ્રકાર થાય.

(૨૮) આપના કર્ણાભરણની કૃપાથી શિવ કાળને અતિક્રમી જાય છે.

(૨૯) બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર આપને વંદન કરે છે.

(૩૦) આપના ભક્તને મહાપ્રલય કાળનો અગ્નિ કંઈ કરી શકતો નથી.

(૩૧) આપનું તંત્ર બધા પુરુષાર્થોને સિદ્ધ કરી શકે છે.

(૩૨) ત્રણ હૃલ્લેખાનો ઉલ્લેખ કરતા આ શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે હે માતા, શિવ શક્તિ, કાળ, પૃથ્વી તથા સૂર્ય, ચંદ્ર, કાળ, હંસ અને શક્ર. તે પછી વળી સ્મર-કામદેવ હરિ આ વર્ણોના (ત્રણ સમુદાયો) ત્રણ હૃલ્લેખાઓની સાથે અંતમાં આપનાં નામનાં અવયવો બને છે.

(૩૩) અસીમ પરમ ભોગ માટે આપના રસિક સાધકો આપના મંત્રની આગળ ક્લીંબીજ, હ્રીંબીજ, અને શ્રીંબીજ મૂકીને શિવાના ત્રિકોણ-રૂપ અગ્નિમાં સુરભીના ઘીની ધારાઓની સેંકડો આહુતિઓ વડે હોમ કરતાં અને ચિંતામણિના મણકાને પરોવીને બનાવેલી માળા સાથે આપને ભજે છે.

(૩૪) ચંદ્ર અને સૂર્યનાં બે સ્તનવાળું શંકરનું વિરાટ શરીર ભગવતી પાર્વતી છે. આપના દોષરહિત નવાત્મા શંભુને હું (સ્તોત્રકાર) માનું છું એ કારણે આપના બંનેનો સંબંધ મુખ્ય અને ગૌણ એવા ભેદ વગરનો છે.

(૩૫) પાર્વતી જ મન, આકાશ, વાયુ, અગ્નિ, પાણી, પૃથ્વી છે.

(૩૬) પાર્વતીના આજ્ઞાચક્રમાં રહેલા કરોડો સૂર્યના પ્રકાશને હરનારા પરાચિતિ સાથે જેનું ડાબું પડખું સંયોજાયેલું છે તેવા, જેની ભક્તિપૂર્વક આરાધના કરતો સાધક સૂર્ય, ચંદ્ર અને અગ્નિની પહોંચથી પર, પ્રકાશ વિનાના લોકથી પર તેજોલોકના પ્રદેશમાં નિવાસ કરે છે તે શંભુને વંદન કરું છું.

(૩૭) પાર્વતીના વિશુદ્ધિ ચક્રમાં શુદ્ધ સ્ફટિક જેવા સ્વચ્છ અને આકાશને ઉત્પન્ન કરનાર શિવને, તેમજ શિવની સમાન પ્રવૃત્તિ કરતી દેવીને હું ભજું છું. ચંદ્રકિરણની સમાન કક્ષા પામતી જે બંનેની કાંતિ વડે અંતરનો અંધકાર દૂર થતાં વિશ્વ ચકોરીની જેમ આનંદ પામે છે.

(૩૮) અનાહત ચક્રના સંવિત(જ્ઞાન)રૂપી વિકસતાં કમલના મધના રસિક, મહાપુરુષોનાં મન રૂપી સરોવરમાં વિહરતા જેના આલાપમાંથી અઢાર વિદ્યાઓનો આવિર્ભાવ થયો છે અને જે પાણીમાંથી દૂધની જેમ સંપૂર્ણ ગુણને દોષમાંથી ગ્રહણ કરે છે એવા શિવ અને શિવાને કવિ ભજે છે.

(૩૯) શિવની દૃષ્ટિ કઠોર છે અને શિવાની દૃષ્ટિ શીતલતાદાયક છે.

(૪૦) અંધકારના વિરોધી (પ્રકાશ)ની સ્ફૂરણાની શક્તિથી વીજળીયુક્ત કુંડલિનીના ચમકતા જુદાં જુદાં રત્નાભરણને લીધે ઈન્દ્રધનુષમાં પરિણમતા હરણને સૂર્ય વડે તપેલા ત્રણ ભુવન ઉપર વર્ષતા આપના મણિપુર ચક્ર એવા જેનો આશ્રય છે એવા શ્યામ મેઘને કવિ ભજે છે.

(૪૧) શિવ અને શિવા વડે જગત ઉત્પન્ન થયું છે.

શ્લોક ૪૨ થી ૯૬ સુધી પાર્વતીના મુગટ, કેશકલાપ, મુખ, લલાટ, નેત્ર, કર્ણ, નાસિકા, હોઠ, જીભ, ગરદન, હાથ, નખ, નાભિ, કટિ, ચરણ વગેરેનું મનોહર વર્ણન છે અને છેલ્લા ચાર શ્લોકમાં પાર્વતીની કૃપાની યાચના કરીને એની ભક્તિના ફળનો મહિમા વર્ણવવામાં આવ્યો છે.

પ્રસ્તુ સ્તોત્રના પ્રથમાર્ધના શ્લોક નં. ૮, ૯, ૧૧, ૧૪, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧માં કવિએ તંત્રવિદ્યા અંગેનું રહસ્યાત્મક જ્ઞાન વ્યક્ત કર્યું છે જે સમજવા માટે તંત્રશાસ્ત્રનો આધાર લેવો જ રહ્યો. તદનુસાર શિવ અને શક્તિ અવિભાજ્ય અને એકરૂપ છે. આ આદ્યશક્તિ એ જ પરાશક્તિ. એ જ ત્રિપુરસુંદરી છે જે વિમર્શ પરચિત વગેરે નામોથી પણ વ્યક્ત થયેલ છે. આ ચિત્શક્તિ સમષ્ટિમાં અનુસ્યૂત મહાકુંડલિની અને વ્યષ્ટિમાં રહેલ કુંડલિની જ છે. આવી માહિતી આપતા તંત્રગ્રંથોને પણ વેદની જેમ અન્ય પ્રમાણની જરૂર નથી. જેમ પરમાત્મા વેદના પ્રણેતા ગણાય છે તેમ તંત્રના પ્રણેતા શિવ ગણાય છે. તંત્રના વિશાળ સાહિત્યમાં કેટલીક બાબતો ભારત બહારના દેશોમાંથી પણ સમાવિષ્ટ થઈ છે. તિબેટમાં 'બોને' નામનો સંપ્રદાય આ સંદર્ભે તપાસવા જેવો છે.

આ તંત્ર ગ્રંથમાં જે વિદ્યાનો વિલાસ જોવા મળે છે તે શ્રીવિદ્યા કહેવાય છે અને તેના જ્ઞાતા દ્વારા આ રચનાના શ્લોકોને સમજાવવામાં આવે છે. દૃષ્ટાંત તરીકે સૌંદર્યલહરીના અગિયારમા શ્લોકની સમજૂતિ આ રીતે આપવામાં આવે છે : શ્રી વિદ્યાની પૂજા અંતરંગ અને બહિરંગ એમ બે પ્રકારે થાય છે. તેમાં બહિર્પૂજામાં શ્રીચક્ર અને બીજાં બાહ્યાંગોની આવશ્યકતા રહે છે. શ્રીચક્ર પરામ્બાનું રૂપ શરીર છે અને શ્રીમંત્ર તેમનું નાદશરીર છે. તેના મધ્યમાં બિંદુ, પછી ત્રિકોણ અને ત્યાર પછી ૪૩ ત્રિકોણ છે. ત્યારપછી અષ્ટદલ, ષોડશદલનાં બે કમળો છે અને છેવટે ચતુષ્કોણ આવેલ છે જેમાં ચારે દિશામાં ચાર દ્વાર છે. આ દૃષ્ટાંત ઉપરથી આ વિશિષ્ટ શાસ્ત્રનો કંઈક ખ્યાલ આવશે.

આ અદ્ભુત રચનામાં શંકરાચાર્યે પોતાની કવિત્વ શક્તિનો પરિચય આપતાં કેટલાક અલંકારોનો પણ સુંદર રીતે પ્રયોગ કર્યો છે. દૃષ્ટાંત રૂપે શ્લોક ક્રમાંક જોઇએ તો : (૧) વર્ણાનુપ્રાસ (૨) અતિશયોક્તિ (૩) ઉપમા (૭) સ્વભાવોક્તિ (૧૦) ઉત્પ્રેક્ષા (૧૩) સ્વભાવોક્તિ (૧૫) ઉપમા (૧૬) ઉપમા (૧૮) ઉપમા (૨૦) રૂપક (૨૧) ઉપમા (૪૩) ઉપમા (૬૩) ભ્રાંતિમાન (૭૨) સ્વભાવોક્તિ (૮૭) વ્યતિરેક અને (૯૨) તદ્ગુણ.

આ અદ્ભુત સ્તોત્ર વાંચીને ત્રણસો વર્ષ પહેલાં થઈ ગયેલ, ઘોડા અટકધારી નાગરોના પૂર્વજ એવા કવિ શ્રી નાથ ભવાને જણાવ્યું કે: (સંબોધન પાર્વતી પ્રત્યે છે) તારું આવાહન તે હું શું કરું ?

તું તો વ્યાપી રહી સર્વત્ર રે !<br>
કરી વિસર્જના ક્યાં હું મોકલું ?<br>
સઘળે તું, હું ક્યાં લખું પત્ર રે !

આ ગ્રંથ ઉપર ૩૨ ટીકાગ્રંથો મળે છે, જેમાં સહજાનંદની મનોરમા, અપ્પયદીક્ષિત રચિત ટીકા, ગંગાધર ટીકા, વિશ્વંભર ટીકા વગેરે. પરંતુ જે ટીકા શ્રેષ્ઠ ગણાય છે તે લક્ષ્મીધરની લક્ષ્મીધરામાળની ટીકા છે.

ઉપલક દૃષ્ટિથી વાંચનારને ખંડકાવ્યનો આનંદ આપે એવા આ સ્તોત્રમાં કવિએ અનેક રહસ્યોને ગૂંથી લીધાં છે અને દેવીની ઉપાસના અને ધ્યાન કરવાની પદ્ધતિનો કવિએ વિનિયોગ કર્યો છે. આ સ્તોત્રનો અભ્યાસ કરતાં પહેલાં સૂફી મતનું સાહિત્ય તથા શક્તિરહસ્ય, શ્યામારહસ્ય, શિવરહસ્ય વગેરેનું પરિશીલન કરવું આવશ્યક છે.

શું ખરેખર આદિશંકરાચાર્યની આ રચના છે કે અન્ય કોઈ દ્રાવિડ કવિની આ રચના છે ? મહદ્ અંશે કર્તા તરીકે શંકરાચાર્યને જ સ્વીકારવામાં આવ્યા છે. તંત્રશાસ્ત્રનું અદ્ભુત જ્ઞાન ધરાવતા શંકરાચાર્યે આ સ્તોત્રની રચના કરીને શક્તિયોગની સિદ્ધતા સાબિત કરી આપી છે. તેમનું આ સ્તોત્ર સ્તોત્ર–સાહિત્યમાં સર્વશ્રેષ્ઠ મનાયું છે. આ રચનામાં કલ્પનાતત્ત્વ, ભાવતત્ત્વ, કલાતત્ત્વ તેમજ બુદ્ધિતત્ત્વનું સુભગ સંમિશ્રણ અનુભવવા મળે છે.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૪ ● અંક : ૧૧ ● નવેમ્બર, ૨૦૦૩ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## નિગોદ

નિગોદ જૈન ધર્મનો એક પારિભાષિક વિષય છે.

જીવના સ્વરૂપ વિશે જૈન ધર્મે કેટલી સૂક્ષ્મ અને ગહન મીમાંસા કરી છે તે આ વિષયની વિચારણા પરથી સમજી શકાશે.

દુનિયામાં અન્ય કોઈ ધર્મે આવી સૂક્ષ્મ વિચારણા કરી નથી. 'નિગોદ' શબ્દ પણ મુખ્યત્વે જૈનોમાં જ વપરાય છે.

આધુનિક વિજ્ઞાને સિદ્ધ કરી બતાવ્યું છે કે વનસ્પતિમાં જીવ છે, પાણીમાં સૂક્ષ્મ જીવ એટલે કે જીવાણુ છે અને હવામાં પણ જીવાણુ છે. પાણી વગેરે પ્રવાહીમાં વિવિધ પ્રકારના બેક્ટેરિયા (અપકાય) અને હવામાં વિવિધ પ્રકારના 'વાઈરસ' (વાયુકાય)ની વાત હવે સામાન્ય ગણાય છે.

જે કેટલાક જીવાણુઓ નરી નજરે જોઈ શકાતા નથી તે જીવાણુઓ સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા જોઈ શકાય છે.

વિજ્ઞાને સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવાણુ તરીકે એક કોષના શરીરવાળા 'અમીબા'ની શોધ કરી છે. તે નરી આંખે દેખી શકાતા નથી.

જૈન ધર્મે એથી આગળ જઈને કહ્યું છે કે સૂક્ષ્મદર્શક યંત્રથી પણ જે ન જોઈ શકાય એવા સૂક્ષ્મતમ એક કોષના શરીરમાં પણ અનંત જીવો એક સાથે રહે છે. તેઓ બધા વચ્ચે એક જ શરીર હોય છે. આ એક સાધારણ દેહ (Common body) વાળા જીવો તે 'નિગોદ' કહેવાય છે. બેક્ટેરિયા કે વાઈરસ કરતાં તેઓ વધુ ત્વરિતપણે પોતાના શરીરમાં જન્મમરણ કરે છે અર્થાત્ ત્યાં જ ઉત્પન્ન થાય છે, ત્યાં જ મૃત્યુ પામે છે, પાછા ત્યાં જ ઉત્પન્ન થાય છે એમ ઘટના અમુક અમુક નિયમોને આધારે ચાલ્યા કરે છે.

નિગોદની વાત બુદ્ધિથી સમજાય એવી હોય તો પણ એના સ્વીકાર માટે શ્રદ્ધા અનિવાર્ય છે.

ભગવાન મહાવીરે ગૌતમ સ્વામીને નિગોદ વિશે કહ્યું હતું. ભગવતી સૂત્ર, પ્રજ્ઞાપના સૂત્ર વગેરેમાં નિગોદની ચર્ચા આવે છે. કોઈક પૂર્વાચાર્યે 'નિગોદ છત્રીશી'ની રચના કરી છે. નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિ મહારાજે ભગવતી સૂત્રની ટીકામાં આ આખી નિગોદછત્રીશી ઉતારેલી છે. એટલે આપણને એ પ્રાપ્ત થઈ શકી છે. આ છત્રીશીના કર્તાનું નામ મળતું નથી, પણ એમના સામર્થ્યની પ્રતીતિ ગાથાઓ વાંચતાં થાય છે. આ છત્રીશી ઉપર પ. પૂ. સ્વ. પ્રતાપસૂરિજી મહારાજના શિષ્ય સ્વ. વિજયધર્મસૂરિજી મહારાજે સરસ વિવેચન કર્યું છે જે પ્રકાશિત થયેલું છે.

નિગોદનો વિષય અત્યંત સૂક્ષ્મ અને કઠિન છે. એના સમગ્ર સ્વરૂપને કોઈક જ જાણી શકે છે. જૈન પરંપરાનો ઇતિહાસ કહે છે કે એક વખત ઈન્દ્ર મહારાજ મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામીને વંદન કરવા ગયા. તે સમયે શ્રી સીમંધર સ્વામીએ પોતાની દેશનામાં નિગોદનું સ્વરૂપ સમજાવ્યું. એ સાંભળી ઈન્દ્ર મહારાજ આશ્ચર્ય ચકિત થઈ ગયા. એમણે શ્રી સીમંધર સ્વામીને પ્રશ્ન કર્યો કે 'ભગવાન ! હાલ ભરત ક્ષેત્રમાં નિગોદનું સ્વરૂપ જાણનાર કોણ છે ?'

ભગવાને કહ્યું, 'મથુરા નગરીમાં શ્રી આર્યરક્ષિતસૂરિ મારી જેમ જ નિગોદનું સ્વરૂપ સમજાવી શકે છે.'

ત્યાર પછી ઇન્દ્ર મહારાજને જિજ્ઞાસા થઈ એટલે તેઓ એક ગરીબ બ્રાહ્મણનું રૂપ લઈ શ્રી આર્યરક્ષિતસૂરિ પાસે આવ્યા અને નિગોદ વિશે સમજાવવા વિનંતી કરી. શ્રી આર્યરક્ષિતસૂરિએ એમને નિગોદનું યથાસ્થિત સ્વરૂપ સમજાવ્યું. એથી ઈન્દ્ર મહારાજ આશ્ચર્યચકિત થઈ ગયા. તે વખતે શ્રી આર્યરક્ષિતસૂરિએ પોતાના જ્ઞાનથી ઈન્દ્ર મહારાજને ઓળખી લીધા હતા.

સમગ્ર સૃષ્ટિમાં ચોર્યાસી લાખ જીવાયોનિ છે એટલે કે ચોર્યાશી લાખ પ્રકારના જીવો છે. એમાં સંસારી જીવનું અત્યંત પ્રાથમિક સ્વરૂપ તે નિગોદ છે અને અત્યંત વિકસતિ સ્વરૂપ તે મનુષ્ય છે. જ્યાં સુધી સંસારમાંથી મુક્તિ મળતી નથી, મોક્ષગતિ પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી જીવો મનુષ્ય, દેવ, તિર્યંચ અને નારકી એ ચાર ગતિમાં–ચોર્યાસી લાખ યોનિમાં પરિભ્રમણ કર્યા કરે છે. એમાં નિગોદ એ સૌ જીવોનું પહેલું શરીરરૂપી સહિયારું ઘર છે.

આ જીવસૃષ્ટિમાં સૌથી નીચેના ક્રમમાં એકેન્દ્રિય, માત્ર સ્પર્શેન્દ્રિયવાળા જીવો છે. પૃથ્વીકાય, અપકાય, વાયુકાય, તેઉકાય (અગ્નિકાય) અને વનસ્પતિકાય. આ દરેકના સૂક્ષ્મ અને બાદર એવા બે પ્રકાર છે. એમાં બાદર વનસ્પતિકાયના બે ભેદ છે–બાદર પ્રત્યેક વનસ્પતિકાય અને બાદર સાધારણ વનસ્પતિકાય. એક શરીરમાં એક જીવ હોય તે પ્રત્યેક કહેવાય અને એક શરીરમાં અનંત જીવ હોય તે સાધારણ કહેવાય. સૂક્ષ્મ અને બાદર એવા પૃથ્વીકાય વગેરે પ્રથમ ચારમાં એક શરીરમાં એક જીવ છે. સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયમાં અનંત જીવ છે અને બાદર સાધારણ વનસ્પતિકાયમાં પણ અનંત જીવ છે. આમાં સૂક્ષ્મ અને બાદર સાધારણ

વનસ્પતિકાયના જીવો તે નિગોદના જીવો છે. સાધારણ વનસ્પતિકાય એવા નિગોદના જીવોને 'અનંતકાય' પણ કહે છે.

निगोद શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે અપાય છે :

नि-नियतां, गां-भूमिं-क्षेत्रं-निवासं,

अनन्तानंत जीवानां ददाति इति निगोदः ।

नि એટલે નિયત-નિશ્ચિત, અનંતપણું જેમનું નિશ્ચિત છે એવા જીવો, गो એટલે એક જ ક્ષેત્ર, નિવાસ, द એટલે ददाति અર્થાત્ આપે છે. જે અનંત જીવોને એક જ નિવાસ આપે છે તે નિગોદ.

निगोदशरीरं येषां ते निगोदशरीराः ।

અર્થાત્ નિગોદ એ જ જેમનું શરીર છે તે નિગોદશરીરી કહેવાય છે.

'નિગોદ' શબ્દ સ્ત્રીલિંગમાં પ્રયોજાય છે. પ્રાકૃત-અર્ધમાગધીમાં णिगोद, णिगोय શબ્દ છે.

જીવને નિગોદપણું 'સાધારણ' નામના નામકર્મના ઉદયથી હોય છે. 'નિગોદ' શબ્દ તેવા શરીર માટે પ્રયોજાય છે. તદુપરાંત 'નિગોદ' શબ્દ તેમાં રહેલા પ્રત્યેક જીવ માટે પ્રયોજાય છે અને અનંત જીવના સમુદાય માટે પણ પ્રયોજાય છે.

ગૌતમસ્વામી ભગવાન મહાવીરને પૂછે છે :

कइविहा णं भंते ! णिगोदा पण्णता ? (ભગવાન, નિગોદ કેટલા પ્રકારના કહ્યા છે ?)

ભગવાન કહે છે :

गोयमा । दुविहा णिगोदा पण्णता, तं जहा, णिगोदा य, णिगोदजीवा य । (હે ગૌતમ, નિગોદ બે પ્રકારના કહ્યા છે. જેમકે (૧) નિગોદ (શરીર) અને (૨) નિગોદ જીવ.

સોયની અણી જેટલી જગ્યામાં અનંત જીવો રહેલા છે. સોયની અણી તો નજરે દેખાય છે. પણ એથી પણ અનેકગણી સૂક્ષ્મ જગ્યામાં નિગોદના જીવો રહેલા છે જે નજરે દેખી શકાતા નથી. સૂક્ષ્મદર્શક યંત્રથી પણ તે દેખી શકાય એમ નથી.

નિગોદમાં આ અનંત જીવો પોતપોતાની જુદી જુદી જગ્યા રોકીને નથી રહ્યા. એક જીવમાં બીજો જીવ, ત્રીજો જીવ, ચોથો જીવ વગેરે એમ અનંત જીવો પરસ્પર એકબીજામાં પ્રવેશ કરીને, સંક્રમીને, ઓતપ્રોત બનીને રહ્યા છે.

નિગોદના એક શરીરમાં અનંત જીવો એક સાથે કેવી રીતે રહી શકે ? તેના ઉત્તરમાં કહેવાયું છે કે બે અથવા વધુ પદાર્થો એકબીજાની અંદર રહી શકે છે. એ પ્રમાણે રહેવાની બે રીતિ છે. (૧) અપ્રવેશ રીતિ અને (૨) પ્રવેશ રીતિ અથવા સંક્રાન્ત રીતિ.

એક દાબડીની અંદર બીજી દાબડી હોય અને એમાં ત્રીજી દાબડી હોય અને એ દાબડીમાં સોનાની એક વીંટી હોય, તો બહારથી જોતાં એક જ મોટી દાબડીમાં તે બધાં હોવા છતાં તેઓ એકબીજામાં સંક્રાન્ત નથી થયાં. પરંતુ એક દીવામાં બીજો દીવો ભળે અથવા એ રીતે પંદર પચીસ દીવા સાથે પ્રકાશે છે ત્યારે એક જ જ્યોતિમાં બીજી જ્યોતિ સંક્રાન્ત થઈને સમાઈ જાય છે. અથવા એક ઓરડામાં એક દીવો હોય અથવા પંદર પચીસ દીવા હોય તો તે બધાનો પ્રકાશ એકબીજામાં ભળી જાય છે. મતલબ કે એમાંથી કોઈ પણ એક દીવાને બહાર કાઢી લેવામાં આવે તો તે દીવો સ્વતંત્ર પ્રકાશવાળો પણ થઈ શકે છે. સગર્ભા સ્ત્રીના પેટમાં બાળક હોય છે તો માતા અને બાળક બંનેની આત્મજ્યોતિ એટલા ભાગમાં પરસ્પર સંક્રાન્ત થયેલી હોય છે. રમતના મેદાનમાં કોઈ ખેલાડીની ઉપર એક લાખ માણસની દૃષ્ટિ એક સાથે ફેંકાય છે, પરંતુ એ બધી દૃષ્ટિઓ માહોમાહે અથડાતી નથી અને ખેલાડીના શરીર પર ધક્કામારી કરતી નથી. બધી દૃષ્ટિઓ પરસ્પર ભળી જાય છે. બીજું એક ઉદાહરણ લોઢાના ગોળાનું લઈ શકાય. એને તપાવવામાં આવે અને તે લાલચોળ થાય ત્યારે અગ્નિ એનામાં સંક્રાન્ત થઈને રહેલો હોય છે.

એવી રીતે નિગોદના એક શરીરમાં અનંત જીવોની આત્મજ્યોતિ એકબીજામાં ભળીને રહેલી હોય છે.

એક નિગોદમાં અનંત જીવો હોય છે એટલું જ નહિ એક નિગોદની અંદર બીજી અસંખ્ય નિગોદો પણ હોય છે. એટલે જ ચૌદ રાજલોકમાં નિગોદો ઠાંસી ઠાંસીને ભરેલી છે એમ કહેવાય છે.

જે અને જેટલા આકાશપ્રદેશો એક નિગોદે અવગાહ્યા હોય તે જ અને તેટલા જ આકાશપ્રદેશો બીજી અસંખ્ય નિગોદોએ તે જ સમયે અવગાહ્યા હોય તો તે નિગોદ અને બીજી તેવી સર્વ નિગોદો 'સમાવગાહી' કહેવાય છે. જેમ દૂધમાં સાકર ભળી જાય તો દૂધના એક ભાગમાં સાકર વધારે અને બીજા ભાગમાં ઓછી હોય એવું નથી હોતું. દૂધમાં સાકર અન્યૂનાધિકપણે-તુલ્યપણે પ્રસરે છે. તેમ સમાવગાહી નિગોદો પરસ્પર એક પણ આકાશપ્રદેશની ન્યૂનાધિકતા વગર સર્વત્ર તુલ્ય ક્ષેત્રમાં અવગાહેલી હોય છે. આવી નિગોદોને 'સમાવગાહી' નિગોદો કહે છે અને સમાવગાહી નિગોદોના સમુદાયને 'ગોળો' કહે છે. આવા અસંખ્ય ગોળા ચૌદ રાજલોકમાં વ્યાપેલા છે. આમ, નિગોદના એક ગોળાના અવગાહક્ષેત્રમાં કેટલીયે નિગોદો સમાવગાહી હોય છે. પરંતુ તદુપરાંત કેટલીક નિગોદ સમાવગાહમાં એક પ્રદેશ ન્યૂન હોય છે, કેટલીક બે પ્રદેશ ન્યૂન હોય છે, એમ કરતાં કરતાં કેટલીક અસંખ્યાત પ્રદેશ ન્યૂન હોય છે અને છએ દિશામાં અવગાહેલી હોય અથવા વિપરીત ક્રમે જોઇએ તો કેટલીક નિગોદો અમુક નિગોદના અવગાહક્ષેત્રના એક પ્રદેશ ઉપર વ્યાપ્ત થઈ હોય, કેટલીક બે પ્રદેશ ઉપર વ્યાપ્ત થઈ હોય, એમ એ અસંખ્યાત પ્રદેશ ઉપર વ્યાપ્ત થઈ હોય. આવી એક એક પ્રદેશ હાનિવાળી અથવા એક એક પ્રદેશની વૃદ્ધિવાળી નિગોદો 'વિષમાવગાહી' નિગોદ કહેવાય છે.

જે ગોળામાં વિષમાવગાહી નિગોદોની સ્પર્શના છ એ દિશામાં હોય તે અખંડગોળો અથવા સંપૂર્ણ ગોળો કહેવાય છે.

જે ગોળામાં વિષમાવગાહી નિગોદોની સ્પર્શના માત્ર ત્રણ દિશામાં જ હોય તો તે ખંડગોળો કહેવાય. આવા ખંડગોળા ફક્ત લોકના અંતે નિષ્કૂટ સ્થાનોમાં હોય છે. નિષ્કૂટ એટલે સર્વ બાજુએ અલોકની અંદર ચાલ્યો ગયેલો લોકના અંતે રહેલો લોકનો અત્યંત અલ્પ ભાગ. લોકને છેડે આવેલા નિગોદના ગોળાઓની, અલોકમાં ત્રણ દિશામાં સ્પર્શના થતી નથી. એટલે તે ખંડગોળો કહે છે.

નિગોદના ગોળાના ખંડ ગોળો અને અખંડ ગોળો એવા પ્રકાર અહીં બતાવવામાં આવ્યા છે, પરંતુ અવગાહનાની દૃષ્ટિએ બંને ગોળા સરખા જ છે. માત્ર દિશાઓની સ્પર્શનાની ન્યૂનાધિકતા બતાવવા જ ખંડ ગોળો અને અખંડ અથવા પૂર્ણ ગોળો એવા શબ્દો પ્રયોજાયા છે.

સમાવગાહી નિગોદોનો દરેકનો સંપૂર્ણ ભાગ અને વિષમાવગાહી નિગોદોનો દરેકનો દેશ ભાગ જે અમુક નિગોદાવગાહ ક્ષેત્રમાં અવગાહ્યો છે એવા નિગોદગોળાને સર્વગોળા કહેવામાં આવે છે.

આ રીતે ચૌદ રાજલોકમાં નિગોદના ગોળા અસંખ્યાતા છે. એક

એક ગોળામાં અસંખ્યાતા નિગોદો છે અને એક એક નિગોદમાં અનંત અનંત જીવો છે. એટલા માટે 'નિગોદછત્રીશી'માં કહ્યું છે :

गोला य असंखिज्जा, हुंति निगोया असंखया गोले ।
इक्किक्को य निगोओ, अणंत जीवो मुणेयव्वो ॥ 12 ॥

[ગોળા અસંખ્યાતા છે. એક એક ગોળામાં અસંખ્યાતી નિગોદો છે તથા એક એક નિગોદમાં અનંતા જીવો છે એમ જાણવું.]

નિગોદ એટલે સાધારણ વનસ્પતિકાયનું શરીર. અગાઉ બતાવ્યું તેમ સાધારણ વનસ્પતિકાયના બે પ્રકાર છે :

(૧) સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય અને (૨) બાદર સાધારણ વનસ્પતિકાય. આ બંનેના પ્રત્યેકના પર્યાપ્તા અને અપર્યાપ્તા એવા બે ભેદ હોય છે. એ રીતે ચાર ભેદ થાય છે: (૧) સૂક્ષ્મ અપર્યાપ્તા નિગોદ, (૨) સૂક્ષ્મ પર્યાપ્તા નિગોદ (૩) બાદર અપર્યાપ્તા નિગોદ અને (૪) બાદર પર્યાપ્તા નિગોદ. કહ્યું છે :

एवं सुहुमणिगोदजीवा वि पज्जत्तगा वि अपज्जत्तगा वि ।
बायर णिगोदजीवा वि पज्जत्तगा वि अपज्जत्तगा वि ॥

સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયરૂપ નિગોદ ચૌદ રાજલોકમાં એટલે કે સમગ્ર લોકાકાશમાં અતિનિબિડપણે વ્યાપ્ત છે. સર્વ લોકાકાશમાં એવું કોઈ સ્થળ નથી એટલે કે એવો કોઈ આકાશપ્રદેશ નથી કે જ્યાં સૂક્ષ્મ નિગોદના જીવો ન હોય.

બાદર સાધારણકાયરૂપ નિગોદના જીવો સર્વત્ર નથી, પણ જ્યાં જ્યાં કાચું જળ છે, લીલ છે, ફૂગ છે અને જ્યાં જ્યાં કંદમૂળ આદિ રૂપે વનસ્પતિ છે ત્યાં ત્યાં બાદર નિગોદ છે. બાદર નિગોદ નિયતસ્થાનવર્તી છે. તે નિરાધારપણે રહી શકતી નથી. તે બાદર પૃથ્વીકાય વગેરે જીવના શરીરના આધારે રહે છે. આ રીતે બાદર નિગોદ લોકના અસંખ્યાતમાં ભાગમાં છે.

નિગોદના જીવોને બીજા બે પ્રકારે પણ ઓળખાવાય છે. તે છે 'અવ્યવહારરાશિ' નિગોદ અને 'વ્યવહારરાશિ' નિગોદ. એમાં 'વ્યવહાર' અને 'અવ્યવહાર' શબ્દ એના અર્થ પ્રમાણે પ્રયોજાયા છે. સૂક્ષ્મ વનસ્પતિકાયમાંથી નીકળેલા જે જીવોનો પછીથી 'બાદર' નામે, પૃથ્વીકાયાદિ નામે 'વ્યવહાર' થાય છે તે વ્યવહારરાશિના જીવો છે અને જે જીવો સૂક્ષ્મ વનસ્પતિકાયમાં જ અનાદિ કાળથી જન્મમરણ કર્યા કરે છે અને હજુ બાદર નામનો 'વ્યવહાર' પામ્યા નથી તે જીવોને અવ્યવહાર રાશિના જીવો તરીકે ઓળખવામાં આવે છે, તેઓને 'અનાદિ નિગોદ', 'સૂક્ષ્મ નિગોદ', 'નિત્ય નિગોદ', 'નિશ્ચય નિગોદ' ઇત્યાદિ તરીકે પણ ઓળખાવાય છે.

સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ જીવો સૂક્ષ્મ વનસ્પતિપણામાંથી બહાર નીકળ્યા હોવાથી તેઓ અવ્યવહાર રાશિના નથી, પરંતુ જે જીવો અનાદિ કાળથી સૂક્ષ્મ વનસ્પતિકાયમાં કે સૂક્ષ્મ પૃથ્વીકાયાદિમાં વારંવાર ઉત્પન્ન થયા કરતા રહ્યા હોય અને અનાદિ કાળથી જે જીવોએ બાદરપણું ક્યારેય પ્રાપ્ત ન કર્યું હોય એવા સૂક્ષ્મ પૃથ્વીકાયાદિના જીવોને અવ્યવહારરાશિના ગણવા કે કેમ તે વિશે મતાન્તર છે.

જે જીવો અનાદિ કાળથી માત્ર સૂક્ષ્મ વનસ્પતિ રૂપે જ જન્મમરણ કર્યા કરે છે અને ક્યારે ય બાદરપણું પ્રાપ્ત કર્યું નથી કે કરવાના નથી તેવા અવ્યવહાર રાશિના જીવોનો સતત આયુષ્યકાળ અનાદિ-અનંત છે. વ્યવહાર રાશિના નિગોદના જીવોનો આવો ઉત્કૃષ્ટ કાળ અનાદિ-સાન્ત અથવા સાદિ-સાન્ત છે.

નિગોદના જે જીવોએ એક વાર પણ બાદરપણું પ્રાપ્ત કર્યું હોય અને વ્યવહારરાશિમાં આવ્યા હોય, પરંતુ પાછા સૂક્ષ્મ નિગોદમાં ઉત્પન્ન થયા હોય તો પણ તે વ્યવહારરાશિના જીવો ગણાય છે.

સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના જીવોનું શરીરપ્રમાણ જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે અને ઉત્કૃષ્ટથી પણ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે. પરંતુ જઘન્ય કરતાં ઉત્કૃષ્ટથી શરીર કંઈક અધિક હોય છે. એમાં અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની અવગાહના સૌથી ઓછી અને પર્યાપ્ત બાદર નિગોદની અવગાહના સૌથી વધુ હોય છે.

સૂક્ષ્મ નિગોદ આપણાને નરી નજરે દેખાતી નથી. તેવી રીતે બાદર નિગોદ પણ દેખાતી નથી. તો પછી સૂક્ષ્મ અને બાદર એવા ભેદ કરવાની શી જરૂર ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે સૂક્ષ્મ નિગોદ ગમે તેટલી એકત્ર થાય તો પણ ચર્મચક્ષુથી કે સૂક્ષ્મદર્શક કાચથી ક્યારેય નિહાળી નહિ શકાય. પરંતુ બાદર નિગોદ એક, બે કે લાખો કે કરોડો એક સાથે હોય તો પણ ન દેખાવા છતાં અસંખ્યાત બાદર નિગોદશરીર એકત્ર થાય તો એનો પિંડ સૂક્ષ્મદર્શક કાચથી કે નરી નજરે દેખી શકાય છે, કારણ કે એનામાં દેખાવાની યોગ્યતા હોય છે.

ભગવાને કહ્યું છે :

एगस्स दोण्ह तिण्ह व, संखेज्जाण व न पासिक सक्का ।
दीसंति सरीराइं णिओयजीवाणऽणंताणं ॥

[એક, બે, ત્રણ, સંખ્યાત નિગોદોને (પ્રત્યેકના જુદા જુદા શરીરને) દેખવાનું શક્ય નથી. કેવળ અનંત (બાદર) નિગોદજીવોના નિગોદરૂપ શરીરને દેખી શકાય છે.]

બટાટા, ગાજર, મૂળા, આદુ વગેરે અનંતકાય છે. તેમાંથી સોયના અગ્રભાગ પર રહે એટલો નાનો ભાગ લઇએ તો તે અસંખ્ય શરીરનો પિંડ જોઈ શકાય છે.

અસંખ્ય શરીરમાંના પ્રત્યેક શરીરમાં અનંત અનંત જીવો પરસ્પર સંક્રમીને રહેલા છે. આ સામાન્ય માણસને ગળે ઊતરે એવી વાત નથી. જેઓ જિનેશ્વર ભગવાનની આજ્ઞામાં રુચિ અને શ્રદ્ધા ધરાવે છે તેમને આ વાત તરત હૈયે બેસી જશે. બાદર નિગોદનું શરીર જ્યાં સુધી જીવોત્પત્તિને અયોગ્ય થતું નથી એટલે કે નષ્ટ પામતું નથી ત્યાં સુધી એમાં કોઈ પણ સમયે અનંત જીવો વિદ્યમાન હોય છે. પરંતુ આ જીવોનું જન્મમરણનું ચક્ર બહુ ત્વરિત ગતિએ ચાલતું હોય છે. એટલે એક નિગોદમાં જે અનંત જીવો કોઈ એક સમયે હોય છે તે જ જીવો સતત તેમાં જ રહ્યા કરે એવું નથી. એ અનંતમાંના કેટલાક (એટલે કે અનંત) જીવો અમુક એક સમયે ઉત્પન્ન થયેલા હોય છે. બીજા કેટલાક અનંત જીવો બીજા કોઈ સમયે ઉત્પન્ન થયેલા હોય છે. વળી પછીના સમયે બીજા કોઈ અનંત જીવો ઉત્પન્ન થયેલા હોય છે. એટલે કોઈ પણ એક નિગોદમાં જુદા જુદા સમયે ઉત્પન્ન થયેલા અનંત અનંત જીવોનો સમૂહ હોય છે.

જે જીવો નિગોદમાંથી નીકળ્યા નથી પણ નીકળશે તેમની કાયસ્થિતિ અનાદિસાન્ત છે. જેઓ ક્યારેય નીકળવાના નથી તેમની કાયસ્થિતિ અનાદિ-અનંત છે. જેઓ નિગોદમાંથી નીકળી ફરી પાછા નિગોદમાં આવે છે અને પાછા નીકળશે એમની કાયસ્થિતિ સાદિ-સાન્ત છે.

સાધારણ જીવોમાં સાધારણપણું એટલે સરખાપણું અથવા સામાન્યપણું હોય છે. નિગોદમાં સર્વ જીવો માટે એક જ [illegible]

body હોવાથી તે સાધારણ શરીર ગણાય છે. વળી તે જીવો સાધારણ નામકર્મના ઉદયવાળા હોવાથી સાધારણ કહેવાય છે. આમ નિશ્ચયથી સાધારણપણું જીવોને માટે હોય છે અને વ્યવહારથી સાધારણપણું શરીર માટે કહેવાય છે. એટલે પ્રજ્ઞાપનાસૂત્રમાં કહ્યું છે:

समयं वक्कंताणं समयं तेसिं शरीर निव्वत्ती ।
समयं आणुग्गहणं समयं उसासनीसासो ॥

[સમકાળે ઉત્પન્ન થયેલા તે (સાધારણ વનસ્પતિકાય) અનંત જીવોની શરીરરચના પણ સમકાળે થાય છે, ઉચ્છ્વાસ-નિ:શ્વાસને યોગ્ય પુદ્ગલ પરમાણુઓનું ગ્રહણ પણ એક સાથે-સમકાળે થાય છે અને ઉચ્છ્વાસ-નિ:શ્વાસનો વ્યાપાર પણ સમકાળે થાય છે.]

एक्कस्य उ जं गहणं, बहूण साहारणाण तं चेव ।
जं बहुयाण गहणं, समासओ त्तं पि एगस्स ॥
साहारणमाहारो साहारणमाणुपाण गहणं च ।
साहारणजीयणं साहारण लवखणं एयं ॥

[એક જીવ જે ગ્રહણ કરે છે તે બહુ જીવોથી ગ્રહણ કરાય છે અને જે બહુ જીવોથી ગ્રહણ થાય છે તે એક જીવથી થાય છે.

સાધારણ જીવોનો આહાર સાધારણ હોય છે. શ્વાસોચ્છ્વાસનું ગ્રહણ સાધારણ હોય છે: સાધારણ જીવોનું આ સાધારણ લક્ષણ છે.]

એક નિગોદમાં રહેલા અનંત જીવોનાં વેદન પ્રાય: એક સરખાં હોય છે. નિગોદના એક જીવને ઉપઘાત લાગે તો તે નિગોદના સર્વ જીવોને ઉપઘાત લાગે છે.

નિગોદના જીવોને ઔદારિક, તેજસ્ અને કાર્મણ એ ત્રણ પ્રકારનાં શરીર હોય છે. ઔદારિક શરીર અનંત જીવોનું એક હોય છે. તેજસ્ અને કાર્મણ સરીર પ્રત્યેક જીવનું જુદું જુદું હોય છે. વળી પ્રત્યેક જીવના આત્મપ્રદેશો અસંખ્યાત હોય છે.

નિગોદનું સંસ્થાન હુંડક, અનિયત આકારવાળું કે પરપોટા (સ્તિબુક) જેવું ગોળ છે. નિગોદના જીવોને હાડ ન હોવાથી સંઘયણ નથી હોતું, પરંતુ બળની અપેક્ષાએ તેઓને સેવાર્ત સંઘયણ હોવાનો મત છે.

નિગોદનું જઘન્ય આયુષ્ય ૨૫૬ આવલિકા પ્રમાણ ક્ષુલ્લક ભવ જેટલું હોય છે અને ઉત્કૃષ્ટથી અન્તમુહૂર્ત જેટલું હોય છે.

નિગોદના જીવોને આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, વિષય(મૈથુન)સંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા એ ચાર સંજ્ઞા અવ્યક્તપણે હોય છે. વળી તેઓને ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાય પણ અવ્યક્તપણે હોય છે.

પુરુષ વેદ, સ્ત્રી વેદ અને નપુંસક વેદ એ ત્રણ વેદમાંથી નિગોદના જીવોને ફક્ત નપુંસક વેદ જ હોય છે અને તે પણ અવ્યક્તપણે જ હોય છે.

નિગોદના જીવો મિથ્યાદૃષ્ટિ હોય છે. તેઓને અવ્યક્ત મિથ્યાત્વ હોય છે. તેઓ વિચાર કરવાને અશક્ત હોવાથી તેઓને અસંજ્ઞી જીવો કહેવામાં આવે છે. તેઓને છ લેશ્યામાંથી ફક્ત કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ લેશ્યા હોય છે.

નિગોદના જીવોને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન અત્યંત અલ્પ પ્રમાણમાં હોય છે. નિગોદના જીવોને અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાન હોય છે. વળી તેઓને માત્ર એક જ ઇન્દ્રિય-સ્પર્શેન્દ્રિય હોવાથી તેઓ અચક્ષુ દર્શનવાળા હોય છે. આમ તેઓને બે અજ્ઞાન અને એક દર્શન એમ મળીને ત્રણ ઉપયોગ હોય છે.

નિગોદમાં એક શરીરમાં રહેલા અનંત જીવો અવ્યક્ત અર્થાત્ અસ્પષ્ટ અશાતા વેદનાનો અનુભવ કરે છે. એ વેદના સાતમી નરકના જીવોની વેદનાથી અનંતગુણી વધારે હોય છે. તેઓને સ્પષ્ટ ચૈતન્ય નથી, તો પણ ભલે અવ્યક્ત પ્રકારની પણ વેદના તો તેઓ અવશ્ય અનુભવે છે. ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને કહ્યું હતું:

जं नरए नेरइया दुखं पावंति गोयमा तिखं ।
तं पुण निगोअजीवा अनन्तगुणियं वियाणाहि ॥

[હે ગૌતમ ! નારકીમાં નારકીના જીવો જે દુ:ખ પામે છે, તેથી અનંતગુણ દુ:ખ નિગોદના જીવો પામે છે એમ જાણવું.]

આમ સંસારમાં સૌથી વધુ દુ:ખ નિગોદના જીવોને હોય છે.

નિગોદમાંથી નીકળેલો કોઈ ભાગ્યશાળી જીવ અનન્તરપણે એટલે કે તરતના બીજા ભવે પંચેન્દ્રિય તિર્યંચ થાય તો સમ્યક્ત્વ અને દેશવિરતિ પણ પામી શકે તથા અનન્તરપણે જો મનુષ્યભવમાં ઉત્પન્ન થાય તો સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, કેવળજ્ઞાન અને મોક્ષ પણ પામી શકે.

નિગોદના જીવોને અગ્રભવમાં–પછીના તરતના ભવમાં માંડલિક, ચક્રવર્તિના ચૌદ રત્નોની પદવી, તથા સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ અને કેવળી–એમ ૧૯ પદવીમાંથી કોઈ પણ પદવી મળી શકે, પણ તેઓને અગ્રભવમાં તીર્થંકર, ચક્રવર્તિ, વાસુદેવ અને બલદેવ આ ચાર પદવી ન મળી શકે. વળી, તેઓ અનન્તર ભવે યુગલિકમાં, દેવમાં અને નારકમાં ઉત્પન્ન થતા નથી, તેવી જ રીતે યુગલિક, દેવ અને નારકના જીવો અનન્તર ભવે નિગોદમાં આવતા નથી.

કોઈ પણ એક જીવના આત્મપ્રદેશોની ઉત્કૃષ્ટ અવગાહના ચૌદ રાજલોક પ્રમાણ છે. કેવળી ભગવંતો જ્યારે સમુદ્ઘાત કરે છે ત્યારે ચોથે સમયે તેમનો એક એક આત્મપ્રદેશ લોકાકાશના એક એક પ્રદેશ ઉપર આવી જાય છે. એટલે કે એમના આત્મ પ્રદેશો ચૌદ રાજલોકમાં વ્યાપ્ત બને છે. આ જીવની ઉત્કૃષ્ટ અવગાહના છે.

હવે જીવની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાત ભાગપ્રમાણ હોય છે. જીવ જ્યારે સંકુચિત થાય છે, નાનામાં નાનો દેહ ધારણ કરે છે ત્યારે તે અંગુલના અસંખ્યાત ભાગપ્રમાણ અવગાહનાવાળો થાય છે. આવી સંકુચિત જઘન્ય અવગાહના ફક્ત નિગોદમાં હોવાથી એક નિગોદની અવગાહના અંગુલની અસંખ્યાત ભાગપ્રમાણ છે. એક નિગોદમાં અનંતાજીવો હોવાથી, એટલે કે તેઓનું એક સાધારણ શરીર હોવાથી નિગોદના બધા જ જીવોની અવગાહના સરખી હોય છે.

કોઈ પણ વનસ્પતિ સાધારણ છે કે પ્રત્યેક છે તે કેવી રીતે જાણવું? તે માટે કહ્યું છે કે જે વનસ્પતિની સિરા (નસો), સંધિ (સાંધા) અને પર્વ (ગાંઠા) ગુપ્ત હોય, જે વનસ્પતિને ભાંગવાથી સરખા ભાગ થાય, જેમાં તંતુ ન હોય અને છેદવા છતાં જે ફરીથી ઊગી શકે તે સાધારણ વનસ્પતિ કહેવાય. આ ઉપરાંત બીજાં પણ કારણો છે જેને લીધે અમુક પ્રકારની વનસ્પતિને સાધારણ વનસ્પતિ કહેવામાં આવે છે. અમુક વનસ્પતિ કે તેનો અમુક ભાગ અમુક કાળ સુધી સાધારણ વનસ્પતિ ગણાય છે. અને પછી તે પ્રત્યેક વનસ્પતિ થાય છે. સાધારણમાંથી પ્રત્યેક અને પ્રત્યેકમાંથી સાધારણ વનસ્પતિ ક્યારે ક્યારે કઈ વનસ્પતિમાં થાય છે તેની વિગતે છણાવટ શાસ્ત્રગ્રંથોમાં થયેલી છે.

કન્દ, અંકુર, કિસલય, પનક (ફૂગ), સેવાળ, લીલાં આદુ-હળદર, ગાજર, થુવર, કુંવારપાટો, ગુગળ, ગળો વગેરે સાધારણ વનસ્પતિમાં ગણાય છે. આવા કુલ બત્રીસ પ્રકારના અનંતકાય બતાવવામાં આવ્યાં છે. એને અભક્ષ્ય ગણાવામાં આવ્યાં છે. એના ભક્ષણથી બહુ દોષ લાગે

છે કારણ કે એના ભક્ષણથી સૂક્ષ્મ જીવોની પાર વગરની હિંસા થાય છે.

નિગોદના જીવો માંસમાં પણ ઉત્પન્ન થાય છે. શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં કહ્યું છે:

सद्यः समूर्च्छितान्त-जन्तुसन्तानदूषितम् ।
नरकाध्वनि पाथेयं कोऽश्नीयात् पिशितं सुधीः ॥

[પ્રાણીને કાપતાં કે વધ કરતાંની સાથે જ તરત જ માંસની અંદર નિગોદરૂપ અનંતા સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય છે અને તેની વારંવાર ઉત્પન્ન થવાની પરંપરા ચાલુ જ રહે છે. માટે નરકના માર્ગનું આ પાથેય (ભાતું) છે. કયો સમજુ માણસ નરકના ભાતા સરખા માંસનું ભક્ષણ કરે ?]

એક નિગોદ (સૂક્ષ્મ કે બાદર)માં અનંત જીવો છે. ચૌદ રાજલોકમાં નિગોદના ગોળા અસંખ્યાત છે. બાદર નિગોદ અસંખ્યાત છે અને પ્રત્યેક નિગોદમાં અનંત જીવ છે. બાદર નિગોદ કરતાં સૂક્ષ્મ નિગોદ અસંખ્યાતગુણી વધારે છે. વળી પ્રત્યેક સૂક્ષ્મ નિગોદમાં અનંત જીવો છે. એટલે સૂક્ષ્મ અને બાદર નિગોદના જીવો અનંત અનંત છે.

વર્તમાનમાં સિદ્ધગતિમાં ગયેલા જીવો અનંત છે. ભૂતકાળમાં અનંત જીવો મોક્ષે ગયા છે અને ભવિષ્યમાં અનંત જીવો મોક્ષે જશે. આમ ત્રણે કાળના સિદ્ધગતિના જીવોનો કુલ સરવાળો ક્યારે પણ પૂછવામાં આવે ત્યારે એક જ જવાબ રહેશે કે 'હજુ એક નિગોદનો અનંતનો ભાગ મોક્ષે ગયો છે.' દ્રવ્યલોકમાં કહ્યું છે:

न तादग् भविता कालः सिद्धाः सोपचया अपि ।
यत्राधिका भवंत्येक-निगोदानंतभागतः ।

[એવો કાળ ભવિષ્યમાં આવવાનો નથી કે જ્યારે સર્વ (ત્રણે કાળના) સિદ્ધાત્માઓને એકત્ર કરવામાં આવે તો પણ એક નિગોદના અનંતમા ભાગ કરતાં અધિક થાય.]

जइआइ होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइया ।
इक्कस निगोयस्स य, अणंतभागो उ सिद्धगओ ॥

[શ્રી જિનેશ્વર ભગવાનના માર્ગમાં જ્યારે જ્યારે (સિદ્ધગતિના જીવોની સંખ્યા વિશે) પૃચ્છા કરવામાં આવે ત્યારે ત્યારે એક જ ઉત્તર મળશે કે એક નિગોદના અનંતમાં ભાગના જીવો સિદ્ધગતિમાં ગયા છે.]

હવે આટલું તો નક્કી છે કે ચૌદ રાજલોકમાં મનુષ્યક્ષેત્રમાંથી મનુષ્ય ગતિના જીવો સતત મોક્ષે જાય છે. એટલે ચતુર્ગતિરૂપ સંસારમાંથી જીવો તો ઓછા થાય છે.

એક જીવ મોક્ષે જાય એટલે તે જ સમયે એક જીવ અવ્યવહાર રાશિમાંથી નીકળી વ્યવહાર રાશિમાં આવે છે. કારણ કે વ્યવહારરાશિની સંખ્યા કાયમ અખંડ રહે છે. પરંતુ અવ્યવહાર રાશિમાંથી તો જીવો સતત ઓછા થતા જાય છે. અવ્યવહારરાશિને સતત ફક્ત હાનિ જ થતી રહે છે. પરંતુ વ્યવહારરાશિમાં હાનિ અને વૃદ્ધિ બંને સરખી જ થતી રહે છે. એટલે વ્યવહારરાશિ હંમેશાં તુલ્ય સંખ્યાવાળી રહે છે અને અવ્યવહારરાશિને એકાન્તે હાનિ જ થયા કરે છે.

આમ છતાં સિદ્ધગતિના જીવો એક નિગોદના અનંતમાં ભાગ જેટલા કેમ કહેવામાં આવે છે ?

વળી, નિગોદના જીવો સતત ઘટતા જ રહે તો છેવટે (ભલે અનંત કાળે) એવો વખત નહિ આવે કે જ્યારે નિગોદમાં કોઈ જીવ બાકી રહ્યા જ ન હોય ?

આ બે પ્રશ્નોનો ઉત્તર સમજવા માટે પહેલાં રાશિ વિશે સમજવું જરૂરી છે. સંખ્યાને સમજવા માટે મુખ્ય ત્રણ રાશિ છે: (૧) સંખ્યાત, (૨) અસંખ્યાત અને (૩) અનંત. આ પ્રકારો બહુ જ વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક છે. આધુનિક ગણિતશાસ્ત્ર પણ એ સ્વીકારે છે.

એકથી ૨૯ આંકડા સુધીની રકમને 'સંખ્યાત' કહેવામાં આવે છે. એનો વ્યવહાર એક રીતનો હોય છે, જેમકે પાંચમા પાંચ ઉમેરીએ તો દસ થાય. પાંચમાંથી પાંચ બાદ કરીએ તો શૂન્ય આવે. પાંચને પાંચે ગુણીએ તો પચ્ચીસ થાય અને પાંચને પાંચે ભાગીએ તો જવાબ 'એક' આવે.

પરંતુ અસંખ્યાતમાંથી અસંખ્યાત બાદ કરો તો પણ અસંખ્યાત જ રહે. અસંખ્યાતમાં અસંખ્યાત ઉમેરો તો પણ અસંખ્યાત જ થાય. અસંખ્યાત ક્યારેય અસંખ્યાત મટી સંખ્યાત ન થાય.

તેવી જ રીતે અનંતમાંથી અનંત બાદ કરો તો શૂન્ય નહિ, પણ અનંત જ રહે. (Infinity–Infinity=Infinity) અનંત ગુણ્યા અનંત બરાબર અનંત થાય. (Infinity x Infinity=Infinity)

એટલા માટે અવ્યવહારરાશિ નિગોદ ક્યારેય અનંત મટીને અસંખ્યાત થાય નહિ. (જો અસંખ્યાત થાય તો પછી અસંખ્યાતમાંથી સંખ્યાત પણ થઈ શકે અને સંખ્યાતમાંથી શૂન્ય પણ થઈ શકે.) એટલે અવ્યવહાર રાશિ નિગોદ અનાદિ-અનંત છે અને અનાદિ-અનંત જ રહેશે. સિદ્ધગતિના જીવો અનંત છે તો પણ નિગોદના અનંતમા ભાગ જેટલા જ રહેશે.

એટલા માટે 'ઘટે ન રાશિ નિગોદકી, બઢે ન સિદ્ધ અનંત' એવી ઉક્તિ પ્રચલિત બની ગયેલી છે.

નિગોદમાંથી નીકળેલો જીવ પાછો નિગોદમાં ન જાય એવું નથી. જે જીવનાં તેવા પ્રકારનાં કર્મ હોય તો તે પાછો નિગોદમાં જાય છે. મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકી એ ચારે ગતિમાં પરિભ્રમણ કરીને આખા સંસારનો અનુભવ લઇને, મોક્ષગતિ ન પામતાં જીવ પાછો નિગોદમાં આવી શકે છે. એવા જીવોનો 'ચતુર્ગતિ નિગોદ' કહેવામાં આવે છે.

નિગોદમાંથી નીકળ્યા પછી જીવ ઉત્તરોત્તર વિકાસ સાધતો મનુષ્ય ભવમાં આવી, ત્યાગ સંયમ ધારણ કરી, સર્વવિરતિ સમ્યગ્દૃષ્ટિ બની ઉપરના ગુણસ્થાનકે આરોહણ કરે છે, પરંતુ મોહનીય કર્મને કારણે દસમા ગુણસ્થાનકેથી ઉપશમશ્રેણી માંડી અગિયારમા ગુણસ્થાનકેથી નીચે પડે છે. કોઈક જીવો તો એવા વેગથી પડે છે કે તેઓ સીધા નિગોદમાં ચાલ્યા જાય છે. ફરી પાછું એમને ઉર્ધ્વારોહણ કરવાનું રહે છે. અલબત્ત, તેમના સંસારપરિભ્રમણનો કાળ મર્યાદિત બની જાય છે. તેઓ અર્ધપુદ્‌ગલ પરાવર્તનમાં હોય છે, તો પણ એટલો કાળ પણ ઓછો નથી. એમાં અનંત ભવો ફરી પાછા કરવાના આવે છે. મોટા મોટા મહાત્માઓ પણ મોહનીય કર્મને કારણે પાછા પડ્યા છે અને નિગોદમાં ગયા છે. એટલે માણસે વિચાર કરવો જોઇએ કે પોતાનો જીવ નિગોદમાંથી નીકળી રખડતો રખડતો, અથડાતો-કૂટાતો, અનેક ભયંકર દુ:ખો સહન કરતો કરતો અનંત ભવે મનુષ્ય જન્મ પામ્યો છે, તો હવે એવાં ભારે કર્મ ન થઈ જવાં જોઇએ કે, જેથી ફરી પાછા નિગોદમાં પછડાઇએ અને એકડે એકથી શરૂ કરવાનું આવે.

નિગોદ જેવા અત્યંત સૂક્ષ્મ અને ગહન વિષયની સમજણ અને શ્રદ્ધા પ્રાપ્ત થાય તો માણસે આત્મવિકાસ માટેનો પુરુષાર્થ ચૂકવા જેવો નથી.

□ રમણલાલ ચી. શાહ

# અભિનવ પ્રણયનો કાવ્ય-સંવાદ

□ સ્વ. નેમચંદ એમ. ગાલા

૧૯૩૧માં બીજી ગોળમેજી પરિષદ લંડનમાં ભરાઈ. ગાંધીજી અને મહાદેવભાઈ સપ્ટેમ્બરથી નવેમ્બર સુધી પરિષદમાં હાજરી આપી લંડનમાં રહ્યા. ત્યાંનાં સ્થિરવાસ દરમ્યાન એક ખાનગી નાટકશાળામાં બન્નેએ બે નાટકો જોયાં. તેમાંનું એક નાટક તો સરકારી પરવાના વિના ભજવાયું હતું. ગાંધીજીએ પોતાના એ સાહસનું રસિક વર્ણન પંડિત જવાહરલાલ નહેરૂને લખેલા એક પત્રમાં કરતાં લખ્યું:

`All scenes (about ten) were without execption bedroom scenes and monotonously vulgar and yet it must confess the execution was superb.'

[તેમાંનાં બધા જ દૃશ્યો (લગભગ દશ) શયનખંડનાં હતાં અને તે પણ કંટાળાજનક અને સુરુચિનો ભંગ કરે એવાં. છતાં મારે કબૂલ કરવું જોઇએ કે નાટકની રજૂઆત ઉત્તમ કોટિની હતી.']

બીજા નાટકની વાત કરતાં ગાંધીજીએ લખ્યું છે:

`The thing however I liked was `Baretts of Wimpole street'...Beautiful in its conception and execution...everything was delicately chaste. Yes, I am deliberately using the word chaste....So I went to the Barettes once again.'

[પણ મને ગમ્યું તે નાટક તો 'બેરેટ્સ ઓવ વિમ્પલ સ્ટ્રીટ' હતું. બીજભૂત વિચાર અને રજૂઆત બન્નેમાં સુંદર. દરેક રીતે એવું લાલિત્યસભર અને સંસ્કારી. હા, હું સમજી વિચારીને સંસ્કારી શબ્દ વાપરૂં છું...અને તેથી હું ફરી એક વાર બેરેટ્સ જોવા ગયો.]

ગાંધીજી જે નાટકથી પ્રભાવિત થઈ સતત બીજે દિવસે ફરી જોવા ગયા, એ નાટકનું કથાવસ્તુ-કથાનક શું ?

ઓગણીસમી સદીના સમર્થ અંગ્રેજ કવિ રોબર્ટ બ્રાઉનિંગ અને કવયિત્રી એલિઝાબેથ બેરેટનો કાવ્ય અનુબંધથી પ્રારંભ થયેલો પ્રણય અત્યંત રોમાંચક, રોચક અને સાહિત્ય જગતમાં અભિનવ અને લોકપ્રિય છે. બેઉ વચ્ચેનો કાવ્ય સંવાદ સાહિત્યસૃષ્ટિની અણમોલ સંપદા છે. એમની પ્રણવગાથા એ જ આ નાટકનું કથાવસ્તુ !

આ જ કથાવસ્તુ પરથી Rudeep Beseir નામના નાટ્યકારે નાટક રચ્યું હતું. એ નાટક પરથી હોલીવુડની M.G.M. એ પ્રથમ ૧૯૩૪માં અને બીજી વાર ૧૯૫૬માં ચિત્રપટ ઉતાર્યાં.

'બેરેટ્સ ઓવ વિમ્પલ સ્ટ્રીટ' નાટ્યકૃતિ બી.એ. (અંગ્રેજી વિષય સાથે)ના અભ્યાસક્રમમાં પણ રહી ચૂકી છે. ૧૯૫૬માં ઊતરેલું બીજું ચિત્રપટ રૂંવાડા ખડા કરી દે, એટલું આહ્લાદક હતું. જોનાર જિંદગીભર ન ભૂલે એવું.

રોબર્ટ સમર્થ કવિ હતો, તો એલિઝાબેથ અત્યંત ઋજુ કવયિત્રી હતી. અંગ્રેજી સાહિત્યમાંની શ્રેષ્ઠ કવયિત્રીઓમાં એલિઝાબેથની ગણના થાય છે. રોબર્ટને પ્રથમ પંક્તિના કવિઓમાં મૂકવામાં આવે છે.

એલિઝાબેથના પિતા તામસી પ્રકૃતિના, કઠોર, જુલ્મગાર અને Possessive હતા.

લંડનમાં વિમ્પલ સ્ટ્રીટમાં આવેલા ઘરમાં પિતાએ એલિઝાબેથને કેદી જેવી દશામાં રાખેલી. પિતાની કોઈક માનસિક વિકૃતિએ એલિઝાબેથને માંદગીના બિછાને પટકી દીધી હતી. ઉલ્લાસ અને આશાવિહીન, ઉદાસ જીવન ઘસડ્યે જવાનો અર્થ શો ? એણે અજ્ઞાતપણે મૃત્યુને નિમંત્રણ જ આપી દીધું, એની રાહ જોતી પડી રહેતી. એને કાવ્યોનો શોખ હતો. એક વખત કવિ રોબર્ટનું કાવ્ય વાંચીને એલિઝાબેથે એને પત્ર લખ્યો..કાવ્યમાં. ગુંગળામણ કંઈક હળવી થઈ.

અને એક દિવસ સાક્ષાત રોબર્ટ ઝંઝાવાતની જેમ એના બેડરૂમમાં આવીને ઊભો રહ્યો !

'રોબર્ટ !' એલિઝાબેથ હર્ષોન્મેશમાં ચીસ પાડવા જતી હતી પણ ગળે ડૂમો ભરાયો.

હતાશ, નિષ્પ્રાણ જેવી માંદલી, દૂબળી છોકરીને જોઈ રોબર્ટ પળભર તો વ્યથિત થઈ ગયો. પરંતુ રોબર્ટ એક જોમવંત, ચેતનવંત અને તરવરિયો જુવાન હતો. એણે એલિઝાબેથનો હાથ પોતાના હાથમાં લીધો... 'શું આમ માંદલીની જેમ પડી છો...જાણે કંઈ ચેતન જ નથી...જો...મારા હાથમાંથી ચેતનનો પ્રવાહ તારામાં પ્રવેશી રહ્યો છે. તને વીજળી જેવી ઝણઝણાટી નથી થતી ? આ તો મારા પ્રાણનો સંચાર છે...ચલ ઊઠ...બેઠી થા...'

એલિઝાબેથનાં અંગેઅંગમાં જાણે વીજળી દોડી ગઈ...જાણે કે એક લાશમાં પ્રાણારોપણ થઈ ગયું.

રોબર્ટ એલિઝાબેથને મળતો રહ્યો...એલિઝાબેથને ધીરે ધીરે કળ વળતી ગઈ...પણ મૃત્યુનો ઓછાયો એના માથા પર ભમતો જ હતો.

અને એક સમીસાંજે રોબર્ટે એલિઝાબેથ સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો ! એલિઝાબેથ (૧૮૦૬-૧૮૬૧), રોબર્ટ (૧૮૧૨-૧૮૯૯) કરતાં સાત વર્ષ મોટી હતી !

એલિઝાબેથ હતપ્રભ થઈ ગઈ...જાણે વાચા જ ચાલી ગઈ. રોબર્ટના લગ્નપ્રસ્તાવનો પ્રત્યુત્તર `Denial-ઇન્કાર' શીર્ષકના કાવ્યમાં આપતાં કહ્યું:-

We have met late, it is
too late to meet...

આપણે મોડા મળ્યા...મેળાપ માટે બહુ મોડું કહેવાય. ઓ મિત્ર...મિત્રથી વિશેષ કશું જ નહિ...

મૃત્યુની જાળો મારા પગને
વિંટળાઈ વળી છે.
હું જરી પણ ડગ માંડું કે હલનચલન કરું,
તો મારા અંતને સ્પર્શું...
હું તલભાર ખસી નથી શકતી...
આવી વિટંબણામાં...
હું તારા સુધી પહોંચી શકું ?
તારા પ્રેમપ્રસ્તાવનો હું
શું પ્રતિભાવ આપું ?
Look in my face and see...
-મારા ચહેરા પર નજર નોંધ અને ઉકેલ...

એલિઝાબેથ આગળ કહે છે:

હું તને ચાહતી નથી...ચાહવાની હિંમત નથી,
મારો હાથ છોડી ચૂપચાપ ચાલ્યો જા...
તું ગુલાબોની શોધમાં હો,

તો જે વાટિકામાં ખીલતા હોય, ત્યાં શોધ,
વેરાન રણમાં નહિ;
મારા દુ:ખડા માટે ગીત ? કે
જીવન અને મૃત્યુ ક્યારે સહમત થઈ શકે ખરાં ?
કોઈક આગલા-ઉજવાળા દિવસોમાં
હું તને પ્રેમ કરી શકતે...
મારી ચેતના છલાંગ મારી દેતે...
પણ હવે તારી પ્રેમ પ્રશસ્તિ સાંભળીને
મારું હૈયું બેસી જાય છે.
રડી રડીને મારાં ગાલની સુરખી વિલાઈ ગઈ
તે અગાઉ તું આ માગણી કરતે...
તો હજી હું તને હા કહેતે...
મલકાઈને કહેતે...
મારા ચહેરા પર નજર નોંધ અને ઉકેલ...
પણ હવે...પ્રભુ મને નિહાળી રહ્યો છે...
જેણે મારું હૈયું છિનવી
જીવનસાગરનાં ઉછળતા મોજાંઓમાં
ફંગોળી ડૂબાડી દીધું, એ પ્રભુ...
તારી વિશાળ ઉષ્માભરી
સૃષ્ટિમાં મારો કોઈ હિસ્સો નથી.
મરશિયા જેવું હળવું શોકગીત
મારો કબજો લઈ બેઠું છે;
ઉત્કૃષ્ટ પ્રેમનાં સંવાદી તાણાવાણા, જો ઢીલાં
હોય, તો કોઈ સંતો હસ્તક્ષેપ
કરી, મને નીચે નહિં પાડી દેશે ?
હું શું એક પત્ની તરીકે પસંદ
કરવા જેવી છું ?
મારા ચહેરા પર નજર નોંધ અને ઉકેલ,
કોઈ સ્વપ્નસેવીની જેમ
હું સ્પષ્ટપણે ભાળું છું,
કોઈ રૂપાનાં ઝરણાં જેવા સૂરીલા અવાજવાળી,
મારા કરતાં પણ તને, અનુરૂપ, મારી થી નાની...
મુગ્ધા, વિચાર-સંઘર્ષથી મુક્ત,
રૂપસુંદર, ઉલ્લાસમયી, નારી,
આત્મસભર ફૂવારા જેવી
નીવડશે...
મારી ભીંજાયેલી આંખો કરતાં
વધુ ચમકીલી આંખોવાળી...
ત્યારે તારે મને ભૂલી જવી પડશે...
મારા ચહેરા પર નજર નોંધ
અને ઉકેલ.
તને...જેને મેં ખૂબ જ મોડેથી-એટલે મોડેથી
પિછાણી...કે તને નજીક આવવા
દઉં...તેને હવે અલવિદા...
તને લોકો મહાન કહેતા હોય
ત્યારે સુખની ગણતરી કરજે...
અને એક પ્રેમિકા-નારીને તું
વ્હાલો લાગે છે...
મને નહિં...તે હું નહિં...
એ શક્ય નથી...
હું ખોવાઈ ગઈ છું. હું બદલાઈ ગઈ છું.
મારે હજી લાંબે જવું છે...લાંબી યાત્રાએ...
પરિવર્તન કપરો કાળ લાવશે મારા માટે. તેમાં
કોઈ કંઈ કરી નહિં શકે
એ જાણવા માટે મારા ચહેરામાં જો...
દરમ્યાન...મારી સમગ્ર ભાવના સૃષ્ટિથી
તારું મંગળ ઇચ્છી આશીર્વાદ આપું છું;
તારા દીપમાં કદી તેલ ન ખૂટે...
તારો પ્યાલો જીવનરસથી ભરપૂર રહે, છલોછલ
તારું હૈયું ઉમંગથી સભર રહે,
તારા હાથને સમકક્ષ નિષ્ઠાવાન હાથનો
સંસ્પર્શ સદાય મળી રહે.
મારી વાત કરું તો...
હું તને નથી ચાહતી...નથી ચાહતી.
તું મહેરબાની કરી મને એકલી મૂકી દે...
મારા હાલ પર છોડી દે...
મારા અંત:સ્તલમાં હવે એટલી હિંમત પણ
નથી રહી...કે
તને કહી શકું કે
મારા ચહેરા પર નજર નોંધ અને ઉકેલ...

એલિઝાબેથની પ્રકૃતિ નાજુક હતી. પણ મનોબળ મજબૂત હતું. એલિઝાબેથ મચક આપતી નહોતી...અને રોબર્ટ હાર સ્વીકારવા તૈયાર ન હતો. ગર્તમાં ડૂબેલી, પોતાને માંદી માનતી Hypochondrial એલિઝાબેથને કોઈ પણ ઉપાયે બહાર લાવી અસલ સ્વરૂપમાં સ્થાપિત કરવી હતી.

એલિઝાબેથ અવઢવમાં પડી હતી, અને એણે એક કાવ્ય રચ્યું. The Lady's Yes-એક નારીની હા...લખ્યું

`Yes' I answered you last night,
`No' this morning, Sir, I say
Colours seen by candle-light,
will not look the same
by day

આનાકાની અને કભી હા,–કભી ના, કરતાં કરતાં પણ છેલ્લે કાવ્યમાં કહે છે,-

તું નિષ્ઠાવાન રહે,–એ નિષ્ઠાવંત રહેશે
અને એક વખત નારી અનુમતિ આપી 'હા' કહે,
તે હંમેશને માટે, સદાકાળ માટે 'હા' જ રહેશે

રોબર્ટનો આયાસ સફળ થયો. છેવટે એલિઝાબેથ માની ગઈ. વળી એલિઝાબેથે એક કાવ્ય રચ્યું A Man's Requirements. (પુરુષની આવશ્યકતાઓ)...પરંતુ વાસ્તવમાં આ કાવ્યમાં નારીની અપેક્ષાઓ રજૂ કરતાં કવયિત્રી કહે છે:

'આકાશમાંથી રંગ લઈ,
તારી આસમાની આંખોથી ચાહજે મને.

પછી સ્વર્ગની શી જરૂર ?
પ્રથમ મિલન વખતે બરફની જેમ ઢળી પડતી
આંખોથી ચાહજે મને,
ખુલ્લા મનથી બિનધાસ્તપણે બાહુ ફેલાવી ચાહજે;
મને બહોશીમાં લઈ જતા તારા અવાજથી મને ચાહજે !
હું જ્યારે ગણગણું છું, કે મને ચાહજે, ત્યારે
તારા ચહેરા પર પડતા લજ્જાના શેરડાથી
મને ચાહજે;

એલિઝાબેથે ઘણાં પ્રણય-કાવ્યો રચ્યાં...પણ ક્યારેય રોબર્ટને બતાવ્યાં સુધ્ધાં નહિ !

પ્રણય નિ:સ્વપ્નપણે પમરતો પાંગરતો પરાકાષ્ટાએ પહોંચ્યો...એલિઝાબેથ કાવ્યોને છાતીએ વળગાડી બેસી રહેતી...કોઈ ઉપાય-રસ્તો નજરે ચઢતો ન હતો. ચાળીસી વટાવી ચૂકી હતી...ગયા વર્ષો, રહ્યાં વર્ષો...

જુલ્મગાર પિતા એલિઝાબેથને નજરકેદમાંથી મુક્ત કરવા તૈયાર ન હતો...ત્યાં લગ્નની વાત જ શી ? રોબર્ટ વ્યથિત હતો. કિનારે આવીને નાવ ડૂબશે કે શું ? રોબર્ટ પોતાની ઉલ્લસિત ઉર્જાથી એલિઝાબેથને Melancholia હતાશાની ખીણમાંથી બહાર તો લઈ આવ્યો. જીવવાના ઉમંગથી ભરી દીધી. એના માથે ભમતા મૃત્યુના ઓછાયાને પોતાના તેજપુંજથી ઓગાળી દીધો. આકાશની જેમ છવાઈ ગયો. પથારીવશ ખોળીયામાંથી એલિઝાબેથને ઊભી કરી દીધી. પાનખરમાં વસંત લાવી દીધી. એક અભિનવ નારી ઉભરી, ઉપસી એલિઝાબેથનું Metamorphosis-ચરિત્ર નવનિર્માણ થઈ ગયું. સપનાને મોતી ટાંકી દીધાં. વંટોળિયાની જેમ આવી ઊંચકી લીધી...

હવે છેલ્લો ઘા મરદનો....

પૂરું આયોજિત કાવત્રું જ ઘડી કાઢ્યું...કડીબદ્ધ યોજના બનાવી,-એલિઝાબેથના હરણની...

કાવ્યોનો થોકડો, એક જોડી કપડાંની પોટલી બાંધી એલિઝાબેથ બેઠી અભિસારે...

હનુમાન જેવો રોબર્ટ આવ્યો...એલિઝાબેથને ઊંચકી ખભે બેસાડી...અને બન્ને ભાગી છૂટ્યા...એલિઝાબેથના કારાવાસની અવધિ પૂરી થઈ...ઊમંગની કોઈ અવધિ ન હતી, બન્ને પરણી ગયાં.

પણ લંડનનું હવામાન એલિઝાબેથને અનુકૂળ જ ન હતું. રોબર્ટે એની ચેતનાને સંકોરી હતી, પણ શરીર સાથ આપતું ન હતું. Spirit is willing but the flesh is weak જેવું થયું.

હવાફેર અને સ્થાનફેરથી તબિયત સુધરે એવી આશાથી રોબર્ટ એને ઈટલી લઈ ગયો. એલિઝાબેથની તબિયતમાં સુધારો થયો સારો જેવો...રોબર્ટે ફ્લોરેન્સમાં ઘર લીધું, સ્થાયી થયાં. સોના જેવા દિવસો અને ચાંદી જેવી રાતો...બન્નેની કાવ્ય-સરવાણી સતત વહેતી રહી...સપનાં જેવું જીવન...બન્ને હૈયાં એક હોય તેમ, બેઉ મન એક હોય તેમ વિચારતા, અનુભવતા અને ભાવનાઓને આત્મસાત્ કરતાં...ભર્યું-ભર્યું, ઊર્મિલ અને સંતોષમય જીવન ઝડપથી વહ્યે જતું હતું.

રોબર્ટે એલિઝાબેથને ફૂલની જેમ જાળવી, પંદર વર્ષના સુખના દિવસો અને ખુશીની રાતો આંખના પલકારામાં વીતી ગયાં. ફ્લોરેન્સમાં બન્નેએ અત્યંત સુખમય જીવન ગાળ્યાં...એલિઝાબેથ રોબર્ટના સાથે ટકી ગઈ...આખરે સુખની અવધિ પૂરી થવા આવી.

અભિનવ અને ઐતિહાસિક કવિ-કવયિત્રીની પ્રણય બેલડીને વિખૂટા પડવાની પળ આવી પહોંચી.

એલિઝાબેથ મરણાસન્ન હતી.

આખરી રાત...કદી ન ખૂટે એવી લાંબી લાંબી આખી રાત. રોબર્ટ એલિઝાબેથની પથારી પાસે એનો હાથ હાથમાં ધરી બેસી રહ્યો. એલિઝાબેથ ક્યારેક ક્યારેક મંદ સ્વરે રોબર્ટનું નામ ગણગણતી અને રોબર્ટ નજીક ઝૂકી કાન દઈ સાંભળતો...અને એલિઝાબેથ આશા, ઉત્સાહ અને પ્રફુલ્લિતા અર્પે એવા કોઈ શબ્દો બોલતી...વળી નિદ્રામાં સરી પડતી. રોબર્ટ સ્તબ્ધ બની પ્રાર્થના કરતો બેસી રહેતો.

'મારી પ્રાણપ્રિયા...' રોબર્ટ વિદીર્ણ હૃદયે ચિત્કારી ઊઠ્યો...' તારે સાજા થવું જ પડશે....હવે તું મને છોડી જઈ શકે નહિં.'

રોબર્ટની નજર સમક્ષ એલિઝાબેથ સાથેના પ્રથમ મિલનની ક્ષણથી...કાવ્યમય સંવનન કાળ, સંઘર્ષવ્યથા, વેદના, લગ્ન, ફ્લોરેન્સ-ઇટલી પ્રયાણ, પંદર વર્ષનું અભિજાત ઋજુ ઊર્મિકાવ્ય જેવું ઉત્કૃષ્ટ દાંપત્યજીવન...જાણે સપનામાં જ જીવ્યા હોય એવું; પ્રાત:કાળનાં સમણા જેવું રમ્ય અને શાતાદાયક, ઉભયની કાવ્ય રચનાઓ-આસ્વાદ, સમૃદ્ધ અને ઐશ્વર્યવાન જીવતર...સર્વોચ્ચ સુખમય....એક ચિત્રપટની જેમ નજર સમક્ષ દશ્યમાન થઈ પસાર થઈ ગયું.

...આ ક્ષણ સુધી...until now...Now he knew the idyll was over, the dream was spent, Elizabeth was dying...

હવે અદ્‌ભુત વર્ણનાત્મક કાવ્ય પૂરું થઈ ગયું...સપનું પૂરું થયું...એલિઝાબેથના છેલ્લા શ્વાસ ચાલતા હતા... રોબર્ટનું રોમેરોમ પોકારી ઊઠ્યું...નહિં...નહિં...પણ એ જાણતો હતો કે હવે અંત નજીક છે. ડૉક્ટરે પણ એ જ કહ્યું હતું. જે એ જાણતો હતો...હૈયાના ઊંડાણમાં.

પરોઢ થતાં પહેલાં...થોડી ક્ષણો અગાઉ...એલિઝાબેથે પાસું ફેરવ્યું અને આંખો ખોલી... 'પ્રિયતમ...મને બાહુમાં લ્યો' એલિઝાબેથ ડૂબતા અવાજે બોલી. રોબર્ટે એને પોતાના હાથોમાં ઊંચકી લીધી અને બારી પાસે હૈયાસરસી ચાંપી બેઠો...એલિઝાબેથનાં શરીરે મુલાયમ બ્લેન્કેટ વિંટાળેલી હતી. તે સમેત રોબર્ટ બેસી રહ્યો...જાણે બ્લેન્કેટના ગરમાટ અને મુલાયમતાથી એલિઝાબેથને પોતાની પાસે જ રાખી શકશે ! મૌનપણે ઘણો સમય બેઉ બેસી રહ્યાં...એલિઝાબેથની ડોક રોબર્ટના ખભા પર ઢળેલી હતી...બન્ને વચ્ચે કોઈ શબ્દોની આવશ્યકતા ન હતી !

રોબર્ટને બહુ ગમતી એલિઝાબેથની કવિતા How do I Love thee, Let me count the ways રોબર્ટના ચિત્તમાં ઘૂમરાતી હતી...એ કાવ્યની અંતિમ પંક્તિઓને રોબર્ટ ખૂબ ચાહતો..રોબર્ટનાં વ્યથિત મનને આભાસ થયો કે એલિઝાબેથના હોઠ બિડાયેલાં હતાં છતાં જાણે એ એ જ પંક્તિઓ બોલી રહી હતી...

I Love thee with the breath,
Smiles, tears of all my life !
and if God choose,
I shall but love thee better
after death.

રોબર્ટ નીચો નમ્યો અને એલિઝાબેથના ગાલે ચુંબન કર્યું...બરફીલું ચુંબન...લાશ જેવી ઠંડક...

ઊગતા સૂરજના કિરણો બારીને સ્પર્શ્યા...

નવા દિવસનો ઉદય થઈ રહ્યો હતો...બારી વાટે...એલિઝાબેથે એક નિ:સાસો નાખ્યો...બોલી:

'કેટલું સુંદર ! અદ્‌ભુત...' અને રોબર્ટના બાહુઓમાં એલિઝાબેથનું ખોળીયું રહી ગયું માત્ર.

આવતા ભવે મળવાનું, પ્રણયનું વચન આપી એલિઝાબેથે અનંત યાત્રાએ પ્રયાણ કર્યું. આ પૃથ્વી પરનું એક જાજરમાન જીવન સમાપ્ત થઈ ગયું.

સ્મૃતિઓનો મધુમાસ...અને કાવ્યોનો એહસાસ રહી ગયો શેષ માત્ર...

x x x

એલિઝાબેથના અવસાનથી રોબર્ટને જે આઘાત પહોંચ્યો, એની કળ વળતાં વર્ષો લાગી ગયાં. એનું કાવ્ય સર્જન ઠપ થઈ ગયું. એને કળ વળી, ત્યારે નવી દૃષ્ટિ અને શ્રદ્ધા પ્રાપ્ત થયાં અને એક અનુપમ કાવ્ય એની કલમમાંથી સર્યું...Prospice અર્થાત્ Look Forward. એની ઊઘડતી પંક્તિઓ છે: Fear Death ? મૃત્યુનો ડર ? નહિં, મૃત્યુને સહર્ષ સ્વીકારવાની વાત આવી... સાથે સાથે મૃત્યુને પડકાર...પડકાર અને શ્રદ્ધાનું અદ્‌ભુત મિશ્રણ છે. અંતે તો મારો વિજય જ છે. રોબર્ટે કહ્યું, છેલ્લે તો મારો એની સાથે મેળાપ થશે જ. અંતિમ પંક્તિઓ છે:

`The Soul of my Soul,
I shall clasp thee again

—ફરી તું મારા બાહુમાં હોઈશ...રોબર્ટ પોકારી ઊઠે છે. એ મૃત્યુથી ડરતો નથી બલ્કે He looks forward to it. એ પળની વાટ જોઈ બેઠો છે. For in death he and Elizabeth will be united.

રોબર્ટ કહે છે, મૃત્યુ તો મંગલમય ઘટના હશે કે મારી પ્રિયતમા સાથે મારો મેળાપ થશે...

અકથ્ય વેદનામાંથી શ્રદ્ધાનો ઉદ્‌ભવ થયો.

આ કાવ્યનો દેશવ્યાપી પ્રભાવ પડ્યો. અનેક હતાશ લોકોને શ્રદ્ધા અને ધૈર્ય–હિંમત પ્રાપ્ત થયાં. પત્રોનો ઢગલો રોબર્ટને ત્યાં ઠલવાતો.

મૃત્યુથી કશાનો અંત આવતો નથી...મૃત્યુ પછી પણ જીવન છે, એવી શ્રદ્ધાનો લોકોમાં ઉદ્‌ભવ થયો.

એ જ અરસામાં બારમી સદીમાં થઈ ગયેલા સ્પેનના કવિ રબી અબ્રાહમ, બેન મીર, બેન અઝરાના કાવ્યો રોબર્ટને પ્રભાવિત કરી ગયાં. રોબર્ટની હતાશાને નવી દિશા સાંપડી. વિષાદયોગના પ્રક્ષેપણમાં રોબર્ટે ૩૨ કડીઓનું કાવ્ય રચ્યું જેમાં એણે બેન અઝરાનું ચિંતન ગૂંથી લીધું. શ્રદ્ધા, હિંમત અને પુરુષાર્થનું કાવ્ય...મૃત્યુ અને ઘડપણથી અભય બનાવતું કાવ્ય...

બેન અઝરા કહેતા-

Approach the twilight of life with joy and hope. Approach the last of life with eagerness, not gloom. For the last of life is the `best of life. Trust God and be not afraid.

જીવનની સંધ્યાને આનંદ અને આશાથી વધાવો, જીવતરના છેલ્લા તબક્કાને તત્પરતાથી આવકારો, ગમગીનીથી નહિં. આયુષ્યના છેલ્લાં વર્ષો જીવનનાં ઉત્તમ વર્ષો છે. ડરો નહિં અને પ્રભુમાં શ્રદ્ધા રાખો: રોબર્ટે પોતે રચેલાં કાવ્યમાં લખ્યું-

Grow old with me ! the best is yet to come
The last of life for which the first was made

જીવનનાં છેલ્લાં તબક્કા માટે જ પ્રથમ હિસ્સો સર્જાયો છે. પહેલો સમય વાવણીનો; છેલ્લો લાગણીનો. મહર્ષિ નારદે વર્ષો પહેલાં આ જ વાત કહી હતી.

૧૮૬૪માં પ્રગટ થયેલાં `Dramat is Personal.' કાવ્યસંગ્રહમાં રોબર્ટે બેન અઝરાને યથોચિત રજૂ કર્યા. લાખો લોકો આજે પણ રોબર્ટના કાવ્યથી અભિભૂત છે.

આ કાવ્યથી ઝંકૃત Antiphapes લખે છે: 'વિદાય લીધેલા મિત્રો માટે વધારે પડતો શોક ન કરતા. એમણે પોતાની યાત્રા પૂરી કરી છે જે આપણા સૌને માટે નિહિત છે. આપણે સૌએ એ સ્થળ-સૃષ્ટિ પર જવાનું છે. જ્યાં એ બધા ભેગાં થયાં છે, એને એમની સાથે પણ રહેવાનું છે...Live together in another state of being.

I Shall clasp thee again. ફરી મેળાપની વાત. પુનર્જન્મની આટલી વિશ્વાસભરી વાત પશ્ચિમમાં રોબર્ટ જેટલી નિર્ભિકતાથી કોઇએ કહી નથી.

એલિઝાબેથને તો રોબર્ટ અને આ ધરતીનું જ ઘેલું હતું. એક કાવ્યમાં કહે છે:-

Let us stay Rather on Earth.

આગળ કહે છે:

A place to stand and love in
for a day
with darkness and the
Death-hour rounding it.

એલિઝાબેથે આ જ ધરતી પર માત્ર પગ રાખવા જેટલી જગા એક જ દિવસ માટે માગી છે..ફક્ત પ્રેમ કરવા માટે ! એને સ્વર્ગ, કે મુક્તિમાં રસ નથી. અભિલાષા માત્ર રોબર્ટની !

કેવળ પંદર વર્ષનો પ્રેમાનુબંધ...જીવનની લંબાઈ કરતાં ગહનતા વધુ મહત્ત્વની હોય છે !

એલિઝાબેથના અવસાન બાદ રોબર્ટે અર્પેલી કાવ્યાંજલિ સાહિત્ય જગતમાં બેનમૂન છે.

રોબર્ટે ૭૭ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવ્યું. એલિઝાબેથનાં દેહાંત પછી ૨૮ વર્ષ જીવ્યો. ઘેરા વિષાદમાંથી બહાર આવી શક્યો...ત્રણ વર્ષ સૂનમૂન બેસી રહ્યા બાદ...અને જગતને પ્રશિષ્ટ રચનાઓ મળી...એલિઝાબેથ સદા એની પ્રેરણાસ્રોત રહી.

રોબર્ટ અને એલિઝાબેથે આ ધરતી પર જન્મ ધારણ કરવો એ સાહિત્ય જગત માટે એક મંગળમય ઘટના છે.

એલિઝાબેથના કાવ્યોનો સંગ્રહ `Sonnets from the Portugese' ના નામથી પ્રગટ થયો હતો.

રોબર્ટ બ્રાઉનિંગનાં કાવ્યો Collected works of Robert Browningના નામથી પ્રગટ થયાં.

F. T. Palgrove's The Golden Treasury of the best songs and lyrical Poems; Immortal Poems of English Liturature, Six Centuries of English Poetry વિ. સંગ્રહોમાં તેમનાં કાવ્યો સ્થાન પામ્યાં છે.

ઑસ્કર વાઇલ્ડ જેવા સાહિત્યકારે પોતાની માતા વિષે બોલતાં જણાવ્યું હતું કે-`She was as intelligent as Elizabeth Browning.' એલિઝાબેથની પ્રતિભાને આ ઉદાત્ત સલામી છે.

❖❖❖

# શ્રી આનંદઘનજી રચિત શ્રી ઋષભદેવ જિન સ્તવન

□ સુમનભાઈ એમ. શાહ

શ્રી અરિહંત પરમાત્માના પ્રગટ આત્મિકગુણો પ્રત્યક્ષ સદ્‌ગુરુ મારફત યથાતથ્ય જાણી તેઓ પ્રત્યે રુચિ, રાગ, ભક્તિ, અહોભાવ, અનન્યતા ઇત્યાદિ થવા માટે સાધકે કપટરહિત થઈ સર્વાર્પણ કરવું ઘટે છે. શ્રી અરિહંત પ્રભુની અંતરપ્રતિષ્ઠા સાધકના હૃદયમંદિરમાં થાય, તેઓનું સ્વામિત્વ સાધકથી સ્વીકારાય તો સાદિસાન્તથી માંડી અનંત કાળ સુધી તેઓનું અખંડ હેવાતણ સાધકને વર્તે એ શ્રી આનંદઘનજી રચિત ઋષભદેવ પ્રભુના સ્તવનનો મુખ્ય હેતુ જણાઈ આવે છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ.

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ-અનંત.
—ઋષભ જિનેશ્વર...૧

ઉદયકર્માનુસાર સાંસારિક પ્રવૃત્તિમાં ઉદાસીન વૃત્તિ કરી, શ્રી વીતરાગ ભગવંતમાં પ્રીતિમાન થઈ, સાધક ઉલ્લાસપૂર્વક શુદ્ધ ચેતનાને નિવેદન કરે છે કે 'હે સખિ ! શ્રી ઋષભદેવ પ્રભુ જેઓ અનંત, અવ્યાબાધ, સહજસુખ અને પરમાનંદને પામ્યા છે, તેઓ મને સહુથી વહાલા છે. તેઓ જ મારા પ્રિય સ્વામી છે, જેથી હવે બીજા કોઇપણ નાથ કે સ્વામીની હું રુચિ ધરાવતી નથી. અન્યજનો તો જન્મ-જરા-મરણના દુ:ખે કરી આકુળ-વ્યાકુળ હોવાથી મારે તેઓનું કંઈ કામ નથી. મને શ્રી ઋષભદેવ પ્રત્યે અનન્યતા પ્રગટી છે, કારણ કે તેઓ એક વખત રીઝ્યા પછી તેઓનો વિયોગ કોઈ કાળે થવાનો નથી, અથવા તેઓનો સંગ છૂટવાનો નથી. શ્રી વીતરાગ ભગવંત પ્રત્યે પ્રીતિસંબંધની શરૂઆત તો થાય, પરંતુ તેનો અંત કદાપિ થાય નહિ એવી સમજણ મને પ્રગટી છે.

પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;
પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય.
—ઋષભ જિનેશ્વર...૨

ઋણાનુબંધથી, થયેલ પતિ સાથેનો સંગ કે સંયોગનો વિયોગ ન થાય તે અર્થે સ્ત્રીઓ કેટલા બધા મિથ્યા ઉપાયો કરે છે ! આવી સ્ત્રીઓ મોહાસક્ત હોવાથી તેઓને સમજણ નથી પડતી કે સંસાર વ્યવહારમાં પતિ-પત્ની રૂપે મળવાનો યોગ થયો હોય પણ તે કાયમી નથી બલ્કે તે બહુધા ઉપાધિમય નીવડે છે. કર્માનુસાર પ્રાપ્ત સંયોગોમાં પતિ-પત્ની બન્ને અજ્ઞાનદશામાં વૈભાવિક પ્રવૃત્તિ આદરી નવાં કર્મો બાંધે છે અને સ્વાર્થની સગાઇને વળગી રહેવા જીવન પર્યંત વલખાં માર્યા કરે છે. આવી વૃત્તિ અને પ્રવૃત્તિથી તેઓ પોતાના સ્વાભાવિક આત્મસ્વરૂપ ઉપર કર્મરૂપ આવરણોનું સર્જન કરતા રહે છે. આમ માનવદેહરૂપ મળેલો અમૂલ્ય અવસર તેઓ ગુમાવી દે છે. ખરેખર તો માનવદેહનો સદુપયોગ નિરુપાધિક સંબંધ માટે છે અને તે શ્રી વીતરાગ ભગવંત પ્રત્યે અનન્ય પ્રીતિ સંબંધથી થઈ શકે છે. પરંતુ આ માટે ઉપાધિમય પદ, પ્રતિષ્ઠા, વૈભવ, ઋણાનુબંધના સંબંધો પોતાપણું ઇત્યાદિ સંપદાને ગુમાવવાની સાધકમાં તૈયારી હોવી ઘટે છે અને ત્યારે જ પ્રભુ પ્રત્યે પ્રીતિ સંબંધ જોડી શકાય.

કોઈ કંત કારણ કાષ્ઠભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય;
એ મેળો નવિ કદીયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય.
—ઋષભ જિનેશ્વર...૩

લૌકિક મિથ્યા માન્યતાઓને વશ થઈ અમુક સ્ત્રીઓ ઋણાનુબંધથી પ્રાપ્ત થયેલ પતિનો મેળાપ ભવોભવ પર્યંત કાયમ રહે એવું ઝંખ્યા કરે છે. આવી સ્ત્રીઓ પતિનો દેહવિલય થતાં તેની સાથેનો મેળાપ કાયમનો રહે એ હેતુથી પતિના મૃતદેહ સાથે ચિતામાં બળી મરવા પણ તત્પર થાય છે અને લોકવાયકા મુજબ આવી સ્ત્રીઓને સતી તરીકે પણ માનવામાં આવે છે. આવી સ્ત્રીઓ સમજતી નથી કે ફરી પાછો પતિનો સંગ અસંભવ છે, અથવા પતિ સાથેનો ઋણાનુબંધ સંબંધ માત્ર એક ભવ પૂરતો હોય છે. જે સાધકને ગુરુગમે સમજણ પ્રગટે છે તેને દૃઢ નિશ્ચય વર્તે છે કે શ્રી વીતરાગ ભગવંત સાથેનો પ્રીતિ મેળાપનો સંજોગ થાય છે, પરંતુ તેનો વિયોગ થતો નથી અને તે અનંતકાળ સુધી કાયમી રહે છે.

કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુમિલાપ.
—ઋષભ જિનેશ્વર...૪

અમુક સ્ત્રીઓ પતિના પ્રેમપાત્ર થવા માટે આકરાં વ્રત, તપાદિ કરી શરીરને કષ્ટ આપે છે. અથવા પતિને રીઝવવા માટે સ્વેચ્છાથી આકરાં તપ કરી વ્યર્થ કોશિશ કરે છે. પરંતુ હે સખિ ! મેં મારા હૃદયેશ્વર સ્વામીને રીઝવવા માટે આકરાં તપ કરી શરીરને કષ્ટ આપ્યું નથી. મને ગુરુગમે સમજણ પ્રગટી છે કે શ્રી વીતરાગ ભગવંતના કૃપાપાત્ર થવા માટે તેઓના પ્રગટ આત્મિકગુણો પ્રત્યે રુચિ અને રાગ હોવાં ઘટે છે. અથવા વીતરાગ પ્રભુ સાથે અનન્યતા અને અભેદભાવ થવા માટે તેઓનું ગુણકરણ, ભક્તિ, ઉપાસનાદિ અત્યંત આવશ્યક છે. આમ થાય તો વહેલામોડા તેઓ જેવા જ આત્મિકગુણો સાધકમાં સત્તાગતે હોવાથી ક્રમશ: પ્રગટ થાય તો ધાતુ-મિલાપ થાય અન્યથા વીતરાગ ભગવંત સાથે એકતા અશક્યવત્ છે. માત્ર શરીરને તપાદિથી કષ્ટ આપી શ્રી વીતરાગ પરમાત્માનું રંજન થઈ શકતું નથી, પરંતુ તેઓની હૃદયમંદિરમાં અંતરપ્રતિષ્ઠા કરી તેઓનું ગુણકરણ, ભક્તિ, ઉપાસનાદિથી પ્રીતિપાત્ર થઈ શકાય છે.

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષરહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ.
—ઋષભ જિનેશ્વર...૫

પ્રચલિત લોકવાયકા મુજબ જગતમાં જે કાંઈપણ થઈ રહ્યું છે તે પ્રભુની લીલા છે, જેનું લક્ષ બુદ્ધિ કે તર્કથી થઈ શકે તેમ નથી, એવી પણ માન્યતા વર્તે છે. આવી માન્યતા ધરાવનાર ભક્તજનો પ્રભુની લીલાનો મહિમા ગાય છે અને તેમાં જ પ્રભુ પ્રાપ્તિ છે એવી દૃઢતા ધરાવે છે. આવી માન્યતા મૂળ હકીકતથી તદ્દન વેગળી છે. શ્રી વીતરાગ ભગવંતની આંતરિકદશા જ્ઞાનદર્શનમય હોય છે અને તેઓનું બાહ્યાચરણ ઉદયકર્માનુસાર ઉદાસીનપણે થયા કરતું હોવાથી તેઓની વૃત્તિ અને પ્રવૃત્તિ લીલાને અર્થે હોતી નથી. લીલા તો સરાગી હોય પણ વીતરાગની ન હોય. અથવા લીલા તો દોષનો વિલાસ છે, જેમાં રાગદ્વેષ, કષાય, અજ્ઞાનાદિ દૂષણો હોય. ટૂંકમાં પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ લીલાના કર્તૃત્વપણાના ભાવથી જે સમજે છે તે ભ્રાંતિમય છે. જેઓ સંપૂર્ણ નિર્દોષદશાને પામ્યા છે એવા શ્રી વીતરાગ ભગવંતને શું લીલા હોઈ શકે ? જે ભવ્યજીવને દરઅસલ મુક્તિમાર્ગનું લક્ષ વર્તે છે, તેઓ તો શ્રી વીતરાગ પ્રભુના પ્રગટ આત્મિકગુણો પ્રત્યે ગુણરાગી

થતાં વહેલા મોડા પ્રભુ જેવી જ શુદ્ધદશા પામવાના અધિકારી નીવડે છે.

ચિત્ત પ્રસન્ને રે પૂજનફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ.
—ૠષભ જિનેશ્વર...૬

દ્રવ્યપૂજા, અંગ અને અગ્રપૂજા, સ્તવન, સ્તુતિ, તપ, વ્રતાદિ એવી પરંપરાગત ઉપાસનાઓ શ્રી વીતરાગ ભગવંતની પ્રસન્નતા માટે કરવામાં આવી રહેલી જણાય છે. પરંતુ આ સઘળી ઉપાસનામાં મન-વચન-કાયાદિની એકતા જો ન રહે અથવા આવી પ્રવૃત્તિ માત્ર યંત્રવત્ થાય તો ચિત્તપ્રસન્નતા થતી નથી. એટલે આવી પૂજા અખંડિત નથી. જે ભવ્યજીવ શ્રી વીતરાગ ભગવંતનું અનન્ય શરણું લઈ, કપટરહિત થઈ તેઓને સર્વ સમર્પિત થઈ પ્રભુભક્તિ અને પૂજાદિમાં નિમગ્ન થાય છે, તેને ચિત્તપ્રસન્નતા વર્તે છે. આવી ચિત્તપ્રસન્નતા અખંડિત હોય છે અને તેને પૂજાદિનું યોગ્ય ફળ માની શકાય. ઉત્તરોત્તર આત્માર્થી સાધક અંતર–આત્મદશામાં રહી પરમાત્માની સ્તવનામાં દૃઢતા કરે છે ત્યારે તેને આનંદના સમૂહ એવા શ્રી જિનેશ્વરદેવની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

# સ્વને સદુપદેશ સહેલામાં સહેલો

**□ પ. પૂ. શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મહારાજ**

આમ તો સંસારનો એવો સ્વભાવ છે કે, સહેલાં કાર્યમાં જ પ્રવૃત્ત થવું! નજરની સામે ઉપસ્થિત થયેલાં અનેક કાર્યોમાં જે સહેલું હોય, એની પર પહેલી પસંદગી ઉતારવી, એ માનવસ્વભાવને વરેલી એક ખાસિયત છે. આમ છતાં માનવની સામે જ્યારે સ્વને સમજાવવાનું અને સંસારને સમજાવવાનું. આવાં બે કાર્ય ઉપસ્થિત થાય છે, ત્યારે સ્વને સમજાવવાનું; સાવ સહેલું કાર્ય તજી દઈને, માનવ બીજાને સમજાવવાનો કઠિનમાં કઠિન માર્ગ અપનાવતો હોય છે. આ એક જાતની વિચિત્રતા ગણાય. આને એક સુભાષિતે જરા જુદી રીતે રજૂ કરી છે. એનું કથન એ છે કે, જ્યારે પરોપદેશ આપવાનો હોય છે, ત્યારે તો સૌ ડાહ્યાડમરા બની જાય છે, પણ જ્યારે સ્વને ઉપદેશ આપવાનું કાર્ય ઉપસ્થિત થાય છે, ત્યારે તો આ ડહાપણ સાવ જ ભૂલાઈ જતું હોય છે.

પરોપદેશે પાંડિત્યં, પોથીમાંનાં રીંગણાં : આ અને આના જેવી કહેવતો આ જ વાતને કહી જાય છે કે, પરોપદેશ વખતનું પાંડિત્ય સ્વોપદેશ ટાણે સાવ જ ભૂલાઈ જતું હોય છે અને એથી જ પરોપદેશ નિષ્ફળ નીવડતો હોય છે, અને સ્વોપદેશને તો નિષ્ફળતા વરેલી જ હોય છે.

સ્વોપદેશ અને સર્વોપદેશ : આ બેમાં સહેલું કાર્ય કયું ? સ્વોપદેશનો અર્થ છે: સ્વને ઉપદેશ આપવો ! આપણે આપણી જાતના માલિક છીએ. આપણી ટેવો-કુટેવો, આપણો સ્વભાવ-વિભાવ અને આપણી મનસ્થિતિ: આ બધાંથી આપણે પૂરેપૂરા પરિચિત હોઇએ છીએ. એથી આપણે આપણી જાતને સમજાવવા મથીએ, તો આમાં સો ટકા સફળતા મળવામાં કોઈ જ શંકા રાખવાની જરૂર જણાતી નથી. આમ, સ્વોપદેશમાં સફળતા મળવી સહેલામાં સહેલી છે. આની સામે પરોપદેશમાં સફળતા મળવી સહેલી નથી. કેમકે બીજા વિશેનો આપણો પરિચય બહુ બહુ તો બાહ્યતાને જ આવરી લેતો હોવાનો, એની પ્રત્યક્ષ બાબતોના જ આપણે પરિચિત હોવાના, એથી એને સમજાવવાનો કે એને ઉપદેશ આપવાનો રસ્તો સહેલો ન ગણાય અને એમાં સફળતા મળવી, એ તો જરાય સહેલી ન ગણાય !

આ રીતે સ્વોપદેશ સહેલો માર્ગ છે, તેમજ પરોપદેશ કઠિન માર્ગ છે, આમ છતાં આપણે પરોપદેશનો જ માર્ગ લગભગ અખત્યાર કરતા હોઇએ છીએ અને એમાં સફળતા ન મળતાં આપણે આપણા મગજની સમતુલા ગુમાવી બેસીને સામી વ્યક્તિ ઉપર ક્યારેક ક્યારેક તો ક્રોધનો એવો ઊભરો ઠાલવતા હોઇએ છીએ કે, 'તને આપેલો ઉપદેશ મેં કદાચ પથ્થરના કોઈ પૂતળાને આપ્યો હોત, તો તે પૂતળું પણ સુધરી જાત !'

પરોપદેશ આપવામાં મળેલી નિષ્ફળતા બદલ આટલી હદ સુધી ક્રોધી બનનારા આપણે કદી પણ એવું આત્મનિરીક્ષણ કરતા નથી કે, જાતને સમજાવવી સહેલી હોવા છતાં 'હું એમાં નિષ્ફળ બનતો રહું છું, તો તો પરોપદેશમાં મને નિષ્ફળતા સાંપડે, એથી સામી વ્યક્તિ પર તો મારાથી ક્રોધ કઈ રીતે થાય ?'

આટલાં વિવેચન ઉપરથી તારવવા જેવા મુદ્દાઓની તારવણી કરવી હોય, તો નીચે મુજબ કરી શકાય.

• પરોપદેશ વખતે તો સૌ પંડિત બની જાય છે. કમસે કમ એટલું પણ પાંડિત્ય સ્વને સમજાવવામાં વપરાય, તો ય આપણો બેડો પાર ઊતરી જાય. પરંતુ દુ:ખદ બાબત એ છે કે, સ્વોપદેશ વખતે એ પાંડિત્ય આપણે સાવ જ ભૂલી બેસતા હોઇએ છીએ.

• સ્વને ઉપદેશ આપવો એ સહેલો છે, એમાં સફળતા પ્રાપ્ત થવી એ સહેલી છે. માટે આ સહેલો માર્ગ સૌ પ્રથમ અપનાવવો જોઇએ.

• પરોપદેશ સહેલો નથી છતાં એ રસ્તો અપનાવ્યા બાદ સફળતા ન સાંપડે, તો સામી વ્યક્તિ પર ગુસ્સે ન થઈ જતાં એવી વિચારણાનો આશરો લેવો જોઇએ કે, પોતાની જાતને સમજાવવી સહેલી હોવા છતાં પણ એમાં સફળતા સાંપડતી નથી, તો પરોપદેશમાં નિષ્ફળતા સાંપડે, તો મારે સામી વ્યક્તિ પર ક્રોધ ન જ કરવો જોઇએ.

• આપણે આપણી જાતના સર્વેસર્વા સ્વામી હોવા છતાં આપણી જાતને ય સમજાવીને સાચા માર્ગે ચલાવી શકતા નથી, તો પછી સામી વ્યક્તિએ આપણો ઉપદેશ સ્વીકારવો જ જોઇએ, એવો કદાગ્રહ આપણાથી કઈ રીતે રાખી શકાય ? આ જાતની વિચારણાનો આશરો લેવાથી સામી વ્યક્તિમાં સુધારો ન થાય, તો ય આપણે આપણી પ્રસન્નતા જાળવવામાં જરૂર સફળ રહેવાના !

• પરને સમજાવવામાં જે પાંડિત્યનો ઉપયોગ કરાય છે, એથી ય વધુ પાંડિત્યની આવશ્યકતા સ્વને સમજાવવા માટે જરૂરી છે. આમ છતાં કદાચ આપણે એટલું બધું પાંડિત્ય ન પામી શકીએ, તો ય પરને સમજાવવા માટે વપરાશમાં લેવાતા પાંડિત્યનો પણ સ્વને સમજાવવામાં ઉપયોગ કરીએ, તો ય આપણો બેડો પાર થઈ જાય.

• આપણે પરોપદેશથી દૂર રહીએ, પરોપદેશનો પ્રેમ આપણામાં ઠાંસી ઠાંસીને ભર્યો હોય, તો ય આપણે સ્વોપદેશની સિદ્ધિ પ્રાપ્ત કરીએ, આના પ્રભાવે વિના બોલે-ચાલે પરને સચોટ ઉપદેશ મળી જ રહેશે.

આ રીતે પરોપદેશ વખતનું પાંડિત્ય આપણે સ્વોપદેશની પળોમાં પણ તાજું જ રાખીએ, તો જ સાચા અર્થમાં સ્વ-પરનો ઉપકાર કરી શકીશું. બાકી 'પરોપદેશે પાંડિત્ય'નો આશરો લેનારો ન તો સ્વોપકારી બની શકે કે ન તો પરોપકારી બની શકે. ❖❖❖

# બાબરીઓ

## ડૉ. રણજિત પટેલ ('અનામી')

એનું મૂળ નામ તો બાબર, પણ અમો બધા એને લાડ કે તિરસ્કારમાં નહીં તો પણ બાબરીઓ જ કહેતા. પ્રથમ મોગલ બાદશાહ સાથે એને કેવળ નામનું જ સામ્ય હતું. બાબરી-મસ્જિદ-ધ્વંસ સાથે એને ન્હાવાનીચોવાનોય નાતો નહોતો!' બહારવટિયા બાબર દેવાનું તો એણે નામ પણ નહીં સાંભળેલું... હા, રાતદિવસ કામ કરવામાં એ બાબરા ભૂતની હરીફાઈ જરૂર કરી શકે. સૌરાષ્ટ્રના એક પ્રદેશ બાબરિયાવાડનો પણ એ રહીશ નહોતો. અને માથે જટા જેવડી બાબરી રાખતો હતો એટલે એ બાબરિયો કહેવાયો એવું પણ નથી. એ રાજકારણી, વિજ્ઞાની કે લોકનેતા પણ નહોતો. એ તો હતો બત્રીસ કુટુંબોના એક વિશાળ ભવનનો 'વૉટરમેન'-પાણી પૂરું પાડનારો.

હું આ બત્રીસ બત્રીસ કુટુંબોના 'લાકડવાયા બાબરીઆ'ને સને ૧૯૫૮ થી ઓળખતો થયો. માંડ પાંચ ફૂટની દેહયષ્ટિ, નહીં સ્થૂલ, નહીં પાતળો, નહીં ગોરો, નહીં કાળો-ઘઉંવર્ણો કહી શકાય. શિરે ગાંધીટોપી, ડીલે કેડય ને કોણી ઢંકાય એવો ખાદીનો સદરો ને ઢીંચણ સુધીની ચડ્ડી પહેરેલો બાબરિયો કોઈ રાષ્ટ્રીય સેવા સંઘ કે કોંગ્રેસના સેવાદળના સૈનિક (વૉલન્ટિયર) જેવો લાગતો. જબ્બર સ્ફુર્તિ એના દેહમાં. હસે ત્યારે એની બત્રીસીની ઈર્ષ્યા થાય એવી શુભ્ર સ્વચ્છ દંત-પંક્તિ. મેં એને ક્યારેય નિરાંતે બેઠેલો જોયો નથી. જ્યારે જુઓ ત્યારે 'જોગિંગ' કરતો લાગે! વડોદરાના મારા સાડા ચાર દાયકા દરમિયાનના પરિચયમાં આવેલી બે સામાન્યમાં સામાન્ય સમાજસ્તરમાંની વ્યક્તિઓ તે રાયજી ધીરાજી ને બીજો અમારો બાબરીઓ. બાબરીઆની એક લાક્ષણિકતા કહી દઉં : જ્યારે એને કોઈપણ કામ એની ઈચ્છા વિરુદ્ધ કરવું પડે ત્યારે તે દાંત કચકચાવતો. ઈચ્છા વિરુદ્ધ કામ કરાવનારને જાણે કે દાંતમાં ભીંસી નાખતો ન હોય ! એના રોષની અભિવ્યક્તિની એ આગવી અદા હતી.

બત્રીસ કુટુંબના ભવનની લગોલગ અમારું એપાર્ટમેન્ટ હતું. એમાં, મ.સ. યુનિ.ના રસાયણશાસ્ત્રના એક લેક્ચરરનું અને મારું કુટુંબ રહેતું હતું. મૂળે આ એપાર્ટમેન્ટ એક મુસ્લિમ બિરાદરનું હતું પણ એ હતો દારૂડિયો ને જુગારી એટલે પેલા ભવનના માલિકે, પાણીને મૂલે આ એપાર્ટમેન્ટ ખરીદવાને બદલે પચાવી પાડેલું! એ મુસ્લિમ બિરાદરનું કાળક્રમે મૃત્યુ થઈ ગયું પણ એની નૂરજહાં બીબી એપાર્ટમેન્ટ ગુમાવ્યાના ખ્યાલમાં ગાંડી થઈ ગઈ. એપાર્ટમેન્ટ ખાલી કર્યા બાદ તે પડોશમાં કાળુ મીયાંના ભઠ્ઠાની નજીક એક ખોલીમાં પડી રહેતી હતી. આ એપાર્ટમેન્ટની અથથી ઈતિ કથા બાબરિયો જાણે...કારણ કે એ કુટુંબ સાથે એને સારો મેળ હતો.

બાબરિયો આમ તો 'વૉટરમેન' પણ બત્રીસે ય કુટુંબના કોઈ ને કોઈ સભ્ય કંઈ ને કંઈ કામ અંગે એના નામની બૂમો પાડે ! 'બાબરિયા ! જો તો, શાકની લારી આવી? બાબરિયા ! જા તો નાકેથી દૂધની ચાર થેલીઓ લઈ આવ તો ! બાબરિયા ! અમારા આ બાબાને નિશાળે જવાનો 'ટેમ' થયો, જા તો રીક્ષા લઈ આવ ને ! બાબરિયા ! આ બે કાગળ સયાજીગંજ પોષ્ટ ઑફિસમાં નાખી આવ તો ! બાબરિયા આ લુગડાં ધોબીને ત્યાં ઈસ્ત્રી કરાવી આવ તો ! ભાતભાતનાં અનેક કામ બાબરિયો, બાબરા ભૂતની જેમ કરતો ને એને એનો બદલો મળી રહેતો-નગદમાં ને ખાવામાં.

એકવાર રજાના દિવસે અમારા એપાર્ટમેન્ટના ચોકમાં મારાં ત્રણ સંતાનો ને પ્રો. સાળવીની દીકરી કેરમ રમતાં હતાં ને પાસેથી દીવાલ કૂદી પેલી નૂર ગાંડીએ બાળકોની પાસે આવીને કેરમનો ઉલાળિયો કર્યો ને વિચિત્ર પ્રકારનું વર્તન કરવા લાગી. બાળકો તો ગભરાઈને એક ઓરડીમાં પેસી ગયાં પણ મેં બાબરીઆને બૂમ પાડી કહ્યું : 'બાબરીઆ આ તારી ગાંડીને સમાલ'. બાબરીઓ આવીને કેવળ એટલું જ બોલ્યો : 'નૂર ! આ ગાંધીને ત્યાં નહીં આવવાનું.' બાબરીઓ ખાદી પહેરનારાઓને ગાંધી કહેતો ને નૂર ડાહ્યાની જેમ ચાલી ગઈ ! મને આશ્ચર્ય થયું. નૂરનું મકાન પેલા 'ભવન'વાળાએ પચાવી પાડેલું એટલે એના મકાનમાં જે કોઈ ભાડૂત રહેવા આવે તેને નૂર ભાતભાતની વાતે પજવતી ! કોઈકવાર પથરા નાખે, કોઈકવાર માંસના લોચા ! કોઈકવાર વિષ્ટા પણ.

બાબરીઆને એકવાર મારા એપાર્ટમેન્ટમાં બોલાવી નૂરજહાંના ખાવિંદ સંબંધે મેં વિગતે પૃચ્છા કરી તો જાણવા મળ્યું કે ઉસમાન મીયાં પાકો જુગારી અને દારૂડિયો હતો. પણ બીજી રીતે સારો હતો. એનું આખું એપાર્ટમેન્ટ પેલા 'ભવન'વાળાએ નાની રકમમાં પડાવી લીધું છે. એ તો ગયો પણ એથી એની નૂરબીબી ગાંડા જેવી બની ગઈ છે. એને એનું એપાર્ટમેન્ટ ન મળે તો કાંઈ નહીં, પણ રહેવા માટે કાંઈક આશરો તો મળવો જોઈએ.'

મેં મારા એક એડવોકેટ વિદ્યાર્થીની સલાહ લીધી તો એનું કહેવું એવું હતું કે આ છેતરપીંડીનો કેસ છે અને સ્વ. ઉસમાનની નિરાધાર વિધવા એનો ભોગ બની છે ને એના આઘાતથી એ ગાંડા જેવી બની ગઈ છે. કોર્ટમાં આ પ્રકારનો 'કેસ' કરી શકાય. ને આ કેસમાં બાબરીઆની જુબાની કારગત નીવડશે. મારા એડવોકેટ વિદ્યાર્થીએ એવી પણ સલાહ આપી કે 'કેસ' કરતાં પહેલાં જે 'ભવન'વાળાએ વીસ હજારમાં એપાર્ટમેન્ટ ખરીદ્યું છે તેને પણ મળો ને જો નૂરબીબીને હવે એના એપાર્ટમેન્ટમાં રસ ન હોય તો 'ભવન'વાળો એની વ્યાજબી રકમ આપે. મારા એડવોકેટ વિદ્યાર્થીની સલાહ પ્રમાણે અમો પેલા 'ભવન'વાળાને મળ્યા ને નૂરબીબીના ગાંડપણની પણ વાત કરી-એની નિરાધારિતાની પણ-તો એણે બીજી વધુ રકમ આપવાની ઑફર કરી. અમે એ ઑફર સ્વીકારી લીધી. ને નૂરબીબીના એ પૈસાનો વહીવટ કરવાની જવાબદારી એક પાક મુસ્લિમ-જે ઉસ્માન મીયાંનો મિત્ર હતો-તેને સોંપી. બાબરીઆને પ્રતાપે નૂરબીબીને આધાર મળી ગયો, પણ 'ભવન'વાળાએ પછીથી બાબરીઆને પાણીચું આપી દીધું. બાબરીઓ નૂરબીબીની ખબર લેતો રહ્યો ને પ્રતાપગંજના એક બંગલામાં નોકરીએ રહ્યો.

બે વર્ષ બાદ હું પ્રતાપગંજમાં, પ્રેમાનંદ સાહિત્યસભાનાં પ્રમુખશ્રીને મળવા ગયો તો, વિક્રમબાગની ફૂટપાથ પર, લગરવગર વસ્ત્રોમાં મોટી દાઢીવાળો બાબરિયો જોયો. મને જોઈને એકદમ ઊભો થઈ ગયો ને બોલ્યો : 'ગાંધી સાહેબ ! હું બેકાર છું. કોઈ નોકરી અપાવો. આ ફૂટપાથ પર બેસું છું. કોલેજિયનો ભીખમાં કંઈક આપે છે.' બાબરીઆ પર વૃદ્ધાવસ્થાએ આકસ્મિક આક્રમણ કરેલું લાગ્યું. મેં મારા ગજવામાં હતા તે બધા જ પૈસા એના હાથમાં મૂકી દીધા. નોકરી માટે કંઈક થશે તો જોઈશ...એમ કહી જતાં જતાં નૂરબીબીના સમાચાર પૂછ્યા તો કહે : 'એ તો ખુદાને દરબાર પહોંચી ગઈ.'

બાબરીઓ જ્ઞાતિએ કોણ હતો, ભારતના કયા પ્રદેશનો રહીશ હતો અને વડોદરામાં ક્યારે આવેલો એની મેં કદાપિ પૃચ્છા કરેલી નહીં પણ મારે મન એ સાચો ઈન્સાન હતો. બાબરીઆ સંબંધે આ લખતાં પહેલાં મેં મારા દીકરાને પૂછ્યું તો કહે : 'બાબરીઓ હવે ક્યાંય જોવામાં આવતો નથી. સંભવ છે કે ગુજરી પણ ગયો હોય !' શરીરથી ભલે બાબરીઓ ગુજરી ગયો હોય પણ અદ્યાપિ એ મારી સ્મૃતિમાં જીવતો છે.

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૪ ● અંક : ૧૨ ● ડિસેમ્બર, ૨૦૦૩ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## અગિયાર ઉપાસક-પ્રતિમાઓ

'પ્રતિમા' શબ્દ અહીં જૈન પારિભાષિક અર્થમાં લેવાનો છે.

દુનિયાના દરેક ધર્મમાં ગૃહત્યાગ કરી સાધુ-સંન્યાસી-ભિખ્ખુ કે પાદરી બનનાર લોકોની સંખ્યા એ ધર્મ પાળનારા લોકોની સંખ્યાના એક ટકા જેટલી હોય તો હોય, કારણ કે સાધુજીવન અત્યંત કઠિન છે.

જૈનોની દેશ-વિદેશમાં મળીને હાલ એક કરોડ જેટલી વસતિ ગણીએ, (થોડી વધારે પણ હોય) તો ચારે ફિરકાના મળીને જૈન સાધુ-સાધ્વીઓની સંખ્યા હાલ દસ હજાર કરતાં વધુ નથી. કદાચ ઓછી હશે. એનો અર્થ એ થયો કે કુલ વસતિના અડધા કે પા ટકા કરતાં પણ ઓછી સંખ્યા સાધુ-સાધ્વીઓની છે. આવી સ્થિતિ લગભગ હંમેશાં રહેવાની, કારણ કે જૈન સાધુ-સાધ્વીની દિનચર્યા તો સૌથી વધુ કઠિન છે. જે ધર્મમાં રહેઠાણ, ભોજન, વસ્ત્ર, વાહન વગેરેની ઘણી સગવડ સાધુઓને હોય છે તેમાં પણ ગૃહત્યાગ કરીને તથા અપરિણીત રહીને સાધુજીવન સ્વીકારનારા ઓછા હોય છે. વળી વેશથી એટલે કે દ્રવ્યથી સાધુ થવું એ એક વાત છે અને દ્રવ્યની સાથે ભાવથી સાધુ થવું અને અધ્યાત્મની મસ્તીમાં રહેવું એ તો એથી પણ વધુ દુષ્કર છે. એટલે જ ભગવાન મહાવીરે સાધુનાં મહાવ્રતો અને ગૃહસ્થનાં અણુવ્રતો એમ જુદાં વ્રતો બતાવ્યાં કે જેથી કોઈ પાસે વધુ પડતી અપેક્ષા રખાય નહિ અને કોઈ હતોત્સાહ બને નહિ.

શ્રાવકનાં અણુવ્રતો, ગુણવ્રતો અને શિક્ષાવ્રતો એમ બાર પ્રકારનાં વ્રતો બતાવવા ઉપરાંત જે શ્રાવકો સાધુ થઈ શકતા નથી, પણ ક્રમિક રીતે આગળ વધી સાધુની અવસ્થાની લગોલગ પહોંચવા ઇચ્છે છે એમને માટે સામાયિક, પૌષધ, ઉપધાન વગેરે નિયતકાલિક સાધુપણાની ક્રિયાઓ કરવા ઉપરાંત શ્રાવકની, ઉપાસકની અગિયાર પ્રતિમા બતાવી છે.

'પ્રતિમા' (પ્રાકૃત-'પડિમા') શબ્દનો સાદો વાચ્યાર્થ છે મૂર્તિ, પૂતળું, બાવલું. પ્રતિમા સ્થિર હોય છે એટલે 'પ્રતિમા' શબ્દનો લાક્ષણિક અર્થ છે કોઇ પણ એક અવસ્થામાં સ્થિરતા. 'પ્રતિમા' ઉપરથી પ્રતિબિંબ, પ્રતિરૂપ જેવા સમાનાર્થ શબ્દો પ્રયોજાય છે.

'પ્રતિમા' શબ્દ પરથી પ્રતિમાન શબ્દ પણ આવ્યો છે. તેનો અર્થ 'માપદંડ' એવો પણ કરવામાં આવે છે. એટલે એક એક પ્રતિમા માપદંડ રૂપ છે એવો અર્થ થાય છે.

પ્રતિમા એટલે નિયમ, અભિગ્રહ, પ્રતિજ્ઞા એવો અર્થ પણ કરવામાં આવે છે. સાધકે એક પછી એક અભિગ્રહ ધારણ કરીને ઉપર-ઉપરની દશામાં સ્થિર થવાનું હોય છે.

'પ્રતિમા'ની વ્યાખ્યા કરતાં શ્રી બનારસીદાસે 'નાટક સમયસાર'માં કહ્યું છે :

સંયમ અંશ જગ્યો જહાં, ભોગ અરુચિ પરિણામ;
ઉદય પ્રતિજ્ઞા કો ભયો, પ્રતિમા તાકો નામ.

[સાધકના હૃદયમાં સંયમ ધારણ કરવાનો ભાવ જાગ્યો હોય, ભોગ પ્રત્યે અરુચિ, ઉદાસીનતા થવા લાગી હોય અને તે માટે તેને અનુરૂપ પ્રતિજ્ઞા લેવાના ભાવનો ઉદય થયો હોય તો તેને 'પ્રતિમા' કહેવામાં આવે છે.]

શ્રી સમન્તભદ્રાચાર્યે 'રત્નકરંડ શ્રાવકાચાર'માં પ્રતિમાને બદલે 'પદ' શબ્દ પ્રયોજ્યો છે. જુઓ:

श्रावकापदानिदेवैकादश देशितानि येषु खलु ।
स्वगुणाः पूर्वगुणैः सह संतिष्ठन्ते क्रमविवृद्धा ॥

[ભગવાન સર્વજ્ઞ દેવે શ્રાવકનાં અગિયાર પદો કહ્યાં છે. પૂર્વ પદોના ગુણો સહિત તે પોતાના ગુણો સાથે અનુક્રમે વૃદ્ધિ પામતાં રહે છે.] અહીં પદ એટલે પગલું, પગથિયું, ઉપર ચડવાનો, આગળ વધવાનો ક્રમ એવો અર્થ લેવાનો છે.

શ્રાવકને શ્રમણોપાસક કહેવામાં આવે છે. તે પોતાના સંજોગને કારણે સ્વયં દીક્ષિત થઇને શ્રમણ થઈ શકતો નથી, પણ તે ઘરે રહીને અથવા ઉપાશ્રયમાં રહીને શ્રમણ જેવી ઉપાસના કરી શકે છે. વળી તે શ્રમણની નજીક રહી તેમની વૈયાવચ્ચ કરે છે. શ્રમણોપાસકે કેવું જીવન જીવવાનું હોય છે તે આગમોમાં બતાવ્યું છે. એટલે શ્રમણોપાસક શ્રાવક જે પ્રતિમા ધારણ કરે છે તેને 'ઉપાસક-પ્રતિમા' (उवासगपडिमा) કહેવામાં આવે છે. શ્રમણોપાસકના આધ્યાત્મિક વિકાસના તબક્કાઓ 'ઉપાસક પ્રતિમા' તરીકે ઓળખાય છે.

શ્રાવકની પ્રતિમાની વાત આગમોમાં આવે છે. 'ઉપાસકદશાંગસૂત્ર'માં આનંદ શ્રાવકના અધિકારમાં એવું નિરૂપણ છે કે એમણે 'ઉપાસક પ્રતિમા' ધારણ કરી હતી અને તેઓ છેલ્લી અગિયારમી પ્રતિમા સુધી પહોંચી ગયા હતા. 'ઉપાસકદશાંગસૂત્ર'માં લખ્યું છે :

तए णं से आणंदे समणोवासए पढमं उवासगपडिमं उवसंपज्जित्ताणं विहरइ

जाव पढमं उवासगपडिमं अहासुत्तं, अहाकप्पं, अहामग्गं, अहातच्चं सम्मं काएणं फासेइ, पालेइ, सोहेइ, तीरेइ, कीत्तेइइ, आराहेइ ।

[ત્યારપછી શ્રમણોપાસક આનંદે પહેલી ઉપાસક પ્રતિમા ધારણ કરી યાવત્ પહેલી ઉપાસક પ્રતિમા તેમણે યથાશ્રુત (શાસ્ત્ર પ્રમાણે), યથાકલ્પ (આચાર પ્રમાણે), યથામાર્ગ (વિધિ પ્રમાણે), યથાતત્ત્વ (સિદ્ધાન્ત પ્રમાણે), સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી, તેનું પાલન કર્યું, શોભિત (શોધિત) કરી, તીર્ણ કરી (સારી રીતે પાર પાડી), કીર્તિત કરી અને આરાધિત કરી.]

तए णं से आणंदे समणोवासए दोच्चं उवासगपडिमं, एवं तच्चं, चउत्थं, पंचमं, छट्ठं, सत्तमं, अट्ठमं, नवमं, दसमं, एक्कारसमं अहासुत्तं, अहाकप्पं, अहामग्गं, अहातच्चं, सम्मं काएणं फासेइ, पालइ, सोहेइ, तीरेइ, कीत्तेइ. आराहेइ।

[ત્યાર પછી શ્રમણોપાસક આનંદે બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી અને અગિયારમી ઉપાસક પ્રતિમાની આરાધના કરી એટલે કે તે પ્રતિમાઓને યથાશ્રુત, યથાકલ્પ, યથામાર્ગ, યથાતત્ત્વ, સારી રીતે સ્પર્શના કરી, પાલન કરી, શોભિત (શોધિત) કરી, પાર પાડી, અને કીર્તિત કરી.]

શ્રાવકની આ અગિયાર પ્રતિમાઓનું સવિગત વર્ણન દશાશ્રુતસ્કંધ-સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં આવે છે.

આ અગિયાર પ્રતિમાઓનો ક્રમાનુસાર નામોલ્લેખ નીચેની એક ગાથામાં કરવામાં આવ્યો છે.

दंसणं वयं सामाइअ पोसह पडिमा अबंभसचित्ते ।
आरंभं पेस उद्दिट्ठ वज्जए समणभूए अ ॥

અગિયાર પ્રતિમાનાં નામ આ પ્રમાણે છે : (૧) દર્શન પ્રતિમા, (૨) વ્રત પ્રતિમા, (૩) સામાયિક પ્રતિમા, (૪) પૌષધ પ્રતિમા, (૫) 'પડિમા પ્રતિમા' એટલે કાયોત્સર્ગ પ્રતિમા, (૬) અબ્રહ્મવર્જન પ્રતિમા (બ્રહ્મચર્ય પ્રતિમા), (૭) સચિત્ત-વર્જન પ્રતિમા, (૮) આરંભ-વર્જન પ્રતિમા, (૯) પ્રેષ્ય-વર્જન પ્રતિમા, (૧૦) ઉદ્દિષ્ટ-વર્જન પ્રતિમા અને (૧૧) શ્રમણભૂત પ્રતિમા.

આ અગિયાર પ્રતિમાઓના ઉદ્દેશ અંગે કહેવાયું છે કે :

विधिना दर्शनाद्यानां प्रतिमानां प्रपालनम् ।
यासु स्थितो गृहस्थोऽपि विशुद्ध्यति विशेष तः ॥

[જે પ્રતિમાઓનું પાલન કરવાથી આત્મા ગૃહસ્થ હોવા છતાં વિશેષતયા વિશુદ્ધ થાય છે, તે 'દર્શન' આદિ શ્રાવકની પ્રતિમાઓનું વિધિપૂર્વક પાલન કરવું.]

આ અગિયાર પ્રતિમાઓમાં પહેલી છ પ્રતિમા જઘન્ય પ્રકારની માનવામાં આવે છે, ત્યાર પછી સાત, આઠ અને નવ એ ત્રણ પ્રતિમાઓને મધ્યમ પ્રકારની અને દસ તથા અગિયાર નંબરની પ્રતિમાને ઉત્તમ પ્રકારની માનવામાં આવી છે.

આ અગિયાર પ્રતિમાઓમાં પહેલી ચાર પ્રતિમાઓ શ્વેતામ્બર અને દિગંબર પરંપરામાં સમાન છે. પાંચમીથી દસમી પ્રતિમાનાં નામ, ક્રમ અને પ્રકાર અંગે શ્વેતાંબર અને દિગંબર પરંપરામાં થોડોક ફરક છે. પણ એમાં કેટલીક આગળ પાછળ છે તો કેટલીકમાં ભિન્નતા જોવા મળે છે. અગિયારમી પ્રતિમા બંને પરંપરામાં લગભગ સરખી છે. આમ છતાં આ બધી પ્રતિમાઓનો જે મુખ્ય ઉદ્દેશ છે તે તો બંને પરંપરામાં સમાન છે.

શ્વેતામ્બર પરંપરા પ્રમાણે પહેલી પ્રતિમા એક માસ પર્યંત, બીજી પ્રતિમા બે માસ પર્યંત, ત્રીજી પ્રતિમા ત્રણ માસ પર્યંત, ચોથી ચાર મહિના માટે, પાંચમી પાંચ મહિના માટે એમ અનુક્રમે આગળ વધતાં વધતાં દસમી પ્રતિમા દસ મહિના માટે અને અગિયારમી પ્રતિમા અગિયાર મહિના માટે ધારણ કરવી જોઇએ. દિગંબર પરંપરામાં એક પછી એક પ્રતિમા ધારણ કરવાનો નિશ્ચિત કાળક્રમ હોય તેવું જણાતું નથી. એક પ્રતિમામાં સ્થિર થયા પછી જ બીજી પ્રતિમાની સાધના ઉપાડવાની હોય છે, કારણ કે બીજી પ્રતિમામાં પહેલી પ્રતિમાની સાધના પણ આવી જવી જોઇએ. એ રીતે પછીની પ્રત્યેક પ્રતિમામાં પૂર્વની બધી જ પ્રતિમાઓની સાધના હોવી જ જોઇએ. કોઈ પણ એક પ્રતિમામાં આગળ વધાયું હોય, પરંતુ પૂર્વની કોઈ પ્રતિમામાં કચાશ રહી ગઈ હોય તો તે પ્રતિમા સિદ્ધ થયેલી ગણાતી નથી. ઉદાહરણ તરીકે બ્રહ્મચર્યની પ્રતિમામાં સ્થિર ન થવાયું હોય અથવા એ પ્રતિમાના કાળ સુધી જ સ્થિરતા રહી ગઈ હોય પણ પછી સ્થિર ન રહેવાયું હોય અને શ્રાવક આગળની નવી પ્રતિમા ધારણ કરે તો એની પ્રતિમા ખંડિત થાય છે.

સાધક એક પ્રતિમામાં સ્થિર થયો હોય પણ પછીની પ્રતિમાની સાધના માટે હજુ શરીર કે મનની તૈયારી ન હોય કે સંજોગોની પ્રતિકૂળતા હોય તો તે તેટલો વખત થોભી જઈ શકે છે. પછી જ્યારે એવી અનુકૂળતા પ્રાપ્ત થાય ત્યારે તે આગળની પ્રતિમાની સાધના ઉપાડી શકે છે. આમ કોઈપણ બે પ્રતિમા વચ્ચે સમયનો વધતો ઓછો ગાળો રહી શકે છે. પરંતુ કોઈ સમર્થ શ્રાવક અનુક્રમે પહેલી પ્રતિમાથી છેલ્લી પ્રતિમા સુધી સળંગ જવા ઇચ્છે તો પણ ઘણો બધો સમય લાગે. પ્રત્યેક પ્રતિમાના મહિનાનો સરવાળો કરીએ તો ૧ + ૨ + ૩ + ૪ + ૫ + ૬ + ૭ + ૮ + ૯+ ૧૦ + ૧૧ = ૬૬ મહિના એટલે કે પાંચ વર્ષ અને છ મહિના લાગે. પ્રતિમાની સાધના સળંગ ન થઈ શકે તો કોઇકને આથી પણ ઘણો વધુ સમય લાગે.

આ અગિયાર પ્રતિમામાં રહેવાવાળા શ્રાવકોમાં પ્રત્યેક પ્રતિમા અનુસાર ઉત્તરોત્તર સમ્યગ્દર્શનાદિ ગુણોની અનુક્રમે વૃદ્ધિ થતી રહેવી જોઇએ, ત્યાગવૈરાગ્ય અને તપશ્ચર્યાના ભાવો પણ વધતા રહેવા જોઇએ. દેહાસક્તિ તૂટવી જોઇએ, કષાયો મંદ થવા જોઇએ, વીતરાગતા વૃદ્ધિ પામતી રહેવી જોઇએ અને આત્મસ્વરૂપમાં રમણતાનું સાતત્ય યથાશક્ય રહેવું જોઇએ. મતલબ કે પ્રતિમા માત્ર દ્રવ્યપ્રતિમા ન રહેતાં ભાવપ્રતિમા પણ બનવી જોઇએ.

આ બધી પ્રતિમાઓનો અહીં સંક્ષેપમાં પરિચય કરીશું. દશાશ્રુતસ્કંધ અનુસાર શ્રી હરિભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય વગેરેએ તથા દિગંબર પરંપરામાં શ્રી સમન્તભદ્રાચાર્ય, શ્રી બનારસીદાસ વગેરેએ આ અગિયાર ઉપાસકપ્રતિમા ઉપર સારો પ્રકાશ પાડ્યો છે.

### પહેલી દર્શન પ્રતિમા

શ્રાવકની પહેલી પ્રતિમા તે સમ્યગ્દર્શનરૂપ પ્રતિમા છે, કારણ કે આધ્યાત્મિક વિકાસના પાયામાં સૌથી પહેલું સમ્યક્ત્વ રહેલું હોવું જોઇએ. દર્શનપ્રતિમા માટે લખ્યું છે :

दंसणपडिमा णेया सम्मत्तजुत्तस्स जा इहं बोंदी ।
कुग्गहकलंकरहिआ मिच्छत्तखओसमभावा ॥

[સમ્યક્ત્વયુક્ત જીવની કાયા કે જે મિથ્યાત્વનો ક્ષયોપશમ થવાથી (શાસ્ત્રવિરુદ્ધ) કુગ્રહરૂપી કલંકથી રહિત હોય છે, તેને અહીં દર્શનપ્રતિમા

સમજવી.]

પ્રતિમાધારી શ્રાવક હવે 'દેશવિરતિ સમ્યગ્દૃષ્ટિ' નામના પાંચમા ગુણસ્થાનકે આવી જાય છે. પહેલીથી અગિયારમી પ્રતિમા સુધીનો શ્રાવક પાંચમા ગુણસ્થાનકે હોય છે. તે વીતરાગતા અને નિર્વિકલ્પ દશામાં ઉત્તરોત્તર પ્રગતિ સાધતો રહે છે.

સમકિતના ૬૭ બોલમાં સમ્યક્ત્વનું સ્વરૂપ વિગતે સમજાવવામાં આવ્યું છે. શંકા, કાંક્ષા વગેરે પાંચ દોષોથી રહિત, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય એ પાંચ લક્ષણોથી યુક્ત, સ્થિરતા વગેરે પાંચ ભૂષણોથી ભૂષિત, મોક્ષમાર્ગરૂપી મહેલના પાયારૂપ, તથા દેવતા, રાજા વગેરેના અભિયોગથી ભય, લજ્જા વગેરે ન પામનાર એવા નિરતિચાર સમ્યક્ત્વનું સતત એક મહિના સુધી પાલન કરવું તે દર્શન પ્રતિમા છે. પ્રતિમાધારી શ્રાવક સંસાર, શરીર, ભોગોપભોગ ઇત્યાદિથી વધુ અને વધુ વિરક્ત થતો જઈ તત્ત્વોનું શ્રદ્ધાન રાખે છે અને સર્વજ્ઞકથિત આત્મભાવમાં, જ્ઞાવકભાવમાં રહે છે.

**બીજી વ્રત પ્રતિમા**

શ્રાવકની બીજી પ્રતિમા તે વ્રત પ્રતિમા છે. તેમાં બાર વ્રતોનું પાલન હોય છે. આના પરથી કેટલાક એવો અર્થ કરે છે કે પહેલી પ્રતિમા ધારણ કરનાર બાર વ્રતધારી જ હોય એવું અનિવાર્ય નથી, કેટલાક કહે છે કે દર્શન પ્રતિમા ધારણ કરનાર શ્રાવક બાર વ્રતધારી પણ હોવો જોઇએ. આમાં મતાન્તર છે.

આ બીજી પ્રતિમા અનુસાર શ્રાવકે બે મહિના સુધી સમ્યક્ત્વ સહિત પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતનું પાલન કરવાનું હોય છે. આ વ્રતપાલન નિરતિચારપણે અને અતિક્રમાદિ દોષ સેવ્યા વિના નિ:શલ્ય થઇને કરવાનું હોય છે. વ્રતોમાં પ્રાણાતિપાતવિરમણ, મૃષાવાદવિરમણ, અદત્તાદાન વિરમણ, સ્વદારાસંતોષ અને પરિગ્રહ–પરિમાણ એ પાંચ અણુવ્રત છે. દિગ્પરિમાણ વ્રત, ભોગોપભોગ–પરિમાણ વ્રત અને અનર્થદંડવિરમણ વ્રત એ ત્રણ ગુણવ્રત છે. સામાયિક વ્રત, દેશાવગાસિક વ્રત, પૌષધ વ્રત અને અતિથિ–સંવિભાગ વ્રત એ ચાર શિક્ષા વ્રત છે. ત્રણ ગુણ વ્રત અને ચાર શિક્ષાવ્રત એમ સાતને શીલવ્રત કહેવામાં આવે છે. આમ શ્રાવકનાં બાર વ્રત છે. આ બારે વ્રતોનું મન, વચન, કાયાથી આ પ્રતિમા ધારણ કરનાર શ્રાવકે ચુસ્ત પાલન કરવાનું હોય છે. બાર વ્રતધારી શ્રાવક રાત્રિભોજન-ત્યાગનું વ્રત પણ ધારણ કરે છે.

**ત્રીજી સામાયિક પ્રતિમા**

આ ત્રીજી પ્રતિમા છે એટલે ઓછામાં ઓછા સળંગ ત્રણ મહિના માટે તો એનું પાલન થવું જોઇએ.

શ્રી હરિભદ્રસૂરિએ સામાયિકની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે:

समता सर्व भूतेषु, संयमः शुभभावना ।
आर्त्तरौद्रपरित्यागतद्धि सामायिकं व्रतम् ॥

[સર્વ જીવો પ્રત્યે સમતા રાખવી, સંયમ ધારણ કરવો. શુભ ભાવના ભાવવી તથા આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવો એને સામાયિક [illegible]

[illegible]સીદાસજીએ લખ્યું છે:

દ્રવ્ય ભાવ વિધિ સંજુગત, હિયે પ્રતિજ્ઞા ટેક;
તજી મમતા સમતા ગહૈ, અન્તર્મુહૂરત એક.
જો અરિ મિત્ર સમાન વિચારૈ,
આરત રૌદ્ર કુધ્યાન નિવારૈ;
સંયમ સહિત ભાવના ભાવૈ,
સો સામાયિકવંત કહાવૈ.

શ્વેતામ્બર પરંપરામાં આ પ્રતિમા ધારણ કરનારે સવાર-સાંજ એમ બે સામાયિક નિયમિત કરવાનું વિધાન છે. દિગંબર પરંપરામાં સવાર, બપોર અને સાંજ એમ ત્રણ સામાયિક કરવાનું કહ્યું છે.

શ્રાવકનાં બાર વ્રતોમાં ૧૦મું વ્રત તે સામાયિકવ્રત છે. એ શિક્ષાવ્રત છે. એટલે બાર વ્રતધારી શ્રાવકે આ વ્રતનો અભ્યાસ કરેલો હોય છે. પરંતુ એમાં સામાયિકની અનિયમિતતા હોઈ શકે. 'સામાયિક પ્રતિમા'માં સામાયિક નિયમિત કરવાનાં હોય છે.

દ્રવ્ય સામાયિકની વિધિ શ્વેતામ્બરો અને દિગંબરોમાં જુદી જુદી છે. વળી શ્વેતામ્બરો અને દિગંબરોમાં પંથ, ગચ્છ, સમુદાય વગેરે અનુસાર સામાયિકની વિધિમાં અને તેનાં સૂત્રોમાં ફરક છે. વસ્તુત: આ સામાચારીનો પ્રશ્ન છે. દરેક વ્યક્તિ પોતાની નિષ્ઠા અને શ્રદ્ધા અનુસાર પોતાની સામાચારીને અનુસરે તે સ્વાભાવિક છે. પરંતુ આ સામાચારી સાચવવા સાથે સામાયિકના હાર્દ સુધી પહોંચવું એ મહત્ત્વનું છે. સામાયિક કરવાથી પોતાનામાં કેટલો સમભાવ આવ્યો, સમતા આવી અને આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનું પ્રમાણ કેટલું ઓછું થયું તે જોવું એ મહત્ત્વનું છે.

**ચોથી પૌષધ પ્રતિમા**

દશાશ્રુતસ્કંધ અનુસાર શ્રી હરિભદ્રસૂરિએ અને શ્રી હેમચંદ્રાચાર્યે 'પૌષધ પ્રતિમા'ને ચોથી પ્રતિમા તરીકે બતાવી છે. કહ્યું છે:

अट्ठमी माइ पव्वेसु सम्मं पोसहपालण ।
सेसाणुट्ठाण जुत्तस्स चउत्थी पडिमा इमा ॥

[પૂર્વની પ્રતિમાઓમાં જણાવેલાં અનુષ્ઠાનોથી યુક્ત શ્રાવકે અષ્ટમી વગેરે પર્વોમાં સમ્યક્ રીતિએ પૌષધ વ્રતનું પાલન કરવું તે ચોથી પૌષધ પ્રતિમા છે.]

આ પ્રતિમાધારકે આગળની પ્રતિમાઓ ધારણ કરવા સાથે આ પ્રતિમા ચાર માસ સુધી ધારણ કરવાની હોય છે. આ પ્રતિમાધારકે અષ્ટમી, ચતુર્દશી વગેરે પર્વ તિથિએ એટલે મહિનામાં ઓછામાં ઓછા ચાર પૌષધ કરવાના હોય છે. શ્રુત અને ચારિત્રની જેનાથી પુષ્ટિ થાય તે પૌષધ કહેવાય. પૌષધમાં ઉપવાસ કરવાનો હોય છે તથા આવશ્યક ધર્મક્રિયાઓ દોષરહિત કરવાની હોય છે. સ્વાધ્યાય, ધ્યાન વગેરેમાં લીન બનવાનું હોય છે. અને એક દિવસનું સાધુજીવન જેવું જીવન જીવવાનું હોય છે. (ફક્ત દિવસનો એટલે કે ચાર પ્રહરનો પૌષધ પણ થાય છે)

દિગંબર પરંપરામાં પણ ચોથી પ્રતિમા તે પૌષધ પ્રતિમા છે.

શ્રી બનારસીદાસે લખ્યું છે:

પ્રથમહિં સામાયિક દશા, ચાર પહર લોં હોય,
અથવા આઠ પહર રહૈ, પૌષધ પ્રતિમા સોય.

**પાંચમી કાયોત્સર્ગ પ્રતિમા**

[illegible] પ્રતિમા 'પડિમા' અર્થાત્ કાયોત્સર્ગ (કાઉસગ્ગ)ની છે:

निक्कंपो काउसग्गं तु पुव्वुत्तगुणसंजुओ ।
करेइ पव्वराईसुं पंचमी पडिवन्नओ ॥

[પૂર્વની પ્રતિમાઓના ગુણોથી યુક્ત એવો શ્રાવક પર્વરાત્રિએ નિષ્કંપપણે કાઉસગ્ગ કરે તે પાંચમી પ્રતિમા જાણવી.]

આ પ્રતિમાને 'નિયમ પ્રતિમા' પણ કહેવામાં આવે છે. આ પ્રતિમાં

ધારણ કરનારે પર્વ રાત્રિએ એટલે અષ્ટમી અને ચતુર્દશીની રાત્રિએ ઘરમાં કે ઘરની બહાર, નિષ્કંપપણે એટલે પરીષહ વગેરે સહન કરીને, વિચલિત થયા વગર કાઉસગ્ગ કરવાનો હોય છે. આ કાઉસગ્ગ આખી રાત દરમિયાન અથવા મધ્યરાત્રિ સુધી ઈશાન દિશામાં મુખ રાખીને કરવાનો હોય છે.

આ પ્રતિમા ધારણ કરનાર સ્નાન કરે નહિ, અધોવસ્ત્રને કચ્છ વાળે નહિ તથા પ્રતિમા વહનના કાળ દરમિયાન દિવસે બ્રહ્મચર્ય પાળે છે અને રાત્રે ભોગનું પ્રમાણ નક્કી કરે છે.

આવશ્યકચૂર્ણિમાં 'રાત્રિભોજનના ત્યાગ'ને પાંચમી પ્રતિમા તરીકે બતાવી છે.

દિગંબર પરંપરામાં શ્રી સમંતભદ્રાચાર્ય અને શ્રી બનારસીદાસે 'સચિત્ત ત્યાગ'ને પાંચની પ્રતિમા તરીકે બતાવી છે.

### છઠ્ઠી બ્રહ્મચર્ય પ્રતિમા

હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં, દશાશ્રુતસ્કંધ અનુસાર છઠ્ઠી પ્રતિમા અબ્રહ્મવર્જનની અથવા બ્રહ્મચર્યપાલનની કહી છે. છ મહિનાના પ્રમાણવાળી આ પ્રતિમા ધારણ કરનારે ચિત્તની સ્થિરતાપૂર્વક બ્રહ્મચર્યનું અખંડ પાલન કરવાનું હોય છે. શ્રાવકે સ્ત્રીકથા, કામકથા ઇત્યાદિ શૃંગારોત્તેજક વાતચીત ન કરવી જોઇએ. શ્રાવક સ્ત્રીની સાથે એકાન્તમાં ન રહે, સ્ત્રીનો અતિ પરિચય ન રાખે તથા સ્નાન, વિલેપન, અલંકાર વગેરે દ્વારા તે પોતાના શરીરની શોભાવૃદ્ધિ માટે પ્રયત્ન ન કરે.

શ્રાવકે શીલની નવ વાડ સાથે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું જોઇએ. શીલની નવ વાડ નીચે પ્રમાણે છે :

(૧) સ્ત્રીની સાથે એકાંતમાં ન રહેવું. જાહેરમાં પણ સ્ત્રી સાથે વધુ પરિચય ન રાખવો.

(૨) રાગભરી દૃષ્ટિથી સ્ત્રીનાં મુખ કે અન્ય અવયવો પર નજર ન કરવી. સ્ત્રીમુખદર્શન વર્જવું.

(૩) સ્ત્રી સાથે પત્રવ્યવહાર ન રાખવો. સ્ત્રીઓની વાતો પ્રગટપણે કે ગુપ્ત રીતે ન સાંભળવી.

(૪) પૂર્વે ભોગવેલા કામભોગોનમું સ્મરણ ન કરવું.

(૫) કામોત્તેજક, સ્વાદિષ્ટ, સ્નિગ્ધ, ગરિષ્ઠ ભોજન ન કરવું.

(૭) સ્ત્રી જ્યાં બેઠી કે સૂતી હોય એવા આસન, શયન પર બે ઘડી ન બેસવું.

(૮) કામોત્તેજક વાતો, ગીતો વગેરે ન સાંભળવાં કે તેવાં દૃશ્યો ન જોવાં.

(૯) વધુ પડતું ભોજન કરવું નહિ. ઉણોદરી વ્રત કરવું.

(શીલની નવ વાડ જરાક જુદી રીતે પણ ગણાવાય છે. એના ક્રમમાં પણ ફરક હોય છે. પરંતુ એનું હાર્દ એક જ છે.)

આ પ્રતિમા ધારણ કરનારે છ મહિના બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવાનું હોય છે, જો તે સાતમી અને આગળની પ્રતિમા ધારણ કરવાનું છોડી દે તો પછી બ્રહ્મચર્ય એને માટે ફરજિયાત નથી. બીજી બાજુ પ્રતિમા ન ધારણ કરનાર પરંતુ યાવજ્જીવન બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનારા શ્રાવકો પણ હોય છે. એટલે જ કહ્યું છે :

एवं जा छम्मासा एसो ऽ हिगओ इहरहा दिट्ठं ।
जावज्जीवं पि इमं वज्जइ एयंमि लोगंमि ॥

[આ પ્રમાણે પ્રતિમાધારી શ્રાવક છ મહિના દિવસરાત બ્રહ્મચર્યનું પાલન કરે છે. આ પ્રતિમા વગર પણ યાવજ્જીવન બ્રહ્મચર્ય પાળનારા હોય છે.]

આવશ્યકચૂર્ણિમા સચિત્ત આહારના ત્યાગની પ્રતિમાને છઠ્ઠી પ્રતિમા તરીકે બતાવી છે.

દિગંબર પરંપરામાં શ્રી સમંતભદ્રાચાર્યે 'રત્નકરંડક શ્રાવકાચાર'માં 'રાત્રિભોજનત્યાગ'ને છઠ્ઠી પ્રતિમા તરીકે બતાવી છે, તો શ્રી બનારસીદાસે 'નાટક સમાચાર'માં 'દિવામૈથુનત્યાગ'ને છઠ્ઠી પ્રતિમા તરીકે બતાવી છે. બનારસીદાસ લખે છે :

જો દિન બ્રહ્મચર્ય વ્રત પાલૈ, તિથિ આયૈ નિશિ દિવસ સંભાલૈ.
ગહી નવ વાડ કરૈ વ્રત રક્ષા, સો ષટ્ પ્રતિમા શ્રાવક અખ્યા.

### સાતમી સચિત્તત્યાગ પ્રતિમા

સાતમી પ્રતિમા 'સચિત્તત્યાગ'ની છે. फासु आहार सत्तमी । શ્રાવકે આગળની છ પ્રતિમા ધારણ કરવા સાથે હવે સળંગ સાત માસ સુધી આ પ્રતિમા ધારણ કરીને સચિત્ત આહારનો ત્યાગ કરવાનો હોય છે. સચિત્ત એટલે જીવસહિત અને અચિત્ત એટલે જીવરહિત, મૂલ, ફળ, પત્ર, ડાળી, બીજ, કંદ, ફૂલ વગેરેનું અગ્નિથી પકવ્યા વિના કે અન્ય રીતે તે અચિત્ત થાય તે પહેલાં તેનું ભક્ષણ કરવું નહિ એ સચિત્ત આહાર–વર્જન નામની સાતમી પ્રતિમા છે. આ પ્રતિમાનું પાલન સાત મહિના સુધી કરવાનું હોય છે.

શ્રાવકે સાધના કરતાં કરતાં પણ લક્ષમાં રાખવું જોઈએ કે ભોજન પણ દેહનિર્વાહ અર્થે કરવાનું છે. ભોજનની આસક્તિ છૂટવી જોઇએ. ભોજનના રસનો આનંદ માણવાનું હવે ન રહેવું જોઇએ.

સાધકે પાણી પણ ઉકાળેલું-પ્રાસુક વાપરવું જોઇએ.

સાધુ ભગવંતો આજીવન સચિત્ત પદાર્થના ત્યાગી હોય છે અને હંમેશાં પ્રાસુક જળ વાપરતા હોય છે. આ પ્રતિમાના ધારકે સાત મહિના એવું જીવન જીવવાનું હોય છે.

આવશ્યક ચૂર્ણિમાં દિવામૈથુનત્યાગને સાતમી પ્રતિમા તરીકે ઓળખાવી છે.

દિગંબર પરંપરામાં શ્રી સમન્તભદ્રાચાર્યે અને શ્રી બનારસીદાસે સંપૂર્ણ બ્રહ્મચર્યપાલનને સાતમી પ્રતિમા તરીકે ઓળખાવી છે.

### આઠમી આરંભવર્જન પ્રતિમા

આ આઠમી પ્રતિમાધારકે આગળની સાત પ્રતિમાઓ ધારણ કરવા સાથે સળંગ આઠ મહિના સુધી આરંભનો ત્યાગ કરવાનો હોય છે. આરંભ એટલે પાપારંભ. જે પ્રવૃત્તિઓમાં પાપ થવાનો સંભવ હોય એવી સાવદ્ય પ્રવૃત્તિ શ્રાવકે ત્યજી દેવાની રહે છે. અસિ, મસિ અને કૃષિના પ્રકારની પ્રવૃત્તિઓ એટલે કે વેપારધંધો ઇત્યાદિ છોડી દેવાનાં રહે છે. અગ્નિ પ્રગટાવવો, રસોઈ કરવી, શાક લાવવું, શાક સુધારવું, કપડાં ધોવાં, વાસીદું કાઢવું ઇત્યાદિ પ્રકારની પ્રવૃત્તિ પ્રતિમાધારી શ્રાવકે સ્વહસ્તે ન કરવી જોઇએ. એથી વિકલ્પો ઘટી જાય છે અને ચિત્ત સ્વસ્થ અને શાંત રહે છે. શ્રાવકે હવે સાંસારિક પ્રવૃત્તિઓ, ભોગોપભોગો તથા અન્ય પ્રકારના વ્યવહારો ઇત્યાદિ તરફ ઉદાસીન બની, વિશેષ અંતર્મુખ થઈ, પોતાના ચિત્તને સ્વાધ્યાય, જપ, ધ્યાન ઇત્યાદિ ધર્મક્રિયામાં લગાડી દેવું જોઇએ, આત્મભાવનું ચિંતન કરવું જોઇએ અને સ્વસ્વરૂપાનુસંધાન માટે પુરુષાર્થ કરવો જોઇએ.

'રત્નકરંડ શ્રાવકાચાર'માં શ્રી સમન્તભદ્રાચાર્યે તથા 'નાટક સમયસાર'માં શ્રી બનારસીદાસે પણ 'આરંભત્યાગ'ને આઠમી પ્રતિમા કહી છે.

શ્રી સમન્તભદ્રાચાર્યે કહ્યું છે કે સેવા, કૃષિ, વાણિજ્ય, અસ્તિકર્મ, લેખનકાર્ય, શિલ્પકર્મ વગેરેમાં રહેલી હિંસાના કારણરૂપ 'આરંભ'થી આ પ્રતિમાધારક વિરક્ત થાય. શ્રી બનારસીદાસે લખ્યું છે :

જો વિવેક વિધિ આદરૈ, કરૈ ન પાપારંભ;
સો અષ્ટમ પ્રતિમા ધની, કુગતિ વિજય રણથંભ.

**નવમી પ્રેષ્યવર્જન પ્રતિમા**

નવમી પ્રતિમા તે પ્રેષ્ય-વર્જન પ્રતિમા છે. પ્રેષ્ય એટલે નોકર, દાસ વગેરે બીજાઓ. નવમી પ્રતિમા હોવાથી નવ માસ સુધી તેનું પાલન કરવાનું છે. એમાં બીજાઓ દ્વારા પણ કોઈ આરંભ કરાવવાનો હોતો નથી. આ પ્રતિમાધારકથી નોકરચાકર વગેરે બીજાઓ દ્વારા પણ કશું કરાવાતું નથી અને સ્વયમેવ પણ તેવું પાપારંભનું કાર્ય કરી શકાતું નથી. કહ્યું છે :

अवरेणवि आरंभं नवमीए नो करावए ।

[નવમી પ્રતિમા ધારણ કરનાર શ્રાવકે બીજા પાસે-નોકરો, સ્વજનો કે ઈતરજનો દ્વારા પોતાના આહાર વગેરે માટે આરંભ ન કરાવવો.]

निक्खित्तभरो पायं, पुत्तदिसु अहव सेसपरिवारे ।
येवममत्तो अ तहा, सव्वत्थवि परिणवो णवरं ॥

[નવમી પ્રતિમાવાળો કુટુંબનો, વેપારાદિ કાર્યોનો ભાર પ્રાય: પુત્ર વગેરેને અથવા બાકીના પરિવારના સભ્યોને સોંપી દે. તથા પોતે ધન-ધાન્ય વગેરે પરિગ્રહને વિશે અમમત્વવાળો તથા સર્વત્ર પરિણત વિવેક બુદ્ધિવાળો હોવો જોઈએ.]

लोगववहारविरओ, बहुसो संवेगभाविअमई अ ।
पुव्वोइअगुणजुत्तो, णव मासा जाव विहिणा उ ॥

[લૌકિક વ્યવહારમાંથી નિવૃત્ત થયેલો તથા સંવેગ-મોક્ષની અભિલાષાનું સેવન કરતો અને એ પ્રમાણે પૂર્વના ગુણો-પ્રતિમાઓથી યુક્ત થયેલો તે નવ મહિના સુધી આરંભનો ત્યાગ કરે.]

દિગંબર પરંપરામાં શ્રી સમન્તભદ્રાચાર્યે તથા શ્રી બનારસીદાસે જણાવ્યા પ્રમાણે નવમી પ્રતિમા તે 'પરિગ્રહ-ત્યાગ'ની છે. શ્રી સમન્તભદ્રાચાર્યે લખ્યું છે કે શ્રાવક દસ પ્રકારના બાહ્ય પરિગ્રહમાં મમત્ત્વ છોડીને, આ દુનિયામાં પોતાનું કાંઈ જ નથી એવો ભાવ રાખી, પરદ્રવ્ય અને પરપર્યાયોમાં આત્મબુદ્ધિ ન રાખતાં, ભોજન વસ્ત્રાદિમાં સંતોષ રાખી, દીનતા વગર સમતાપૂર્વક રહે તે પરિગ્રહત્યાગ પ્રતિમા છે. શ્રી બનારસીદાસે લખ્યું છે :

જો દશધા પરિગ્રહ કો ત્યાગી, સુખ સંતોષ સહિત વૈરાગી,
સમરસ સંચિત કિંચિત્ ગ્રાહી, સો શ્રાવક નૌ પ્રતિમાધારી.

**દસમી ઉદ્દિષ્ટ-વર્જન પ્રતિમા**

'દશાશ્રુત સ્કંધ' અનુસાર શ્રી હરિભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય વગેરેએ દસમી પ્રતિમા તરીકે 'ઉદ્દિષ્ટ-વર્જન પ્રતિમા' કહી છે.

दसमीए पुणोद्दिट्ठं फासुअं पि न भुंजए ।

પોતાના કહેવાથી અથવા પોતાના કહ્યા વગર બીજાઓએ પોતાને માટે તૈયાર કરેલા આહારાદિ ભલે પ્રાસુક હોય-નિર્જીવ, અચિત્ત હોય તો પણ પ્રતિમાધારી શ્રાવકે ગ્રહણ ન કરવાં જોઈએ.

આ પ્રતિમાધારક મસ્તકે મુંડન કરાવી શકે છે અથવા માથે ચોટલી પણ રાખી શકે છે.

આવશ્યકચુર્ણિમાં 'પ્રેષ્યવર્જન પ્રતિમા'ને દસમી પ્રતિમા ગણાવી છે અને ઉદ્દિષ્ટ-વર્જનની પ્રતિમાને અગિયારમી પ્રતિમામાં સમાવી લીધી છે.

શ્રી સમન્તભદ્રાચાર્યે તથા શ્રી બનારસીદાસે [illegible] દસમી પ્રતિમા કહી છે. એ પ્રમાણે આ પ્રતિમા ધારણ કરનાર શ્રાવક બીજા લોકોનાં આરંભ-પરિગ્રહનાં કાર્યોની તથા ઘરમાં ભોજન, વેપાર, લગ્નાદિ વિશેની વાતોની અનુમોદના ન કરે. કોઈ પૂછે તો પણ રાગદ્વેષયુક્ત ઉત્તર ન આપો. ભોજન વગેરેમાં તે 'બહુ સરસ છે' અથવા અમુક વાનગી 'બરાબર નથી થઈ' એવું કથન પણ ન કરે. શ્રી બનારસીદાસે લખ્યું છે :

પરકૌં પાપારંભકો જો ન દેઈ ઉપદેશ,
સો દશમી પ્રતિમાધની, શ્રાવક વિગત કલેશ.

**૧૧. શ્રમણભૂત પ્રતિમા**

આ પ્રતિમાનું, આગળની સર્વ પ્રતિમાઓ ધારણ કરવા સાથે, હવે વધુ ઉચ્ચ દશા પ્રાપ્ત કરવા માટે, શ્રમણ એટલે કે સાધુની ભૂમિકા સાથે લગોલગ થવા માટે, અગિયાર મહિના સુધી પાલન કરવાનું હોય છે કે જેથી એમાં સ્થિરતા આવે. આ પ્રતિમાધારક પોતાનું ઘર અને સ્વજનો વગેરેને છોડીને અન્યત્ર પોતાને સ્વાધીન હોય (એટલે કે કોઈ ચાલ્યા જવા માટે કહેનાર ન હોય) એવા સ્થાનમાં રહે છે. તે સાધુ જેવો વેશ ધારણ કરે છે, માથે હાથથી લોચ કે અસ્ત્રાથી મુંડન કરે છે, પાત્ર રાખે છે અને કોઈકના ઘરેથી ભિક્ષા લાવીને વાપરે છે. ભિક્ષા લેવા જાય ત્યારે ગૃહસ્થના ઘરે જઈ प्रतिमाप्रतिपन्नाय श्रमणोपासकाय भिक्षां दत्त । (પ્રતિમાધારી શ્રાવકને ભિક્ષા આપો) એમ બોલે છે, પરંતુ આવી રીતે ભિક્ષા લેવા જનારે સાધુઓ જેમ તે સમયે 'ધર્મલાભ' બોલે છે તેમ 'ધર્મલાભ' બોલવાનું હોતું નથી, કારણકે પોતે હજુ ગૃહસ્થ છે. કહ્યું છે :

एकारसीसु निस्संगो धरे लिंगं पडिग्गहं ।
कयलोओ सुसाहुच्च पुव्वुत्तगुणसायरो ॥

[પૂર્વે દસમી પ્રતિમા સુધીના જણાવેલા સઘળા ગુણોના સાગર જેવો શ્રાવક હવે અગિયારમી પ્રતિમામાં ઉત્તમ સાધુની જેમ નિ:સંગ બનીને અર્થાત ઘર, કુટુંબ, પરિગ્રહ વગેરે છોડીને એકાન્તમાં રહીને સાધુ જેવો વેષ ધારણ કરે અને મસ્તકે લોચ કરે.]

દિગંબર પરંપરામાં શ્રી સમંતભદ્રાચાર્યે અને શ્રી બનારસીદાસે આ અગિયારમી પ્રતિમાને 'ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા' તરીકે બતાવી છે. પરંતુ તેમાં 'શ્રમણભૂત પ્રતિમા' જેવાં જ લક્ષણો બતાવ્યાં છે. શ્રી સમંતભદ્રાચાર્ય લખે છે કે શ્રાવક ગૃહવાસનો ત્યાગ કરી મુનિ મહારાજની પાસે વનમાં રહે, તેમની પાસે વ્રતો ગ્રહણ કરે, તપશ્ચર્યા કરે, ભિક્ષાભોજન કરે અને વસ્ત્રના ખંડને ધારણ કરે (ખંડવસ્ત્ર એટલે એવું ટૂંકું વસ્ત્ર કે જેનાથી જો મસ્તક ઢાંકે તો પગ ન ઢંકાય અને પગ ઢાંકે તો મસ્તક ન ઢંકાય).

આવું વ્રત ધારણ કરનાર શ્રાવક પોતાના નિમિત્તે બનાવેલું ભોજન ગ્રહણ ન કરે. તે દિવસમાં એકવાર આહાર લે, પરીષહ-ઉપસર્ગ સહન કરે તથા ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન રહે. શ્રી બનારસીદાસ લખે છે :

જો સુછંદ વરતે તજ ડેરા, મઠ મંડપમેં કરે બસેરા;
ઉચિત આહાર, ઉદંડ વિહારી, સો એકાદશ પ્રતિમાધારી.

શ્રાવકની અગિયારમી પ્રતિમા તે ઉત્કૃષ્ટ પ્રતિમા છે અને તે સાધુની બરાબર ગણાય છે. દિગંબર પરંપરામાં આ અગિયારમી પ્રતિમાના પણ બે તબક્કા કરવામાં આવ્યા છે–ક્ષુલ્લક અને ઐલક

નહિ પણ મુંડન કરાવે છે. ઐલક ફક્ત લંગોટી રાખે છે. તે પીંછી-કમંડળ સિવાય સર્વ બાહ્ય પરિગ્રહનો ત્યાગી બની જાય છે. આ દશાએ પહોંચેલા શ્રાવકને હવે દેહ પ્રત્યે ઉદાસીનતા આવી જાય છે.

આ અગિયાર પ્રતિમા શ્રાવકે ઉત્તરોત્તર કેવી રીતે સિદ્ધ કરવી અને તે પ્રત્યેક પ્રતિમાનાં કેવાં કેવાં લક્ષણો છે એ વિશે શાસ્ત્રગ્રંથોમાં સ્પષ્ટ બતાવ્યું છે. એક પ્રતિમા પછી બીજી પ્રતિમા તરફ જવા માટે જો તેવા પ્રકારના ભાવ ન હોય તો ઉત્સાહ ન રહે. એટલે જીવની આંતરિક પરિણતિ તેની પ્રગતિમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે.

કેટલાક નિશ્ચયનયવાળાઓ જેમ દરેકમાં વ્યવહાર અને નિશ્ચય એવા ભેદ પાડે છે તેમ આ અગિયાર પ્રતિમામાં પણ નિશ્ચય પ્રતિમા અને વ્યવહાર પ્રતિમા એવા ભેદ પાડે છે. જે અગિયાર પ્રતિમાઓ બતાવી છે એને તેઓ માત્ર વ્યવહાર પ્રતિમા તરીકે ઓળખાવી તે તે પ્રતિમા અનુસાર આસક્તિનો ત્યાગ, કષાયોની મંદતા તથા સ્વરૂપમાં રમણતાને નિશ્ચય પ્રતિમા તરીકે ઓળખાવે છે. પરંતુ વ્યવહાર પ્રતિમાઓમાં એક પ્રતિમા કરતાં બીજી પ્રતિમા ભિન્ન છે એવી સ્પષ્ટ ખબર સાધકને પોતાને હોય છે અને બીજાઓ પણ તે જાણી શકે છે. પરંતુ નિશ્ચય પ્રતિમા વિશે બીજાઓને તો કશી ખબર પડતી નથી, પરંતુ જીવને પોતાને પણ પોતાના કષાયોની મંદતા ઈત્યાદિ અનુસાર હવે કઈ પ્રતિમા છે તેની ખબર પડે કે ન પણ પડે. વળી વ્યવહાર પ્રતિમામાં તો ઉપરની પ્રતિમામાંથી નીચેની પ્રતિમામાં આવતાં અથવા પ્રતિમાભંગ થતાં તરત જણાય છે, પરંતુ નિશ્ચય પ્રતિમામાં જીવ ઉપરથી નીચેની પ્રતિમાએ ઊતરી પડ્યો હોય તો પણ એ વિશે એને કદાચ ખબર પડે કે ન પડે એવું બની શકે. વ્યવહારપ્રતિમાના માપદંડ જેટલા સ્પષ્ટ છે તેટલા નિશ્ચયપ્રતિમાના નથી.

વસ્તુતઃ જૈન ધર્મમાં પ્રત્યેક વ્રતાદિ આચાર-પાલનમાં દ્રવ્ય અને ભાવ એવું વર્ગીકરણ પહેલેથી આવે જ છે. એટલે પ્રતિમા ભાવપૂર્વક જ ધારણ કરવામાં આવે એ આવશ્યક મનાયું છે. એટલે દ્રવ્યપ્રતિમા અને ભાવપ્રતિમા પછી વ્યવહારપ્રતિમા અને નિશ્ચયપ્રતિમા એવું જુદું વર્ગીકરણ કરવાની આવશ્યકતા કેટલાકને લાગતી નથી. કેટલાક ભાવપ્રતિમા અને નિશ્ચયપ્રતિમા વચ્ચે પણ ફરક કરે છે. આગમોમાં અને શ્વેતામ્બર તથા દિગંબર પરંપરાના પ્રાચીન શાસ્ત્રગ્રંથોમાં વ્યવહારપ્રતિમા અને નિશ્ચયપ્રતિમા એવા ભેદ જોવામાં આવતા નથી. પ્રતિમાનું ક્ષેત્ર એવું છે કે એમાં ભાવ અને આંતરિક પરિણતિ વગર પ્રગતિ થતી નથી. કોઈ જીવ વ્યવહારપ્રતિમાને ઊતરતી ગણી, તેને છોડીને માત્ર નિશ્ચયપ્રતિમાનો જ આશ્રય લે તો તે ભ્રમદશામાં રહે અને કદાચ પ્રગતિ ન કરી શકે એવો સંભવ રહે છે.

બાર વ્રતધારી શ્રાવક બનવું એ પણ ખરેખર કઠિન છે. શ્રાવકવર્ગમાંથી જેઓએ બાર વ્રત ધારણ કર્યાં હોય એવા શ્રાવકોની ટકાવારી પણ ઘણી જ ઓછી રહે છે. એટલે અગિયાર પ્રતિમાધારી શ્રાવક તો જવલ્લે જ જોવા મળે. જેઓ દીક્ષાર્થી હોય એવા અપરિણીત પુરુષો અગિયારમી પ્રતિમા સુધી પહોંચી જઈ શકે છે, પરંતુ કુટુંબપરિવારવાળા શ્રાવકો ઘણુંખરું પાંચમી-છઠ્ઠી પ્રતિમાથી આગળ વધી શકતા નથી. એ માટે વ્યવસાયમાંથી પુખ્ત ઉંમરે નિવૃત્ત થયા પછી માણસ પ્રતિમાની સાધના કરવા તૈયાર થાય તો આગળ વધી શકે છે, પરંતુ ત્યારે ઘણાને શારીરિક શક્તિની મર્યાદાઓ નડે છે.

મહત્ત્વ ઘણું બધું હતું. એ કાળ એવો અનુકૂળ હતો અને શરીરનું સંઘયણ પણ એવું સશક્ત હતું. એટલે જ આનંદ શ્રાવક, કામદેવ શ્રાવક, ચુલનીપિતા શ્રાવક વગેરેએ અગિયારે અગિયાર પ્રતિમા ક્રમાનુસાર ધારણ કરી હતી. આ બધી પ્રતિમા સળંગ પૂરી કરતાં પાંચ વર્ષ અને છ મહિના લાગે અને એટલા સમયગાળામાં તો શરીર અત્યંત કૃશ અને અશક્ત થઈ જાય. એટલે જ આવી રીતે અગિયારમી પ્રતિમાએ પહોંચેલા શ્રાવકને છેલ્લે સંલેખના કરીને દેહ છોડવાનો ભાવ થયા વગર રહે નહિ.

વર્તમાન કાળમાં જીવનની રહેણીકરણી બદલાઈ છે અને શરીરસંઘયણ ઘટ્યું છે. એટલે પાંચમી-છઠ્ઠી પ્રતિમાથી આગળ વધનારા શ્રાવકો જવલ્લે જ જોવા મળે છે. અલબત્ત કોઈક ભાગ્યશાળીઓ અગિયારમી પ્રતિમા સુધી પણ પહોંચી શકે છે. આમ છતાં આ પ્રતિમાઓ ધારણ કરવાની અને તે વહન કરવાની મુશ્કેલી ઘણી બધી છે. એટલે એમ કહેવાય છે કે સાધુ બનવું સહેલું છે, પણ સંપૂર્ણ પ્રતિમાધારી શ્રાવક બનવું કઠિન છે. ગૃહત્યાગ કરી સાધુ થનારને જે અનુકૂળતાઓ મળે છે તેવી અનુકૂળતાઓ ઘરપરિવાર સાથે રહેનાર શ્રાવકને પ્રતિમા ધારણ કરવા માટે ઘણી ઓછી મળે છે. આથી જ ઉપરની પ્રતિમાઓનો પ્રચાર બહુ રહ્યો નથી. બીજી પ્રતિમા તે વ્રતધારી શ્રાવકની છે. બાર વ્રત ધારણ કરી એ પ્રમાણે પવિત્ર જીવન જીવનારા ઘણા શ્રાવકો જોવા મળે છે. બાર વ્રતમાં સામાયિક, પૌષધ આવી જાય છે. વળી આજીવન બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનારા શ્રાવકો પણ હોય છે. કેટલાક બાર વ્રત ધારણ કરી નથી શકતા તો અમુક વ્રતના અથવા અમુક પ્રકારના નિયમોના પચક્ખાણ લે છે. આથી જ વ્રત ઉપર જેટલો ભાર મૂકવામાં આવે છે તેટલો પ્રતિમા વહન કરવા ઉપર મૂકવામાં આવતો નથી. શ્વેતામ્બર પરંપરા કરતાં દિગંબર પરંપરામાં પ્રતિમાવહનની વાત વિશેષ થાય છે, તો પણ દસમી-અગિયારમી પ્રતિમાએ પહોંચેલા તો કોઈક જ હોય છે.

આમ છતાં શ્રાવકજીવનમાં પણ ધર્મકરણી અને આત્મચિંતન પર ભાર મૂકવામાં આવે છે. જીવે જીવનમાં આચરવા જેવી વાતો અનેક છે. એટલે ક્યાંકથી પણ શરૂઆત કરવામાં આવે તો સમય જતાં તે ઘણો આગળ નીકળી શકે છે. નાની શરૂઆત પણ મોટાં પરિણામ લાવી શકે છે. 'ટીપે ટીપે સરોવર ભરાય' એ કહેવત અનુસાર ધર્માર્થી-મોક્ષાર્થી ભવોભવની સાધના કરતાં કરતાં મોક્ષ સુધી પહોંચી શકે છે.

શ્રી હરિભદ્રસૂરિએ 'ધર્મબિન્દુ'માં કહ્યું છે :

पदंपदेन मेधावी ययाऽऽरोहति पर्वतम् ।
सम्यक् तथैव नियमाद्धीरश्चरित्र—पर्वतम् ॥

[જેમ ડાહ્યો માણસ એક એક ડગલું ભરતો ભરતો ક્રમશઃ પર્વત ઉપર ચઢી જાય છે, તેમ ધીર પુરુષો શ્રાવકધર્મનું સારી રીતે પાલન કરતાં કરતાં અવશ્ય ચારિત્રધર્મરૂપી પર્વત પર ચઢી જાય છે.]

स्तोकां गुणान समाराध्य बहूनामपि जायते ।
यस्मादाराधनायोग्य स्तस्मादादावयं मतः ॥

[આરંભમાં થોડા થોડા ગુણોની આરાધના કરીને આત્મા ઘણા ગુણોની આરાધના માટે પણ યોગ્ય બને છે. માટે ગૃહસ્થધર્મને પહેલો કહ્યો છે.]

☐ રમણલાલ ચી. શાહ

# આભામંડળ : જૈન જ્યોતિષશાસ્ત્ર અને રત્ન-ચિકિત્સા

☐ પ. પૂ. શ્રી નંદીઘોષવિજયજી મહારાજ

રંગચિકિત્સાની સાથે જૈનદર્શનમાં પ્રસિદ્ધ શ્રી સિદ્ધચક્ર ભગવંતની આરાધના તથા શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના ઘનિષ્ઠ રીતે સંકળાયેલ છે અને તેનો સંબંધ જ્યોતિષશાસ્ત્ર તથા ગ્રહો સાથે પણ છે.

જે રીતે નમસ્કાર મહામંત્રની આરાધનામાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પદની અનુક્રમે શ્વેત, લાલ, પીળા, લીલા અને કૃષ્ણ વગેરે વિશિષ્ટ રંગો દ્વારા આરાધના કરવાનું બતાવ્યું છે તે રીતે શ્રી સિદ્ધચક્ર ભગવંતની આરાધનામાં પણ અરિહંત વગેરેની આરાધના પણ શ્વેત વગેરે રંગો દ્વારા કરાય છે. એટલું જ નહિ નમસ્કાર મહામંત્રના શરૂઆતનાં પાંચ પદોનો સંબંધ ગ્રહોની સાથે પણ છે.

કોઈપણ ગ્રહ નીચ રાશિમાં હોય, અસ્તનો હોય કે છઠ્ઠે, આઠમે કે બારમે હોય તો ગ્રહ નબળો ગણાય છે. જે વ્યક્તિની જન્મકુંડળીમાં ચંદ્ર કે શુક્ર નિર્બળ હોય કે અસ્તના હોય અથવા દુ:સ્થાનમાં હોય તેવી વ્યક્તિએ 'નમો અરિહંતાણં' પદનો જાપ કરવો જોઇએ. તે રીતે સૂર્ય અને મંગળ નબળા હોય તો 'નમો સિદ્ધાણં', ગુરુ નબળો હોય તો 'નમો આયરિયાણં', બુધ નબળો હોય તો 'નમો ઉવજ્ઝાયાણં' તથા શનિ, રાહુ અને કેતુ નબળા હોય તો તેઓએ 'નમો.લોએ સવ્વસાહૂણં' પદનો જાપ કરવો જોઇએ.' આ પદોનો જાપ કરવાથી તે તે પદ સાથે સંબંધિત ગ્રહોના કિરણોની તે વ્યક્તિના આભામંડળ ઉપર અસર થાય છે અને આભામંડળમાંથી તે રંગની ઊણપ દૂર થાય છે. આ જ રીતે શ્રી સિદ્ધચક્ર ભગવંતની આરાધનામાં પણ શ્વેત રંગથી અરિહંતની આરાધના કરવાથી આભામંડળના બધા જ રંગોમાં સમતોલપણું આવે છે કારણ કે શ્વેત રંગમાં સાતેય રંગો અથવા ત્રણેય મૂળ રંગો સમ પ્રમાણમાં છે, તો લાલ રંગથી સિદ્ધ ભગવંતની આરાધના કરવાથી આભામંડળમાંની લાલ રંગની ખામી દૂર થાય છે. તે જ રીતે પીળા રંગથી આચાર્ય ભગવંતની આરાધના કરવાથી આભામંડળમાંની પીળા રંગની ખામી દૂર થાય છે. લીલા રંગથી ઉપાધ્યાય ભગવંતની આરાધના કરવાથી આભામંડળમાંના પીળા અને ભૂરા રંગની ખામી દૂર થાય છે કારણ કે લીલો રંગ પીળા અને ભૂરા રંગના મિશ્રણ સ્વરૂપ છે.

જૈનદર્શનની માન્યતા પ્રમાણે ૐમાં અરિહંત, સિદ્ધ (અશરીરી), આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ સ્વરૂપ પંચપરમેષ્ઠિનો સમાવેશ થાય છે. અને તેનું પણ પાંચ વર્ણ દ્વારા ધ્યાન કરવામાં આવે છે. તે જ રીતે મંત્રશાસ્ત્રમાં માયાબીજ અથવા શક્તિબીજ સ્વરૂપ હ્રીંમાં ૨૪ તીર્થંકરોનો સમાવેશ થાય છે.

આ રંગચિકિત્સાની સાથે જ્યોતિષશાસ્ત્ર સંબંધિત ગ્રહો, તેના મંત્રો અને તેના સંબંધિત રત્નો દ્વારા કરાતી ચિકિત્સા અર્થાત્ રત્નચિકિત્સા અને આભામંડળને ગાઢ સંબંધ છે.

કોઈપણ મનુષ્યની જન્મકુંડળીમાં સ્થિત ગ્રહો તેના પૂર્વ ભવનાં શુભ અશુભ કર્મોનું સૂચન કરે છે. આ કર્મો જો હળવાં હોય અર્થાત્ નિકાચિત ન હોય તો એ કર્મો થોડા પ્રયત્નોથી અર્થાત્ તપ, જપ, ક્રિયા વગેરે સામાન્ય અનુષ્ઠાન દ્વારા પણ આત્માથી અલગ થઈ શકે છે એટલે કે તે ભોગવવાની જરૂર રહેતી નથી. આ કર્મો દૂર કરવામાં ઉપર બતાવી તે પ્રમાણે તે તે ગ્રહ સંબંધિત નમસ્કાર મહામંત્રના પદની આરાધના ખૂબ જ ઉપયોગી થઈ શકે છે. આ સિવાય શ્રી કલ્પસૂત્રના રચયિતા ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીએ વિદ્યાપ્રવાદ નામના પૂર્વમાંથી ઉદ્ધૃત કરેલ શ્રી ગ્રહશાંતિ સ્તોત્રમાં જણાવ્યા પ્રમાણે જુદા જુદા ગ્રહો માટે ભિન્ન ભિન્ન તીર્થંકર પરમાત્માની આરાધના કરવાની છે. એ સિવાય દરરોજ શ્રી તીર્થંકર પરમાત્માની સન્મુખ જો ૧૦૮ વખત શ્રી નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરવામાં આવે તો બધા જ ગ્રહોની શાંતિ થઈ જાય છે.

**તીર્થંકર પરમાત્માના જાપ અને રોગનિવારણ**

જૈન પરંપરામાં ૨૪ તીર્થંકરોના દેહના વર્ણ બતાવવામાં આવ્યા છે. કુલ પાંચ રંગ-પીત (પીળો), શ્વેત/સફેદ, લાલ (પરવાળા જેવો), મરકત (લીલો) તથા કૃષ્ણ (શ્યામ) વર્ણમાં સર્વ તીર્થંકરોનો સમાવેશ થઈ જાય છે.

શ્રી ચંદ્રપ્રભસ્વામિ અને શ્રી સુવિધિનાથ ભગવાનનો વર્ણ શ્વેત છે. તેમાં શ્રી ચંદ્રપ્રભસ્વામિના ધ્યાન તથા જાપથી જન્મકુંડળીમાં રહેલ ચંદ્ર શક્તિશાળી બને છે અને જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે ચંદ્ર મનનો કારક હોવાથી મન પણ મજબૂત બને છે. ચંદ્ર માટેનું નંગ મોતી (pearl) અથવા સ્ફટિક (crystal) છે. તે શ્વેત હોય છે. જ્યારે શ્રી સુવિધિનાથ પ્રભુના ધ્યાન તથા જાપથી શુક્ર બળવાન બને છે અને શુક્ર માટેનું નંગ/રત્ન હીરો (diamond) છે. તે પણ શ્વેત જ હોય છે.

શ્રી પદ્મપ્રભસ્વામિ તથા શ્રી વાસુપૂજ્યસ્વામિ બંને ભગવાન લાલ રંગના છે. શ્રી પદ્મપ્રભસ્વામિના ધ્યાન તથા જાપથી સૂર્ય શક્તિશાળી બને છે. જ્યારે શ્રી વાસુપૂજ્યસ્વામિના ધ્યાન તથા જાપથી મંગળનો ગ્રહ શક્તિશાળી બને છે. સૂર્ય માટેનું નંગ માણેક (ruby) લાલ અને પારદર્શક હોય છે, જ્યારે મંગળ માટેનું નંગ પરવાળો (coral) પણ લાલ હોય છે પરંતુ તે પારદર્શક હોતું નથી.

શ્રી મલ્લિનાથ તથા શ્રી પાર્શ્વનાથ બંને ભગવાન નીલ વર્ણના અર્થાત્ indigo અથવા લીલા (green) રંગના છે. આ બંને પ્રભુના ધ્યાન તથા જાપથી કેતુ ગ્રહ શક્તિશાળી અથવા શુભ બને છે. કેતુ માટેનું નંગ/રત્ન લસણિયું (cat's eye) છે.

શ્રી મુનિસુવ્રતસ્વામિ તથા શ્રી નેમિનાથ પ્રભુ શ્યામ/કૃષ્ણ વર્ણના છે. તેમાંથી શ્રી મુનિસુવ્રતસ્વામિનો જાપ કરવાથી શનિ ગ્રહ શુભ અને શક્તિશાળી બને છે. શનિ માટેનું નંગ નીલમ છે. જ્યારે શ્રી નેમિનાથ પ્રભુના ધ્યાન તથા જાપથી રાહુ ગ્રહ શક્તિશાળી બને છે અને તેનું નંગ ગોમેદક છે.

બાકી રહેલ સોળ તીર્થંકરો પીળા રંગના, કંચન વર્ણના છે. તેમાંથી શ્રી વિમળનાથ, શ્રી અનંતનાથ, શ્રી ધર્મનાથ, શ્રી અરનાથ, શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ, શ્રી નમિનાથ અને શ્રી મહાવીરસ્વામિ ભગવાનની આરાધના કરવાથી બુધનો ગ્રહ શુભ બને છે અને શ્રી ઋષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી સુપાર્શ્વનાથ, શ્રી અભિનંદનસ્વામિ, શ્રી શીતળનાથ, શ્રી સુમતિનાથ, શ્રી સંભવનાથ તથા શ્રી શ્રેયાંસનાથ ભગવાનની આરાધના કરવાથી ગુરુનો ગ્રહ શક્તિશાળી બને છે. બુધ માટેનું નંગ પન્ના/પાણું છે. જ્યારે ગુરુ માટેનું નંગ પોખરાજ (topaz) છે. અહીં પોખરાજ પીળો હોય છે પરંતુ પન્ના રત્ન લીલા રંગનું હોય છે.

અલબત્ત, લીલો રંગ પીળા અને ભુરા રંગનું મિશ્રણ છે.

આ રીતે અહીં બુધ, શનિ, રાહુ અને કેતુ સંબંધિત રત્નોના રંગની સાથે તીર્થંકર પરમાત્માના દેહનો વર્ણન સુસંગત થતો નથી.

આ સિવાય જન્મરાશિના આધારે પણ તીર્થંકર પરમાત્મા અથવા નંગ/રત્નની પસંદગી કરી શકાય છે. અલબત્ત, ભારતીય જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે ચંદ્રની રાશિ જન્મરાશિ ગણાય છે જ્યારે પાશ્ચાત્ય જ્યોતિષશાસ્ત્ર

જન્મરાશિ મેષ કે વૃશ્ચિક હોય તો તેણે શ્રી વાસુપૂજ્યસ્વામિની આરાધના કરવી અને મંગળનું નંગ પરવાળો પહેરવો.

જન્મરાશિ વૃષભ કે તુલા હોય તો તેણે શ્રી સુવિધિનાથ પ્રભુની આરાધના કરવી અને શુક્રનું નંગ હીરો પહેરવો.

જન્મરાશિ મિથુન કે કન્યા હોય તો તેણે શ્રી વિમળનાથ પ્રભુ વગેરેની આરાધના કરવી અને બુધનું નંગ પન્ના પહેરવું.

જન્મરાશિ કર્ક હોય તો તેણે શ્રી ચંદ્રપ્રભસ્વામિની આરાધના કરવી અને મોતીનું નંગ પહેરવું.

જન્મરાશિ સિંહ હોય તો તેણે શ્રી પદ્મપ્રભસ્વામિની આરાધના કરવી અને સૂર્યનું નંગ માણેક પહેરવું.

જન્મરાશિ ધન કે મીન હોય તો તેણે શ્રી ઋષભદેવ આદિ પરમાત્માની આરાધના કરવી અને ગુરુનું નંગ પોખરાજ પહેરવું.

જન્મરાશિ મકર અને કુંભ હોય તો તેણે શ્રી મુનિસુવ્રતસ્વામીની આરાધના કરવી કે શનિનું નંગ લીલમ પહેરવું.

**રત્નચિકિત્સા વડે રોગનિવારણ :**

અત્યારે ચિકિત્સાશાસ્ત્રમાં શારીરિક પ્રશ્નોના નિરાકરણ તથા શરીરને વધુ મજબૂત બનાવવા માટે રત્નચિકિત્સા એક ઉત્તમ વૈકલ્પિક પદ્ધતિ છે. એક સિદ્ધાંત એવો છે કે પ્રત્યેક રત્ન ચોક્કસ સંખ્યામાં કંપનો અર્થાત્ કંપસંખ્યા (vibrational rates) ધરાવે છે.

આપણા આભામંડળમાં એ રત્નો મૂકતાં આપણા આભામંડળમાં કંપનો-કંપસંખ્યા (vibrational rate) પણ બદલાઈ જાય છે. ઘણા સમય બાદ વિજ્ઞાનીઓએ જાણ્યું કે પ્રકાશથી લઇને અંધકાર સુધી સૂક્ષ્મ સ્તર ઉપર બધું જ શક્તિ સ્વરૂપ છે અને બધું જ પ્રકંપિત હોય છે, તો 'ધી મેસેજ ઓફ ધી સ્ટાર્સ' (The Message of the Stars) ના લેખક Max Heindleના કહેવા પ્રમાણે પ્રત્યેક રત્નમાં તે તે ગ્રહોમાંથી નીકળતા વૈશ્વિક કિરણો (cosmic rays) ગ્રહણ કરવાની ક્ષમતા હોય છે.

આ બધાં રત્નોમાં સ્ફટિક (crystal) સૌથી વધુ શક્તિશાળી છે. તેને જ્યારે આપણા શરીરના ચોક્કસ શક્તિ ક્ષેત્રમાં મૂકવામાં આવે છે ત્યારે ખરેખર આપણું આભામંડળ સક્રિય બની જાય છે. યુગોથી એવું અનુભવાયું છે કે આપણા શારીરિક આભામંડળ-વીજ-ચુંબકીય ક્ષેત્રમાં આવેલાં શક્તિ કેન્દ્રો અર્થાત્ ચક્રો જે સતત ગતિશીલ છે તેને શક્તિ પૂરી પાડવાનું અથવા સક્રિય રાખવાનું કાર્ય સ્ફટિકનાં કંપનો દ્વારા થાય છે. પૂર્વીય આધ્યાત્મિક સાહિત્યમાં એ વાતના પુરાવા છે કે સૈકાઓ પૂર્વે ભારતીય યોગના નિષ્ણાતોએ આ બધું સંશોધન કરેલ છે.

વળી પૃથ્વી તરફથી મળેલ આ રત્નો એક અદ્ભુત ભેટ છે. પ્રાચીન કાળથી ચાલ્યા આવતા રિવાજોમાં રત્નોથી જડિત સુવર્ણનાં અલંકારો પહેરવાનો રિવાજ આ વાતનું સૂચન કરે છે.

આ રત્નો આપણા શરીર ઉપર આવેલ એક્યુપંક્ચરનાં બિંદુઓ ઉપર મૂકવામાં આવે છે ત્યારે શક્તિકેન્દ્ર સ્વરૂપ ચક્રો દ્વારા તે આપણા આભામંડળમાં પરિવર્તન કરે છે.

ઘણા વખત પહેલાંની માયન અને હિબ્રુ સંસ્કૃતિમાં, આશ્ચર્યજનક રીતે દંતકથા સ્વરૂપે અદૃશ્ય થઈ ગયેલ એટલાન્ટિસ શહેરના વખતમાં અને સુદૂર પૂર્વની સંસ્કૃતિઓમાં પણ સ્ફટિક અને રત્નોનો ઉપયોગ આધ્યાત્મિક રીતે તથા આરોગ્યની જાળવણી અથવા રોગમુક્તિ માટે કરવામાં આવતો હતો.

જો કે આધુનિક આરોગ્યવિજ્ઞાન તથા ઔષધવિજ્ઞાન રત્નચિકિત્સાને આધારભૂત ચિકિત્સા પદ્ધતિ તરીકે માન્ય કરતું નથી, આમ છતાં એવા સંખ્યાબંધ સંદર્ભો મળે છે, જેમાં સ્ફટિક અને રત્નો દ્વારા કરાયેલી ચિકિત્સાથી સારું થઇ ગયું હોય અથવા રોગને ઉત્પન્ન થતો અથવા આગળ વધતો અટકાવી દેવામાં આવ્યો હોય.

અતિલાગણીશીલ-ભાવનાત્મક અને માનસિક પ્રશ્નો દ્વારા ઉત્પન્ન થયેલ અસમતોલનના પરિણામ સ્વરૂપ રોગોમાં ગોળાકાર રત્નોની મદદથી કરાયેલ ચિકિત્સા દ્વારા અદ્ભુત લાભ થયો છે.

રત્નોમાં ધ્વનિ અને પ્રકાશ સ્વરૂપ અદ્ભુત જીવંત શક્તિઓ રહેલી છે, જે આભામંડળમાંના તેના પ્રવેશ દ્વારા અન્ય સજીવ પદાર્થ-વ્યક્તિમાં સંક્રમિત થાય છે. પ્રત્યેક રત્નમાં તેની વિશિષ્ટ/ચોક્કસ લયબદ્ધતા (rhythm), લાક્ષણિકતા, દ્રવ્ય ચુંબકત્વ (ચુંબકીય શક્તિ) હોય છે. તેથી તે અમુક ચોક્કસ ઔષધીય ગુણધર્મ ધરાવે છે.

રત્નો દ્વારા આભામંડળમાં શક્તિ પૂરવાના કાર્યની ગતિ ચોક્કસ આવર્તનવાળી હોય છે અને પ્રત્યેક આવર્તનની શરૂઆતમાં તે રત્ન આભામંડળના એક ચોક્કસ સ્તરમાં શક્તિ પૂરે છે અને તે ત્યાં સુધી ચાલુ રહે છે કે જ્યાં સુધી આભામંડળના તે સ્તરમાંથી શક્તિ પૂર્ણ થવાનો વિશિષ્ટ સંકેત ન મળે ત્યાં સુધી અને તે સંકેત વિશિષ્ટ પ્રકારના પરિવર્તન અથવા તંદુરસ્તી/સ્વાસ્થ્યની પુનઃ પ્રાપ્તિ સ્વરૂપ હોઈ શકે છે.

આ રત્નો શરીરનાં વિશિષ્ટ ભાગો ઉપર મૂકવામાં આવે છે, તેમાં ય ખાસ કરીને ચક્રોના સ્થાને અથવા બળતરા થતી હોય અથવા પીડા થતી હોય, જે ભાગ રોગગ્રસ્ત હોય, જ્યાં ઇજા થયેલ હોય ત્યાં મૂકવામાં આવે છે. એ સિવાય ગળામાં ડોકની આસપાસ હાર સ્વરૂપે પણ તે પહેરવામાં આવે છે.

રત્નચિકિત્સકોના કહેવા પ્રમાણે કોઇપણ રત્ન માળાના મણકા સ્વરૂપે રેશમી દોરામાં પરોવીને પહેરવું શ્રેષ્ઠ છે. રત્નચિકિત્સકો કોઈ ધાતુમાં જડેલાં રત્નો પહેરવાની ના કહે છે કારણ કે તેઓની માન્યતા પ્રમાણે ધાતુમાં જડેલ રત્નની ઔષધીય અસર ઓછી થઈ જાય છે અથવા તો તે બિલકુલ અસર કરતું નથી. આમ છતાં મારી અંગત માન્યતા પ્રમાણે સુવર્ણ તેમાં અપવાદ હોઇ શકે છે, કારણ કે પ્રાચીન કાળથી જ રત્નોને સુવર્ણમાં જડીને જ પહેરવાનો રિવાજ અવિચ્છિન્નપણે ચાલ્યો આવે છે અને તેનું વૈજ્ઞાનિક કારણ પણ છે. સુવર્ણ એ વીજ-ચુંબકીય શક્તિનું વહન કરવા માટેનો શ્રેષ્ઠ પદાર્થ/દ્રવ્ય (super condustor) છે. વળી એ વીજ શક્તિ માટે સૂક્ષ્મગ્રાહી (most sensitive) છે. આધુનિક યંત્રો દ્વારા જે વીજ પ્રવાહનો નિર્દેશ પ્રાપ્ત ન થાય એવા વીજ પ્રવાહનો નિર્દેશ સુવર્ણ દ્વારા થાય છે.

ટૂંકમાં, વિભિન્ન ગ્રહોમાંથી આવતા વૈશ્વિક કિરણો (cosmic rays અથવા variations) ને રત્નો પોતાનામાં ગ્રહણ કરે છે અને તે સુવર્ણ દ્વારા આપણા શરીરમાં મોકલે છે. આ રીતે રત્નો દ્વારા વૈશ્વિક શક્તિ આપણા ભૌતિક, ભાવનાત્મક અને માનસિક શરીરમાં પ્રવેશે છે અને સ્વાસ્થ્ય સુધાર અથવા રોગમુક્તિનું કામ કરે છે.

ચિકિત્સા માટે વપરાતાં આ રત્નો રોગનિવારક (therapeutic) અર્થાત્ જીવન આપનાર કંપનો/તરંગોનું વહન કરનાર હોવાં જોઇએ.

હીરો (Diamond): સ્ફટિક જેવા સ્વચ્છ હીરાના પથ્થરમાં રહેલ કાર્બન (carbon)ના અણુઓ દ્વારા વહન કરાતાં રંગીન કિરણો, મનુષ્યના કોષો દ્વારા ગ્રહણ કરાતાં રંગીન કિરણોની સાથે ખૂબ જ સુસંગત હોય છે. અર્થાત્ બંને એક જ પ્રકારનાં હોય છે. આ જ કારણથી રોગનિવારક હીરાનો ઉપયોગ જો ચોક્કસ/વ્યવસ્થિત રીતે કરવામાં આવે તો તેનાં રંગીન કિરણો સીધે સીધા મનુષ્યના શરીરના મૂળભૂત એકમ સ્વરૂપ કોષોમાં પરિવર્તન કરે છે. મનુષ્યના શરીરના કોષો પણ આ કિરણોને બરાબર ઓળખી લે છે અને તેનો પોતાના મુખ્ય પોષક તત્ત્વ તરીકે ઉપયોગ કરે છે. આ રંગીન કિરણો આપણા

કોષોની રચનાના મુખ્ય ઘટક તત્ત્વ તથા પ્રાકૃતિક જીવંત રચનાનો એક ભાગ હોવાથી હવા, પાણી અને ખોરાક કરતાં પણ વધુ પાયાના પોષક તત્ત્વો પૂરાં પાડે છે.

આ રંગીન કિરણોનો વર્ણપટ (spectrum) એ કોષની રચનાની એક પ્રકારની છાપ (blueprint) છે. એ વર્ણપટ, એ કોષ જે અંગમાં આવેલ તે અંગનાં કાર્ય અને તે કોષના કાર્યની માર્ગદર્શક તથા નિયામક માહિતી પૂરી પાડે છે.

જો આ કોષો સંપૂર્ણ સ્વસ્થ હોય તો, તે કોષો દ્વારા ગ્રહણ કરાતા રંગીન કિરણો, કોષના પોતાના રંગીન કિરણોની સાથે એકદમ સુસંગત થાય છે અને જો એ કોષો સાવ નજીવા પ્રમાણમાં રંગીન કિરણો ગ્રહણ કરે તો, તે કોષોની શક્તિ અને કાર્યક્ષમતા પણ ઓછી નક્કી થાય છે.

જો કોષોને પોતાનો ચોક્કસ વર્ણપટ યાદ ન હોય તો અથવા એમના વિકૃત બનેલા વર્ણપટને બરાબર સરખો કરવામાં ન આવે તો શારીરિક વિસંવાદિતા અને રોગોની ઉત્પત્તિ થવા લાગે છે અને જ્યારે રોગનિવારક હીરાનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે છે ત્યારે એ હીરાનાં કિરણો માત્ર કોષોનું પોષણ કરવા ઉપરાંત તે કોષોને તેમના પોતાના વર્ણપટની યાદ પણ અપાવે છે અને એ વર્ણપટ/છાપને બરાબર સરખી કરે છે. એ સાથે જ રોગનિવારક હીરા શરીરને વધુ મજબુત બનાવે છે. તેથી હીરાએ શરૂ કરેલ પરિવર્તનને શરીર જલ્દી/સહેલાઇથી સ્વીકારે છે.

બધા જ પ્રકારના હીરામાં આ પ્રકારની શક્તિ હોતી નથી. માત્ર રોગનિવારક હીરામાં જ આ શક્તિ હોય છે. એ સિવાયના હીરાનો ઉપયોગ કરવામાં આવે તો નુકસાન થઈ શકે છે. આ પ્રકારના રોગનિવારક ન હોય તેવા હીરાઓ, જે અત્યારે વિપુલ પ્રમાણમાં મળે છે તે આપણા આભામંડળમાં વિકૃતિ તથા અવરોધ પેદા કરી કોષોમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરે છે. તેથી કોષોનું પોતાનું કાર્ય અટકી જાય છે.

ટૂંકમાં, રોગનિવારક હીરા, શરીરની પોતાની રોગનિવારક શક્તિને વધારવા માટેના સ્રોતો અને અનુકૂળતાઓ પૂરી પાડે છે.

રત્નો (Gemstones)માંથી જ્યારે રંગીન કિરણો પસાર થાય છે ત્યારે, રોગનિવારક હીરામાંથી પસાર થતાં રંગીન કિરણો કરતાં, જુદા જ પ્રકારે કેન્દ્રિત થાય છે અને જુદી જ અસર કરે છે. હીરામાંથી પસાર થતાં રંગીન કિરણો સૌ પ્રથમ શરીરના મૂળભૂત એકમ કોષ ઉપર અસર કરે છે અને ત્યારબાદ તેનો જીવનમાં અનુભવ થાય છે, જ્યારે રત્નોમાંથી પસાર થતાં રંગીન કિરણોની અસર સૌ પ્રથમ જીવનમાં અનુભવાય છે અને અનુભવો દ્વારા કુદરતી રીતે જ શરીરના મૂળભૂત કોષોમાં પરિવર્તન થાય છે.

પ્રત્યેક વ્યક્તિએ પહેરેલાં ગોળાકાર રત્નો દ્વારા ઉત્સર્જિત રંગીન કિરણો તેને અંગત રીતે, અન્ય વ્યક્તિએ પહેરેલાં તેવાં જ રંગના રત્નો કરતાં, જુદા જ પ્રકારની અસર કરે છે. વળી આ રત્નોને તેના પહેરવાના વિશિષ્ટ સ્થાન સાથે કોઈ સંબંધ નથી.

જો કોઈ વિશિષ્ટ અનુભવો દ્વારા પોષણ આપતા આ રંગીન કિરણોના વર્ણપટમાં અમુક ચોક્કસ પ્રકારના રંગના કિરણોની ખામી જણાય તો તે વ્યક્તિએ અંગત રીતે, કોઈ ચોક્કસ પ્રયત્નો કે ઉપાયો દ્વારા એ રંગના કિરણોની ખામીને દૂર કરવી જોઇએ. જો અન્ય પ્રકારના અનુભવો વર્ણપટમાંના કોઈક રંગની અધિકતા બતાવતા હોય તો તેને ઓછો કરવા પ્રયત્ન કરવો જોઇએ. આમ જુદા જુદા એક કે અધિક રંગની ખામી અને જુદા જુદા અન્ય એક કે વધુ રંગની અધિકતાના અસંખ્ય સંયોજનો/ભાંગાઓ/પ્રકારો હોય છે, જેનાથી મનુષ્યને ભિન્ન ભિન્ન પ્રકારના અનુભવો થાય છે.

આ રંગીન ગોળાકાર રત્નોના હાર કોઈ વ્યક્તિ પહેરે છે ત્યારે, તે વ્યક્તિમાંથી રંગીન કિરણો એકત્ર કરી, આ રત્નો તેના સંબંધિત મૂળ ગ્રહોને મોકલે છે અને તે ગ્રહો એ રંગીન કિરણોને સ્વચ્છ સમતોલ કરીને એ રત્નો દ્વારા પુન: તે વ્યક્તિના શરીરમાં દાખલ કરે છે. આ રીતે રંગીન કિરણોની વધઘટને રત્નો સમતોલ કરે છે અર્થાત્ વધારાના રંગીન કિરણોની તીવ્રતાને ઘટાડે છે અને જે રંગનાં કિરણો ઓછા હોય તો તેની તીવ્રતા વધારી આપે છે. જીવનના અનુભવો વધુ સ્પષ્ટ બને છે અને તેથી વધુ કુશળતા/જ્ઞાન મળે છે.

આ રંગીન રત્નોને એકલા હાર તરીકે પહેરવા તે એક ઉપયોગ છે અને તેને રોગનિવારક હીરાની સાથે પહેરવા તે તેનો બીજો વિશિષ્ટ ઉપયોગ છે.

આ રત્નો ગળામાં હાર સ્વરૂપે પહેર્યા હોય અને રોગનિવારક હીરા શરીરના અન્ય વિશિષ્ટ ભાગો ઉપર સામાન્ય રીતે જ પહેર્યા હોય તો પણ રોગનિવારક હીરા આ રંગીન રત્નોની અસરને ખૂબ જ તીવ્ર બનાવે છે. રત્નો દ્વારા જો આભામંડળમાં પૂરતી શક્તિ આવી જાય તો તે વધારાની શક્તિને રત્નો તરફ પાછી મોકલે છે અને એ રીતે રત્નો પણ એ વાત જાણી લે છે.

આ રીતે રત્નો આભામંડળમાંનાં રંગોને સમતોલ કરી, રોગોનું નિવારણ કરવાની શક્તિ ધરાવે છે. આ રત્નોમાં દરેકને પોતાના રંગ તથા વિશિષ્ટતા હોય છે અને એ પ્રમાણે એનો રત્નચિકિત્સામાં ઉપયોગ થાય છે. રત્નોના ઘણા પ્રકાર છે. તેમાં કેટલાંક બહુમૂલ્ય છે તો કેટલાંક અલ્પમૂલ્યવાળાં છે. બહુમૂલ્ય રત્નોને અંગ્રેજીમાં Precious Gemstones કહે છે તો અલ્પમૂલ્યવાળાં રત્નોને Semiprecious Gemstones કહે છે. પ્રત્યેક રત્નનો પરિચય તથા ઉપયોગિતા દર્શાવવા જતાં એક મોટું પુસ્તક લખાઈ જાય તેથી અહીં ફક્ત મુખ્ય મુખ્ય બહુમૂલ્ય રત્નોનો જ પરિચય તથા સામાન્ય ઔષધીય ઉપયોગિતા બતાવવામાં આવ્યાં છે.

માણેક (Ruby): આ રત્ન ગુલાબી લાલ રંગનું હોય છે. તે લાલ કિરણોનું વહન કરે છે, જે હૃદય માટે ઉપયોગી છે તથા ભાવનાત્મક લાગણીઓ સાથે સંબંધ ધરાવે છે. એ સિવાય ચેપ/પરૂ, કોલેસ્ટરોલ, લોહીનું ગંઠાઈ જવું વગેરેમાં ઉપયોગી છે. તે લોહીનું પરિભ્રમણ વ્યવસ્થિત કરે છે અને આત્મવિશ્વાસ વધારે છે.

મોતી (Pearl): આ નંગ શ્વેત અર્થાત્ સાતેય રંગનું વહન કરે છે. કેલશ્યમની ઊણપ, આંખના રોગ, ટી.બી. લોહીનું ઊંચું દબાણ તથા માનસિક નબળાઈ વગેરેમાં મોતી ઉપયોગી છે.

પરવાળા (Coral): આ રત્ન લાલ રંગનું છે. સ્નાયુ, લોહી, હૃદય, પ્રજનનતંત્ર, થાઈરોઇડ, પાચનતંત્ર, કરોડરજ્જુ, હાડકાં તથા નવા કોષો પેદા કરવાના કાર્યમાં પરવાળો ખૂબ જ ઉપયોગી છે. લોહીનું દબાણ ઊંચું રહેતું હોય તેમણે પરવાળાનો ઔષધ તરીકે ઉપયોગ કરવો નહિ.

પન્ના (Emerald): આ રત્ન લીલા રંગનાં કિરણોનું વહન કરે છે અને તે શારીરિક રૂઝ લાવવા માટે ઉપયોગી છે. શ્વસનતંત્ર, હૃદય, લોહી, ડાયાબિટીસ, આંખના રોગો વગેરેમાં આ રત્ન ઉપયોગી છે. હૃદય ચક્રને તે મજબૂત કરે છે.

પોખરાજ (Yellow Sapphire અથવા Topaz): આ રત્ન પીળા રંગના કિરણોનું વહન કરે છે. તે બળતરા શાંત કરી આપે છે. તાવ, ટી.બી. દાઝ્યા હોય ત્યારે, માનસિક અસ્વસ્થતા વગેરેમાં ઉપયોગી છે. આંતરસ્ફુરણા તથા આધ્યાત્મિક વિકાસ, અધ્યયન આદિમાં તે

સહાયક છે.

હીરો (Diamond): અંગત વ્યક્તિત્વ વિકાસ, આત્મવિશ્વાસ, સ્પષ્ટ વિચારો વગેરે માટે હીરો ઉપયોગી છે.

નીલમ (Blue Sapphire): આ રત્ન વાદળી રંગનાં કિરણોનું વહન કરે છે જે પ્રત્યેક વ્યક્તિની માનસિક તંદુરસ્તી/આરોગ્ય માટે ઉપયોગી છે. તાવ, ફેફર, અપસ્માર, વાઈ, ગાંડપણ, હેડકી વગેરે રોગોમાં તે ઉપયોગી છે.

ગોમેદ: આ રત્ન રાહુનું છે. તે ચામડીના રોગો, હરસ-મસા, પેટની ચૂંક/દુ:ખાવો વગેરેમાં ઉપયોગી છે.

લસણિયું (Cat's eye): આ રત્ન કેતુનું છે. કફ અને કફજન્ય રોગો, હરસ-મસા અને કેટલાક આંખના રોગોમાં તે ઉપયોગી છે.

આ રીતે કિર્લિયન ફોટોગ્રાફી દ્વારા આપણા આભામંડળના રંગોની ખામી શોધી વિવિધ પ્રકારનાં રત્નો દ્વારા તેની પૂર્તિ કરી, શુભ લેશ્યા અર્થાત્ શુભ અધ્યવસાય દ્વારા પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી શકાય છે. વસ્તુત: આ ચિકિત્સાનો આશય શરીર નિરામય કરી ભોગોપભોગમાં રાચવાનો નથી, પરંતુ શુભ અને શુદ્ધ અધ્યવસાય દ્વારા કર્મનિર્જરા કરી સૌ જીવો પરંપરાએ મોક્ષસુખ પામે એ જ છે.

❖❖❖

# ધર્મ : આજ આજ ભાઈ અત્યારે

## □ પ. પૂ. શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મહારાજ

કર્તવ્ય કાજેની હાકલ સુણાવતું એક સુભાષિત કાળજે કોતરી રાખવા જેવી સોનેરી શિખામણ આપતાં કહે છે કે, જે કાર્ય કાલે કરવાનો વિચાર હોય, એ આજે જ કરી લેવું. જે કાર્ય સાંજે કરવાનો વિચાર હોય, એ સવારે જ કરી લેવું ! કારણ કે, મૃત્યુ જ્યારે દ્વાર ખખડાવે છે, ત્યારે એ થોભતું નથી હોતું કે, આ વ્યક્તિએ પોતાનું કર્તવ્ય કર્યું છે કે કરવાનું બાકી છે !

આજ આજ ભાઈ અત્યારે ! આ ભાવની જે એક અનુભવ-વાણી લોકમાં પ્રચલિત છે, એમાં આ સુભાષિત પડઘાય છે. કર્તવ્યનો બોધ કરાવતું આ સુભાષિત છે. એથી કાલનું આજે કરી લેવાનું જે કાર્ય હોય એ શુભકાર્ય હોવું જરૂરી છે, એ તો ચોખવટ ન કરીએ, તો ય સમજી જવાય, એવી સ્પષ્ટ વાત છે. એથી કર્તવ્ય કાજેની આ હાકલ શુભ અને સારા કાર્યોને જ લાગુ પાડી શકાય, દુષ્ટ કાર્યોને નહિ. આટલી સ્પષ્ટ ચોખવટ પછી આપણે આગળ વધીએ.

શા માટે કાલનું કાર્ય આજે કરવું ? અને સાંજનું કાર્ય સવારે કરવાનું પણ કારણ શું ? કોઈપણ કાર્ય કરવાનો વિચાર જ્યારે આચારમાં અવતરિત થવાનો હોય, ત્યારે એને ઉત્સાહનું અને એ કાર્ય કોઈપણ ભોગે સિદ્ધ કરવાના સાહસનું પ્રચંડ પીઠબળ હોય છે. એમાં જેમ જેમ કાળ વિલંબ થતો જાય, એમ એમ એ પીઠબળની પ્રચંડતામાં ઘટાડો થતો જતો હોય છે. આ તો આપણા સ્વાનુભવની વાત છે. આપણામાં હજાર રૂપિયાના દાનની પહેલવહેલી ભાવના જાગે, ત્યારે જેવો ઉત્સાહ અને શુભભાવ હોય છે, એવો ઉત્સાહ એ દાન ભાવનાની જાગૃતિના કાળ પછી ઉત્તરોત્તર ચડતો જ રહે, એ એકંદરે તો ઓછું સંભવિત છે, પણ એ ઉત્સાહ એવો ને એવો ટકી રહે એ પણ ઓછું સંભવિત છે. આ વાત તો સૌ કોઈના અનુભવની છે. માટે જ કોઈપણ શુભકાર્ય કરવાની ભાવના જાગે, ત્યારે એનો અમલ તરત જ કરી નાંખવામાં આવે, તો એ કાર્યમાં 'રસ'નું સરસ બળ રેડાય છે અને એથી એની શુભ ફળદાયક શક્તિ અનેક ગણી વધી જાય છે.

જેમ વરસાદ વરસતો હોય અને વાવણી થઈ જાય, તો એ વાવેતર તરત જ ફળે છે, પણ વાવેતર કર્યા પછી વરસાદની પ્રતીક્ષા કરવામાં આવે, તો એની ફળદાયકતા લંબાઈ જાય છે. એમ શુભકાર્યમાં ય આ જ ન્યાય લાગુ પડે છે. ઉત્સાહ અને ભાવનાની વર્ષાની તક સાધી લઈને જો શુભની વાવણી થઈ જાય, તો એ તરત ફળે છે અને એમાં રસકસની પુષ્ટિ પણ ઉમેરાય છે. માટે આજના શુભકાર્યને ક્યારે પણ કાલ ઉપર ઠેલવું ન જોઇએ. શુભકાર્ય કરવાની ભાવના જો બરાબર જાગૃત થઈ ચૂકી હોય, તો કાલે કરવાં ધારેલાં શુભકાર્યો આજે જ કરી લેવાં જોઇએ. અને સાંજે જે શુભકાર્ય કરવાનાં ધાર્યા હોય, એ સવારે જ કરી લેવાં જોઇએ, તો એમાં સરસતા ભળે.

શુભ કાર્યોની ઘણી-ઘણી ભાવનાઓ કાલ ઉપર ઠેલવાઈ, તો 'ભાટ જમે કાલ' એ કહેવતની એ 'કાલ' ઊગવા જ ન પામી હોય અને એ ભાવનારૂપી બીજ અંકુરિત અને ફલિત થયા વિના જ સડી જવા પામ્યા હોય. આ ઘણાના અનુભવની વાત છે, તો 'ભાવના'ની પળે જ આરંભાયેલાં ઘણાં શુભકાર્યો સફળ બની શક્યાનાં દૃષ્ટાંતો પણ આપણી નજર સામે જ બન્યા હોવાથી આ વાતની સત્યતા સાબિત કરવા કોઈ પુરાવાઓની અપેક્ષા રહેતી નથી.

કાલનું કામ આજે કરવા પાછળ, એ કાર્યારંભમાં રસકસ રેડવાની દૃષ્ટિ જેમ મુખ્ય રહી છે, એમ જીવનની ક્ષણભંગુરતાનું ભાન પણ ગૌણ રીતે ભાગ ભજવી રહ્યું છે. જીવન એટલું બધું ક્ષણભંગુર છે કે, કાલની વાત છાતી ઠોકીને ઉચ્ચારવા કોઈ સમર્થ નથી. માટે કર્યું એ કામ ને વીંધ્યું એ મોતી ! આ ન્યાયે શુભકાર્યમાં વિલંબ કરવો હિતાવહ ન ગણાય. હા, હજી અચાનક આવી ઊભેલા મૃત્યુના દેવને ઊભો રાખવાની તાકાત હોય અથવા તો શુભકાર્ય કરી લેવાની મુદત આપવાની ઉદારતા એનામાં સંભવતી હોય, તો તો કદાચ શુભકાર્ય કરવામાં થતો વિલંબ ક્ષંતવ્ય ગણાય. પણ જો આ શક્ય જ અને સંભવિત જ ન હોય, તો તો આજનું શુભકાર્ય કાલ ઉપર ઠેલવી દેવું, એ તો મોટામાં મોટી મૂર્ખાઈ ગણાવી જોઇએ. આ જ વાતને શબ્દોમાં ગુંજિત કરવી હોય, આ રીતે કહી શકાય કે,

'કાજ કાલનું આજ કરી લે, આજનું કરી લે અબ
કાલ કાલ કરતા કાળ આવી જશે, પછી કરીશ તું કબ ?'

આ જ વાતને અશુભ કાર્યો માટે વિપરીત રીતે ઘટાવવાની છે. અશુભકાર્યો તો કરવાં જ ન જોઇએ, પણ જો અશુભને આચર્યા વિના ચાલે એમ જ ન હોય, તો તેમાં 'રસ' રેડાઈ ન જાય, એની તો ભરપૂર કાળજી રાખવી જોઇએ. એ માટે આજનું અશુભકાર્ય કાલ ઉપર ઠેલતા રહેવું જોઇએ.

કોઈ પાપકાર્ય અત્યારે તરત કરવાનું મન થાય, તો એની મુદત સાંજ સુધી લંબાવી નાંખવી જોઇએ. પાપનું કોઈ કામ સાંજે કરવા નિરધાર્યું હોય, તો એને બીજા દિવસની સવાર સુધી મુલતવી રાખવું જોઇએ. આમ, પાપકાર્ય લંબાવી દઇને, શક્ય હોય, તો એ 'આવતી કાલ'ને કદી ઊગવા જ ન દેવી જોઇએ. કદાચ અશુભને આરંભવાની એ આવતી કાલ ઊગી જ જાય, તો આ રીતે આગળ આગળ ઠેલાતું એ અશુભ એટલું નીરસ બની ગયું હશે કે, એની અશુભ ફળદાયક શક્તિ પણ ઠીક ઠીક હ્રાસ પામી ગઈ હશે. એટલા માટે આજનું કાર્ય કાલ ઉપર ન લઈ જવું જોઇએ અને આજનું અશુભ કાર્ય કાલ ઉપર ઠેલવું જોઇએ. ❖❖❖

# દાનવીર ઝેલ કાવિન્સકી

☐ ડૉ. મહેરવાન ભમગરા

કેટલાક સમય પહેલાં હું અમેરિકામાં ફિલાડેલ્ફિયા શહેરમાં હતો ત્યારે ૨૪ ઓગષ્ટ ૨૦૦૩નાં 'ફિલાડેલ્ફીઆ ઈન્કવાયરર' દૈનિકમાં સાનંદ-આશ્ચર્ય થાય એવા સમાચાર વાંચવા મળ્યા. અબજોપતિ બિલ ગેટ્સની સખાવત વિષે જે ચાર વર્ષ પહેલાં વાંચેલું, તેની યાદ સ્મૃતિ-પટલ પર ફરી એક વાર છવાઈ ગઈ. એક નવા દાનવીરનું નામ જાણવા મળ્યું: ઝેલ કાવિન્સકી ! પેન્સિલવાનીઆનાં જેન્કિનટાઉનના આ ધનાઢ્યે પોતાની લગભગ બધી સંપત્તિ-કરોડો ડોલર્સ-પોતાનાં મા-બાપ અને અંગત મિત્રોની અનિચ્છા છતાં દાનમાં આપી દીધી છે! સગાસંબંધીઓની નારાજગી સમજી શકાય એમ છે, કારણ કે હજી ઝેલની પોતાની ઉંમર ફક્ત ૪૮ વર્ષની જ છે. જો કે ઘરમાં ડૉક્ટર પત્નીની થોડી આવક છે, પરંતુ ૩ થી ૧૧ વર્ષની ઉંમરના ચાર બાળકોનો ઉછેર અને ભણતર ઉપરાંત કદાચ અણધાર્યા બીજા ખર્ચ કાવિન્સકી પરિવારને ભવિષ્યમાં મુશ્કેલીમાં મૂકી શકે એમ છે. આ કુટુંબ એક મધ્યમ-વર્ગની કોલોનીમાં વસે છે, અને બાળકો ઓછી ફીવાળી પબ્લિક સ્કુલમાં જ ભણે છે. પત્ની એમિલી પોતાની ડાક્ટરી પ્રેક્ટીસ પાર્ટ-ટાઈમ જ કરી શકે છે, કારણ એણે બાળકોને પણ સંભાળવાનાં છે. આ પરિવાર પાસે ગાડીઓમાં બે મીની વાન-તે પણ જરીપુરાણાં! -સિવાય કોઈ વાહન પણ નથી; કુટુંબે હંમેશ સાદું જીવન ગુજાર્યું છે; ખોટો ખર્ચ કે વૈભવ-દેખાડો કદી કર્યો નથી.

રશિયન યહુદી મા-બાપનાં ત્રણ બાળકોમાંનો એક, ઝેલ નાની ઉંમરથી જ કોમ્યુનિઝમ, નાગરિક-હક્ક-લડત વગેરે તરફ એના પિતાશ્રી ઈરવિંગ, જે આજે ૮૮ની ઉંમરના છે, તેમને કારણે ખેંચાયો હતો. ૧૯૭૫ થી આઠ વર્ષ સુધી ઝેલે 'ઈમોશનલી ડિસ્ટર્બડ' બાળકોની એક શાળામાં શિક્ષક તરીકે કામ કર્યું હતું. ત્યાર પછી એણે રીનેસાં સાહિત્યનો ઊંડો અભ્યાસ કરી, યુનિવર્સિટીમાં ડૉક્ટરેટની પદવી મેળવી. ૧૯૮૪માં એની મોટી બહેન ફેફસાંના કેન્સરથી મૃત્યુ પામી, તેનો એને ભારે આઘાત લાગ્યો, અને એવા રોગોની રોકઠામ માટે પોતે કોઈક સંશોધન કેન્દ્ર સ્થાપી શકે તો સારું, એવા વિચારો એને આવવા લાગ્યા.

યુનિવર્સિટીમાં લેક્ચરરશિપ મળી ત્યારે એક વેળા એ યુનિવર્સિટીનાં જ અમુક મકાનો, જે કોઈક કારણે વેચવા મૂકાયાં હતાં, તે ઝેલે, અકારણજ, ક્યાંકથી રકમ ઉધાર લઈને, સસ્તે ભાવે ખરીદી લીધાં. થોડા સમય પછી એ જ મકાનોની કિંમત ખૂબ જ મોટી અંકાઈ, ત્યારે એ વેચી દઈને ઝેલે પચાસ લાખ ડોલર્સ એક જ સોદામાં કમાઈ લીધા! જો કે સંપત્તિ કે ધન-સંગ્રહમાં જરાય રસ ન હતો, છતાં ઝેલ પછીથી લેક્ચરર મટીને રીઆલ્ટર જમીન, મકાનની લે-વેચના વ્યવસાયવાળો બની ગયો! નસીબની યારીને કારણે એ લાખો ડોલર્સ વર્ષોવર્ષ કમાતો રહ્યો. ઝેલની આકાંક્ષા એક જ હતી. ખૂબ દોલત કમાઈને કુબેરપતિ થવું, અને પછી એ બધો ખજાનો દાનમાં વહેંચી નાખવો! ઘરમાં એ સંઘરવો નહિ! પત્ની એમિલીની સલાહ માની ઝેલે પોતાનાં ચાર બાળકોના નિર્વાહ, અભ્યાસ આદિ માટે તો વ્યવસ્થા કરી જ લીધી, પરંતુ ત્રીસ મિલિયન ડોલર્સ જેવી માતબર રકમ ઓહાયો સ્ટેટ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થને આમજનતાનાં સ્વાસ્થ્ય-સુધાર કાજે દાનમાં આપી દીધી. વળી એણે મંદ-બુદ્ધિનાં બાળકો માટે પણ મોટું દાન કર્યું.

ઝેલની ફિલસૂફી એવી છે કે ઈશ્વર-કૃપાથી આપણને કોઈ બાહ્ય સંપત્તિ, યા આંતરિક સંપદા, વિપુલ પ્રમાણમાં મળી હોય, તો તેમાંથી બને તેટલી વધુમાં વધુ, આપણે સાર્વજનિક લાભાર્થે-બહુજન હિતાય! બહુજન સુખાય! -દાન કરવી જ જોઈએ. બુદ્ધિમત્તા હોય તો તે, અને ધનમત્તા હોય તો તે, બધું જ, વહેંચી દેવું, એમાં જ આપણા જીવનની ધન્યતા છે. પિતા ઈરવિંગ અને માતા રીકા, જો કે દીકરા ઝેલની વધુ પડતી દાન-વૃત્તિ પસંદ કરતાં નથી, પરંતુ ઝેલે જોયું-જાણ્યું છે કે સંપત્તિની રેલમછેલ વચ્ચે ઊછરેલાં સંતાનો સામાન્ય રીતે મા-બાપના પૈસા ખોટે રસ્તે વેડફી નાખતાં હોય છે; એનો સદ્ઉપયોગ નહિ, દુર્વ્યય જ કરતાં હોય છે. વળી ઝેલનો જાત અનુભવ પણ એવો રહ્યો કે જેમ જેમ એ સખાવત કરતો ગયો તેમ તેમ એને અંદરથી એક અદ્ભુત શાંતિનો, હળવાશનો, અનુભવ થતો રહ્યો. સાત વર્ષથી એ એક મધ્યમ કદનાં, દોઢ લાખ ડોલર્સમાં ખરીદેલાં ઘરમાં જ રહે છે; અને ફક્ત પચાસ હજાર ડૉલરની વાર્ષિક આવક પર, કુલ છ જણનાં કુટુંબનો નિર્વાહ થઈ રહ્યો છે. ઝેલને મન લહાણ, યાને ધનપ્રાપ્તિનું કોઈ મહત્ત્વ જ નથી, જો એ લહાણની પાછળ લહાણી, યાને દાન આપવાની તક આપણે જતી કરીએ!

ધન-લાલસા-મુક્ત ઝેલને કેટલાંય વર્ષોથી એક બીજો વિચાર પણ સતાવતો હતો: 'જેમ બ્લડ-ડોનેશન થઈ શકે છે, તેમ મારી એક કિડની ડોનેટ કેમ ન કરું?' અલબત્ત, આ વિચાર, આપણને-કે કોઈને પણ-કદાચ ગાંડપણ જેવો લાગે, પરંતુ ઝેલને નહોતો લાગતો! ઝેલનો ખાસ મિત્ર કાહન પણ આ વિચારથી રાજી ન હતો. પત્ની અને મા-બાપની જેમ કાહને પણ ઝેલને સમજાવવા પ્રયત્ન કર્યો કે 'તારે તો પત્ની ઉપરાંત ચાર બાળકો છે! કાલે ઊઠીને કદાચ એમાંના કોઈ બાળકને જ તારી કિડનીની જરૂર ઊભી થાય, તો તે કારણે પણ તારે કિડની-દાન કરવાની ઉતાવળ તો ન જ કરવી જોઈએ!' કેટલીક ઈસ્પિતાલોએ પણ એની કિડની કાઢવા માટે ના પાડી; ક્યાંક તો એ ગાંડો કે ચક્રમ તો નથી થઈ ગયો તે જાણવા માટે સાઈકીઆટ્રીસ્ટો દ્વારા પણ તપાસ કરાઈ! માનવ-ઈતિહાસમાં એવા કોઈપણ ધનપતિનો ઉલ્લેખ નથી જેણે પોતાની આર્થિક સંપદા તો સાર્વજનિક ભલાં માટે દાન કરી દીધી હોય, તદુપરાંત પોતાનાં શરીરનાં એક અતિ આવશ્યક અંગનું દાન જીવતાંજીવત (મરણોત્તર નહિ!) કોઈ ત્રાહિત વ્યક્તિ (સગું-સંબંધી નહિ!) માટે કર્યું હોય! 'આલ્બર્ટ આઈન્સટાઈન' નામના મેડિકલ સેન્ટરમાં ઝેલની શારીરિક અને માનસિક સ્વસ્થતાની આકરી તપાસ કરાયા પછી, ૨૨-૭-૦૩ને દિવસે એની એક કિડની કાઢી લેવાઈ, અને તેને એક ત્રીસ વર્ષની મહિલા નામે ડોનેલ રીડની બગડેલી કિડનીને સ્થાને 'ટ્રાન્સપ્લાન્ટ' કરાઈ. બન્નેનાં ઓપરેશનને મહિનો થઈ ગયો ત્યારનો રિપોર્ટ હતો કે બન્ને સ્વસ્થ છે! ડૉનેલ રીડને મન તો ઝેલ સ્વાભાવિક રીતે જ ભગવાન-સ્વરૂપ બની ગયો છે, ભલે બીજા એને ચક્રમ માનતા હોય! બીજી બાજુ ડોનેલ રીડ પણ સ્વપ્નશીલ છે; ઝેલની મદદથી જ એણે તરછોડાયેલી સ્ત્રીઓ અને બાળકો માટે

'બાપનું ઘર' જેવું એક આશ્રમ-સ્થળ બનાવ્યું છે.

ઝેલ જેવા મહાદાની વિશે વાંચીને, મધર ટેરેસાના શબ્દોની યાદ આવી જાય છે :

'આપતા જ રહો! બધું જ દાન કરતા રહો!
તકલીફ વેઠીને પણ બસ આપો જ આપો!'

આપણાં શાસ્ત્રો કહે છે કે જેમ તનની શુદ્ધિ સ્નાનથી, અને મનની શુદ્ધિ ધ્યાનથી થાય છે, તેમ ધનની શુદ્ધિ દાનથી થાય છે. દિવાળીના દિવસોમાં ધનતેરસના પર્વના દિવસે લક્ષ્મીપૂજન કરાય છે; નારાયણની આરાધના છોડી, આપણે નગદ-નારાયણ યાને 'ફોલ્સ ગોડ'ની તે દિવસે આરાધના કરતા હોઈએ છીએ. સાત્ત્વિક જીવન-શૈલીના અમલમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, ચારેનો મહિમા ગવાયો છે. અહીં 'અર્થ'ના અનેક અર્થમાં આર્થિક સંપત્તિ, યાને ધનની વાત પણ સ્વીકાર્ય છે, અને જીવન ધન્ય બને તેવી સાર્થક (સ+અર્થક) પ્રવૃત્તિઓની વાત પણ સમાવિષ્ટ છે. ઝેલનાં જીવનમાં આપણને નિરર્થક અર્થ-ઉપાર્જનથી છુટકારો મેળવી ચૂકેલ એક મહામાનવનાં દર્શન થાય છે. ઝેલની જેમ આપણે દાનનો ધોધ વર્ષાવી શકીએ એટલી સંપત્તિ ભલે ન હોય, દાનનું એક નાનું ઝરણું વહેતું કરી શકીએ તો પણ સારું. પોતાને માટે જ નહિ અને પોતાનાંને માટે જ નહિ—જે કોઈ હાજતમંદ હોય તેને માટે મદદનો હાથ જરૂર જ લંબાવી શકીએ! આપણે દિલદાર અવશ્ય બની શકીએ! સાચે જ, એ શક્ય છે!

ઝેલ ક્રાવિન્સકીને અભિનંદન આપવા એક પત્ર મેં ત્યારે લખ્યો હતો. પરંતુ તેમનો જવાબ આવ્યો નહિ. અમે રૂબરૂ મળવા ગયા તો ખબર પડી કે પ્રસિદ્ધિથી બચવા તેઓ બીજે રહેવા ચાલ્યા ગયા છે. મારે તો એક ડૉક્ટર તરીકે તેમને સમજાવવું હતું કે હવે જ્યારે તેમના શરીરમાં ફક્ત એક કિડની છે ત્યારે તેમણે શી સંભાળ રાખવી જોઈએ. મોટા ભાગના અમેરિકનો માંસાહારી હોય છે, તેમ તેઓ પણ માંસાહારી હશે. માંસાહારમાં રોગકારક, એસિડિક અને ટોક્ષિક અનેક તત્ત્વો હોય છે. આ ઝેરી પદાર્થો, જેમાં હોરમોન્સ, એન્ટીબાયોટિક્સ ઈન્સેક્ટીસાઈડ્સ, વગેરેનો પણ સમાવેશ થાય છે, તેનો નિકાલ કરવાનો, યા તેને બિનનુકસાનકારક બનાવવાનો કામબોજ આપણાં શરીરનાં એક જ અવયવ પર સૌથી વધુ પડે છે, જે અવયવ છે કિડની! હવે એક જ કિડની પર આખી જિંદગી ગુજારવાની હોય તો શરીરનો એ અવયવ સ્વસ્થ રહે તે માટે સંપૂર્ણ શાકાહારી થવાય તો ઘણું સારું! ઈંડાં તો જરૂરથી બંધ કરવાં જોઈએ. શાકાહારમાં પણ શાક-લીલોતરી, ફળ, ધાન્ય કે કઠોળ, હાથછડ ચોખા, એનો જ ખોરાક લેવો જોઈએ. રીફાઈન્ડ સ્ટાર્ચ કે સાકરની પરહેજી પણ જરૂરી છે. જલદ મરચાં-મસાલાનો ત્યાગ પણ એટલો જ આવશ્યક; મીઠું, નમક પણ નહિ જેવું. માખણ, ચીઝ વગેરે ડેરી-પ્રોડક્ટ્સનો બ્રેડ સાથેનો ઉપયોગ પણ ન થાય તેટલું સારું.

ઝેલનો મેળાપ ન થયો, પણ કિડનીના દર્દીઓને કે શરીરમાં ફક્ત એક કિડનીવાળાને, કિડની સાચવવાની ઈચ્છાવાળાઓને અને તમામને મારી આ જ સલાહ છે.

❖❖❖

## વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર, તા. ૨ જી જાન્યુઆરી, ૨૦૦૪ના રોજ સાંજના ૫-૩૦ કલાકે સંઘના કાર્યાલય, પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.
(૨) ગત વર્ષ ૨૦૦૨-૨૦૦૩ ના સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના વૃત્તાંત તથા ઓડિટેડ થયેલા હિસાબો મંજૂર કરવા.
(૩) સને ૨૦૦૩-૨૦૦૪ ની સાલ માટે સંઘના પદાધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.
(૪) સને ૨૦૦૩-૨૦૦૪ ની સાલ માટે સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના અંદાજી બજેટને મંજૂરી આપવી.
(૫) સને ૨૦૦૩-૨૦૦૪ ની સાલ માટે સંઘ તેમ જ વાચનાલય-પુસ્તકાલયના ઓડિટર્સની નિમણૂંક કરવી તથા વાચનાલય-પુસ્તકાલયની ભાવિ પ્રવૃત્તિઓ અંગે વિચારણા કરી નિર્ણય કરવો.
(૬) પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૨૬-૧૨-૨૦૦૩ થી તા.૩૧-૧૨-૨૦૦૩ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૬ સુધીમાં કોઇપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઇને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન પૂછવાની ઈચ્છા હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લેખિત મોકલવા તેઓને વિનંતી.

જે સભ્યોને ઓડિટ કરેલા હિસાબોની નકલ જોઇએ તો તેમની લેખિત અરજી મળતાં નકલ મોકલવામાં આવશે.

વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ

## અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે હાડકાનાં નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા દ્વારા હાડકાનાં દર્દીઓને મફત સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી સંઘના કાર્યાલયમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪, ફોન: ૩૮૨૦૨૯૬) અપાય છે. હાડકાનાં દર્દીઓને તેનો લાભ લેવા વિનંતી છે.

જયાબેન વીરા
સંયોજક

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.